View metadata, citation and similar papers at core.ac.uk

brought to you by CORE

provided by Etheses - A Saurashtra University Library Service

# Saurashtra University

Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Bukhari, Rehana N., 2011, *"શુદ્ધાદ્વૈત તત્વમીમાંસામાં બ્રહ્મનો ખ્યાલ : એક અધ્યયન",* thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/790

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

# THESIS

SUBMITTED FOR

TO BE THE DEGREE OF

# DOCTOR OF PHILOSOPHY

TO SAURASHTRA UNIVERSITY

IN PHILOSOPHY
FACULTY OF ARTS
ON

## THE CONCEPT OF BRAHMA IN SUDDHADVAITA ONTOLOGY – A STUDY

## શુદ્ધા દ્વૈત તત્ત્વમીમાંસામાં બ્રહ્મનો ખ્યાલ : એક અધ્યયન

**RESEARCHER**
REHANA N. BUKHARI
(M.A, M.Phil.,B.Ed)
S C.U.SHAH (MUNI)
VIKASH GIRL’S HIGH SCHOOL
VADIPARA, Nr ROTARY CLUB
SURENDRANAGAR-363001

**GUIDE**
DR. CHANDRIKABEN B. VADHER
PRINCIPAL
DHARMENDRASINHJI ARTS
COLLEGE,
RAJKOT – 360001

REG. No. 3509

SAURASHTRA UNIVERASITY,RAJKOT

JULY – 2011

# **પ્રમાણ–પત્ર**

**આથી પ્રમાણિત કરવામાં આવે છે કે રેહાના એન. બુખારીએ " શુદ્ધાદ્વૈત તત્ત્વમીમાંસામાં બ્રહ્મનો ખ્યાલ એક અધ્યયન " એ વિષય પર મારા માર્ગદર્શન હેઠળ** Ph.D. **પદવી માટેનું સંશોધન કાર્ય કરેલ છે. આ કાર્ય તેમનું મૌલિક છે અને તેનાથી જ્ઞાનની સમકાલીન સ્થિતિમાં વધારો થાય છે.**

**વધુમાં પ્રમાણિત કરવામાં આવે છે કે આ સંશોધન કાર્ય કે તેનો કોઈ ભાગ આ યુનિવર્સિટીમાં અન્ય કોઈ પદવી માટે રજૂ કરેલ નથી.**

**સ્થળ : રાજકોટ**
**તારીખ :**

**માર્ગદર્શકશ્રી**
**ડૉ.ચંદ્રિકાબેન બી. વાઢેર**
**આચાર્યાશ્રી**
**ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજ,**
**રાજકોટ.**

# ઋણ સ્વીકાર

સંશોધન એ એક સહિયારું કાર્ય છે. આ કાર્ય તો સહિયારા પુરુષાર્થનું પરિણામ છે. આથી સંશોધનનાં પરિણામનાં સાચા યશભાગી માત્ર સંશોધક પોતે જ એકલા નહીં પરંતુ અનેક મહાનુભાવો, માર્ગદર્શક મિત્રો વગેરે છે. પ્રસ્તુત સંશોધનમાં ચાલકબળ તરીકે સતત હૂંફ અને પ્રેરણા પૂરી પાડનાર સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના ઉપકુલપતી કમલેશભાઈ જોષીપુરા સાહેબનો આભાર માનું છું. આ સંશોધનમાં રસપૂર્વક ઉપયોગી સૂચનો તેમજ માર્ગદર્શન આપનાર ડાં.ચંદ્રીકાબેન વાઢેરનો હું હૃદય પૂર્વક આભાર પ્રદર્શિત કરૂં છું. તે એક ઔપચારિકતાથી ઘણું વિશેષ છે. આ સંશોધનમાં મદદ અને સાથ સહકાર આપનાર તત્ત્વજ્ઞાન ભવનના અધ્યક્ષ ડાં.શિલેન્દ્રભાઈ શર્માનો હું ખૂબ જ આભાર વ્યકત કરું છું.

આ કાર્યમાં જેઓના મને આશિર્વાદ મળ્યા છે તેવા મારા પિતાશ્રી રહેમાનભાઈ તથા મારી માતાશ્રીમતિ જોહરાબેન અને મારી બહેનો શબાના, શબરીના તથા તમન્ના તથા દરેક કાર્યમાં સાથ આપનાર મારા પતિશ્રી આરીફ તથા મારો સુપુત્ર અયાઝનો પણ હું હાર્દિક આભાર માનું છું.

સંશોધન કાર્યક્ષેત્રમાં મદદરૂપ થનાર મારા મિત્ર શ્રી ડાં.બાલુભાઈ ઘરચંડા (શ્રીઆર.પી.પી. સ્કૂલ, સુરેન્દ્રનગર) તથા રાજકોટની હવેલીની લાયબ્રેરીયન તથા સુરેન્દ્રનગર હવેલીના લાયબ્રેરીયનનો પણ હું આ તકે આભાર વ્યકત કરું છું તથા સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના લાયબ્રેરીયન શ્રી સોની સાહેબનો પણ આભાર વ્યકત કરું છું સંશોધન કાર્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઉપયોગી થનાર સૌ કોઈનું સંશોધક ઋણ સ્વીકાર કરે છે.

રેહાના આર. બુખારી
મદદનીશ શિક્ષક
શ્રીમતિ એસ.સી.યુ.શાહ(મ્યુનિ) ગર્લ્સ હાઈસ્કૂલ
સુરેન્દ્રનગર.

IIV

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| | નામાભિધાન પૃષ્ઠ | I |
| | સ્વીકૃતિ પ્રમાણપત્ર | II |
| | ઋણ સ્વીકાર | III |
| | અનુક્રમણિકા | IV |
| 1 | પ્રસ્તાવના | 1 to 9 |
| 1.1 | સંશોધનનું સ્વરૂપ અને તનું કાર્યક્ષેત્ર | 02 |
| 1.2 | સંશોધનના હેતુઓ અને પ્રસ્તુતતા | 06 |
| 1.3 | સંશોધનની પદ્ધતિ | 07 |
| 1.4 | સંશોધનના નિષ્કર્ષ | 08 |
| 2 | વેદ અને ઉપનિષદ્‌ની તત્ત્વમીમાંસામાં બ્રહ્મ તત્ત્વનિરૂપણ | 10 to 83 |
| 2.1 | વૈદિક તત્ત્વમીમાંસામાં અદ્વૈતવાદ | 11 |
| 2.2 | ઋગ્વેદ સૃષ્ટિમીમાંસા અને અંતિમતત્ત્વ | 14 |
| 2.2.1 | હિરણ્યગર્ભ સુકત અને અંતિમતત્ત્વ | 16 |
| 2.2.2 | નાસદિય સુકત | 23 |
| 2.3 | ઉપનિષદ્‌માં બ્રહ્મતત્ત્વ | 27 |
| 2.3.1 | બ્રહદારણ્યક ઉપનિષદમાં બ્રહ્મમાં બ્રહ્મતત્ત્વ | 35 |
| 2.3.2 | તૈતરીય ઉપનિષદમાં બ્રહ્મતત્ત્વ | 41 |
| 2.4 | ઉપનિષદ્ તત્ત્વવિજ્ઞાનમાં આત્મા ચેતનાનું સ્વરૂપ અને બ્રહ્મ | 46 |
| 2.4.1 | કેન ઉપનિષદમાં આત્મતત્ત્વ | 62 |
| 2.4.2 | માંડૂકય ઉપનિષદમાં આત્મત વ | 65 |
| 2.5 | ઉપનિષદ તત્ત્વવિજ્ઞાનમાં આત્મા અને બ્રહ્મનું તાદાત્મ્ય | 69 |
| 2.6 | ઉપસંહાર | 76 |
| 3 | ઉત્તરમીમાંસાનું બ્રહ્મ સૂત્રોમાં અંતિમ સત્તા તરીકે બ્રહ્મ | 83 to 158 |
| 3.1 | બ્રહ્મસૂત્રોનું તત્ત્વવિજ્ઞાન અને ઉપનિષદ્ | 85 |
| 3.2 | બ્રહ્મસૂત્રના વિવિધ ભાષ્યો અને અર્થઘટનો | 91 |
| 3.3 | શાંકર વેદાંતમાં બ્રહ્મ | 96 |
| 3.3.1 | બ્રહ્મનું સ્વરૂપ અને તટસ્થ લક્ષણ | 109 |
| 3.3.2 | બ્રહ્મનું ત્રિવિધભેદ અને પરિચ્છેદ રહિત | 113 |
| 3.3.3 | બ્રહ્મ નિરાકાર અને નિર્ગુણ | 117 |
| 3.4 | રામાનુજના તત્ત્વવિજ્ઞાનમાં બ્રહ્મતત્ત્વ | 120 |
| 3.4.1 | બ્રહ્મનો ચિત્, અચિત્ત વિશિષ્ટ તરીકે | 127 |
| 3.4.2 | બ્રહ્મજગત સાથે શરીર અને શરીરી સંબંધ | 134 |
| 3.4.3 | અંશ અંશી સંબંધ તરીકે | 139 |

| | | | |
|---|---|---|---|
| | 3.4.4 | બ્રહ્મ આંગિક સંબંધ તરીકે | 143 |
| | 3.5 | વેદાંતના અન્ય સંપ્રદાયોનું સંક્ષિપ્ત નિરૂપણ | 146 |
| | 3.6 | ઉપસંહાર | 154 |
| **4** | **વલ્લભવેદાંત તત્ત્વવિજ્ઞાનનો સારગ્રાહી પરિચય** | | **159 to 182** |
| | 4.1 | પ્રસ્તાવના | 160 |
| | 4.2 | શુદ્ધાદ્વૈતનો સિદ્ધાંત | 165 |
| | 4.3 | વલ્લભ વેદાંતમાં બ્રહ્મનું સ્વરૂપ અને તેનાં લક્ષણો | 168 |
| | 4.4 | શુદ્ધદ્વૈતમાં માયા, જગત અને તેનો બ્રહ્મ સાથેનો સંબંધ | 171 |
| | 4.5 | શુદ્ધા દ્વૈત તત્ત્વમીમાંસાનું સમગ્રલક્ષી મૂલ્યાંકન | 177 |
| | 4.6 | ઉપસંહાર | 180 |
| **5** | **અવિકૃત પરિણામવાદ આવિર્ભાવ તિરોભાવ સિદ્ધાંત અને બ્રહ્મવાદ** | | **183 to 269** |
| | 5.1 | પ્રસ્તાવના | 184 |
| | 5.2 | કાર્યકારણનો સિદ્ધાંત, સત્ કાર્યવાદ અને અસત કાર્યવાદ | 185 |
| | 5.3 | વિવર્તવાદ, બ્રહ્મ પરિણામવાદ અને પ્રકૃતિ પરિણામવાદ | 195 |
| | 5.4 | અવિકૃત પરિણામવાદ | 215 |
| | 5.5 | લીલા સિદ્ધાંતઅને અવિકૃત પરિણામવાદ | 219 |
| | 5.6 | આવિર્ભાવ તિરોભાવનો સિદ્ધાંત અને અવિકૃત પરિણામવાદ | 225 |
| | 5.7 | બ્રહ્મવાદ અને તેની તત્ત્વમીમાંસાકીય સ્થિતિ | 232 |
| | 5.7.1 | બ્રહ્મ ત્રિવિધ ભેદ રહિત | 236 |
| | 5.7.2 | બ્રહ્મ ત્રિવિધ પરિચ્છેદ રહિત | 238 |
| | 5.7.3 | બ્રહ્મ સત, ચિત્ આનંદ સ્વરૂપ | 242 |
| | 5.7.4 | બ્રહ્મ અભિન્નનિમિતોપાદાન કારણ | 246 |
| | 5.7.5 | બ્રહ્મ શુદ્ધ અંતિમ તત્ત્વ તરીકે | 260 |
| | 5.8 | ઉપસંહાર | 264 |
| **6** | **વલ્લભવેદાંત અને શાંકરવેદાંતમાં બ્રહ્મના ખ્યાલનું તુલનાત્મક નિરૂપણ** | | **270 to 323** |
| | 6.1 | પ્રસ્તાવના | 271 |
| | 6.2 | શાંકરવેદાંત અને વલ્લભવેદાંતમાં બ્રહ્મનું જગત કારણત્વ | 273 |
| | 6.3 | શાંકરવેદાંત અને વલ્લભવેદાંતમાં બ્રહ્મ અને માયાનો સંબંધ | 282 |
| | 6.4 | શાંકરવેદાંત અને વલ્લભવેદાંતમાં બ્રહ્મ અભિન્ન નિમિત ઉપાદાન કારણ | 297 |
| | 6.5 | શાંકરવેદાંત અને વલ્લભ વેદાંતમાં બ્રહ્મ ત્રિવિધ ભેદ અને ત્રિવિધ પરિચ્છેદ રહિત | 300 |
| | 6.6 | શાંકરવેદાંત અને વલ્લભ વેદાંતમાં બ્રહ્મનું શાંકારત્વ અને સગુણતા અને નિર્ગુણતા | 305 |
| | 6.7 | ઉપસંહાર | 320 |
| **7** | **ઉપસંહાર અને નિષ્કર્ષ** | | **324 to** |
| | 7.1 | શુદ્ધાદ્વૈતમાં જગતલક્ષી દ્રષ્ટિએ અંતિમતત્ત્વ બ્રહ્મ | 325 |
| | 7.2 | વેદાંતના સંપ્રદાયોના સંદર્ભમાં શુદ્ધાદ્વૈતમાં બ્રહ્મતત્ત્વનું સ્થાન | 329 |
| | 7.3 | શુદ્ધાદ્વૈતમાં બ્રહ્મના સ્વરૂપનું સમીક્ષાત્મક મૂલ્યાંકન | 333 |
| | 7.4 | નિષ્કર્ષ | 335 |

# પ્રકરણ : 1

# પ્રસ્તાવના

1.1 પ્રાસ્તાવિક

1.2 સંશોધનનું સ્વરૂપ અને તેનું કાર્યક્ષેત્ર

1.3 સંશોધનનો હેતુ અને પ્રસ્તુતતા

1.4 સંશોધનની પદ્ધતિ

1.5 સંશોધનનો નિષ્કર્ષ

# પ્રકરણ : 1

## પ્રસ્તાવના

### 1.1 સંશોધનનું સ્વરૂપ અને તેનું કાર્યક્ષેત્ર

ભારતીય તત્ત્વવિચાર ધર્મ, અધ્યાત્મ અને તત્ત્વવિજ્ઞાન એક સાથે રાખીને ચાલે છે. આ સાતત્યપૂર્ણ ચિંતન પ્રવાહ વૈદિક તત્ત્વચિંતનથી શરૂ કરીને છેક સાંપ્રત તત્ત્વચિંતન સુધી યથાવત જળવાઈ રહે છે. આ સંદર્ભમાં ' બ્રહ્મ ' જેવી કેટલીક તત્ત્વવિજ્ઞાનીય સંકલ્પનાઓ જે તે દર્શનયુગના પરિપ્રેક્ષ્યમાં પુનઃ ગ્રંથિત તેમજ પરિમાર્જિત થઈને પોતાનું સામયિક સંદર્ભિત સ્વરૂપ પ્રસ્તુત કરતી રહી છે. વૈદિક અને ઔપનિષદિક સમયમાં આંતર રહસ્યાનુભૂતિની કક્ષાએ રજૂ થયેલ સંકલ્પનાઓનું દાર્શનિક વિવેચન અને વિશ્લેષણ કરવામાં આવેલ છે. તેવી જ રીતે બૃહદાઅરણ્યક, કેન, માંડુકય વગેરે ઉપનિષદોમાં બ્રહ્મતત્ત્વનું નિરૂપણ થયેલ છે. ભાષ્યો, વાર્તિકો અને ટીકાઓના પ્રશિષ્ટ ભારતીય દાર્શનિક ઈતિહાસનું અવલોકન કરતા એવું લાગ્યું કે વલ્લભવેદાન્તમાં આ બ્રહ્મતત્ત્વનું નિરૂપણ થયેલ છે. તેને એક સૃગ્રથિત સ્વરૂપમાં રજૂ કરવામાં આવે તો વર્તમાન સમયમાં સમકાલીન ભારતીય તત્ત્વચિંતનના મુદ્દાઓ પર પ્રકાશ પાડવાની સાથે સાથે વૈદિક અને ઔપનિષદિક તત્ત્વજ્ઞાન વધારે સ્પષ્ટ સ્વરૂપમાં સમજવાનો પ્રયાસ થઈ શકે તેમ છે. તેથી પ્રસ્તુત શોધ નિબંધમાં બ્રહ્મતત્ત્વનું વલ્લભવેદાંતનાં તત્ત્વજ્ઞાનમાં થયેલ નિરૂપણને એક સુગ્રથિત સ્વરૂપમાં રજૂ કરવાનો અને મૂલવવાનો એક વિનમ્ર પ્રયત્ન કર્યો છે.

પ્રસ્તુત શોધ પ્રબંધને કુલ સાત જુદા જુદા પ્રકરણોમાં વિભાજીત કરેલ છે.

**પ્રસ્તાવના :–**

પ્રસ્તુત સંશોધન મહાનિબંધના આ પ્રથમ પ્રકરણમાં સંશોધનનું સ્વરૂપ રજૂ કરવામાં આવ્યું છે. વલ્લભ વેદાંતમાં રજૂ થયેલ બ્રહ્મ તત્ત્વના નિરૂપણ કરતી વખતે આ સંશોધન નિબંધમાં તેના કાર્યક્ષેત્રેનો પરિચયાત્મક ખ્યાલ આપવામાં આવ્યો છે. ' બ્રહ્મના ' ખ્યાલની તત્ત્વવિજ્ઞાન અધ્યાત્મક અને ધર્મના ક્ષેત્રમાં રહેલ પ્રસ્તુતતા રજૂ કરી સંશોધનના હેતુઓને સ્પષ્ટ રીતે રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.

❖ **વેદ અને ઉપનિષદની તત્ત્વમીમાંસામાં બ્રહ્મ તત્ત્વ નિરૂપણ : –**

બીજા પ્રકરણમાં બ્રહ્મ તત્ત્વના નિરૂપણ કરતી વખતે વેદ અને ઉપનિષદનાં તત્ત્વચિંતનમાં ખાસ કરીને તત્ત્વમીમાંસાકીય સંદર્ભમાં બ્રહ્મ તત્ત્વનું નિરૂપણ કરવામાં આવેલ છે. સૌપ્રથમ વૈદિક તત્ત્વમીમાંસામાં અદ્વૈતવાદ રજૂ કરવામાં આવ્યો છે. ત્યારબાદ ઋગ્વેદની સૃષ્ટિમીમાંસામાં અંતિમતત્ત્વના ખ્યાલની ચર્ચા કરવામાં આવી છે. ખાસ કરીને હિરણ્યગર્ભ શુકત અને નાસદીય સુકતમાં સમાવિષ્ટ અંતિમ તત્ત્વના ખ્યાલને દર્શાવવાનો પ્રયત્ન કરેલ છે. ત્યારબાદ જુદા જુદા ઉપનિષદો જેમકે બૃહદારણ્યક ઉપનિષદ અને તૈતરીય ઉપનિષદમાં બ્રહ્મ તત્ત્વ નિરૂપણ પરિચયાત્મક રીતે રજૂ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ઉપનિષદ તત્ત્વવિજ્ઞાનમાં આત્મા–ચેતનાનું સ્વરૂપ અને બ્રહ્મ તત્ત્વનું નિરૂપણ કરવામાં આવ્યું છે. કેન અને માંડૂકય ઉપનિષદમાં રજૂ થયેલ આત્મતત્ત્વ નિરૂપણ રજૂ કરવામાં આવેલ છે. આ પ્રકરણનાં અંત ભાગમાં ઉપનિષદોનાં તત્ત્વવિજ્ઞાનમાં દેખાતા આત્મા અને બ્રહ્મના તાદાત્મ્યને દર્શાવવામાં આવેલ છે.

❖ **બ્રહ્મસૂત્રોમાં અંતિમ સત્તા તરીકે બ્રહ્મ :–**

પ્રસ્તુત મહાશોધ નિબંધના ત્રીજા પ્રકરણમાં સૌપ્રથમ બ્રહ્મ સૂત્રોનું તત્ત્વવિજ્ઞાન અને ઉપનિષદ્ અંગે વર્ણન કરવામાં આવેલ છે. બ્રહ્મ સૂત્રોના

વિવિધ ભાષ્યો અને તેમાં રજૂ થયેલ અર્થઘટનો અંગે વિચારવામાં આવેલ છે. શંકરાચાર્યના વેદાન્તમાં બ્રહ્મતત્ત્વનું વિશદતાથી નિરૂપણ કરવામાં આવેલ છે. બ્રહ્મનું સ્વરૂપ લક્ષણ અને તટસ્થ લક્ષણ બ્રહ્મ ત્રિવિધભેદ પરિચ્છેદ રહિત સત્તા તરીકે અને બ્રહ્મના નિરાકાર અને નિર્ગુણ સ્વરૂપનું વર્ણન કરવામાં આવેલ છે. ત્યારબાદ શ્રી રામાનુજના મતાનુસાર તેમના તત્ત્વવિજ્ઞાનમાં રજૂ થયેલ બ્રહ્મ અંગેનો ખ્યાલ રજૂ કરવામાં આવેલ છે. ચિત્, અચિત્ વિશિષ્ટ તરીકે બ્રહ્મનું નિરૂપણ દર્શાવવામાં આવ્યું છે. બ્રહ્મનો જગત સાથેનો શરીર શરીરી સંબંધ અને અંશ–અંશી સંબંધ દર્શાવવામાં આવે છે. અને છેવટે બ્રહ્મના આંગિક સમગ્ર તરીકેના સ્વરૂપને વર્ણવી વેદાંતના અન્ય સંપ્રદાયોનું સંક્ષિપ્ત નિરૂપણ કરવામાં આવ્યું છે.

❖ વલ્લભ વેદાન્ત તત્ત્વવિજ્ઞાનનો સારગ્રાહી પરિચય :–

ચોથા પ્રકરણમાં બ્રહ્મ તત્ત્વ નિરૂપણ કરતાં પહેલાં વલ્લભ–વેદાન્તના તત્ત્વવિજ્ઞાનનો સારગ્રાહી પરિચય આપવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. મુખ્યત્વે બ્રહ્મ તત્ત્વનાં સ્વરૂપ અને તેના લક્ષણો આપવામાં આવ્યાં છે. આ ઉપરાંત શુદ્ધાદ્વૈત વલ્લભવેદાંન્તના તત્ત્વવિજ્ઞાનમાં માયા, જગત અને તેનો બ્રહ્મ સાથેના સંબંધનો પરિચય આપવામાં આવેલ છે અને પરિચયાત્મક પ્રકરણમાં અંત–ભાગમાં શુદ્ધાદ્વૈત તત્ત્વમીમાંસાનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરવામાં આવેલ છે.

❖ અવિકૃત પરિણામવાદ,આવિર્ભાવ તિરોધાન સિદ્ધાંત અને બ્રહ્મવાદ

પ્રસ્તુત પ્રકરણમાં કાર્યકારણનો સિદ્ધાંત સતકાર્યવાદ અને અસત્કાર્યવાદની રજૂઆત થયેલ છે. ત્યારબાદ વિવર્તવાદ બ્રહ્મપરિણામવાદ અને પ્રકૃતિપરિણામવાદને રજૂ કરી શુદ્ધાદ્વૈત તત્ત્વજ્ઞાનમાં રજૂ થયેલ અવિકૃત પરિણામવાદને વિશેષપણે સમજાવેલ છે. લીલા સિદ્ધાંત અને અવિકૃત પરિણામવાદ, આવિર્ભાવ તિરોધાનનો સિદ્ધાંત અને અવિકૃત પરિણામવાદ રજૂ

કરવામાં  આવેલ છે. આ ઉપરાંત બ્રહ્મવાદ અને તેની તત્ત્વમીમાંસાકીય સ્થિતિ દર્શાવવામાં આવી છે. કે જેના વિવિધ પાસાઓ જેવા કે બ્રહ્મ ત્રિવિધ ભેદરહિત, બ્રહ્મ ત્રિવિધ પરિચ્છેદ રહિત સત્તા તરીકે અને બ્રહ્મના સત્, ચિત્, આનંદ સ્વરૂપનું વર્ણન કરી બ્રહ્મ અભિન્નનિમિતોપાદાન કારણ તરીકે મૂલવવામાં આવેલ છે અને અંતમાં બ્રહ્મના શુદ્ધ અંતિમ તત્ત્વ તરીકેના સ્વરૂપની ચર્ચા કરવામાં આવેલ છે.

### ❖ વલ્લભ વેદાંત અને શાંકર વેદાંતમાં બ્રહ્મના ખ્યાલનું તુલનાત્મક નિરૂપણ :–

આ પ્રકરણમાં વેદાંતના બે અગત્યના આચાર્યોનું તત્ત્વજ્ઞાન એટલે કે વલ્લભવેદાંત અને શાંકર વેદાંતમાં રજૂ થયેલ બ્રહ્મના ખ્યાલનું તુલાનાત્મક રજૂઆત કરવામાં આવેલ છે. સૌપ્રથમ શાંકર વેદાંત અને વલ્લભ વેદાંતમાં દર્શાવેલ બ્રહ્મ અને માયાનો સંબંધ રજૂ કરવામાં આવ્યો છે. બન્નેમાં રજૂ થયેલ કાર્ય–કારણ સિદ્ધાંતની ચર્ચા કરવામાં આવી છે. શંકરાચાર્ય અને વલ્લભાચાર્યના તત્ત્વજ્ઞાનમાં રજૂ થયેલ બ્રહ્મ ત્રિવિધભેદ અને ત્રિવિધ પરિચ્છેદ રહિત સત્ય તરીકેનું વર્ણન કરવામાં આવ્યું છે. બ્રહ્મનું આકારત્વ અને નિરાકારત્વ અને સગુણ તથા  નિર્ગુણ તરીકે બ્રહ્મના સ્વરૂપનું વર્ણન કરવામાં આવેલ છે.

### ❖ ઉપસંહાર અને નિષ્કર્ષ :–

મહાનિબંધના અંતિમ પ્રકરણમાં શુદ્ધાદ્વૈત તત્ત્વજ્ઞાનમાં જગતલક્ષી દ્રષ્ટિથી અંતિમ તત્ત્વ તરીકે બ્રહ્મની ચર્ચા કરવામાં વેદાન્તના સંપ્રદાયોના પરિપ્રેક્ષ્યમાં શુદ્ધાદ્વૈતમાં બ્રહ્મતત્ત્વનું સ્થાન નકકી કરવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવેલ અને અંતમાં શુદ્ધાદ્વૈત તત્ત્વજ્ઞાનમાં બ્રહ્મના સ્વરૂપનું સમીક્ષાત્મક મૂલ્યાંકન કરી શોધ મહાપ્રબંધનો ઉપસંહાર કરવામાં આવેલ છે.

## 1.2 સંશોધનના હેતુ અને પ્રસ્તુતતા :–

સંસાર દુ:ખરૂપ છે. તેનું કારણ સાંસારિક વિષયોની પરિણામ દુ:ખતા, તાપદુ:ખતા અને સંસ્કાર દુ:ખતા છે. વિષય ભોગવતી વખતે જીવ સુખ માને છે પરંતુ ભોગનાં પરિણામો ખરેખર દુ:ખરૂપ છે. ભોગકાળે વિષય સુખમાં રાગ અને તે સુખના બાધક પ્રત્યે દ્વેષ થાય છે. રાગ અને દ્વેષ દુ:ખરૂપ જન્મ મરણના ચક્રને ચાલુ રાખે છે. બીજું વિષયભોગથી તૃષ્ણા ઘટવાને બદલે વધે જ છે અને તૃષ્ણા પોતે દુ:ખરૂપ છે. ત્રીજું, વિષયભોગને પરિણામે અનેક રોગ જન્મે છે. ચોથું, વિષયોમાં પરિણામ દુ:ખતા ઉપરાંત તાપદુ:ખતા પણ છે. શત્રુ, વ્યાધિ, સર્પદંશ વગેરે વિષયોથી જન્મતાં લૌકિક દુ:ખો તાપરૂપ છે. આ વિષયો સદા દુ:ખરૂપ છે. વળી, દુ:ખાનુભવ વખતે ચિત્તમાં કલેશ થાય છે અને તેને કારણે દુ:ખરૂપ જન્મમરણની પરંપરા ચાલે છે. આ થઈ વિષયોની તાપદુ:ખતા પરિણામ દુ:ખતા અને તાપદુ:ખતા વચ્ચે ભેદ એ છે કે પરિણામ દુ:ખતામાં વિષય ભોગકાળે સુખ આપે છે પણ ભવિષ્યમાં દુ:ખાનુભવનું કારણ બને છે.

જયારે તાપદુ:ખતામાં તો વિષય ભોગકાળ પહેલાં ભોગકાળે અને પછી એમ ત્રણેય કાળમાં દુ:ખ આપે છે. સંસ્કાર દુ:ખતા સંસ્કારને લઈને થાય છે. સુખદુ:ખનો અનુભવ સુખદુ:ખનો સંસ્કાર ચિત્તમાં પડે છે. એ અનુભવના યા જ્ઞાનના સંસ્કારને વાસના કહેવામાં આવે છે. સંસ્કાર જાગતાં સુખદુ:ખની સ્મૃતિ જન્મે છે. એ સ્મૃતિથી રાગદ્વેષ ઉદ્‌ભવે છે. રાગદ્વેષ પ્રવૃતિને જન્મ આપે છે. પ્રવૃતિ દુ:ખનું કારણ બને છે. દુ:ખના અનુભવથી વળી સંસ્કાર, સ્મૃતિ વગેરેનું ચક્ર શરૂ થાય છે. આ પ્રમાણે સંસ્કારથી જન્મ, મરણ વગેરે અસંખ્ય દુ:ખો જન્મે છે.

દુ:ખ મુકિત સૌ ઝંખે છે. દુ:ખને દૂર કરવું જ જોઈએ. આ દુ:ખોને દૂર કરવા પ્રકૃતિપુરૂષના સંયોગને તોડવો જોઈએ, કારણ કે દુ:ખનું કારણ તે સંયોગ છે. અને સંયોનું કારણ અવિદ્યા હોઈ તે સંયોગને તોડવા અવિદ્યાને દૂર કરવી જોઈએ. પરંતુ અવિદ્યાની નિવૃત્તિ તો વિવેકજ્ઞાનના ઉદયથી જ થાય છે. અને

વિવેક જ્ઞાન દ્વારા જ બ્રહ્મજ્ઞાન થાય છે. અને બ્રહ્મને જાણવાથી સર્વને જાણી શકાય છે. બ્રહ્મનું ખરું સ્વરૂપ વેદ ઉપનિષદ અને બ્રહ્મસૂત્રોમાં કરેલું છે. જેને આપણે શબ્દ પ્રમાણ તરીકે યથાર્થ જ્ઞાનનું સાધન માનીએ છીએ. વળી વેદાંતના વિવિધ આચાર્યોમાં શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ બ્રહ્મ વિષયક પોતાના વિચારો શુદ્ધાદ્વૈત વાદ સ્વરૂપે વર્ણવેલા છે. જે વેદ અને ઉપનિષદની તત્ત્વમીમાંસામાં બ્રહ્મ તત્ત્વનું નિરૂપણ રજૂ કરે છે. વળી, ઉપનિષદ્ના તત્ત્વજ્ઞાનમાં આત્મા અને ચેતનાનું સ્વરૂપ અને બ્રહ્મનો સંબંધ વિવિધ સૂત્રો અને ભાષ્યો દ્વારા વિવિધ અર્થઘટનો  દ્વારા બ્રહ્મના ત્રિવિધ ભેદ અને પરિચ્છેદ રહિતતા તથા બ્રહ્મ નિરાકાર અને નિર્ગુણ તેમજ બ્રહ્મને ચિત્ત, અચિત્ત વિશિષ્ટ અને આત્મા અને બ્રહ્મનું તાદાત્મ્ય નિરૂપણનો વિનમ્ર પ્રયાસ કરવાનો હેતુ છે. શુદ્ધાદ્વૈત તત્ત્વમીમાંસાનું સમગ્રલક્ષી મૂલ્યાંકનનાં પણ વિશિષ્ટ હેતુ રહેલો છે. પ્રસ્તુત સંશોધનમાં શુદ્ધાદ્વૈતવાદમાં બ્રહ્મવાદ અને તેની તત્ત્વમીમાંસાકીય સ્થિતીનું તથા વિવર્તવાદ, બ્રહ્મ પરિણામવાદ અને પ્રકૃતિ પરિણામવાદ તથા અવિકૃત પરિણામવાદ દ્વારા બ્રહ્મ શુદ્ધ અંતિમ તત્ત્વ તરીકે સુરેખ નિરૂપણ કરવાનો હેતુ રહેલો છે.

## 1.3 સંશોધનની પધ્ધતિ

આ સંશોધન કાર્ય સૌપ્રથમ વૈદિક ઋચાઓ અને ઉપનિષદોનાં મંત્રો તથા વલ્લભાચાર્યજીએ આપેલાં શુદ્ધદ્વૈત વેદાંતનાં સૂત્રો અને બ્રહ્મસૂત્રો અનુસાર મૂળભૂત સિદ્ધાંતોની સ્થાપના કરતી વખતે વર્ણનાત્મક પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવશે. તેવી જ રીતે પાશ્ચાત્ય વિદ્વાનો વિવેચનાત્મક પધ્ધતિ સ્વીકારે છે. તેનો સ્વીકાર આ સંશોધન પ્રકલ્પમાં કરવામાં આવ્યો છે.

તદુપરાંત આ સંશોધન કાર્યમાં નિરૂપણની પધ્ધતિ ઉપરાંત સમીક્ષાત્મક પધ્ધતિ અને મૂલ્યાંકનાત્મક પધ્ધતિનો ઉપયોગ કરવાનો યથાયોગ્ય પ્રયત્ન થયો છે. જેમાં સંસ્કૃતના મૂળભૂત પાયાનાં શાસ્ત્ર ગ્રંથોમાં જે સંકલ્પનાઓ, સિદ્ધાંતો સમાવિષ્ટ છે

તે રજૂ કરવામાં આવશે. પ્રસ્તુત મહાશોધ નિબધમાં વેદાંત પરનાં મૂળ ગ્રંથોનો ઉપયોગ કરીને સંશોધન કાર્ય કરવાનો પ્રયત્ન કરેલો છે. જરૂર જણાય ત્યાં અણુભાષ્ય, વેદાન્તસૂત્રો, વિવિધ દર્શનો અને ઉપનિષદો તથા વેદોના મૂળભૂત ગ્રંથો ઉપરાંત વૈદિક અને ઔપનિષદિક સાહિત્યનો પરિચય આપતા મૂળભૂત ગ્રંથોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રમાણભૂત ગ્રંથોનો સંદર્ભ આપીને સંશોધનકાર્ય કરવાનો સ્તુત્ય પ્રયાસ કરવામાં આવ્યો છે.

'શુદ્ધાદ્વૈત' તત્ત્વમીમાંસામાં બ્રહ્મનો ખ્યાલ એક અધ્યયનાં આ વિષયને કુલ ૭ (સાત) પ્રકરણોમાં વિભાજીત કરીને સમીક્ષાત્મક અને વિશ્લેષણાત્મક મૂલ્યાંકન કરવાનો આ મહાપ્રબંધનો વિવિધ સંશોધન પધ્ધતિઓ દ્વારા નિરૂપણ કરવામાં આવેલ છે. આથી જ આ મહાશોધ નિબંધમાં વેદાન્ત અને તેમાં શુદ્ધાદ્વૈતવાદમાં બ્રહ્મના નિરૂપણ અંગેના પ્રચલિત ખ્યાલો દૂર થાય તે માટે બ્રહ્મસૂત્રોમાં અંતિમસત્તા તરીકે બ્રહ્મ વળી વેદ અને ઉપનિષદની તત્ત્વમીમાંસામાં બ્રહ્મ તત્ત્વનું નિરૂપણ, વલ્લભવેદાંત તત્ત્વજ્ઞાનનો સારગ્રાહી પરિચય અને વલ્લભ વેદાંત અને શાંકર વેદાંતમાં બ્રહ્મનાં ખ્યાલનું તુલનાત્મક નિરૂપણ કરવાના આ શોધ પ્રબંધમાં વિનમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે. તેથી મારૂં આ સંશોધન વર્તમાન સમયમાં ખૂબ જ સાર્થકતા અને ઉપયોગિતા ધરાવે છે.

## 1.4 સંશોધનનો નિષ્કર્ષ

વિજ્ઞાન અને ટેકનોલોજીના આ સાંપ્રત સમયે બ્રહ્મના સ્વરૂપનું વર્ણન અને બ્રહ્મવિષયક ભ્રાંતિઓના નિવારણ અર્થે બ્રહ્મના વાસ્તવિક સ્વરૂપને સમજવું ખૂબ જ જરૂરી છે. વેદાંત એ તમામ સંપ્રદાયો અને મત–મતાન્તરોના પક્ષપાત તથા વાદ–વિવાદ રહિત સાર્વભોમ ધર્મ છે. જે તત્ત્વનું જ્ઞાન સ્વયં અનુભવ દ્વારા પ્રાપ્ત કરવાનું શીખવે છે. વેદાંત મનુષ્યને એના અંતિમ ધ્યેય સુધી પહોંચાડે છે. તમામ શ્રુતિ – સ્મૃતિઓએ વેદાંતનો મહિમા ગાયો છે

પોતાના શુદ્ધાદ્વૈતને સમજાવનારા શ્રી વલ્લભાચાર્યે બ્રહ્મસ્વરૂપ, જીવસ્વરૂપ, જગતનું સ્વરૂપ, શુદ્ધ પુષ્ટિમાર્ગીય, મર્યાદા માર્ગીય અને પ્રવાહમાર્ગીય જીવોની ઉત્પત્તિ સમજાવવાનો પ્રયત્ન કરેલો છે. શ્રીમદ્ વલ્લભાચાર્યનો સિદ્ધાંત 'શુધ્ધાદ્વૈત' નામથી પ્રચલિત છે. આ મત પ્રમાણે બ્રહ્મ માયાથી અલિપ્ત હોઈ સદા સર્વથા શુદ્ધ જ છે

माया संबंघ रहितं शुद्धमित्युच्यते बुघैः।

**માયાથી અસંબંધ એવું જે બ્રહ્મ તે જ અદ્વૈત તત્ત્વ છે.**

જ્ઞાનમાર્ગથી ભિન્ન એવો આ પુષ્ટિમાર્ગ છે. શ્રીમદ્ વલ્લભાચાર્યે ભાગવતના રહસ્યને પુષ્ટિમાર્ગમાં વણી દીધું છે. પુષ્ટિમાર્ગ જ્ઞાન, કર્મ આદિથી નિરપેક્ષ છે. અહીં શરણાગતિ સિવાય અન્ય કોઈ સાધન યા પ્રયત્નની જરૂર રહેતી નથી. વલ્લભાચાર્યના મત મુજબ પ્રત્યક્ષ આદિ પ્રમાણોથી બ્રહ્મતત્ત્વનું જ્ઞાન થઈ શકે જ નહિ, તે માટે તેઓ અન્ય પ્રમાણો વિચારે છે. બ્રહ્મ સર્વધર્મ વિશિષ્ટ છે. સગુણ સાકાર બ્રહ્મ કે નિર્ગુણ નિરાકાર બ્રહ્મમાં વલ્લભાચાર્યના મતે વિરોધ નથી. વિરોધનો આભાસમાત્ર છે. બ્રહ્મનાં બન્ને સ્વરૂપો સત્ય છે. બ્રહ્મમાં પરસ્પર વિરોધીગુણો માયાના આભાસથી એવા જણાય છે એમ નથી, પરંતુ તે સ્વાભાવિક છે. બ્રહ્મનાં આધિભૌતિક (જગત) આધ્યાત્મિક (અક્ષરબ્રહ્મ) તથા આધિદૈવિક સ્વયં પરબ્રહ્મ, પરમાત્મા (સચ્ચિદાનંદ) એવાં ત્રણ સ્વરૂપ છે. તેમાંનું પહેલું સ્વરૂપ કર્મે કરી, બીજું જ્ઞાને કરી અને ત્રિજું ભકિતએ કરી પ્રાપ્ત થાય છે. જ્ઞાની જનો અક્ષર બ્રહ્મને પરમ ફલરૂપે સ્વીકારે છે, અને ભકત જનો અક્ષર બ્રહ્મને પ્રભુના– પુરૂષોતમના ધામરૂપે સ્વીકારે છે બધું જ કાંઈ બ્રહ્મ છે, બ્રહ્મથી વ્યતિરિકત બીજું કોઈ જ સ્વતંત્ર રૂપે નથી. એવી ભાવનાથી ભગવાન પરબ્રહ્મ શ્રી કૃષ્ણાખ્ય તત્ત્વને વિશે બુદ્ધિ કરવી આ પ્રકારનો શ્રી વલ્લભનો ઉપદેશ છે.

# પ્રકરણ : 2

# વેદ અને ઉપનિષદ્‌ની તત્ત્વમીમાંસામાં બ્રહ્મતત્ત્વ નિરૂપણ

2.1 **વૈદિક તત્ત્વમીમાંસામાં અદ્વૈતવાદ**

2.2 **ઋગ્વેદ સૃષ્ટિમીમાંસા અને અંતિમતત્ત્વ**

2.2.1 **હિરણ્યગર્ભ સૂકત અને અંતિમતત્ત્વ**

2.2.2 **નાસદિય સૂકત**

2.3 **ઉપનિષદમાં બ્રહ્મતત્ત્વ**

2.3.1 **બૃહદારણ્યક ઉપનિષદમાં બ્રહ્મતત્ત્વ**

2.3.2 **તૈતરીય ઉપનિષદમાં બ્રહ્મતત્ત્વ**

2.4 **ઉપનિષદ તત્ત્વવિજ્ઞાનમાં આત્મા ચેતનાનું સ્વરૂપ અને બ્રહ્મ**

2.4.1 **કેન ઉપનિષદમાં આત્મતત્ત્વ**

2.4.2 **માંડૂકય ઉપનિષદમાં આત્મતત્ત્વ**

2.5 **ઉપનિષદ તત્ત્વવિજ્ઞાનમાં આત્મા અને બ્રહ્મનું તાદાત્મ્ય**

2.6 **ઉપસંહાર**

# પ્રકરણ : 2

# વેદ અને ઉપનિષદ્‌ની તત્ત્વમીમાંસામાં બ્રહ્મતત્ત્વ નિરૂપણ

## 2.1 વૈદિક તત્ત્વમીમાંસામાં અદ્વૈતવાદ

વેદએ ભારતીય પ્રજાનો જ નહિ પરંતુ સમગ્ર માનવજાતિનો જૂનામાં જૂનો ગ્રંથ છે, અને આપણાં ધર્મ અને તત્ત્વજ્ઞાનનો મૂળ આરંભ ત્યાંથી થાય છે. આથી ભારતીય દર્શનના ઈતિહાસમાં તેનો અભ્યાસ અનિવાર્ય છે. વેદોના આર્યોનું  જીવન બહુ સરળ અને ભાવપૂર્ણ હતું. આધુનિક કાળના જીવનની જટિલતા વૈદિક કાળમાં હતી નહિ. પરમ શાન્તિ અને શ્રધ્ધા એ બે તત્ત્વો ઉપર તેમના જીવનની ઈમારત ચણાયેલી હતી. આર્યો સમસ્ત વિશ્વને ર્દઢ આશાવાદથી નિરખતા હતા. તેમનું આધ્યાત્મિક જીવન અતિ ઉદાત્ત, ભાવપૂર્ણ અને પ્રેરણાદાયી હતું. વૈદિક કાળના ઋષિઓએ પવિત્ર જીવન ગાળીને તત્ત્વજ્ઞાનના વિવિધ પ્રશ્નોનો વિચાર કરેલો છે. અને માનવ જીવનને આશાવાદ અને પ્રભુતાથી અતિ બળવાન બનાવીને ભારતીય સંસ્કૃતિને અમર બનાવી દીધી છે. વેદોમાં પ્રતિપાદિત શાશ્વત સિદ્ધાંતોના અવિચળ પાયા પર ભારતની સંસ્કૃતિની ભવ્ય ઈમારત ખડી થઈ છે. (૧)

### ❖ વૈદિક એકવાદ અથવા અદ્વૈતવાદ :–
### (Vedic Monism of Non – Dualism )

એકેશ્વરવાદ અનેક ત્રુટીઓના ફળ સ્વરૂપે વૈદિક ઋષિઓને અસંગત લાગવા માંડયો. એકેશ્વરવાદમાં આત્મા અને અનાત્માનું દ્વૈત વર્તમાન રહે છે. એ શુદ્ધ એકવાદના રૂપમાં પ્રતિષ્ઠિત નથી. ઈશ્વરવાદ દ્વારા હૃદયની સંતુષ્ટી થાય છે. પરંતુ મનની સંતુષ્ટિ થતી નથી. એમનું એકમાત્ર કારણ હોય તો

તે એકેશ્વરવાદનું સંક્રમણ અદ્વૈતવાદમાં થાય છે જે ઋગ્વેદનાં સૂકતો દ્વારા પ્રતિપાદિત ધર્મના તૃતીય સ્તરમાં થાય છે.

ઋગ્વેદના અદ્વૈતવાદમાં બે સૂકતો પર આધાર રહે છે. એ સૂકતોમાં પુરૂષ સૂકત અને નાસદીય સૂકતનો સમાવેશ થાય છે. પુરૂષ – સૂકતમાં પરમ પુરૂષનો મહિમાં ઉલ્લેખવામાં આવ્યો છે. એમાં સંપૂર્ણ જગતને એક રૂપમાં જોવામાં આવ્યું છે અને મૂળ સત્તાની એકાત્મકતા ઉપર ભાર દેવામાં આવ્યો છે.

" પુરૂષને હજાર મસ્તક છે. હજાર નેત્ર છે. હજાર પગ છે એ પરમ પુરૂષ અવિનાશી ત વ છે. તે સમગ્ર પૃથ્વીમાં વ્યાપ્ત છે. અને તેનાથી દશ આંગળ ઊંચે પણ છે. જે કાંઈ જે અને જે કાંઈ થવાનું છે એ બધું જ એ પુરૂષ છે. એ પુરૂષ અમરત્વનો સ્વામી છે. સમગ્ર વિશ્વ એમનું ચતુર્થાંશ માત્ર છે. અને ત્રણ પગ બહાર અવકાશમાં છે. (૨)

ઉપરોકત વિવેચિત પુરૂષ સૂકતમાં પૃથ્વી, સ્વર્ગ, ગ્રહ, નક્ષત્ર, ચેતન, અચેતન સર્વ પદાર્થો એક એવા પુરૂષનાં અંશો કે અવયવો માનવામાં આવ્યો છે.

જે સંપૂર્ણ વિશ્વમાં વ્યાપી પણ છે અને એની બહાર પણ છે. અહીં એક એવા પરમ પરૂષની વાત કરવામાં આવી છે જે વિશ્વવ્યાપી અને વિશ્વાતીત બન્ને છે. જે કાંઈ છે અને જે કાંઈ હશે તે સર્વ એક તત્ત્વમાં અંતર્ભૂત છે.

આ સૂકતમાં વિશ્વની એકતાની ઝલક મળી આવે છે તથા એ પરમ પુરૂષનું પણ ભાન થાય છે. કે જેમની સત્તા વિશ્વમાં વ્યાપ્ત છે તથા વિશ્વથી પર નકકી છે.

ઉપરોકત ઈશ્વરવાદી મતને નિમિત્તોપાદાનની સંજ્ઞાથી પણ અભિવ્યકત કરવામાં આવે છે. આ સર્વેશ્વરવાદથી અલગ છે. સર્વેશ્વરવાદમાં ઈશ્વર માત્ર વિશ્વવ્યાપી માનવામાં આવે છે પરંતુ નિમિત્ત અને ઉપાદાન કારણમાં ઈશ્વરને વિશ્વવ્યાપી તથા વિશ્વાતીત બન્ને માનવામાં આવે છે આ સૂકત વૈદિક ઋષિયોની દિવ્ય દૃષ્ટિનું ધોતક છે. તેમણે એક મંત્રમાં અદ્વૈતવાદ અને નિમિત ઉપાદાન કારણને તત્ત્વ માની લીધો છે.

અદ્વૈતવાદનું સમર્થક ઉદાહરણ ઋગ્વેદના નાસદીય સૂકતમાં મળી આવે છે. જેમને ભારતીય વિચારધારાનું પુષ્પ કહીને પ્રતિષ્ઠિત કરવામાં આવ્યું છે. જેમાં નિર્ગુણ બ્રહ્મની ઝલક મળી આવે છે. અદ્વૈતવાદની આ અનુભૂતિની તુલના અશકય છે. એમના માટે વૈદિક ઋષિઓનો અનંત કાળથી ચાલી આવતી શ્રધ્ધા અને સ્મરણ જવાબદાર છે.

એ સમયે સત્ય ન હતું અને અસત્ય પણ ન હતું પૃથ્વી ન હતી તથા આકાશ પણ ન હતું એ સમયે ઉપર આકાશ પણ ન હતું કોઈપણ જાતનાં આવરણો ન હતા. ....... એ સમયે મૃત્યુનું અસ્તિત્વ ન હતું. એનાથી વધારે કાંઈપણ હતું નહી. સમગ્ર સૃષ્ટિ અંધકારથી વ્યાપ્ત અને પ્રકૃતિનું વર્ણન કરનાર કોઈ ન હતું. આ સમગ્ર વિશ્વ કેવી રીતે અને કયાંથી ઉત્પન્ન થયું ? દેવતા લોકો આ સૃષ્ટિમાં અંન્તરતમ ઉત્પન્ન થયા.

અને કયાંથી સૃષ્ટિનું સર્જન થયું તે કોણ જાણતું હતું ? કોણે સૃષ્ટિનું સર્જન કર્યુ. અને કોણે સૃષ્ટિનું સર્જન ન કર્યુ. એ સર્વ જાણે આ પરમ પુરૂષે પરમ ધામમાં રહીને કર્યુ. શકય છે આ બધું તે અજ્ઞાત હશે.

ઉપરોકત સૂકતોને વિશ્વ સાહિત્યની અનુપમ નિધિના રૂપમાં સ્વીકારવામાં આવે છે. આ સૂકતોમાં એક તત્ત્વવાદી વિચારધારાના મૂળ જણાઈ આવે છે. આ સૂકતમાં સમગ્ર બ્રહ્માંડની ઉત્પત્તિનું મૂળ કારણ બતાવવામાં આવ્યું છે તથા એ મૂળ કારણના સ્વરૂપમાં પરમ પુરૂષનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

પ્રા.હિરિયાણાને નાસદીય સૂકત પર પોતાના વિચાર વ્યકત કરતાં કહયું છે કે જે ધ્યાતવ્ય છે. એ આ સૂકતમાં જેનાથી વિશ્વ સાહિત્યની વસ્તુ કયાં જઈ શકે છે. એ આપણને એકતત્ત્વવાદી વિચારધારામાં જોવા મળે છે. અહીં સત્–અસત્, જીવન–મૃત્યુ, પુણ્ય–પાણ ઈત્યાદિ સર્વ પ્રકારના દ્વંદ્વોનો આ આધારભૂત તત્ત્વની અંદર જ વિકસિત હોવાનું અને એમના વિરોધોનું આ તત્ત્વમાં જ સંહાર ટૂંકમાં સર્જન અને વિનાશ માનવામાં આવ્યો છે આ ધારણાં નિતાન્ત અપુરૂષ પરક છે. અને દેવતાઓની કલ્પનાથી બિલકુલ અલગ છે. (૩)

ઉપરના સૂકતોના વિશ્લેષણથી આપણને વૈદિક ઋષિઓને પરમ તત્ત્વ માટે એક શબ્દ પ્રયોગ કર્યો છે તે એક તત્ત્વ અહીં આપણે ઉપનિષદોનું વિશ્લેષણમાં આત્મા અને બ્રહ્મની અવધારણામાં જોવા મળે છે. એમાં આપણે ઉપનિષદોમાં અદ્વૈતવાદનાં મૂળ મળી આવે છે.

ઋગ્વેદમાં ધર્મના ત્રિવિધ સ્તરનું વર્ણન મળી આવે છે. જેમાં શરૂઆત બહુ દેવવાદથી કરવામાં આવે છે તથા અન્ત અદ્વૈતવાદમાં આવે છે. એકેશ્વરવાદ બન્નેનું મધ્ય બિંદુ કે સાંકળતી કડી સમાન કામ કરે છે. આ ત્રણ સ્તરોમાં તાર્કિક સંબંધ જોવા મળે છે. આથી ઋગ્વેદમાં બહુદેવવાદ, એકાધિદેવવાદ, એકેશ્વરવાદ તથા અદ્વૈતવાદનાં ઉદાહરણો મળી આવે છે. (૪)

## 2.2 ઋગ્વેદ સૃષ્ટિમીમાંસા અને અંતિમતત્ત્વ

જયારે આ કાર્ય સૃષ્ટિ ઉત્પન્ન થઈ ન હતી ત્યારે એક સર્વશકિતમાન પરમેશ્વર અને બીજું જગતનું કારણ અર્થાત્ જગત બનાવવાની સામગ્રી વિરાજમાંન હતા. તે સમયે અસત શૂન્ય એટલે જે આકાશ, જે નેત્રોથી જોવામાં આવતું નથી તે પણ ન હતું.

કેમકે તે સમયે તેનો વ્યવહાર ન હતો. અર્થાત સત્યગુણ રજોગુણ અને તમોગુણ પણ ન હતા. તે સમયે પરમાણુઓ પણ ન હતાં. વિરાટ અર્થાત સ્થૂળ જગતનું નિવાસ સ્થાન પણ ન હતું. જે આ વર્તમાન જગત છે તે પણ અનંત શુદ્ધ બ્રહ્મને ઢાંકી

શકતું નથી. અને તેનાથી અધિક કે અથાગ પણ થઈ શકતું નથી. એથી જાણવામાં આવે છે કે પરમેશ્વર અનંત છે અને તેનું બનાવેલું જે આ જગત છે, તે ઈશ્વરની અપેક્ષા કંઈ જ નથી. જયારે જગત ન હતું ત્યારે મૃત્યુ પણ ન હતું કેમકે જયારે સ્થૂળ જગત સંયોગથી ઉત્પન્ન થઈ વર્તમાન થાય પછી તેનો અને શરીર આદિનો વિયોગ થાય ત્યારે મૃત્યુ કહેવાય, આમ શરીર આદિ પદાર્થ ઉત્પન્ન જ થયા ન હતા. હિરણ્યગર્ભ જે પરમેશ્વર છે, તે જ એક સૃષ્ટિની પહેલાં વર્તમાન હતો. જે આ સર્વ જગતનો સ્વામી છે, અને તે જ પૃથ્વીથી લઈ સૂર્ય પર્યંત સર્વ જગતને રચીને ધારણ કરી રહ્યો છે. એથી તે જ સુખ સ્વરૂપ પરમેશ્વર દેવની અમે લોકો ઉપાસના કરીએ, અન્યની નહી.

પુરૂષ તેને કહે છે કે જે આ સર્વ જગતમાં પૂર્ણ થઈ રહ્યો છે અર્થાત જેણે પોતાની વ્યાપકતાથી આ જગતને પૂર્ણ કરી રાખ્યું છે. સર્વત્ર વ્યાપ્ત અને તે જીવની અંદર પણ વ્યાપક અર્થાત અંતર્યામી છે. તેથી તેને સહસ્રશીર્ષા, સહસ્રાક્ષ અને સાહસ્રપાદ પણ કહે છે કેમ કે તે અનંત છે. તે જ સર્વ જગતનો બનાવવાવાળો છે. તે પુરૂષ અર્થાત પરમેશ્વર છે. તેનાથી ભિન્ન બીજો કોઈ જગતનો રચવાવાળો નથી. કેમ કે તે સર્વશકિતમાન છે. જે સર્વ જગતને ઉત્પન્ન કરે છે અને પોતે કદી જન્મ લેતો નથી. અને તે પુરૂષ સર્વ પ્રકાશનો પણ પ્રકાશ કરવાવાળો છે. તે સર્વની અંદર વ્યાપક અને સર્વથી અલગ પણ છે. આ સ્થૂળ જગતનો જન્મ અને વિનાશ સદા થતો રહે છે, પણ તે પુરૂષ તો જન્મ, વિનાશ આદિ ધર્મથી અલગ અને સદા (પ્રકાશ માન) છે. સર્વ પશુઓને પણ તેણે જ ઉત્પન્ન કર્યા છે તથા સર્વ પક્ષીઓને પણ બનાવ્યા છે. બીજા પણ સૂક્ષ્મદેહધારી કીટ પતંગાદિ સર્વ જીવોના દેહ પણ તેણે જ ઉત્પન્ન કર્યા છે. તેજ પુરૂષ સર્વથી પ્રથમ પ્રકટ હતો, જે સર્વ જગતનો બનાવવાવાળો છે અને સર્વ જગતમાં પૂર્ણ થઈ રહયો છે, તે પુરૂષ સર્વશકિતમાન ઈશ્વર કહેવાય છે. આ પુરૂષની આજ્ઞા અનુસાર બ્રાહ્મણ ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર વર્ણો ઉત્પન્ન થાય છે. તેમને પણ ઈશ્વરે

તેમના પોતપોતાના કર્માનુસાર ઉત્પન્ન કર્યા છે. તેવા આ પરમ પુરૂષ પરમેશ્વરના અનંત પ્રકાશસમા મોક્ષને પ્રાપ્ત કરનારા પરમેશ્વરના પ્રકાશમાં સદા રહે છે,

તેમને અજ્ઞાનરૂપ અંધકાર કદી લાગતો નથી. જે પ્રજાનો પતિ અર્થાત સર્વ જગતનો સ્વામી છે તે જ જડ અને ચેતનની અંદર અને બહાર અંતર્યામીરૂપે સર્વત્ર વ્યાપ્ત થઈ રહ્યો છે. તે સર્વ જગતને ઉત્પન્ન કરીને પોતે સદા અજન્મા રહે છે. જે સર્વ વિદ્વાનોથી આદિ વિદ્વાન અને જે વિદ્વાનોના જ જ્ઞાનથી પ્રસિદ્ધ થાય છે તે અત્યંત આનંદ સ્વરૂપ અને સત્યમાં રુચિ કરાવનારા બ્રહ્મને અમારા નમસ્કાર છે

બ્રહ્મનું જે જ્ઞાન છે તે જ અત્યંત આનંદ આપવાવાળું અને તે મનુષ્યની તેમાં રુચિ વધારનારું છે. જે મનુષ્ય બ્રહ્મને જાણે છે તે જ વિદ્વાનની સર્વ મન આદિ ઈન્દ્રિયો વશમાં થઈ જાય છે, અન્યની નહીં.

જે ઉત્તમ, મધ્યમ અને કનિષ્ટ સ્વભાવથી ત્રણ પ્રકારનું જગત છે તે સર્વ પરમેશ્વર જ રચ્યું છે. તેણે આ જગતમાં વિવિધ પ્રકારની રચના કરી છે. વળી તે એક જ આ સર્વ રચનાને યથાવત્ જાણે છે. અને આ જગતમાં જે કોઈ વિદ્વાન થાય છે. તે પણ પરમેશ્વરની રચનાના અલ્પ ગુણો જાણે છે. તે પરમેશ્વર સર્વને રચે છે, અને પોતે રચનામાં કદી આવતો નથી. જે પ્રકાશ કરવાવાળા અને પ્રકાશ સ્વરૂપ સૂર્યાદિ લોક અને ચંદ્ર અને પૃથ્વી આદિ પ્રકાશ રહિત લોક પણ તે પણ તેના જ સામર્થ્યથી ઉત્પન્ન થયા છે. વેદમાં આ પ્રકારના સૃષ્ટિવિધાન કરનારા અનેક મંત્રો છે. પરંતુ વિસ્તાર ન થઈ જાય માટે સૃષ્ટિવિષય સંક્ષેપથી વર્ણવેલ છે. (૫)

## 2.2.1 હિરણ્યગર્ભ સૂકત અને અંતિમતત્ત્વ

ઋગ્વેદનાં દસમાં મંડળમાં આવતું આ 'હિરણ્યગર્ભ' સૂકત, ,પુરૂષ સૂકત જેટલું જ પ્રસિધ્ધ છે. વિષય વસ્તુની દષ્ટિએ પણ જે વાત પુરૂષસૂકતમાં કહેવામાં આવી છે તે જ વાત, પણ જુદા જુદા શબ્દોમાં, આ સૂકતમાં

વર્ણવવામાં આવી છે. આ સૂકતમાં પણ સૃષ્ટિ સર્જનની વાત કરી છે. સૃષ્ટિનું થયું તે પહેલાં કશું જ ન હતું, પરમાત્માએ (પુરૂષે, બ્રહ્મે, ઈશ્વરે) આ આપમાં એક ઈંડું મૂકયું. આ ઈંડું સોનાના ઈંડામાં જીવાત્મા તરીકે (ગર્ભ તરીકે) તે પરમાત્મા પોતે આવ્યા. આમ, હિરણ્યના ઈંડામાં ગર્ભભૂત થઈને રહ્યા તેથી તે 'હિરણ્યગર્ભ' કહેવાયા ઈંડામાંથી જન્મીને બહાર આવ્યા પછી તેમણે સમગ્ર પ્રજાનું સર્જન કર્યું તેથી તે 'પ્રજાપતિ' કહેવાયા. તેઓ 'હિરણ્યગર્ભ પ્રજાપતિ' તરીકે ઓળખાયાઅ આચાર્ય સાયણ તેમનાં ઋગ્વેદભાષ્યમાં આ હકીકત આ રીતે સમજાવે છે.

हिरण्मयस्य अण्स्य गर्भभूतः प्रजापति हिरण्मगर्भः ।। (૬)

સાયણાચાર્ય આગળ તૈતિરીય સંહિતાનો પણ આઘાર આપે છે.

प्रजापति ये हिरण्मगर्भः प्रजापतिः अनुरुपत्वाय इति । (૭)

બીજી રીતે કહીએ તો પુરૂષસૂકતમાં જેને બ્રહ્માંડમાં (વિરાટમાં) વસેલા અધિપુરૂષ કહ્યા છે તેને જ આ સૂકતમાં હિરણ્યગર્ભ પ્રજાપતિ તરીકે વર્ણવ્યા છે.

આ હિરણ્યગર્ભ પ્રજાપતિ જન્મીને તરત જ તમામ પ્રાણીઓના ચેતનોનાં સ્વામી થયા. એટલે કે તેમણે જ સમગ્ર ચેતનસૃષ્ટિનું સર્જન કર્યુ. અને તેના સ્વામી તરીકે રહ્યા. તેમણે ત્રણેય ભુવનોને ઘારણ કર્યા. આ દેવ જ સૌ જીવોને પ્રાણ અને સામર્થ્ય આપે છે. દેવો, મનુષ્યો વગેરે સૌ તેમના શાસન નીચે છે. જગત પરના ઉતુંગ હિમાચ્છાદિત પહાડો, અફાટ જળરાશિથી ભરેલા અગાધ સાગરો, વિપુલ જળરાશિથી ભરેલી સતત વહેતો વિશાળ નદીઓ, વગેરે બધું જ, તેનો જ મહિમા છે. તેમણે પૃથ્વીને સ્થિર (દઢ) કરી, આકાશને ઉપર સ્તંભિત કર્યુ, આકાશમાં જળનું નિર્માણ કર્યુ. તેમણે જ સૂર્યને આકાશમાં સ્થાપ્યાં

છે અને તેમની શકિતથી જ સૂર્ય નિયમિત ભ્રમણ કરે છે. તેમો બધા દેવોના પણ દેવ છે અને અદ્વિતીય છે.

આ સૂકતમાં, દરેક ઋચામાં, ચોથું ચરણ

" कस्मै देवाय हविषा विघेम "

આવે છે. આપણે ત્યાં દેશી કવિતામાં એક પંકિત ટેક તરીકે લેવાય છે અને દરેક કંડિકાને (કડીને) અંતે તે પંકિત ગવાય છે, આવું અહીં જોવા મળે છે. આ ટેકની પંકિત અને સરળ ભાષાને કારણે કેટલાક વિદ્વાનો એમ માને છે કે આ સૂકત ઋગ્વેદના તદ્ન અંતિમ તબકકામાં, કદાચ ઉપનિષદો રચાયા પછી, રચાયું હોવું જોઈએ.

આ સૂકતમાં

" कस्मै देवाय हविषा विघेम "

એવું જે વાકય આવે છે તેણે પણ ચર્ચા જગાડી છે. પશ્ચિમના વિદ્વાનો ' कस्मै ' શબ્દને પ્રશ્નવાચક સર્વનામ તરીકે જુએ છે. અને આ કારણે તેઓ ' કયા દેવને હવિષ્યાન્ન વડે યજીએ ? આવો અર્થ કરે છે. સ્કોડર આ પ્રમાણે લખે છે.

**‘ With deep longing the Poet seeks and Searches aiter thet God, who, being the beginning of the world and the first germ and the sheper of all life, reveals himself all over in nature. He sees The divinity in its Manitestation new here, now, there, now elsewhere and again and again he always asks doubting, seeking and longing Who is this god to whom we present our offering ? (8)**

આમ સ્કોડરના મત મુજબ આ સૂકતના ઋષિ, ઊંડા તલસાટ પૂર્વક જાણવા ઈચ્છે છે કે આ સમગ્ર જગતની શરૂઆત કરનારા, પ્રથમ જીવાત્મા, તમામ ચેતન સૃષ્ટિના સર્જક, જે સમગ્ર સૃષ્ટિ દ્વારા વ્યકત થઈ રહ્યા છે તે ખરેખર

કોણ છે ? ઋષિ તેનાં (પરમાત્માનાં) વ્યકત સ્વરૂપો, પહાડો, સાગરો, નદીઓ, માનવો, પશુ. પક્ષીઓ, સૂર્ય આકાશ વગેરે જુએ છે પણ તેનો તલસાટ તે જાણવાનો છે કે આ સર્વની પાછળ રહેલા દેવ કોણ છે ? આમ પશ્ચિમના વિદ્વાનો અને કેટલાક ભારતીયો પણ શબ્દને પ્રશ્નવાચક સર્વનામ ગાણીને અર્થ કરે છે .

ભારતીય પરંપરા આ અર્થ સ્વીકારતી નથી. ભારતીય ઉપલબ્ધ સાહિત્ય અને પરંપરા મુજબ ઈશ્વર કે બ્રહ્મ (આદિતત્ત્વ) એકલા હતા.

अेकाकी न रमते ।

स कामयत ।

अहम् बहुस्याम ।

ઈશ્વરને એકાકીપણું ગમ્યું નહીં. તેણે કામના કરી હું બહુરૂપે વ્યકત થાઉ. આમ તે (ઈશ્વર) હિરણ્યગર્ભ પ્રજાપતિ તરીકે વ્યકત થયા, તેમણે કામના કરી તેથી તે 'ક' પ્રજાપતિ તરીકે ઓળખાયા. બીજી રીતે તેમ સમજાવાય છે કે ગણિતમાં જેમ અજ્ઞાતરાશિને (અંક્ષ) તરીકે વર્ણવાય છે તેમ અહીં આ સૂકતમાં આ દેવને મૂળાક્ષરના પ્રથમ અક્ષર 'ક' થી ઓળખાવ્યા છે. ટૂંકમાં ભારતીયા પરંપરા પ્રમાણે પ્રશ્નાર્થ નથી. પણ ' कस्मै ' એટલે 'क' નામના પ્રજાપતિને અમે હવિષ્યાન્નથી યજીએ તેવો અર્થ લેવાનો છે.

બેમાંથી ગમે તે અર્થ લઈએ (પ્રશ્નાર્થ કે વિધેયાર્થ) મૂળ લક્ષ્યાર્થ તો એક જ રહે છે.

આવા કોઈ એક દેવે સમગ્ર સૃષ્ટિનું સર્જન કર્યુ છે અને તે માનવોના અને સર્વ દેવોના પણ સ્વામી છે. આ રીતે આ સૂકતમાં પણ એકશ્વરવાદ સરસ રીતે વ્યકત થયેલો જોઈ શકાય છે. ભાષાલાલિત્યની દષ્ટિએ અને છંદોલયની દષ્ટિએ આ સૂકત સરસ છે, મધુર છે, ગેય છે કંઠસ્થ કરીને ગાવા જેવું છે.

આ સૂકતના ઋષિ હિરણ્યગર્ભ પ્રજાપત્ય છે. એટલે કે પ્રજાપતિના પુત્ર હિરણ્યગર્ભ આ ઋષિ વિષે આથી વિશેષ કોઈ વિગત જાણવા મળતી નથી. ઋગ્વેદનાં દસમાં મંડળમાં આ રીતે દેવ અને ઋષિનાં નામ સમાન હોય તેવું બીજે ચાર સ્થળે પણ જોવા મળ્યું છે.

(૧) દેવતા વિશ્વકર્મા, ઋષિ વિશ્વકર્મા ભૌવન :

(૨) દેવતા યમ વૈવસ્વત, ઋષિ યમ વૈવસ્વત :

(૩) દેવતા મન્યુ, ઋષિ મન્યુ તાપસઃ અને

(૪) દેવતા સૂર્યા–વિવાદ (લગ્ન પ્રસંગનું વર્ણન) ઋષિ સૂર્યા સાવિત્રાં

કદાચ એવું પણ હોઈ શકે કે ઋષિના નામ નહીં મળવાથી સૂકતના આધારે દેવનું નામ જ ઋષિ તરીકે પણ ગણાવ્યું હોય.

हिरण्मगर्भः समवर्तताग्रे भूतस्य जातः पतिरेक आसीत् ।
स दाद्यार पृथिवीं द्यामुतेमां कस्मै देवाय हविषा विद्येम् ।।

આ સૃષ્ટિનું સર્જન થયું તે પહેલાં હિરણ્યગર્ભ થયા હતા (જન્મ્યા હતા) તે જન્મતાની સાથે જ સર્વ પ્રાણીઓના (સજીવ સૃષ્ટિના) એક માત્ર પતિ (પાલક ઈશ્વર) થયા. તેઓએ આ પૃથ્વી અને ધૌને ધારણ કર્યા. તે 'ક' દેવની અમે હવિષ્યાન્ન વડે પરિચર્યા કરીએ. (અથવા આવા સર્જનહાર દેવ કોણ છે ? જેની અમે હવિષ્યાન્ન વડે પરિચર્યા કરીએ.)

य आत्मादा बलदा यस्य विश्व उपासते प्रशिषं यस्य देवाः ।
यस्यच्छायामृतं यस्य मृत्युः कस्मै देवाय हविषा विद्येम् ।।

જે પ્રાણના અને સામર્થ્યના દાતા છે, આ સમગ્ર વિશ્વ (મનુષ્યો અને બીજાં પ્રાણીઓ) અને દેવો જેનાં શાસન નીચે કાર્ય કરે છે. મૃત્યુ

**અને અમરતા બંને જેની છાયા છે તેવા 'ક' દેવની અમે હવિષ્યાન્ન વડે પરિચર્યા કરીએ.**

यः प्राणतो निमिषतो महित्वैक इन्द्राजा जगतो बभूव ।
य ईश अस्य द्धिपदश्चतुष्पदः कस्मैं देवाय हविषा विद्येम ।।

**અહીં જે કાંઈ સજીવ પ્રાણીઓ છે, જે શ્વાસ લે છે અને પાપણો પટપટાવે છે (જુએ છે) તે બધાં સજીવ પ્રાણીઓના તે જ એક રાજા પોતાના મહિમાથી (પ્રભાવથી) થયા. તે બધા માનવોના અને પશુ–પક્ષીઓના ઈશ છે. તે 'ક' દેવની અમે હવિષ્યાન્ન વડે પરિચર્યા કરીએ.**

यस्यमे हिमयन्तो महित्वा यस्य समुद्रं रसया सहाहुः ।
यस्येमाः प्रदिशो बाहू कस्मै देवाय हविषा विद्येम ।।

**અહીં આ ઋચામાં** पदिश **શબ્દનો અર્થ ચારેય દિશાઓ અને ચારેય ખૂણાઓ એટલે કે ચોતરફ તેવો છે. આ પૃથ્વી ઉપરના હિમવાળા પર્વતો એનો (પ્રજાપતિ દેવનો) મહિમા છે. એ જ રીતે નદીઓ સાથેના આ સમુદ્રો પણ તેનો મહિમા છે. આ બધી દિશાઓ, પ્રદિશાઓ તેની ભુજાઓ રૂપે તેનો મહિમા છે, આમ વિદ્વાનો કહે છે તે 'ક' દેવની અમે હવિષ્યાન્ન વડે પરિચર્યા કરીએ.**

येन धौरुगृा पृथिवी च द्रूळहा येन स्वः स्तभितं येन नाकः ।
यो अन्तरिक्षे रजसो विमानः कस्मै देवाय हविषाः विधम ।।

**જેણે ધૌને (સ્વર્ગને) ગહન, વિશાળ બનાવ્યું, જેણે પૃથ્વીને દઢ (સ્થિર) કરી, જેણે સ્વર્ગને (આકાશ) અને સૂર્યને (ઉપર) સ્તંભિત કર્યા, જેણે અંતરિક્ષમાં જળનું નિર્માણ કર્યુ તે 'ક' દેવની અમે હવિષ્યાન્ન વડે પરિચર્યા કરીએ.**

यं कन्द्रसी अवसा तस्तभाने अभ्येक्षेतां मनसा रजमाने ।
यत्राधि सूर उद्गितो विभाति कस्मै देवाय हविषा विधेम ।।

**જેણે (લોકોના) રક્ષણ માટે, શોભાયમાન એવા, ઘૌ અને પૃથ્વીને સ્થિર કર્યા એ પ્રજાપતિને મનથી બુદ્ધિપૂર્વક, ઘૌં અને પૃથ્વીની મહત્તા આ પ્રજાપતિને કારણે છે તે સમજથી જુઓ. જેના આધારથી સૂર્ય ઊગીને પ્રકાશ છે તે 'ક' દેવની અમે હવિષ્યાન્ન વડે પરિચર્યા કરીએ.**

आपो ह यदबृहतीर्विश्वमायन्गर्भ दधाना जनयन्तीरग्निम् ।
ततो देवाना समवर्ततासुरेकः कस्मै देवाय हविषा विधेम ।।

**જેણે સમસ્ત પ્રાણીજગતનુ એટલે કે સજીવ સૃષ્ટિને જન્મ આપવાના હેતુથી ગર્ભરૂપે ઘારણ કર્યા છે તેવા મહાન આપ દેવો સમગ્ર જગતને વ્યાપ્ત કરીને રહ્યા હતા. તે આપમાંથી એક અને અદ્વિતીય એવા દેવો વગેરે સૌ ચેતનોના પ્રાણ સ્વરૂપ પ્રજાપતિ ઉત્પન્ન થયા. એવા પ્રજાપતિ 'ક' દેવની અમે હવિષ્યાન્ન વડે પરિચર્યા કરીએ.**

पश्चिदापो महिना पर्यपश्यदक्ष दधाना जनयन्तीर्यज्ञम् ।
यो देवेष्वधि देव अेक आसीत् कस्मै देवाय हविषा विधेम ।।

**જે આપ દેવોએ પ્રાણી જગતને જન્મ આપવાના હેતુથી પ્રજાપતિને ગર્ભરૂપે ઘારણ કર્યા હતા તે આપ દેવીના મહિમાને આ પ્રજાપતિએ ચો તરફથી જોયો. જે દેવોની વચ્ચે, દેવોનાં પણ દેવ તરીકે, એક અને અદ્વિતીય હતા તેવા 'ક' દેવની અમે હવિષ્યાન્ન વડે પરિચર્યા કરીએ.**

मा नो हिंसाज्जनिता यः पृथिव्या यो वा दिवं सत्यधर्मा जजान।
यश्चायश्चन्दा ब्रहतीर्जजान कस्मै देवाय हविषा विधेम् ।।

જે સત્યધર્મા પ્રજાપતિ પૃથ્વીના જનક (સર્જક) છે, જેણે સ્વર્ગને જન્મ આપ્યો છે, જેણે વિપુલ અને આહ્લાદક (શિતળ) જળને જન્મ આપ્યો છે તે પ્રજાપતિ અમારી હિંસા ન કરો. અમને આપત્તિકારક ન બનો. 'ક' દેવની અમે હવિષ્યાન્ન વડે પરિચર્યા કરીએ.

प्रजापते न त्वदेतान्यन्यो विश्वा जातानि परि ता बभूव ।
यत्कामास्ते जुहुमस्तन्नो अस्तु वये स्याम पतयो रयीजाम् ।।

હે પ્રજાપતિ તમારા સિવાય બીજું કોઈ આ સર્વ જન્મનારા પ્રાણીઓને (સમગ્ર સૃષ્ટિને) વ્યાપીને રહ્યું નથી અમે, ફળની કામનાવાળા, તમારુ યજન કરીએ છીએ. અમારી કામના પ્રમાણેનું ફળ અમને મળો. અમે સંપત્તિના સ્વામી થઈએ.

## 2.2.2 નાસદીય સૂકત :–

ઋગ્વેદનાં સૂકતોમાં સંવાદ પણ છે. દા.ત. પુરુરવા અને ઉર્વશી વચ્ચેનો કે યમ અને યમી વચ્ચેનો સંવાદ. આ સંવાદો યજ્ઞપ્રસંગે બોલવામાં આવતા હશે. તેમાં નાટયકલાનું મૂળ છે તેમ માનવામાં આવે છે. સૂર્યાના વિવાહ સમયનું સૂકત કે પુરુષસૂકત પણ ખૂબ રસપ્રદ છે. એક જગ્યાએ ઋષિ વસિષ્ઠે દેડકાઓનું પણ સરસ સજીવ વર્ણન કર્યુ છે. જેમ શિષ્ય ગુરુનું અનુકરકરણ કરે છે તેમ આ દેડકાઓ એકબીજાના શબ્દનું અનુકરણ કરે છે. અતિરાત્ર નામના સોમયજ્ઞમાં હોતા જેમ બોલે તેમ ધ્વનિ કરતા દેડકાઓ ભરેલા તળાવમાં નિવાસ કરો.

ઋગ્વેદનું નાસદીય સૂકત ખૂબ સરસ છે. ત્યારે અસત્ પણ ન હતું, સત્ય પણ ન હતું પૃથ્વી અને આકાશ પણ ન હતાં. આકાશમાં સ્થિત લોક પણ ન હતા ત્યારે અહીં કોણ રહેતું હતું ? બ્રહ્માંડ કયાં હતું? ગંભીર જળ પણ કયાં હતું

? ત્યારે અમરત્વ અને મૃતત્વ પણ ન હતો. રાત્રિદિવસ પણ ન હતો. વાયુથી શૂન્ય અને આત્માના અવલંબથી શ્વાસ પ્રશ્વાસવાળા બ્રહ્મ એક જ હતા. તેના સિવાય બધું જ શૂન્ય. સૃષ્ટિનો રચનાની પહેલાં બધું જ અંધકારથી આવૃત્ત હતું  અજ્ઞાત બધી બાજુ પાણી જ પાણી. તે પૂર્વવ્યાપ્ત બ્રહ્મ અવિદ્યમાન પદાર્થથી આચ્છાદિત. તે એક જ તત્ત્વ તપના પ્રભાવનો તપના પ્રભાવથી વિદ્યમાન હતું. તે બ્રહ્મે સૌં પહેલાં સૃષ્ટિ રચવાની ઈચ્છા કરી. તેમાંથી પ્રથમ બીજ પ્રગટ થયું. પછી બીજ ધારણ કર્તા પુરુષની ઉત્પત્તિ થઈ. આ સૃષ્ટિની ઉત્પત્તિનું કારણ શું? દેવ પણ આ સૃષ્ટિ પછી ઉત્પન્ન થયા ત્યારે કોણે જાણ્યું આ સૃષ્ટિ કયાંથી ઉત્પન્ન થઈ, વિભિન્ન સૃષ્ટિઓ કોણે રચી, કેવી રીતે રચી ? જે આ સૃષ્ટિઓનો સ્વામી છે, દિવ્યધામમાં વસે છે, તે જ આ રચનાને જાણે છે. અંભવ છે કે તેને પણ આ ખબર ન હોય (૧)

એક પવિત્ર સાહિત્યના પ્રકાર તરીકે વૈદિક સૂકતોને સારી રીતે સમજવાનું ખાસ મહત્ત્વ એ છે કે આપણે ભારતીય મન પર શાસન કરનારા પ્રધાન વિચારોની મૌલિક આકૃતિ જ માત્ર નહિ,

પરંતુ તેની આધ્યાત્મિક અનુભૂતિના વિશિષ્ટ પ્રકારો, તેનો કલ્પનાનો ઝોક તેની સર્જનશીલ મનોવૃત્તિ અને તેના વિશેષ પ્રકારના અર્થપૂર્ણ રૂપોનું મૂળ સ્વરૂપ, જે દ્વારા તે લગાતાર આત્મદર્શનનું, વસ્તુઓનું, જીવનનું અને વિશ્વનું અર્થઘટન કરતાં, તે જોવામાં સહાયક થાય છે.

## નાસદીય સૂકત :–

ઋગ્વેદના નાસદીય સૂકતમાં સૃષ્ટિ સર્જનનું વિગતે વર્ણન જોવા મળે છે. આ વર્ણન અનેક રીતે આકર્ષક છે. પ્રથમ સત્ પણ ન હતું અને અસત્ પણ ન હતુ ; રજ ન હતું અને વ્યોમ ન હતું. સર્વ ગાઢ અંધકારથી વ્યાપ્ત હતું. ઋષિ પ્રશ્ન પૂછે છે કે તે વખતે જલ હતું? તે વખતે મૃત્યુ ન હતું તેમ અમૃત

પણ ન હતુ ; રાત્રિ ન હતી તેમ દિવસ પણ ન હતો, ફકત એક તત્ત્વ પોતાની શકિતથી જવાત (વાયુ) વિના પ્રાણ લેતું હતું.

આ બધું અંધકારમય હતું, બધું જલ હતું, આરંભમાં મનના પ્રથમ કાર્ય રૂપે કામનો આવિર્ભાવ થયો અને ઋષિઓએ પોતાના હૃદયમાં જ અસત્‌ને સત્‌ના કારણ તરીકે શોધી કાઢયું. છેલ્લા મંત્રમાં ૭ ઋષિ બહુ જ સ્પષ્ટતાથી કહે છે કે જે તત્ત્વમાંથી આ જગત ઉત્પન્ન થયું છે તેણે તેનું તત્ત્વ ધારણ કર્યુ છે કે નહિ, પરમ વ્યોમમાં જે આ જગતનો અધ્યક્ષ છે તે જ ખરેખર આ બધું જાણે છે અથવા તો તે જાણતો નથી.

આ ભાવદત્ત સૂકત વૈદિક તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ બહુ મહત્ત્વનું છે. જગતના આદિ કારણની શોધ કેવી તાર્કિક પધ્ધતિએ કરવામાં આવી છે એ આ ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે. પરમ તત્ત્વની શોધ ઋષિઓ હૃદયમાં કરતા હતા અને વૈદિક કાળમાં પણ હૃદયને મનનું ચિંતનનું સ્થાન માનવામાં આવતં હતું, એ વાત આપણું ધ્યાન ખેંચે છે. તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ આ સૂકત વધારે અગત્યનું છે, કારણ કે તેમાં અજ્ઞેયાદનું દર્શન થાય છે. અને વિચારો ચોકકસ ભાષામાં મૂકવાનો પ્રથમ પ્રયાસ દેખાય છે, જો કે અત્યારે તેમાં અસ્પષ્ટતા ઘણી રહે છે........ અજ્ઞેપતાનો આવો સરળ સ્વીકાર ઉત્તરકાળમાં દુર્લભ બને છે. ઋષિને સૃષ્ટિ જોઈ એટલો બધો આદર થાય છે કે આનું રહસ્થ કોણ કળી શકે ? ઈશ્વર કે પછી તે પણ નહિ ? સત્ ન હતું, અસત્ ન હતું આ પંકિત એમ સૂચવે છે કે જે હતું તેને માટે યોગ્ય શબ્દ આપણી પાસે નથી...... આ તત્ત્વ સત્, અસત્, મૃત અમૃત વગેરે દ્રન્દ્રોથી પર છે. એનાથી પર કાંઈ જ નથી. 'તે છે' એટલું જ આપણે તેના વિષે કહી શકીએ.

સર્વથી મહત્ત્વની વાત તો એ છે કે, ઋષિ પરમતત્ત્વની ચર્ચામાં પોતાને શંકા રહે છે એ પ્રમાણે મુકત કંઠે સ્વીકાર કરે છે. તત્ત્વ ચિંતનમાં શંકા કરવાની વૃત્તિ અતિ આવશ્યક છે. શંકાની કસોટી પર તત્ત્વજ્ઞાનની પરીક્ષા

થાય છે. વૈદિક ઋષિઓની આ શંકાશીલ વૃત્તિ પછીના ભારતીય તત્ત્વજ્ઞાનના ઈતિહાસમાં જોવામાં આવતી નથી અને એક જ પ્રકારના માર્ગે વિચારોનો પ્રવાહ ચાલ્યા કરે છે. આ રીતે વૈદિક કાળનો તત્ત્વચિંતક પાશ્ચાત્ય તત્ત્વચિંતકો જેવા કે દેકાર્ત, હયુમ વગેરેના જેવો તર્કપ્રધાન બનવાથી આપણા આદરનું પાત્ર બને છે.

ર્ડા. રાધાકૃષ્ણન આ સૂકત સમજાવતાં લખે છે કે નિરૂપાધિક ચૈતન્યમાં 'અહમ્' ભાવના ઉદ્‌ભવે છે, તે જ આત્મા કે આત્મભાવના છે, તરત જ અનાત્મભાવ કે જડભાવ પણ ઉદ્‌ભવે છે. કારણ કે અનાત્મભાવ વગર આત્મભાવની સાર્થકતા નથી. આત્મા અને અનાત્માનો આ વિરોધ અર્થાત્ મૂળ નિરૂપાધિક પરતત્ત્વમાંથી ચેતન અને જડનો ભેદ તપસ્ દ્વારા થાય છે. 'તપસ્' એટલે આગળ ધસવું, સ્વાભાવિક અભિવૃદ્ધિ, સન્માત્રનો વ્યકતદશામાં આવિર્ભાવ નિરૂપાધિક અદ્વૈતમાં રહેલો સહજ આત્મિક ચમત્કાર આ તપસમાંથી સત્, અસત્, આત્મા, અનાત્મા, સક્રિય પુરુષ અને ક્રિયાશૂન્ય પ્રકૃતિ વ્યવસ્થાપક ચેતન અને વ્યવસ્થારહિત જડ ઉદ્‌ભવે છે. ત્યાર પછીની સૃષ્ટિ આ બન્નેના પરસ્પર આઘાત પ્રાત્યાઘાતથી ઉત્પન્ન થાય છે. આ સૂકત પ્રમાણે જગતના અસ્તિત્વનું રહસ્ય કામ એટલે ઈચ્છા છે. કામ એટલે આત્મભાનનું ચિંહન, મનનું બીજ મનસઃ રેતઃ ઋગ્વેદમાં મનસ્ શબ્દ પ્રત્યગાત્મા કે જીવના અર્થમાં વપરાયો હોય એમ લાગે છે. અહીં 'ઈશ્વરનો આત્મા' એવો અર્થ કહી શકાય.

પ્રા.હિરિયાણણા કહે છે કે આ સૂકતમાં આપણને અદ્વૈતવાદી વિચારનો અર્ક મળી રહે છે. જગતને જ ઈશ્વરરૂપ માનનાર વિચારકથી આ સૂકતનો તત્ત્વદર્શી કવિ જુદો પડે છે. તે કાર્ય કારણના અવિચ્છેદ્ય સંબંધને તેમજ પ્રકૃતિની એકતાને માને છે..... વળી તેનું સ્વરૂપ કેવું હશે તેની પણ તે ચર્ચા કરે છે. તેના દાર્શનિક મહત્ત્વની લીધે આ સૂકત વિશ્વસાહિત્યમાં સ્થાન પામી ચૂકયું છે.

## 2.3 ઉપનિષદમાં બ્રહ્મતત્ત્વ :–

આ વિશ્વનું અંતિમ સત્ શું છે એ વિચાર તત્ત્વજ્ઞાનનો કેન્દ્રરૂપ વિચાર છે. આ પ્રશ્નની દિશામાં માનવમન દ્વારા થયેલા અનેક પ્રયત્નો અંતિમ સતા વિશે અલગ અલગ મુદ્દાઓ સમજાવે છે. વિવિધ ઉપનિષદો અંતિમ સત્તા અંગે જુદી જુદી પધ્ધતિઓથી જે મંતવ્યો દર્શાવે છે. તેનો વિચાર અત્યંત રસપ્રદ અને પ્રેરક છે. ઉપનિષદો અધ્યાત્મની પ્રયોગભૂમિ સમાં છે. સત્યની શોધ માટેના સન્નિષ્ઠ પ્રયાસો કરનાર ઋષિઓ કે દ્રષ્ટીઓ પોતાનાં અનુભવોનાં તારણો કે નોંધ રજૂ કરે છે. અલગ અલગ તારણોમાં વિચારનો ક્રમિક–વિકાસ પણ જોઈ શકાય છે.

ભારતીય પરંપરા પ્રારંભથી ધર્મ અને તત્ત્વજ્ઞાન અંગે જે દષ્ટિબિંદુ ધરાવે છે, તેનો પડઘો ઉપનિષદોમાં પણ બહુ સ્પષ્ટ રીતે સાંભળી શકાય છે. સત્તા અંગેની માત્ર સુસંગત કલ્પના જે બુદ્ધિનાં ધોરણોને સ્વીકાર્ય હોય, તે મેળવવામાં ભારતીય ચિંતકને કોઈ રુચિ નથી, 'જાણવું' માત્ર જાણવા ખાતર જ અહીં કયારેય અપનાવાયું નથી. 'જાણવું' જીવવાનું હોય છે. સત્તાની સુસંગત કલ્પનાઓ એને જો તત્ત્વજ્ઞાન ગણીએ તો એનો પ્રાપ્તિનો માર્ગ એ ધર્મ છે. ઉપનિષદોએ આ બન્નેને કદી એકબીજાથી જુદાં ધાર્યા નથી અને એટલે જ 'દર્શન' શબ્દમાં એ બન્નેનો સમાવેશ થઈ જાય છે. આથી 'બ્રહ્મ' અંગેની સમગ્ર વિચારણા માત્ર બૌદ્ધિક સંતોષ માટે કે તર્કની સૂક્ષ્મ રમત માટે નથી. એ જીવનમાં પામવાનો –પામીને જીવવાનો વિચાર છે. એ વાત આપણે સતત યાદ રાખવી રહેશે. (૯)

### બ્રહ્મતત્ત્વ :–

માત્ર ઉપનિષદોમાં જ બ્રહ્મવિચારણા છે એવું નથી. ઋગ્વેદ સંહિતામાં ' અધ્યાત્મજ્ઞાનની નકકર અભિવ્યકિત કરતા પવિત્ર મંત્ર' તરીકે બ્રહ્મને ઓળખવવામાં આવ્યું છે. ક્રમશઃ 'બ્રહ્મ' પ્રર્થાનાની શકિત ગણાવા લાગે છે. બ્રહ્મમાં

કોઈ રહસ્યમય શકિત છે અને તે જે વસ્તુનું સૂચન કરતું હોય તેનું હાર્દ ધરાવે છે. બ્રાહ્મણગ્રંથો કર્મકાંડ સાથે એક સર્વશકિતમાન સત્તારૂપે બ્રહ્મને વર્ણવે છે. (૧૦)

પ્રાર્થનાની શકિત, વ્યકિતમાં આત્મવિશ્વાસ અને શ્રદ્ધાના ભાવો જગાવે છે. Auto – euggestion એટલે કે આત્મસૂચનનો પ્રક્રિયાથી અજાણ વ્યકિત

બ્રહ્મમાં જ આ રહસ્યમય શકિતનું આરોપણ કરે અને પછી બ્રાહ્મણગ્રંથો પોતાની વિવિધ ક્રિયાવિધિઓમાં પણ એ બ્રહ્મની જ શકિત સિદ્ધિ અપાવે છે. એમ માને તે તદ્દ્ન સ્વાભાવિક છે. શતપથ બ્રાહ્મણ તો કહે છે કે બ્રહ્મ જેટલું પ્રાચીન અને તેજોમય બીજું કાંઈ જ નથી. એ જ રીતે 'બ્રહ્મ' અને 'વેદ' ને પણ સમાનાર્થી ગણાવ્યા છે. બ્રહ્મભાવના સતત વિકાસ પામતી રહી છે અને નવીન સંદર્ભોમાં નવીન અર્થો ઘારણ કરતી રહી છે. એ બાબત આથી સ્પષ્ટ થશે.

માંડૂકય ઉપનિષદ્ ઓમકારનો મહિમા ગાય છે અને ચતુષ્પાદ સત્તાનું નિરૂપણ કરે છે. બ્રહ્મનાં ચાર પાદ છે એમાં સત્તાની કક્ષાનો વિચાર નથી. આ ચાર પાદ એટલે બ્રહ્મ, ઈશ્વર, હિરણ્યગર્ભ અને વિરાજ, આમાનું કોઈ બીજા કરતાં ચડિયાતું કે ઉતરતું નથી. ડાઁ.રાધાકૃષ્ણન્_જણાવે છે કે તાર્કિક રીતે, પ્રથમએ બીજાનું પૂર્વગામી છે એમ ગણીએ તો દૈવી સર્જકતા પહેલાં પોતાની તમામ શકયતાઓ સાથેનું પૂર્ણત્વ હોવું જોઈએ. એ જ રીતે તે જગતનું પૂર્વગામી બને છે. આ દષ્ટિએ સત્તાનાં ચાર પાસાં છે (૧) પૂર્ણ બ્રહ્મ (૨) સર્જક સત્તા (ઈશ્વર) (૩) વિશ્વાત્મા (હિરણ્યગર્ભ) અને (૪) જગત. (૧૧)

સત્તા અંગેની ઉપનિષદોની સમગ્ર વિચારણાને શ્રી રાનડે ત્રિવિધ ગણાવે છે. (૧૨)

આ વાત સમજાવતાં તેઓ એડવર્ડ કેર્ડના ના Evolution of Religion નો આધાર લે છે. ડો. કેર્ડ અનુસાર માનવમનનાં બંધારણને લીધે જ, માનવી સમક્ષ વિચારણાના ત્રણ માર્ગો ખુલ્લા હોય છે. સૌ પ્રથમ માનવી પોતાની

આસપાસ જગત તરફ તુએ છે. એ પછી તે પોતાની ભીતર જુએ છે. અંતે તે બાહ્ય અને આંતર દ્રષ્ટિઓને સમન્વિત કરે એવી સર્વોપરિ સત્તા તરફ જુએ છે. વળી, તેઓ લખે છે, " માનવી આંતર દર્શન કરે એ પહેલાં તે બાહ્ય જગતમાં દષ્ટિ નાખે છે અને ઉર્ધ્વમાં દષ્ટિ કરે એ પહેલાં, તે આંતરદર્શન કરે છે " ઘર્મનો વિકાસ જે તબકકાઓ દર્શાવે છે તે તાર્કિક દષ્ટિએ એકબીજાના પૂર્વગામી હોય છે : એ તબકકાઓને ઘર્મનો ઈતિહાસ ગણવાની કે ઐતિહાસિક વિકાસ ગણવાની ભૂલ આપણે ન કરવી જોઈએ. ઘર્મના તત્ત્વજ્ઞાનનો પ્રત્યેક અભ્યાસી આ વાત સારી રીતે જાણે છે. આ સ્પષ્ટતા એટલા માટે જરૂરી બને છે કે ઉપનિષદોમાં સત્તા અંગેની ત્રિવિધ વિચારણાને આપણે તાર્કિક ક્રમ પ્રમાણે સમજવાનો છે. સૌપ્રથમ ઉપનિષદોમાં વિશ્વનિર્માણમીમાંસાની દૃષ્ટિ (Cosmological Approach) જોવા મળે છે.

ત્યારબાદ ઈશ્વરવિધાની દૃષ્ટિ (Theological Approach) અને અંતે મનોવૈજ્ઞાનિક દૃષ્ટિ (Psychological Approach) ડૉ.કોર્ડે વર્ણવેલા ક્રમ કરતાં અહીં બીજા અને ત્રીજા તબકકાઓનો હાર્દ આત્માને અંતિમ સત્તા ગણવામાં રહેલું છે. આ જ સંદર્ભમાં ઉપનિષદો આત્મા અને બ્રહ્મની એકતાની વાત કરે છે. આથી ઉપનિષદોમાં ઉર્ધ્વસત્તામાં બાહ્ય–આંતરનો સમન્વય થતો નથી. પરંતુ આંતર્સત્તામાં બર્હિમુખ અને ઉર્ધ્વગામી દૃષ્ટિઓ પરિણત થાય છે.

હેગલના ત્રિવિધ વિકાસને પણ સહેજે ઐતિહાસિક માની તેના ક્રમમાં નિશ્ચિતતા હોવાનું આપણે કહીએ છીએ. પરંતુ ઉપનિષદોમાં જે સ્પષ્ટ પણે દેખાય છે, તે હેગલને પણ અભિપ્રેત હતું આથી જ હેગલ આ તબકકાઓને તાર્કિક પૂર્વગામીઓ તરીકે ઓળખાવે છે.

ડૉ.રાનડેના આ ત્રિવિધ દષ્ટિબિંદુને જ આપણી બ્રહ્મતત્ત્વ અંગેની વિચારણામાં આપણે અનુસરીશું તેનો સૌથી મોટો લાભ એ છે કે બ્રહ્મતત્ત્વ અંગેના ઉપનિષદોના તમામ ઉચ્ચારણોનું તે એક સર્વસ્પર્શી વર્ગીકરણ બની જાય

છે. એને અનુસરવામાં ઉપનિષદોના આ અંગેના તમામ વિચારોનું વિહંગાવલોકન પણ થઈ શકશે.

એક સ્પષ્ટતા કરી લઈએ કે ઉપનિષદોમાં વિશ્વ–નિર્માણમીમાસાની દૃષ્ટિએ જે વિચાર કરવામાં આવ્યો છે તેમાં પણ આત્માવિષયક દૃષ્ટિબિંદુ આધાર રૂપે પહેલાંથી જ સ્વીકારેલું જોવા મળે છે. વિશ્વનિર્માણમીમાંસા એ બ્રહ્મની બહિરલક્ષી શોધનું પ્રતીક છે. એમ સમજવાનું નથી કે ઉપનિષદોએ પ્રથમ બાહ્ય જગતમાં અંતિમ સત્તા શોધવાનો પ્રયાસ કર્યો અને એ પ્રયાસ સફળ ન થતાં તેઓ અંતરર્મુખી બન્યા. ઉપનિષદો અધ્યાત્મર્દષ્ટિને પ્રથમથી જ વરેલાં છે, આથી આત્માની સર્વોત્પરિતાનો વિચાર પ્રારંભથી જ સ્વીકારાયેલો જણાય છે. છાંદોગ્ય ઉપનિષદનો આ સંદર્ભમાં વિચાર કરીએ. તેના સાતમા અને આઠમાં અધ્યાયોમાં સનત્કુમાર અને નારદના સંવાદમાં બ્રહ્મતત્ત્વ વિશે વિચારયું છે. પરંતુ આ પહેલાં આજ ઉપનિષદના ત્રીજા અધ્યાયમાં આત્મા વિશે કહેવામાં આવ્યું છે કે આપણા હૃદયમાં બિરાજ તો આત્મા ચોખાનો દાણો, જવ, સરસવ, વગેરેથી પણ સૂક્ષ્મ છે.

સાથોસાથ, એ જ આત્મા પૃથ્વી, અંતરિક્ષ, સ્વર્ગ અને અન્ય સૌ લોકથી મહાન એટલે કે અનંત છે. સર્વ કર્મ–કામ–ગંધ–રસવાળો, સર્વમાં વ્યાપ્ત, વાણી અને સંભૂમરહિત એ જ અંતરાત્મા છે. (૧૩)

કેનોપનિષદ્ના ત્રીજા અધ્યાયમાં અસુરો પર વિજય મેળવી ગર્વયુકત બનેલા દેવોની વાત પણ આ સંદર્ભમાં વિચારવા જેવી છે. દેવોએ જયારે એમ માન્યું કે તેમની સ્વશકિતથી તેઓ વિજેતા બન્યા હતા ત્યારે કોઈ વિચિત્ર રૂપે પ્રગટ થયેલ બ્રહ્મે ક્રમશઃ અગ્નિ, વાયુ અને આકાશના દેવ ઈન્દ્ર સમક્ષ ઘાસનું તણખલું મૂકયું અને એને હટાવી આપવા કહ્યું બધા દેવો શકિત– સંપન્ન છતાં એ તણખલું હટાવી નથી શકતા ત્યારે હિમવાનની પુત્રી ઉમા દેવોને એ વિચિત્ર તત્વની બ્રહ્મ તરીકે ઓળખાણ આપે છે અને એજ સમસ્તનો આધાર છે તથા તેની જ

શકિતથી પ્રાણીઓ, મનુષ્યો અને દેવો પણ વિવિધ ક્રિયાઓ કરે છે, એવું કહે છે. આ રૂપક પણ અગ્નિ, વાયુ અને આકાશ જેવાં વૈશ્વિક તત્ત્વો કરતાં બ્રહ્મની સર્વોપરિતા પ્રગટ કરે છે. બ્રહ્મની શકિતને લીધે જે અગ્નિ પ્રકાશે છે, વાયુ વાય છે અને આકાશ શબ્દને પ્રતિધ્વનિત કરે છે. આકાશથી પણ એ વ્યાપક છે. સૂર્ય, ચંદ્ર, તારાઓ આ બધું એ બ્રહ્મના જ પ્રકાશથી પ્રકાશે છે. તે સમસ્ત વિશ્વના આધારરૂપ શકિત તરીકે અહીં રજૂ થાય છે. છાંદોગ્ય ઉપનિષદ્ અનુસાર 'ज्जलान् 'એ સંક્ષિપ્ત સૂત્ર અનુસાર ઉપનિષદો પુનઃ ભારપૂર્વક એમ સમજાવે છે કે એ બ્રહ્મમાંથી જ આ સમગ્ર વિશ્વ ઉદભવેછે. તેનામાં જ વિશ્વ વિસ્તાર પામી ટકે છે. અને અંતે તેનામાં જ લય પણ પામે છે. આમ બ્રહ્મ એ શાશ્વત કાલીન તત્ત્વ બને છે. ઉદ્ભવ અને વિસર્જન પામતા જગતના વિવિધ પદાર્થોની પહેલાં પણ તે હતું અને જયારે એ પદાર્થો નહિ હોય ત્યારે પણ એ હશે.

આ રીતે વિશ્વનિર્માણમીમાંસાની બહિર્લક્ષી દૃષ્ટિથી બ્રહ્મવિષયક વિચારણા આપણે જોઈ.

## ઈશ્વરવાદી દૃષ્ટિબિંદુ : –

ઉપનિષદોએ અંતિમ સત્તા અંગે કરેલી વિચારણા ઈશ્વરવાદી દ્રષ્ટિબિંદુથી વિચારતાં પહેલાં ઈશ્વરવાદનો અર્થ અને એ ઉપનિષદોની વિચારણાને કઈ લાગુ પાડી શકાય છે, એ અંગે આપણે વિચારવું પડશે.

ઉપનિષદોમાં ઈશ્વરના વ્યકિતત્વ પર જરૂરી એવો ભાર મૂકયાં નથી. અલબત્ત, જયારે ઈશ્વરવાદ વ્યકિતત્વસંપન્ન ઈશ્વરની કલ્પના કરે છે. ત્યારે ઈશ્વરને માનવી જેવું વ્યકિતતા હોય એવી અપેક્ષા રખાતી નથી, પરંતુ દૈવી વ્યકિતત્ત્વ હજારો હાથ, મસ્તક વગેરે અવયવોવાળું ભલે હોય પણ એ સૃષ્ટિમાં અંતર્હિત તો ન જ હોઈ શકે, વ્યકિતત્ત્વ અને સર્વ–વ્યકતત્ત્વ એક સત્તો રહી શકે નહિ. ઉપનિષદોમાં આપણે ઈશ્વરનું વર્ણન એવી રીતે થતું જોઈએ છીએ

કે તે જગતથી પર અને જગતમાં અંતર્હિત પણ છે. વાસ્તવમાં ઉપનિષદો તત્ત્વદ્રુષ્ટિ તરફ વધારે વળેલાં છે. અવ્યકત– નિરાકાર બ્રહ્મને સ્થાને શ્વેતાશ્વર ઉપનિષદ્ વ્યકત– સાકાર પરમાત્માનું નિરૂપણ કરે છે. તેનું વ્યકિતત્ત્વ અને તેના ગુણો કરતાં તેને દેવો અને સમગ્ર ભૂતસૃષ્ટિના મૂળ તરીકે સર્વવ્યાપી, પ્રથમજ, અગ્નિ, જળ, ઝાડ, પાન વગેરેમાં રહેલો ગણાવાયો છે. (૧૪)

સામાન્યતઃ ઈશ્વરવાદ ભકિતને પ્રેરે છે. ઉપનિષદામાં ધ્યાન, યોગ આદિ સાધનો પર વિશેષ ભાર મુકાય છે. વળી, ભકિતના સંદર્ભમાં તો જીવ અને ઈશ્વરની ભિન્નતા પર વધારે ભાર મુકાય છે. ઈશ્વરવાદના સ્પષ્ટ ઉદાહરણસમું શ્વેતાશ્વર ઉપનિષદ્ આત્મસાક્ષાત્કાર, પ્રણવમંત્રના ઉચ્ચારણ દ્વારા ઈશ્વરનો સાક્ષાત્કાર આદિ બાબતો દર્શાવે છે.

આ પરથી ઉપનિષદોમાં ઈશ્વરવાદી ર્દષ્ટિબિંદુ નિરૂપતી વખતે આપણે વિશ્વનિર્માણમીમાંસાના દષ્ટિબિંદુમાં જોયુ તે મુજબ સત્તાનાં જ બે સ્વરૂપો તરીકે નિર્ગુણ બ્રહ્મ (ઈશ્વર) નિરૂપાયાં છે. તેમને બ્રહ્મની બે કક્ષાઓ ગણવી કે સગુણ બ્રહ્મને ઉતરતી કક્ષાનું ગણવું પણ વાજબી નથી. ઉપનિષદો નિરાકાર સત્તાનું નિરૂપણ કરે છે અને નિરાકાર, અનંત એવું બ્રહ્મ જયારે ઉપાસક કે ધ્યાતાને બુદ્ધિ ગ્રાહ્ય કરવામાં મુશ્કેલ જણાય છે. ત્યારે જ વ્યકત, સાકાર, સગુણની કલ્પના કરવામાં આવે છે. એ કોઈ રીતે નિર્ગુણથી ઊતરતું નથી જ, એવું ઉપનિષદોનું વલણ જણાય છે. આપણે કારણરૂપ, સ્થળ કાળમાં નિબદ્ધ ઈશ્વરને નિર્ગુણ બ્રહ્મથી ઊતરતા સ્થાને મૂકીએ છીએ. વાસ્તવમાં આ બધું પશ્ચાત્ય વિચારણારૂપે ઉદ્‌ભવેલું છે અને ઉપનિષદોને આવું કશું જ અભિપ્રેત જણાતું નથી, એવી સ્પષ્ટ સમજ સાથે હવે ઈશ્વરવાદી દષ્ટિબિંદુનો વિચાર કરીએ.

ઉપનિષદ્દોમાં ઈશ્વરની કલ્પના બ્રહ્મના સમકક્ષ સ્વરૂપ તરીકે જ થયેલી છે.

જેની અભિવ્યકિત કરી શકાય તેને વ્યકિતત્ત્વ ગણવાનું વલણ અહીં જોવા મળે છે. વ્યકિતત્ત્વના ગુણો પર અહીં ભાર મુકાતો ન હોવાથી આ ઈશ્વરી તત્ત્વના નૈતિક પ્રભાવમાં માત્ર તેનો સર્વજ્ઞાતા, સર્વશકિતમતા અને વિશ્વનાં બધાં જ ચેતન–અચેતન તત્ત્વોના નિયામક તરીકેની હસ્તિ ભાગ ભજવે છે. એ ઈશ્વર પોતાનાં કાર્યો દ્વારા જીવોમાં નૈતિક પ્રભાવ અહીં જોવા મળતો નથી.

બૃહદારણ્યક ઉપનિષદ્ વિદગ્ધ શાકલ્ય અને મહર્ષિ યાજ્ઞવલ્કય વચ્ચેના સંવાદમાં દેવોની સંખ્યાનો પ્રશ્ન ચર્ચે છે. યાજ્ઞવલ્કય શાકલ્યની દષ્ટિ ચકાસવા માગે છે. તેથી, દેવો કેટલા છે ? એ પ્રશ્નના ઉત્તરરૂપે યાજ્ઞવલ્કય જુદી જુદી સંખ્યા જણાવે છે. આ ઉત્તરોને શાકલ્ય સાચા માને છે, છતાં ફરી ફરીએ જ પ્રશ્ન પૂછવાનું ચાલુ રાખે છે. અંતે, એક બ્રહ્મરૂપ દેવતા કે ઈશ્વર હોવાનું કહેવાય છે. યાજ્ઞવલ્કય તેને પ્રાણરૂપ કહે છે અને તેંત્રીસ દેવતાઓ એ એક ઈશ્વરનાં વિવિધ પ્રાગટયા રૂપો છે, એમ દર્શાવે છે. આ તેંત્રીસ દેવતાઓ એટલે આઠ વસુઓ, અગિયાર રુદ્રો, બાર આદિત્યો, ઈન્દ્ર અને પ્રજાપતિ.

આ સંવાદમાં ઈશ્વરના એકત્વ પર મુકાયેલા ભારની સાથોસાથ તેંત્રીસ જેટલાં વિવિધ રૂપોમાં તેની અભિવ્યકિત ઈશ્વરના નિશ્ચિત વ્યકિતત્વનો ઈન્કાર કરે છે. પણ આ વ્યાપક તત્ત્વો દ્વારા ઈશ્વરની વ્યાપકતા દર્શાવે છે. અહીં જઈ શકાશે કે ઈશ્વરને સુરેખ વ્યકિતત્ત્વ આપવામાં ઉપનિષદોને રુચિ નથી. કુદરતનાં આ વિવિધ તત્ત્વોની વ્યાપકતા ઈશ્વરને સગુણ રૂપે કલ્પે છે. ધ્યાન અને મનન માટે આ ખ્યાલ સહાયભૂત બને છે. આ જ સ્વરૂપે ઉપનિષદોએ ઈશ્વરની કલ્પના રજૂ કરેલી છે, એમ આપણે સમજવાનું રહેશે. (૧૫)

શ્વેતાશ્વર ઉપનિષદ રુદ્ર કે શિવને વિશ્વના આદિ કારણ રૂપે વિચારી સમગ્ર ઉપનિષદ ચિંતનમાં તદ્દન અનોખી દૃષ્ટિ રજૂ કરે છે. આમ છતાં, બ્રહ્મનો સર્વોપરિતા, આત્મજ્ઞાનનું મહત્ત્વ આદિ અન્ય ઉપનિષદોમાં જોવા મળતા વિચારો અહીં પણ છે જ. અગાઉ દર્શાવ્યું તેમ આ ઉપનિષદ્ ધ્યાન, યોગ આદિ

**સાધનોની મહત્તા વર્ણવે છે. એ સંદર્ભમાં અહીં બ્રહ્મ–ચક્રનો નવીન વિચાર રજૂ થયેલો છે. " સૌનો નિર્વાહ હેતુ, સૌનું આશ્રયસ્થાન એવા આ વ્યાપક બ્રહ્મચક્રમાં આત્મા ભ્રમણ કરે છે. તે પોતાને અને પરમાત્માને પૃથક માને છે અને જયારે તે પરમાત્મા તેને અપનાવે છે**

**ત્યારે તે આત્મા અમૃતત્ત્વ (મોક્ષ) પામે છે. આવો પરમાત્માનો બ્રહ્મરૂપે મહિમા ગવાય છે. તેનામાં જ 'ત્રિવિધા' રહેલી છે તે મકકમ આધારરૂપ અવિનાશી છે. બ્રહ્મને જાણનારાઓ તેમાં રહેલા તત્ત્વને જાણી બ્રહ્મમા લીન બને છે અને જન્મથી મુકત થાય છે.**

सर्वाजीवे सर्वसंस्थे बृहन्ते हंसो भ्राम्यते बहमचक्रे । (૧૬)
पृथगात्मानं प्रेरितारं च मत्वा जुषृस्ततस्तेनामृतत्वमेति ।।
उद्गीतमेतत् परमं तु बहम तस्मिस्त्रायं सुप्रतिष्ढक्षरं व ।
अत्रान्तरं ब्रहमविदो विदित्वा लीना ब्रहमणि तत्परा योनिमुक्ताः ।।

**વળી, " આ પુરૂષને હજાર મસ્તક, હજાર નેત્રો, હજાર પગ છે. પૃથ્વીની તમામ બાજુએ તે વ્યાપેલો છે અને તેનાથી દશ આંગળી વધારે છે આ પુરૂષ જ આ આખું જગત છે જે કંઈ છે અને જે કંઈ થશે તે, તે જ છે તે અમરત્વનો દેવતા છે અને અન્ન દ્વારા જે કાંઈ વૃદ્ધિ પામે છે. તેનો પણ દેવતા છે. "**

सहस्त्रशीर्षा पुरुषाः सहस्त्राक्षः सहस्त्रापात् । (17)
स भूमिम् विश्र्वतो वृत्वा अत्यतिषुत् दशांगुलम् ।।
पुरुष अवेदं सर्व यद्भूतम् यच्च भाव्यम् ।
उतामृतत्वस्येशानो यदन्नेनातिरोहति ।।

હજી આ જ અધ્યાયમાં આ વર્ણન આગળ વધે છે " દરેક દિશાએ તેને હાથપગ છે, દરેક દિશાએ નેત્ર, મસ્તક અને મુખ છે. દરેક દિશાએ કાન છે. તે બધાંને આવરીને રહે છે. તે બધી ઈન્દ્રિયોના ગુણોને પ્રતિબિંબિત કરે છે. છતાં તે તમામ ઈન્દ્રિયો વિનાનો છે. તે સર્વનો સ્વામી અને પ્રભુ, સર્વનો મહાન આશ્રય છે. નવ દ્વારવાળા આ નગરમાં રહેલો આત્મા બાહ્ય જગતમાં લીલા કરે છે, એ સમગ્ર જગતનો નિયામક છે. તમામ સ્થિર અને ગતિમાન વસ્તુઓ તેને આધીન છે.

सर्वतः पाणिपादं तत्सर्वतो क्षिशिरो मुखम् । (18)
सर्वतः श्रतिमल्लाक सर्वमावृत्य तिषुति ।।
सवैन्दियगुणाभासं सर्वेन्दियविवर्जितम् ।
सर्वस्य प्रभुमीशानाम् सर्वस्य शरणं बृहत् ।।
नव द्धारे पुरे देही हंसो लीलायते बहिः ।
वशी सर्वस्य लोकस्य स्थावयस्य चरस्य च ।।

ઈશ્વરવાદી દષ્ટિબિંદુ મુજબ બ્રહ્મતત્ત્વની વિચારણા ઉપનિષદોમાં કેવો આકાર ગ્રહણ કરે છે. તે આપણે જોયું.

## 2.3.1 બૃહદારણ્યમક ઉપનિષદ્માં બ્રહ્મતત્ત્વ

શુકલ યજુવેદની કાણ્વ – શાખાના વાજસેનિય બ્રાહ્મણ – શતપથ બ્રાહ્મણ અંતર્ગત, આ ઉપનિષદ્ છે. બૃહત ( મોટું ) અને આરણ્યક (વન) માં વિકસિત થવાના કારણે 'બૃહદારણ્યક' કહેવામાં આવે છે. એમાં છ અધ્યાય છે તથા પ્રત્યેક અધ્યાયમાં અનેક બ્રાહ્મણ છે. ચોથા અધ્યાયમાં બ્રહ્મને સર્વરૂપ કહીને, એના દ્વારા ચાર વર્ણોના વિકાસનો ઉલ્લેખ છે. બીજા અધ્યાયના પ્રથમ બ્રાહ્મણમાં બ્રહ્મ અને આત્મતત્ત્વને સ્પષ્ટ કરવામાં આવેલ છે. બીજા – ત્રીજા અધ્યાયમાં

પ્રાણોપાસના તથા બ્રહ્મના બે મૂર્ત અને અમૂર્ત રૂપોનું વર્ણન છે. પાંચમાં અધ્યાયમાં વિવિધ રૂપોમાં બ્રહ્મની ઉપાસના સાથે, મનોમય પુરુષ અને વાક્‌ની ઉપાસના પણ કહેવામાં આવેલ છે. ચોથા અધ્યાયમાં યાજ્ઞવલ્કય મૈત્રેયથી સંવાદ પણ બ્રહ્મ તત્ત્વના સંદર્ભમાં કરવામાં આવેલ છે. હવે આપણે બ્રહ્મના ખ્યાલનું વિસ્તાર પૂર્વક નિરૂપણ કરીશું.

એ જ બ્રહ્મણસ્પતિ છે. વાણી જ બ્રહ્મ છે અને પ્રાણ જ વાણીનો સ્વામી છે, એટલા માટે, આ પ્રાણ જ બ્રહ્મણસ્પતિ છે. (૧૯) તે ઉપરાંત એ પુરુષે (પ્રજાપતિએ) મંથન કર્યુ એમણે મુખરૂપી યોનિ અને બંનેયમાં અંદરની બાજુએ રોમ હોતા નથી અને યોનિમાં અંદર રોમ હોતાં નથી. તેથી જે એક–એક દેવતાને માટે યજન કરવા કહે છે, તેઓ એ તથ્યને જાણતા નથી કે, બધા દેવતા એક જ પરમેશ્વરમાં સમાએલા છે અને એ એક જ પરમેશ્વરે સૃષ્ટિની રચના કરી છે. જે પણ દ્રવ પદાર્થ છે, એ વીર્ય ઉત્પન્ન સોમ છે.

અવશ્ય સોમ જ  અગ્નિ અને અન્ન વગેરેનો ઉપભોગ કરનાર છે. પરબ્રહ્મની આ મહાન રચના છે. આ બ્રહ્માની મહાન સૃષ્ટિ જ છે કે, એમણે અમરત્વ પ્રાપ્ત દેવતાઓનું સર્જન કર્યુ – જાતે મર્ત્ય થઈને, અમૃતોનું નિર્માણ કર્યુ. પરબ્રહ્મની આ અતિસૃષ્ટિમાં થઈ જાય છે. (૨૦)

સર્વ પ્રથમ માત્ર બ્રહ્મ જ હતું એ જાણીને કે 'હું બ્રહ્મ છું ', એ સર્વરૂપ બની ગયું. દેવતાઓમાંથી જેણે જેણે એ બ્રહ્મને જાણ્યા એ બધા બ્રહ્મરૂપ બની ગયા. આ રીતે માનવો અને ઋષિઓમાંથી પણ જેણે – જેણે એનું જ્ઞાન મેળવી લીધું, એ બધા પણ બ્રહ્મરૂપ – બ્રહ્મ સ્વરૂપ થઈ ગયા. ઋષિ વામદેવે કહ્યું એને (બ્રહ્મ)ને જાણીને હું મનુ અને સૂર્ય બની ગયો. આ સમયે પણ જે એમ માને છે કે, હું ' બ્રહ્મ છું ' એ સર્વરૂપ બની જાય છે, એને હરાવવામાં દેવતા પણ સમર્થ થઈ શકતા નથી, કારણ કે એમનું જ આત્મ સ્વરૂપ થઈ જાય છે. જે પોતાનામાં અને બીજામાં ભેદ જુએ છે, એ પશુ સમાન થઈ જાય છે. જે રીતે વિભિન્ન પશુ

મનુષ્યને પોષણ આપે છે, તેવી જ રીતે મનુષ્ય પણ અનેક દેવતાઓને પોષિત કરે છે. એક પશુંનું જ અપહરણ થઈ જાય તો ખરાબ લાગે છે અગર અનેક પશુઓનું અપહરણ હોય ત્યારે તો એથીય વધારે ખરાબ લાગશે એટલા માટે દેવગણ એવુ નથી ઈચ્છતા કે મનુષ્ય સંપૂર્ણ બ્રહ્મજ્ઞાનને પ્રાપ્ત કરી શકે (૨૧)

સૌથી પહેલાં બ્રહ્મ જ હતો. પરંતુ એકાકી હોવાને કારણે એ પોતાની વૃદ્ધિ કરવામાં સમર્થ બની શકતો નહીં. તેથી એણે ક્ષત્રિય વર્ણનું સર્જન કર્યુ. દેવોમાં વરૂણ, ઈન્દ્ર, સોમ, રુદ્ર, પર્જન્ય, મૃત્યુ, યમ અને ઈશાન એ બધા ક્ષત્રિય જ થાય, એટલા માટે ક્ષત્રિય સર્વોત્કૃષ્ટ છે. એટલા માટે રાજસૂય યજ્ઞોમાં, બ્રાહ્મણ પણ, ક્ષત્રિયોથી નીચે બેસીને, એમની ઉપાસના કરે છે. આ બ્રહ્મ ક્ષત્રિયથી જ યોનિ છે. તેથી જો કે ક્ષત્રિય ઉત્કૃષ્ટ છે, તો પણ યજ્ઞ પછીથી, એ બ્રાહ્મણોનો જ આશ્રય ગ્રહણ કરે છે. જે ક્ષત્રિય બ્રાહ્મણને હિંસીત કરે છે, એ પોતાની જ યોનિને નષ્ટ કરે છે. એ પોતાના શ્રેષ્ઠ આધારની હિંસા કરનારો વ્યકિત મોટો પાપી અથવા પાપ કર્મનો આધાર બની જાય છે. (૨૨)

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એમ ચાર વર્ણ છે. આ વર્ણોના રચયિતા બ્રહ્મ, દેવતાઓમાં અગ્નિરૂપ શ્રેષ્ઠ બ્રાહ્મણ થયા એ બ્રહ્મ મનુષ્યોમાં બ્રાહ્મણ રૂપથી બ્રાહ્મણ, ક્ષત્રિય રૂપથી ક્ષત્રિય, વૈશ્ય રૂપથી વૈશ્ય અને શુદ્ર રૂપથી શુદ્રમાં પ્રગટ થયું એ કારણે અગ્નિ હોત્રાદિ ધર્મકૃતયો કરીને મનુષ્ય, દેવો પાસે કર્મફળની ઈચ્છા કરે છે,

કારણ કે, બ્રહ્મ આ એ રૂપમાં, અભિવ્યકત થયું હતું. સ્વલોક અથવા પોતાના આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ, નહીં તો પોતાના લોકનો અને પરલોકનો સુધાર અસંભવ છે. આવી વ્યકિતનું પુણ્ય પણ વ્યર્થ બની જાય છે જેમણે, આત્માજ્ઞાન પ્રાપ્ત કર્યુ નથી. આત્માના ઉપાસકનાં પુણ્ય કૃત્ય, કયારેય ક્ષીણ થતાં નથી, પરંતુ એમની સમસ્ત આકાંક્ષાઓ, પૂર્ણ થાય છે. (૨૩)

જયારે પિતા આ દૂનિયા છોડીને જવાની તૈયારીવાળી સ્થિતિમાં હોય છે, અથવા સ્વયંને પુત્રનો માર્ગદર્શક સમજે છે, તો એ પુત્રને કહે છે – તમે બ્રહ્મ છો, યજ્ઞ છો, લોક છો, એનો જવાબ આપતાં પુત્ર કહે છે – હું બ્રહ્મ છું, યજ્ઞ છું, લોક છું આ સંવાદનો ભાવ એ છે કે પિતા પોતાના પુત્રને બ્રહ્મજ્ઞાની, યજ્ઞપરાયણ અને લોકોમાં કીર્તિવાન્ બનવાનું શિક્ષણ આપે છે અને પુત્ર એને ગ્રહણ કરે છે. આ વિશ્વમાં જે કાંઈ પણ સ્વાધ્યાય અથવા જ્ઞાન છે, એ બધું 'બ્રહ્મ' થી એકીકૃત છે. (૨૪)

બીજા અધ્યાયના પ્રથમ બ્રાહ્મણમાં ગર્ગવંશીએ બાલાકિએ કહ્યું કે આદિત્યમાં રહેલ પુરુષની, બ્રહ્મરૂપમાં ઉપાસના કરું છું. એ સાંભળીને અજાતશત્રુએ કહ્યું – આપ એવું ન બોલશો, જે સમસ્ત પ્રાણીઓના મૂર્ધા સ્વરૂપ છે, દીપ્તિમાન છે અને બધાનું અતિક્રમણ કરીને રહેલ છે, એ બ્રહ્મની હું ઉપાસના કરું છું એવું જાણીને જે એ બ્રહ્મની ઉપાસના કરે છે, એ સમસ્ત ભૂતોમાં એમના મસ્તક સ્વરૂપ રહેતાં, બધાનો રાજા થાય છે. ત્યારબાદ એ ગાર્ગ્ય બાલાકિએ કહ્યું કે, ચંદ્રમામાં રહેલ પુરુષની હું, બ્રહ્મ માનીને ઉપાસના કરું છું. આ સાંભળીને રાજા અજાતશત્રુ બોલ્યા આ એવું ન કહો, આ ચંદ્રમા, શુભ્ર, વસ્ત્ર ધારણ કરનારા દેદીપ્યમાન અને રાજા સોમ છે, એવું માનીને હું એમની ઉપાસના કરૂ છું એવું જાણીને એમની ઉપાસના કરનારની સંપન્નતા કાયમ જળવાઈ રહે છે અને એમનું અન્ન કયારેય ક્ષીણ થતું નથી.

વેદ પ્રવકતા બાલાકિએ કહ્યું – હું તો વિદ્યુત અંતર્ગત રહેલી શકિતને જ બ્રહ્મ માનીને, એની ઉપાસના કરૂ છું અજાતશત્રુ બોલ્યા – નહીં, નહીં એવું ન કહો હું તો વિદ્યુત શકિતને તેજ સ્વરૂપ સમજીને, ઉપાસના કરૂ છું. એવું માનીને જે બ્રહ્મની ઉપાસના કરે છે, એ તેજસ્વી થાય છે અને એમની સંતતિ પણ તેજસ્વિની બને છે.

એ ગર્ગવંશી બાલાકિએ કહ્યું – આકાશમાં રહેલા પુરુષને જ બ્રહ્મ સમજીને, હું એમની ઉપાસના કરૂ છું. એ વાત ઉપર અજાતશત્રુએ કહ્યું – ના–ના (એમ) વ્યર્થ વાતો ના કરો, હું એ આકાશ તત્ત્વને પૂર્ણ માનીને, એની ઉપાસના કરૂ છું. આ તથ્યને આ રીતે જાણીને, એની ઉપાસના કરનાર, હંમેશાં પ્રજા (સંતાનો) અને પશુઓથી પરિપૂર્ણ કહે છે. એની પ્રજા કયારેય નષ્ટ થતી નથી. એ પછીથી બાલાકિએ કહ્યું – હું વાયુમાં રહેલ પુરુષને બ્રહ્મ માનીને એમની ઉપાસના કરૂ છું. ત્યારે રાજા અજાતશત્રુ બોલ્યા – આપ એવું ન કહો, હું એ વાયુની, ઈન્દ્ર, વૈકુંઠ અને ન હારનારી સોનાના રૂપમાં ઉપાસના કરૂ છું. જે આ વાયુની આ પ્રમાણે જાણીને ઉપાસના કરે છે. એ પ્રસિદ્ધ, વિજયશીલ, અપરાજિત અને શત્રુ વિજેતા બને છે. એ ગર્ગવંશી બોલ્યા – હું તો અગ્નિમાં રહેલ પુરુષને બ્રહ્મ માનીને ઉપાસના કરૂ છું. ત્યારે કાશી નરેશ અજાતશત્રુએ કહ્યું – બ્રહ્મના સંબંધમાં વ્યર્થ બકવાસ કરશો નહીં, હું તો અગ્નિની વિષાસહિતેજ બ્રહ્મ માનીને ઉપાસના કરૂં છું.

અગ્નિના સંબંધમાં આવું જાણનારો વિષાસહિ બને છે અને એની પ્રજા પણ વિષાસહિ થાય છે.ત્યારબાદ બાલાકિ ગાર્ગ્યે કહ્યું – જળમાં રહેલ પુરુષને બ્રહ્મ માનીને, હું એમની ઉપાસના કરૂ છું. એ સાંભળીને રાજા અજાતશત્રુ બોલ્યા – એવું ના કહેશો, હું તો જળ તત્ત્વને પ્રતિરૂપ સમજીને એની ઉપાસના કરૂં છું, એવું સમજીને ઉપાસના કરનારો પોતાનું પ્રતિરૂપ મેળવે છે. અને કયારેય પોતાનું અપ્રતિરૂપ પ્રાપ્ત થતું નથી. અને એનાથી પ્રતિરૂપ ઉત્પન્ન થાય છે. ત્યારબાદ એ ગર્ગવંશી બાલાકિ બોલ્યા – દર્પણમાં રહેલ છાયા પુરુષને જ બ્રહ્મ માનીને, હું એમની ઉપાસના કરુ છું, ત્યાર બાદ અજાતશત્રુએ કહ્યું – એવું ન કહેશો, હું તો એને દેદીપ્યમાન માનીને એની ઉપાસના કરૂ છું હું એને બ્રહ્મરૂપ સમજીને એની ઉપાસના કરૂ છું.

બાલાકિ ગાર્ગ્ય બોલ્યા હું દિશાઓમાં રહેલ પુરુષ (શકિત) ને જ બ્રહ્મ માનીને એમની ઉપાસના કરૂ છું. એ બ્રહ્મને જાણનારા, સાથી યુકત થાય છે અને એ સાથીઓ એમનો કયારેય ત્યાગ કરતા નથી. ગાર્ગ્યે કહ્યું, હું છાયામય પુરુષને જ, બ્રહ્મ માનીને, એમની ઉપાસના કરૂ છું કાશી નરેશ અજાતશત્રુએ કહ્યું કે, બીન જરૂરી વાતો કરશો નહી. હું તો છાયા પુરુષને મૃત્યુ સમજીને એમની ઉપાસના કરું છું.

જે એમની, એવું સમજીને ઉપાસના કરે છે, એ પૂર્ણ આયુષ્ય મેળવે છે તથા સમય પહેલાં, મૃત્યું એનો નાશ કરી શકતું નથી. બાલાકિએ કહ્યું – હું આત્મામાં રહેલ પુરુષને જ બ્રહ્મ માનીને, એમની ઉપાસના કરૂ છું. અજાતશત્રુએ કહ્યું – એવું ન કહો, હું તો એમની બ્રહ્મ જિજ્ઞાસુ હોય છે અને એમની પ્રજા પણ બ્રહ્મ જિજ્ઞાસુ હોય છે. આ તો વિપરીત તથ્ય છે કે કોઈ બ્રાહ્મણ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે કોઈ ક્ષત્રિયની પાસે જાય. છતાં પણ હું તમોને બ્રહ્મનો ઉપદેશ આપીશ. હે બ્રહ્મન્ ! હે શ્વેતાંબર ધારી ! હે સોમા હે રાજન ! વગેરે કહીને ઢંઢોળીને ઉઠાડવાનો પ્રયત્ન કર્યો. (૨૫)

જે, બ્રાહ્મણ અથવા જ્ઞાનને, આત્માથી અલગ કોઈ અન્ય વસ્તુમાં જાણનાર હોય છે, એને બ્રાહ્મણ અથવા જ્ઞાન ત્યજી દે છે. ક્ષત્રિય અથવા બળને, આત્માથી અલગ, કોઈ અન્ય વસ્તુમાં જોનારાને બળ અથવા ક્ષત્રિય પરિત્યકત કરી દે છે, લોકોને, આત્મા સિવાય બીજા કોઈને જાણનારાને દેવતા છોડી દે છે અને સમસ્ત પ્રાણીઓને, આત્મા સિવાય બીજા કંઈમાં, જોનારાને, સમસ્ત પ્રાણી ત્યાગી દે છે. આ રીતે બ્રાહ્મણ બળ, શકિત, લોક, દેવતા અને સમસ્ત પ્રાણી, એ બધાં આત્મા જ છે, એ સિવાય બીજું કંઈ જ નથી. (૨૬)

સત્યરૂપી બ્રહ્મનું મુખ, જયોતિર્મય સ્વર્ણપાત્રથી ઢંકાયેલ છે. આચ્છાદિત છે. હે વિશ્વના પોષક સૂર્યદેવ! સત્ય ધર્મના દર્શન માટે હું એને જોઈ શકું, એટલા માટે આપ એ આવરણને હઠાવી લો. આદિત્યમંડળમાં રહેલ આ જે

પુરુષ છે, એ અમૃત સ્વરૂપ હું જ છું. આ અમૃત આપને સમર્પિત છે. હે દેવ! આપ અમારા દરેક કર્મોને જાણનારા છો. આમારાં કુટિલ પાપોને દૂર કરો. અમો આપને વારંવાર નમન કરીએ છીએ. (૨૭)

## 2.3.2 તૈત્તરીય ઉપનિષદ્‌માં બ્રહ્મતત્ત્વ :–

આ ઉપનિષદ્, કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય શાખાના તૈત્તિરીય આરણ્યકનો એક ભાગ છે. આરણ્યકના ૧૦ અધ્યાયોમાંથી ક્રમશઃ સાતમાં, આઠમાં અને નવમા અધ્યાયોને જ ઉપનિષદીય માન્યતા મળેલી છે. બ્રહ્માનંદવલ્લીમાં,હદયગુફામાં રહેલ પરમેશ્વરને જાણવાનું મહત્વ સમજાવતાં, એના અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય કલેવરોનું વિવેચન છે. આનંદની મીમાંસામાં લૌકિત આનંદથી માંડીને એના ઉત્તરોતર શ્રેષ્ઠ સ્વરૂપોના વર્ણનની સાથે, બ્રહ્માનંદ સુધીની સમીક્ષા કરવામાં આવેલી છે.

પરમાત્માના આનંદ સ્વરૂપને સમજનારાઓની સ્થિતિનું પણ વર્ણન છે.

ભૃગુવલ્લીમાં ભૃગુની બ્રહ્મપરક જિજ્ઞાસાનું સમાધાન, એમના પિતા વરુણે કર્યુ છે. તત્ત્વજ્ઞાનને સમજાવીને, એમણે તપશ્ચર્યા દ્વારા જાતે જ અનુભવ કરવાનો નિર્દેશ આપેલ છે. એમણે ક્રમશઃ અન્ન, પ્રાણ, મન, વિજ્ઞાન અને આનંદને બ્રહ્મરૂપમાં અનુભવ્યા ત્યારે વરુણ એમને અન્ન વગેરેનો દુરુપયોગ ન કરતાં, એના સુનિયોજનનું વિજ્ઞાન સમજાવ્યું.

મિત્રદેવતા અમારા માટે કલ્યાણકારી બનો. વરુણદેવ અમારા માટે સુખપ્રદ થાવ. અર્યમાદેવ કલ્યાણકારી બનો. ઈન્દ્ર તથા બ્રહસ્પતિ દેવ સુખદાયક થાવ. જેનાં પગલાં ખૂબ જ વિશાળ છે, એવા વિષ્ણુદેવ અમારા માટે શાન્તિપ્રદ થાવ. બ્રહ્મને પ્રણામ છે. હેવાયો ? આપને નમસ્કાર છે, કારણ કે આપ પ્રત્યક્ષ બ્રહ્મ છો. આપને પ્રત્યક્ષ બ્રહ્મ કહે છે. સત્ય અને ઋત પણ

આપને કહે છે. એ બ્રહ્મ અમારું રક્ષણ કરો, અમારા આચાર્યનું રક્ષણ કરો. અમારું તેમજ અમારા આચાર્ય બંનેયનું રક્ષણ કરો ત્રિવિધ તાપોથી, સર્વત્ર શાંતિ થાવ. (૨૮)

ભૂ:, ભુવ:, સ્વ: – આ ત્રણ વ્યાહતિયો છે. એનાથી અલગ જૂદી જે ચોથી વ્યાહતિ મહ : છે, જેને સૌથી પહેલાં, મહાચમસના પુત્રે જાણી હતી. એ મહ: જ બ્રહ્મ છે. એ જ બ્રહ્મનો આત્મા છે. બીજા દેવતાઓ એનાં અંગ છે. ભૂ: – આ વ્યાકૃતિ પૃથ્વીલોક છે. ભુવ: આ વ્યાકુતિ અંતરિક્ષ લોક છે. સ્વ : – આ વ્યાહતિ સ્વર્ગલોક છે. મહ: આદિત્ય છે. આ આદિત્યથી જ, સંપૂર્ણ લોકો, મહિમા મેળવે છે. ભૂ: – આ વ્યાહતિ જ અગ્નિ છે. ભુવ: – આ વ્યાહતિ વાયુ છે. સ્વ : – આ વ્યાહતિ આદિત્ય છે. મહ: – આ વ્યાહતિ ચંદ્રમાં છે. ચંદ્રમાંથી જ સમસ્ત જયોતિઓ મહિમા પ્રાપ્ત કરે છે. ભૂ : – આ ઋગ્વેદ છે. ભુવ : – આ સામવેદ છે. સ્વ : આ ત્રજુદેવ છે. મહ : – આ બ્રહ્મ છે. બ્રહ્મથી જ સમસ્ત વેદ, મહિમા મેળવે છે. ભૂ: – આ પ્રાણ છે. ભુવ: – આ અપાન છે. સ્વ: આ વ્યાન છે મહ: આ અન્ન છે. અન્નથી જ બધાના પ્રણોમાં, બળનો સંચાર થાય છે. આ ચારેય વ્યાહતિયો ચાર જાતની છે. એ પુરુષને માટે, સંપૂર્ણ દેવતા, પોતાનાં અનુદાન પ્રદાન કરે છે. (૨૯)

આ હદયમાં રહેલા આકાશ ભાગમાં, એ મનોમય અમૃત– સ્વરૂપ, પ્રકાશ સ્વરૂપ, પરમપુરુષ પ્રતિષ્ઠિત છે. બંનેય તાળવાની વચ્ચે જે સ્તનની જેમ લટકી રહેલ છે. જયાં કેશોનો મૂળભાગ છે. શીર્ષ કપાલને ભેદીને સુષુમ્ણા નાડી જાય છે.

એ સહસ્ત્રાર અથવા બ્રહ્મરંદ્ર ઈન્દ્રિયોનિ છે. નિર્વાણ સમયે સાધક ભૂ: સ્વરૂપ અગ્નિમાં પ્રતિષ્ટિત થાય છે. ભુવ:સ્વરૂપ વાયુમાં પ્રતિષ્ઠિત થાય છે. સ્વ: સ્વરૂપ આદિત્યમાં તથા મહ:સ્વરૂપ બ્રહ્મમાં અધિષ્ઠિત થાય છે. પોતાના રાજયમાં અધિષ્ટિત થાય છે. એ પૂરેપૂરા મનનો સ્વામી, વાણી, નેત્રો, કર્ણો

અને વિજ્ઞાનનો સ્વામી બની જાય છે. એ પ્રાણોને વિશ્રામ આપનાર, મનને આનંદ દેનાર, શાંત અને અમૃત સ્વરૂપ છે. હંમેશાં એ જ પુરાતન પુરુષ ઉપાસનાને યોગ્ય છે. (૩૦)

ૐ જ બ્રહ્મ છે ૐ જ  આ પ્રત્યક્ષ જગત છે. ૐ જ આ જગતની અનુકૃતી છે. હે આચાર્ય !ૐ ના વિષયમાં હજુપણ વધારે સંભળાવો આચાર્ય સંભળાવે છે. ૐથી પ્રારંભ કરીને સામગાયક સામગાન કરે છે. ૐ ૐ કહેતાં – કહેતાં જ શસ્ત્રરૂપ મંત્ર વાંચવામાં આવે છે. ૐ થી જ અધાર્યુ પ્રતિગર મંત્રોનું ઉચ્ચારણ કરે છે.  ૐ કહીને જ અગ્નિ હોત્ર પ્રારંભ કરવામાં આવે છે. અધ્યયન વખતે બ્રહ્મપ ૐ કહીને મેળવવાની વાત કહે છે. ૐ દ્વારા જ એ બ્રહ્મને મેળવે છે. (૩૧)

મિત્રદેવ અમારા માટે કલ્યાણપ્રદ બનો. વરુણદેવ કલ્યાણકારી થાવ. અર્યમાદેવ અમારા માટે કલ્યાણકારી થાવ. ઈન્દ્રદેવ, બૃહસ્પતિદેવ પણ અમારા માટે શાંતિપ્રદ થાવ. વિશાળ પગલાં (ડગ) વાળા, વિષ્ણુદેવ, અમારા માટે કલ્યાણપ્રદ થાવ. બ્રહ્મને નમસ્કાર હો. હે વાયુદેવ ! આપને નમસ્કાર છે. આપ જ પ્રત્યક્ષ બ્રહ્મ છો. આપને જ પ્રત્યક્ષ બ્રહ્મ કહેવામાં આવેલ છે. આપ જ ઋત અને સત્યના નામથી કહેવાએલ છો. એ બ્રહ્મે, અમારી અને આચાર્યની રક્ષા કરી છે. ત્રિવિધ તાપો દ્વારા સર્વત્ર શાંતિ થાવ. (૩૨)

શ્રુતિમાં એવું કહેલું છે કે, બ્રહ્મવેતા સાધક, પરબ્રહ્મને મેળવી લે છે. એ બ્રહ્મ સત્ય, જ્ઞાન સ્વરૂપ અને અનંત છે. જે સાધક પરમ આકાશમાં અને પ્રાણીઓની હદયગુફામાં રહેલ છે. એ બ્રહ્મને જાણી લે છે, એ વિશિષ્ટ જ્ઞાન સ્વરૂપ એ બ્રહ્મની સાથે, સમસ્ત પહેલાં ભોગોના ઉપભોગ કરે છે. એ પરમાત્માથી અવશ્ય જ, સૌથી પહેલાં આકાશતત્ત્વ પ્રગટ થયું, ત્યાર બાદ આકાશથી વાયુ, વાયુથી અગ્નિ, અગ્નિથી જળ અને જળથી પૃથ્વી તત્ત્વ ઉત્પન્ન થયું. પૃથ્વીથી ઔષધિયો અને ઔષધિયોથી અન્ન મળ્યું. અન્નથી પુરુષ

વૃદ્ધિને પ્રાપ્ત થયો. જરૂર પુરુષ જ, એ અન્નના રસ સ્વરૂપમાં છે. એનું આ માથું છે.

એક હાથ જમણી બાજુની પાંખ છે. ડાબો હાથ બીજી પાંખ છે. આત્મા મધ્યય ભાગ છે. આ પગ– એ જ પૂંછડી અને પ્રતિષ્ઠા છે. (૩૩)

એ બધાં જ પ્રાણી અન્નથી ઉત્પન્ન થાય છે, જે પૃથ્વીના આશ્રયે રહેલા છે. અન્નથી જ એ જીવતાં રહે છે. અને અંતમાં અન્નમાં જ વિલીન થઈ જાય છે. અન્ન જ બધાં ત વોમાં શ્રેષ્ઠ છે. એટલા માટે એ સર્વોષધિરૂપ કહેવામાં આવેલ છે. જે અન્નરૂપી બ્રહ્મની ઉપાસના કરે છે. એ પુરુષ સંપુર્ણ અન્નને પ્રાપ્ત કરે છે. અન્ન જ બધાં તત્ત્વોમાં શ્રેષ્ઠ છે. એટલા માટે એને સર્વોષધિરૂપ કહેવામાં આવેલ છે. અન્ન દ્વારા જ સમસ્ત પ્રાણી ઉત્પન્ન થાય છે. પ્રાણીઓની વૃદ્ધિ અન્નથી જ થાય છે. અન્ન પ્રાણીઓ દ્વારા ખવાય છે. આ દેહમાં પ્રાણરૂપ આત્મા પૂર્ણરૂપે વ્યાપ્ત છે. આ પ્રાણરૂપ આત્મા, અવશ્ય જ પુરુષના આકારનો છે. જે પ્રાણરૂપ બ્રહ્મની ઉપાસના કરે છે. એ મનુષ્ય દીર્ઘ આયુષ્ય મેળવે છે. અવશ્ય પ્રાણ જ સંપૂર્ણ પ્રાણીઓનું જીવન છે. એટલા માટે જ એને બધાં પ્રાણીઓનું આયુષ્ય કહેલ છે. એ જ આ પૂર્વોકત અન્નમય શરીરનો અંતરાત્મા છે. (૩૪)

જે બ્રહ્મના આનંદની અનુભૂતિમાં, મનની સાથે વાણી પણ અસમર્થ બની રહે છે, એનો બોધ કરનારો વિદ્વાન કયારેય ભયગ્રસ્ત થતો નથી. આ મનોમય શરીર પોતાના પૂર્વવર્તી પ્રાણમય શરીરનો આત્મા છે. એ વિજ્ઞાનમય દેહનું મસ્તક, શ્રદ્ધા છે. ઋત એની જમણી પાંખ છે. સંપૂર્ણ દેવગણ, શ્રેષ્ઠ બ્રહ્મરૂપમાં ઉપાસના કરે છે. જે  વિજ્ઞાનને બ્રહ્મ સ્વરૂપમાં જાણે છે, એવી જ રીતના ચિંતનમાં રત રહે છે. એ આત્મા જ બ્રહ્મ રૂપ છે. (૩૫) બ્રહ્મના અસ્તિત્વને જે સત્ય માનતા નથી, તેઓ અસત્ય જ બની જાય છ, પરંતુ જે બ્રહ્મને, સત્ય સ્વીકાર કરે છે, એને વિદ્વાન લોકો સંત સમજે છે. જે વિજ્ઞાનમય

શરીરનો આત્મા છે, એ જ આનંદમય શરીરનો પણ ( આત્મા ) છે. એ પરમાત્માએ અનેક રૂપોમાં પ્રગટ થવાની ઈચ્છા કરી ત્યારે એમણે તપ કર્યું, તપ કરીને એમણે, આ સંપૂર્ણ જગતની રચના કરી, જગતની ઉત્પતિ પછી એ એમાં પ્રવેશી ગયા. પ્રવેશ્યાબાદ, એ સાકાર અને નિરાકાર બની ગયા. એ વર્ણ્ય અને અવર્ણ્ય થઈ ગયા તથા આશ્રયરૂપ અને નિરાશ્રયરૂપ બની ગયા. એ જ ચૈતન્ય અને જડ રૂપ થયા. એ સત્યસ્વરૂપ પરમાત્મા જ, સત્ય અને મિથ્યારૂપ બની ગયા. એ બ્રહ્મ સ્વયં જ જગતના રૂપમાં પ્રગટ થયેલ છે. તેથી એ સુકૃત કહેવામાં આવે છે. જ વ્યાપક અને આનંદ સ્વરૂપ છે. (૩૬)

આ પરબ્રહ્મના ભયથી જ વાયુ રહે છે. એના ભયથી જ સૂર્ય ઉગે છે. એના ભયથી જ અગ્નિ ઈન્દ્ર અને પાંચમાં મૃત્યુના દેવતા યમ – બધાય પોતપોતાના કર્મોમાં પ્રવૃત રહે છે. જે દેવ પ્રજાપતિના સો આનંદ છે, એ બ્રહ્માના એક આનંદ બરાબર છે, જે શ્રોત્રિય મનુષ્ય, એ આનંદની ઈચ્છા પણ રાખતો નથી, એને એ આનંદ સહજ પ્રાપ્ત છે. જે બ્રહ્મ, આ મનુષ્યમાં છે. એ જ બ્રહ્મ સૂર્યમાં પણ છે. જે સાધક આ રહસ્યને જાણી લે છે, એ આલોકમાંથી જતાં જતાં, અન્નમય આત્માને મેળવી લે છે. એ આ પ્રાણમય મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય આત્માને પણ પ્રાપ્ત કરી લે છે. (૩૭)

ભૃગુ વારુણી, પોતાના પિતા દેવ વરુણની પાસે ગયા અને બોલ્યા – હે ભગવાન ! મને બ્રહ્મનો ઉપદેશ કરો. દેવ વરુણે એમને કહ્યું – અન્ન, પ્રાણ, ચક્ષુ, શ્રોત્ર, મન અને વાણી એ બધાં એ બ્રહ્મની પ્રાપ્તિ માટેનાં સાધનો છે. એ સમસ્ત જેનાથી ઉત્પન્ન થાય છે, જેના આશ્રયમાં જીવન જીવે છે અને અંતમાં આ લોકમાંથી પ્રયાણ કરીને, જેમાં લય થાય છે. એ બ્રહ્મને તત્ત્વતઃ જાણવાની જિજ્ઞાસા કરો. એ જ બ્રહ્મ છે. (૩૮)

તપ દરમ્યાન એમને જ્ઞાન થયું કે અન્ન એ જ બ્રહ્મ છે. જરૂર બધાં જ પ્રાણી, અન્નથી જ ઉત્પન્ન થાય છે., ઉત્પન્ન થયેલ પ્રાણી, અન્નથી જ

જીવિત રહે છે. અને અંતમાં મૃત્યુ આવવાથી, આ લોકમાંથી પ્રયાસ કરી, અન્નમાંજ પ્રવેશે છે.  એવું જાણીને તેઓ ફરીથી પોતાના પિતા વરુણદેવની પાસે ગયા અને ફરીથી ભૃગુ બોલ્યા – ભગવન ! તો બ્રહ્મ શું છે ? બ્રહ્મનો બોધ કરાવો. એમણે કહ્યું – તપ દ્વારા તત્ત્વતઃ જાણવાની જિજ્ઞાસા કરો. તપ જ બ્રહ્મ છે તેથી ભૃગુ ફરીથી તપ કરવા લાગ્યા. એમને જ્ઞાન થયું કે પ્રાણ જ બ્રહ્મ છે. યથાર્થમાં બધાં જ પ્રાણી, પ્રાણથી જ ઉત્પન્ન થાય છે. (૩૯) આનંદ જ બ્રહ્મ છે. વાસ્તવમાં આનંદથી જ સમસ્ત પ્રાણી ઉત્પન્ન થાય છે. ઉત્પત્તિ બાદ આનંદથી જ જીવન જીવે  છે. અને અંતમાં, આનંદમાં જ પ્રવેશે છે. આ રીતે ભૃગુ શ્રષિ બ્રહ્મજ્ઞાનથી પરિપૂર્ણ બન્યા. ભૃગુઋષિ દ્વારા અનુભવેલ તથા દેવવરુણ દ્વારા વર્ણવેલ, આ બ્રહ્મવિદ્યા, પરમ વ્યોમમાં પ્રતિષ્ઠિત છે. આ રીતે જે સાધક, બ્રહ્મનાં આનંદ સ્વરૂપને જાણે છે. એ અન્ન, પાચન શકિત, પ્રજા – પશુ, બ્રહ્મવર્ચજ્ઞ તથા મહાન કીર્તિથી સંપન્ન બનીને – પરિપૂર્ણ થઈને – મહાન બની જાય છે. (૪૦)

## 2.4 ઉપનિષદ્ તત્ત્વવિજ્ઞાનમાં આત્મા ચેતનાનું સ્વરૂપ અને બ્રહ્મ

આત્માએ ઉપનિષદોનો વિચારણાનું કેન્દ્ર છે. વ્યકિતમાત્રમાં સત્તારૂપે હાજર એવું આત્મતત્ત્વ જે વ્યકિતમાત્રનું મૂળ સ્વરૂપ છે તેની પ્રાપ્તિ–આત્મ–સાક્ષાત્કારએ  જીવનનું લક્ષ્ય છે. પરમતત્વથી છુટું પડેલું તેનું જ રૂપ (આત્મા) અંતે એ પરમસત્તા સાથે તદાકાર થાય છે. બ્રહ્મતત્ત્વ નિરૂપણનો આશય પ્રત્યેક આત્મા તેને પ્રાપ્ત કરે, એ છે. આત્મા જ જો વિચારણાનું કેન્દ્ર હોય તો બ્રહ્મના નિરૂપણની જરૂર શી છે, એવો પ્રશ્ન સહેજે ઉદ્‌ભવે આનો ઉત્તર એ છે કે આત્મા અને બ્રહ્મના એકત્વની અનુભૂતિ પામવા બ્રહ્મતત્વનું નિરૂપણ જરૂરી છે આત્મા આત્યંતિક રીતે બ્રહ્મ જ ભલે હોય પરંતુ નામરૂપના પ્રપંચ સમા આ જગતમાં તે પ્રકૃતિની અસરરૂપે શરીરધારી છે. શરીરના અનિત્ય સંયોગે તેનામાં

જાગતા અહંકારાદિ વિકારો સાથે એનો પનારો પડે છે. આ બધાંમાંથી છૂટવા બ્રહ્મચિંતન જરૂરી છે. બ્રહ્મ 'માત્ર નિત્ય' છે. બ્રહ્મ સર્વવ્યાપી છે. આત્મા નિત્ય અને અનિત્ય બન્નેના સંપર્કમાં આવે છે. અને શરીર સાથેની સંલગ્નતાને લીધે તેની ચેતનાનો વ્યાપ પણ મર્યાદિત થયેલો છે. આથી જ બ્રહ્મભાવના સતત ચિંતન દ્વારા આત્મા બ્રહ્મની વ્યાપકતા પામે છે.

ભાગ્યે જ એવું કોઈ ઉપનિષદ્ હશે જેમાં આત્મતત્ત્વનો વિચાર ન થયો હોય. એ બધાંનો વૃત્તાંત અત્રે નોંધવો પ્રસ્તુત નથી. આપણો તેમાંનાં કેટલાક મહત્વના વિચારોનો જ અહીં ઉલ્લેખ કરીશું વળી, આત્મા અંગેની વિચારણા પણ ઉપનિષદોમાં ક્રમિક રીતે વિકાસ પામે છે. જીવના સ્વરૂપ વિશે વિચારીશું.

જીવ :—

ઋગ્વેદના સાતમાં મંડલમાં આત્માને પ્રાણરૂપે વર્ણવતાં કહયું છે.

viRet rs otr :

આ પછી ક્રમશઃ આત્માનો અર્થ વિસ્તરતો રહે છે. શાંકર વેદાંત પરમાત્મા અનેજીવાત્મા વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરે છે. આ અનુસાર પરમાત્મા સર્વજ્ઞ, સર્વ શકિતમાન અને સર્વવ્યાપી છે. જયારે જીવાત્મા જ્ઞાન અને શકિતમાં સાંમિત છે. પરમાત્મા ન તો ક્રિયાશીલ છે ન અક્રિય, જીવાત્મા ક્રિયાશીલ છે.

શરીર અને વિવિધ ઈંદ્રિયો સાથે જોડાયેલો હોવાને કારણે જીવાત્મા ઉપાધિઓથી આવૃત છે, તે ઉપાધિઓને લીધે બદ્ધ છે અને પરમાત્મા મુકત છે. જીવાત્માએ મુકિત પ્રાપ્ત કરવાની છે. (૪૧)

એક પરમસત્તા અને અનેક જીવાત્માઓના સંબંધનો પ્રશ્ન ઘણો જ ગૂંચવણભર્યો છે અને ઉપનિષદો આત્માના ખ્યાલ પર ક્રમશઃ પહોંચ્યા છે. જીવાત્મા કે જીવનો વિચાર પૂર્ણપણે શ્રીમદ્ શંકરાચાર્ય દ્વારા ઉપસાવાયો છે, એવું

**કહી શકાઈ તેમ નથી. પણ સંહિતાઓમાં આત્મા (બ્રહ્મ) અને જીવના સંબંધના પ્રશ્ને વિચાર આગળ વધે છે, તેમ તેમ જીવના સ્વરૂપ અંગેની સ્પષ્ટતા વધે છે. આથી જીવ અને આત્માના સ્વરૂપ બાબત પણ સ્પષ્ટ ખ્યાલો ઉપસતા જાય છે.**

**પ્રાણીમાત્રમાં નિહિત્ પરમસત્તારૂપ જીવ, પરમ સત્તા સાથે તાત્વિક રીતે એક છે અને જીવ પરનો શરીરાદિની ઉપાધિઓને કારણે ભિન્ન પણ છે. આવો આ વિશિષ્ટ સંબંધ ઉપનિષદોએ જુદી જુદી રીતે દર્શાવ્યો છે.** (૪૨)

**આ બન્ને ઉદાહરણોનો જરા વિગતે વિચાર કરીએ, ધ્યાનયોગ્ય ઉપનિષદ્‌માં પરમ તત્ત્વ સંકલ્પ કરે છે. હવે હું આ ત્રિવિધ દેવતાઓમાં જીવ રૂપે પ્રવેશ કરૂ અને નામ–રૂપની સ્પષ્ટતા સાથે એ ત્રણેયને ત્રિવિધ કરૂં.**

सेयं देवतैक्षत हन्ताहमिमास्निस्त्रो अनेन **(43)**
जीवेनात्म नानुप्रविश्य नामरुपे व्याकरोत् ।

**છાંદોગ્ય ઉપનિષદ્ કહે છે કે અસત્‌માંથી સત્ કેમ જન્મે ? પ્રથમ માત્ર એક સત્ હતું તેણે વિચાયુ.**

अेकोडहम् बहुस्याम्

**અર્થાત હું એક છું તે અનેક બનું આથી સત્‌માંથી અગ્નિ કે તેજ તેમાંથી જળ અને તેમાંથી પૃથ્વી ઉત્પન્ન થઈ. અગ્નિ, જળ અને પૃથ્વીને અહીં ત્રિવિધ દેવતારૂપે વર્ણવેલા છે. આમ, પરમ સત્તા ત્રિવિધ દેવતારૂપ શરીરમાં પ્રવેશી જીવભાવ પ્રાપ્ત કરી વિશિષ્ટ નામરૂપવાળો બને છે.**

**એજ રીતે કઠોપનિષદ્ બે આત્માઓનું વર્ણન કરતાં લખે છે. " સત્કર્મોના લોકમાં કર્મનાં ફળોને પીનાર બે આત્માઓ છે. બન્ને, હૃદયરૂપી ગુફામાં પરમતત્ત્વના મુખ્ય આસન પર રહે છે બ્રહ્મવેત્તાઓ, પંચાગ્નિ યુકત**

ગૃહસ્થો અને ત્રિવિધ નાચિકેત અગ્નિ હોમ કરનારા, આ બન્ને આત્માઓને પ્રકાશ અને અંધારરૂપ કહે છે.

ऋतं पिवन्तौ सुकृतस्य लोक गुहां प्रविष्टौ परमे पराधे । (૪૩)
छायानपौ ब्रहमविदो वदन्ति पंचारनया य च त्रिणचिकेतः ।।

**શ્રીમદ્ શંકરાચાર્ય કહે છે.**

'देहादिसंधाते आत्माभिमानो विद्यात्मकः '

**અર્થાત્ દેહાદિના સંસર્ગથી હું પણાનું જે અભિમાન જાગે છે તે (જીવભાવ) અવિધાને કારણે છે.** (૪૪)

**આમ, જીવભાવએ મિથ્યાખ્યાલ (અજ્ઞાન) માંથી જન્મેલો છે. ડૉ.રાધાકૃષ્ણન્ લખે છે. " વિચાર અને પ્રવૃતિઓના સ્તરની નીચે આપણા જીવનમાં એક પરમ ઊંડાણરૂપ સત્તા આવેલી છે, આ આત્મા એ જ જીવની પરમોચ્ચ સત્તા છે. "** (૪૫)

**પ્રશ્નોપનિષદ્ કહે છે કે આત્મામાંથી આ જીવન ( જીવભાવ) જન્મે છે જેમ દરેક વ્યકિતને તેનો પડછાયો હોય છે એ રીતે આ જીવભાવ, આત્મા સાથે સંકળાયેલો છે. મનની પ્રવૃતિઓને કારણે તે આત્મા આ શરીરમાં આવે છે.** (૪૬)

**પ્રકાશ અને છાયા જેવાં જ સુપ્રસિદ્ધ બે પક્ષીઓના રૂપકમાં પણ જીવ ફળોને ખાઈ દુઃખો થાય છે અને આત્મા (બીજું પક્ષી) માત્રજોયા કરે છે.** (૪૭)

**આ શ્લોકમાં જીવ અને આત્માને 'સયુજા સખા' ગણાવ્યા છે અને બન્ને એક જ વૃક્ષ પર રહે છે એવું દર્શાવો તેમનું સામાંપ્ય બતાવ્યું છે. વળી એક પક્ષીની માત્ર કરવાની ક્રિયા દ્વારા આત્માના સાક્ષીભાવનો નિર્દેશ પણ મળી રહે છે. આથી, જીવ અંગેના ઉપનિષદોના વિચારો દર્શાવતાં ડોયસન લખે છે કે**

આધુનિક શરીરશાસ્ત્ર સાથે સહમત હોય એ રીતે શંકરાચાર્ય જીવાત્મામાં મન અને ઈન્દ્રીયોઘ પંચપ્રાણ, સૂક્ષ્મ શરીર અને કર્મએ ચાર તત્ત્વો રહેલાં દર્શાવે છે. (૪૮)

## સૂક્ષ્મ શરીર કે કર્મ શરીર :–

જીવન એ મન, ઈંદ્રીયો, પ્રાણ, બુદ્ધિ, અહંકાર આદિના સથવારે થતી જીવની અનંત પ્રવૃતિઓ છે. આ બધી પ્રવૃતિઓથી વ્યકિતની વિશિષ્ટતા ઉભી થાય છે, આત્માનું જીવન કે શરીર સાથેનું અનુસંધાન કાયમી નથી. આ અનુસંધાન જીવનું ભાવિ નિર્ધારિત કરે છે. આથી સૂક્ષ્મ શરીરને 'ભૂતાશ્રય' કે 'કર્માશ્રય' ગણવામાં આવે છે.

બ્રહદારણ્યક ઉપનિષદ અનુસાર મન, જીવન, પ્રકાશ અને અપ્રકાશ, ઈચ્છા અને અનિચ્છા, પ્રામાણિકતા અને અપ્રમાણિકતા આદિ ધારણ કરતો આત્મા બ્રહ્મ છે આનો અર્થ એ છે કે જે જોઈ શકાય એવું એનું જે સ્વરૂપ છે તે જ જેને અનુમિત કહીએ છીએ, (સૂક્ષ્મ શરીર) તે ધરાવે છે. માનવીનું જવું કર્મ હોય, જેવું વર્તન હોય તેવો તે બને છે. સારાં કર્મો કરનાર સારો બને છે. અને ખરાબ કરનારો ખરાબ બીજા, એમ પણ કહે છે કે માનવી ઈચ્છાઓનો બનેલો છે. ઈચ્છા મુજબ મનુષ્ય સંકલ્પ કરે છે. સંકલ્પાનુસાર તેનાં કર્મો થાય છે. જેવાં મનુષ્યનાં કર્મો હોય છે, તેવું તે પામે છે.(૪૯)

સૂક્ષ્મ શરીરના સ્વરૂપ વિશે કે તે શાનું બનેલું છે એ વિશે અહીં કશો જ નિર્દેશ નથી પરંતુ મન, જીવન, વિવિધ અવયવો આદિના ઉલ્લેખ બાદ જેનું અનુમાન કરી શકાય એવું તત્ત્વ સૂક્ષ્મ શરીર જ છે. વળી, કર્મ સાથે અને ઈચ્છા, સંકલ્પ આદિ સાથે આ વિચારને સાંકળી અહીં સૂક્ષ્મ શરીરનો જ નિર્દેશ થયો છે. વાસ્તવમાં, પુનજન્મ અને કર્મફળ ભોગના વિચારમાંથી જ સૂક્ષ્મશરીરનો વિચાર ઉદ્‌ભવેલો છે. આથી જ ડોયસન જણાવે છે કે અહીં આત્માના નિત્યસાથી રૂપે પંચ મહાભૂતો, ઈન્દ્રીયો આદિ સાથે નૈતિક ગુણોનો નિર્દેશ સૂક્ષ્મ શરીર જ દર્શાવે છે. (૫૦)

વળી, બૃહદારણ્યકના ઉપર દર્શાવેલ શ્લોક પછી તરત જ 'લિંગ'નો નિર્દેશ પણ થયેલો છે જે પાછળથી સુક્ષ્મ શરીરને જ 'લિંગશરીર' કે ' અંગુઠા જેવડા પુરૂષ' તરીકે વર્ણવે છે.

શ્વેતાશ્વતર ઉપનિષદ જીવને અંગુઠા જેવડો, સૂર્ય સમાન તેજોમય, વિચાર અને સ્વ–ભાનયુકત વર્ણવી ' આરાગ્રમાત્ર ' એવો અન્ય દૃષ્ટ પણ છે. એવું કહે છે. (૫૧)

અહીં સહેજે એવો વિચાર આવે કે જીવાત્મા જો અંગુઠા જેવડું કદ ધરાવતો હોય તો તે આરાના અગ્રભાગ જેવડા કદવાળોપણ કઈ રીતે હોઈ શકે ? આનો ઉત્તર એમાંથી જ મળી રહે છે.

स्थूलानि सूक्ष्मानि बहूनि चैव रुपाणि देही स्वगुणैवृणेति । (૫૨)
क्रियानुणे रात्मगुणे तेषाम् संयौगहेतुरषरोडपि दुष्टं ।।

અર્થાત શરીરધારી આત્મા, તેના વિવિધ ગુણાનુસાર, સ્થુળ અને સુક્ષ્મ એવા અનેક રૂપો ઘારણ કરે છે. એ રૂપો સાથેનાં જોડાણને કારણે, તેનાં શરીરના અને તેનાં કર્મોના ગુણો મુજબ તે અન્ય તરીકે દેખાય છે.

આ બધા સંદર્ભોને આધારે આપણે એટલું કહી શકીએ કે મીમાંસા, ન્યાય આદિ દર્શનોએ પાછળથી સુક્ષ્મ શરીરનો કલ્પનામાં વિગતો ભલે ઉમેરી હોય પણ એ જ વિચારનું માળખું ઉપનિષદોમાં જોઈ શકાય છે. વળી કર્મ અને તદ્નુસાર જન્મ–પુનર્જન્મનો વિચારતો ઋતની ભાવનામાંથી જ વિકસ્યો હોઈ તે તેવા જ રૂપે અહીં પણ જોવા મળે છે. કર્મનો નિયમ સમજાવતાં कृतप्रणाशः અને अकृताभ्युपगम : એ બે સિદ્ધાંતો દ્વારા એવું કહેવાય છે કે કરેલું કોઈ કર્મ ફળ આપ્યા વિના નાશ પામ્યું નથી અને ન કરેલું કોઈ કર્મ ફળ વ્યકિતએ ભોગવવાનું હોતું નથી. કર્મના આ સંસ્કારો જ સૂક્ષ્મ શરીરની વિભાવના માટે

જવાબદાર છે. આત્મા બ્રહ્મરૂપ હોય અને નિત્ય હોય તો શરીરના મૃત્યુ સાથે કર્મોનો રાશિ અને તેના સંસ્કારો પણ નાશ પામવા જોઈએ. એમ ન થતાં, એ કર્મો સૂક્ષ્મ શરીરમાં રહે છે. અને કર્માનુસાર જીવને અન્ય જન્મ કે મુકિત મળે છે.

હવે ઉપનિષદોએ વિવિધ સ્તરે 'આત્મા' ના સ્વરૂપ અંગે જે વિચાર્યુ છે તેનો ક્રમશઃ વિચાર કરીએ આ વિચારોમાં કયાંક જીવ પણ ' આત્મા' રૂપે દર્શાવાયો છે. વળી કેટલાક સંદર્ભોમાં આત્માનો તેનાં શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપે પણ નિર્દેશ થયેલો છે.

## માંડૂકયનો ચતુષ્પાદ આત્મા : –

છાન્દોગ્ય ઉપનિષદ્‌ના આત્મા વિશેના ખ્યાલમાં જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય અવસ્થાઓનો વિચાર જોવા મળે છે. આ જ વિચાર માંડૂકય ઉપનિષદ વૈશ્વાનર, તૈજસ, પ્રાજ્ઞ અને તુરીય અવસ્થાઓ રૂપે વર્ણવે છે. આ પહેલાં, અંતિમ સત્તા અંગેના વિચાર પણ કરેલ છે. અહીં તેના આત્મા વિષયક દૃષ્ટિબિંદુનો નિર્દેશ કરીશું.

'આત્મા ચતુષ્પાદ છે ' એમ સમજાવતાં આ ઉપનિષદ્ ઓમકારની ત્રણ માત્રાઓ અનુક્રમે અ, ઊ, અને મ ન વૈશ્વાનર, તૈજસ્ અને પ્રાજ્ઞરૂપ આત્માની ત્રણ અવસ્થાઓ ગણાવે છે, ચતુર્થ અવસ્થા માત્રારહિત અને માપરહિત છે. આ ઉપનિષદ્ આમ ઓમકારનો મહિમા પણ વર્ણવે છે.

પ્રથમ પાદ કે ચરણ વૈશ્વાન કહેવાય છે. તે જાગૃત અવસ્થા સાથે સંકળાયેલા છે. બાહ્ય વસ્તુઓનું જ્ઞાન તેના દ્વારા પ્રગટ થાય છે. આથી તે 'સ્થૂલભૂક્' કહેવાય છે. તેને સાત અંગો અને ઓગણીસ મુખો છે. સાત લોક એ આ વૈશ્વાનરનાં સાત અંગો છે અને પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, પ્રાણ, અપાન,સમાન, ઉદાન અને વ્યાન એવા પંચપ્રાણો, મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત

એમ મળસીને ૧૭ મુખ બને છે. આ સમગ્ર બહિઃ જગત એ વૈશ્રવાન આત્માનલ વિસ્તાર છે. તેનો અનુભવ બધાં માટે સમાન હોય છે. દ્વિતાંફ ચરણરૂપ તૈજસ્ આત્મા સ્વપ્નાવસ્થા સાથે સંકળાયેલ છે. તેને પણ સપ્ત અંગો અને ઓગણીસ મુખ છે. જાગૃત અવસ્થામાં જે જે જ્ઞાનેન્દ્રિયો આદિ દ્વારા બાહ્ય જગત અનુભવાય છે તે જ સ્વપ્નાનુભવનું નિમિત પણ હોય છે. તફાવત માત્ર એટલો જ છે કે સ્થૂલસૃષ્ટિ બધાં માટે સમાન હોય છે જયારે સ્વપ્નમાં રહેલી સૂક્ષ્મસૃષ્ટિ વ્યકિતગત હોય છે. આથી જ તૈજસ આત્માને 'પ્રવિવિકતભૂક્' અર્થાત્ સૂક્ષ્મ–આંતર જગતને અનુભવનારો કહેવાયો છે. આત્માના તૃર્તાય ચરણરૂપ પ્રાજ્ઞ અવસ્થાએ ગાઢ નિદ્રામાં અનુભવાતો આત્મા છે. એ અવસ્થામાં કશી ઈચ્છા નથી હોતી કે નથી હોતું કોઈ સ્વપ્ન આ અવસ્થાને વર્ણવતાં કહેવાયું છે કે તે ' अेकीभूतः અને प्रज्ञातघन ' છે. તે જ્ઞાનની અવસ્થા છે. જો કે તેમાં બાહ્ય ( વૈશ્વાનર ) કે આંતર, (તૈજસ્) જેવા ભેદ નથી હોતા. જ્ઞાનના વિષય રૂપે કોઈ વસ્તુ તેમાં હોતી નથી. આત્મા માત્ર પોતાનો જ સતત અનુભવ મેળવે છે. શ્રીમદ્ શંકરાચાર્ય આ અવસ્થાનું વર્ણન કરતાં લખે છે કે ગાઢ નિદ્રામાં કોઈ ઈચ્છા કે વિચાર રહેતો નથી. તમામ અસરો એક આત્મામાં જ ઘનીભૂત બને છે. માત્ર જ્ઞાન અને આનંદ જ બાકી રહે છે. પ્રાજ્ઞ આત્માને આનંદભુક્ કહેવાયો છે, કારણ કે તે સતત આનંદ અનુભવે છે.

ચતુર્થ ચરણરૂપ તુરીય અવસ્થાનું વર્ણન કરતાં કહેવામાં આવ્યું છે કે બાહ્યાંતર જ્ઞાનરહિત, ઉભય પ્રજ્ઞારૂપ પણ નહિ, જ્ઞાનમય પણ નહિ અને અજ્ઞાનરૂપ પણ નહિ અર્દષ્ટ, અવ્યવહાર્ય, અગ્રાહય, લક્ષણરહિત, અચિંત્ય, અદ્વૈત, પ્રપંચરહિત અને શિવ (કલ્યાણકારી) તથા શાંત છે તે બ્રહ્મ ( આત્મા ) છે.

પ્રથમ ત્રણ ચરણોમાં વૈશ્વાનર અને તૈજસ્ આત્મા કાર્યકારણથી સીમિત હોય છે પ્રાજ્ઞ અવસ્થા માત્ર કારણનો અનુભવ આપે છે. પરંતુ ચતુર્થ તુરીયાવસ્થા કાર્ય અને કારણ બન્નેથી પર છે, પ્રાજ્ઞ અવસ્થાને

આનંદમય કહેવાય : આનંદરૂપ નહિ કારણ કે જયાં જ્ઞાતા ઉપસ્થિત હોય ત્યાં આત્મા પોતાના મૂળસ્વરૂપે પ્રગટતો નથી. આત્મા પોતે જ આનંદરૂપ પણ કહેવાયો છે. ખૂબ સૂક્ષ્મ એવો આ ભેદ દર્શાવી તુરીયાવસ્થા એ આત્માની સર્વોચ્ચ અવસ્થા છે એમ અહીં દર્શાવ્યું છે.

ચતુષ્પાદરૂપ આત્માના સ્વરૂપનું આ વર્ણન અનેક રીતે ઉપનિષદ્ સાહિત્યમાં જાણીતું બન્યું છે.

## ❖ તૈત્તિરીય ઉપનિષદ્ – ભાર્ગવી કે વારૂણિ વિધા :–

આ ઉપનિષ્નો બીજો અધ્યાય ' બ્રહ્મવલ્લી ' નામે જાણીતો છે. આ અધ્યાયમાં બ્રહ્મતત્ત્વનું વિસ્તૃત નિરૂપણ કર્યા બાદ ત્રીજા અધ્યાયને ભૃગુવલ્લી કહેવામાં આવે છે. બ્રહ્મને જાણનાર કે જાણવા ઈચ્છનાર સાધકના માર્ગની મુશ્કેલીઓના નિરૂપણરૂપે તથા તેના માર્ગદર્શન રૂપે ભૃગુવલ્લી છે. આ બન્નેનો આંતર સંબંધ વિચારવા જેવો છે. બ્રહ્મ વિચારણા બાદ તેની પ્રાપ્તિના માર્ગની વિચારણામાં સહે જે આત્મતત્ત્વનો વિચાર આવી જાય. આ રીતે ભૃગુવલ્લીમાં આત્માને પંચકોશરૂપે વર્ણવવામાં આવ્યો છે. આ વર્ણન ઘણું જ જાણીતું બન્યુ છે. એને બ્રહ્મની વિવિધ અવસ્થાઓ ગણવાની નથી. છાન્દોગ્યના પ્રજાપતિ અને ઈન્દ્ર – વિરોચન સંવાદમાં બને છે તેમ અહીં પણ આત્મા ક્રમશ : વધારે વ્યાપકતા પ્રાપ્ત કરે છે. જીવભાવ સાથે સંલગ્ન હોવાને કારણે આત્મામાં અવસ્થાઓ સંભવે : બ્રહ્મમાં નહિ પરંતુ આત્મા તત્ત્વત : બ્રહ્મ સાથે એકરૂપ જ હોવાથી, આત્મભાવ પ્રાપ્ત થતાં આ અવસ્થાઓ રહેતી નથી.

' ब्रहमविद् ब्रहमैव भवति ।'

ભૃગુ બ્રહ્મ જાણવાની ઈચ્છાથી પોતાના બ્રહ્મજ્ઞાની પિતા વરૂણને બ્રહ્મનો ઉપદેશ કરવા વિનવે છે. વરૂણ કહે છે, " જેનાથી આ બધાં ભૂતો જન્મે છે, જેને આધારે ટકે છે અને જેમાં મળી જાય છે, એ બ્રહ્મ છે. એને

જાણવાની ઈચ્છા કરવી અને એ માટે તપ કરવું. '' આમ કહી ' અન્ન બ્રહ્મ છે ' એવી પ્રથમ સમજ વરૂણ આપે છે. અન્નથી જ પ્રાણીઓનાં શરીર ઉત્પન્ન થાય છે, તેના વડે જ ટકે છે અને મૃત્યુ બાદ અન્નના આધારરૂપ પૃથ્વીમાં જ મળે છે. આથી અન્નને બ્રહ્મ માનવું વાજબી છે.

આત્માના સંદર્ભમાં આ સમજૂતી દ્વારા અન્નમય કોષ દર્શાવવામાં આવ્યો છે. આત્માને સ્થૂલતા સાથે પણ સંપર્ક તો છે જ 'જીવ' તરીકે જેના સ્વરૂપની વિચારણા કરી તેને અહીં અન્નમય કોષ તરીકે ઘટાવી શકાય. પરંતુ અનંતને વરેલો, કોઈ વિચારમાં પૂર્ણત : બંધાતો નથી અને તપનું સાતત્ય, સાધકની ર્દષ્ટિને વિસ્તારે છે. આથી અન્નને બ્રહ્મ માનવામાં ભૃગુને સંતોષ થતો નથી. ફરી વરૂણ પાસે જતાં 'પ્રાણ બ્રહ્મ છે' એવી સમજૂતી મેળવે છે. ભૂતોની ઉત્પતિ, સ્થિતિ અને વિનાશનો આધાર પ્રાણ છે. અહીં 'પ્રાણમય' કોષ સમજાવાય છે. એ પછી ક્રમશઃ 'મન' અને 'વિજ્ઞાન' ને બ્રહ્મરૂપે દર્શાવવામાં આવે છે જે આત્માના 'મનોમય' અને 'વિજ્ઞાનમય' કોષની સમજૂતી આપે છે. મન તો સાધનરૂપ છે અને પરતંત્ર છે આથી ' તેને બ્રહ્મ કેમ મનાય ? ' એવી શંકા ભૃગુને થાય છે ત્યારે તે વિજ્ઞાન બ્રહ્મની સમજૂતી મેળવે છે. 'વિજ્ઞાન' શબ્દ ખ્યાલ કે Concept નો નિર્દેશ કરે છે. બુદ્ધિ આવાં વિજ્ઞાનને પ્રાપ્ત કરે છે. આથી વિજ્ઞાન બુદ્ધિને આધીન હોવાથી સ્વતંત્ર ન કહેવાય. કારણ કે આખરે વિજ્ઞાન બુદ્ધિ દ્વારા જ ગ્રાહ્ય બને છે. વળી, બુદ્ધિને તો કયારેક કલેશની પ્રાપ્તિ, પ્રતિકૂળતા આદિ પણ મળે છે. આથી વિજ્ઞાનને બ્રહ્મ માનવું ભૃગુને વાજબી નથી લાગતું.

આત્માના સ્વરૂપની ર્દષ્ટિએ વિચારીએ તો અન્ન અને પ્રાણ પછી ક્રમશઃ સમગ્ર વિચારણા અંતરતત્ત્વ તરફ, સ્થૂલથી સૂક્ષ્મ તરફ ગતિ કરે છે. જીવના સ્વરૂપમાં મન અને બુદ્ધિ અત્યંત મહત્વનાં છે. છતાં એ બન્ને પણ '

આત્માનુભવ' તો નથી જ. સૂક્ષ્મતાનું, આ શરીરમાં અનુભવાતું સર્વોચ્ચ ત વ વિજ્ઞાન છે. આમ છતાં આત્મા નિર્વિચાર છે કારણ કે આત્મા નિર્દ્વન્દ્વ છે.

આથી જ અંતે 'આનંદ બ્રહ્મ છે' એવી સમજૂતી દ્વારા આનંદમય કોષ સમજાવવામાં આવે છે.

બ્રહ્મ સચ્ચિદાનંદરૂપ છે એવું આપણે વિચારી ગયા છીએ. અહીં પણ આત્માને આનંદમય ગણાવી એવું કહેવામા આવ્યું છે કે આ ભાર્ગવી કે વારૂણિ વિદ્યા છે. તે વિધા પરમ વ્યોમમાં પ્રતિષ્ઠિત હોય અને જાણનાર પણ બ્રહ્મમાં પ્રતિષ્ઠિત થાય છે. તે ખૂબ અન્નવાળો અને અન્નનું ભક્ષણ કરનારો તથા પ્રજા, પશુ અને પ્રતિષ્ટા પ્રાપ્ત કરી બ્રહ્મતેજ વડે મહાન થાય છે.

આમ, અન્નથી આનંદ સુધી આત્માની વિકાસયાત્રા ખરેખર ઘણી જ પ્રરેક અને સૂચક છે. આત્મવિચારણા અંગે ભૃગુ–વરૂણનો આ સંવાદ ઘણું ઘણું કહી જાય છે. (૫૩)

## ❖ મહર્ષિ યાજ્ઞવલ્કય – બૃહદારણ્યક ઉપનિષદ્ :–

કૃષ્ણયજુર્વેદનું આ ઉપનિષદ્ વિસ્તૃત હોવાને લીધે, પ્રાચીન હોવાને કારણે તથા તેમાં મહર્ષિ યાજ્ઞવલ્કયના બ્રહ્મ સંબંધી વ્યાપક વિચારો રજૂ થતા પ્રાણની ઉપાસનાનો વિચાર રજૂ થયો છે. આત્મા અંગે આ ઉપનિષદોનાં કથનોના નિર્દેશ વિના સમગ્ર અર્થમાં આ પ્રકરણ અધૂરું રહે છે.

મહાપ્રાણની ઉપાસનાનું મહત્વ સમજાવતાં કહયું છે કે પ્રાણવિધા વડે આત્મપણું પામવા પ્રયત્ન કરનાર પ્રજાપતિરૂપ બને છે અને આનો દ્વેષ કરનાર પરાભવ પામે છે.

......पराडसुरा भवत्यात्मना पराडस्य (૫૪)

द्धिषन्भ्रातृव्यो भवति य अेंव वेद ।

અહીં એક ઘણી જ સૂચક સંક્ષિપ્ત કથામાં પ્રજાપતિના પુત્રો એવા દેવો અને અસુરો વચ્ચે સ્પર્ધાનો પ્રસંગ રજૂ થયો છે. અસુરોથી પરાભવ પોલા દેવો પુનઃ પોતાની શકિત પ્રાપ્ત કરવા જયોતિષ્ટોમ યજ્ઞમાં ઉદ્ગોથ (મંત્રોનું ઉચ્ચ સ્વરે ગાન ) કરનાર તરીકે અનુક્રમે વાણી, ધ્રાણ, નેત્ર, શ્રોત્ર, અને મનને નિયુકત કરે છે. પણ અસુરો એક પછી એક એ બધાંને અશુદ્ધ કરી દેવતાઓને યજ્ઞ સફળ થવા દેતા નથી. અંતે પ્રાણને આ કાર્ય સોપાતાં પ્રાણ પર અસુરોનો પ્રભાવ આવી શકતો નથી. આથી પ્રાણોપાસના વ્યકિતને વિશુદ્ધ કરનારી અને પાપરૂપ મૃત્યુથી બચાવનારી છે, એવું કહયું. આંખ, કાન, નાક, જીભ આદિ ઈન્દ્રિયો અને મન પણ અશુદ્ધિઓના સંપર્કમાં ઝડપથી આવી જતાં હવાથી એ બધાં સધનો દ્વારા આત્માના સાક્ષાત્કારના પ્રયાસો નિષ્ફળ જવા સંભવે છે. પરંતુ પ્રાણ અશુદ્ધિઓથી સહેજે આવૃત થતા ન હોવાથી પ્રાણોપાસના સર્વશ્રેષ્ઠ છે.

મહર્ષિ યાજ્ઞવલ્કયને બે પત્નીઓ છે. મૈત્રેયી અને કાત્યાયની સત્યસ્તની ઈચ્છાવાળા થતાં પોતાની સંપત્તિ બન્ને પત્નીઓ વચ્ચે સમાન રીતે વહેંચી આપવાનું જણાવતાં મૈત્રેયા એ કહયું, ' હે ભગવન્ , ઘનથી પરિપૂર્ણ આ સમગ્ર પૃથિવી પ્રાપ્ત થાય તો શું તેનાથી હું અવિનાશી થઈશ ? યાજ્ઞવલ્કયે નકારમાં ઉત્તર આપતાં મૈત્રેયી એવી સંપત્તિ પોતાના માટે નિરુપયોગી ગણાવા મોક્ષનું સાધન જાણવા ઈચ્છા દર્શાવે છે.

આના પ્રત્યુત્તરરૂપ યાજ્ઞવૹકય આત્મા અંગેની અત્યંત અદ્ભુત વાત કરે છે. તે કહે છે, ''પતિ, પતિને ખાતર પ્રિય હોતો નથી પરંતુ આત્માને ખાતર પ્રિય હોય છે. પત્ની, પુત્ર, ઘન, બ્રાહ્મણ, ક્ષત્રિય, લોકો, દેવો, ભૂતો આ સર્વ પોતાને ખાતર નહિ પરંતુ આત્માને ખાતર પ્રિય ગણાય છે. '' કેન્ટના નીતિ શાસ્ત્રમાં જેમ સોપાધિક નિયમો અને નિરૂપાધિક નિયમનો તફાવત બતાવાયો છે ( Cataforical Imperative) એ રીતે અહીં ભવ્ય જીવન દર્શન રજૂ

થાય છે. સૃષ્ટિમાં મનુષ્યને પ્રિય લાગતી આ તમામ બાબતોનું અધિષ્ઠાન આત્મા છે. જો આત્મા ન હોય તો આમાંનું કશું વ્યકિતને પ્રિયકર નથી. બીજા શબ્દોમાં, સંસારરૂપે આપણાં પ્રિયતત્ત્વોનો જે કંઈ વિસ્તાર છે તેના પાયામાં આત્મા પડેલો છે.

આ રીતે આત્મા વિના કશું જ, જો આપણને પ્રિય ન હોયતો સ્વાભાવિક રીતે જ તમામ ઉપાવો વડે કરી આત્માનું જ ચિંતન મનન કરવું ઘટે આ વાત કહેતા, " અરે મૈત્રેયી, આ આત્મા જ સદાસર્વદા અનુભવવા યોગ્ય શ્રવણ યોગ્ય અને મનન કરવા યોગ્ય છે. તેજ નિશ્ચય પૂર્વક ધ્યાન કરવા યોગ્ય છે. આત્માના જ અનુભવ, શ્રવણ, મનન અને તિદિધ્યાસનથી આ સર્વ જાણી શકાય છે.

आत्मा वा अरे दष्टव्यः (૫૪)
श्रोतव्यो मन्तव्यो निदिध्यासि तव्यो
मैत्रेथ्यात्मनो या अरे दरावेन श्रवणेन
मव्या विज्ञानेनेदं सवै विदितम् ।

આત્માના સ્વરૂપ વિશે અન્ય ઉપનિષદો ઘણી જ પ્રેરક વાત કરે છે પરંતુ આત્મજ્ઞાન એ જ જીવનના આધારરૂપ છે. એવું નિવિદત પ્રતિયાદન જે અહીં મળે છે. તે અન્યત્ર જોવા મળતું નથી. આથી જ આ પ્રકરણના શીર્ષક રૂપે ' આત્મા વા અરે દૃષ્ટવ્યં ' એ પ્રેરક શબ્દો મુકાયા છે.

આત્માથી પ્રથક કશું જ નથી. અભેદ કે અદ્વેતનું નિરૂપણ કરતાં કહેવાયુ છે " જે આત્માથી પૃથ્થક બ્રાહ્મણ જાતિને જુએ છે. તેને બ્રાહ્મણજાતિ (અનાત્મર્દષ્ટિવાળો ગણી) દૂર કરે છે. એ રીતે જે ક્ષત્રિય જોતિને આત્માથી પૃથક ગણે છે. તેને ક્ષત્રિય જાતિ દૂર કરે છે સ્વર્ગાદિ લોકોને પણ આત્માથી પૃથક ગણનોરનો સ્વર્ગાદિ લોકો ત્યાગ કરે છે.

દેવોને પણ આત્માથી પૃથક જાણનારોનો દેવો ત્યાગ કરે છે. અને ભૂલોને આત્માથી પૃથક જાણનારો ભૂતો ત્યાગ કરે છે.

ब्रह्म तं परादाद्यिडन्यत्राडडत्मानो ब्रह्म वेद (૫૫)
क्षत्रां तं परादाद्योडन्यत्राडडत्मनः वेद
लोकास्तं परायुद्योडन्यत्राडडत्मनो
लोकार्न्वद देवास्तं परादुर्योडन्यत्राडडत्मानो
देवान्वेद भूतानि तं परादुर्योडन्यत्राडडत्मनो
भूतानिवेद सवै तं परादाद्योडन्यत्राडडत्मनः
सर्व वेदेदं ब्रहमेदं क्षत्रामिमे लोका इमे
देवा इमानि भूतानीद सर्व यदपमात्मा ।

અહીં નોધપાત્ર બાબત એ છે કે સ્વગાદિ લોકોની કલ્પના વડે પ્રેરાયેલી ધર્મવત્તિ પણ આત્માથી પૃથક વિચારાય તો તેનું કોઈ મહત્વ નથી. એવુ દર્શાવ્યુ છે. કારણકે પુણ્ય લોકોની પ્રાપ્તિ અર્થે મથનારા પણ અંતત : આત્માથી જ ઉન્નતિ કરે છે. એટલું જ નહિ પણ સામાન્યતઃ દેવોની ઉપાસના કે ભકિતમાંતો આત્માતત્ત્વના વિસ્મરણને આપણે મહત્ત્વ અપાવું જોઈએ અહીં એવુ કહેવાયુ છે કે દેવો પણ આત્માથી પૃથક નથી. પૃથક ભાવે કરાતી ઉપાસના આ દૃષ્ટિએ વાજબી નથી. એ ઘણો સૂચક વિચાર છે આથી જ સ્પષ્ટ રીતે કહેવાયુ છે " આ આત્મા ખરેખર બધા જ ભૂતોનો અધિપતિ, તમામ પ્રાણીઓનો રાજા છે. જેમ રથની નાભિરૂળ કેન્દ્રમાં સર્વઆરાઓ સ્થિત છે તેમ બધાં પ્રાણીઓ દેવો જગતો બધા શ્વાસ લેતાં પ્રાણીઓ આ બધાનું કેન્દ્ર આત્મા છે. "

स वा अयमात्मा सर्वेषां भूतानाधिपतिः (५६)
सर्वेषां भूतानाम् राजा तद्यथा रथनाभौ
च रथनमो चाराः सर्वे समर्पिता ण्वमेवास्मिन्
आत्मानि सर्वाणि भूतानि सर्वे देवाः सर्वे लोकाः
सर्वे प्राणाः ण्व आत्मानः समर्पिताः ।

**ત્રીજા અધ્યાયમાં જનક રાજાના યજ્ઞમાં અનેક બ્રાહ્મણો એકત્ર થાય ત્યારે શ્રૃંગોના સુવર્ણ લગાડેલી સહસ્ત્ર ગાયો દાનમાં આપવા કાઢી બ્રહ્મિષ્ટ બ્રાહ્મણ કોણ છે અને પૂછતાં મશર્ષિ યાજ્ઞવલ્કલ્પ પોતાને બ્રહ્મિષ ગણાવે છે. પછી ઉપસ્થિત ઔ બ્રાહ્મણો અને ગર્ણા આદિ પ્રશ્નો પૂછે છે. યાજ્ઞવલ્કલ્પ તેના બધાના ક્રમશઃ શાંતિથી જાવબો આપે છે. એ બધામાં ચક્રના પુત્ર ઉષસ્તના પ્રશ્નના ઉત્તરમાં યાસવલ્કલ્પ એ ઘણી સુંદર વાત કરે છે. 'સર્વના અંતરમાં રહેનારો આત્મા કોણ છે ? એના ઉત્તરરૂપે યાજ્ઞવલ્કલ્પ કહે છે. કે કોઈ વિષયરૂપે આત્માનું જ્ઞાન થઈ શકતું નથી. એ પોતે જ જ્ઞાતા છે અને એ પોતે જ પોતાને જાણે છે. દૃષ્ટિનો દ્વષ્ટાએ આત્માછે. એને જોઈ શકાય ખરો ? શ્રવતાવૃતિના શ્રોતાને સાંભળી શકાય ખરો ? મનોવૃત્રિનું  મનન કરનાર અને બુધ્ધિવૃત્તિને જાણનારને કોઈ જાણી શકે નહિ. આનો અર્થ એ છે કે જ્ઞાતા સેખ સંબંધરૂપે અનુભવાતી આપણી સમગ્ર જ્ઞાન પ્રક્રિયાના આધારરૂપે જ આત્મા રહેલે હોઈ, કોઈ વિષય કે વસ્તુરૂપે તેનું જ્ઞાન થઈ શકે નહિ.**

न दष्टि दष्टेष्टारं परयेर्व श्रुतेः (५७)
श्रोतारं वृणृया न मतेर्मन्तार मन्वीथा न
विज्ञातविज्ञातार विजानीपाः ।

**આત્મા એ ઉપનિષદોનું કેન્દ્ર છે એના સ્વરૂપ વિશે વાત કરતા ઉપનિષદો જાણે કે થાકતા નથી. ઉપનિષદોની શુધ્ધ અધ્યાત્મભાવનાનો**

આધાર આત્માનો આ વિચાર છે સન્ત્પાણા જેવા પશ્ચિન વિચારકો આત્માના ઉપનિષદિષ્ક વિચારને એક આદર્શ તરીકે ઘટાવે છે એ વિચાર એટલા માટે વ્યાજબી નથી. કે આદર્શ કયારેય પૂર્ણ પણે પામી શકાતો નથી : જયારે આત્મા તો સાક્ષાત્કાર વડે જ પામી શકાય છે. આદર્શો અમૂર્ત હોય એ રીતે આત્માના સ્વરૂપની આ ગહનતમ્ર વિચારણા, પણ તેને અર્મૂતતા પ્રત્યે લઈ જાય છે ખરીલ છતાં ઉપનિષદો નથી એને નથી મૂર્ત કહેનારૂ નથી અમૂર્ત માનતાં તે શુધ્ધ, પરિપૂર્ણ, સચ્ચિદાનંદ છે. તેનો સાક્ષાત્કાર જીવનને ધન્ય બનાવતો હોઈ એને જ જીવનના લક્ષ્યરૂપે રજૂ કરાય છે. બ્રહ્મ સાથેનું આત્માનું તાદાત્મ્પ–અભેદાનુભવ એ જ આત્મ સાક્ષાત્કાર પણ છે.

ઉપનિષદો નિર્ણાયક ભાષામાં કહે છે કે શાસ્ત્રોની માત્ર અધ્યયનથી, અતિમેધાવિપણાથી કે ગ્રંથોના અર્થો ધારણ કરવાથી આ આત્મા પામી શકાતો નથી તેને પામવા તેની સાથે જ અભેદાનુ સંધાન પ્રાપ્ત કરવું પડે છે વળી, આત્માપ્રાપ્તિ કરાવી શકતાં નથી. જયાં સુધી વ્યકિત સંચારતા તમામ પદાર્થો અને ભોગો પ્રત્યે અનાસકત બની આંતર સન્યાસ ન કેળવે ત્યાં સુધી એની ઝાંખી થઈ શકતી નથી.

नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया (૫૮)
न बहुना श्रुतेन । यमेवैष वृणुते तेन लभ्यः
तस्येष आत्मा विवृणते तनुं स्वाम् ।।
नायमात्मा बलहीनेन लभ्यो न च
प्रमादातपसो वाप्यलिंगात् । ण्तैरुपायैर्य
तते यस्तु विद्धांस्तस्यैष आत्मा विशते बह्मधाम् ।।

આપણો સૌનો શકિત, આપણા સૌના કેન્દ્ર રૂપ આત્મતત્ત્વની પ્રાપ્તિ અગ્રસર બનો, એ ભાવના સાથે વિરમાંએ.

## 2.4.1 કેન ઉપનિષદ્‌માં આત્મતત્ત્વ

આ ઉપનિષદ્ સામવેદીય 'તલવકાર બ્રાહ્મણ' ના નવમાં અધ્યાયની અંતર્ગત છે. એને તલવકાર ઉપનિષદ્ તથા 'બ્રાહ્મણોપનિષદ્' પણ કહેવામાં આવે છે. એમાં ' કેન ' (કોના દ્વારા) નું વિવેચન હોવાથી ' કેનોપનિષદ્ ' કહેવામાં આવે છે. સર્વપ્રેરક એ પરબ્રહ્મની મહિમા અને એના સ્વરૂપનું જ્ઞાન આપતાં, ઋષિએ સ્પષ્ટ કર્યું છે કે, કહેવા સાંભળવામાં બ્રહ્મતત્ત્વ જેટલું સુગમ છે, અનુભૂતિમાં એ એટલું જ મુશ્કેલ છે. વળી ત્રીજા ચોથા ખંડમાં યક્ષરૂપમાં બ્રાહ્મી ચેતનાનું પ્રગટ થવાનું ઉપાખ્યાન છે. બાદમાં ઉમાદેવી દ્વારા પ્રગટ થઈને, દેવો માટે, બ્રહ્મતત્ત્વનું વર્ણન કરવામાં આવેલ છે. અંતમાં પરબ્રહ્મની ઉપાસનાનો ઢંગ અને ફળનો ઉલ્લેખ કરતાં, બ્રહ્મવિદ્યાના સંસાધનોની સાથે, એ રહસ્યને જાણવાની મહિમાનું વર્ણન છે.

**શાંતિપાઠ :**

હે પરમાત્માત્ ! અમારાં બધાં જ અંગ પુષ્ટ બનો. અમારી વાણી, પ્રાણ, શ્રેત્ર (કાન), બળ અને સંપૂર્ણ ઈન્દ્રિયો પુષ્ટ બનો. આ ઉપનિષદ્ બ્રહ્મ છે. આપણે એનો અસ્વીકાર ન કરીએ. એ અમોને છોડી દે નહીં – પરિત્યાગ ન કરે, અમારો એમની સાથે અથવા એમનો અમારી સાથે, અવિચ્છિન્ન (અતૂટ) સંબંધ થાવ. ઉપનિષદોમાં જે ધર્મ, જ્ઞાન વગેરે વર્ણવેલું છે, એ અમારામાં પ્રવેશ કરો, અમારામાં સમાઈ જાવ. ત્રિવિધ તાપોની શાંતિ થાવ. (૫૯)

ચક્ષુ વગેરે જ્ઞાનેન્દ્રિયો, વાક્ વગેરે કર્મેન્દ્રિયો તથા મનની પણ પહોંચ નથી. એને જાણવાની બુદ્ધિ આપણામાં નથી, કે બીજા કોઈની વ્યાખ્યાથી પણ એ સંભવ બની શકે તેમ નથી, કારણ કે એ જ્ઞાત અને અજ્ઞાત એમ બધાં જ તત્ત્વોથી સર્વથા અલગ છે – એવું અમોએ પોતાના જ પૂર્વાચાર્યોના મુખે

સાંભળ્યું છે, જેમણે અમોને એ બ્રહ્મના વિષયમાં સારી રીતે વ્યાખ્યા કરીને, સમજાવેલ છે.

જે વાણી દ્વારા વર્ણિત કરી શકતા નથી, પરંતુ જેની મહિમાથી વાણી જ પ્રગટ થાય છે, એને જ તમો બ્રહ્મ સમજો, વાણી દ્વારા વર્ણવેલી નિરુપિત – જે ત વની લોકો ઉપાસના કરે છે, એ બ્રહ્મ નથી. મનથી જેનું મનન કરી શકાતું નથી, છતાં પણ મન જેની મહત્તાને કારણે મનન કરે છે, એને જ બ્રહ્મ સમજો. મન દ્વારા મનન કરેલા એવા લોકો ઉપાસના કરે છે, એ બ્રહ્મ નથી. જેને ચક્ષુ દ્વારા જોઈ શકાતા નથી. પરંતુ ચક્ષુ, જેની મહિમાથી જોવામાં સક્ષમ બને છે, એને જ તમો બ્રહ્મ સમજો. ચક્ષુ દ્વારા દ્રષ્ટવ્ય જે તત્ત્વની લોકો ઉપાસના કરે છે, તે બ્રહ્મ નથી. શ્રોત્ર (કાન) દ્વારા જેને સાંભળી શકાતા નથી, પરંતુ શ્રોત્ર જેની મહત્તાના કારણે, સાંભળવામાં સક્ષમ બને છે, એને જ બ્રહ્મ જાણો, શ્રોતેન્દ્રિય ગમ્ય જે તત્ત્વની લોકો ઉપાસના કરે છે. એ બ્રહ્મ નથી. જે પ્રાણ દ્વારા પ્રેરિત થતા નથી, પરંતુ પ્રાણ જેનાથી પ્રેરીત થાય છે, એને જ તમો બ્રહ્મ સમજો. પ્રાણ–શકિતથી ક્રિયાશીલ જે તત્ત્વની લોકો ઉપાસના કરે છે, એ બ્રહ્મ નથી. (૬૦)

હું બ્રહ્મને સારી રીતે જાણી ગયો છું, તો ચોકકસ જ તમોએ બ્રહ્મનો અત્યંત અલ્પ અંશ જ જાણ્યો છે, કારણ કે એ પરબ્રહ્મનો જે અંશ તમારામાં છે અને જે અંશ દેવતાઓમાં છે, એ બધું માળીને પણ, બ્રહ્મનું પૂર્ણ સ્વરૂપ નથી, તેથી તમારો જાણેલો નિશ્ચય જ વિચારણીય છે. અમોએ બ્રહ્મને સારી રીતે જાણી લીધા છે, એવું માનતા નથી અને એવું પણ માનતા નથી કે અમો એમને પૂર્ણતથા જાણતા નથી, કારણ કે એમને જાણીએ પણ છીએ. અમો જાણીએ છીએ કે નથી જાણતા બંનેય ઉત્તર અપૂર્ણ છે. અમારા આ કથનને એ જાણે છે, જે એ બ્રહ્મને જાણે છે. જે એવું માને છે કે બ્રહ્મને જાણવામાં આવતા નથી. એ બ્રહ્મને જાણે છે અને જે એવું માને છે કે હું બ્રહ્મને જાણું છું, એ એને નથી જાણતો, કારણ કે જાણવાનું અભિમાન કરનારાઓ માટે એ બ્રહ્મ જાણવામાં આવેલ નથી અને

જાણવાના અભિમાનથી રહિત પુરુષ માટે, એ જાણવામાં આવેલ છે. એ બોધ કે જેના દ્વારા પ્રત્યેક વસ્તુનું જ્ઞાન પ્રાપ્ત થઈ જાય છે, એનાથી જ મનુષ્ય અમૃત સ્વરૂપ પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે. આત્મા અથવા આત્મજ્ઞાનના દ્વારા મનુષ્ય બળને મેળવે છે, એ આત્માના બળને જાણવાની વિદ્યાથી એ, અમૃત સ્વરૂપ પરમાત્માને મેળવી છે. જેણે અગર આ જ જન્મમાં, એ પરબ્રહ્મને પ્રાપ્ત કરી લીધા, તો એણે યથાર્થ લક્ષ્યને મેળવી લીધું, જે આ જીવનમાં એને જ જાણી શકયા, તો એણે અમૂલ્ય અવસર ગુમાવીને પોતાનું ઘણું મોટું નુકશાન કર્યુ ગણાશે. તેથી બુદ્ધિમાન પુરુષ પ્રત્યેક પ્રાણીમાં અને પ્રતયેક તત્ત્વમાં, એ પરમાત્મ સત્તાને વ્યાપ્ત માનીને, આ લોકમાંથી પ્રયાણ કરી, અમર થઈ જાય છે. (૬૧)

એ બ્રહ્મે દેવોને નિમિત્ત બનાવીને, અસુરો પર વિજય મેળવ્યો, પરંતુ દેવોને એ વિજયનું અભિમાન આવી ગયું અને તેનો આ વિજયને, પોતાના જ મહિમાનો પ્રભાવ સમજવા લાગ્યા. એ બ્રહ્મે દેવોના આ અહંભાવને જાણી લીધો અને ત્યારે, એમની સમક્ષ એ યજ્ઞ રૂપમાં પ્રગટ થયા, પરંતુ દેવગણ એમને ઓળખી શકયા નહીં અને કહેવા લાગ્યા – ' આ દિવ્ય યજ્ઞ કોણ છે ? ' અગ્નિદેવ ઝડપથી યજ્ઞરૂપ બ્રહ્મની પાસે પહોંચ્યા. યજ્ઞ પૂછયું – આપ કોણ છો ? ત્યારે અગ્નિદેવે કહ્યું – હું અગ્નિ છું, મને જ લોકો જાતવેદા કહે છે. (૬૨)

ચોથા ખંડમાં ઉમાદેવી બોલ્યાં – એ બ્રહ્મ છે, એમના વિજયને, તમો લોકોએ પોતાના અહંભાવ – અહંકારના કારણે પોતાનો વિજય માનીલીધો હતો. દેવી ઉમાના આ ઉત્તરથી ઈન્દ્રદેવે સ્પષ્ટ સમજી લીધું કે એ દિવ્ય યજ્ઞ નિશ્ચયરૂપે – ચોકકસરૂપે – બ્રહ્મ હતા. એ ત્રણેય દેવ – અગ્નિ, વાયુ અને ઈન્દ્રદેવ, અન્ય દેવતાઓ કરતાં શ્રેષ્ઠ માનવામાં આવે છે, કારણ કે બ્રહ્મને શકિતના રૂપમાં, આજ દેવો સૌથી પહેલાં સમજયા અને બ્રહ્મનો નજીકથી સાક્ષાત્કાર કર્યો. નજીકથસ બ્રહ્મનો સ્પર્શ કરવાથી, સૌથી પહેલાં જાણી લેવાથી, ઈન્દ્રાદિ દેવગણ, બીજા દેવો કરતાં વધારે શ્રેષ્ઠ છે. બ્રહ્મની ઉપસ્થિતિનો સંકેત વિજળીનો ચમકાર

અને પાંપણના પલકારા જેવો હોય છે. એને એનો સૂક્ષ્મ આધિદૈવિક સંકેત સમજવો જોઈએ. આધ્યાત્મિક દૃષ્ટિથી એવું સમજવું જોઈએ કે, મન જે બ્રહ્મની પાસે જતું હોવાનું પ્રતીત થાય છે અને બ્રહ્મનું સ્મરણ કરતું હોય એવું લાગે છે તથા બ્રહ્મ પ્રાપ્તિનો સંકલ્પ કરતું હોવાનો ભાસ થાય છે. આ પણ બ્રહ્મની ઉપસ્થિતિનો સૂક્ષ્મ સંકેત છે.

સમસ્ત પ્રાણી એ બ્રહ્મની સાથે પ્રેમ કરે છે અને એને મેળવવા ઈચ્છે છે. એ તદ્વન નામથી જાણીતા છે. બ્રહ્મના આ ' તદ્વન ' સ્વરૂપની બધાએ ઉપાસના કરવી જોઈએ. જે સાધક બ્રહ્મના આ સ્વરૂપને જાણી લે છે, એને બધાં પ્રાણી, પોતાના પ્રિય માનવા લાગે છે. એ આધાર પર બ્રહ્મ મૂળરૂપે ' રસસ્વરૂપ – છે એવો બોધ થાય છે. અમોને બ્રહ્મ વિદ્યા સ્વરૂપ ઉપનિષદ્નો ઉપદેશ આપો. ત્યારે એમણે કહ્યું કે – અત્યાર સુધી જે કંઈપણ, કહેવામાં આવ્યું છે, એ જ બ્રહ્મવિદ્યા છે, મેં ચોકકસ રૂપે તમોને બ્રહ્મવિદ્યા શિખવાડી દીધી છે. તપસ્યા, મન અને ઈન્દ્રિયોનું નિયંત્રણ તથા આસકિય રહિત શ્રેષ્ઠ કર્મ – એ જ બ્રહ્મ વિદ્યા પ્રાપ્તિના આધાર છે. વેદમાં આ વિદ્યાનું સવિસ્તાર વર્ણન છે. સત્યસ્વરૂપ બ્રહ્મ જ આ વિદ્યાનું પ્રાપ્ય લક્ષ્ય છે. આ બ્રહ્મવિદ્યાના રહસ્યને સારી રીતે જાણનારો સાધક, પોતાના સમસ્ત પાપસમૂહને નષ્ટ કરી, અવિનાશી અસીમ અને સર્વશ્રેષ્ઠ પહોંચી જાય છે – પરમધામને પ્રાપ્ત કરી લે છે. (૬૩)

## 2.4.2 માંડૂકય ઉપનિષદમાં આત્માતત્ત્વ

છાન્દોગ્ય ઉપનિષદના આત્મા વિશેના ખ્યાલમાં જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય અવસ્થાઓનો વિચાર જોવા મળે છે. આ જ વિચાર માંડૂકય ઉપનિષદ્ વૈશ્વાનર, તૈજસ, પ્રાજ્ઞ અને તુરીય અવસ્થાઓ રૂપે વર્ણવે છે. આ પહેલાં, અંતિમ સતા તેના આત્મા વિષયક દૃષ્ટિબિંદુનો નિર્દેશ કરીશું. 'આત્મા ચતુષ્પાદ છે' એમ સમજાવતાં આ ઉપનિષદ ઓકમારની ત્રણ માત્રાઓ

અનુક્રમે अ, ઉ અને म  ને વૈશ્વાનર, તૈજસ્ અને પ્રજ્ઞારૂપ આત્માની ત્રણ અવસ્થાઓ ગણાવે છે, ચતુર્થ અવસ્થા માત્રા રહિત અન માપરહિત છે. આ ઉપનિષદ આમ ઓમકારનો મહિમા પણ વર્ણવે છે.

પ્રથમ પાદ કે ચરણ વૈશ્વાનર કહેવાય છે તે જાગૃત અવસ્થા સાથે સંકળાયેલ છે. બાહ્ય વસ્તુઓનું જ્ઞાન તેના દ્વારા પ્રગટ થાય છે. આથી તે ' સ્થૂલભુક ' કહેવાય છે. તેને સાત અંગો અને ઓગણીસ મુખો છે. સાત લોક એ આ વૈશ્વાનરનાં સાત અંગો છે અને પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, પ્રાણ, અણાન, સમાન, ઉદાન અને વ્યાન એવા પંચપ્રાણો, મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત એમ મળીને ૧૯ મુખ બને છે. આ સમગ્ર બહિઃજગતએ વૈશ્વાનર આત્માનો વિસ્તાર છે. તેનો અનુભવ બધાં માટે સમાન હોય છે. દ્વિતીય ચરણરૂપ તૈજસ આત્મા સ્વપ્નાવસ્થા સાથે સંકળાયેલ છે. તેને પણ સપ્ત અંગો અને ઓગણીસ મુખ છે. જાગૃત અવસ્થામાં જે જે જ્ઞાનેન્દ્રિયો આદિ દ્વારા બાહ્ય જગત અનુભવાય છે તે જ સ્વપ્નાનુભવનું નિમિત્ત પણ હોય છે. તફાવત માત્ર એટલો જ છે કે સ્થૂલસૃષ્ટિ બધાં માટે સમાન હોય છે જયારે સ્વપ્નમાં રહેલી સૂક્ષ્મસૃષ્ટિ વ્યકિતગત હોય છે. આથી જ તૈજસ આત્માને ' પ્રવિવિકતભૂડ ' અર્થાત સૂક્ષ્મ – આંતર જગતને અનુભવનારો કહેવાયો છે. આત્માના તૃતીય ચરણરૂપ પ્રાજ્ઞ અવસ્થાએ ગાઢ નિદ્રામાં અનુભવાતો આત્મા છે. એ અવસ્થામાં કશી ઈચ્છા નથી હોતી કે નથી હોતું કોઈ સ્વપ્ન આ અવસ્થાને વર્ણવતાં કહેવાયું છે કે તે ' अेकीभूत : ' અને प्रज्ञानघन ' છે. તે જ્ઞાનની અવસ્થા છે. જો કે તેમાં બાહ્ય (વૈશ્વાનર ) કે આંતર ( તૈજસ્ ) જેવા ભેદ નથી હોતા જ્ઞાનના વિષય રૂપે કોઈ વસ્તુ તેમાં હોતી નથી. આત્મા માત્ર પોતાનો જ સતત અનુભવ મેળવે છે.  શ્રીમદ્ શંકરાચાર્ય આ અવસ્થાનું વર્ણન કરતાં લખે છે કે ગાઢ નિદ્રામાં કોઈ ઈચ્છા કે વિચાર રહેતો નથી. તમામ અસરો એક આત્મામાં જ ઘનીભૂત બને છે. માત્ર જ્ઞાન અને આનંદ જ બાકી

રહે છે. પ્રાજ્ઞ આત્માને આનંદભુક્ કહેવાયો છે, કારણ કે તે સતત આનંદ અનુભવે છે.

ચતુર્થ ચરણરૂપ તુરીય અવસ્થાનું વર્ણન કરતાં કહેવામાં આવ્યું છે કે બાહ્યાંતર જ્ઞાનરહિત, ઉભય પ્રજ્ઞારૂપ પણ નહિ, જ્ઞાનમય પણ નહિ અને અજ્ઞાનરૂપ પણ નહિ એવો અદષ્ટ, અવ્યવહાર્ય, અગ્રાહ્ય, લક્ષણરહિત, અચિંત્ય, અદ્વૈત, પ્રપંચરહિત અને શિવ (કલ્યાણકારી) તથા શાંત છે કે બ્રહ્મ (આત્મા) છે.

પ્રથમ ત્રણ ચરણોમાં વૈશ્વાનર અને તૈજસ્ આત્મા કાર્યકારણથી સીમિત હોય છે. પ્રાજ્ઞ અવસ્થા માત્ર કારણનો અનુભવ આપે છે. પરંતુ ચતુર્થ તુરીયાવસ્થા કાર્ય અને કારણ બન્નેથી પર છે, પ્રાજ્ઞ અવસ્થાને આનંદમય કહેવાય ; આનંદરૂપ નહિ. કારણ કે જયાં જ્ઞાતા ઉપસ્થિત હોય ત્યાં આત્મા પોતાના મૂળ સ્વરૂપે પ્રગટતો નથી. આત્મા પોતે જ આનંદરૂપ પણ કહેવાયો છે. ખૂબ સૂક્ષ્મ એવો આ ભેદ દર્શાવી તુરીયાવસ્થા એ આત્માની સર્વોચ્ચ અવસ્થા છે એમ અહીં દર્શાવ્યું છે.

ચતુષ્પાદરૂપે આત્માના સ્વરૂપનું આ વર્ણન અનેક રીતે ઉપનિષદ્ સાહિત્યમાં જાણીતું બન્યું છે. (૬૪)

ઉપનિષદોનો મુખ્ય પ્રતિપાદો વિષય તે આત્મા છે. આત્મવિદ્યા એ જ મહત્ત્વની વિદ્યા છે. ઋગ્વેદમાં 'આત્મના શબ્દનો પ્રયોગ વાયુના પર્યાયરૂપે કરેલો છે. બ્રાહ્મણ ગ્રન્થોમાં આ શબ્દનો પ્રયોગ ' જીવાત્મા ' ના અર્થમાં થયો છે. આ જ આત્મન્ તથા બ્રહ્મ શબ્દો આગળ જતાં ઉપનિષદોમાં પર્યાયવાચી બની ગયા છે. આત્મા તથા પરમાત્માનું ઐકય દર્શાવવું એ ઉપનિષદોનો મુખ્ય આશય છે. આત્માનો પ્રશ્ન તે ઉપનિષદોમાં ચર્ચેલા સૌથી મહત્ત્વના પ્રશ્નોમાંનો એક છે. ભગવદ્ગીતા અને વેદાન્ત સૂત્રોમાં તે આધ્યાત્મ વિદ્યારૂપે ફરી દેખા દે છે.

આત્માના સ્વરૂપનું પૃથકકરણએ ઉપનિષદોએ તત્ત્વજ્ઞાનનનાં પછીનાં દર્શનોને આપેલો વારસો છે. તેણે અનેક સાવ શૂન્ય માને છે. તેમને મન આત્મા એ દર્શનશાસ્ત્રીઓએ મનમાંથી ઉપજાવેલી નરી કલ્પના જ છે. તો કોઈ બૌદ્ધ સંપ્રદાયો વળી આત્માને કેવળ ' વિજ્ઞાન ' બનાવી દે છે. અને કશા જ્ઞય પદાર્થની હસ્તી વિના જ એ વિજ્ઞાન કોઈક રીતે વિચાર કરી શકે છે. એવું માને છે.

સાંખ્યદર્શન આત્માને અખંડ, નિરવયવ અને શુદ્ધ પણ નિષ્ક્રિય માને છે ; તેની દેખીતી અખંડિતતા છતાં તેને કંઈક ભાવત્મક કે અજોડ સ્વરૂપ પણ છે. અને તેથી સાંખ્યામાં આપણને આત્મા અર્થાત પુરૂષોની અમર્યાદ અનેકતાનો સિદ્ધાંત મળે છે. વેદાન્તીઓ માને છે કે ચિદાત્મા અથવા બ્રહ્મ શુદ્ધ, શાન્ત, નિષ્ઠિય ને નિશ્ર્વલ છે, અને આત્મા એક જ છે. આત્માના નિષ્ક્રિય રૂપ પર ભાર મૂકવાથી તેઓ તેને નર્યો ' અસત્ ' બનાવી દેવાનું જોખમ બહોરી લે છે. આચાર્ય શંકરના જાતે ' આત્મા ' એટલે જે સર્વત્ર વ્યાપ્ત છે, બધાને પોતાનામાં ગ્રહણ કરીલે છે. વિષયોનો ઉપભોગ કરે છે તથા જેની સત્તા નિરંતર ટકી રહેવા વાળી છે તે કઠ ઉપનિષદમાં આત્માને અજ, નિત્ય, શાશ્વત પુરાતન કહ્યો છે. (૬૫) તે અણુથી પણ નાનો અને મશાનથી પણ મહાન છે. આ આત્માની મહત્તાને કામના–રહિત, શોક રહિત, સાધક પરમેશ્વરની કૃપા વડે જાણી શકે છે. છાન્દોગ્ય ઉપનિષદમાં ઈન્દ્ર તથા પ્રજાપતિના સંવાદ દ્વારા આત્માના સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવ્યું છે. (૬૬)

ટૂંકમાં આત્મા અજન્મા, નિત્ય, વ્યાપક સર્વાન્તરયામી છે. માણસના અન્તઃકરણને પ્રકાશિત કરતો તે એક દેદીપ્યમાન પ્રકાશ છે. તે ચેતનાને પ્રકાશિત કરે છે, પરંતુ સ્વયં ચેતનાનો વિષય બનતો નથી. બૃહદારણ્યક ઉપીનષદ્માં યાજ્ઞવલ્કયે આત્માના સ્વરૂપના સંબંધમાં બે વાત મહત્વની કહી છે. પહેલી વાત એ કે તે જ્ઞાનનો વિષય ન બની શકે અને બીજી વાત એ કે આત્મા જ

એક માત્ર પ્રીતિપાત્ર છે. બધું આત્મ–પ્રેમ માટે જ થાય છે. સંપૂર્ણ ઉપનિષદ્ સાહિત્યમાં આત્મવિવેચનની બે પદ્ધતિઓ જોવા મળે છે.

આ આત્મા પ્રવચનથી મળી શકતો નથી. તીવ્ર બુદ્ધિથી કે પ્રખર સ્મરણશકિતથી અને વિપુલ શાસ્ત્રજ્ઞાનથી પણ મળતો નથી. આત્મા તો તેને મળે છે કે જેને

આત્માનો સાક્ષાત્કાર થાય છે તેને આત્મા સ્વયં વરણ કરે છે, આત્મા તેની સમક્ષ પોતાના સ્વરૂપને સ્વયં અનાવૃત કરે છે.(૬૭) આત્મા ખૂબ ખૂબ ચર્ચાઓ કરવાથી કે વ્યાખ્યાનો કરવાથી મળતો નથી. ચર્ચા અને પ્રવચનો બુદ્ધિનાં સ્તર પર થતાં હોય છે. કેટલીક વખત એ સહં પોષવાનાં કે સુસ્તી ટાળવાના સાધન માત્ર બને છે. બૌદ્ધિક રીતે બાહ્ય અને ઉત્તમ લાગતી વસ્તુ પણ એના માટે અપેક્ષિત માનસૂતંત્ર તૈયાર ન હોય તો અલભ્ય જ રહે છે.

## 2.5 ઉપનિષદ્ તત્ત્વજ્ઞાનમાં આત્મા અને બ્રહ્મનું તાદાત્મ્ય :

ડૉ.રાધાકૃષ્ણન્ લખે છે, " ઉપનિષદોના મોટામાં મોટા વિવેચક શંકરાચાર્ય છે. ઉપનિષદોનાં ચિંતનનો સમુચિત અર્થ હટાવીએ તો તેમાંથી શંકરાચાર્યનો સિદ્ધાંત જ (અદ્વૈતમત) ફલિત થાય છે. (૬૮)

અદ્વૈત એ શ્રીમદ્ શંકરાચાર્યનું ઉપનિષદોનું અર્થઘટન નથી. એ ઉપનિષદોની પોતાની જ વિચારણા છે બાહ્ય જગતમાં વિલસતું બ્રહ્મતત્ત્વ અને પ્રત્યેકના અંતરમાં વિરાજતું આત્મતત્ત્વ એ બન્ને એક છે. આ એકતા ઉપનિષદોએ કયાંક કાવ્યાત્મક શૈલીથી દર્શાવો છે. તો કયાંક તર્કબરૂ રૂપે.

જીવાત્મામાં સાતત્ય હોય તો જ વ્યકિતના ભૂત, વર્તમાન અને ભાવિ પ્રયાસોને એકસૂત્રે બાંધી શકાય. વ્યકિતના પ્રયાસોને સફળતા – નિષ્ફળતા આ જ આધારે મળે છે. વળી, જીવાત્મામાં પોતામાં આંતરિક સાતત્ય હોય એ પણ પૂરતું નથી. બાહ્ય જગત સાથે તેની સંવાદિતા પણ હોવી જોઈએ. આ માટેનો

તાત્વિક આધાર બ્રહમાત્મૈકય છે. ઉપનિષદોએ હિરણ્યગર્ભ કે વિશ્વાત્માની કલ્પના કરેલી છે. ઈશ્વર એ કારણબ્રહ્મ છે. વિશ્વના સૌ સર્જિત પદાર્થોએ કાર્ય બ્રહ્મ. બ્રહ્મનાં આ બે રૂપા વચ્ચે તત્ત્વતઃ એકત્વ રહેલું છે. વિશ્વ આખું વિવિધ નામરૂપોના પ્રયંચસમુ છે. તેમાં ભેદ–નાનાત્વ સતત જોવા મળે છે. પરંતુ અભેદ એ ભેદ દષ્ટિનો આધાર છે. ભેદ ઉપચ્છલ્લો છે : અભેદ આંતરિક અને મૂળભૂત છે.

ઈશોપનિષદ્ આ એકત્વને દર્શાવતાં લખે છે, ' જે બધાં ભૂતોને પોતાનામાં અને પોતાના આત્માને બધાં ભૂતોમાં રહેલો જૂએ છે તે આવી દ્રષ્ટિને પ્રતાપે કયારેય કોઈની ધૃણા કરતો નથી. જે વ્યકિતએ પોતાના આત્મામાં બધાં ભૂતોને રહેલાં જાણી લીધાં છે, તે સર્વત્ર એકત્વ જોનારને મોહ અને શોક કયાંથી સંભવે ? '

यस्तु सर्वाणि भूतानि आत्मन्येवानुपश्यति । (૬૯)
सर्वभूतेषु चात्मानं ततो न विजुगुप्सते ।।
यस्मिन्सर्वाणि भूतानि आत्मैन्वाभूद् विजानतः ।
तत्र का माहः कः शोक अेकत्वमनुपश्यत ।।

ઘૃણા સમાજજીવનનું કાતિલ વિષ છે. તેની ભયાનક અસરો માત્ર સમાજ જીવનને જ કલુષિત કરતી નથી પણ વ્યકિતના સ્વાસ્થય પર પણ તેની વિપરિત અસર થાય છે. એકત્વ અદ્રષ્ટિએ કેટલું મહત્વ ધરાવે છે તે સ્પષ્ટ થાય છે. વળી, રાગ, મોહ અને શોક પણ જીવાત્માને અહમ્‌ના સંકીર્ણ ચોકકામાં જકડી રાખે છે. આત્મામાં સર્વ ભૂતોને રહેલાં અનુભવનારો મોહ અને શોકથી પણ મુકત થાય છે.

માંડૂકય ઉપનિષદ્ આત્મા અને બ્રહ્મની એક સાથે જ વિચારણા કરે છે. ઋગ્વેદના પુરૂષસૂકતમાં વિશ્વાત્મા – વિરાટ પુરૂષ કલ્પવામાં

આવેલ છે. જીવ કે વ્યકિતની જેમ જ એ વિરાટ પુરૂષને પણ મસ્તક, બાહયો, પગ આદિ છે અને તેમાંથી જ ચાર વર્ણોરૂપે બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્ય અને શૂદ્ર ઉત્પન્ન થયા છે. તેવી જ રીતે માંડૂકય ઉપનિષદ્ આત્માની અવસ્થાઓ ગણાવતાં વૈશ્વાનર, તૈજસ્ પ્રાજ્ઞ અને તુરીય અવસ્થાઓ વર્ણવે છે. આ અનુક્રમે જગૃત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય અવસ્થાઓ દર્શાવે છે. તેને આનુષંગિક અંતિમ સતામાં પણ વિરાજ, હિરણ્યગર્ભ, ઈશ્વર અને બ્રહ્મ એવી ચાર સ્થિતિઓ જોવા મળે છે. આત્માની તુરીયાવસ્થા અને ચતુર્થયાદરૂપ બ્રહ્મ એક જ છે, એવું અહીં દર્શાવાયું છે. તાલિકા સ્વરૂપે આ વિચાર જોઈએ.

| | જીવ | અંતિમ સત્તા |
|---|---|---|
| ૧. | વૈશ્વાનર | વિરાજ |
| ૨. | તૈજસ્ | હિરણ્યગર્ભ |
| ૩. | પ્રાજ્ઞ | ઈશ્વર |
| ૪. | તુરીય | બ્રહ્મ |

આ સમગ્ર વિચાર વ્યષ્ટિ અને સમષ્ટિમાં સમાંતરપણે એક જ સત્તા વિલસ રહી હોવાના વિચારનું પ્રતિયાદન કરે છે. સંબંધરહિત સત્તા નિષ્પ્રપંચ હોય. આપણે જોઈએ છીએ કે ઉપનિષદો બ્રહ્મની આવી નિષ્પ્રપંચ સત્તારૂપે કલ્પના કરે છે ખરા, પરંતુ એ કલ્પના પર વધારે મદાર રાખતાં નથી. તેના પર અટકતાં નથી. આથી જ બ્રહ્મ સંબંધોમાં જોડાય છે – સપ્રપંચ બને છે. બ્રહ્મ અને આત્માનું એકત્વ એ વાસ્તવમાં સમગ્ર વિશ્વમાં એક જ સત્તા હોવાના વિચારનું પ્રતિયાદન છે. જીવનું વૈશ્વાનર સ્વરૂપ એ ભૌતિક શરીર સાથે સંકળાયેલો આત્મા છે. તૈજસ્ સ્વરૂપ એ મન સાથે સંકળાયેલું છે. અને પ્રાજ્ઞ સ્વરૂપ વિજ્ઞાનમય બુદ્ધિ સાથે સંકળાયેલું છે. આ ત્રણેય અવસ્તાઓમાં દષ્ટા, દશ્ય અને દર્શન (જ્ઞાતા, ક્ષેય

અને જ્ઞાન) એક બીજાથી ભિન્ન હોય છે. ચતુર્થ અવસ્થા 'તુરીય આ તમામ ભિન્નતાઓનું નિરસન કરે છે. દૅષ્ટા, દૅશ્યની ભિન્નતા તુરીયા વસ્થામાં રહેતી નથી. કારણ કે એ અવસ્થામાં આત્મા જ બ્રહ્મરૂપે (દૅષ્ટા જ દૅશ્યરૂપે) પોતાને અનુભવે છે.

છાન્દોગ્ય ઉપનિષદ્ જુદી ભૂમિકાએ બ્રહ્માત્મૈકય સમજાવે છે. તેમાં છઠ્ઠા અધ્યાયમાં શ્વેતકેતુ આરુણેય અને પિતા ઉદ્દાલકનો સંવાદ આવે છે. શ્વેતકેતુ તત્કાલીન પ્રચલિત વ્યવસ્થા મુજબ વિધાર્થી–કાળ બ્રહ્મચર્યનો પાલન વડે આશ્રમમાં વિધાપ્રાપ્તિમાં ગાળે છે. આ રીતે વિધા પૂર્ણ થતાં તે પિતૃગૃહે પાછો ફરે છે. ઉદ્દાલક તેનામાં વિધાપ્રાપ્તિ વડે આવતી નમ્રતાને બદલે થોડો ગર્વ જુએ છે. આથી તે પુત્રને પ્રશ્ન કરે છે, " જેનાથી ન સાંભળેલું સંભળાય, ન માનેલું મનાય અને ન જાણેલું જણાય, તે બાબત નું જાણે છે ? "

येनाश्रुतम् श्रतम् भवति, अमतम् मतम्, (૭૦)
अविज्ञातम् विज्ञातम् इतिः कथम् नु,
भगवः स आदेशो भवतीति ।

પોતે આવું કશું જાણતો નથી એવો શ્વેતકેતુના એકરારથી ઉદ્દાલક તેને એક બ્રહ્મમાંથી અનેકતારૂપ આ જગત કેમ બન્યું, તે સમજાવે છે. ભૌતિક જગત અને જીવો એ એકમાંથી જ ઉદ્ભવ પામ્યાં છે. વ્યકિત માટે અન્ન, પાણી જેવી ભૌતિક જરૂરતો જીવનને ટકાવનારી છે, અન્નથી જ મન પોષાય છે અને શરીરના અવયવોને શકિત મળે છે.

પંદર દિવસ અન્ન ન લેવાથી ઋગ્વેદ, સામવેદ આદિના મંત્રો બોલી શકાતા નથી. એ વાત શ્વેતકેતુ જાતે અનુભવે છે. આ જ રીતે, નિદ્રા, ભૂખ, તરસ, આદિ બાબતો પણ જીવનને ટકાવનારી હોઈ જરૂરી છે. પરંતુ આ બધાંનું મૂળ સૂક્ષ્મ હાર્દ તે આત્મા છે. હે શ્વેતકેતુ, તે તું છે. (૭૧)

તત્ત્વમસિ એ આ રીતે શ્વેતકેતુને કહેવાયેલો બ્રહ્મ ભૈકયનું નિરૂપણ કરતો મહામંત્ર છે. તત્ એ બ્રહ્મને દર્શાવે છે. તત્ત્વમ્ એ પ્રાણીમાત્રના હાર્દરૂપ આત્મા છે. મઘમાખી જુદાં જુદાં ફુલો પર બેસી તેમનો રસ લે છે અને આ રસમાં – મધમાં કોઈ વિશષ્ટતા કે પોતાનું અલગપણું રહેતું નથી. તે રીતે એ સત્રૂપ હાર્દમાં પહોંચતાં કોઈ વિશિષ્ટતા રહેતી નથી. આ હાર્દરૂપ તત્ત્વ એ જ આત્મા છે. વાઘ, સિંહ વરૂ કે મચ્છર એનું કોઈ પણ પ્રાણીનું શરીર હોય, તે હાર્દરૂપ આત્મા એક જ સ્વરૂપનો છે.

શરીરમાં આત્મા સર્વત્ર વ્યાપેલો છે. વૃક્ષના કોઈ ભાગને તોડીએ કે ઈવા કરીએ તો એથી વૃક્ષ નાશ પામતું નથી. જયારે આત્મા સમગ્ર શરીરીને છોડે છે ત્યારે જ પ્રાણીનું મૃત્યું થાય છે. શરીર મૃત્યું પામે છે, પણ તેના શર્દરૂપ આત્મા મરતો નથી. આ અમર આત્મા તું છો એવું પુનઃ પુનઃ શ્વેતકેતુને સમજાવવામાં આવે છે. આથી જ 'તત્ત્વમસિ' એ એટલું બધું પ્રસિદ્ધ વિધાન બની ગયું છે કે બ્રહ્માત્મૈકય વિશે જયારે પણ વાત કરવાની હોય ત્યારે અનિવાર્ય રીતે 'તત્ત્વમસિ' સૂત્રનો આધાર લેવામાં આવે છે. તે સ્પષ્ટ, સરળ અને સંક્ષિપ્ત છે. છાન્દોગ્યના છઠ્ઠા અધ્યાયમાં તે વારંવાર કહેવામાં આવે છે.

સર્વગ્રાહી – સર્વવ્યાપક હાર્દરૂપ સત્તા એટલે બ્રહ્મ ઉદ્દાલક શ્વેતકેતુને ન્યગ્રોધ ફળ (વડનો ટેટો) લાવી તેને તોડવાનું કહે છે. તેના ભાગો કરતાં કરતાં એક તબકકે હવે વધુ વિભાજન શકય નથી એવું શ્વેતકેતુએ કહેતા ઉદ્દાલક સમજાવે છે કે એ સૂક્ષ્મ હાર્દ જે જોઈ શકાતું નથી તેમાંથી જ આ આખો વડલો બનેલો છે. અવ્યકતની અભિવ્યકિત, સૂક્ષ્મતમનું સ્થૂલીકરણ એ જગત છે. સુષુપ્તની અભિવ્યકિત એ વિસ્તાર છે, તે એક સૂક્ષ્મતમ તત્ત્વ જે આ વિશ્વના તમામ પદાર્થોમાં હાર્દરૂપે રહેલું છે. તે તત્ત્વ અને તારા (વ્યકિતના) હાર્દરૂપ આત્મતત્ત્વ એ બન્ને એક જ છે. (૭૨)

એ સૂક્ષ્મ હાર્દરૂપ તત્ત્વનું સર્વવ્યાપીપણું – વિશ્વમાં સર્વત્ર તેનું અંતર્હિત પણું સમજાવતાં ઉદ્દા શ્વેતકેતુને પાણીના પાત્રમાં નિમક નાખવાનું કહે છે. એમ

કર્યા પછી નિમક, પાણીમાં કયાંય અલગરૂપે દેખાતું નથી. પાણીના તળિયે, મધ્યમાં, ઉપર એમ સર્વત્ર નિમકની ખારાશ વ્યાપેલી શ્વેતકેતુ અનુભવે છે. આ પરથી એવું દર્શાવાય છે કે આ હાર્દ તત્ત્વ સર્વત્ર સમાનપણે વ્યાપેલું છે. તે ર્દશ્ય નથી. છતાં તમામ ર્દશ્ય પદાર્થોનું તે જ હાર્દ છે અને તે જ આત્મા પણ છે. આમ વ્યષ્ટિ અને સમષ્ટિનું એકત્વ –

**The unity of subjectivity and objectivity**

દર્શાવાય છે.

ઉપનિષદોએ વસ્તુગત સત્તારૂપે બ્રહ્મતત્ત્વની વિચારણા કરી છે. ભૌતિક જગતના વિવિધ તત્ત્વોના વિશ્લેષણ – સંશ્લેષણ દ્વારા એક વ્યાપક એવા બ્રહ્મતત્ત્વને ઉપનિષદો છે. વળી, ચેતન સૃષ્ટિનો વિચારપણ અહીં અલગરૂપે થયો છે. એ વિચારને આપણે વ્યકિગત ર્દષ્ટિ ગણાવીએનો તેને આધારે ઉપનિષદો નિર્વિકારી, શાશ્વત એવા આત્મતત્ત્વનું નિરૂપણ કરે છે. જો કે, આ બન્ને ર્દષ્ટિઓમાં મૂળભૂત રીતે રહેલી એકતા પણ ઉપનિષદો દર્શાવે છે. જડ સૃષ્ટિમાં ઉત્પન્ન થતું અન્ન અને તેમાંથી ઘડાતું મન – એ સમગ્ર વિચાર જોતાં એમ લાગે છે કે વસ્તુગત અને વ્યકિતગત ર્દષ્ટિઓ તત્ત્વતઃ એક જ છે, અને આધુનિક ઉત્કાતિવાદીઓ જે રીતે જડમાંથી ચેતન અને ચેતનમાંથી મન ઉદ્‌ભવતું હોવાનું કહે છે એ જ વિચાર ઉપનિષદોને પણ અભિપ્રેત હતો જ, પરંતુ અહીં ભૂમિકા તદ્‌ન અલગ હોવથી તેનું સ્પષ્ટ નિરૂપણ થવા પામ્યું નથી. આમ છતાં, જગત બની જતાં, તે પરમપુરૂષે જગતના રક્ષકો બનાવવાની ઈચ્છા કરી, પાણીમાંથી તેણે પુરૂષ બનાવ્યો અને તેને આકાર આપ્યો.

स ईक्षत इमे नु लोका, लोकपालीन् नु सृज इति ; (૭૩)
सोडदम्य ण्व पुरुषम् समुदधृत्यामूर्छयत् ।

**અને છાન્દોગ્ય ઉપનિષય કહે છે " તે અનંત (બ્રહ્મ) નીચે, ઉપર, આગળ, પાછળ, બધી દિશાઓમાં છે અને એ પછી 'હું પણું, ' પણ નચી, ઉપર, આગળ, પાછળ, બધી દિશાઓમાં છે. " જયાં જયાં બ્રહ્મ છે અને જે કંઈ બ્રહ્મ છે તે બધું જ આત્મા પણ છે. આવો વિચાર અહીં દર્શાવી જડ–ચેતનની એકતા અને જડમાંથી ચેતનની નિષ્પત્તિ એમ બન્ને બાબતો અહીં નિરૂપાઈ છે.**

**ઉપરોકત બન્ને ઉદાહરણો જોતાં એ સ્પષ્ટ થશે કે વૈચારિક દ્રષ્ટિએ વ્યકિતલક્ષી અને વસ્તુગત દ્રષ્ટિબિંદુઓ ભિન્ન હોવા છતાં ઉપનિષદો અને બન્નેને મૂળથી એક ગણાવે છે અને અંતે બ્રહ્મ અને આત્માનું એકત્વ દર્શાવી આ બન્ને દ્રષ્ટિબિંદુઓ અંતત : પણ એકત્વ તરફ લઈ જાય છે, એમ દર્શાવે છે.**

**ઉપનિષદો તો આત્મા અને બ્રહ્મને પ્રથમથી જ એક માની, આ વિવિધતા રૂપ જગતની સમજૂતી આપે છે. આતમાને બ્રહ્મથી છૂટો પડેલો, બ્રહ્મ અંશરૂપ, આદિ ગણવાથી તો એમની વચ્ચેનાં પાર્થકયને મહત્વ મળે છે. બૃહદારણ્યક ઉપનિષદ્‌ના બીજા અધ્યાયમાં અથર્વણ ગોત્રવાળા દધ્યડ્ અશ્વિનીકુમારોને જે જ્ઞાન 'મધુવિદ્યા' રૂપે આપે છે તેનો આ સંદર્ભમાં સંક્ષેપમાં વિચાર કરીએ.**

...... रुपम् रुपम् प्रतिरुपो बभूव (૭૪)
तदस्य रुपम् प्रतिचणय ।
ईन्दो मायाभिः पुरु-रुप ईयते
युक्ता ण्यस्य हरयः शता दशइति ।।

अयम् वै हरयः अयम् वै दश च सहस्त्राणि भूतानि
चानन्तानि च, तदेतद बह्मापूर्वम् अनपरम् अनन्तरम्
अबाहयम् अयमात्मा ब्रह्म सर्वानुभूः इति अनुशासनम् ।

**અહીં કહેવાયું છે કે તે બ્રહ્મ જ જુદા જુદા દેહરૂપે રૂપાંતરિત થાય છે. એક ચંદ્રનું એકસો જળપાત્રોમાં પ્રતિબિંબ પડે છે, તે જ રીતે એક નિરૂપાધિક પરબ્રહ્મ અનેક (પ્રતિબિંબો) રૂપે ભાસે છે. બ્રહ્મ અનેકરૂપે ભાવે છે તેનું એક કારણ એ પણ છે કે પોત–પોતાના વિષયો ભણી દોરી જનારી અનેકો ઈન્દ્રિયો છે. આ અનેકતાને સત્ય માનનારો અજ્ઞાનમાં જીવે છે. આ જ બ્રહ્મ આત્મા છે. તે જ ' સર્વાનુભૂ :' એટલે કે સર્વને અનુભવનાર પણ છે.**

## 2.6 ઉપસંહાર

**ઋગ્વેદ અને અર્થવેદ પજ્ઞાતુષ્ઠાનને દષ્ટિમાં રાખી રચાયાં નથી. જયારે યજુર્વેદ અને સાભવેદ યજ્ઞક્રિયાના લક્ષ્ય સાથે જ રચાવા છે. યજ્ઞ વિધિ વૈદિક પુગના પ્રારંભમાં અત્યંત સરળ હતી પણ ક્રમશઃ તેમાં વિધિની જટિલતા વધતી ગઈ. દરેક વનવિધિનાં હોતા, અધ્વર્યુ, ઉદ્ગાળા અને બ્રહ્મા એ રીતે ચાર પુરોહિતો રહેતા. હોવા અગ્નિમાં મંત્રો અને દ્રવ્યોને હોમતા, અધ્વર્યું વિધિના સંચાલનની દેખરેખ રાખતા, ઉદ્ગારક મંત્રોનું ઉચ્ચ સ્વરે ગાન કરતાં, બ્રહ્માનું કાર્ય સમગ્ર પ્રક્રિયાનું સતત નિરીક્ષણ કરતા રહી સંભવિત ઋટિઓ નિવારવાનું રહેતું આમ ક્રમશઃ Specialization વધતું થયું. એને પરિણામે હોતા ઋગ્વેદનો, અધ્વર્યુ યજુર્વેદનો, ઉદ્ગાતા સમાનવેદનો અને બ્રહ્મા અર્થવેદનો જ્ઞાતા જરૂરી બન્યા.**

**સંહિતાઓનું પઠન પાઠન અસ્ખલિત રીતે થતું રહે અને પરંપરા અક્ષુહણ જળવાઈ રહે એ મુખ્ય આશય હતો. વળી, સંહિતામંત્રોના સસ્વર પાઠનું જાણેકે એક વિજ્ઞાન જ હતું ઉચ્ચારણશુધ્ધિ એમ યોગ્ય સ્વરભાર સાથેની**

વેદની ઋચાઓ બોલચાલની હતી. આથી આ સમગ્ર તાલીમ લેવામાં પુરતો સમય લાગતો આના લીધે જ આગળ જવા વેદની અનેક શાખાઓ અસ્તિત્વમાં આવી.

શ્રીમદ્ ભાગવતમાં લખ્યું છે કે વ્યાસ મુનિએ પોતાના ચાર શિષ્યો, પૈલ, જૈમિની, વૈશમપાવન, અને વરૂણ સુમન્તુને અનુક્રમે ઋગ્વેદ, યજુર્વેદ, આમ વેદ, અને અર્થવેદનું અધ્યપન કરાવ્યું.

तत्राग वेदघरः पैलः सामगी जैमिनिः कायः !
वैशकयापन हवैकी निष्णातो यजुषामुत !
अर्थर्वाड्ग डसामासीत् सुमन्तुर्दारुणो मुतिः !!

વેદ મૂલતઃ એક જ અને પાછળથી યજ્ઞની જુદીજુદી પ્રવિધિઓના સંદર્ભમાં જ વેદ ચાર બન્યા એવી પ્રબળ માન્યતા જોવા મળે છે. વિશેષતા ઋગ્વેદ, સામવેદ અને યજુવેદમાં સમાન મંત્રો ઘણા હોવાથી આ વિચારને અનુમોદન મળી રહે છે. વેદની

ઋચાઓમાં ગેયત્વ લાવવા સામવેદ રચાયો અને યજ્ઞની ક્રિયાવિધિઓ અર્થે યર્જુવેદ, ઋગવેદની સંહિતા તો પ્રાર્થના મંત્રોનો સમૂહ કે સંકલન જ છે. વેદને ચતુવિધ કરવાનું કાર્ય વ્યાસજીએ કર્યું હોઈ તેઓનું મૂળ નામ કૃષ્ણ દ્વૈ પાયન વ્યાસ હતું જુદા જુદા વેદોનું અધ્યપન કરાવ્યું અને તે પરંપરા આગળ ચાલવા લાગી. તેમ તેમ વેદની શાખા પ્રશાઓ અસ્તિત્વમાં આવી.

વિવિધ શાખાઓમાં વેદનું કારણ કયારેક ઉચ્ચારવેદ તો કયારેક દૃષ્ટા ઋષિની ભિન્નતા હતી તે જોવા મળે છે. અલગ પ્રવિધિ (Patterns) ને અનુસરનારા અલગ શાખા ઘરાવે છે. વૈદિક જ્ઞાન જે સમયે ખૂબ જ પ્રચાર પામ્યું હતું ત્યારે ચારેય વેદોની અસંખ્ય શાખાઓ હતી. ઋગ્વેદની ૨૧, વજુવેદની ૧૦૦, સામવેદની ૧૦૦૦ અને અથર્વવેદની ૯ શાખાઓ હોવાનું

ભાષ્યકાર પતંજલિ નોંધે છે. અલબત્ત પાછળથી અધ્યેતાના અભાવમાં આ ઘણીખરી શાખાઓ વિસ્મૃતિના ગર્તામાં ડૂબી ગઈ.

જેમ વેદ એટલે સંહિતા, બ્રાહ્મણ આરણ્યક અને ઉપનિષદ્ એ જ રીતે દરેક શાખાને પોતાની સંહિતા, બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદ્ હોવાનાં આજે આમાનું ઘણું ખરું નષ્ટ થયું છે, તેથી તમામ શાખાઓનું તમામ સાહિત્ય ઉપલબ્ધ નથી. આ સંદર્ભમાં આપણે ચારેય વેદોની વિવિધ શાખાઓ અને તેમના ઉપનિષદોના નિર્દેશમાત્રથી સંતોષ લેવાનો રહેશે.

અત્યંત નોંધપાત્ર હકીકત એ છે કે દરેક શાખાને પોતાનાં ઉપનિષદો હતાં જ. ઉપનિષેદોની આધ્યાત્મ ભાવના આ સમગ્ર વિસ્તારના પાયામાં પડેલી હતી. તેતે– ઉપનિષેદોએ બાબતો મુજબ બ્રહ્મતત્ત્વ, આત્મતત્ત્વ આદિ અંગોના ખ્યાલો તેને શાખાઓમાં પ્રચલિત ગણવામાં આવતા. આમ સંહિતાઓ અને બ્રાહ્મણગ્રંથો સાથે યજ્ઞભાવના સંકળાયેલી હતી. તો આરણ્યકો અને ઉપનિષદો સાથે યજ્ઞભાવના સંકળાયેલા હતી. તો આરણ્યકો અને ઉપનિષદો સાથે સાતરાશિ પણ એટલી જ સંલગ્ન હતી. બલ્કે એથી વિશેષ, ઉપાસ્ય હતી. એ હકીકત લક્ષમાં લેવાથી સમગ્ર વૈદિક યુગના ધર્મભાવ વિશે આપણા ખ્યાલોમાં આમૂલ પરિવર્તન થવાની શકયતા છે.

ઋગ્વેદની ૨૧ શાખાઓ પૈકી પાંચ શાખાઓ મુખ્ય છે. શાકય, બાષ્કલ, આશ્વલાયક, શાખાય અને માંડૂકાયન આમાંની શાકલ શાખા જ આજ પ્રચલિત

જણાય છે. આ શાખાનું ઉપનિષદ મંત્રોપનિષદ્ છે.

યજુર્વેદ અધ્વર્યુ માટેનો વેદ છે. બહુ જ પ્રાચીન સમયથી વજુવેદના શુકલ યજુર્વેદ અને કૃષ્ણ યજુવેદ એવા બે ભાગ પડી ગયા છે. આ બંને વચ્ચેનું અંતર માત્ર એટલું જ કે શુકલ યજુવેદમાં વિવિધ અનુષ્ઠાનો માટેના માત્ર સંહિતામંત્રોનું જ સંકલન છે. કયારે કૃષ્ણ યજુવેદમાં સંહિતાના મંત્રો અને તેની

સાથે સંકળાયેલા બ્રાહ્મણો પણ નિશ્ચિત છે. કૃષ્ણાયજુર્વેદની પાંચ શાખાઓ છે. તથા શુકલ વજુવેદની બે શાખાઓ છે. આની વિગતો જોઈએ તો તૈત્તિરીય, મૈત્રાપણી, કઠ, કાપિષ્ઠલ, કઠ શાખાની માત્ર સંહિતા અને તે પણ અપૂર્ણ પ્રાપ્ય છે. પરંતુ તેના અધ્યયન પરથી તે ઋગવેદને ખૂબ મળતી આવતી શાખા જણાય છે. તૈત્તિરીય શાખાનું ઉપનિષદ્ તૈત્તિરીય છે. મૈત્રીયણીનું મૈત્રી કઠનું अ કઠોપતિષદ્ અને શ્વેતાશ્વેવ શાખાનું શ્વેતાશ્વર ઉપનિષદ્ છે.

શુકલ યજુર્વેદની બે શાખાઓ કાણ્વ અને માધ્યન્દિન છે. આ બંન્ને શાખાઓ અત્યારે પ્રચલિત છે. અને તે બંન્ને શાખાઓમાં બે ઉપનિષદો ઈશાવાસ્ય અને બૃહદારણ્યક સમાન છે. કાણ્વશાખા અત્યારે વિશેષતઃ મહારાષ્ટ્રમાં અને માધ્યન્દિની શાખા વિશેષતઃ ઉત્તરપ્રદેશમાં જોવા મળે છે.

સમાવેદ ગાનપ્રદાન છે. ગાયનની વિવિધ પધ્ધતિઓ અનુસાર એક સમયે તેની એક હજાર જેટલી શાખાઓ પ્રચલિત હતી. એમ માનવામાં આવે છે. આજે આ શાખાઓ વિશેકયાય માહિતી ઉપલબ્ધ નથી. કે કયાંય તેનું પ્રચલન પણ જોવા મળતું નથી. શામવેદની મુખ્ય ત્રણ શાખાઓ વિશે આજે માહિતિ ઉપલબ્ધ છે. આ શાખાઓ કૌશુમ, શાણાયનીય અને જૈમિનીય શાખાઓ છે. આ પૈકીની શાણાયનીય શાખાનું પ્રચલન આજકાલ વિશેષ જોવા મળતું નથી. માત્ર મહારાષ્ટ્રમાં કયાંક કયાંક આ શાખાના વિદ્વાનો જોવા મળે છે કૌથુમએ શામવેદની ઘણી લોકપ્રિય શાખા છે. શાંકર ભાષ્યમાં પણ અનેક સ્થળે કૌથુમશાખાનો ઉલ્લેખ મળે છે. આ શાખાને સુપ્રસિધ્ધ એવા છાન્દોગ્ય ઉપનિષદ્ સાથે સાંકળવામાં આવે છે. જૈમિની તો સામવેદના આદ્ય આચાર્ય જ ગણાય છે. મહર્ષિ વેદવ્યાસજી પાસેથી જ તેમણે સામવેદનું જ્ઞાન મેળવ્યું હતું જૈમિનીય શાખા દક્ષિણ ભારતમાં વધારે પ્રચલિત જોવા મળે છે. આ શાખાનું ઉપનિષદ્ કેન છે

# <u>સંદર્ભો</u>


(1) Dr.s.Radhakrisnan – Indian Philosophy, Vol – I Chapt. – II

(2) **ૠગ્વેદ** 10.10

(3) Outlines of Indian Philosophy by Hiriyanna P.42-43

(4) **ભારતીય દર્શનની રૂપરેખા પ્રા.હરેન્દ્ર પ્રસાદ સિંહા, પ્રથમ સંસ્કરણ** 1963 **પૃ.** 52

(5) **ૠગ્વેદાદિ ભાષ્ય ભૂમિકા, સ્વામી ધ્યાનંદ સરસ્વતી, દર્શન યોગ મહાવિદ્યાલય, ગુજરાત બીજી આવૃતિ** 2002 **પૃ.** 112 **થી** 13

(6) **ૠગ્વેદ** 10.121.1

(7) **તૈતિરીય સંહિતા** 5.5.1.2.

(8) Schroeder, Indiens literature and Cultune P.80

(9) **ઉપનિષદ્ નવનીત, પ્રા.કિશોરભાઈ દવે, પ્રથમ આવૃતિ** 1986, **યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજય**

(10) Dr. Radhakrishnan, The princi, Upanishadas, P.52-53

(11) Ibid, P.65

(12) Rande, A Constra, suruey of Upani Philosophy P.247

(13) **છાન્દોગ્ય ઉપનિષદ્** ( 3 – 14 – 3 , 4 )

(14) **શ્વેતાશ્વર** 3.4, **શ્વેતાશ્વર** 2-16.17

(15) **બ્રહદારણ્યક ઉપનિષદ્** 3.9

(16) **શ્વેતાશ્વર** 1 – 6, 7

(17) **શ્વેતાશ્વર ઉપનિષદ્** 3.14, 15

(18) **શ્વેતાશ્વર ઉપનિષદ્** 3 – 16 TO 19

(19) **બૃહદારણ્યકોપનિષદ્** 1.3.21

(20) **બૃહદારણ્યકોપનિષદ્** 1.4.6

(21) **બૃહદારણ્યકોપનિષદ્** 1.4.10

(22) **બૃહદારણ્યકોપનિષદ્** 1.4.11

(23) **બૃહદારણ્યકોપનિષદ્** 1.4.15

(24) **બૃહદારણ્યકોપનિષદ્** 1.5.17

(25) **બૃહદારણ્યકોપનિષદ્** 2.1.2-15

(26) **બૃહદારણ્યકોપનિષદ્** 2.4.6

(27) **બૃહદારણ્યકોપનિષદ્** 6.1.1

(28) **તૈતિરીયોપનિષદ્, શીક્ષાવલ્લી અનુવાદક** 1 **મંત્ર** 1

(29) **તૈતિરીયોપનિષદ્, શીક્ષાવલ્લી અનુવાદક** 5 **મંત્ર** 1 – 3

(30) **તૈતિરીયોપનિષદ્, શીક્ષાવલ્લી અનુવાદક** 6 **મંત્ર** 1 અને 2

(31) **તૈતિરીયોપનિષદ્, શીક્ષાવલ્લી અનુવાદક** 8 **મંત્ર** 1

(32) **તૈતિરીયોપનિષદ્, શીક્ષાવલ્લી અનુવાદક** 12 **મંત્ર** 1

(33) **તૈતિરીયોપનિષદ્, બ્રહ્માનંદવલ્લી અનુવાદક** 2 **મંત્ર** 1

(34) **તૈતિરીયોપનિષદ્, શીક્ષાવલ્લી અનુવાદક** 2 **મંત્ર** 1 અને 2

(35) **તૈતિરીયોપનિષદ્, શીક્ષાવલ્લી અનુવાદક** 4 **મંત્ર** 1 અને 2

(36) **તૈતિરીયોપનિષદ્, શીક્ષાવલ્લી અનુવાદક** 6 **મંત્ર** 1 અને 2

(37) **તૈતિરીયોપનિષદ્, શીક્ષાવલ્લી અનુવાદક** 8 **મંત્ર** 1

(38) **તૈતિરીયોપનિષદ્, ભૃગુવલ્લી અનુવાદક** 1 **મંત્ર** 1

(39) **તૈતિરીયોપનિષદ્, શીક્ષાવલ્લી અનુવાદક** 2 **મંત્ર** 1 અને 2

(40) **તૈતિરીયોપનિષદ્, શીક્ષાવલ્લી અનુવાદક** 6 **મંત્ર** 1

(41) **ઋગ્વેદ** 7 – 87 – 2

(42) Paul Deusen, The Philo, of Upani P 258

(43) **છાન્દોગ્ય ઉપનિષદ્** .3.2

(44) **કઠોપનિષદ** 1.3.1

(45) **ભગવદ્ગીતા શાંકરભાગ્ય** 18 – 66 **ટીકા.**

(46) The Princi. Upani, P.74

(47) **પ્રશ્નોપનિષદ્** 3.3

(48) **શ્વેતાશ્વર ઉપનિષદ્** 4.6

(49) Paul Deussen The Philo of Upani Of cit.
The Phil of Upani P 281

(50) **શ્વેતાશ્વર ઉપનિષદ :** 5.8

(51) **શ્વેતાશ્વર ઉપનિષદ્** 5.12

(52) **ઉપનિષદ્ નવનીત, પ્રા.કિશોરભાઈ દવે, પ્રથમ આવૃતિ** 1986 **યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ – ગુજરાત રાજય.**

(53) **બૃહદારણ્યક ઉપનીષદ્** 1.3.7.

(54) **બૃહદારણ્યક ઉપનિષદ** 2.4.5.

(55) **બુહદારણ્યક ઉપનિષદ** 2.4.6.

(56) **બૃહદારણ્યક :** 2.5.15.

(57) **બ્રહદઆરણ્યક ઉપનિષદ** 3.4.2.

(58) **મૂંડકોપનિષદ** 3.3.4.

(59) **કેનોપનિષદ્ – શાંતિપાઠ**

(60) **કેનોપનિષદ્** 10 **શ્લોક** 3 – 8

(61) **કેનોપનિષદ્** 2 **શ્લોક** 1 – 5

(62) **કેનોપનિષદ્** 3,( 1, 2 **અને** 4 ) **શ્લોક**

(63) **કેનોપનિષદ્ ખંડ** 4 **શ્લોક** 1 – 9

(64) **ઉપનિષદ્ નવનીત, પ્રા.કિશોરભાઈ દવે યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજય પ્રથમ આવૃત્તિ** 1986 **પૃ.** 59 – 73

(65) **કઠઉપનિષદ** 1: 2 : 18 – 20

(66) **છાન્દોગ્ય ઉપનિષદ્** 8 : 7 : 1

(67) **મુંડકોપનિષદ્ તૃતીયમુંઠક ખંડ** – 2 **શ્લોક** 3.

(68) Dr.Radhakrishnan, Indian Philosophy, Vol I. chapter IV

(69) **ઈશાવાસ્ય** 6 **અને** 7

(70) **છાન્દોગ્ય ઉપનિષદ્** 6.1.3.

(71) **છાન્દોગ્ય** 6.8.7

(72) **છાન્દોગ્ય** 5.6.12

(73) **ઐતરે ય ઉપનિષદ્** 1.1.3.

(74) **બૃહદારણ્યક** 2.5.19

# પ્રકરણ : 3

# ઉત્તરમીમાંસાનું બ્રહ્મ સૂત્રોમાં અંતિમ સત્તા તરીકે બ્રહ્મ

3.1 બ્રહ્મસૂત્રોનું તત્ત્વવિજ્ઞાન અને ઉપનિષદ્

3.2 બ્રહ્મસૂત્રના વિવિધ ભાષ્યો અને અર્થઘટનો

3.3 શાંકર વેદાંતમા બ્રહ્મ

3.3.1 બ્રહ્મનું સ્વરૂપ અને તટસ્થ લક્ષણ

3.3.2 બ્રહ્મ ત્રિવિધભેદ અને પરિચ્છેદ રહિત

3.3.3 બ્રહ્મ નિરાકાર અને નિર્ગુણ

3.4 રામાનુજના તત્ત્વવિજ્ઞાનમાં બ્રહ્મ

3.4.1 બ્રહ્મ, ચિત્ત, અચિત્ વિશિષ્ટ તરીકે

3.4.2 બ્રહ્મ જગત સાથે શરીર અને શરીરો સંબંધ

3.4.3 અંશ અંશી સંબંધ તરીકે

3.4.4 બ્રહ્મ આંગીક સંબંધ તરીકે

3.5 વેદાંતના અન્ય સંપ્રદાયોનું સંક્ષિપ્ત નિરૂપણ

3.6 ઉપસંહાર

# પ્રકરણ : 3

# ઉત્તરમીમાસાનું બ્રહ્મ સૂત્રોમાં અંતિમ સત્તા તરીકે બ્રહ્મ

## 3.1 બ્રહ્મસૂત્રોનું તત્ત્વવિજ્ઞાન અને ઉપનિષદ્

શંકરાચાર્યની સ્વતંત્ર ફિલસૂફીનું સાચું મૂળ ઉપનિષદો છે એ નિઃસંશય છે. ઉપનિષદોનાં મોટા ભાગનાં વચનોમાંથી જે નિર્ગુણ બ્રહ્મના અદ્વૈતવાદનો ધ્વનિ ઊઠે છે. તેનો પરસ્પર તથા પ્રમાણબુદ્ધિ સાથે સમન્વય સાધીને શંકરાચાર્યે પોતાનું દર્શન રચ્યું છે અને એ દર્શન બ્રહ્મસૂત્ર અથવા બીજા કોઈ પ્રચલિત ઉપનિષદ – વ્યાખ્યાનથી ભિન્ન હોવાથી આચાર્યે બ્રહ્મસૂત્રના ભાગ્યના ઉપોદ્‌ઘાતને અન્તે સ્પષ્ટ કહ્યું છે. કે એ અધ્યાસ ભાષ્યમાં જે દ્રષ્ટિ પોતે રજૂ કરી છે તે દષ્ટિએ ઉપનિષદ્ વચનોનો અર્થ પોતે કર્યો છે આમ શંકરાચાર્યનું દર્શન સ્વતંત્ર છે, પણ એનો અર્થ એના વિચારો ઉપર કોઈનું ઋણ નથી. એવો નથી. ઉપનિષદોનો આધાર તો પોતે સ્વીકારે જ છે. એટલું જ નહિ પણ મન અને વાણીને અગોચર એવા તત્ત્વનું જ્ઞાન ઉપનિષદ્ દ્વારા જ થઈ શકે એમ કહે છે.

ડૉ. મેકસમૂલર કહે છે કે ' ઉપનિષદની ભાષામાં કવિની કલ્પના શકિત ગમે તેવી પ્રબળ છે, અને કવચિત ગૂંચવણ જેવું ભિન્ન ભિન્ન માર્ગ દર્શાવી બુદ્ધિને ભ્રમિત કરે એવું છે, તો પણ, વેદાન્તસૂત્ર પર શારીરિક ભાષ્યના કર્તા શ્રીમદ્ શંકરાચાર્યને ચોકસાઈથી અને શુદ્ધ યુકિતથી વાદ કરવાનું પરિપૂર્ણ જ્ઞાન છે અને ભારતના કે યુરોપના કોઈ પણ પ્રતિસ્પર્ધી સાથે તેઓ ટકકર ઝીલવા સમર્થ છે. ' આ કાંઈ આચાર્યની ઓછી સ્તુતિ નથી. તેમના બ્રહ્મસૂત્રો પરના ભાષ્યમાં ઉપનિષદોમાંથી બે હજાર ટાંકેલાં જોવા મળે છે.

પોલ ડોયસનની ગણતરી પ્રમાણે ઉપનિષદોમાંથી બે હજાર જેટલાં અવતરણો આચાર્યશ્રીએ વેદાન્તભાષ્યમાં લીધાં છે. (૧) અને એમાં પણ સૌથી મોટી સંખ્યા તો માત્ર છાન્દોગ્ય અને બૃહદારણ્યક ઉપનિષદોમાંથી જ

લીધેલી છે. વળી શંકર પોતાના તથા પોતાના અનુયાયીઓને 'બ્રહ્મવાદિન્' તથા 'ઔપનિષદ' કહે છે. (૨) જે બતાવી આપે છે કે તે ઉપનિષદોનો કેટલો ઋણ સ્વીકાર કરે છે. શંકરની રચનાઓની શૈલી પણ ઉપનિષદની રચનાશૈલીનો પડઘો પાડે છે.

શંકરના બ્રહ્મવાદનું મુખ્ય સ્ત્રોત તો ઉપનિષદો જ છે. તેમના મૂળ તાત્વિક વિચારોને ઘડવામાં ઉપનિષદોનો મોટો ફાળો છે. તેઓ સ્પષ્ટ પણે એમ માને છે કે ઈન્દ્રિયપ્રન્યક્ષથી પર એવું બ્રહ્મજ્ઞાન તો માત્ર ઉપનિષદોના અભ્યાસ દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે. બ્રહ્મસૂત્રો પરના તેમના ભાષ્યમાં પણ તેઓ અનેક સ્થળે એમ કહે છે કે 'પરમાત્માનું જ્ઞાન તો માત્ર ઉપનિષદો જ આપી શકે તેમ છે ' શબ્દ પ્રમાણ જ બ્રહ્મજ્ઞાન માટે મહત્વનું પ્રમાણ છે.' 'હકીકતમાં તો એક જ પરમ સત્ તત્ત્વ છે અને તેનું જ્ઞાન કે તે અદ્વિતીય છે, પરમ સત્ છે, શાશ્વત, નિત્ય છે. વગેરે ઉપનિષદો દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે. ઉપનિષદોમાં સંગ્રહાયેલ જ્ઞાન એ પૂર્ણ જ્ઞાન છે. આ પ્રકારનાં શંકરનાં વિધાનો ઉપનિષદો તરફનો તેમનો આદર અને અહોભાવ સૂચવે છે.

બ્રહ્મસૂત્ર ભાષ્ય ( 1:1:4 ) માં તેઓ ભારપૂર્વક કહે છે કે ઉપનિષદો સિવાય અન્ય ગ્રંથોમાંથી બ્રહ્મવિષયક ખ્યાલ પ્રાપ્ત થવો મુશ્કેલ છે. 'બ્રહ્મએ તો આત્મજ્ઞાનનો વિષય છે અને તે તો આત્મચૈતન્ય દ્વારા જ પ્રાપ્ત થઈ શકે, ઉપનિષદ દ્વારા નહિં એવા પ્રતિપક્ષીના વાંધાને તેમણે બૃહદારણ્યક ઉપનિષદનો હવાલો ટાંકી ( 3:9:26 ) રદિયો આપતાં કહયું છે કે બ્રહ્મવિષયક જ્ઞાન તો ઔપનિષદ છે એટલે કે તે ઉપનિષદમાંથી જ પ્રાપ્ત થઈ શકે. ભગવદ્ગીતા પણ ઉપનિષદોનો જ અવાજ રજૂ કરે છે. અને જે ઉપનિષદોથી વિરુધ્ધ સૂર રજૂ કરતાં શાસ્ત્રો છે તેને પ્રમાણ તરીકે ગણવાં જોઈએ નહિ.

મુખ્ય મુખ્ય ઉપનિષદો તથા તેના દર્શનનો નિચોડ રજૂ કરતાં બ્રહ્મસૂત્રો પર શંકરાચાર્યે ભાષ્ય લખવાનું વિચાર્યું તે જ સૂચવે છે કે તેમને એ ગ્રંથો

વિષે કેટલું માન અને કેવી અદમ્ય શ્રધ્ધા છે  માત્ર ભાસવાસીઓ જ નહિ પણ અન્ય નિદ્વાનો પણ એમ માને છે કે આચાર્યશ્રીનું ઋણ ઉપનિષદો પ્રત્યે ખૂબ જ છે.

શંકરની પોતાની કૃતિઓ જોતાં એમ જણાય છે કે મુખ્ય શ્રુતિગ્રંથો ઉપરાંત મનુસ્મૃતિ, મહાભારત અને શ્રીમદ્ ભગવદ્ગીતા જેવા સ્મૃતિગ્રંથોની પણ તેમના પર અસર પડી છે. કારણ છે આ ગ્રંથોમાંથી તેમણે વારંવાર પોતાની કૃતિઓમાં ઉદહરણો ટાંકેલાં છે. બ્રહ્મસૂત્ર ભાષ્યમાં લગભગ પચાસેક વખત ગીતામાંથી સંદર્ભો મહાભારતના મળે છે અને દસેક મનુસ્મૃતિના છે. આથી એમ માનવાને કારણ મળે છે કે ઉપનિષદો ઉપરાંત પણ અન્ય સ્મૃતિ સાહિત્યની તેમના પર અસર પડી છે.

અતિ નમ્ર ભાવે શંકરાચાર્ય પોતે જ કહે છે કે જે સિદ્ધાંતનું તેઓ નિરૂપણ કરી રહ્યા છે તે વેદ અને ઉપનિષદમાં પ્રથમથી જ જોવા મળવા સિદ્ધાંતો જ છે, એથી વિશેષ કાંઈ નથી. પ્રાચીન કાળથી ચાલી આવતી ઋષિ પરંપરા દ્વારા આપણને જે પ્રાપ્ત થયેલ છે તે જ પુરાતન અને મહત્વપૂર્ણ પરંપરાને જ તેઓ આગળ ધપાવે છે. (૩) તેઓ જાણે છે કે તેમની પહેલાં વેદાન્તસૂત્રો પર અન્ય ભાષ્યકારો થયા છે અને તેનો ઉલ્લેખ પણ તેઓ કરે છે. તેમની પોતાની જે મતભેદ છે તેનાથી પણ તેઓ સુપરિચિત છે. શંકરાચાર્યનું દર્શન એ માત્ર પ્રાચીન દર્શનનો અનુબન્ધ છે કે તેની પુનઃર્યવસ્થા છે, કે પછી એક તદ્ન નવીન વસ્તુ છે તે નકકી કરવું ખરેખર કઠિન છે. જો કે પૌરાણિકથી નવીનને આપણે બિલકુલ અલગ કરી શકતા નથી, કારણ કે પુરાણું એ નવીન છે અને નવીન છે એ પુરાણું છે.

જયાં સુધી પ્રાચીન શાસ્ત્રીય ઉપનિષદોનો સંબંધ છે ત્યાં સુધી તો એમ કહેવું પડશે કે શંકરનો મત તેમની મુખ્ય પ્રવૃતિઓને પ્રસ્તુત કરે છે. જેમ કે આપણે જોઈએ છીએ કે ઉપનિષદોમાં સૃષ્ટિરચના સંબંધમાં કોઈ એક સ્પષ્ટ અને સુસંગત વિચાર રજૂ કરવામાં થયા હતા. વળી વિશ્વ સંબંધી તેમનો મત

એક જ પ્રકારનો હતો એમ ચોકકસપણે કહી શકાય એમ નથી. ઉપનિષદોમાં જેમ એક તરફથી અધ્યાત્મચિંતન ચાલતું હતું તેમ બીજી તરફથી સૃષ્ટિ ચિંતન ચાલતું હતું. આ સૃષ્ટિ કયાંથી અને કેવી રીતે ઉત્પન્ન થઈ ? આ પ્રશ્ન તો ઉપનિષદોથી પણ પ્રાચીનતર કાળમાં ઋગ્વેદસંહિતાના મંત્રોમાં ઉપસ્થિત કરેલો જોવા મળે છે. આ વિચારધારામાં પણ દૃશ્યમાન સૃષ્ટિની વિગતોના વિચારમાં ન પડતાં ઋષિઓનું ચિત્ત એના આદિ કારણને પકડવા મથે છે.

જગતની ઉત્પતિનો ક્રમ ઉપનિષદોમાં ભિન્ન ભિન્ન રીતે વર્ણવાયેલો છે. પણ એ ક્રમને ત્યાં મહત્વ નથી. આપણું મહત્વ તો સર્વના મૂળનું છે અને જગતનાં સામાન્ય તત્ત્વો રૂપે ત્રણ કે પાંચ મહાભૂતો અને એ સર્વના મૂળરૂપ સત્ બ્રહ્મનો નિશ્ચય કરનાર ઉદાલક આદિ ઋષિઓએ 'તત્ત્વમસિ' માં બેય પ્રવાહોનું અદ્વૈત જોયું. ઉપનિષદના આ દ્રષ્ટાઓની પ્રેરક વૃતિ જ્ઞાન માટેના તેમના કુતૂહલની સ્પષ્ટ દ્યોતક છે, અને એ કુતૂહલથી પ્રેરિત આધ્યાત્મિક ચિંતનને તેઓ બ્રહ્મવિદ્યા કે પરાવિદ્યા કહે છે.(૪)

ઉપનિષદોમાં સૃષ્ટિરચના સંબંધમાં કોઈ એ આકાશ, તો કોઈ એ અગ્નિ, તો કોઈએ વળી પ્રાણને પ્રથમ સર્જન માનેલ છે.

પરંતુ આનું સ્પષ્ટીકરણ શંકર એ રીતે આપે છે કે ઉપનિષદોનો હેતુ સૃષ્ટિક્રમના વર્ણનનો છે જ નહિ. તે તો સર્વ વસ્તુના મૂળમાં રહેલા બ્રહ્મનું જ પ્રતિપાદન કરવા માગે છે. શંકર તો ભારપૂર્વક ઉપનિષદોની વ્યાખ્યા એક જ સુસંગત પદ્ધતિથી કરવાનો પ્રયત્ન કરે છે. તેમના મતે ઉપનિષદોમાંથી આપણને જે બ્રહ્મજ્ઞાન મળે છે તે એકસરખું તથા વિરોધ રહિત હોવું જોઈએ વળી ઉપનિષદોનાં જે વિદ્યાનો પરસ્પર ભિન્ન જણાતાં હોય તેમાં એકવાકયતા સ્થાપવાનો શંકર પ્રયત્ન કરે છે.

**નિર્ગુણ–સગુણના ભેદ સૃષ્ટિક્રિયા ઉપર પણ સ્વાભાવિક જ અસર કરી છે. ઉપનિષદોની સૃષ્ટિક્રિયામાં**

यतो वा इमानि भूतानि जायन्ते (५)
तस्माद् वा ण्तस्मात् आत्मनः आकाशः संभूतः ।

**વગેરે વચનોમાં સૃષ્ટિ મૂળ કારણમાંથી સ્વાભાવિક રીતે ઉત્પન્ન થતી હોવાનું સૂચન છે. ત્યારે બીજા એવા પણ '**

स ईक्षत लाकान्नु सृजाइति (६)

**આદિ વચનો છે કે જેમાં પૌરુષેય ઈચ્છાનું સૂચન છે બૃહદારણ્યક ઉપનિષદમાં કહ્યુ છે કે ' પહેલાં પુરુષવિદ્ય આત્મા એકાકી હતો ત્યારે એને ગમતું ન હતું માટે તેણે બીજાની ઈચ્છા કરી.' આવી સૃષ્ટિની આરંભની કલ્પના કરી છે. ગૌડપાદે વેદાન્તને અમાન્ય સૃષ્ટિપ્રયોજનનો ગણાવતાં આ 'ક્રીડા માટે ' નો નિર્દેશ કર્યો છે.**

**આદિ, મધ્ય અને અન્ત એમ ગમે તે જોશો તો પણ સર્વ ઉપનિષદો પ્રધાનતયા બ્રહ્મનું નિરૂપણ કરતાં જણાય છે. આ બ્રહ્મ એ જ સર્વનું મૂળ છે. આદિ સ્ત્રોત છે, વિશ્વાત્મા છે. જે સત્ છે તેનું જ આકલન કરવું : તેની જ શોધ કરવી એજ ઉપનિષદોનો કેન્દ્રવર્તી વિષય રહ્યો છે. ઉપનિષદોનું શિક્ષણ મુખ્યતઃ એક તત્ત્વવાદી કે અદ્વૈતવાદી છે.**

**ઉપનિષદોમાં પરમ સત્‌ના સ્વરૂપની બાબતમાં નિર્ગુણ તથા સગુણ એમ બે પ્રકારનાં પરસ્પર વિરોધી વર્ણનો જોવા મળે છે. શંકર તેમાં પરાવિદ્યા ( ઉચ્ચ કક્ષાનું જ્ઞાન) અને અપરાવિદ્યા (નિમ્ન કક્ષાનું જ્ઞાન) ના ભેદ દ્વારા સમન્વય સ્થાપે છે. પરા તથા અપરાવિદ્યા વચ્ચેનો ભેદ ઉપનિષદોમાં પણ જોવા મળે છે. જોકે આ પ્રકારનો ભેદ બે સ્થળે ઉપનિષદોમાં શંકરના મત પ્રમાણેનો જ નથી તો પણ શંકરની વ્યાખ્યામાં એ સહાયક નીવડે છે. ઈશોપનિષદમાં બ્રહ્મ સંબંધમાં પરસ્પર વિરોધી વિધાનો રજૂ થયાં છે. જેમ કે ' તે**

ગતિહીન છે, છતાં પવનથી પણ વધુ ઝડપી છે.' શંકરને મન આમાં વિરોધ નથી કારણ કે તે બ્રહ્મને નિર્વિશેષ અને સવિશેષ એમ બે વિવિધ સ્વરૂપ જોવાનો પ્રયત્ન છે. મુકતાત્માની ર્દષ્ટિએ બ્રહ્મ નિર્વિશેષ છે : જયારે માયાના બંધનમાં ફસાયેલી જીવાત્માની ર્દષ્ટિએ બ્રહ્મસ સગુણ છે અને આ વિશ્વનો રચયિતા છે, જગતનું કારણ છે મોક્ષને જીવ–બ્રહ્મ તાદાત્મ્ય રૂપે કે સાયુજય રૂપે વર્ણવતાં વિધાનોમાં પણ શંકર સમન્વય સાધે છે. પ્રાચીન ઉપનિષદોમાં જો કે શંકરનો 'માયા' નો સિદ્ધાંત વ્યવસ્થિત રૂપે જોવા મળતો નથી છતાં કઠ, પ્રશ્ન, છાંદોગ્ય વગેરે ઉપનિષદોમાં તેનો નિર્દેશ જોવા મળે છે. આથી માયાનો સિદ્ધાંત ઉપનિષદોના મતનો શંકર દ્વારા કુશાગ્રબુદ્ધિથી કરવામાં આવેલો વિકાસ ગણી શકાય.

બૃહદારણ્યક ઉપનિષદની પ્રાર્થના કે જેમં 'અસત્માંથી સત્ તરફ' તથા ' અંધકારમાંથી પ્રકાશ તરફ' લઈ જવાની વાત છે, તે માયાના સિદ્ધાંતનું જ આડકતરુ સૂચન છે. વળી શ્વેતાશ્વર પણ માયાને પ્રકૃતિ અને માયિન્ન મહેશ્વર માનવાની વાત કરે છે. 'અવિદ્યા' (અજ્ઞાન) શબ્દ કઠોપનિષદમાં આવે છે. (૭) જો કે તેનો પ્રયોગ માણસનાં શ્રેયવિષયક ધ્યેયના અજ્ઞાનના સામાન્ય અર્થમાં છે, જયારે 'અવિદ્યા' નો ખ્યાલ શાંકરવેદાન્તમાં ખૂબ મહત્વનું સ્થાન ધરાવે છે.

શંકરના બ્રહ્મવાદમાં પ્રતિપાદિન બધા મુખ્ય વિષયો કે જ ઉપનિષદોમાં નિરૂપાયેલા જોવા મળે છે તે ટુંકમાં નીચે પ્રમાણે મૂકી શકાય.

(૧) સત્ ચિત્ અને આનન્દરૂપ એક અને અદ્વિતીય એવા બ્રહ્મતત્ત્વની કલ્પના

(૨) આત્મા અને પરમાત્મા (બ્રહ્મ) વચ્ચેનો તાદાત્મ્ય સંબંધ

(૩) બ્રહ્મ તથા જગત વિષેના બે પ્રકારના મતો અને તેમાં જણાતું સામ્ય, જેમ કે બ્રહ્મની નિર્ગુણ તથા સગુણ તરીકેની કલ્પના અને જગતને સત્ તથા અસત્ માનવાની વૃતિ.

(૪) જીવનના સર્વોચ્ચ ધ્યેય તરીકે આત્મા કે પરમાત્માનો આવિષકાર.

(૫) મોક્ષના એકમાત્ર પ્રત્યક્ષ સાધન તરીકે જ્ઞાનમાર્ગનો સ્વીકાર : જ્ઞાનને શાશ્વત અને પરિણામે બ્રહ્મરૂપ માનવું તે.

(૬) જ્ઞાનનાં વિવિધ પ્રરૂપો શુદ્ધ જ્ઞાન કે ચૈતન્યને લાગુ ન પાડવા તથા શુદ્ધ આત્મા એટલે જ ચિત્‌રૂપ આત્મા એવું દૃઢ મંતવ્ય.

(૭) કર્મના સિદ્ધાંતનો સ્વીકાર, પરંતુ અંતે તો નૈતિક તથા આધ્યાત્મિક તૈયારીને જ મહત્વ.

## 3.2 બ્રહ્મસૂત્રોનાં વિવિધ ભાષ્યો અને અર્થઘટન

### ❖ વેદાન્તસૂત્રો અથવા બ્રહ્મસૂત્રો :–

પરંપરાં મુજબ એમ મનાય છે કે બાદરાયણ વ્યાસ એ જ બ્રહ્મસૂત્રો કે વેદાન્તસૂત્રોના રચયિતા છે. આ બ્રહ્મસૂત્રોમાં આપણને દાર્શનિક સંકલનનો પહેલો પ્રયત્ન જોવા મળે છે. ઉપનિષદ, ગીતા આદિમાં પ્રગટ થયેલા વિચારોનો આધાર લઈને બ્રહ્મસૂત્રકાર પોતાનું દર્શન રચે છે. બ્રહ્મસૂત્રની સમગ્ર જોતાં તે ઉપનિષદ – વચનોમાંથી પરસ્પર – અવિરુદ્ધ એવો સંકલિત વાદ કાઢવાના પ્રયત્ન રૂપ છે.

### ❖ સૂત્રનું લક્ષણ :–

જે થોડા અક્ષરોવાળું, સંશયરહિત, સ્વવિષયમાં સાર–સભર, તથા વ્યાપક રીતે લાગુ પડતું, અર્થની રુકાવટ વગરનું, દોષરહિત જે ટુંકુ વાકય હોય તેને સૂત્રના જાણકારો 'સૂત્ર' કહે છે.

अल्याक्षरम्सदिग्धं साखद् विश्वतोडमुखम् ।

अस्तोभमनवद्यं च सूत्रविदो विदुः ।।

આમા 'અસંદિગ્ધ' અને અર્થની રુકાવટ વગરનું' એ બે વિશેષણો ભલે કદાચ સૂત્રનો આદર્શ સૂચવતાં હશે પણ મોટે ભાગે તો આ બ્રહ્મસૂત્રોના અર્થની બાબતમાં સંદેહ અને રુકાવટ – અડચણ ડગલેને પગલે અનુભવાય છે. જો બ્રહ્મસૂત્રો સંદેહ કે અડચણ વગરનાં હોય તો જુદા જુદા વાદો તેમાંથી તારવી શકાત નહિ.

શ્રી વાચસ્પતિ મિશ્ર સૂત્રની વ્યાખ્યા આપતાં લખે છે કે ' જે નાનાં હોય, જેમાં અર્થ સ્પષ્ટ નહિ પણ સૂચિત હોય, જે બધી રીતે સારરૂપ હોય તેને વિદ્વાનો સૂત્રો કહે છે. ' ઘણા અર્થનાં સૂચનને લીધે જ સૂત્ર બને છે.

શ્રી આનન્દગિરિ પણ કહે છે કે આ સૂત્ર હોવાથી એ અનેક અર્થને સૂચવનાર હોય છે આ સૂત્રોના અર્થને સ્પષ્ટ કરવા જ તેના પર ભાષ્યો રચાયાં છે.

### ❖ ભાષ્યની વ્યાખ્યા :–

જેમાં સૂત્રના અર્થનું વર્ણન હોય, તે વર્ણા સૂત્રને અનુસરતાં વાકયો દ્વારા કરવામાં આવે, ટીકાકાર પોતે ટીકામાં લખેલાં પદોનું પણ વર્ણન કરે તેવા લેખનપ્રકારને ભાષ્યના જાણકારો ભાષ્ય કહે છે.

ભાષ્યોની મદદ વગર સૂત્રોનો અર્થ કરવા કઠિન છે. બાદરાયણ મુનિનાં બ્રહ્મસૂત્રો ઉપર શંકરાચાર્યના પુરાગામી તથા અનુગામી અનેક આચાર્યોએ ભાષ્યો રચ્યાં હતા, જે નીચેના કોઠા દ્વારા સ્પષ્ટ થશે.

| **સમય** | **કર્તા** | **ભાષ્ય** | **દાર્શનિકમત** |
| --- | --- | --- | --- |
| **ઈ.સ.** 788-820 | **શંકરાચાર્ય** | **શારીરિકભાષ્ય** | **કેવલાદ્વૈત** |
| **ઈ.સ.** 1000 | **ભટ્ટ ભાસ્કર** | **ભાસ્કરભાષ્ય** | **ભેદાભેદ** |
| **ઈ.સ.** 1140 | **રામાનુજ** | **શ્રી ભાષ્ય** | **વિશિષ્ટિાદ્વૈત** |
| **ઈ.સ.** 1238 | **મધ્વાચાર્ય** | **પૂર્ણપ્રજ્ઞભાષ્ય** | **દ્વૈત** |
| **ઈ.સ.** 1250 | **નિમ્બાર્ક** | **વેદાન્ત પારિજાત** | **દ્વૈતા દ્વૈત** |
| **ઈ.સ.** 1270 | **શ્રી કંઠ** | **શૈવભાષ્ય** | **સૈવવિશિષ્ટાદ્વૈત** |
| **ઈ.સ.** 1400 | **શ્રીપતિ** | **શ્રીકરભાષ્ય** | **વીર શૈવવિશિષ્ટા દ્વૈત** |
| **ઈ.સ.** 1479-1544 | **વલ્લભાચાર્ય** | **અણુભાષ્ય** | **શુદ્ધાદ્વૈત** |
| **ઈ.સ.** 1600 | **વિજ્ઞાનભિક્ષુ** | **વિજ્ઞાનામૃત** | **અવિભાગા દ્વૈત** |
| **ઈ.સ.** 1725 | **બલદેવ** | **ગોવિન્દભાષ્ય** | **અચિન્ત્યભેદા ભેદ** |

**બ્રહ્મસૂત્રોમાં પ્રાપ્ત થતાં સૂત્રોની સંખ્યા બાબત ભાષ્યકારોમાં મતભેદ છે જે નીચેના કોઠા પરથી સ્પષ્ટ થશે.**

| **આચાર્યનું નામ** | **સૂત્રોની સંખ્યા** |
| --- | --- |
| **શંકર** | 555 |
| **રામાનુજ** | 545 |
| **વલ્લભ** | 555 |
| **ભાસ્કર** | 547 |
| **નિમ્બાર્ક** | 549 |
| **શ્રી કંઠ** | 545 |
| **બલદેવ** | 556 |
| **વિજ્ઞાનભિક્ષુ** | 556 |
| **મધ્વ** | 562 |

## ❖ શંકરાચાર્ય દ્વારા બ્રહ્મસૂત્રોનું અર્થઘટન :–

આધુનિક વિદ્વાનોમાં એક એવો ચોકકસ મત પ્રચલિત છે કે શંકરાચાર્યની તત્ત્વમીમાંસાનું જમા પાસું ગમે તેટલું સદ્દર હોય અથવા તો ઉપનિષદના સર્વ સિદ્ધાંતને ભલે ગમે તેટલા વિશદ કરી તેમણે સમજાવ્યા હોય તો પણ તેઓશ્રી બાદરાયણના બ્રહ્મસૂત્રોના તેમના અર્થઘટનમાં બાદરાયણના મતને પૂર્ણપણે વફાદાર રહ્યા નથી. આ વિદ્વાનોના મતે બારાયણને પરબ્રહ્મ તથા અપરબ્રહ્મનો ખ્યાલ નથી. વળી તેને પરાવિદ્યા કે અપરાવિદ્યાનો પણ ખ્યાલ નથીઃ વળી બાદરાયણ મયાના સિદ્ધાંતથી પણ અજ્ઞાત છે અને પરિણામે તેઓ જગતને અસત્ કહેતા નથી. ઊલટું તેઓ બ્રહ્મ પરિણામવાદને પુષ્ટિ આપતા હોય એમ જણાય છે. વળી બાદરાયણનાં સૂત્રો જોતાં તેમાં જીવ અને બ્રહ્મ જોડે પૂર્ણ તાદાત્મ્યનો સંબંધ છે તેમ પણ ફલિત થતું નથી. ટુંકમાં તેમનું માનવું એમ છે કે બાદરાયણનો સેશ્વરવાદ છે અને શંકરના કેવલાદ્વૈત કરતાં રામાનુજ અને નિમ્બાર્કના મતને તે વધુ મળતો આવે છે.

જો કે આ પ્રકારનું મંતવ્ય કાંઈ નવીન નથી. બ્રહ્મસૂત્ર પરના ભાષ્યની શરૂઆતમાં ભાસ્કરાચાર્યે પણ શંકર પર આ પ્રકારના આરોપો મૂકયા છે. પરંતુ આથી ઉલટું આપણે ભકિતસૂત્રોના રચયિતા શાંડિલ્ય મુનિનો મત મૂકી શકીએ કે જેઓના મતે બાદરાપણ એકતત્ત્વવાદી છે.

આ પરથી એમ જણાય છે કે સૂત્રકાળ જેટલા પુરાણા કાળમાં પણ બાષ્યપણ અભેદવાદી હતા. એવો મત પ્રચલિત હતો. જો કે આવા મતભેદોની વિગતે ચર્ચા કરવી અહીં શકય નથી તોપણ ચર્ચાના મુખ્ય મુદ્દાઓ આપણે જોઈએ અને એ નકકી કરવા પ્રયત્ન કરીએ કે શંકરાચાર્ય પર મૂકેલા આરોપો ન્યાયી છે કે કેમ ? સર્વ પ્રથમ એ સ્વીકારી લઈએ કે શંકરનું અર્થધટન કદાચ સર્વાંશે સત્યન હોય તો પણ તેના ભાષ્યની તે ખામી નથી. કારણ કે અન્ય ભાષ્યોમાં પણ આ પ્રકારની ખામીઓ નજરે ચઢે છે. વળી ભાષ્યના શબ્દાર્થને અક્ષરશઃ વળગી

રહેવાને બદલે તેનો ભાવ પણ પકડવો જોઈએ કારણ જે અક્ષરશઃ અર્થઘટન કરવા જતાં સમગ્ર કૃતિનો સર્વમાન્ય જે આશય છે તે ન પણ પકડાય.

સર્વપ્રથમ બાદરાયણ મુનિ તેમના સૂત્ર નં. 2 માં બ્રહ્મની જે વ્યાખ્યા આપે છે તે જોઈએ. પહેલા સૂત્રમાં બ્રહ્મને જાણવાની જિજ્ઞાસાની વાત છે કારણ કે બ્રહ્મજ્ઞાન દ્વારા જ મુકિત પ્રાપ્ત થવી શકય છે અને ત્યાર પછીના સૂત્રમાં જેમાંથી આ જગતના (માયિક) જન્માદિ થાય છે તે જ બ્રહ્મ છે એમ કહ્યું છે. જે બહ્મના જ્ઞાન થકી મુકિત પ્રાપ્ત થવી શકય છે એવા બ્રહ્મની આ વ્યાખ્યા થઈ. આથી અહીં શંકરાચાર્યનું નિર્ગુણ બ્રહ્મની વાત છે એમ ફલિત થાય છે. આથી સૂત્રકાર પ્રારંભમાં જાણે કે એમ દર્શાવવા માગે છે કે તેમનું બ્રહ્મ નિર્ગુણ નહિ પણ સગુણ છે. જશ ઊંડાણથી આ હકીકત તપાસીએ.

જન્માદિમાં 'આદિ' શબ્દ વડે સ્થિતિ અને લય પણ બતાવ્યાં છે. જગતનાં ઉત્ત્પતિ, સ્થિતિ અને લય એ ત્રણે બ્રહ્મમાંથી જ થતાં બતાવ્યાં છે. આ પ્રકારનું મંતવ્ય શ્રુતિસંમત છે કારણ કે તૈત્તરીય, બ્રશદારણ્યક તથા છાન્દોગ્ય ઉપનિષદમાં પણ આ પ્રકારનાં મંતવ્યો છે. જગતનાં આ જન્માદિ વસ્તુતઃ નથી પણ જગતનો આવો આવિર્ભાવ ભોકતાની અપેક્ષાએ 'માયિક' છે એમ બૃહદાઅરણ્યક ઉપનિષદ તથા શ્વેતાશ્વતર ઉપનિષદ પણ કહે છે. શ્રુતિ પોતે જ ઈશ્વરને આવાં ઉત્ત્પતિ આદિને 'માયા'થી કરતો બતાવે છે. મતલબ કે બ્રહ્મ એ જગતનું ઉપાદાન કારણ અને અધિષ્ઠાન છે અને ભિન્ન દેખાતા કાર્યકારણનું અનન્યત્વ જે છે એમ સૂત્રકારે પણ ( 2: 1 : 14 ) બતાવ્યું છે. બ્રહ્મની જગતરૂપે થવાની એવી શકિતને શ્વેતાશ્વતર ઉપનિષદ્માં 'માયા' કહી છે, અને તેના પ્રેરક દેવને 'માયિન્' કહયો છે. ભગવદ્ગીતામાં પણ જગતની ઉત્પત્તિના સંબંધમાં બધે સ્પષ્ટપણે માયાનો જ સ્વીકાર કર્યો છે. (૮) ગૌડપાદાચાર્ય પણ આ જગતની વિવિધતાવાળી ઉત્ત્પતિ વસ્તુતઃ ઈન્દ્રજાળ જેવી અથવા તો સ્વપ્નાની મિથ્યા જાળ

જેવી, જૂઠી જ છે એમ કહે છે અને અજન્મ, અચલ, પરમાત્માસત્ વિણાન જ બ્રહ્મ છે અને તે નિર્વિકાર શાંત અને અરૂપ છે એમ કહે છે.

શંકરાચાર્યનો પણ આ પ્રકારનો મત છે જે તેમણે પોતાના ભાષ્યમાં સ્થળે સ્થળે સ્પષ્ટ જણાવ્યો છે. (૯)

છતાં એક પ્રશ્ન એમ ઉઠાવી શકાય કે બ્રહ્મની સચ્ચિદાનંદ એવી સાંધી વ્યાખ્યા આપવાને બદલે સૂત્રકારે આમ આડકતરી વ્યાખ્યા કેમ આપી હશે ? આ પ્રશ્નોના શકય ઉત્તર એ છે કે સૂત્રકાર અહીં નિમ્ન તરફથી ઉચ્ચ તરફ, સ્થૂળ તરફથી સૂક્ષ્મ તરફ ક્રમે ક્રમે લઈ જાય છે. શિષ્યને ઉપદેશ આપવાની ગુરુની આ સર્વસ્વીકાર્ય પદ્ધતિ છે. જેમ ઝાડીમાં રહેલો ચન્દ્ર બાળકને બતાવવો હોય તો પહેલાં તો ઝાડની ડાળીપર તેનું ધ્યાન કેન્દ્રિત કરાવવું પડે છે. આથી પ્રથમ તેને (બ્રહ્મને) જગતકારણ દર્શાવી પછી અંતર્યામી તે જ બ્રહ્મ છે એમ કહ્યું છે.

## 3.3 શાંકરવેદાંતમાં બ્રહ્મ :–

➢ **નિરપેક્ષ સત્ તત્ત્વનું સ્વરૂપ : –**

શાશ્વતના સાધકોમાં શંકરાચાર્ય અગ્રગણ્ય તેમની તત્ત્વવિદ્યાનું હાર્દ સંસ્કૃતના એક અર્ધા શ્લોકમાં નીચે પ્રમાણે વ્યકત થાય છે.

' ब्रह्म सत्यम् जगन्मिथ्या जीवो ब्रह्मैव नापर : '

કેટલાક વિદ્વાનો આ શ્લોકના બીજા ચરણમાં નીચેની પંકિત ઉમેરે છે :

' इति यस्य दृठा बुद्धिः स मुक्तो नात्र संशयः '

નો કોઈ વળી તેના પહેલા ચરણમાં નીચેની પંકિત ઉમેરે છે :

' श्लोकार्धेन प्रवक्ष्यामि यदुक्तं ग्रन्थकोटिमि : '

સંસ્કૃત ભાષાનું સામાન્ય જ્ઞાન ધરાવતા કોઈપણ માણસને આ શ્લોકનું તાત્પર્ય સમજાઈ જાય તેવું છે. વધારે મહત્વનો અને કેન્દ્રીય વિચાર તો એ જ છે કે 'બ્રહ્મ સત્ય છે અને જીવ એ બીજું કશું નથી પણ બ્રહ્મ જ છે ' –

આ શ્લોક શંકરાચાર્યના નામે ચઢાવાયો છે પણ સ્વયં તેઓએ કયાંય તેમના પ્રસિધ્ધ ગ્રંથોમાં તે જણાવ્યો હોય તેવું જાણમાં નથી. પરંતુ એનું માધુર્ય જોતાં, તથા

એમાં ઘણું ગહન સત્ય બહુ સુંદર રીતે સમાવી દીધું છે એ જોતાં, એ શંકરાચાર્યનો હોય એ પણ સંભવિત છે.

## ➢ 'બ્રહ્મ' નિરૂપણ : –

'બ્રહ્મ' શબ્દ મૂળ बृह् –વધવું, ધાતુ પરથી ઊતરી આવેલો છે. બ્રહ્મ શબ્દના ધાત્વર્થ પરથી તેનો અર્થ નિરચિશહા (અનંત) મોટી વસ્તુ એવો થાય છે. શબ્દની વ્યુત્પતિની દ્ષ્ટીએ જોતાં બ્રહ્મનો અર્થ, બૃહદ્ થતાં થતાં, વિસ્તરતાં વિસ્તરતાં વધુ વિસ્તાર માટે અવકાશ જ ન રહે એવી અધિકાધિક વિસ્તૃત બૃહત્તમ સ્થિતિ એવો છે. વેદોમાં કહ્યું છે : ' બ્રહ્મ ' ફકત વિશ્વવ્યાપક નથી, વિશ્વથીયે વધુ વ્યાપક છે. વ્યકત સૃષ્ટિને વ્યાપ્ત કર્યા પછી પણ તે તો દશ આંગળ વધે છે. આ દશ આંગળ એ તો માત્ર આલંકારિક શબ્દપ્રયોગ છે. ભાવાર્થ એ છે કે માણસનું મન જે બૃહદ્‌ની કલ્પના કરી શકે તેથી અનેકગણું એ બૃહદ્ છે. રત્નપ્રભા ટીકા અનુસાર તે વૃદ્ધિરહિત મહત્ સ્વરૂપ છે. કારણ કે બ્રહ્મના સ્વશ્પમાં સંકોચનો અભાવ છે.

'બ્રહ્મ' એટલે મહત્તમ, સર્વને પોતાનામાં સમાવનાર તેમ જ તે સર્વને પણ સમાવનાર તથા સર્વમાં વ્યાપેલું જે 'તત્ત્વ' છે, જેને પોતાને પોતે સિવાય બીજું કશું જ જાણી શકતું નથી તે, આત્મા તત્ત્વ, પરમ ચૈતન્ય, પરમ

આત્મા, વિભુ : જેના વડે સર્વ કંઈ જણાય છે તથા થાય છે તે : તત્ત્વ લૌકિક મનવાણીને અગોચર છે. કેન ઉપનિષદમાં (૧૦) કહેલ છે કે ' જેને તમે બ્રહ્મરૂપે પૂજો છો તે ખરેખર બ્રહ્મ નથી : જે સાચું બ્રહ્મ છે, તેને વાણી, શ્રોત્ર, ચક્ષુ, પ્રાણ અને મન આ પાંચે દિવ્ય શકિતઓ યથાર્થરૂપે જાણતી નથી. નિષ્પ્રપંચ અસંગ, પરિપૂર્ણ અને ચૈતન્ય એમ ચતુર્વિધ એનું સ્વરૂપ વર્ણવાય છે. મનુષ્ય માત્રનું છેવટનું મૂળ સ્વરૂપ કે જેની પ્રાપ્તિ પછી બીજું કશું પ્રાપ્ત કરવાનું બાકી રહે જ નહિ તે બ્રહ્મ છે. બ્રહ્મ કોઈ જાતિ નથી, કારણ કે ' સત્ ' વગેરે શબ્દો તેને માટે વાપરી શકાતા નથી. તે ગુણયુકત નથી કારણ કે નિર્ગુણ છે, અને ગુણવાચી શબ્દોથી તેનો નિર્દેશ થતો નથી. તે જ પ્રમાણે ક્રિયા નિર્દેશક શબ્દોથી પણ તેનું નિરૂપણ થઈ શકે તેમ નથી. કારણ કે તે નિષ્ક્રિય છે. (૧૧) તે જાણેલાં અને નહિ જાણેલાંથી પણ જુદું છે. અને જન્મ, નિદ્રા, સ્થાન, નામ, રૂપ એમાનું કશુંય નથી.

એ સર્વદા વિશેષપણે ભાસમાન અને સર્વજ્ઞ છે : એને કશી ક્રિયા કરવાની છે નહિ : બ્રહ્મને યથાર્થસત્તા કહેવાનું તાત્પર્ય એ છે કે તે પ્રતીતિ રૂપ દૈશિક, ભૌતિક તેમજ ચેતન જગત બધાંથી ભિન્ન છે.

ડૉ. રાધાકૃષ્ણન્ કહે છે કે નિરપેક્ષ આત્યંતિક સત્ય માટે સંસ્કૃત શબ્દ ' બ્રહ્મ ' છે. તે સાધ્ય અને સાધન બેઉનો વાચક છે. પ્રેરક આદર્શ અને એની પ્રાપ્તિ બેઉને એ સૂચવે છે. આત્માનો પરમાત્માની પ્રાપ્તિ માટે પ્રયત્ન તે પણ બ્રહ્મ કહેવાય છે. માણસમાં રહેલી દિવ્યતાની ભાવના અને દિવ્યતા બંને એ છે : અને એ બેઉ અર્થો એકમેકમાં મળી જાય છે. બ્રહ્મને ' સત્ ' કે 'અસત્' બેમાંથી એક પણ રીતે કળી શકાતું નથી, કેમક. તે સત્ અને અસતના દ્વન્દ્વથી પર છે બ્રહ્મએ સત્ નથી, કારણ કે પ્રકૃતિ, પરમાણુ વગેરેને છે તે પ્રકારની હસ્તી તેને નથી. તે અસત્ પણ નથી, કારણ કે શૂન્યનો જેવો અભાવ છે તેવો બ્રહ્મનો અભાવ નથી. આચાર્યશ્રીના મતે ઉપનિષદોમાં વર્ણવેલ બ્રહ્મનું સ્વરૂપ પણ આ પ્રકારનું જ છે. ઉપાધિ શૂન્ય બ્રહ્મ શાંત,અનંત, એક અને અદ્વિતીય તેમજ નિત્ય છે. (૧૨)

સહેલાઈથી તે જાણી શકાતું નથી. આપના ગુજરાતી જ્ઞાની અને ભકત કવિઓએ આપ નિર્ગુણ બ્રહ્મનું નિરૂપણ બહુ સુંદર રીતે કર્યુ છે.

## બ્રહ્મનું લક્ષણ :–

સદ્‌વસ્તુને આચાર્યશ્રીએ ચિતરૂપ, આનંદરૂપ, જ્ઞાનરૂપ તથા અનંત કરી છે. બ્રહ્મને આ પ્રકારનાં જે લક્ષણો લાગુ પાડવામાં આવ્યાં છે તે શ્રુતિસંમત છે. લક્ષણ તથા તેના શાસ્ત્રસંમત પ્રકારો વિશે નિરૂપણ કરીએ. જે ગુણ કે ધર્મ પોતાના લક્ષ્ય સિવાય બીજે રહે નહિ તેવો ગુણ તેને અસાધારણ ધર્મ કહે છે. વસ્તુની જાતિ તથા તેનો અસાધારણ ધર્મ કહે છે. વસ્તુની જાતિ તથા તેનો અસાધારણ ધર્મ મળી તેનું લક્ષણ બંધાય છે એવું પ્રાચીન ગ્રીક ફિલસૂફ એરિસ્ટોટલનું મંતવ્ય પ્રચલિત છે. લક્ષણને તે જ્ઞાનપ્રાપ્તિ માટે અતિ આવશ્યક માને છે. (૧૩) બ્રહ્મનું આવું કોઈ લક્ષણ આપી શકાય કે કેમ તે જોવું જરૂરી છે. વેદાન્ત પરિભાષા મુજબ જોઈએ તો લક્ષણના પ્રકારો બે જોવા મળે છે.

(૧) સ્વરૂપલક્ષણ (૨) તટસ્થ લક્ષણ

(૧) જે લક્ષણને પદાર્થમાંથી દૂર કરવામાં આવતાં મૂળ પદાર્થ જ રહેતો નથી તેને સ્વરૂપ લક્ષણ કહે છે. ઉદાહરણ તરીકે સચ્ચિદાનંદ બ્રહ્મ, સત્ય, જ્ઞાન અનંત બ્રહ્મ વગેરે.

(૨) જે લક્ષણ સ્થાયી નથી પરંતુ બદલાયા કરતું હોય છે તેને તટસ્થ લક્ષણ કહે છે. ઉદાહરણ તરીકે જેમાંથી સૃષ્ટિની ઉત્પતિ, સ્થિતિ અને લય થાય છે. તે (૧૪) જગત કર્તૃત્વ એ તો બ્રહ્મનો ઔપાધિક ગુણ છે, સ્વરૂપ ગુણ નથી.

શાશ્વત સત્તા, જ્ઞાન અને આનંદ એ બ્રહ્મનું સ્વરૂપ છે. શ્રુતિમાં કે જયાં બ્રહ્મને સત્ય, જ્ઞાન અને અનંતરૂપે વર્ણવ્યું છે, ત્યાં 'સત્ય' શબ્દ એમ સૂચવે છે. કે એ તત્ત્વનો આપણને અપરોક્ષ અનુભવ થતો હોઈ તેની હસ્તી

નિશ્ચત અને નિઃસંદેહ છે : 'જ્ઞાન' શબ્દ એમ સૂચવે છે કે તત્ત્વ ચૈતન્યરૂપ છે : ' અનંત' શબ્દ એમ સૂચવે છે કે તત્ત્વ સર્વગ્રાહી અપરિમિત છે. આમ સત્ય, જ્ઞાન, વગેરે શબ્દો બ્રહ્મનાં વિશેષણો નથી પણ સ્વરૂપ લક્ષણો છે. નૈયાયિકો તથા રામાનુજ વગેરે 'જ્ઞાન' ને બ્રહ્મનો ઔપાધિક ગુણ માને છે. બ્રહ્મ તેમને મન જ્ઞાનગુણાશ્રય છે. કૈવલાદ્વૈતમાં 'જ્ઞાન' એ બ્રહ્મનું સારભૂત તત્ત્વ છે અને જ્ઞાતા, જ્ઞેય કે જ્ઞાન એવો કોઈ ભેદ આચાર્યશ્રીના મતે બ્રહ્મમાં સંભવતો નથી.

અહીં એક વસ્તુ સ્પષ્ટ કરી લેવી આવશ્યક છે કે બ્રહ્મના સ્વરૂપને વર્ણવવાની આ રીતે પણ માનવબુદ્ધિને બ્રહ્મની વિશેષતા અને સર્વાત્મતા સમજાવવા માટે જ છે. વસ્તુતઃ બ્રહ્મ અવર્ણ્ય છે. વર્ણન કરનાર સ્વયં જ બ્રહ્મ છે. જેમ આંખ સર્વ કાંઈ જોઈ શકે છે, પણ પોતાને જોઈ શકતી નથી. અહીસામાં આપણે જોઈએ છીએ તો તે મૂળ બિંદુનું પ્રતિબિંબ માત્ર છે તેમ જીવપણ સ્વ–સ્વરૂપ એવા બ્રહ્મને જોઈ કે વર્ણવી શકતો નથી. પ્રા.હિરિયાણ્ણા કહે છે તેમ 'અદ્વૈત સંમત પરમ સત્ યા બ્રહ્મ માત્ર અનિર્વચનીય જ નથી, તે અજ્ઞેય પણ છે : કેમ કે જે ક્ષણે તેને જ્ઞાનનો વિષય બનાવવામાં આવે તે જ ક્ષણે તે 'જ્ઞાતા' જોડે સંબંદ્ધ થઈ જવાથી 'સગુણ' બની જાય છે.

ડોયસન માને છે કે સચ્ચિદાનંદ તરીકે બ્રહ્મનું વર્ણન શંકરાચાર્યના કોઈ ભાષ્યમાં જોવા મળતું નથી. કદાચ આ લક્ષણ તેમના ધ્યાનમાં આવતું જ નથી એમ લાગે છે. બ્રહ્મનું આ પ્રકારનું નિરૂપણ શાંકરવેદાન્ત પછીના ઉત્તરકાળના વેદાન્તીઓમાં થયું હોય એ બનવાજોગ છે. ડોયસનના મંતવ્ય સામે આપણે શાંકરભાષ્ય ( 3 : 3 : 11 ) ટાંકી શકીએ અને તેમનો મત ખોટો છે એમ પુરવાર કરી શકીએ તેમ છીએ.

आनन्दादः प्रधनस्य

થિબોને પણ એમ લાગે છે કે બ્રહ્મની સચ્ચિદાનંદ તરીકેની વ્યાખ્યા છે તે શંકરાચાર્ય પછીના વેદાન્તીઓએ નિરૂપેલ છે અને તે બ્રહ્મસૂત્રની

નિરૂપાયેલ 'જેમાંથી આ જગતનાં જન્માદિ થાય છે તે જ બ્રહ્મ છે ' તેના કરતાં ભિન્ન છે. પરંતુ ખરો મત તો આપણને શ્રી ગોવિન્દાનન્દનો જ જણાય છે કે જેમણે રત્નપ્રભા ટીકા (શા.ભા.3:3:13) માં સ્પષ્ટ જણાવેલ છે કે 'સત્ , ચિત્,આનંદ, આત્મન્ અને બ્રહ્મ આ પાંચે શબ્દો હંમેશા 'સત્'ની વ્યાખ્યમાં સાથે જ જાય છે. બ્રહ્મના સ્વરૂપ નિર્ણયના સંબંધમાં આચાર્ય શંકરે 'બ્રહ્મ પ્રસિદ્ધ છે કે અ–પ્રસિદ્ધ એવી શંકા ઉપસ્થિત કરી છે. 'પ્રસિદ્ધ' શબ્દો દ્વારા અહીં બ્રહ્મના અસ્તિત્ત્વનું જ્ઞાન વિવક્ષિત છે જો બ્રહ્મ પ્રસિદ્ધ હોય તો તેના જ્ઞાનની ઈચ્છા કરવી વ્યર્થ છે અને જો તે અપ્રસિદ્ધ હોય અને તેના અસ્તિત્ત્વનું જ્ઞાન વસ્તુતઃ પ્રાણીને ન હોયતો તે બ્રહ્મના સ્વરૂપ જ્ઞાનની ઈચ્છા જ નિરાધાર છે. આ શંકાનું નિરાકરણ આચાર્યશ્રી એ રીતે કરે છે કે 'બ્રહ્મ પ્રસિદ્ધ છે અને તે નિત્ય શુદ્ધ, મુકતસ્વભાવ, સર્વજ્ઞ અને સર્વશકિતમાન છે.' આથી સિદ્ધ વસ્તુ ' આ છે ' તથા ' આ નથી' એવા વિકલ્પવાળી હોતી નથી. બ્રહ્મને સિદ્ધ કરવા માટે અન્ય પ્રમાણ આવશ્યક નથી. બ્રહ્મની ઉત્પત્તિ હોતી નથી, તે અનાદિ છે.

ફ્રેન્ચ દાર્શનિક દેકાર્ત કહે છે. તેમ એક નિરપેક્ષ યથાર્થ સત્તાના અસ્તિત્ત્વ સ્વીકાર આપણે ન છૂટકે કરવો જ પડે છે. '' જેમ આપણી પરિમિત શકિતનો સ્વીકાર વિવશ બનીને આપણે કરવો જ પડે છે તેમ અનંત અને અનાદિ તથા પૂર્ણસત્તાની ધારણાનો સ્વીકાર કર્યા વગર ચાલી શકે તેમ નથી '' વેદાદિમાં જે ધાર્મિક અનુભવોનું નિરૂપણ થયું છે તે પણ આપણે અનાદિ અને અનન્ત એવી કોઈ યથાર્થ સત્તાની હસ્તી માનવા પ્રેરે છે.

ડૉ.રાધાકૃષ્ણન્_કહે છે તેમ બ્રહ્મ તે ભૂમા, અનન્ત, અન્તિમ તત્ત્વ છે, તે જ સમગ્ર વિશ્વના અણુએ અણુંમાં વ્યાપી રહેલું છે, છતાં મન કે બુદ્ધિ ગ્રહણ કરી શકે એવી એની વ્યાખ્યા આપી શકાતી નથી. તેની જીવતી જાગતી સત્તાનો, તેના અનન્યત્વનો, આ જગતની વસ્તુમાત્ર રૂપી ઉપાધિથી રહિતને તેનાથી સ્વરૂપનું સ્પષ્ટપણે આકલન કરી શકતું નથીઃ અને છતાં તેની સત્તા અર્થાત્

હસ્તીનો સાક્ષાત્કાર થાય છે ત્યારે એટલી સમજ પડે છે કે એ કાળના પ્રવાહથી વિજાતીય એવું કશુંક તત્ત્વ છે.

આપણને તેની જોડે સીધો અર્થાત્ અ–પરોક્ષ સંબંધ હોય છે. આપણી તાત્ત્વિક શોધનું તે અંતિમ ધ્યેય છે. જગતની ઘટમાળથી ઘણું દૂર અને તેની પાર તે પડેલું છે, જોકે તેને લીધે જ જગતની ક્રિયા સાર્થક અને સપ્રયોજન બને છે, ને નિરંતર તેને આધારે જ ટકી રહે છે.

**શંકા :–**

બ્રહ્મને 'આનંદ' અને 'નિત્ય' પણ કેમ કહી શકાય ? અદ્વૈતી કહે છે તેમ બ્રહ્મ જો નિર્વિશેષ શુદ્ધ ચિદ્રૂપ હોય તો પણ તેને કોઈ પણ અર્થમાં 'આનન્દરૂપ' કહી શકાય નહિ. જો 'આનન્દ' નો અર્થ અનુકૂલન વેદનીત્યત્વ એવો કરીએ તો બ્રહ્મ જ્ઞેય વિષય બની જશે, જે અદ્વૈતને સ્વીકાર્ય નથી. વળી આ જ્ઞેયતા માટે તે આનુભવિક છે એમ પણ ન કહી શકાય કારણ કે તો બ્રહ્મનું આનંદત્વ પણ આનુભવિક બની જશે અને તો પછી બ્રહ્મ ખરેખર શુદ્ધ આનંદથી અન્ય કશુંક બની જશે. 'આનન્દ' નો અર્થ આપણે 'દુઃખનિવૃતિરૂપતા' એવો પણ ન કરી શકીએ કારણ કે તો પછી બ્રહ્મ વિધિવાચી (ભાવરૂપ) મટી જશે અને આ વસ્તુ ઉપનિષદોથી વિરૂદ્ધ જશે. સ્વયં અદ્વૈતીના મતે પણ બ્રહ્મ સાક્ષાત્કાર સ્વપ્નરહિત નિદ્રાની માફક ભાવરૂપ સ્થિતિ છે.

વળી એમ પણ કહી શકાશે નહિ કે શુદ્ધ આનંદનું સ્વરૂપ સ્વયં વિજ્ઞાન રૂપ છે (જ્ઞાનાત્મકત્વ) કારણ કે શ્રુતિવચન છે કે

' विज्ञानम् आनन्दम् ब्रह्म –

અહીં બન્નેને ભિન્ન ગણ્યા છે. આમ ગમે તે અર્થમાં જોઈએ તો પણ અવર્ણનીય બ્રહ્મ શુદ્ધ આનંદરૂપ છે એમ સિદ્ધ થતું નથી.

તે જ રીતે બ્રહ્મને 'નિત્ય' પણ કરી શકાય તેમ નથી. અદ્વૈત વેદાન્ત અનુસાર માત્ર બ્રહ્મ જ નિત્ય છે અને કાળ અને અવિદ્યા વગેરે કે જે બ્રહ્મની

ભિન્ન છે તે બધું અનિત્ય છે. બ્રહ્મને નિત્ય કહેલ છે તે કયા અર્થમાં શું ? 'નિત્ય' એટલે સર્વકાલ સત્તા રૂપ ? કે પછી નિત્ય એટલે કાલાવચ્છેદ નિવૃતિરૂપ કે પછી જેનો નાશ થતો નથી તેવું ? કે જેનો કદાપિ બાધ ન થાય તેવું કે જે અક્ષર છે તે ? અથવા તો જેને આદિ કે અંત કશું નથી તેવું ?

જો 'નિત્ય'નો અર્થ સર્વકાળમાં સ્થિતિ એવો કરીએ તો અવિદ્યા પણ નિત્ય ઠરશે તે હંમેશાં કાળ જોડે યુકત હોય છે : મતલબ કે સ્વયં કાળને જ અવિદ્યા જનિત માનવામાં આવે છે. જો એમ દલીલ કરવામાં આવે કે સર્વકાળ સહિત એટલે સર્વકાળમાં હસ્તી ધરાવતું એવું નહિ, તો પછી 'સર્વકાળ' શબ્દને નિત્યની વ્યાખ્યામાં વાપરાવાનો કશો અર્થ જ રહેતો નથી. નિત્યતા એટલે માત્ર 'સત્તા' એવો અર્થ પણ નહિ થાય કારણ કે બ્રહ્મને અન્ય વસ્તુથી ભિન્ન ગણવામાં આ સત્તાનેજ આધાર તરીકે લેવામાં આવે છે (પારમાર્થિક સત્તા, વ્યાવહારિહ સત્તા, પ્રાતિભાસિક સત્તા આદિ) વળી સત્ત એટલે જ નિત્યત્વ એમ પણ ન કહી શકાય કારણ કે બન્ને પદો ભિન્ન છે એમ સ્વીકારેલ છે. આ સંજોગોમાં 'નિત્ય' એટલે 'સર્વકાળમાં હસ્તી ધરાવતું એવું' એવો અર્થ સ્વીકારવાની આપણને ફરજ પડે છે અને પરિણામે આવું નિત્યત્વ બ્રહ્મ ઉપરાંત અવિદ્યાને પણ લાગુ પડયાં બ્રહ્મ અદ્વિતીય રહેતું નથી. વળી નિત્ય એટલે કાળમાં જે અટકતું નથી. (અવિરત) છે એમ પણ ન કહી શકાય કારણ કે તે વ્યાખ્યા સ્વયં કાળને પણ લાગુ પાડી શકાય છે. વળી તેને ધ્વંસાભાવના અર્થમાં પણ ન ઘટાવી શકાય, કારણ કે તેમ કરવાથી ધ્વંસ સ્વયં શાશ્વત બની જશે કારણ કે તે ધ્વંસનો કદાપિ ધ્વંસ થતો નથી. વળી, 'નિત્ય'ને અબાધિતના અર્થમાં પણ ન લઈ શકાય કારણ કે કહેવાતો કોઈ યથાર્થ વિષય આપણા સામાન્ય અનુભવમાં બાધિત થતા નથી. તો પણ આપણે તેને શાશ્વત કે નિત્ય કહેતા નથી.

વળી જેને 'આદિ કે અંત નથી' એવા અર્થમાં પણ 'નિત્ય' શબ્દ લઈ શકાશે નહિ કારણ કે જો તે આનુભવિક આદિ અને અંત હોય તો અને

બ્રહ્મના સંબંધમાં તે સાચું ઠરે તો તે અનિત્ય બની જાય, આથી ઊલટું જો 'યથાર્થ આદિ અને યથાર્થ અંત' એવો અર્થ કરીએ મતલબ કે પારમાર્થિક તો જગત પણ નિત્ય બની જશે કારણ કે જગતને ખરા અર્થમાં આદિ કે અંત નથી એમ અદ્વૈતી માને છે.

વળી 'નિત્યત્વ' એ બ્રહ્મનું સ્વરૂપ જ છે એમ કહીએ તો તે બ્રહ્મ જોડે તદ્રૂપ (તાદાત્મ્યરૂપ) બની જતાં 'બ્રહ્મ નિત્ય છે ' એવું વિધાન બિનજરૂરી ઠરશે. વળી નિત્યતાને જો બ્રહ્મનું લક્ષણ માનીએ તો બ્રહ્મ સ્વરૂપની દૃષ્ટિએ વર્ણનીય કે વ્યાખ્યેય બની જશે. આમ નિર્ગુણ બ્રહ્મને નિત્ય કહી શકાય નહિ.

## ❖ 'નેતિ' , 'નેતિ'નું તાત્પર્ય :–

બ્રહ્મ અનંત છે. તેની પહેલાં અથવા પછી કંઈ જ નથી. આ બ્રહ્મ એક સંખ્યાની દૃષ્ટિએ છે અને તેમાં એકપણું રહેલું છે તે કંઈ સાચીવાત નથી. એક અને એકતા વિષેની આ બધી ધારણાઓ એ આપણા મગજની ઊપજ છે, કારણ કે બ્રહ્મ એક અથવા એકત્વરૂપ નથી, પણ અનંત છે, અને પૂર્ણ છે. એથી તેને અદ્વૈત અથવા અદ્વિતીય કહેવામાં આવ્યું છે. એને કોઈ સંખ્યા અથવા નામ કે રૂપ નથી. બ્રહ્મનું સ્વરૂપ કોઈપણ બૌદ્ધિક બીબામાં ઢાળી શકાય નહિ.(૧૫) એટલે ઉપનિષદમાં તેને 'નેતિ' 'નેતિ' શબ્દ દ્વારા વર્ણવેલ છે. ત્યાં તે બ્રહ્મ સુધી ન તો આંખ પહોંચી શકે છે, કે ન તો વાણી પહોંચી શકે છે. ત્યાં મન પહોંચી શકતું નથી. બ્રહ્મનું સ્વરૂપ 'આવું છે' એમ દર્શાવી શકાય એવું નથી. આપણી બુદ્ધિ દ્વારા પણ તે જાણી શકાય તેમ નથી કે ન તો અન્ય પાસેથી પણ જાણી શકીએ તેમ છીએ. પરંતુ શ્રુતિ અને પૂર્વેના આચાર્યોના અનુભવકથન પરથી એ જાણી શકીએ છીએ.

## બ્રહ્મ શૂન્ય નથી :–

'બ્રહ્મ' ,'આત્મા' વગેરે શબ્દો અદ્વૈત રૂપી સત્‌નો નિર્દેશ કરે છે. બ્રહ્મ દિક્, કાળની મર્યાદાથી પર છે. તેને કોઈ કાર્યકારણનો નિયમ લાગુ પડતો નથી. બુદ્ધિએ કરેલી કલ્પનાઓ અને તેણે પાડેલા ભેદો એને સ્પર્શી શકતા નથી. પણ એટલા કારણસર એ અસત્ છે કે એની હસ્તી જ નથી એમ આપણે માની લઈએ તો એ ભૂલ છે. બ્રહ્મ અવર્ણનીય છે એનો અર્થ એવો નથી કે બ્રહ્મ સ્વયં છે જ નહિ અર્થાત્ તે એક તત્ત્વહીન, રિકતતા કે શૂન્ય છે. બ્રહ્મ પરિપૂર્ણ છે, સત્ છે, પરમતત્વ છે. આવા આ પરબ્રહ્મનું વર્ણન કરવા માટે વિચારની કોઈ પણ કોટિ નકામી નીવડે છે. વિચાર કે વાણીથી તેનું યથાર્થ આકલન થઈ શકતું નથી. પરબ્રહ્મ અવ્યય અને અવિકારી, સ્વયંભૂ અને સ્વતંત્ર સત્ છે. એ સત્ તત્ત્વના અપાર, અપરિમિત વૈભવનો તાગ કાઢવાની શકિત આપણી પરિમિત બુદ્ધિમાં નથી. (૧૬) 'મૌનરૂપ ઉપવાસનું પારણું એક જ ઉદ્‌ગારથી અને તે न इति (આનહિ) એવા શબ્દથી જ શકય છે. વિચારથી પર એવી આ ભૂમિકા પર પહોંચતાં ધ્યાનની આંખો જાણે કે આથમી જાય છે અને બુદ્ધિની ચાલણગાડી ચાલી શકતી નથી. એવી એ દિવ્ય ભૂમિકા પર થયેલા અનંત અનુપમ અને સ્વ – સંવેધ જાત અનુભવે જ જાણી – માણી શકાય એવા અનુભવનું સ્પષ્ટ શબ્દોમાં વર્ણન કરવું એ કાર્ય, શબ્દ બ્રહ્મનો તાગ કાઢી ચૂકેલાને પરિપકવ પ્રજ્ઞાવાળા

પંડિતો તેમ જ કવિઓની વાણીને માટે પણ કેવળ આવશ્યક જ છે. મનુષ્યનું પરિમિત મન, મૌનરૂપી સંયમ દ્વારા જ એ પરમ સત્યના અપાર મહિમાના, એના અમર્યાદ વૈભવનાં યશોગાન ગાય છે. (૧૭) ભગવાન બુધ્ધે પણ આ વિષયમાં મૌન જ ધારણ કર્યુ હતું ને ?

પ્લોટિનસ જેવા પેગનો અને કૃસાના નિકોલસ આદિ ખ્રિસ્તીઓ પણ ઈશ્વરના આવા નિષધેવાચક વર્ણનને ટેકો આપે છે. 'નેતિ' (આ નહિ) દ્વારા એમ સૂચિત થાય છે. કે બ્રહ્મ અવર્ણનીય છે. શૂન્યવાદીઓનું જે શૂન્ય

છે તે જ માયાવાદીઓનું 'બ્રહ્મ' છે એવા મધ્વનાં મંતવ્યને શંકરાચાર્ય ભારપૂર્વક રદિયો આપે છે. તેઓ કહે છે કે 'સાચાઅર્થમાં અત્યંત નિરપેક્ષ એવું અંતિમ તત્ત્વ હોવાથી 'બ્રહ્મ' મંદબુદ્ધિને શૂન્ય હોય તેવું ભાસે છે. બ્રહ્મ સિવાય બીજી વસ્તુનો નિષેધ કરવાથી બ્રહ્મ શૂન્ય જેવું થતું નથી. તે તો સત્યનું પણ સત્ય છે. બ્રહ્મ જ્ઞાનમાં જેનો નિષેધ થાય છે તે કોઈ સાચી વસ્તુ નથી, માત્ર કલ્પિતનો જ નિષેધ કરવાનો છે. (૧૮) બ્રહ્મ અસત નથી, તે માત્ર કોરી કલ્પના નથી, કારણ કે કોઈ કાલ્પનિક વસ્તુને માટે પણ તેની કલ્પના કરવા માટે કશોક આધાર તો જોઈએ જ. બધા જ વિદ્વાનો સીધી યા આડકતરી રીતે જયારે સત્ તત્ત્વનો નિર્દેશ કરે છે અને તેમ નિર્દેશ કરવામાં જયારે નિષેધાત્મક વિધાનોનો ઉપયોગ કરે છે ત્યારે તેમના આ નિષેધમાં પણ વિધિનું સૂચન સમાયેલું હોય છે.

બોઝાંકે કહે છે કે દરેક નિષેધવાચી વિધાન વિધાવાચી વિધાનને પ્રથમથી જ ગૃહિત તરીકે સ્વીકારી લે છે. (૧૯) સંક્ષેપમાં શારીરકમાં કહ્યા મુજબ નિષેધ એ વિધિની માત્ર પૂર્વભૂમિકા જે છે કશુંક નથી, એટલે કશુંક છે. નિષેધાત્મક વર્ણનનો હેતુ પરબ્રહ્મની ભાવનાત્મક સત્ા અર્થાત હસ્તી હરી લેવાનો નથી, મતલબ કે બ્રહ્મની સત્તા નકારવાનો નથી, પરંતુ સીમિત બુદ્ધિને બ્રહ્મ કેવું પરાત્પર લાગે છે તે બતાવવાનો છે. બ્રહ્મનાં બે રૂપ છે : એક સાકાર અને બીજું નિરાકાર એક અવ્યાપક છે, બીજું વ્યાપક છે. એક નરી આંખે દેખાય છે, બીજું તેની પાર છે, તે નરી આંખે દેખાતું નથી. 'નેતિ' , 'નેતિ' એમ બે વાર કહ્યું છે તેનો અર્થ એ છે કે કાર્યપ્રપંચ બ્રહ્મ નથી. કારણ પણ બ્રહ્મ નથી. એક બ્રહ્મમાં કાર્ય–કારણભાવ બનતો નથી, તેથી વાણીને જાણવી નહિ, વકતાને જાણવો, જાણનારને જાણવો જરૂરી છે. દ્રષ્ટાને જોવો ( आत्मानम् विद्धि) આપણે કેવળ શબ્દો દ્વારા, વાણીના વિશ્લેષણ દ્વારા તે પરમતત્ત્વ સુધી પહોંચી શકતા નથી.(૨૦)

આ બધાથી તો આપણે ફકત એટલું કહી શકીએ કે 'તે છે' , અને તે પણ શબ્દોને આધારે નહિ પણ અનુભૂતિને આધારે કહી શકીએ. શબ્દો તો અનુભૂતિના વર્ણનમાં અમુક અંશે કેવળ સહાય કરે.

બ્રેડલી કહે છે તેમ 'જે કંઈ સાપેક્ષ નથી તે વિચાર યા બુદ્ધિ માટે શૂન્ય છે ' શ્રુતિવચન છે કે ' જે જાણે છે કે મેં બ્રહ્મને જાણેલ છે, તેણે બ્રહ્મને જાણ્યું નથી.' (૨૧) આનો અર્થ તો એમ થાય કે બ્રહ્મ માત્રઅવર્ણનીય જ નથી, પરતું અજ્ઞેય પણ છે. જોકે બ્રહ્મ અજ્ઞેય છે એવા કથન પરથી આપણે 'નેતિ','નેતિ'ના સિદ્ધાંતને અજ્ઞેયવાદનું બિરુદ ન આપી શકીએ, કારણ કે પરમ સત્‌ના નિરૂપણ માટે તર્ક અશકય છે અને બુદ્ધિ સીમિત હોઈ બ્રહ્નું આકલન કરવા માટે બુદ્ધિ અપર્યાપ્ત નીવડે છે એટલું જ માત્ર તે દ્વારા સૂચન થાય છે.

કોઈપણ પદની વ્યાખ્યા આપવી એટલે તેને સિમિત બનાવવું 'તે કશુંક છે' એમ કહેવું એટલે 'એમાં કશુંક નથી' એવો અર્થ પણ ઈટાવી શકાય છે.

આથી જ સ્પિનોઝા કહે છે કે 'દરેક નિર્વચન નિષેધાત્મક જ હોય છે:(૨૨) બ્રહ્મનું લક્ષણ બાંધવું કઠિન છે, આથી તેને આવ્યાખ્યેય કહ્યું છે. બ્રહ્મની પરિભાષા આપવામાં અનેક તાર્કિક મુશ્કેલીઓ રહેલી છે તે આપણે અગાઉ જોઈ ગયા છીએ. જે બધી વસ્તુઓનું સારભૂત તત્ત્વ હોય તેને વર્ણવી શકાતું નથી. આચાર્યશ્રી કહે છે કે, '' (બ્રહ્મ) એક નથી ત્યાં બે કયાંથી હોય ? કેવળ નથી તેમ એકપણ નથી : શૂન્ય નથી તેમ જ અશૂન્ય પણ નથી : કારણ કે એનામાં એક–બે કેવળ–અકેવળ, શૂન્ય–અશૂન્ય એવું દ્વૈત નથી. સર્વ વેદાન્ત થકી સિદ્ધ એવા એને હું શી રીતે કહું. મતલબ કે જયાં સુધી આપણે ઔપચારિક તેમ જ સીમિત ભાવનો વિચાર છોડી દઈએ નહિ ત્યાં સુધી બ્રહ્મના સ્વરૂપનો ખ્યાલ આપણને આવી શકતો નથી. બ્રહ્મની વ્યાખ્યા આપવા જતાં આપણે વદતોવ્યાઘાતમાં ફસાઈ જઈએ છીએ. બ્રેડલી કહે છે તેમ સાપેક્ષ ર્દષ્ટિએ કરેલો

વિચાર આપણને હંમેશા સત્ય તરફ નહિ પરંતુ આભાષ તરફ જ દોરી જાય છે' મન કાંઈ વિચારી શકે તેવું કશું જ વસ્તુતઃ બ્રહ્મમાં નથી.

હેગલે સ્પિનોઝાના 'દ્રવ્ય' વિષેના ખ્યાલની કરું અને તેને શૂન્યવત્ માની લીધું છે. કશા જ નિશ્ચિત ગુણો વગરનું શુદ્ધ સત્ એટલે હેગલને મન–અ–સત્ બરાબર છે.

હેગેલની સ્પિનોઝાના દ્રવ્યના ખ્યાલ સામેની આ ટીકા શંકરાચાર્યના નિર્ગુણ બ્રહ્મના ખ્યાલને લાગુ પડી શકે તેમ નથી. હેગેલના બ્રહ્મની માફક શંકરનું બ્રહ્મ વ્યષ્ટિના સરવાળારૂપ સમષ્ટિયુકત એકીકૃત નથી. શાંકરવેદાન્ત મુજબનું બ્રહ્મ તો એક અને અદ્વિતીય સચ્ચિદાનંદ રૂપ છે જે આપણે જોઈ ગયા છીએ.

રામાનુજ તથા નૈયાયિકો જોકે હેગેલના મત જોડે સંમત થઈ કદાચ એમ કહે કે ' આ પ્રકારના ભેદશૂન્ય બ્રહ્મની સત્તા તો એક એવી સત્તા છે કે જેના વિષે આપણને કદાપિ કશું જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી. પરતું આચાર્યશ્રી તો સ્પષ્ટ જણાવે છે કે દેશકાલાતીત, ભેદશૂન્ય બ્રહ્મ મંદબુદ્ધિ પુરુષોને 'અસત્' જેવું લાગે છે, પરંતુ બ્રહ્મસાક્ષાત્કાર થયેલાને તેમાં સર્વ કાંઈ ઉપલબ્ધ છે. 'નેતિ','નેતિ', એ પદોનો શંકરાચાર્ય એવો અર્થ કરે છે કે ઈશ્વરનો કોઈ પણ ગુણ નથી. જયારે રામાનુજના મતે એવો અર્થ ઘટાડવામાં આવે છે કે ઈશ્વરને જાણવા માટે કોઈ પણ ગુણ પૂરતો નથી. મતલબ કે ઈશ્વર અનેક ગુણાલંકૃત છે. પરંતુ 'નેતિ' એ જો માત્ર નિષેધ મુખે જ સિદ્ધ હોય તો દ્વૈતાપતિ થાય : કારણ કે એક સગુણ, અને બીજુ સગુણ નહિ તે અર્થાત્ નિર્ગુણ – એમ બે ઠેર – માટે જ શ્રુતિ अयम् आत्मा ब्रह्म ઈત્યાદિ મહાવાકયો વડે અને ભાવસ્વરૂપે નિરૂપે છે, અને નિર્ગુણ એ જ સગુણ છેએમ વર્ણવે છે. તાત્પર્ય માત્રએ જ છે કે વ્યવસાયાત્મક જ્ઞાનને શકય બનાવવા બુદ્ધિએ ઉપજાવેલા દ્રવ્ય, ગુણ કર્મ વગેરે પ્રરૂપો દ્વારા બ્રહ્મનું વર્ણન શકય નથી. આથી અદ્વૈતવાદી 'નેતિ','નેતિ' ને ગૌણ સ્થાન આપે છે

**અને** तत्त्वमसि **જેવા મહાવાકયને પ્રાધાન્ય આપે છે. આ રીતે** सर्वगन्धः सर्वरस **' ઈત્યાદિ પદોની**

' अशब्दम् ,अस्पर्शम् अव्ययम्

**તથા**

सर्वसंसायधर्मवर्जितम् **,** समस्तविशेष

**વગેરે સાથે પૂર્ણ સંગતિ દર્શાવેલ છે એટલું જ નહિ પણ એક બીજા વિના દ્વૈતાપતિ ઉત્પન્ન કરે છે તેમ માનેલ છે.** (૨૩)

## 3.3.1 બ્રહ્મનું સ્વરૂપ અને તટસ્થ લક્ષણ

**ઉપનિષદોની વિચારધારા પ્રમાણે બ્રહ્મ પરમ તત્ત્વ છે. બ્રહ્મ એકમાત્ર પરમ સત્તા છે. એ જ સમગ્ર જગતનો સાર છે. તે જ જગતના આત્મા સ્વરૂપે છે. ' બ્રહ્મ ' શબ્દ ' બૃહ ' ધાતુ પરથી ઉતરી આવેલ છે. જેનો અર્થ વધવું અથવા વિકસિત થવું એવો થાય છે. બ્રહ્મને વિશ્વનું કારણ માનવામાં આવે છે. બ્રહ્મથી જ વિશ્વની ઉત્પત્તિ અને વિશ્વનો અંત થાય ત્યારે તે જગત બ્રહ્મમાં જ વિલીન થઈ જાય છે. આ રીતે બ્રહ્મ વિશ્વનું આધાર ભૂત તત્ત્વ છે. એક વિશેષ ઉપનિષદ્‌માં વરુણના પુત્ર ભૃગુ પોતાના પિતાની પાસે જઈને પ્રશ્ન કરે છે. કે મને યથાર્થ સત્તાના સ્વરૂપનું વિવેચન કરીને સમજાવો કે જેની અંદરથી જ સમસ્ત વિશ્વનો વિકાસ થાય છે અને ફરીથી જેની અંદર જ સમસ્ત વિશ્વ સમાહિત થઈ જાય છે. આ પ્રશ્નના જવાબમાં એવું કહેવાયું " જેમાંથી આ સર્વ ભૂત માત્રની ઉત્પત્તિ થઈ અને જન્મ થયા પછી સર્વ જીવાત્મા જીવન ધારણ કરે છે. અને તે જીવાત્માઓ જેની અંદર મૃત્યુના સમયે જેમાં વિલીન થઈ જાય છે તે જ બ્રહ્મ છે. "**

**ઉપનિષદોમાં બ્રહ્મનાં બે સ્વરૂપ માનવામાં આવ્યો છે.**

**(૧) પરબ્રહ્મ**

**(૨) અપરબ્રહ્મ**

પરબ્રહ્મ અસીમ, નિર્ગુણ, નિર્વિશેષ, નિષ્પ્રપંચ તથા અપર બ્રહ્મ સસીમ, સગુણ, સવિશેષ અને સપ્રપંચ છે. પર બ્રહ્મ અમૂર્ત છે જયારે અપર બ્રહ્મ મૂર્ત છે. પરબ્રહ્મ સ્થિર છે જયારે અપર બ્રહ્મ અસ્થિર છે. પર બ્રહ્મ નિર્ગુણ છે તેના ફળ સ્વરૂપે ઉપાસના ભકિતનો વિષય નથી જયારે અપરબ્રહ્મ સગુણ હોવાના કારણે ઉપાસના અન ભકિતનો વિષય છે. પર બ્રહ્મની વ્યાખ્યા ' નેતિ નેતિ ' કહીને કરવામાં આવી છે. જયારે અપર બ્રહ્મની વ્યાખ્ય ' ઈતિ ઈતિ' કહીને કરવામાં આવી છે. પરબ્રહ્મને બ્રહ્મ ( Absolute ) તથા અપરબ્રહ્મને ઈશ્વર ( God ) કહેવામાં આવે છે. સાચું તો એ છે કે પરબ્રહ્મ અને અપર બ્રહ્મ બન્ને એક જ બ્રહ્મના બે પક્ષો છે.

ઉપનિષદોનું બ્રહ્મ તત્ત્વ એક અને અદ્વિતીય છે. તે દ્વૈત શૂન્ય છે. તેમાં જ્ઞાતા અને જ્ઞેયનો ભેદ નથી. તે બ્રહ્મ એક માત્ર સત્ય છે. ઉપનિષદો બ્રહ્મત વની એકતાનો જ સ્વીકાર કરે છે. બ્રહ્મ કાલાતીત છે. બ્રહ્મ નિત્ય અને શાશ્વત છે. તે કાળને આધિન નથી.

બ્રહ્મ કાલાતીત હોવા ઉપરાંત તે ત્રિકાળથી પર મનાય છે. બ્રહ્મ દિશાઓની વિશેષતાઓથી શૂન્ય છે. ઉપનિષદોમાં બ્રહ્મ તત્ત્વના સંબંધમાં કહેવાયું છે કે તે અણુથી પણ સૂક્ષ્મ અને મહાનથી પણ મહાન છે. તે બ્રહ્મ વિશ્વમાં વ્યાપ્ત પણ છે અને વિશ્વથી પર પણ તે ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ સર્વ દિશામાં વ્યાપ્ત છે પરંતુ કોઈ દિશામાં સીમિત નથી. આવી રીતે બ્રહ્મ દેશ અને કાળથી પર હોવા છતાં તેના આધાર છે.

બ્રહ્મને ઉપનિષદોમાં અચલ કહેવામાં આવ્યું છે તે અચલ હોવા ઉપરાંત ગતિશીલ પણ છે. તે સ્થિર હોવા ઉપરાંત અસ્થિર પણ મનાયો છે તે પોતે અચલ હોવા છતાં સર્વને ચલાયમાન રાખનારો છે. તે ખરા અર્થમાં ગતિ હીન છે અને વ્યવહારતઃ ગતિમાન છે.

## ❖ બ્રહ્મનું સ્વરૂપ :–

अजमनिदमस्वप्नमनामकमरुपारुम् ! (24)

सकृद्धिभातं सर्वज्ञं नोपचार : कथंचन !!

એને જન્મ, નિદ્ર, સ્વપ્ન, નામ, રૂપ – એમાંનું કશુંયે નથી, એ સર્વદા વિશેષણે ભાસમાન અને સર્વજ્ઞ છે ; એને (તેમાં) કશી ક્રિયા કરવાની હોતી નથી. જન્મવા માટે એને કશું નિમિત્ત નહિ હોવાથી એ બાહ્યાન્તર વ્યાપેલો તથા જન્મથી રહિત છે. દોરડીમાં સર્પની જેમ (જીવનો) જન્મ અવિદ્યાને લીધે જ હોય છે, એ પાછળ કહેવાઈ ચૂકયું છે. અને એ અવિદ્યાનો તો આત્મસત્યને જાણવાથી નિરોધ થઈ ગયેલો હોય છે. તેથી તે अज તથા અનિન્દ્ર છે. અવિદ્યારૂપ અનાદિ માયાને જ અહીં નિદા કહી છે. પોતાના અદ્વય રૂપ વડે એ સ્વપ્નમાંથી જાગેલો નિભ્રાંત છે, તેથી તેને સ્વપ્નની અવસ્થા પણ નથી. એને નામરૂપ જેવું હોવું એ પણ અપ્રબોધનું જ પરિણામ છે તેનું કારણ સ્વરૂપનું અજ્ઞાન જ છે. પ્રબોધ થતાં જ, દોરડીમાંથી સાપ ઊડી જાય છે તેમ, એ નામરૂપાદિ ઊડી જાય છે. તેથી બ્રહ્મનો સંકેત કોઈ નામ વડે થઈ શકતો નથી. તેમ એનું કોઈપણ પ્રકારનું રૂપેય નિર્મી શકાય તેમ નથી. તેથી શ્રુતિમાં यतो वाचो निवर्तन्ते (૨૫) જયાંથી વાણી અક્ષમ થઈને પાછી વળે છે. ઈત્યાદિ કહ્યું છે.

અને વળી એ સકૃદ્વિભાતમ એટલે કે સદૈવ પ્રકાશતો હોય છે. અગ્રહણ એટલે ન દેખાવું અન્યથાગ્રહણ એટલે વસ્તુતા ઓય તેના કરતાં અન્ય પ્રકારે દેખાવું આવિર્ભાવ, તિરોભાવ ઈત્યાદિથી રહિત હોવાથી એ સદ્દા ભાસમાન છે. ગ્રહણ – અગ્રહણ, એને જ રાત – દિવસ કહેવાય છે. અને અવિદ્યા તમ (અંધકાર) જ તે બ્રહ્મના અપ્રકાશિતપણામાં હંમેશાં નિમિત્ત હોય છે. તેનો અભાવ અને નિત્ય ચૈતન્ય પ્રકાશનો ભાવ હોવાથી, તેને અકૃદ્વિભાત કહ્યો છે તે યુકત જ છે. અને તેથી, એ બ્રહ્મ સર્વજ્ઞ છે. જે કાંઈ છે તે તેના એટલે કે તે તે પદાર્થના જ્ઞાનરૂપ

જ રૂપ છે, કેમ કે અસ્તિ એટલે છે તેના પરત્વે જ કહી શકાય કે જે ભાતિ એટલે જણાતું હોય, ચિત્રૂપ અર્થાત્ જાણવારૂપ હોય. અને સત્ચિત્, એ જ બ્રહ્મ તેથી બધું જ બ્રહ્મ છે અને બ્રહ્મ જ્ઞાન સ્વરૂપ હોવાથી સર્વજ્ઞ છે.

એવી રીતેના એ બ્રહ્મને કશું પણ કર્તવ્ય નથી, કે જેવી રીતે બીજા અબ્રહ્મજ્ઞોને આત્મસ્વરૂપથી ભિન્ન એવાં સમાધિ વગેરે કર્તવ્યો હોય છે.

મતલબ કે, બ્રહ્મ નિત્ય શુદ્ધબુદ્ધ મુકત સ્વભાવ છે. અને અવિદ્યાનો તેનામાં નાશ થયેલો હોય છે, તેથી તેને કશું પણ કરવાપણું હોઈ શકતું નથી.

ઉપર કહેલા નામરહિતપણા ઈન્યાદિના અર્થને સિરૂ કરવા માટે કારણ કહે છે.

## ❖ તટસ્થ લક્ષણ / અભયત્વલક્ષણ બ્રહ્મ : –

सर्वाभिलापविगत : सर्वचिन्तासमुत्थियः !(२६)
सप्रशान्तः सकृज्ज्योतिः समाघिरचलोडभयः !!

એ સર્વ પ્રકારના અભિતાપ વાણીના વ્યાપારથી રહિત, સર્વ પ્રકારના ચિંતનથી ઉપર ગયેલો, સારી રીતે શાંત નિત્ય પ્રકાશમાન, સમાધિ સ્વરૂપ, અવિચલ અને નિર્ભય છે.

જેના વડે શબ્દોનું ઉચ્ચારણ થાય છે તે અભિલાપ એટલે કે વાક્ જે સર્વ પ્રકારના નામોચ્ચારણનું સાધન છે, તેનાથી રહિત અહીં વાગિંન્દ્રિય માત્ર સંકેતરૂપ કહી છે. કહેવાની મતલ એ છે કે તે બધી જ બાહ્ય ઈન્દ્રિયોથી રહિત છે.

અને વળી, એ બધી ચિંતાઓની ભૂમિકાથી ઉપર થઈ ગયેલો છે. જેના વડે ચિંતન થાય છે તે બુદ્ધિ જ ચિન્તા છે તેનાથી પર થઈ ગયેલો, એટલે

કે મન–બુદ્ધિ – ચિત્ત અને અહંકારની વૃત્તિઓ સ્વરૂપ અંતઉ કરણથી મુકત છે. ઉપર બાહ્ય કરણોથી મુકતત્વ કહેવાઈ ચૂકયું છ. શ્રુતિ કહે છે કે

अप्रमाणो हयमनः शभ्रो हयक्षरात्परतः परः ! (૨૭)

અપ્રમાણ, અમન, અને શુરૂ છે, તથા પર અક્ષરથી પણ પર છે ઈત્યાદિ.

બધાજ વિષયોથી એ મુકત હોવાથી, એ સારી રીતે પ્રશાંત છે સકૃજજયોતિ એટલે કે નિત્યાત્મચૈતન્ય સ્વરૂપે એ સદૈવ ઝગમગે છે. સમાધિ દ્વારા પ્રાપ્ત થતી પ્રજ્ઞા વડે અપ્રાપ્ય હોવાથી, એ પોતે સમાધિ છે. એ અચલ, અર્થાત્ અવિકારી છે અને વિક્રિયા છે, પરંતુ આત્મવેદનમાં વિક્રિયા નથી, તેથી અન્યત્વ નથી તેથી એ સ્થિતિમાં ભય નથી, અને તેથી બ્રહ્મ પોતે કેવળ અનનિર્ભય કહેવાય છે.

બ્રહ્મ જ સમાધિ, અચલ અને અભય છે.

## 3.3.2 બ્રહ્મનું ત્રિવિધ ભેદ અને પરિચ્છેદ રહિત

### ❖ બ્રહ્મ ભેદત્રયરહિત :–

વેદાંતમાં બ્રહ્મને અભેદ સ્વરૂપ કહેલ છે. એ સંદર્ભમાં આપણે ત્રણ પ્રકારના જે ભેદો શાસ્ત્રોમાં મનાયા છે તે જોઈએ. (૨૮)

(૧) સજાતીય ભેદ

(૨) વિજાતીય ભેદ

(૩) સ્વગત ભેદ

(૧) સજાતીય ભેદ એટલે બે સમાન જાતિના પદાર્થો વચ્ચે જણાતો ભેદ.
ઉદા.આંબાનું વૃક્ષ અને વડનું વૃક્ષ

(૨) વિજાતીય ભેદ એટલે બે જુદી જુદી જાતિની પદાર્થો વચ્ચેનો ભેદ.
ઉદા. હરણ વૃક્ષ અને પથ્થર વચ્ચેનો ભેદ.

(૩) સ્વગત ભેદ એટલે પદર્થ (અવયવી) અને પદાર્થાના ભાગો (અવયવો) વચ્ચેનો ભેદ.

ઉદા. વૃક્ષ અને તેની ડાળીઓ વચ્ચનો ભેદ.

જગત ઉત્પન્ન થયા પહેલાં કેવળ એકમાત્ર સત્ હતું તેના સિવાય બીજો પદાર્થ ન હતો : બીજો હોય તો તે સજાતીય, વિજાતીય કે સ્વગત એમ ઉપર કહ્યા પેકી કોઈપણ ભેદદર્શી પદાર્થ હોવો જોઈએ. કેવળ જે ભેદ સદ્રૂપ છે તેને અવયવ હોવાનું કલ્પી શકાતું નથી. આથી તેમાં સ્વગતભેદ સંભવિત નથી. આ એક સત્ વિના સજાતીય ભેદ દર્શક બીજું સત્ ન હોવાથી તેમાં સજાતીય ભેદ પણ કલ્પી શકાનો નથી. આ સત્નું વિરોધી એવું કોઈ અસત્ તત્ત્વ પણ નથી. અ–સત્ એટલે કેવળ અભાવ  કે શૂન્ય હોઈ તેને તે 'છે' અથવા 'હતું' એમ પણ કહી શકાય નહિ. આથી સૃષ્ટિ પહેલાં જે હતું તે સદ્રૂપ, સ્વગત, સજાતીય કે વિજાતીય એવા ત્રણે પ્રકારના ભેદથી રહિત હતું તેથી બ્રહ્મને ભેદત્રયરહિત માનેલ છે. આચાર્યશ્રી  કહે છે કે 'દ્રષ્ટા, દર્શન, દૃશ્ય ઈત્યાદિ ભાવથી શૂન્ય એવી વસ્તુ જે નિર્વિશેષ, તેમાં, ભેદ હોય કયાંથી ? તેજમાં તિમિરની પેઠે જેમાં ભ્રાન્તિનું કારણ પ્રલીત થઈ ગયું, તે નિર્વિશેષ, અદ્વિતીય પરતત્ત્વને વિશે ભેદ હોય કયાંથી ? (૨૯)

બ્રહ્મ શુરૂ ચૈતન્ય સ્વરૂપ છે. તે ઈન્દ્રિય દ્વારા જાણવાનો વિષય નથી. આથી તેને 'દેશ' કે 'કાળ' રૂપ ઉપાધિ લાગુ પડતી નથી, અને જે દેશકાલાતીત હોય તેની સંખ્યા પણ કેમ સંભવે ? શુરૂ ચૈતન્ય રૂપ પદાર્થ તો સદા સર્વદા એક જ હોઈ શકે.

## શંકા :–

બ્રહ્મને અદ્વિતીય પણ કેમ કહી શકાય ? શ્રુતિવચન મુજબ બ્રહ્મ એક તેમ જ અદ્વિતીય છે. 'અદ્વિતીય' પદનો અર્થ શો ? અદ્વિતીય એ સામાજિક શબ્દ છે અને આથી તેને કાંતો તત્પુરુષ સમાસ અથવા તો બહુ વ્રીહિ

સમાસમાં ઘટાવી શકાય, જો તેને તત્પુરુષ સમાસમાં ઘટાવીએ તો તે શબ્દનો અર્થ કાંતો એમ થાય કે બ્રહ્મ બીજ કરતાં ભિન્ન છે. (द्धितीयात् अन्यत्वम् ) અથવા તો એમ થાય કે તે તેનાથી વિરુદ્ધ છે. (तदविरुद्धात्वम् ) અથવા તો તે દ્વિતીય જેવું કશું છે જ નહિ ( तदभाव ) આમાંથી કોઈ પણ અર્થ પરથી એમ ફલિત થતું નથી કે બ્રહ્મ નિર્વિશેષ છે.

જો 'અદ્વિતીય' પદ દ્વારા દ્વિતીયથી ભિન્ન અથવા તો દ્વિતીયના જેવું એમ સૂચન થતું હોય તો બ્રહ્મની અલગ એવું બીજું તત્ત્વ સ્પષ્ટ સાબિત થઈ જાય છે. તેથી જો બીજુ તત્ત્વ હસ્તી ધરાવતું હોય તો તે કાં તો બ્રહ્મના જેવું હોય અથવા તો તેનાથી ભિન્ન

હોય, મતલબ કે આથી બ્રહ્મ નિર્વિશેષ છે તેમ સાબિત થતું નથી. વળી જો 'અદ્વિતીય'નો અર્થ દ્વિતીયથી વિરુદ્ધ એવો જ કરીએ તો બ્રહ્મ કાં તો પહેલું અથવા ત્રીજું તત્ત્વ દ્વિતીયથી વિરૂદ્ધ હોઈ છે એમ ફલિત થશે. જો 'અદ્વિતીય' પદનો અર્થ દ્વિતીયની ગેરહાજરી એવો કરીએ તો બ્રહ્મ સ્વયંસિરૂ ઠરશે અને આથી બ્રહ્મ સાથે કોઈ નિષેદ્ પદાર્થ જોડી શકાશે નહિ.

વળી 'અદ્વિતીય' શબ્દને બહુવ્રીહિ સમાસની દ્રષ્ટિએ જોઈએ તો પણ બ્રહ્મ સવિશેષ સિદ્ધ થાય છે. બહુવ્રીહિના અર્થમાં તે પદનો અર્થ અમે થશે કે 'એવું પદ કે જેને કશું દ્વિતીય નથી.' આપણે જયારે એમ કહીએ કે તેને દ્વિતીય નથી તો તેનો અર્થ એવો થાય કે બ્રહ્મને પ્રથમ, તૃતીય, કે ચતુર્થ વગેરે વિષયો છે. કારણ કે માત્ર દ્વિતીયને જ અહીં નકારવામાં આવેલ છે. અન્યને નહિ. વળી જો બ્રહ્મ સિવાયના બધી વસ્તુંએ નકારવામાં આવે તો તે બહુવ્રીહિ સમાસ જ મટી જશે. વળી દ્વિતીયની ગેરહાજરી એવો અર્થ કરીએ તો તે નિષેધાત્મક થશે અને બ્રહ્મ તો વિધિવાચી છે. આમ બ્રહ્મને અદ્વિતીય' કહેવામાં પણ મુશ્કેલીઓ રહેલી છે. પરંતુ 'એક' શબ્દ પણ સંખ્યાવાચક વિશેષણ છે, જે બ્રહ્મને લાગુ પાડી શકાય

નહિ. તો પછી બ્રહ્મમાં અનેકતા તો સંભવે જ કેમ ? (૩૦) આથી જગતનું કારણ જે સદ્‌રૂપ તે એક જ તથા અદ્વિતીય છે.

## ❖ બ્રહ્મ–ત્રિવિધ પરિચ્છેદ રહિત :–

સદ્‌રૂપ એવું જે આ પરબ્રહ્મ તેને ત્રણ પરિચ્છેદથી રહિત કહ્યું છે. પરિચ્છેદ એટલે મર્યાદા એના ત્રણ પ્રકારો શાસ્ત્રમાં કહ્યા છે.

(૧) દેશ પરિચ્છેદ

(૨) કાલ પરિચ્છેદ

(૩) વસ્તુ પરિચ્છેદ

જેને પરિચ્છેદ હોય છે તે પદાર્થને પરિચ્છિન્ન કહેવાય છે. બ્રહ્મને દેશ પરિચ્છિન્ન કહી શકાય નહિ કારણ કે તે અદ્વિતીય હોવાથી તેના સિવાય બીજો પદાર્થ જ નથી, એટલે કે તે અમુક સ્થળે છે અથવા અમુક સ્થળે નથી એમ કહી શકાય નહિ. મતલબ કે તે વિભુ અર્થાત્ સર્વવ્યાપી છે. જે વસ્તુ દેશથી પરિચ્છિન્ન ન હોય તેને કાળનો પરિચ્છેદ પણ સંભવે નહિ. મતલબ કે તે ત્રિકાલાબાધિત છે. સત્ વસ્તું સિવાય અન્ય કશો પદાર્થ જ

નથી. જો એવો પદાર્થ છે એમ માનીએ તો કાંતો તે સત્ હોય અથવા અસત્ હોય એમ માનવું પડે. જો તે સત્ હોય એમ માની તો સત્ વસ્તુને અન્ય સત્ વસ્તું વડે પરિચ્છિન્ન કરી શકાય નહિ અને જો તેને અસત્ રૂપ માનીએ તો તે વંધ્યાપણ કે શશ–શૃંગની જેમ સર્વથા અસત્ છે એમ માનવું પડે. તેથી સત્ વસ્તુને અસત્ કે અભાવ વડે પરિચ્છિન્ન કરી શકાય નહિ. આમ સત્ વસ્તુ ત્રિવિધ પરિચ્છેદ રહિત છે. ગીતા કહે છે તેમ અસત્ કદી હસ્તીમાં આવતું નથી અને સત્ કદાપિ નાશ પામતું નથી.

પ્રસિદ્ધ જર્મન ફિલસૂફ કાન્ટ કહે છે કે "આપણે જેને 'દેશ', 'કાળ' વગેરે કહીએ છીએ તે બાહ્ય પદાર્થો નથી. એ તો અમુક આકારો યાને લીલાં

છે કે જેને ઈન્દ્રિયો પોતાની સાથે વિષય પ્રત્યે લઈ જાય છે. અને વિષયને એ લીલામાં ઢાળીને જ વૃતયાકારે દેખાડે છે, અર્થાત્ એ અમુક ઉપાધિઓ છે અને તે માત્ર ઈન્દ્રિયગોચર પદાર્થોને  જ લાગુ પાડી શકાય છે " બ્રહ્મ કે જે ઈન્દ્રિયગોચર પદાર્થ નથી (૩૧) તેને દેશકાલીરૂપી કહે છે. સત્ વસ્તું વિભુ અથવા વ્યાપક તથા અનન્ત છે. તેના અંશનું નિરૂપણ થઈ શકતું ન હોવાથી સત્‌ને નિરવયવ કહ્યું છે.

## 3.3.3 બ્રહ્મ નિરાકાર અને નિર્ગુણ

એક જ બ્રહ્મ પરમ સત્ તત્ત્વ છે. તે જ બ્રહ્મ માયા અવચ્છિન્ન હોઈ સગુણ બ્રહ્મ, અપરબ્રહ્મ યા ઈશ્વર તરીકે ઓળખાય છે, અને તે જ આ જગતના કર્તા, હર્તા અને ભર્તા છે. પારમાર્થિક દષ્ટિએ બ્રહ્મ નિર્ગુણ છે, જીવ કે જગતના કોઈપણ ગુણનું તેના પર આરોપણ થઈ શકતું નથી. કોઈ નિર્ગુણવાદી વેદાન્તી આ જગતનું કારણ નિર્ગુણ છે એમ કહેતો નથી. જગતનું કારણ તો હંમેશાં સગુણ જ માનવામાં આવે છે. નિર્ગુણવાદમાં સગુણનો સ્વીકાર નથી એમ માનવું જ ભૂલ ભરેલું છે. એમ હોય તો સગુણને સિરૂ કરવા શંકરાચાર્ય સ્થળે સ્થળે જે યત્ન કર્યો છે તે ન કરત. નિર્ગુણવાદીઓનું કહેવું એટલું જ છે કે સગુણવાદીઓ જેમ ગુણ અને ગુણી એવાં બે તત્ત્વોને છેવટનાં તત્ત્વો માની અટકે છે તેમ ન અટકતાં એ બન્ને તત્ત્વોનો ખુલાસો એક પર તત્ત્વથી કરવો જોઈએ. સગુણ એ મનુષ્ટને ફોસલાવવા માટે એક કલ્પિત પદાર્થ શાસ્ત્રકારોએ ઊભો કર્યો છે એમ નિર્ગુણવાદીઓ કહેતા નથી. શંકરાચાર્યના મતે બ્રહ્મ વિશ્વમાં અનુસ્યૂત પણ છે અને વિશ્વથી પર પણ છે.

વિશ્વરૂપે તે અનેક ગુણ સંપન્ન છે, પરંતુ વિશ્વાતીય રૂપે તે અનિર્વચનીય અને નિર્ગુણરૂપ છે. નિર્ગુણ બ્રહ્મએ સગુણ બ્રહ્મનું પારમાર્થિક રૂપ છે.

સગુણ તથા નિર્ગુણ બ્રહ્મમાં કોઈપણ પ્રકારનો ભેદ કે તફાવત નથી. તે એક જ પરમ સત્તા છે, પરંતુ દષ્ટિભેદને લઈને તે આ બે નામ વડે

ઓળખાય છે. નિર્ગુણ બ્રહ્મ જ વાસ્તવિક પારમાર્થિક સત્તા Absolute Reality છે. પરંતુ વ્યવહારમાં ઉપાસના નિમિત્તે સગુણ ઈશ્વરની કલ્પના કરવામાં આવે છે. બૌદ્ધિક તર્ક અને યૌગિક ધ્યાન હંમેશા પરબ્રહ્મની કલ્પના પસંદ કરે છે. જયારે ધર્મ તથા નીતિમૂલક ભકિતને સગુણ ઈશ્વરની ઉપાસના રૂપે છે. શંકરાચાર્ય કહે છે કે – અવિદ્યાએ કરેલા નામરૂપ આદિ વિશેષનો નિષેધ કરીને ' અસ્થૂળ ' વગેરે શબ્દોથી જ બ્રહ્મનો ઉપદેશ કરવામાં આવે છે તે પરબ્રહ્મ છે. તેને જ જયાં, ઉપાસના માટે, કોઈ નામરૂપ આદિ વિશેષણ લગાડીને દા.ત. તે મનોમય છે. પ્રાણરૂપી શરીરવાળો છે, તેજસ્વી, રૂપાળો છે વગેરે ઉપદેશ આપવામાં આવે છે ત્યાં તે અપરબ્રહ્મ છે.

શાંકરભાષ્યમાં બ્રહ્મની સાથે પર અને અપર એવાં બે વિશેષણો લગાડવામાં આવ્યાં છે, એનો અર્થએ નથી કે અપર એટલે ખોટું અને પર એટલે સાચું ગમે તે દેવના સ્વરૂપ સાથે પર શબ્દનો ઉપયોગ કરીને તે દેવતાના તાત્વિક સ્વરૂપ પ્રત્યે આપણું ધ્યાન શ્રી શંકરાચાર્ય ખેંચે છે; કારણ કે એક નિત્ય અધિષ્ઠાન વિના કોઈપણ વસ્તુનું નામારૂપાત્મક અભિવ્યંજન શકય નથી. પરવિષ્ણુ, પરશિવ, પરાશકિત વગેરે શબ્દો વડે તે તે દેવોનાં આભિમાનિક રૂપોનાં પૃષ્ઠમાં રહેલા શાશ્વત તત્ત્વોનો નિર્દેશ તેઓશ્રી કરે છે. પરબ્રહ્મને જાણવાનું અને અ–પરબ્રહ્મને પ્રાપ્ત કરવાનું છે. ઉપાસના તો સગુણ બ્રહ્મની જ કરી શકાય. શાંકર સિદ્ધાંત પ્રમાણે નિર્ગુણ અને સગુણ એવા બે બ્રહ્મ નથી. તેમ નિર્ગુણ છે અને સગુણ નથી. એમ પણ નથી ; પરંતુ સગુણ બ્રહ્મ જ ઠીક ઠીક વિચાર કરતાં અર્થાત પરમાર્થત : નિર્ગુણ જ છે એમ સમજાય છે. આમ હોઈ, આપણા સર્વ વ્યવહાર માટે બ્રહ્મ સગુણ છે એમ માનીને ચાલીએ તો એમાં શાંકરવેદાન્તનો વિરોધ નથી.

ડૉ.રાધાકૃષ્ણન્ લખે છે કે પરમ તત્ત્વને આપણે જયારે જગતથી અલગ પાડીને જોઈએ ત્યારે તેને પરબ્રહ્મ કહીએ છીએ ; જગત સાથેનો તેનો સંબંધ ધ્યાનમાં રાખીને બોલીએ ત્યારે તેને ઈશ્વર કહીએ છીએ.

નિર્ગુણ બ્રહ્મ એ સગુણ ઈશ્વરનું જગતની હસ્તી પહેલાનું રૂપ છે. સગુણ ઈશ્વર એ પરબ્રહ્મનું જગતની દષ્ટિએ ઓળખાતું રૂપ છે. પરબ્રહ્મનાં નિર્ગુણ તેમ જ સગુણ, અપૌરુષેય તેમજ, પૌરુષેય, નિરાકાર તેમજ સાકાર, એ ઉભયરૂપ એ જ સત્નું વર્ણન કરવાની નિરપેક્ષ અને સાપેક્ષ રીતો છે. બે પ્રકારના બ્રહ્મ નથી. પરંતુ બ્રહ્મનાં બે રૂપો છે : એક નામરૂપના ભેદથી પરિણમતું ઉપાધિસ્વરૂપ અને બીજું સર્વ ઉપાધિવર્જિત હોય તેવું સ્વરૂપ બ્રહ્મ એક જ છે, છતાં ઉપાધિ સંબંધ યુકત તરીકે તેની ઉપાસના કરવાનો અને ઉપાધિ સંબંધ મુકત તરીકે તેનું જ્ઞાન મેળવવાનો વેદાંત ઉપદેશ આપે છે.

બ્રહ્મ કોઈ જાતિ નથી ; કારણ કે ' સત્ ' વગેરે શબ્દો તેને માટે વાપરી શકાતા નથી. તે ગુણયુકત નથી. કારણ કે નિર્ગુણ છે અને ગુણવાતી શબ્દોથી તેનો નિર્દેશ થતો નથી. તે જ પ્રમાણે ક્રિયા નિર્દેશક શબ્દથી તેનું નિરૂપણ થઈ શકે નહીં. કારણ કે તે નિષ્ક્રિય છે.

પરમાત્માએ કાંતો નિર્ગુણ બ્રહ્મ છે અથવા સગુણ ઈશ્વર છે એમ માની લેવું એ ભૂલ છે. પરબ્રહ્મ એક જ હોઈ કયારેક તાત્ત્વિક પર્યેષણા એટલે કે જ્ઞાનનો વિષય ભાસે છે અને કયારેક ઉપાસના એટલે ભકિતનો મનુષ્ય પરમ સત્યને નજરોનજર નિહાળે છે એટલે કે તેનો સાક્ષાત્કાર કરે છે, ત્યાં નિર્ગુણ બ્રહ્મ અને સગુણબ્રહ્મ ( ઈશ્વર ) એ બે કલ્પનાઓ વચ્ચેનો ભેદ શમી જાય છે, પણ વિચારના ક્ષેત્રે એ ભેદ શમાવવાનું કામ કઠિન છે. ફિલસૂફીનું નિર્ગુણ બ્રહ્મ અને ભકિતનો સગુણ ઈશ્વરએ બંનેને વેદાંતમતમાં સ્થાન છે. જેઓ એ બંને વચ્ચે ભેદની કડક દિવાલ ઊભી કરે છે. તેઓ વેદાંતનું તત્ત્વજ્ઞાન બરાબર સમજ્યા નથી એમ કહી શકાય. (૩૨)

## 3.4 રામાનુજનાં તત્ત્વવિજ્ઞાનમાં બ્રહ્મ

બૃહ – વિકાર પામવું, વૃદ્ધિથવી, વિશ્વના વિવિધ પદાર્થો રૂપે ઈશ્વર વિકાસ પામતો હોઈ તે 'બ્રહ્મ' કહેવાય છે. સ્વયં બ્રહત્ થવા અને અન્યને બ્રહત્ કરવામાં જે સમર્થ છે તે એક બ્રહ્મ છે. અને તેમાં ત્રણ મૌલિક પદાર્થ છે. ચિત્ (જીવ), અ–ચિત્ (જડસભૂહ) અને ઈશ્વર યા પુરુષોતમ સ્થૂળ અને ચેતન વિશિષ્ટ બ્રહ્મ જ ઈશ્વર છે. અચિત, ચિત્ અને તે બન્નેનું તેમના નામ સ્વરૂપોમાં નિયમન કરનાર ઈશ્વર– આ ત્રણેયનું (તત્ત્વત્રયી) અવિભાજય ઐકય તે રામાનુજના મતે બ્રહ્મ યા પરમ સત્ છે.

અનંત જીવ અને જગત તેનું શરીર છે અને તે બ્રહ્મ એવા શરીરના આત્મા છે. જીવ–જગતને મિથ્યા દર્શાવ્યા વિના પણ બ્રહ્મનું એકત્વ સાબિત થઈ શકે છે તેમ રામાનુજ માને છે. બ્રહ્મ જ એક માત્ર સત્તા છે, અર્થાત તેનાથી પૃથક્ કે સ્વતંત્ર બીજી કોઈ  વસ્તુની સત્તા નથી. રામાનુજનો અદ્વૈતવાદ વિશિષ્ટાદ્વૈતવાદ કહેવાય છે કારણ કે તેમના મતે ચિત્ તથા અ–ચિત્ અંશો વડે વિશિષ્ટ હોવા છતાં બ્રહ્મ તો એક જ છે. તેની સત્તા ભેદરહિત નથી. વેદાન્તીઓ ત્રણ પ્રકારના ભેદ (વિજાતીય ભેદ, સજાતીયભેદ અને સ્વગતભેદ) માને છે. તે અગાઉ આપણે જોઈ ગાય છીએ. આ ત્રણ પ્રકારમાં વિજાતીય અને સજાતીય આ બે પ્રકારના ભેદો બ્રહ્મમાં માની શકાય નહિ, કારણ કે બ્રહ્મથી ભિન્ન એવો કોઈ વિજાતીય કે સજાતીય બીજો પદાર્થ નથી. પરંતુ તેમાં સ્વગતભેદ હોવાનું રામાનુજ માને છે, કારણ કે તેમાં ચિત્ અને અ–ચિત્ એ બન્ને અંશો એકબીજાથી ભિન્ન છે.

બ્રહ્મ નિર્ગુણ નથી પરંતુ સગુણ છે. વેદાન્તમાં જેનું પ્રતિપાદન થાય છે અને પરબ્રહ્મ નામે જે ઓળખાય છે તે ભગવાન વાસુદેવ સકલ દોષ રહિત છે, અને એ અર્થમાં જ તે નિર્ગુણ છે એમ કહી શકાય. તે કેવળ કલ્યાણ સ્વરૂપ છે અને તે અનંત જ્ઞાન અને આનંદ વગેરે અપરિમિત મંગળ ગુણોનો સાગર છે તથા સત્ય સંકલ્પ છે. બ્રહ્મ સગુણ અને સવિશેષ છે, તેમાં નિકૃષ્ટ કાંઈ પણ

નથી. તે હેયગુણ રહિત છે, વિભુ છે, અનંત છે, તેનામાં જ્ઞાન (સર્વનો સાક્ષાત્કાર), શકિત (અઘટિત ઘટનાનું સામર્થ્ય) આદિ અનેક ગુણો નિરતિશય રૂપમાં રહેલા છે.(૩૩) ઈશ્વર જ સૃષ્ટિ કર્તા, હર્તા, કર્મફળદાતા, જગન્નિયતા અને સર્વાન્તરયામી છે. ભગવાનની શકિત માયા છે, તે સ્વભાવરૂપી છે, કલ્પિત કે અધ્યારોપિત નથી.

## રામાનુજનો ઈશ્વરવાદ :–

રામાનુજનો ઈશ્વરવિષયક મત પશ્ચિમના તત્ત્વજ્ઞાનના ઈશ્વરવાદને મળતો આવે છે. ઈશ્વરવાર અનુસાર ઈશ્વર આ જગતમાં વ્યાપ્ત છે તેમજ તેનાથી પર પણ છે. ઈશ્વરનું એક વિશિષ્ટ વ્યકિતત્વ છે અને તે પોતાની ઈચ્છાશકિત દ્વારા ઉદેશ્યની પૂર્તિ જગતની રચના કરે છે. ભવગદ્ગીતામાં પણ આપણને આ પ્રકારનો ઈશ્વરવાદ જોવા મળે છે.

રામાનુજના મત મુજબ ઈશ્વર ચૈતન્ય સ્વરૂપ છે. તેમના સેશ્વરવાદમાં ઈશ્વરને સંપૂર્ણ પણે સાકાર– વ્યકિતરૂપ કલ્પવામાં આવેલ છે. તે ઉપાસનાનો વિષય છે, તેમજ ધાર્મિક સાધના માટેનું લક્ષ્ય પણ છે. પ્રાર્થના દ્વારા ઈશ્વરને સંતુષ્ટ કરવાથી તેની કૃપા આપણા પર ઉતરે છે અને પરિણામે મોક્ષ મળે છે. ઈશ્વર શબ્દનો પ્રયોગ અહીં દ્વિ–અર્થી છે. પ્રથમ તો તે ચિત્– અ–ચિત્ સહિત સમગ્ર જગતને સર્જે છે. આ અર્થમાં ઈશ્વરનો બે ભૂમિકાએ વિચાર કરી શકાય છે. (૧) કારણરૂપે અને (૨) કાર્યરૂપે. પ્રલય સમયે તે કારણરૂપે અસ્તિત્વ ધરાવે છે અને સમગ્ર જગત તેનામાં તિરોભૂત (અવ્યકત) હોય છે. સૃષ્ટિની રચના સમયે જે અવ્યકત છે તે આવિર્ભાવ પામે છે. આમ ઈશ્વર પોતે જ પોતાને વિશ્વરૂપે સરજે છે અર્થાત્ વિશ્વ કોઈ બાહ્ય નિમિતની અપેક્ષા વગર ઈશ્વરમાંથી જ વિકસે છે. શંકરથી વિરૂદ્ધ અહીં રામાનુજ ઈશ્વરને પરિણામી માને છે. જો કે તેઓ એટલું સ્વીકારે છે કે આ પરિણામ ગૌણ અર્થમાં સમજવાનું છે. પરિણામ ઈશ્વરમાં

પોતાનામાં નથી, પરંતુ પોતે જેનું પ્રેરકતત્ત્વ છે એવા વિશિષ્ટ ઐકયમાં સમાયેલા તત્ત્વો દ્વારા છે. આ તત્ત્વો જે પરિણામે છે. પરિણામી જગતના સ્વયં અપરિણામો કેન્દ્ર બિન્દુ રૂપ અને અન્તિમ્ છે, અને તે જ પરમસત્ કે બ્રહ્મ તરીકે ઓળખાય છે. વળી સર્વ ચિત્ અને અચિત્ વસ્તુઓમાં વ્યાપેલો હોઈ તે અન્તર્યામી પણ છે. ઈશ્વરના આ પ્રકારના મન્તવ્ય પરથી સ્પષ્ટ થાય છે કે પ્રસ્તુત દર્શનમાં ભાગવત્ ધર્મના તત્ત્વોનો સમાવેશ થયેલો છે.

આમ રામાનુજ સંપ્રદાયમાં ઈશ્વરને જગતનું 'અભિન્નનિમિતોપાદાન' કારણ માનવામાં આવે છે. એ કારણ અવિદ્યા નિબંધન, કે કર્મ નિબંધન નથી. અને પરિનિયોગમૂલક પણ નથી, એ તો સ્વેચ્છાજન્ય છે કારણ કે વિશ્વ–રચનાનું પ્રયોજન માત્ર પરમાત્માની 'લીલા' જ છે. પ્રલય વખતે પણ લીલા અવિરત ચાલુ જ હોય છે, કારણ કે સંહાર પણ લીલા જ છે સર્જન અને સંહારમાં તાત્વિક બીજો કશો ફરક નથી. સર્જન એ સ્થૂલ રૂપ છે અને પ્રલય એ સૂક્ષ્મરૂપ છે. આ રીતે જોતાં સહાય પછી કે સર્જન પહેલાં સૂક્ષ્મરૂપ ચિત્ અચિત્ વિશિષ્ટ જે ઈશ્વર એ જ સર્જનનું કારણ બ્રહ્મ કહેવાય છે અને સર્જન પછી સ્થૂળરૂપ ચિદ્–અચિદ્ વિશિષ્ટ જે ઈશ્વર એ જ કાર્યબ્રહ્મ કહેવાય છે. આમ ઈશ્વર સદાય વિશિષ્ટ જ રહે છે, તે કયારેય નિર્વિશેષ હોઈ શકે જ નહિ.

## ઈશ્વરનું પાંચ પ્રકારનું સ્વરૂપ :–

કરુણાસિન્ધુ ભકતવત્સલ ભગવાન ભકતને ખાતર પાંચ સ્વરૂપો ધારણ કરે છે, જેને અવલંબીને જ જીવવર્ગ તે તે જ્ઞેય પદાર્થને સેવે છે. ભાગવત મતમાં 'ભગ' એટલે જ્ઞાન, બલ, ઐશ્વર્ય, વીર્ય, શકિત અને તેજ– એ છ ગુણ અને એ ગુણવાળો પરમાત્મા તે ભગવાન એવો 'ભગવાન' શબ્દનો અર્થ ઘટાવવામાં આવ્યો છે (૩૪) હિન્દુ ધર્મમાં ભકિતના મુખ્ય સંપ્રદાયમાં શિવ, વિષ્ણુ અને દેવીના નામ પ્રસિદ્ધ છે. ભાગવત ધર્મ વિશેષ અર્થમાં વૈષ્ણવ સંપ્રદાયને લગાડવામાં આવે છે.

ઉપાસકોની આવશ્યકતા પ્રમાણે નારાયણ અર્થાત વાસુદેવ રૂપી પરબ્રહ્મ પાંચ સ્વરૂપો ધારણ કરે છે. આ સ્વરૂપોનાં નામ છે, પરયા સૂક્ષ્મરૂપ, વ્યૂહરૂપ, વિભવ, અન્તર્યામીરૂપ અને અર્ચાવતાર.

(૧) પર યા સૂક્ષ્મરૂપ :–

વૈકુંઠમાં બિરાજનાર નારાયણ પોતે જ્ઞાન, શકિત આદિ અનંત કલ્યાણ ગુણોથી ભરપુર છે તે કાલાતીત છે. તે જ્ઞાન, બલ, ઐશ્વર્ય આદિ ષડ્ ગુણાંલંકૃત છે. આ દિવ્ય, મંગળ, વિગૃહના ચરણાવિન્દમાં પહોંચી જવાનો જ મુમુક્ષુઓનો ઉદેશ હોય છે.

(૨) વ્યૂહરૂપ :–

આ પર વાસુદેવ નીચે જણાવેલ ચાર પ્રકારે ગોઠવાય યા કલ્પાય છે. આ સ્વરૂપ વિશ્વની લીલા અર્થે છે. પોતાના ભકતોને મદદ કરવા માટે તે વિવિધ રૂપે આવિર્ભાવ પામે છે. પરસ્વરૂપમાં ઉપર જણાવેલ છે યે ગુણ સદૈવ રહે છે, પણ વ્યૂહમાં પ્રકરરૂપે નીચે મુજબ ફકત બબ્બે ગુણ રહે છે.

(i) વાસુદેવ – જે 'પર' વાસુદેવનો એક વિશેષ ભેદ છે, તે ષડ્ ગુણાલંકૃત છે.

(ii) સંકર્ષણ (જીવ) – તે જ્ઞાન તથા બળયુકત છે.

(iii) પ્રદ્યુમ્ન (મન) – તે ઐશ્વર્ય તથા વીર્યયુકત છે.

(i) અનિરુદ્ધ (અહંકાર) – તે શકિત તથા તેજ યુકત છે.

ભગવાન સંકર્ષણ સ્વરૂપ દ્વારા શાસ્ત્રપ્રવર્તન તથા જગતનો સંહાર કરે છે, પ્રદ્યુમ્ન સ્વરૂપે ધર્મોપદેશ, મનુ, ચાર વર્ણો આદિ શુદ્ધિ વર્ગોની સૃષ્ટિ નિર્વાહ તથા અનિરુદ્ધ સ્વરૂપે તત્ત્વજ્ઞાન, પ્રદાન, કાલસૃષ્ટિ તથા મિશ્ર સૃષ્ટિનો નિર્વાહ કરે છે. ઉપરના તમામ અપૂર્ણ આવિર્ભાવો છે.

અને તેમાં ઈશ્વર અલગ અલગ સ્વરૂપમાં દેખાય છે, વિશ્વ સંચાલન અર્થે એક જ નારાયણે ઘરેલાં આવિવિધ રૂપો એમાં તત્ત્વદષ્ટિએ ભેદ નથી.

(૩) વિભવ :–

પરમાત્માનું વિશેષ રૂપે થવું તે 'પર' ના આવિર્ભાવની બીજી રીત અવતાર ઘારણની છે. મુમુક્ષુ જે ભગવાનના અંશની ઉપાસના કરે છે તે મુખ્ય વિભવ છે. દા.ત. રામ, કૃષ્ણ આદિ અવતારો, ધર્મના સ્થાપન અર્થે અને સાધુ મહાત્માઓના રક્ષણ માટે ભગવાન અવતાર ઘારણ કરે છે. આ બધા અવતારો 'વિભવ' કોટિમાં આવે છે. વિભવો અથવા અવતારો નું વર્ણન અહીં પુરાણોમાંથી લેવામાં આવ્યું હોય તેમ જણાય છે.

(૪) અન્તર્યામી :–

આ પણ 'પર' વાસુદેવનો આવિર્ભાવ છે. અજીર્યામી એટલે જીવાત્માના અંતરમાં નિરંતર સખાભાવે નિવાસ કરતું, સર્દૈવ વસતું અને નિયમન કરતું એવું પરમાત્માનું સ્વરૂપ સ્વર્ગ, નર્ક આદિ સ્થાનોમાં બધા જીવોની સહાયતા ભગવાન આ રૂપે જ કરે છે અન્તર્યામીની હસ્તી બધા જીવોમાં છે અને તે તેમને મિત્રની જે માર્ગદર્શન આપે છે. અર્ન્તામીરૂપે ઈશ્વર જીવ સાથે રહેલો હોવા છતાં દોષોથી અસ્પૃષ્ટ રહે છે. આત્યન્ત સૂક્ષ્મ હોઈ જીવોમાં તેની ઈન્દ્રિયગોચરતાની યોગ્યતા નથી. પરંતુ પર, વ્યૂહ, વિભવ અને અર્ચાએ ચારેય રૂપ સાકાર છે.

(૫) અર્ચા યા અર્ચાવતાર :–

અ–પાકૃત દૈવી શરીરવાળા મૂર્તિરૂપે રહેલા ભગવાન તે અર્ચાવતાર રૂપ તેમનું સ્વરૂપ પ્રતિમા–મૂર્તિ–માં અવતરે છે. ભકતની રૂચિ અનુસાર

મૂર્તિમાં જે ભગવાનની ઉપાસ્યમૂર્તિ છે તે મન્દિરોમાં તથા ઉપાસકોના ઘરમાં જેનું પૂજન થાય

છે તે એના ચાર ભેદ વે. સ્વયં વ્યકત (જાતે પ્રકટ થયેલા) દૈવ (દેવોએ સ્થાપેલા), સૈદ્ધ (સિદ્ધાંએ સ્થાતેલા) અને માનુષ (મનુષ્યોએ સ્થાપેલા) ઉપરની પાંચે અવસ્થાઓમાં ભગવાન શ્રી લક્ષ્મીની સાથે જ રહે છે.

## ❖ રામાનુજની ઈશ્વર અંગેની કલ્પના શાંકરમતથી ભિન્ન છે:

(૧) શાંકરમતમાં એક અને અદ્વિતીય બ્રહ્મ જ પરમાર્થ સત્ તત્ત્વ છે. તે સિવાય આ દશ્યમાન જગત પ્રપંચની કોઈ હસ્તી નથી. બ્રહ્મ ત્રિવિધ ભેદ રહિત છે, તે નિર્ગુણ તેમજ નિવિશેષ છે. તેમાં જે ગુણો કે રૂપો કે વિશેષણો ભાસે છે તે સર્વ અવિધાને લીધે ભાસે છે. હકીકતમાં તે ગુણો તેમાં નથી. રામાનુજના મળે બ્રહ્મએ પરમ સત્ તત્ત્વ છે એ વાત ખરી, પરંતુ તે નિવિશેષ નથીઃ પરંતુ ચિત્ અને અચિત એવા બે વિશેષણોથી વિશિષ્ટ છે. વિશેષણ વિશેષ, પ્રકાર, રૂપ, ગુણ, અંશ વગેરે પર્યાયવાચી શબ્દો છે. બ્રહ્મ તથા તેના શરીર એટલે કે જીવ અને જગતથી ભિન્ન એવું બીજુ કશું છે જ નહિ, બ્રહ્મ સજાતીય અને વિજાતીય ભેદરહિત હોવા છતાં તે સ્વગત ભેદ રહિત નથી. બ્રહ્મ સગુણ સવિશેષ છે. એમાં સ્વભાવથી જ અનેક કલ્યાણકારી ગુણો રહેલા છે. કેવલાદ્વૈત સિવાયના મતો નિર્ગુણ બ્રહ્મને નહિ પણ સગુણ બ્રહ્મને પર સત્ય માને છે. 'નિર્ગુણ' શબ્દનો અર્થ રામાનુજ 'હેયગુણથી રહિત' એવો કરે છે.

(૨) શંકરના મતમાં બ્રહ્મ જ માયારૂપી ઉપાધિ વડે ઈશ્વર (માયા વિશિષ્ટ બ્રહ્મ) અને અવિદ્યારૂપી ઉપાધિ વડે જીવ કહેવાય છે. અને જગત પ્રાતિભાસિક

**તેમજ મિથ્યા છે. રામાનુજ મતે બ્રહ્મ એજ ઈશ્વર છે. તેના શરીરભૂત જીવ તથા જગત તેનાથી ભિન્ન (અમુક વિશિષ્ટ અર્થમાં) છે તથા નિત્ય છે.**

**(૩) શંકરના મતે ઈશ્વર જડ પદાર્થો તથા જીવિત વસ્તુઓમાં વ્યાપક છે. અનુભવ પર આધારિત ભેદો યા પ્રકારોમાં પણ તે વ્યાપ્ત છે. રામાનુજના મતે ઈશ્વર જડ તથા જીવિત પદાર્થોથી પર તથા વ્યાપક છે.**

**God is both transcendent as well as immanent.**

**તે અનુભવ આધારિત ભેદ યા પ્રકારની અંદર અનુસ્યૂત પણ છે અને તેની પર પણ છે.**

**(૪) શંકરના મતે માયા ઈશ્વરની માયાવી શકિત છે. તે વિશ્વગત અવિદ્યા** Cosmic Nescience **છે. બ્રહ્મના એકત્વને ઢાંકી દઈ તે તેનાં અનેક વિદ્ય રૂપોને પ્રગટ કરે છે અને તેની વાસ્તવિક તેમજ નિત્ય પ્રકૃતિ છે. ઈશ્વરમાં અનેકતામાં એકતા અનુસ્યૂત છે.**

**(૫) શંકર એ સ્વીકારે છે કે ઈશ્વરના અનંત દિવ્ય ગુણો છે. અને તેનું દિવ્ય વ્યકિતતવ છે, તે પુરુષોતમ છે. પરંતુ તેમના મતે ઈશ્વર સાધારણ વ્યાવહારિક અથવા અનુભવાત્મક દષ્ટિએ જોતાં જ વાસ્તવિક છે, તાત્વિક દષ્ટિએ નહિ. તે પ્રપંચાત્મક પ્રતીત માત્ર છે. રામાનુજના મતે ઈશ્વર અથવા બ્રહ્મના અનંત દિવ્ય ગુણો છે તથા તેનું વ્યકિતત્વ પણ અનંત અને દિવ્ય છે; તે પુરુષોતમ છે. પરંતુ શંકરના વિરુદ્ધ તેમનો મત છે કે આ ઈશ્વર તાત્વિક અથવા પારમાર્થિક ર્દષ્ટિએ પણ વાસ્તવિક છે. આથી તેઓએ ઈશ્વરની નિત્ય, વ્યાપક સત્તા** Eternal abiding Reality **માની છે.**

**(૬) ઈશ્વરના સંબંધમાં શંકરની માન્યતાને સર્વેશ્વરવાદ ચરમ અધ્યાત્મવાદ** Absolute idealism **અથવા અદ્વૈતવાદ** Nondualism **કે** Monism **કહેવામાં આવે છે. જયારે રામાનુજનો મત આથી ભિન્ન હોઈ તેને આસ્તિકવાદ યા**

ઈશ્વરવાદ ઈશ્વર– મધ્ય– વિશ્વવાદ વસ્તુવાદી અધ્યાત્મવાદ અથવા વિશિષ્ઝાદ્વૈતવાદ કહેવામાં આવે છે.

(૭) શંકર તથા રામાનુજ એ બાબતમાં સહમત છે કે બ્રહ્મ જ એક માત્ર પરમ તત્ત્વ કે પરમ સત્તા ( Ultimate Realitu ) છે. રામાનુજ બ્રહ્મ તથા ઈશ્વરને અભિન્ન તથા એક જ માને છે, જયારે શંકર બન્નેમાં ભેદ કરે છે. બન્ને આચાર્યો એ બાબાતમાં પણ સંમત છે કે ઈશ્વરજગતનું ઉપાદાન Matrial તથા નિમિત Efficient કારણ છે. શંકર ઈશ્વરને એક અનોખા પ્રકારનો કોઈ જાદુગર માને છે તો રામાનુજ તેને એક અદ્‌ભુત સૃષ્ટા માને છે, છતાં બન્નેના મતે પોત પોતાની રીતે ઈશ્વર જગતનો સૃષ્ટા, રક્ષક તથા વિનાશક છે. તે નૈતિક શાસક, કર્માધ્યક્ષ, કર્મફળ પ્રદાના છે. બન્નેના મતે ઈશ્વર ઉપાસનાનો વિષય છે અને મનુષ્યની નૈતિક મહત્ત્વાકાંક્ષાઓનું તે લક્ષ્ય છે. પરંતુ શંકર જ્ઞાન દ્વારા મોક્ષપ્રાપ્તિના ટેકેદાર છે, જયારે રામાનુજ ઈશ્વરની ઉપાસના તથા પ્રાર્થના અને ભકિત દ્વારા તેને પ્રસન્ન કરી તેની અમીસ કૃપા વડે મોક્ષ પ્રાપત કરવાની વાત કરે છે.

## 3.4.1 બ્રહ્મ, ચિત્ત, અચિત્ત વિશિષ્ટ તરીકે

શ્રી વલ્લભાચાર્યના મતે જગત અને બ્રહ્મ વચ્ચેનો શુદ્ધાદ્વૈત સંબંધ છે. શુદ્ધ એટલે જયાં માયાનો સંબંધ નથી તે શુદ્ધ બ્રહ્મ કાર્ય અને કારણ રૂપે શુદ્ધ છે, માયિક નથી. શુદ્ધ ( માયા સંબંધ રહિત ) બ્રહ્મ પોતાની સર્વ વ્યકત શકિતથી જગતરૂપ બને છે. તે માટે તેને અન્ય કોઈ પદાર્થોની જરૂર પડતી નથી.

શુરૂ બ્રહ્મ (કારણ) અને શુદ્ધ જગત (કાર્ય) આ બે શુદ્ધનો અભેદ તે ' શુદ્ધાદ્વૈત ' જગતના સ્વરૂપને ધ્યાનમાં લઈ જેમ શંકરાચાર્યનો મત ' જગત માયાના કારણે છે' માટે તેમના વાદને ' માયાવાદ ' કહેવાય છે. તેમ શ્રી વલ્લભચાર્યનો મત છે કે ' જગત બ્રહ્મનું રૂપ છે', માટે તેમના સિદ્ધાંતને ' બ્રહ્મવાદ

' કહેવામાં આવે છે. જગત પરબ્રહ્મ પરમાત્માનું સર્જન છે. તેમણે પોતાના સામર્થ્ય વડે તે રચ્યું છે અથવા તેઓ સ્વયં સર્જન છે. જગતરૂપ બન્યા છે.

'' प्रपंचो भगवत्कार्य स्तुद्रूपो माययाअभवत ''

માયા ભગવાનની અલૌકિત શકિત છે. તે સ્વતંત્ર નથી. જેમ માટીના કુંભમાં માટી અસ્તિત્વ ધરાવે છે. સુવર્ણના આભૂષણમાં સુવર્ણ નિહિત છે. તેમ જગત પણ બ્રહ્મરૂપ છે. આને કારણે તેને ' બ્રહ્મવાદ ' કહે છે.

બ્રહ્મવાદના સિદ્ધાંતનાં મૂળ ત્રણ સૂત્રો છે. '' બ્રહ્મ સત્યં જગત્કાર્ય જીવોડશં એવનાપર : '' બ્રહ્મ સત્ય છે, જગત ( મિથ્યા નથી પરંતુ ) બ્રહ્મનું કાર્ય છે અને જીવએ બ્રહ્મનો અંશ છે. જગત અને જગદીશનો સંબંધ અંશ અંશીના છે.

બ્રહ્મવાદ બ્રહ્મને ' નિધર્મક ' નહીં પરંતુ ' સધર્મક ' કહેવું યોગ્ય ગણે છે. જો બ્રહ્મ નિધર્મક હોય તો પછી એને જાણવાની, ભજવાની કે પ્રાપ્ત કરવાની સંભાવના જ રહેતી નથી. સધર્મક એટલે ' ધર્મયુકત ' વસ્તુમાં જે ગુણ હોય છે તેને ધર્મ કહેવાય છે.

જેના માટે નિર્ગુણ શબ્દનો પ્રયોગ થયો છે, ત્યાં નિર્ગુણનો અર્થ નિધર્મક થતો નથી. પરંતુ તેનો અર્થ છે જેના પર પ્રકૃતિના સત્વ, રજ અને તમ ગુણના પ્રભાવ નથી. નિર્ગુણ શબ્દનો અર્થ ગુણ રહિત કે ગુણહીન એમ નથી. બ્રહ્મમાં અધ્યક્ષપણું, દેવત્વ, સર્વ વ્યાપકત્વ, સર્વના અંતર્યામી હોવા પણું એવા ગુણો પણ છે. માટે બ્રહ્મવાદ નિર્ગુણનો અર્થ કરે છેઃ ' સત્યાદિ ગુણોથી પર ' બ્રહ્મવાદમાં બ્રહ્મ નિર્ગુણ હોવા છતાં ' સધર્મક ' છે. બ્રહ્મવાદનો અભિપ્રાય છે કે ' વેદાર્થ ' અલૌકિત છે, તે લૌકિત યુકિતથી જાણી શકાતા નથી, પરંતુ તપ, વેદને અનુકુળ યુકિત અને પરમાત્માની કૃપાથી જાણી શકાય છે. શ્રી વલ્લભાચાર્ય કહે છે તેવું જ વેદાદિ શાસ્ત્રોમાં બ્રહ્મનું જે કાંઈ નિરૂપણ કરવામાં આવેલ છે તેવું જ તેનું સ્વરૂપ જાણવું, અણુ પણ અન્યથા કરવાથી તે દોષરૂપ બને છે.

બ્રહ્મવાદ નામ અને રૂપને પણ મિથ્યા માનતો નથી. છાંદોગ્ય ઉપનિષદ્ કહે છે કે બ્રહ્મ જ નામ રૂપનું કર્તા છે. ' જે તારી અંદર છે તે બ્રહ્મ છે.' 'સર્વખલ્વિદં બ્રહ્મ' એ શ્રુતિ અનુસાર કશું જ મિથ્યા નથી.

નિરાકાર એટલે પ્રાકૃત સાકાર રહિત અને સાકાર એટલે આનંદાકાર શ્રી વલ્લભાર્ચાયજી કહે છે.

" आनंदकर पात्र मुखोदराहि "

બ્રહ્મનું સ્વરૂપ મનુષ્યવત લોહીમાંસ યુકત નથી, પરંતુ સર્વત્ર આનંદરસધન અલૌકિક છે.

પરબ્રહ્મ પરમાત્મા શ્રી કૃષ્ણએ બ્રહ્મનું આધિદૈવિક સ્વરૂપ છે. અક્ષર બ્રહ્મ એ તેનું આધ્યાત્મિક સ્વરૂપ છે. અને જગત એ તેનું આધિભૌતિક સ્વરૂપ છે. આ ત્રણે સ્વરૂપો અનન્ય અને અભિન્ન છે. જ્ઞાનીને અક્ષર બ્રહ્મની પ્રાપ્તિ થાય છે જયારે ભકતો પ્રેમ વડે, ભકિત વડે તે બ્રહ્મના આધિદૈવિક સ્વરૂપ પામે છે. જગતના વિષયમાં બ્રહ્મવાદ ' અવિકૃત પરિણામવાદ' માને છે. જગતનું ઉપાદાન અને નિમિત્ત કારણ બ્રહ્મને જ માને છે. માટે તે બ્રહ્મવાદ કહેવાય છે. અવિકૃત નિર્ગુણ બ્રહ્મ પોતાની આવિર્ભાવ તિરોભાવ નામની શકિત વડે અક્ષર, જીવ, જગત તેમ સર્વરૂપે લીલા કરે છે.

" अचमेव ब्रह्मवादः शिष्टं मोहाय कल्पितम् "

અર્થાત્ આ જ બ્રહ્મવાદ છે, બીજું બધું મોહરૂપ છે.

## ચિત્તસ્વરૂપે ( જીવ ) :–

શુદ્ધાદ્વૈત દર્શનમાં જીવસૃષ્ટિએ બ્રહ્મની લીલા માટે છે. શ્રુતિ કહે છે.

‘‘ स अेकाकी न रमते, द्वितीय मैच्छत ’’

અર્થાત્ તેને એકલું સારૂં ન લાગ્યું તેથી બીજાની ઈચ્છા કરી. માટે તેણે વિચાર્યું,

" अेकोडहम् बहुस्याम् "

**અર્થાત્ ' હું એક છું તે અનેક થાઉ ' આમ, જીવની ઉત્પત્તિનું કારણ ભગવદીચ્છા છે. ' હું અનેક રૂપ થાઉ ' એવી પરબ્રહ્મની કીડા કરવાની ઈચ્છા થતાં તે પોતાના પૂર્ણ પ્રકટ આનંદનો તિરોભાવ કરીને જીવસ્વરૂપ ગ્રહણ કરે છે. નરસિંહ મહેતાએ કહ્યું છે.**

बहुस्यां प्रजायेयेति वीना तस्य हयभूत्सती !

तदीच्छ   मात्रासीस्माद   ब्रह्मभूतांशचेतनः !!

**એકમાંથી અનેક થવાની સત્ય સંકલ્પ એવી ભગવાનની ઈચ્છા થતાં તે ઈચ્છા માત્રથી બ્રહ્મમાંથી બ્રહ્મભૂત અંશરૂપ જીવોનું વ્યુચ્ચરણ થયું અને જીવો છુટા પડયા. મુંડક ઉપનિષદ્ કહે છે. ' જેમ અત્યંત પ્રજવલિત થયેલા અગ્નિમાંથી સૂક્ષ્મ તણખા નીકળે છે તેમ એ આત્મા ( પરબ્રહ્મ ) માંથી સર્વ પ્રાણ, સર્વલોક અને દૂરાચારી તેમજ સદાચારી એવા બધા ( આસુરી તેમજ દૈવી ) જીવો છૂટા પડે છે. " અંશોનાના વ્યપદેશાત્ " એ સૂત્ર અનુસાર જીવ ભગવાનનો અંશ છે એમ અનેક પ્રકારે કહેવામાં આવેલ છે. માટે તેને અંશ માનવો. ગીતામાં પણ શ્રી કૃષ્ણ કહે છે.**

" ममैवांशो जीव लोके जीवभूत सनातय "

**અહીં નિઃસંદેહ રૂપે જીવ ભગવાનનો અંશ હોવાનું પ્રતિપાદિત થાય છે. શુદ્ધાદ્વૈત દર્શનમાં જીવ અને બ્રહ્મનો સંબંધ અંશ અને અંશીનો છે. ઉપરોકત મુંડકોપનિષદ્નું વાકયથી બ્રહ્મ અને જીવનો સંબંધ સ્પષ્ટ થાય છે.**

શ્રી વલ્લભાચાર્ય સમજાવે છે કે જે પ્રકારે અગ્નિ અને તેની ચિનગારીઓમાં કોઈ ભેદ નથી તે જ પ્રકારે બ્રહ્મ અને જીવમાં પણ સ્વરૂપગત અભેદ છે.

આમ છતાં શંકરાચાર્યની જેમ તેઓ ' જીવ બ્રહ્મ જ ' છે તેમ નથી માનતા કારણ કે અહીં જીવ કેવળ અંશી બ્રહ્મનાં અંશ માત્ર છે. જે પ્રકારે નાની મોટી ચિનગારીઓમાં અગ્નિનો ન્યૂનાધિક અંશ વિદ્યમાન રહે છે તેમ જીવોની સ્થિતિ છે. જીવ અને બ્રહ્મમાં અંતરમાત્ર એટલું છે કે જીવની શકિત પોતાની સત્તાનુસાર સીમિત છે, જયારે બ્રહ્મની શકિત અસીમ અને અનંત છે.

જીવ અણુરૂપ છે તે કર્તા તેમજ ભોકતા બન્ને છે. તે એક જ નથી, પરંતુ તેનું બહુત્વ છે. તે અંતર્યામી પરમાત્માની સાથે હૃદયસ્થ બને છે. તેમાં બ્રહ્મના સદાંશ અને ચિદાંશ છે, પરંતુ આનંદ તત્ત્વનો તેનામાં તિરોભાવ છે : અને માટે જ તે દુઃખનો અનુભવ કરે છે. જીવનો આનંદથી તિરોહિત થઈ જવાથી તે જ વખતે ભગવદીચ્છાથી ભગવાનમાં રહેલા ઐશ્વર્યાદિ જડધર્મોનો પણ તિરોભાવ થઈ જાય છે. ઐશ્વર્ય ધર્મ તિરોહિત થતાં જીવમાં દીનતા, પરાધીનતા, આવે છે, વીર્યધર્મનું તિરોધાન થતાં તેને અનેક દુઃખો ભોગવવાં પડે છે, યશનું તિરોધાન થતાં તે સર્વથી હીન બની જાય છે, શ્રી ધર્મ તિરોહિત થતાં જન્મ થાય છે અને વૈરાગ્યના તિરોધાનને કારણે તે વિષયાસકત બને છે.

આમ, ઐશ્વર્ય, વીર્ય, યશ અને શ્રીના તિરોધાનથી ' બંધ–સંસારનું બંધન થાય છે અને જ્ઞાન – વૈરાગ્યના તિરોધાનથી જીવને 'વિપર્યાસ' એટલે વિપરીપણું પ્રાપ્ત થાય છે.

શુદ્ધાદ્વૈતમાં જીવની ત્રણ અવસ્થાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

(૧) શુધ્ધ,

(૨) સંસારી અથવા બદ્ધ અને

(૩) મુકત

જીવ બ્રહ્મમાંથી છૂટો પડે ત્યારે તે શુરૂ અવસ્થામાં હોય છે. પંચપર્વા અવિદ્યાની જાળમાં ફસાતાં તે જન્મ – મરણના ચકરાવામાં ફરવા માંડે ત્યારે તેની ' સંસારી ' અથવા બદ્ધ અવસ્થા હોય છે અને જયારે તે ભગવદ્ શરણ સ્વીકારે, ભગવદ્ કૃપા પ્રાપ્ત કરી શકે છે ત્યારે તે 'મુકત' બને છે.

ગીતામાં જીવોના બે ભેદ – આસુરી તેમજ દૈવી બતાવવામાં આવ્યા છે.

શ્રીવલ્લભાચાર્ય આસુરી જીવોને પ્રવાહી જીવો કહે છે. જયારે દૈવી જીવોના પ્રભેદ બતાવી તેમને મર્યાદા જીવ અને પુષ્ટિ જીવ એમ બે કક્ષામાં મૂકે છે. પ્રવાહી જીવો હંમેશા બુધ્ધ અવસ્થામાં જ રહે છે. તેમની સંસારા શકિત કયારે જતી નથી. જાયરે મર્યાદા જીવો વેદ માર્ગને અનુસરીતે મોક્ષ પ્રાપ્તિ કરી શકે છે. પૃષ્ટિ જીવોને ભગવાનની નિષ્કામ વ્યકિતમાં રુચિ થતાં તે ભગવત્ સેવા દ્વારા ભગવાનની પુનઃ પ્રાપ્તિ કરી શકે છે.

**જગત :–**

તેની ઉત્પત્તિ વિશે અનેક વિચારધારાઓ પ્રવર્તે છે. સૃજત્વનો સિધ્ધાંત વિશે મુખ્યત્વે ત્રણ પ્રકારના વિચારો પ્રતિ યાદીત થાય છે.

(૧) ઈશ્વરે શૂન્યમાંથી આ સૃષ્ટિની રચના કરી છે.

( God this universe Old of nothing )

આ વિચારધારા ખ્રિશ્ચન તત્ત્વજ્ઞાનની છે.

(૨) ઈશ્વરે પદાર્થ અર્થાત્ પરમાણુમાંથી વિશ્વ રચ્યું છે.

( God created this vniverse out of matter of atoms )

આ મત નૈયાયીકો અને વૈશેષિકોનો છે.

(૩) ઈશ્વરે પોતાનામાંથી આ વિશ્વ ઉત્પન્ન કર્યુ છે. જેના પોતાના કેટલાક ત વો તિરોકિત કર્યાં છે.

( God created this univese out of Himself by concealing some of his as pects partially of sholly )

**શ્રી વલ્લભાચાર્યજી જગતની ઉત્પતિ આ રીતે થયેલી બતાવે છે.**

**આ બધુ ઈશ્વર જ છે. ( All is God ) એ વિચારધારાને pen – an – theism કહેવાય છે. જગત એ બ્રહ્મનું જ રૂપ છે. જેમાં તેમના ચિત્ (સાત) અને આનંદ (Bliss) તત્ત્વનું તિરોધાન થયેલું છે.**

**શ્રી વલ્લભાચાર્ય માને છે કે પરબ્રહ્મને અનેક રૂપે પ્રકટ થવાની ઈચ્છા થઈ તેથી રમણ કરવા, ક્રીડા કરવા મળવેલો જગતરૂપ ઘારણ કર્યું.**

**બ્રહ્મ જ જગતનું ઉપાદાન, સમવાયી અને નિમિત્ કારણ છે. કાર્ય કારણને સમજવા માટે છાંદોગ્ય ઉપનિષદ્ એક નવી જ ર્દષ્ટિ આપે છે. ઘડો – કોડિયું વગેરે બધા ભેદ તો નામ માત્ર જ છે. વસ્તુનું તો સર્વ મારી જ છે. માટી રૂપે જેમ તે સત્ય છે, તે પ્રમાણે આ સર્વ વિશ્વ પણ બ્રહ્મરૂપ છે, તેથી તે સત્ય છે. શ્રી વલ્લભાચાર્યજી કહે છે જગત એ 'બ્રહ્મનું અવિકૃત પરિણામ ' છે. જેમ સુવર્ણમાંથી અલંકાર બનાવવામાં આવે તો અલંકારમાં સોનું રહેલું હોય છે. તે તેનાથી ભિન્ન નથી કે તેમાં કોઈ વિકાર તેથી ફરીને અલંકારને ગાળતાં તે પાછું સોનાના અસલી રૂપમાં પરિવર્તિત થઈ જાય છે. તે જ પ્રમાણે બ્રહ્મે પોત. જ પોતાનામાંથી જગત ઉત્પન્ન કર્યું છે. અર્થાત્ પોતે જ જગતરૂપ બન્યા છે. આમ, બ્રહ્મ અને જગત અભિન્ન છે. પ્રલયના સમયમાં જગત પાછું બ્રહ્મરૂપે જ પરિણામે છે. આમ જો બ્રહ્મ સત્ય હોય તો તેનું જ આધિભૌતિક સ્વરૂપ જગત પણ સત્ય જ હોય. તે મિથ્યા ન હોય શકે એમ શ્રી વલ્લભાચાર્ય માને છે. આ ' શુદ્ધાદ્વૈત દર્શન' નો સિદ્ધાંત છે.**

**માટે નરસિંહ મહેતા કહે છે :**

' વેદ તો એમ વેદ', શ્રુતિ – સ્મૃતિ શાખદે, કનક કુંડલ વિશે ભેદ ન હોય, ઘાટ ઘડિયા પછી નામ રૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોય .... – અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ જૂજવે રૂપે અનંત ભાસે ? (૩૫)

## 3.4.2 બ્રહ્મ જગત સાથે શરીર અને શરીરી સંબંધ : –

અંતિમ તત્ત્વના વિવિધ સંદર્ભો રૂપે વિશ્વ, ક્ષેત્ર – ક્ષેત્રજ્ઞ તથા ત્રણ પુરૂષોનો વિચાર અત્રે આપણે કરીશું. આજ વિચારને જુદી જુદી દષ્ટિએ વિસ્તારીને અંતિમ ત વનો ગીતાનો ખ્યાલ વ્યાપક બને છે. એમ થતાં અંતિમ તત્ત્વનો આ ખ્યાલ નીરવ નથી. રહેતો પણ સૃષ્ટિના સર્જક ઈશ્વરરૂણે ક્રિયાશીલ સિદ્ધાંત બને છે. સર્જક હોવાથી પોતાની સર્જિત સૃષ્ટિથી અલગ ન રહેતાં સૃષ્ટિના તમામ રૂપોમાં પણ તે ઓતપ્રોત બને છે. વિભૂતિઓના વિચાર દ્વારા આ વિચાર સ્પષ્ટ થાય છે. એ જ રીતે એ અંતિમ તત્ત્વની જ સર્જક ક્રિયાશીલતા વિવિધ અવતારો રૂપે પ્રગટ થઈ આ સૃષ્ટિને દિવ્યતા તરફ દોરી જવાનું ભગીરથ કાર્ય પણ કરે છે. વળી, ઓીતમ તત્ત્વોનો આ સિદ્ધાંત વિશ્વને હેતુલક્ષિતા પણ દર્શાવે છે. તે સૃષ્ટિ સર્જે છે. અને તમામ જીવોના આદર્શ રૂપે લક્ષ્યરૂપે પણ તે જ રહેલ હોઈ પ્રથમ અને અંતિમ તરીકે તો આદિ અને અનંતરૂપે પણ અભિવ્યકત થાય છે. આ બધાં જ તત્ત્વોના કમશઃ નિરૂપણ દ્વારા અંતિમ તત્ત્વના આ જીવંત આદર્શરૂપ સિદ્ધાંતને તપાસીએ.

વિશ્વરૂપ દર્શનનો અલૌકિક પ્રસંગ ગીતાની અંતિમ તત્ત્વની વિભાવનાને આકર્ષક ઢબે રજૂ કરવામાં ઘણું જ મહત્વ ઘરાવે છે. પ્રથમ દષ્ટિએ કાવ્યમય અને કલ્પના– પ્રધાન જણાતો એ પ્રસંગ દાર્શનિક મહત્તા પણ ધરાવે છે. અનંત અપરિમેય બ્રહ્મ અવ્યકત છે એ માન્યતાને વિશ્વરૂપની આ ઉદા.ત. કલ્પના નિર્મૂળ કરે છે. ભલે અર્જુનને દિવ્ય દષ્ટિ મળતાં તે રૂપનું દર્શન શકય બન્યું છતાં અભિવ્યકિતની નિષેધક ભાષાએ અંતિમ તત્ત્વને વર્ણવવા અંગેના માનવસામર્થ્ય વિશે જે અલ્પતાનો ભાવ સજર્યો હતો એને વિશ્વરૂપનો આ પ્રસંગ હટાવી દે છે

અને માનવ માત્ર માટે પરમપદની પ્રાપ્તિની નવીન શકયતાઓનાં દ્વારા ખુલ્લાં કરે છે – નવીન શાખાને જન્મ આપે છે.

માણસને ઘણી વખત એમ થાય છેકે પરમાત્મા આ સૃષ્ટિના સંચાલક અને સર્વશકિતમાન છે એવી વાતો કદી પ્રત્યક્ષ દેખાય ખરી ? વિશ્વાત્મા – વિશ્વકર્મા વગેરે શબ્દોનો વારંવાર ઉપયોગ કરવા છતાં તેના દ્વારા વ્યકત થતી બાબતો આપણા લક્ષ્યમાં ઘણી વખત નથી હોતી. વિશ્વરૂપની આ ભાવના તેને સ્પષ્ટ કરે છે.

વિશ્વરૂપ એમ સૂચવે છે કે એ અનંત પરમાત્માના શરીરમાં એક અંશરૂપે આ જગત તેની અસંખ્ય વિવિધતાઓ સાથે રહેલું છે. આખું એ બ્રહ્માંડ તેનામાંથી જ ઉત્પન્ન થાય છે, તેના જ આધારે ટકે છે અને અંતે તેનામાં જ લય પામે છે. તમામ દિવ્યતાઓ અને ગુણોની ભવ્યતા, સહસ્ત્રસૂર્યના એકીસામટા પ્રજવલિત થવા સમો પ્રકાશ આદિ તેનામાં રહેલાં છે.

સૌમ્યતા અને રૌદ્રભાવ બન્ને તેનામાં છે. જગતને ઘારણ કરનાર એ પરમ પુરુષ વિનાશકારી પ્રવૃતિમાં પણ સામેલ થાય છે. એ જીવનદાતા, જીવનરક્ષક અને જીવનહર્તા પણ છે. એ ઘાતકીપણું નથી પણ પ્રકૃતિ છે.

શ્રી અરવિંદ કહે છે તેમ વિનાશ એ પ્રગતિની પહેલી શરત છે. માત્ર બાહ્ય જીવનમાં જ નહિ, અંતરના જીવનમાં પણ ક્ષુદ્ર અને નિમ્ન પ્રકૃતિનાં ઘડતરોના વિનાશ દ્વારા જ નવીન–ઊર્ધ્વ માનવ ચેતનાનો જન્મ થાય છે. જે પ્રજા પોતાના ભૂતકાળનાં બંઘારણોનો વિનાશ કરતાં અચકાય છે તે અંતે પોતે જ વિનાશ પામે છે.(૩૬) વિશ્વને રચવાની પ્રક્રિયાના એક ભાગરૂપે જ વિનાશ જરૂરી બને છે. સર્જન અને વિનાશ બન્ને સાથે હોય તો જ સંસ્થિતિ શકય બને છે.

પરમાત્માને પ્રમેરૂપ પ્રેમાસ્પદ માનનારાઓ તેને માત્ર શુભ અને સુખદ પ્રવૃત્તિઓનો કર્તા સમજે છે. પણ હકીકત એવી છે કે જે માત્ર સુખ જ આપ્યા કરે છે તે વાસ્તવમાં સુખ આપી શકતો જ નથી. સૃષ્ટિમાં જીવન અને

યૌવનના આનંદો સાથે મૃત્યુ અને જરાની ભયાનકતાઓ પણ છે. સૌદર્ય અને કુરૂપતા, પ્રેમ અને ધૃણા, તંદુરસ્તી અને રોગ – આ બધાં દ્વન્દ્વોનું જ વિશ્વજીવન બનેલું છે. પરમાત્મ અંગેની વિવિધ કલ્પનાઓ જે શુભ અને મંગળકારી છે તેમાં જ તેને જુએ છે. પણ જો પરમાત્મા સર્વવ્યાપી હોય તો શુભત્વ વિનાની સૃષ્ટિની બાબતોમાં શું તે વ્યાપ્ત નથી ? જીવનની વધુ પડતી સલામતિની ઈચ્છાવાળા અને પ્રકૃતિની ભયાનક અસરોથી ભયભીત થનારાઓ પોતાની કલ્પનના ઈશ્વરમાં અનિષ્ટની છાયા પણ પડવા દેતા નથી. આ પ્રકારનાં એકાંગી દષ્ટિ બિંદુઓને લીધે ઈશ્વરની અને અનિષ્ટની બે વિરોધી બાબતોની હાજરી ચિંતકો માટે મોટી સમસ્યા રૂપ રહી છે. ગીતાનો આ અંગેનો ખ્યાલ ઘણો જ વાસ્તવલક્ષી અને વિશાળ છે.

વિનાશના પાયા પર નવસર્જન શકય બનતું હોઈ અને એ પરમતત્ત્વ સર્વવ્યાપી અને સર્વથી પર હોવાથી વિરોધી દ્વન્દ્વોસહિત સમગ્ર જગત તેનામાં જ રહેલું છે. શુભમાં તેને જોઈ લેવો તે તેનું સંપૂર્ણ દર્શન નથી. અશુભમાં તે જ પડેલો છે. સર્જન પામતી આ સમગ્ર ભૂતસૃષ્ટિ તેના વડે જ પ્રથમથી હણાઈ ચૂકી હોય છે. આથી રોગ, મૃત્યુ આદિ માનવીને અશુભ જણાતાં તત્ત્વો પણ તેનાં જ સ્વરૂપો છે.

ઈશ્વરને માત્ર સૌમ્યરૂપમાં જ જોનારી સામાન્ય માનવીની દષ્ટિ પરમાત્માની આ ભયાનકતાને – રૌદ્રરૂપને સાંખી નથી શકતી અને પરિણામે ભયભીત થાય છે. ભયમાંથી જન્મતી પરમાત્મા તરફની પ્રીતિ એક પ્રકારની નિર્બળતા છે. સલામતી અને સુખોની જ અપેક્ષા સાથે પરમાત્મા પાસે જનારાં કે તેની ભકિત કરનારા તેને વાસ્તવમાં જાણતા જ નથી. જેમ પતંગિયા અતિવેગવાન બની, પ્રદીપ્ત અગ્નિજવાળાઓમાં પ્રવેશે તેમ આખું જગત તેના (પરમાત્માના મુખમાં નાશ માટે પ્રવેશે છે. ' સારા' ને શોધનારા અને આશ્વાસન આપે એવા ઈશ્વરની અપેક્ષા રાખનારાઓ શ્રી અરવિંદ કહે છે તેમ, જમીનમાં પોતાનું માથું સંતાડી પોતાને સલામત માનનારા શાહમૃગ જેવા છે.

ઈશ્વર વિશેના જગતના અન્ય વિચારો કરતાં ગીતામાં ખરેખર ઘણો જ પ્રગતિશીલ વિચાર અપનાવાયો હોય એમ જણાય છે.

આ અતિશય ઉગ્ર રૂપ સર્જન જેવાને પણ વ્યવસ્થિત કરી નાખે છે. છતાં એ પ્રભુ, પ્રેમ અને શાંતિ સ્વરૂપ પણ છે. જ એ પોતાની અપાર કરુણા વડે જ આ વિશ્વના તમામ જીવોનું પાલન પોષણ કરી રહ્યો છે. પણ જે વિશ્વમાં પ્રગતિના એક એક ડગલે, માણસ ન ઈચ્છે છતાં કહેવામાં આપણે તેનું ગૌરવ જ હણીએ છીએ.(૩૭) બીજે પક્ષે ભયને લીધે સલામતિ અને સુખ ઈચ્છનારા લોકો માટે ભકિતની લલચાવનારી ઈન્દ્રજાળ ગીતામાં પાથરવામાં નથી આવી. તેથી જ તેમાં પરમાત્માનું આ અત્યંત વાસ્તવદર્શી સ્વરૂપ રજૂ કરવામાં આવ્યું છે. જીવન એ જ મૃત્યુનું બીજું નામ છે. કુરુપતા વડે જ સૌંદર્ય, અંધકાર વડે જ પ્રકાશ અને રોગ વડે જ તંદુરસ્તી મહાન ગણાય છે. માત્ર સલામતિ, સાંત્વન અને સુખ શોધનારા, તે ખરેખર મેળવી જ શકતા નથી. વિશ્વરૂપી આ કલ્પના માનવીને નિર્ભય બનવા પ્રેરણા આપે છે. પ્રકૃતિના પ્રસારમાં અનિવાર્ય હોય તેવાં ગમે તે દઢ પરિણામો ઝીલવા તે માનવજાતિને તૈયાર કરે છે. એ પરમાત્મા કાળરૂપ છે અને લોકોનો વિનાશ કરવા માટે જ કુરુક્ષેત્રના મેદાનમાં પ્રવૃત્ત પણ થયો છે. એ સંશારલીલાથી તેના તરફ ઘૃણા કરવાનું કોઈ કારણ નથી.

શ્રી અરવિંદ કહે છે તેમ રુદ્રનું દેવું ચૂકવ્યા વિના વિષ્ણુનો ધર્મ પ્રવર્તી શકતો નથી. જે સંહાર અનિવાર્ય છે તે થાય ત્યારે જ સર્જન અને સ્થિતિ શકય બને છે. માણસ સર્જન અને સ્થિતિ ચાલે છે. અને સંહારથી દૂર ભાવે છે અવાસ્તવિકતા ગીતાને જરા પણ રુચતી નથી.

વળી, પોતાને કાળરૂપ ગણાવનાર એ પરમપુરુષ એમ પણ સુચવે છે કે કાળમાં સર્જાતી અનંત વિધિ મર્યાદિત અભિવ્યકિતઓમાં પણ તે છે અને કાળથી પર એવી શાશ્વતીમાં પણ તે જ છે. એ અનંત ગુણવિસ્તારનો તો કયાંય છેડો નથી. (૩૮) અને તે પરમાત્મા પોતાના એક અંશ વડે આ જગત ધારણ

કરી રહેલો છે. આ સંદર્ભમાં વિકાસ પામતી સર્વેશ્વરવાદની એક વિચારધારા જેને ' વિભૂતિવાદ ' એવું નામ આપવામાં આવે છે.

જીવ અને ઈશ્વર સંબંધ દર્શાવતાં અતિમ તત્ત્વનો વિચારનાં કેટલાંક પાસાંઓ જોઈએ.

પુરુષોત્તમ અંતિમ તત્ત્વ છે. અને તે સર્વગત– સર્વમાં વ્યાપેલો પણ છે એ બન્ને બાબતો સાથે લેતાં જીવ અને પરમાત્માના સંબંધ અંગે અને જગત અને

પરમાત્માનાં સંબંધ અંગે જે પ્રશ્નો ઊભા થાય છે તેનો ખુલાસો ગીતાના ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના વિચારમાં અને ક્ષર, અક્ષર અને પુરુષોત્તમ એવા ત્રણ પુરુષોના વિચારમાં મળી રહે છે.

ક્ષર એટલે નાશવંત પુરુષ એનો અર્થ એવો છે કે એ ભાવનો નાશ થાય છે. ક્ષરભાવ નાશવંત છે. કારણ કે આ શરીર ક્ષેત્ર નાશવંત છે. પરંતુ શ્રી રામાનુજ કહે છે તેમ જેવી રીતે ઘડાના આપણાથી અલગ અસ્તિત્ત્વનું આપણને જ્ઞાન થાય છે તેવી જ રીતે શરીરના વિવિધ અવયવો અને ક્રિયાઓનું પણ તેનાથી અલગ એવા કોઈક ને જ્ઞાન થાય છે. આવું જ્ઞાન જેતે થાય છે તે ક્ષેત્રક્ષ અથવા અક્ષર પુરુષ છે. એ સ્વયં પરમાત્મા જ છે. છતાં તે અંશરૂપ છે. તે અજ્ઞાનથી આવૃત્ત છે. જયારે પુરુષોત્તમ પૂર્ણ છે. અજ્ઞાનથી આવૃત્ત નથી માટે તે ક્ષરથી જ ભિન્ન નહિ પણ અક્ષરથી પણ ભિન્ન છે. આમ જીવ અને ઈશ્વર વચ્ચે અંતતઃ અદ્વૈત હોવા છતાં શરીરને કારણે ઊભી થતી મર્યાદાઓ જીવને આ પુરુષોતમ ઈશ્વરથી ભિન્ન ગણવા પણ આપણને બાધ્ય કરે છે. આને જીવ અને ઈશ્વર વચ્ચેના ભેદાભેદ વિચાર ગણાવી શકાય.

ઈશ્વર અને જગત વચ્ચેનો સંબંધ અહીં દર્શાવાયો છે. એકતારૂપી પુરુષોત્તમની પ્રાપ્તિ અનેકતાથી આ વૃક્ષ વિસ્તારને છેદવાથી જ થઈ શકે. દૃઢ વૈરાગ્ય અસંગ એ શસ્ત્ર છે. જેનાથી આ પુરુષોત્તમને પામી શકાય. પણ

અહીં ધ્યાનમાં રાખવાની બાબત એ છે કે મૂળનો જ વિસ્તાર વૃક્ષને છે, તો વૃક્ષને છેદીને મૂળ પ્રત્યે જવામાં શું મુળનો જ અનાદર નથી ?

અહીં સૃષ્ટિ સાથે એ પુરુષોતમ ભળેલો ઓતપ્રોત થયેલો વર્ણવી ગીતાકાર એમ જ સૂચવવા માગે છે. કે સૂર્ય કે ચંદ્ર જે પદને પ્રકાશી શકતા નથી. છતાં એ બન્નેમાં પુરુષોત્તમનું જ તેજ સમગ્ર જગતને પ્રકાશિત કરી રહ્યું છે. પુરુષોતમનું આ પરમોચ્ચ સ્વરૂપ જ્ઞાનરૂપી ચક્ષુ વડે જોઈ શકાય છે. તાત્વિક રીતે પણ અનેકોમાં પડેલું એકત્વ અનુભવવું ખૂબ મુશ્કેલ ગણાય છે. અનેકતા વિનાનું એકત્વ માનવ કલ્પનાને સુગમ પડે છે. પણ પુરુષોત્તમનો ખ્યાલ એવી અમૂર્તતા પ્રત્યે ગતિ કરતો નથી. આથી જ ત્રણે લોકમાં પ્રવેશ કરી સર્વને ધારણ કરનાર છતાં ક્ષર અને અક્ષરથી પણ જુદો એવો પુરુષોત્તમનો વિચાર વ્યકત થયો છે.

## 3.4.3 અંશ અંશી સંબંધ તરીકે :–

ચરાચર જગત પોતે જ પોતાની સમજૂતી આપી શકે નહિ. આખરે તો આ બધો વિસ્તાર – આ પ્રકૃતિનો પ્રસાર એક પરમસત્તાને આધીન છે. એમ હોવું યુકત પણ છે, કારણ કે તેનાથી જ આ ચરાચર જગત અર્થયુકત બને છે. એ જ રીતે જીવાત્મા પોતે પણ પોતાની પરિપૂર્ણ સમજૂતી આપી શકે નહિ. તેનું લક્ષ્ય પરમાત્મા – પરમ સત્તા છે. તેના સંદર્ભમાં જ જીવાત્માનો જે વિચાર કરવામાં આવે તે પૂરિપૂર્ણ હોઈ શકે. આથી જ ગીતામાં એ પરમસત્તા કહે છે, " હે ધનંજય મારાથી શ્રેષ્ઠ બીજું કાંઈ જ નથી. દોરામાં મણિઓના સમૂહની જેમ આ સર્વ મારામાં પરોવાયેલું છે.

मतः परतर नान्यत्किंचिद्गस्ति धनंजय ! (૩૯)
मयि सर्वमिद्गं प्रोतं मणिगणा इव !!

અને ''અવ્યકત સ્વરૂપવાળો હું જ આ સમસ્ત જગતમાં વ્યાપ્ત છું. બધા ભૂતો મારામા રહેલા છે પણ હું તેઓમાં નથી વળી મારા ઐશ્વરી યોગને જોવાથી જણાશે કે ભૂતો મારામાં રહેલો નથી. ભૂતોને ઉત્પન્ન કરનાર અને ધારણ કરનાર છતાં મારો આત્મા ભૂતોમાં રહેલો નથી. સર્વત્ર ગતિ કરનાર વાયુ સર્વદા આકાશમાં રહેલો છે તેમ સર્વ ભૂતો મારામાં રહેલાં છે.

मता ततमिद्गं सर्व जगद्गव्यकतमूर्तिना ! (૪૦)
मत्स्थानि सर्वघभूतानि न चाहं तेष्ववस्थितः !!

આ બંન્ને સંદર્ભોમાં જગત અને જીવાત્માની પરમસત્તા પ્રત્યેની આધીનતા પ્રગટ થાય છે. જગત આખું વિવિધ મણિઓનું છે અને પરમસત્તા એ મણિઓને જોડનાર સૂત્ર છે. વાયુ આકાશમાં સદા રહેલો છે પણ વાયુનું અસ્તિત્વ સદા આકાશને આધીન છે. વાયુ વિના આકાશ સંભવી શકે પણ આકાશ વિના વાયુ ન સંભવે આમ, જીવાત્મા પણ એ પરમસત્તાથી જ સર્જાયેલો અને તેના વડે જ ધારણ કરાયેલો હોવા છતાં તેની મર્યાદામાં પરમસત્તા નથી, સંક્ષેપમાં, અંતતઃ માત્ર એ પરમસત્તાનું જ અસ્તિત્વ છે છતાં જગત સમસ્તએ તેનો જ પ્રસાર – વિસ્તાર છે. તે પરમસત્તા જગત અને જીવાત્માના આધારરૂપ અધિષ્ઠાનરૂપ છે.

એ પરમસત્તામાં જ સૂત્રિત હોવામાં જીવાત્મા અને જગતની સાર્થકતા રહેલી છે.

ઘડીભર તો એમ જ થાય કે એક બાજુથી એ પુરુષોત્તમ જગતમાં વ્યાપ્ત છે. સર્વ પ્રાણીઓના હૃદયમાં વસે છે અને બીજી બાજુ તે જગતમાં નથી કે જીવાત્મામાં નથી એવાં વિરોધાભાસી વિધાનોનો કોઈ અર્થ ખરો ? આપણે

સમજી લેવું જોઈએ કે વાયુ અને આકાશ એકબીજામાં ઓતપ્રોત છતાં એક (આકાશ) આધાર અને બીજું (વાયુ) આધારિત છે. તેવી જ રીતે જીવાત્માની આધીનતા પ્રગટ કરવાના આ પ્રયાસથી પરમસત્તાની સર્વવ્યાપાકતા જરા પણ ઓછી થતી નથી.

જીવાત્મા આ રીતે પરમસત્તાને આધીન છે એવું સ્પષ્ટ થતાં ' સનાતન અંશ ' નો અર્થ પણ સ્પષ્ટ થઈ જાય છે. અમે એમ સમજીએ છીએ કે જીવાત્મા સનાતન રીતે પરમસત્તાનો અંશ જ છે ' એવો વિચાર અહીં દર્શાવાયો છે ' પરમાત્માનો જ અંશ હોવા છતાં તે અંશરૂપે સનાતન છે એમ દર્શાવી ગીતાકાર વૈવિધ્યને બહુત્વને પણ એકતા જેટલું જ મહત્વ પ્રદાન કરે છે. આને જ ' વિવિધતામાં રહેલી એકતા ' કે ' ભેદો વચ્ચેનું અભેદ ' કહી શકાય. જીવાત્મા અને પરમાત્મા વચ્ચેનો આ પ્રકારનો સંબંધ ગીતાને અભિપ્રેત હોવાથી જ ભકિત જેવા ઉત્કટ ભાવો ગીતાના આચારધર્મમાં અનેરું સ્થાન પામી શકયા છે. વળી તેને લીધે જ ગીતા 'ભારતીય ઈશ્વરવાદ' નો એક સુંદર ગ્રંથ બની રહે છે.

ममैवांशो जीवलोके जीवभूत सनातनः ! (૪૧)
मनः षष्ठानिन्द्रियाणि प्रकृतिस्थानि बर्षति !!

હવે જીવાત્મા અને પરમાત્માના સંબંધને લગતા શંકરાચાર્ય અને રામાનુજાચાર્ય નાં મંતવ્યો સંક્ષેપમાં જોઈએ. શંકરાચાર્યનો મત 'બિંબ પ્રતિબિંબવાદ' નામે ઓળખાય છે. તે મુજબ, જેવી રીતે જળમાં દેખાતું સૂર્યનું પ્રતિબિંબ, જળ નાશ પામતાં ફરી પાછું સૂર્યરૂપે જ સ્થિત થાય છે તેમ પરમાત્માનો અંશરૂપ જીવાત્મા પરમાત્મા સાથે જોડાઈને પાછો ફરતો નથી.(૪૨) આ સમસ્ત સંસાર – અવિદ્યાજનિત કે માયામય છે. જીવભાવ પોતે જ, સૂર્યના

જળમાં પડતા પ્રતિબિંબ જેવો મિથ્યા છે. કર્તાપણું અને ભોકતાભાવ પણ એ જ રીતે મિથ્યા છે.

પારમાર્થિક પરમસત્તાનુ જ સત્ય માનનારી આ દૃષ્ટિ જીવાત્માના ક્ષરસૃષ્ટિ સાથેના તમામ સંબંધોને મિથ્યા – અજ્ઞાનજનિત માને છે. આમ જીવાત્માને પુનર્જન્મ અને તેના કારણરૂપ સૂક્ષ્મ શરીર પણ શંકરાચાર્યની દષ્ટિએ માયાસર્જિત છે.

આપણે ગીતાનો જીવાત્મા અને પરમાત્માના અંશ અંશી સંબંધ વિશેનો વિચાર જોયો એ સ્પષ્ટ છે કે શંકરાચાર્યની દૃષ્ટિ ગીતાકારના આ વલણ સાથે સુસંગત નથી. માત્ર પારમાર્થિક સત્તાને જ સત્ય માનનારી શાંકર વેદાંતની દૃષ્ટિ અમૂર્ત એકત્વવાદી વિચારધાર બની જાય છે. ગીતામાં એક તત્ત્વને અંતિમ અને સર્વોપરી માન્યુ છે ખરું પરંતુ અનેકતારૂપ જગતને ગીતામાં નકારવામાં આવ્યું નથી. અનેકતારૂપ જગત પણ સત્ય છે એવું ગીતાકારનું વલણ હોઈ આ વિચાર ગીતાની દષ્ટિની રજૂઆત કરી શકતો નથી.

બીજી બાજુએ રામાનુજાચાર્ય પરમસત્તાની જ આવિર્ભૂત એવી આ ચિદ્ અને અચિદ્ સૃષ્ટિને વાસ્તવિક માને છે. તેમના મતને ' અવચ્છેદવાદ ' કહેવામાં આવે છે. જીવાત્મા એ પરમસત્તાને સનાતન અંશ છે અને અંતિમ સત્તા જેટલી વાસ્તવિકતા તે પણ ઘરાવે છે. એ પરમસત્તાની જ પ્રકૃતિ આ ચેતન જગતને સર્જનનારું પરિબળ છે.

રામાનુજાચાર્ય અનુસાર 'માયા' અનુકતારૂપ જીવાત્માઓનું મિથ્યાત્વ દર્શાવનાર સિદ્ધાંત નથી. પરંતુ એ સિદ્ધાંત એમ સૂચવે છે કે ઈશ્વરમાં ' વિચિત્રાર્થસર્ગશકિત' છે. અર્થાત્ એ પરમસત્તામાં આ સૃષ્ટિની અદ્ભુત બાબતો સર્જવાની શકિત છે. આ વિચાર જીવાત્મા અને જગત વાસ્તવિક માને છે.

આપણે કહેવું જોઈએ કે સ્રત અને ભવત્ વચ્ચેની લાંબી ખાઈ પૂરવા ગીતાના અંતિમ તત્ત્વના ખ્યાલમાં જે ગંભીર પ્રયાસો થયા છે તે નકારાત્મક

નથી. આથી જડ અને ચેતન જગતને પરમસત્તા જેટલી જ વાસ્તવિકતા રામાનુજાચાર્ય આપે છે અને તેમ કરવામાં તેઓ ગીતાના વિચારને તદ્દન અનુરૂપ રહેતા હોય એમ લાગે છે. આમ છતાં, 'માયા' નો જે અર્થ રામાનુજાચાર્ય આપે છે તે પણ સ્વીકારી શકાય તેઓ નથી. આપણે એ જોઈ ગયા કે ' માયા ' શબ્દ ગીતામાં ' માયા' નો માત્ર એટલો જ અર્થ નથી.

ગીતા અનુસાર, પરા પ્રકૃતિમાં રહેલી સંકલ્પશકિત ક્રિયાશીલતાના આધાર રૂપ છે. આમ, " પ્રવૃતિમાત્ર અજ્ઞાનમૂલક છે " એવા ખ્યાલને ગીતા સ્પષ્ટ રીતે જાકારો આપે છે. એમ કરીને પ્રવૃતિના મુખ્ય કારક એવા જીવાત્માની અને પ્રવૃતિમાં

કેન્દ્રસમા જગતની મહત્તા ગીતા વધારે છે. એટલું જ નહિ પરંતુ પ્રવૃતિ માત્રનું પ્રેરક તત્ત્વ કામના છે. પ્રવૃતિ પણ ગીતાની દષ્ટિમાં વાસ્તવિક હોય અને શંકર કહે છે તેમ અંતિમ સત્તાના વિવર્તરૂપ ન હોય તો તેના પ્રેરક વિષે શું કહી શકાય ? આપણે કહેવું જોઈએ કે કામના માત્ર અશુભ કે અવાસ્તવિક છે એવું પણ ગીતા કારનું વલણ નથી. આથી જ " પ્રાણીઓમાં રહેલી ધર્મથી અવિરુદ્ધ એવી કામનાઓ પણ પરમાત્મા જ છે. " એમ ગીતા કહે છે. આમ આપણે જોઈ શકીએ છીએ કે જગત અને જીવાત્મા સાથે ઈશ્વરને અંશ અંશી સંબંધથી જોડાયેલો છે. એવી તમામ બાબતોને ગીતામાં અંતિમ સત્તા જેટલી જ વાસ્તવિકતા આપવામાં આવી છે.

## 3.4.4 બ્રહ્મ આંગીક સમગ્ર તરીકે :–

અવિકૃત, સચ્ચિદાનંદ, પૂર્ણ પુરુષોત્તમ, જગતના કર્તા સ્વરૂપ એવા શ્રી કૃષ્ણ જ ઈશ્વર છે. તે જ સર્વેશ્વર સર્વોતમ છે શ્રી કૃષ્ણ પોતે જ ગુણભેદથી બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશ કહેવાય છે. તેઓ અનંતગુણ, રૂપ તથા નામવાળા છે. સર્વ શકિતમાન તથા વ્યાપક છે. છતાં સાકાર છે. તેમાં પ્રાકૃત ગુણો

નથી પણ સર્વ અ–પ્રાકૃત અલૌકિક ગુણો છે તે નિરાકાર તથા સાકાર એમ બન્ને છે. અવિભકત પણ છે અને વિભકત પણ છે. વૈકુંઠમાં ભગવાન ચતુર્ભુજરૂપે બિરાજે છે. ભગવાનના અનેક અવતારો થાય છે. પણ એ સર્વ એના અંશાવતારો છે. શ્રી કૃષ્ણનો અવતાર મર્યાદા પુરુષોતમ તથા રસરૂપ બન્ને છે. ભગવાનની લીલાના જુદા જુદા રૂપોને વૈષ્ણવો સેવે છે.

શ્રી નાથજીમાં જે ભગવાનનું સ્વરૂપ છે તે ગોવર્ધનધારી છે. પુષ્ટિ સંપ્રદાયમાં શ્રી કૃષ્ણને સર્વવ્યાપક અને સાકાર માનેલા હોવાથી મૂર્તિને જે વસ્ત્રાભૂષણ વગેરે ધરાવવામાં આવે છે તે સાક્ષાત પ્રભુને જ ધરાવાય છે, એમ વૈષ્ણવો માને છે. દેવો સામાન્ય કોટિના છે. અક્ષર બ્રહ્મએ ગણિતાનંદ છે, કૃષ્ણ એ જ પૂર્ણાનંદ અને દુઃખ હર્તા હરિ છે. ' મધુરાષ્ટકમાં' આ પ્રભુના મધુર રસાત્મક સ્વરૂપનું સુંદર વર્ણન કર્યુ છે. ગદ્યમંત્રમાં પણ શ્રી કૃષ્ણને જ ઐહિક તથા પારલૌકિક સર્વ સમર્પણ કરવાની શીખ આપી છે. કૃષ્ણને માત્ર લૌકિક પ્રભુ જેવા સમજવાના નથી. કૃષ્ણથી પર બીજું તત્ત્વ નથી.

परंबहम तु कृष्णो हि सच्चिद्नानन्द्कम (४३)

बृहत् कृष्णात् परं नास्ति द्वैवम् !

કેટલીક વાર એવી દલીલ કરવામાં આવે છે કે અશુભની આ વિશ્વમાં થતી અનુભૂતિનો શુદ્ધાદ્વૈત વિચારશ્રેણીથી સર્વાશે ખુલાસો થતો નથી. પરમ તત્ત્વ ચેતનમય અને તેથી શુભમય જ છે, અને આ વિશ્વ તેના અવિકૃત વિલાસ રૂપ જ છે, અને જીવો પરમતત્વના અંશભૂત હોઈ ચેતનમય અને શુભમય જ છે, તો પ્રાણીઓનો અનુભવ શુભાત્મક કેમ થતો નથી ? વળી જગતમાં કેટલાક જીવોને સુખી અને કેટલાક જીવોને દુઃખી બનાવવાથી પરમાત્મામાં વિષમતા – પક્ષપાતનો દોષ નથી આવતો ? જગતને ઉત્પન્ન કરીને લોકોનો પ્રલયકાળે સંહાર કરવામાં પરમાત્માની નિર્દયતા નથી જણાતી ? આ પ્રકારે શંકા કોઈને ઊઠે તે

સ્વાભાવિક છે. જો આ પ્રકારની શંકાઓનું સમાધાન એ રીતે કરવામાં આવે કે – શુભમય તત્ત્વ અશુભયુકત – ખોટું અનુભવાય છે અને તે મિથ્યા જ્ઞાનને જ આ વિચારશ્રેણી નિવૃત કરે છે. તો આ સમાધાનમાં જ અશુભની જનની – મિથ્યાજ્ઞાન – અવિદ્યા અથવા માયાનો સ્વીકાર બળજબરીથી થાય છે ? જો અશુભ પ્રતીતિ અસત્ છે, અને પરમશુભ તત્ત્વ અશુભ રૂપે મિથ્યા અનુભવાય છે, તો તે મિથ્યાજ્ઞાન વડે જ પરમચેતન તત્ત્વ કોઈપણ પ્રકારનો વાસ્તવ વિકાર અથવા પરિણામ થયા વિના અનંત ભેદમય પ્રતીત થાય છે એમ સ્વીકાર કરવો ઉચિત જણાય છે.

કેવલાદ્વૈતી (માયાવાદી) આ પ્રકારનો સ્વીકાર કરે છે. પરંતુ જરા સૂક્ષ્મ દષ્ટિથી વિચારતાં આપણને જણાય છે કે પરમાત્મા જીવોને તેમનાં કર્મો પ્રમાણે ફળ આપે છે, એટલે તેમનામાં પક્ષપાત અને નિર્દયતાના દોષો આવી શકતા નથી. વધુ સૂક્ષ્મદષ્ટિએ વિચારતાં આપણને જણાય છે કે જગત – જડ અને ચેતન – પરમાત્માની પોતાની જ સૃષ્ટિ છે. આત્મસૃષ્ટિ છે. તો પછી વિષમતા અને નિર્દયતાને અવકાશ જ કયાં રહ્યો ? જયાં ભેદ હોય ત્યાં આ દોષો આવી શકે છે. પણ જયાં શુદ્ધ અદ્વૈત જ છે, ત્યાં આ દોષો કેવી રીતે આવી શકે ? જયાં બધું આત્મા જ હોય ત્યાં કોણ કોને જુવે ? કોણ કોને સાંભળે ? જગતએ ક્રીડા સ્થાન જે, જીવો એ નટ છે અને ભગવાન નટવર છે. આ જગતની લીલામાં ભગવાન અનિર્વચનીય આનંદ અનુભવે છે, અને બીજાઓને તેનો અનુભવ કરાવે છે. ઉપર જણાવેલા બન્ને મતો ભિન્ન દૃષ્ટિબિન્દુથી સાચા છે.

આમ સમગ્ર જગતના આંગિક તરીકે બ્રહ્મ જ અચલિત ચાલક રૂપે કાર્ય કરી રહ્યો છે. જે સર્વથા યથાર્થ અને સ્તુત્ય છે.

## 3.5 વેદાંતનાં અન્ય સંપ્રદાયોનું સંક્ષિપ્ત નિરૂપણ :–

પ્રસ્થાનત્રયી (ઉપનિષદ્, ગીતા અને બ્રહ્મસૂત્ર)નો તાત્પર્ય નિર્ણય આપણા પ્રાચીન વિચારકોએ કરી જે દર્શન તથા તત્ત્વવિદ્યાની શ્રેણીનું સ્થાપન કર્યુ છે તે દર્શન સંપ્રદાયધર્મોના આત્મારૂપે રહેલું છે. આ તાત્પર્ય નિર્ણય કેટલાક વિચારકોએ દ્વૈતમાં કર્યો છે, તો કેટલાકે અદ્વૈતમાં કર્યો છે.

બાદરાયણ સ્વયં વેદાન્ત સૂત્ર (બ્રહ્મસૂત્ર) દ્વારા ઉપનિષદોનું અર્થઘટન કરવા ઈચ્છતા હતા અને તેના વિભિન્ન સિદ્ધાંતોનો સમન્વય કરવાની તેમની ઈચ્છા હતી. વેદાન્તની તમામ પ્રચલિત શાખાઓ મહત્ત્વની બાબતોમાં એકબીજાથી જુદી પડતી હોવા છતાં એક સરખી રીતે બાદરાયણના બ્રહ્મસૂત્રોના જ તાત્પર્યને યથાવત્ દર્શાવવાનો દાવો કરે છે. વેદાન્તના વિભિન્ન આચાર્યોનું કથન જુદું જુદું જણાય તો એમાં આપણને કશું આશ્ચર્ય લાગવું જોઈએ નહિ અને તે પ્રામાથિક નથી એમ પણ માનવું જોઈએ નહિ; કારણ કે દરેક આચાર્ય પોતાના દેશકાળ, સંસ્કાર–પરંપરા અને તત્કાલીન વિચારધારાઓની અસર હેઠળ જાણ્યે અજાણ્યે હોય છે; અને પોતે જે અર્થ–નિર્ણય બાંધ્યો છે એ જ સાચો છે એમ તેઓ માને એ પણ સ્વાભાવિક છે. વેદાન્ત વિરૂદ્ધ જે શકય આક્ષેપો કરી શકાય તેનો પૂર્વ નિર્દેશ પણ બાદહાયણે પોતાનાં સૂત્રોમાં કર્યો છે.

બ્રહ્મસૂત્રો પર જે અનેક ભાષ્યો રચાયાં છે તેમાં બધા જ ભાષ્યકારોએ પોતપોતાની દષ્ટિએ વેદાન્તનું પ્રતિપાદન કરવાનો પ્રયત્ન કર્યો છે. વળી પ્રત્યેક ભાષ્યકારનો હંમેશાં એ પ્રયત્ન રહ્યો છે કે તેઓ પોતાના સિદ્ધાંતોને શ્રુતિપ્રતિયાદિત સિદ્ધાંતો જોડે મળતાં આવતાં બતાવે છે. આથી કાળક્રમે દરેક ભાષ્યકાર વેદાન્તના એક એક સંપ્રદાયના પ્રવર્તક બની ગયા છે. આવા મુખ્ય ભાષ્યકારોમાં આપણે શંકર, રામાનુજ, મધ્વ, નિમ્બાર્ક, વલ્લભ વગેરેને ગણાવી શકીએ. જેઓએ તેમના મતો અનુક્રમે કેવલાદ્વૈત, વિશિષ્યાદ્વૈત, દ્વૈત, દ્વૈતાદ્વૈત તથા

શુદ્ધાદ્વૈત એવા નામ તળે પ્રસરાવેલા છે. આ ઉપરાંત વિજ્ઞાનભિક્ષુનો અવિભાગાદ્વૈત તથા ચૈતન્ય અને જીવગોસ્વામી તથા બળદેવનો
અચિન્ત્યભેદાભેદ પણ ગણાવી શકાય. આ બધા મતમતાન્તરોની ચર્ચા પણ આપણે યથાસ્થાને કરવાના છીએ.

'બ્રહ્મસૂત્રો' ના મુખ્ય ભાષ્યકારો તેકનો અંદાજીત, સમય, તથા તેમણે રચેલ ભાષ્ય તથા તેમનો દાર્શનિક મત વગેરે નીચેના કોઠા પરથી સ્પષ્ટ થશે. (૪૪)

| અનું નંબર | આચાર્યનું નામ | સમય | ભાષ્ય | દાર્શનિક મત |
|---|---|---|---|---|
| 1 | શંકરાચાર્ય | ઈ.સ. 800 | શારીરિકભાષ્ય | કેવલાદ્વૈતવાદ |
| 2 | ભાસ્કરાચાર્ય | ઈ.સ. 1000 | ભાસ્કરભાષ્ય | ભેદાભેદવાદ |
| 3 | રામાનુજાચાર્ય | ઈ.સ. 1200 | શ્રી ભાષ્ય | વિશિષ્ટાદ્વૈતવાદ |
| 4 | મધ્વાચાર્ય | ઈ.સ. 1300 | પૂર્ણપ્રજ્ઞાભાષ્ય | દ્વૈતવાદ |
| 5 | નિમ્બાર્કાચાર્ય | ઈ.સ. 1300 | વેદાન્તપારિજાતભાષ્ય | દ્વૈતદ્વૈતવાદ |
| 6 | શ્રી કંઠાચાર્ય | ઈ.સ. 1300 | શૈવભાષ્ય | શૈવવિશિષ્ટાદ્વૈત |
| 7 | શ્રી પતિ આચાર્ય | ઈ.સ. 1400 | શ્રીકરભાષ્ય | વીર શૈવશિષ્ટાદ્વૈત |
| 8 | વલ્લભાચાર્ય | ઈ.સ. 1500 | અણુભાષ્ય | શુદ્ધાદ્વૈત |
| 9 | વિજ્ઞાનભિક્ષુ | ઈ.સ. 1600 | વિજ્ઞાનામૃતભાષ્ય | અવિભાગાદ્વૈત |
| 10 | બલદેવ ગોસ્વામી | ઈ.સ. 1800 | ગોવિન્દભાષ્ય | અચિન્ત્યભેદાભેદ |

## ❖ પ્રસ્થાનત્રથી પર ઘડાયેલા મતોના સિદ્ધંતોની સરખામણી :–

### (૧) કેવલાદ્વૈત (શંકરાચાર્ય)

➢ **જગત કારણ બ્રહ્મ વિષય :–**

બ્રહ્મ એક જ કેવળ પરમાર્થ સત્ છે. નિર્ગુણ અને નિવિશેષ છે. અવિદ્યાથી તેના પર ધર્મો આરોપાય છે. બ્રહ્મનાં બે રૂપો છે : સગુણ અને નિર્ગુણ એક ઉપાસ્ય છે, બીજું અનુભવવા યોગ્ય છે. બ્રહ્મ સત્ય, જ્ઞાન, અનંત તત્ત્વ છે. બ્રહ્મ આનંદરૂપ છે. તે જગતનું ઉપાદાન તથા નિમિત કારણ છે. તે અનુમાન ગમ્ય નથી પણ શ્રુતિગમ્ય છે.

➢ **કાર્યબ્રહ્મ જગત વિષય :–**

દૃશ્ય જગત બ્રહ્મનું કાર્ય છે. તે અવ્યકત દશામાં માયા અથવા પ્રકૃતિ કહેવાય છે અને વ્યકત દશામાં સૂક્ષ્મ તથા સ્થૂળ જગત કહેવાય છે.

➢ **જીવ સ્વરૂપ બાબત : –**

બ્રહ્મ અને આત્મા વચ્ચે તાદાત્મ્ય સંબંધ છે. પિંડસ્થ રૂપ તે જીવ અને બ્રહ્માંડસ્થ રૂપ તે ઈશ્વર, અવિદ્યા વડે બ્રહ્માત્માની જીવાત્મારૂપે પ્રતીતિ છે. પ્રતીતિરૂપે જીવ અનેક છે. પરમાત્માના આભાસો કે પ્રતિબિંબો જેવા છે. જીવાત્મા તત્ત્વતઃ બ્રહ્મ હોવાથી તેનું જ્ઞાન નિત્યસિદ્ધ છે. પણ અવિદ્યા વડે ઢંકાયેલું છે. જ્ઞાન એ જીવનો સ્વભાવ ધર્મ છે. ઉપાધિને લીધે તેનામાં કર્તા કે ભોકતાપણું પ્રવેશે છે.

- સાધન વિષય :–

  શ્રૌત – સ્માર્ત કર્મો વડે ચિત્ત શુદ્ધ રાખવું. વ્યવહારના તથા શાસ્ત્ર વિહિત કર્મો ઈશ્વરાર્પણ બુદ્ધિથી કરવાથી ચિત્તના દોષો નાબૂદ્ઘ થાય છે. શ્રવણ, મનન મિદિવ્યાસન વડે જીવાતમાનો બ્રહ્મ જોડેનો અભેદ અનુભવ થાય છે. કર્મ અને ઉપાસનાનો સમુચ્ચય ઈષ્ટ નથી. બ્રહ્મજ્ઞાન પોતે જ અજ્ઞાન નિવૃતિ દ્વારા મોક્ષને પ્રગટ કરે છે. વિવેક વૈરાગ્યાદિ ગુણો તથા મુમુક્ષુતવ એ ચાર સાધનો છે.

- ફલ વિષય :–

  બ્રહ્મવિદ્યા અથવા તત્ત્વજ્ઞાન વડે જ અવિદ્યા યા અજ્ઞાનનો નાશ મોક્ષ પ્રાપ્તિ થાય છે. મોક્ષ તો સ્વતઃ સિદ્ધ રૂપે છે જ જે ઢ ંકાયેલું છે તે જ માત્ર પ્રકાશમાં આવે છે. જીવન મુકતા વસ્થાનો સ્વીકાર કરે છે, જે કૈવલ્ય મોક્ષ છે. બીજો સમય જતાં સમય જતાં ક્રમ મોક્ષ છે જેને સાયુજય મોક્ષ પણ કહે છે. બ્રહ્મ જ્ઞાનીને ઉત્ક્રાંતિ નથી. અહીં જ બ્રહ્મભાવ પ્રાપ્ત થાય છે.

## (૨) વિશિષ્ટાદ્વૈત (રામાનુજચાર્ય) :–

- જગત્ કારણ બ્રહ્મ વિષય :–

  પરમાર્થ વસ્તુ બ્રહ્મ ખરી પરંતુ તે નિર્વિશેષ નથી, ચિત્ અને અચિત્ એ બે

  વિશેષણોથી તે વિશિષ્ટ છે. સગુણ બ્રહ્મ જ છેવટનું તત્ત્વ છે. તે છ ગુણોથી ભરપૂર છે. નિર્ગુણ એટલે હેયગુણ રહિત મંગળ ગુણોનો તેમાં તો પાર નથી. સત્યજ્ઞાન અને અનંત એવા વિશિષ્ટ ગુણો ધરાવતો પદાર્થ તે બ્રહ્મ.

બ્રહ્મ તે આનંદમય છે. તે માયા કલ્પિત બ્રહ્મ નથી; તે શ્રુતિગમ્ય છે. પુરાણ, આગમ વગેરે પણ ઉપયોગી છે.

➢ કાર્યબ્રહ્મ જગત વિષય :–

જગતએ બ્રહ્મનું રૂપાંતર જ છે, કારણ અને કાર્ય એક જ બ્રહ્મની બે અવસ્થાઓ છે.

➢ જીવ સ્વરૂપ બાબત :–

જીવાત્મા એ પરમાત્માનો વાસ્તવ અંશ છે. તે અણુ પરિમાણવાળો છે અને અનેક છે. જીવાત્માનું જ્ઞાન સંકોચ–વિસ્તારવાળું છે. જીવનું જ્ઞાતૃત્વ, ભોકતૃત્વ અને કર્તૃત્વ એ ઉપાધિને લીધે નથી. પરંતુ તેનુ પોતાનું સાચું સ્વરૂપ છે.

➢ સાધન વિષય :–

કર્મ અને જ્ઞાન બન્ને મળી પરબ્રહ્મમાં ભકિત ઉપજોવ છે. જ્ઞાન, ધ્યાન, ઉપાસના વગેરે સમાન અર્થના વાચક છે. વિવેક, વિમોક, અભ્યાસ, કિયા, કલ્યાણ, અનવાસાદ (ચિત્તની પ્રસન્નતા), અનુદ્ધર્ષ (ઉત્સાહ) ઉપયોગી સાધનો છે.

➢ ફલ વિષય :–

મોક્ષએ વાસ્તવ પ્રાપ્ત કરવા યોગ્ય અવસ્થા છે. મરણ પછી બ્રહ્મલોકમાં પ્રાપ્ત થાય છે. પરબ્રહ્મ સાથે સામ્યનો અનુભવ કરવો તેનું નામ મોક્ષ. આ અવસ્થામાં પરમાત્માના સ્વરૂપને મુકત પુરુષ ભોગવે છે.

## (૩) શુદ્ધાદ્વૈત (વલ્લભાચાર્ય) :–

➢ **જગત્ કારણ બ્રહ્મ વિષય :–**

બ્રહ્મ જ પરમ સત્ય છે. બ્રહ્મ સર્વદા શુદ્ધ જ છે. તે માયાથી કલુષિત થયેલું નથી. બ્રહ્મ ઉપાસ્ય છે. સત્ય, જ્ઞાન આદિ બ્રહ્મના સ્વરૂપ ધર્મો છે. આ સર્વ ઉપરાંત બ્રહ્મની કારણતા અને કાર્યતા જણાવનારા પણ ધર્મો છે તે પૃથકભાવો ધર્મો છે. બ્રહ્મ આનંદમય છે. બ્રહ્મ જગતનું પરિણામી ઉપાદાન કારણ છે. પરમાત્મા શ્રુતિગમ્ય છે. ભાગવત પુરાણનો વિશેષ આધાર છે.

➢ **જીવ સ્વરૂપ બાબત :–**

જીવાત્મા અથવા ક્ષેત્રજ્ઞ કૂટસ્થ ચેતનરૂપ મહા અગ્નિના તણખા જેવો અંશ છે અને તે સત્ય અંશ છે. માયિક નથી. જીવાત્માનું જ્ઞાન સંકોચ વિસ્તારવાળું છે. જીવનું જ્ઞાતૃત્વ, કર્તૃત્વ અને ભોકતૃત્વ ઉપાધિને લીધે નથી પરંતુ પોતાનું સાચું રૂપ છે. જીવ અને બ્રહ્મ વચ્ચે અંશાંશી ભાવ હોવાથી અનન્યતા છે.

➢ **સાધન વિષય :–**

સર્વ સાધનોનો ભકિતમાં જ સમાવેશ થઈ જાય છે. ભગવત્ શરણ લેવું.

➢ **ફલ વિષય :–**

ચિદંશો જીવ કહેવાય છે અને તે બંધન પામે છે. પ્રાણાદિ અંશો બંધન કરતા નિમિતો છે. પૂર્ણ જ્ઞાન–શકિતનું ભગવાન જીવોને દાન કરે છે, ત્યારે તે માયાના મોહ પાશમાંથી છૂટે છે. મોક્ષ દશામાં પરાધીનતા જાય છે અને આનંદની પ્રાપ્તિ થાય છે. મોક્ષ ભાવાત્મક છે. અભેદાત્મક સાયુજય મુકિત માનેલી છે.

## (૪) દ્વૈત (મધ્વાચાર્ય) :–

- **જગત્ કારણ બ્રહ્મ વિષય :–**

  પરમાત્મા સર્વથી ઉત્તમ અને સ્વતંત્ર છે. સર્વગુણ સંપન્ન અને દોષરહિત વિષ્ણુ ભગવાન છે. તે જ બ્રહ્મ છે. સચ્ચિદાનંદએ પરમાત્માનું શરીર છે. સર્વ વસ્તુમાં પરમાત્મા અન્તર્યામી રૂપે છે. બ્રહ્મ પ્રમેય છે. બ્રહ્મ માત્ર નિમિત કારણ છે.

- **કાર્યબ્રહ્મ જગત વિષય :–**

  જગત સત્ય છે. ઉપાદાન કારણ પ્રકૃતિ છે.

- **જીવ સ્વરૂપ બાબત :–**

  જીવ અને ઈશ્વર ભિન્ન છે. જીવો બહુ પ્રકારના છે. જીવએ સેવક છે. પરમાત્માએ સેવ્ય છે. બન્ને વચ્ચે ચોખ્ખું દ્વૈત છે. જીવ નિત્ય છે, જ્ઞાતા છે, પણ અણું જ છે.

- **સાધન વિષય :–**

  વિષ્ણું કે પરમાત્માનું જ્ઞાન એ જ મોક્ષનું સાધન છે. કર્મ, જ્ઞાન, ભકિત એમ સાધનનો ક્રમ છે.

- **ફલ વિષય :–**

  જીવાત્મા અને પરમાત્માના ઐકયનું જ્ઞાન થયે મોક્ષ થાય છે એમ કહેવું બરાબર નથી કારણ કે જીવએ સેવક અને પરમાત્મા એ સેવ્ય છે. જીવ ઉપાસક છે, ઈશ્વર ઉપાસ્ય છે. સાંસારિક દુ:ખનો નાશ અને વિષ્ણુંની સમીપમાં રહી આનંદ પ્રાપ્ત કરવો એ મોક્ષ છે. મોક્ષ અભાવાત્મક છે. ભેદાત્મક ચાર પ્રકારની મુકિત દ્વૈતવાદમાં મનાય છે.

## (૫) દ્વૈતાદ્વૈત (નિમ્બાર્કાચાર્ય)

➢ **જગત્ કારણ બ્રહ્મ :–**

સનક સંપ્રદાય કહેવાય છે. પરમાત્માનું મુખ્ય નામ કૃષ્ણ અને તેની શકિતનું નામ રાધિકા છે. ચિત્ અને અચિત્એ બ્રહ્મથી ભિન્ન તેમજ અભિન્ન પણ છે. બ્રહ્મ જિજ્ઞાસાનો વિષય છે. તે જગતનું ઉપાદાન અને નિમિત્ત કારણ છે. બ્રહ્મ શબ્દ વાચ્ય શ્રી વાસુદેવ શ્રી પુરુષોત્તમ છે, વિષ્ણુ છે.

➢ **કાર્યબ્રહ્મ જગત વિષય :–**

આ જગત બ્રહ્મનું, પોતાની શકિત દ્વારા, પરિણામ છે.

➢ **જીવ સ્વરૂપ બાબત :–**

જીવ જ્ઞાન સ્વરૂપ સ્વયં જયોતિ ચૈતન્યરૂપ અણુ, જ્ઞાતા, કર્તા, ભોકતા, હરિને આધીન , શરીરના સંયોગ તથા વિયોગને યોગ અને જુદા–જુદા દેહમાં જુદો જુદો છે. આવા જીવો અસંખ્ય છે. આ જીવનું સ્વરૂપ અનાદિ માયાથી વીંટાયેલું છે એટલે ઓળખાતું નથી પણ ભકતો ભગવદ્ પ્રાપ્તિથી તેને જાણી શકે છે. બદ્ધ, મુકત અને બદ્ધમુકત એમ જીવોના ત્રણ ભેદ છે.

➢ **સાધન વિષય :–**

ભકિતમાં જ્ઞાનના અંશ કરતાં તે રસરૂપ વિશેષ યે ભકિત સિવાય પરમાત્માની પ્રાપ્તિ માટે બીજો ઉપાય નથી. પ્રેમ લક્ષણા ભકિત બે જાતની છે. એક સાધનરૂપ અને બીજી પરા અથવા ફળરૂપ છે. પ્રપતિ અથવા શરણાગતિ રામાનુજ મત પેઠે આ મતમાં પણ છ પ્રકારની છે.

➢ **ફલ વિષય :–**

**સર્વ કર્મનો નાશ થઈ જાય, અવિદ્યાની નિવૃતિ થઈ જાય અને પછી સતત ભગવાનના સ્વરૂપનો અનુભવ થયા કરે એ જ ભગવદ્ભાવપત્તિ કે સાયુજય અથવા સામ્યરૂપ મુકિત એમાં ભગવાન સાથે ઐકયનો ભાવ નથી.** (૪૫)

## 3.6 ઉપસંહાર :

**ત્રીજા પ્રમાણ તરીકે શ્રી વલ્લભાચાર્યએ બાદરાયણ રચિત સૂત્રોનો સ્વીકાર કર્યો છે. વેદના પૂર્વ વિભાગ – મંત્ર અને બ્રાહ્મણ ગ્રંથોને પૂર્વકાંડ અથવા કર્મકાંડ કહેવામાં આવ્યો છે. તેમાં વિવિધ પ્રકારના કર્મો – યજ્ઞ યાગાદિનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આને 'ધર્મકાંડ' પણ કહેવામાં આવે છે. વ્યાસમુનિના શિષ્ય જૈમિનિ ઋષિએ તેના ઉપર સૂત્રોની રચના કરી છે. પૂર્વમીમાંસા અથવા ' જૈમિનિસૂત્રો ' ના નામથી તે ઓળખાય છે. તદ્નુસાર વેદના ઉત્તર વિભાગને ઉત્તરકાંડ કે ' જ્ઞાનકાંડ ' કહેવામાં આવે છે. આમાં આરણ્યક અને ઉપનિષદ્ સમાવિષ્ટ છે. તેને ' વેદાંત ' તરીકે ઓળખાવામાં આવે છે.**

**બાદરાયણ વ્યાસજીએ આ વેદાંતને સ્પષ્ટ સમજાવવા માટે સૂત્રોની રચના કરી છે. તેને 'બ્રહ્મસૂત્રો' તરીકે ઓળખવામાં આવે છે. બ્રહ્મસૂત્રોની સંખ્યા 555 છે. આ સૂત્રો ઉપનિષદમાં કહેવામાં આવેલ બ્રહ્મ – જીવ – જગત ઈત્યાદિ બાબત અને પ્રમાણ, પ્રમેય, સાધન અને ફૂલ એમ ચાર વિભાગમાં વિભાગી કરણ કરવામાં આવેલું છે. જેનું મુખ્ય વર્ણ્ય વિષય કોઈ હોય તો તે છે બ્રહ્મ વિષયક વિચારણા ઔપનિષદિક તથ્યોનો વિચાર એ બ્રહ્મસૂત્રનો વિષય છે**

**શ્રી વલ્લભાચાર્યજીએ બ્રહ્મસૂત્રો પર 'અણુભાષ્ય' રચ્યું છે. બ્રહ્મસૂત્રો એ પણ ભગવાનના જ્ઞાનાવતાર વ્યાસજીની સ્વયંવાણી છે. જેમાં બ્રહ્મ અંશ અંશી સંબંધ તરીકે વર્ણવાયો છે. બ્રહ્મ આંત્રિક સંબંધથી વર્ણવાયો છે. અને બ્રહ્મ જગત સાથે શરીર અને શરીરી સંબંધથી જોડાયેલો છે. અહીં વેદાંતના અન્ય**

**સંપ્રદાયોના સંદર્ભમાં વલ્લભ વેદાંતમાં બ્રહ્મનું વર્ણન તત્ત્વવિજ્ઞાનીય પરિપ્રેત્યમાં બ્રહ્મ વિનાકાર અને નિર્ગુણ તથા બ્રહ્મ ત્રિવિધભેદ પરિચ્છેદ રહિત અને બ્રહ્મનાં સ્વરૂપનું તટસ્થ લક્ષણો વિશેષ રૂપમાં રજૂ થાય છે તે સર્વથા યથાર્થ અને સ્તુત્ય છે.**

# સંદર્ભો

(1) The Philosophy of the Upanisadas P.30

(2) **બ્રહ્મસૂત્ર શાંકર ભાષ્ય** 2 : 1 : 6 **તથા** 2 : 1 : 10

(3) the interpretation of the Upanisads on the Monistic line had alnedy been Made by Various writers long before shankar ?
- Dr.Das Gupta : Indian Ideulism P.195

(4) **મુંડક ઉપનિષદ્** 1:5

(5) **(તૈત્તરીય) ઉપવિષદ્** 3 : 1

(6) **એત્તરેય ઉપનિષદ્** 1 : 1

(7) **કઠ ઉપનિષદ્** 2:4 **તથા** 5

(8) **ભગવદ્ગીતા અ.૪ શ્લોક ૬–૭**

(9) **બ્રહ્મસૂત્ર શાંકરભાષ્ય ૨:૧:૧૪**

(10) **બ્રહ્મસૂત્ર શાં.ભા.** 1 – 1 – 6

(11) **વિવેચૂડામણિ** 126

(12) **બ્ર.સૂ.શો.ભા.** 2 – 3 – 40

(13) **ઉપદેશસાહસ્ત્રી : પ્રકરણ** 15 **પૃ.** 306-9 **સસ્તું સાહિત્ય અમદાવાદ**

(14) **બ્ર.સૂ.શો.ભા.** 2 – 3 – 28 **તથા** 29

(15) **બ્ર.સૂ.શાં.ભા.** 2 – 3 – 32

(16) **શ્વેતાશ્વર ઉપ.** 4.11

(17) **બ્ર.સૂ.શાં.ભા** 2 – 3 – 43, 45,46

(18) **વિવેકચૂડામણિ શ્લોક નં.** 245 – 246

(19) **મુંડકોપનિષદ** 3 – 1 – 1

(20) **બ્રહ્મસૂત્ર શો..ભા.** 2 – 3 – 50

(21) **બ્રહ્મસૂત્ર** 1 – 2 – 3, 3 – 8 – 12, 1 – 2 – 8, **તથા** 1 - 2 – 19

(22) **બ્રહ્મસૂત્ર** 1 – 4 – 20, 1- 4 – 21 **તથા** 1 – 4 – 22

(23) **વેદાન્ત રસામૃત, સ્વામી માધવતીર્થજી પૃ.** 36 – 37

(24) **માંડૂકય ઉપનિષદ્ શ્લોક** 36

(25) **તૈતરિય ઉપનિષદ્** 2 – 4 – 10

(26) **માણ્ડૂકય ઉપનિષદ્ શ્લોક** 37

(27) **મુંડક ઉપનિષદ્** 2 – 1 – 2

(28) **શ્રીમદ્ ભગવદગીતા અ.** 18 **શ્લોક** 61

(29) **વિવેકચૂડામણિ – શ્લોક** 74 **થી** 77

(30) **વિવેકચૂડામણિ – શ્લોક** 97 – 98

(31) **માંડૂકય ઉપનિષદ્** 2 - 7 **તથા ગૌડપાદકારિકા, પ્રકરણ** 1 - 2

(32) **આચાર્યોનું તત્ત્વચિંતન, પ્રા.સી.વી.રાવળ, પ્રજ્ઞા પ્રકાશન અમદાવાદ પૃ.** 31 – 33

(33) **ગીતાભાષ્ય અ.**13 **શ્લોક** 2 **/ શ્રી ભાષ્ય** 1 – 1 – 1

(34) **વિષ્ણુપુરાણ** – 6 – 5 - 74

(35) **શુદ્ધાદ્વૈત વેદાંત, મંબુઈ યુનિવર્સિટીના વલ્લભ વેદાંત કોર્સઆધારિત, લે. શ્રી જયેન્દ્ર સોની પૃ.** 147 – 152

(36) **ગીતા નિબંધો, શ્રી અરવિંદ પૃ.** 214

(37) **ગીતાતત્ત્વવિચાર, પ્રા.કિશોરભાઈ દવે. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ પૃ.** 143 – 147

(38) **ગીતા** 10.19

(39) **શ્રીમદ્ ભગવદગીતા** 7.7

(40) **શ્રીમદ્ ભગવદગીતા** 9.4 **થી** 6

(41) **શ્રીમદ્ ભગવદગીતા** 15.7

(42) **શ્રીમદ્ ભગવદગીતા** 7.11

(43) **સિદ્ધાંત મુકતાવલી અને આચાર્યોનું તત્ત્વચિંતન, પ્રા.સી.વી. રાવળ**

**પૃ.** 275

(44) **સી.વી.રાવળ, ભારતીય દર્શન (વેદાન્ત દર્શન), સ્વપ્નિલ પ્રકાશન,** 1990, **પૃ** 288-290

(45) **શ્રી ન.દે.મહેતા, હિન્દ તત્ત્વજ્ઞાનનો ઈતિહાસ (ઉત્તરાર્ધ) પૃ.** 284 – 294

# પ્રકરણ : 4

# વલ્લભવેદાંત તત્ત્વવિજ્ઞાનનો સારગ્રાહી પરિચય

4.1 **પ્રસ્તાવના**

4.2 **શુદ્ધાદ્વૈતનો સિદ્ધાંત**

4.3 **વલ્લભ વેદાંતમાં બ્રહ્મનું સ્વરૂપ અને તેનાં લક્ષણો**

4.4 **શુદ્ધાદ્વૈતમાં માયા, જગત અને તેનો બ્રહ્મ સાથેનો સંબંધ**

4.5 **શુદ્ધાદ્વૈત તત્ત્વમીમાસાનું સમગ્રલક્ષી મૂલ્યાંકન**

4.6 **ઉપસંહાર**

# પ્રકરણ : 4

# વલ્લભવેદાંત તત્ત્વવિજ્ઞાનનો સારગ્રાહી પરિચય

## 4.1 પ્રસ્તાવના :–

શ્રી વલ્લભાચાર્યજી સ્વયં તેમના સમયની દેશની પરિસ્થિતિનું વર્ણન કરતાં કૃષ્ણાશ્રય સ્તોત્રમાં લખે છે કે ' સમગ્ર દેશ મ્લેચ્છોના આક્રમણનો ભોગ બની ચૂકયો હતો, તેના પરિણામે ખૂણે ખૂણે પાપાચાર વધી ગયો હતો. ગંગાજી જેવાં સર્વ તીર્થો ભ્રષ્ટ થઈ ચૂકયાં હતાં, ઈશ્વર પ્રાપ્તિના બધા માર્ગો નાશ પામ્યા હતા, સત્ય પુરૂષો પણ અહંકારી બની ગયા હતાં અને સૌ પ્રતિષ્ઠા અને લાભ માટે જીવતાં હતાં. વ્રત – જપ – ઈત્યાદિ વિધિઓ આચરવી મુશ્કેલ બની ગઈ હતી, પાખં પ્રચુર માત્રામાં વ્યાપ્ત હતો આવા ઘોર અંધકારમય વાતાવરણમાં શ્રી વલ્લભાચાર્યજી સ્વરૂપે નૂતન સૂર્ય ત્યારે અસ્તિત્વમાં આવ્યો હતો

## ❖ શ્રી વલ્લભાચાર્યજીના પૂર્વજો અને તેમનો જન્મ :–

આવી પૃષ્ઠભૂમિમાં પુષ્ટિમાર્ગના પ્રસ્થાપક અને શુદ્ધાદ્વૈત તત્ત્વદર્શનના પ્રતિપાદક શ્રી વલ્લભાચાર્યનો જન્મ દક્ષિણના આંધ્ર (તેલંગ) પ્રદેશમાં કૃષ્ણા નદીના કિનારે આવેલા કાંકરવાડ ગામના તૈલંગ બ્રાહ્મણના કુળમાં થયો હતો. તેમના પૂર્વજ યજ્ઞનારાયણ ભટ્ટ કૃષ્ણ – યજુર્વેદી તૈત્તિરીય શાખાના દીક્ષિત બ્રાહ્મણ હતા. ગોપાળ કૃષ્ણના તેઓ ઉપાસક હતા. અને સોમયજ્ઞ કરવો તે તેમનો કુળધર્મ હતો. તેઓ વેદના અવતાર મનાતા. વૃદ્ધાવસ્થામાં કરેલા સોમયાગની પૂર્ણાહૂતિ વેળા યજ્ઞવેદીમાંથી સાક્ષાત ભગવાને પ્રગટ થઈ પ્રસન્નતા વ્યકત કરી તેમને વરદાન આપ્યું કે તમારા કુળમાં સો સોમયજ્ઞ પૂરા થયે હું સ્વયં પ્રગટ થઈશં.

ઉત્તરોત્તર તેમના કુળમાં તેમના પુત્ર ગંગાધર ભટ્ટે ૨૮ સોમયજ્ઞ કર્યા, પૌત્ર ગણપતિ ભટ્ટે ૩૦ સોમયજ્ઞ કર્યા અને પ્રપૌત્ર વલ્લભ ભટ્ટે પાંચ સોમયજ્ઞ કર્યા. વલ્લભ ભટ્ટના પુત્ર લક્ષમણ ભટ્ટે બીજા પાંચ સોમયજ્ઞ કરતાં ૧૦૦ સોમયજ્ઞ પૂરા થયા. સોમયજ્ઞના શતકને ઊજવવા તેઓ કાશી ગયા. થોડો સમય ત્યાં જ વસ્યા. પરંતુ મુસ્લિમ બાદશાહનું આક્રમણ થતાં નિજ પરિવાર જનો સાથે જયારે પોતાના પ્રદેશમાં પાછા ફરી રહ્યા

હતા. ત્યારે રસ્તામાં મધ્ય પ્રદેશમાં ચંપારણ્યના વન વિસ્તારમાં પસાર થતાં તેમની સગર્ભા પત્ની ઈલ્લમાગારૂજીને પ્રસવપીડા ઊપડી અને અધૂરા માસે ગર્ભસ્ત્રાવ થઈ ગયો. નિશ્ચેતન ગર્ભને વસ્ત્રમાં લપેટી એક વૃક્ષની બખોલમાં મૂકી લક્ષ્મણ ભટ્ટજીએ પત્ની અને પરિવાર સહિત બાજુમાં આવેલ ચૌડાનગરમાં જઈ રાત્રિ વિશ્રામ કર્યો ત્યારે રાત્રે તેમને સ્વપ્નમાં દિવ્ય સંદેશની અનુભૂતિ થઈ કે તેમને ત્યાં તેમના પૂર્વજોને પ્રાપ્ત થયેલ વરદાનની ફળશ્રુતિરૂપે ભગવદ્ પ્રાગટય થયેલું છે.

વહેલી સવારે પૂર્વસ્થળે પરત આવતાં અગ્નિકુંડમાં સુંદર બાલકને રમતું જોયું માતા ઈલ્લમાગારૂજીએ પુત્રને ઉઠાવી લઈ હદયે ચાંપ્યો આમ, એક અલૌકિક અને અદ્ભુત પરિસ્થિતિમાં શ્રી વલ્લભનો દિવ્ય જન્મ થયેલો મનાય છે. તે દિવસ હતો સંવત ૧૫૩૫ ની ચૈત્ર વદ અગિયારસ બાલ વલ્લભને લઈ લક્ષ્મણ ભટ્ટ પરત કાશી આવ્યા અને બાળપણથીજે તેમનો વિદ્યાભ્યાસ શરૂ કર્યો. અલ્પ વયમાં જ વલ્લભે ચારેય વેદ, ષડ્દર્શન ઉપરાંત શંકરાચાર્ય, રામાનુજ, નિમ્બાર્ક, મધ્વાચાર્ય તેમજ બૌદ્ધ, જૈન ઈત્યાદિ વિચારધારાઓનો સર્વાંગ અભ્યાસ પૂરો કરી વિદ્વતા પ્રાપ્ત કરી લઈ પોતાની વિલક્ષણ બુદ્ધિમત્તાનો પરિચય આપ્યો.

## ❖ શ્રી વલ્લભાચાર્યજીની જીવન યાત્રા :–

શંકર, રામાનુજ, મધ્વ, નિમ્બાર્ક વગેરે મહાન આચાર્યોનો પ્રભાવ દક્ષિણમાં વિશેષ હતો અને વૈષ્ણવ વિચારધારાથી લોકો અભિમુખ હતા. આથી પ્રથમ યાત્રા તેમણે દક્ષિણમાંથી આરંભી નિજ સેવ્ય સ્વરૂપને સાથે લઈ ખુલ્લા પગે ચાલી તેઓ યાત્રા કરતા. ગામ બહાર કોઈ તીર્થ સ્થળે મુકામ કરતો ભાગવતાદિ ગ્રંથોનું પારાયણ કરતા અને જે તે પ્રદેશના વિદ્વાન પંડિતો સાથે ધર્મચર્ચા કરી પોતાના વિશિષ્ટ વિચારોથી લોકોને અવગત કરતા. તેમણે ત્રણ વખત પગે ચાલીને ભારતની ઉત્તરમાં બદ્રિકેદારથી દક્ષિણમાં રામેશ્વર અને પૂર્વમાં ગંગાસાગરથી પશ્ચિમમાં દ્વારકા પર્યતનાં તીર્થોની યાત્રા કરી. તેમણે પોતાના સમયના પ્રસિદ્ધ સંત આચાર્ય તરીકેની પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી હતી.

પ્રથમ પરિક્રમા દરમિયાન જયારે તેઓ જગન્નાથપુરી પહોંચ્યા ત્યારે ત્યાંના રાજા ગજપતિ પુરૂષોતમદાસે જગન્નાથજીના મંદિરમાં એક ધર્મસભા બોલાવી

હતી. તેમાં 'હિંદુ ધર્મનો મુખ્ય ગ્રંથ કર્યો, મુખ્ય દેવ કોણ, મુખ્ય મંત્ર કર્યો, અને મુખ્ય કર્તવ્ય શું, એ ચાર પ્રશ્નોની ચર્ચાચાલી રહી હતી. આ પ્રશ્નોનો ઉકેલ શ્રી વલ્લભાચાર્યજીએ શ્રી જગન્નાથજી પાસે કાગળ – કલમ મુકાવી પ્રાપ્ત કરતાં શ્લોક લખાઈ આવેલો કે, એક શાસ્ત્ર દેવકીપત્રુ ગીત, એકો દેવો દેવકી પુત્ર એવ, મંત્રોપ્યેકસ્તસ્ય નામાનિ યાનિ, કર્મોપ્યેકં તસ્થ દેવસ્ય સેવા અર્થાત્ – દેવકી નંદન શ્રી કૃષ્ણે ગાયેલી ગીતા એક માત્ર શાસ્ત્ર, શ્રી કૃષ્ણ સ્વયં એકમાત્ર દેવ, તેમનાં નામ એ એકમાત્ર મંત્ર અને તેમની સેવા એ એમ માત્ર કર્મ.

શ્રી વલ્લભાચાર્યજીની તેમના પત્રો તેમજ તેમના અનુયાયીઓ માટે છેલ્લી શિખામણ હતી જે ' શિક્ષાશ્લોકી ' ના નામથી પ્રસિદ્ધ છે.

## શ્રી વલ્લાભાચાર્યજીનું ગ્રંથ સાહિત્ય :–

શ્રી વલ્લભાચાર્યજી દ્વારા રચિત બધાય ગ્રંથો આજે પ્રાપ્ત નથી. પરંતુ તેની કુલ સંખ્યા ૮૪ ની હોવાનું જણાય છે. આમાંથી આજે તેમના કુલ ૩૧ જેટલા નાના મોટા ગ્રંથો આપણને પ્રાપ્ત થાય છે. આ ગ્રથોને મુખ્ય બે વિભાગમાં વહેંચી શકાય.

(૧) સ્વતંત્ર ગ્રંથો

(૨) ભાષ્ય ગ્રંથો

સ્વતંત્ર ગ્રંથો લગભગ ૨૫ જેવા મળે છે. ભાષ્ય ગ્રંથોની સંખ્યા લગભગ ૬ જેટલી છે.

### (૧) સ્વતંત્ર ગ્રંથો :–

સ્વતંત્ર ગ્રંથોમાં પ્રથમ ૧૬ ગ્રંથો ' ષોડશ ગ્રંથ ' તરીકે સુવિખ્યાત છે. તે નીચે પ્રમાણે છે.

(૧) શ્રી યમુનાષ્ટક,

(૨) બાલબોધ

(૩) સિદ્ધાંત મુકતાવલિ

(૪) પુષ્ટિપ્રવાહ મર્યાદાભેદ

(૫) સિદ્ધાંત રહસ્ય

(૬) નવરત્ન

(૭) વિવેકધૈર્યાશ્રય

(૮) કૃષ્ણાશ્રય

(૯) ચતુઃશ્લોકી

(૧૦) ભકિતવર્ધિની

(૧૧) જલભેદ

(૧૨) પંચધાનિ

(૧૩) નિરોધ લક્ષણ

(૧૪) સંન્યાસ નિર્ણય

(૧૫) અંતઃકરણ પ્રબોધ

(૧૬) સેવાફલ.

આ ઉપરાંત નીચેના અન્ય ગ્રંથો પણ પ્રસિદ્ધ છે.

(૧) મધુરાષ્ટક

(૨) પરિવૃઢાષ્ટક

(૩) પુરુષોત્તમસહસ્ત્રનામાવલિ

(૪) ત્રિવિધનામાવલિ

(૫) ન્યાસાદેશ

(૬) પત્રાવલંબન

(૭) તત્ત્વાર્થદીપ નિબંધ

(૮) શિક્ષાશ્લોકી

(૨) ભાષ્ય ગ્રંથો :–

(૧) પૂર્વમીમાંસા ભાષ્ય અથવા જૈમિનિ સૂત્ર ભાષ્ય

(૨) ઉત્તરમીમાંસા ભાષ્ય અથવા બ્રહ્મસૂત્રાણુ ભાષ્ય

(૩) શ્રી ભાગવત પરની ટીકા – સુબોધિની

(૪) શ્રી ભાગવત પરની સૂક્ષ્મ ટીકા.

(૫) ગાયત્રી ભાષ્ય.

ઉપરોકત ગ્રંથોને તત્ત્વદર્શીય રૂપમાં વિભાગીકરણ કરી શકાય.

(૧) 'અણુભાષ્ય' મુખ્યત્વે પરમતત્ત્વ વિશે ' પ્રમાણ' વિષયક નિરૂપણ કરે છે.

(૨) ' તત્ત્વાર્થ દીપ નિબંધ ' મુખ્યત્વે પરમતત્ત્વ વિશે ' પ્રેમય ' વિષયક નિરૂપણ કરે છે.

(૩) 'ષોડશગ્રંથો' મુખ્યત્વે પરમતત્ત્વ વિશે ' સાધન ' વિષયક નિરૂપણ કરે છે. અને

(૪) 'સુબોધિની' મુખ્યત્વે પરમતત્ત્વ વિશે 'ફલ' વિષયક નિરૂપણ કરે છે. (૧)

## 4.2 શુદ્ધાદ્વૈતનો સિધ્ધાંત

શ્રી વલ્લભાચાર્યજીનું તત્ત્વદર્શન : શુદ્ધાદ્વૈત નામે પ્રચલિત બનેલું છે. શ્રીવલ્લભાચાર્યજી તેમના સુપ્રસિદ્ધગ્રંથ તત્ત્વદીપ નિબંધના શાસ્ત્રાર્થ પ્રકરણમાં મંગલા ચરણ કરતાં કહે છે.

" नमो भगवेत तस्यै कृष्णाभदुत कर्मणे,
रुपनाम विभेदेन, जगत क्रिडती यो यतः "

અર્થાત્ – જે રૂપ અને નામના વિભેદે જગતરૂપ છે જે, રૂપ અને નામના વિભેદ ક્રીડા કરે છે અને જેથી – જેમાંથી (અભિન્ન નિમિતોપાદાનત્વે) રૂપ અને નામના વિભેદે જગત છે, એવા અદ્ભૂત કર્મા લોકવેદ પ્રસિધ્ધ ભગવાન શ્રી કૃષ્ણને નમસ્કાર હો.

'શુદ્ધાદ્વૈત' નું તત્ત્વદર્શન અહીં પ્રગટ થાય છે. પરમતત્ત્વ (Ultimate Realitu) એ શ્રી કૃષ્ણ. તેઓ જ વિવિધ રૂપ અને નામથી જગતમાં વિલસે છે અને તેઓ જ જગતની ઉ પતિ નિજ ક્રીડાર્થે કરે છે.

શ્રી વલ્લભાચાર્યજીનું તત્ત્વદર્શન 'અદ્વૈત' વિચારધારા પર આધારિત છે. શાંકરમતના 'કેવલાદ્વૈત' થી તેમના 'અદ્વૈતવાદ' ને સ્પષ્ટ કરવા

તેમની વિચારધારા 'શુદ્ધાદ્વૈત' કહેવાય છે. તેમણે આ શબ્દોનો પ્રયોગ ભાગવતજીની ટીકા 'સુબોધિની' માં કર્યો છે, જયાં તેઓ કહે છે.

"अज्ञाननाशकं विज्ञानमत्त्मानुंलवः भदनाशकं तु भगवदिज्ञानम् ।
उभयां : साक्षात्कोर दैह्घद्दयास निवृति शुद्दघदैतं संस्कृरति "

અર્થાત્ – અજ્ઞાનને દૂર કરનાર વિજ્ઞાન આત્માનો અનુભવ કરાવે છે, આત્માનું સ્વરૂપ જણાવે છે. આત્મા અને પરમાત્મા વચ્ચેના ભેદને દૂર કરનાર વિજ્ઞાનએ ભગવદ્ વિજ્ઞાન છે. આ બન્નેય પ્રકારનું વિજ્ઞાન આત્માનું સ્વરૂપ જણવાનાર અને આત્મા બ્રહ્મથી જુદો નથી, પણ તેનો અંશ છે, તેવું થાય છે. એટલે કે શુદ્ધાદ્વૈત જ્ઞાન દેહથી આત્માની ભિન્નતા અને આત્માની બ્રહ્મ સાથેની અભેદતાનું જ્ઞાન કરાવનારું જ્ઞાન છે.

'શુદ્ધાદ્વૈત' શબ્દનો અર્થ સમજાવતાં શ્રી વલ્લભાચાર્યજીના વંશજશ્રી ગિરિધરજી તેમના ગ્રંથ 'શુદ્ધાદ્વૈત માર્તન્ડમાં કહે છે.

शुदादैत पदे ज्ञेयः समासः कर्मघारमः
अदैतं शुदयोः प्राहु षष्टी तत्त्पुरुष बुघाः

અર્થાત્ – શુદ્ધાદ્વૈત પદમાં 'શુદ્ધ ચ તદદ્વૈતમ્ ' એ પ્રમાણે કર્મધારય સમાસ જાણવો, અર્થાત્ ' શુદ્ધ છે તેવું અદ્વૈત' બ્રહ્મ – જગત – જીવ વચ્ચે અદ્વૈત રહેલું છે. તેમાંયે કોઈ કોઈ ભેદ નથી, અને બીજી રીતે ' શુદ્ધનું અદ્વૈત' એટલે બન્ને શુદ્ધનું અદ્વૈત, બ્રહ્મ પણ શુદ્ધ છે, જગત પણ શુદ્ધ છે અને બન્ને શુદ્ધમાં ભેદ નથી.

પરમાત્માને જગત ઉત્પન્ન કરવાની ઈચ્છા થઈ, તેથી પરમાત્મા જગતની ઉત્પત્તિનું કારણ છે. પરમાત્માએ પોતાનાં સત્ અને ચિત્ તત્ત્વોમાંથી જડ – જીવાત્માક જગત ઉત્પન્ન કર્યુ છે. જગત પરમાત્માનું કાર્ય છે, પરમાત્મા જગતના કારણરૂપ છે. પરમાત્માથી જગત જુદું નથી. બ્રહ્મ પોતે શુદ્ધ છે.

તેથી બ્રહ્મના કાર્યરૂપ જગત પણ શુરૂ છે. આમ, બન્ને શુરૂ તત્ત્વો, બ્રહ્મ અને જગત એક જ છે. તેમનું અદ્વૈત છે. બ્રહ્મ જગતથી અલગ નથી તેમજ તેની ઉત્પત્તિ માટે માયા ઈત્યાદીનો આશ્રય નથી માટે તેને 'શુદ્વાદ્વૈત' કહેવાય છે.

પોતાના તત્ત્વજ્ઞાનનું પ્રતિયાદન કરવામાં શ્રી વલ્લભાચાર્યજીએ કેવળ શબ્દ પ્રમાણનો જ આધાર લીધો છે. અન્ય પ્રમાણો પ્રત્યક્ષ કે અનુમાનને ન સ્વીકારવાના કારણો આપતાં તેઓ કહે છે કે તે શુદ્વ અને નિર્ભેળ હોતા નથી, કયારેક ભ્રાંતિ ઉપજવી રહે છે. બ્રહ્મ અચિન્ત્ય અને અલૌકિક હોઈ તેની સામાન્ય ઈન્દ્રિયો દ્વારા અનુભૂતિ કરી શકાય નહીં. માટે તેઓ કેવળ શાસ્ત્ર પ્રમાણો 'પ્રમાણ ચતુષ્ટય'નો સ્વીકાર કરતાં કહે છે.

" वेदाः Jीकृष्ण वाकयानि व्यास सुत्राणी वैवहि
समाघिभाषा व्यासस्य  प्रमाण तच्चतुष्टायम "

શ્રી વલ્લભાચાર્યજીએ સમગ્ર વેદોને પ્રમાણરૂપ સ્વીકાર્યા છે, કોઈ અમુક વિભાગને જ નહીં.

ઉપરોકત 'પ્રમાણ ચતુષ્ટય' ના આધારે શ્રી વલ્લભાચાર્યજી કહે છે કે,

(૧) બ્રહ્મ સત્ – ચિત્ અને આનંદ એ ત્રણ તત્ત્વોયુકત ' સચ્ચિદાનંદ' સ્વરૂપ છે. તેમાંથી જડ–જીવ અને અંતર્યામીનો ઉદ્ગમ છે.

(૨) તે એકપ સાકાર, સર્વશકિતમાન, સર્વ જાણનાર અને સર્વ કરનાર છે.

(૩) જેમ સાપ પોતાની ઈચ્છા વડે કૂંડાળાના આકારે ગૂંચળું વળીને રહે છે છતાં તે વિકારવાળો થતો નથી. તેમ બ્રહ્મ પણ જગદ્રુપ થવા છતાં તે વિકારવાળા થતા નથી.

(૪) જેમ અગ્નિમાંથી તણખા નીકળે છે તેમ બ્રહ્મમાંથી જીવો છૂટા પડયા છે. જીવ અણુ છે અને ભગવાનના અંશ છે. તેમાં સત્ અને ચિત્ તત્ત્વ પ્રગટ હોય છે. આનંદ તત્ત્વ તિરોહિત હોય છે.

(૫) જગત બ્રહ્મનું ઉપાદાન તેમ જ નિમિત્ત કારણ છે, માટે જગત સત્ય છે. જગત બ્રહ્મનું 'અવિકૃત પરિણામ' છે.

(૬) અવિદ્યાના કારણે જીવની અહંતા અને મમતાને શ્રી વલ્લભાચાર્યજી 'સંસાર' કહે છે, જે મિથ્યા છે.

(૭) જીવ 'જ્ઞાતા' છે, 'કર્તા' છે અને પોતાના કર્મફલનો 'ભોકતા' પણ છે.

(૮) ભગવાન જડ–જીવાત્માક જગતની ઉ પત્તિ નિજ કીડાર્થે કરે છે.

(૯) ભગવદાનંદની પ્રાપ્તિ એ મોક્ષ છે, જેને ભકિત દ્વારા પ્રાપ્ત કરી શકાય છે.

(૧૦) પૂર્ણ પુરૂષોત્તમ શ્રી કૃષ્ણ એ જ પરબ્રહ્મ – પરમોચ્ચ ત વ છે.

(૧૧) 'જગત' બ્રહ્મનું આધિભૈતિક સ્વરૂપ છે, 'અક્ષરબ્રહ્મ' તેનું આધ્યાત્મિક સ્વરૂપ અને 'શ્રીકૃષ્ણ' પોતે બ્રહ્મનું આધિદૈવિક સ્વરૂપ છે. (૨)

## 4.3 વલ્લભ વેદાંતમાં બ્રહ્મનું સ્વરૂપ અને તેનાં લક્ષણો :–

દુનિયાના ધર્મ–દર્શનોમાં અનેક વિષયો ઉપર મતભેદો મોજૂદ રહ્યા છે. પરંતુ એક સિધ્ધાંતની બાબતમાં મહદંશે સહમતિ ધરાવે છે. તે સિધ્ધાંત છે કોઈક શકિત કે કાંઈક એક તત્ત્વ એવું છે કે જે સર્વમૂળ છે, જેને સર્વજ્ઞ સર્વસમર્થ સર્વવ્યપકતા, સર્વઉપાદાન, સર્વવ્યાણી સર્વેશ્વર સર્વફળદાતા સર્વાનંદ અને સર્વશેષ માન્યા સિવાય છૂટકો જ નથી. આવા તત્ત્વને 'પરમતત્ત્વ' કહેવું યોગ્ય જ ગણાય.

✓ સચ્ચિદાનંદ હોવું તે બ્રહ્મનું આગવું સ્વરૂપ છે.:–

વેદો–ઉપનિષદો બ્રહ્મને સચ્ચિદાનંદાત્મક તરીકે વર્ણવે છે. સત્ + ચિત્ + આનંદ = સચ્ચિદાનંદ. સચ્ચિદાનંદએ બ્રહ્મનું સ્વરૂપલક્ષણ છે.

✓ **સત્ :–**

**'સત્' એટલે અસ્તિત્વ સત્તા કે હોવાપણું બ્રહ્મનું અસ્તિત્વ અમાપ – અનંત છે. બ્રહ્મ સર્વ સ્થળે સર્વકાળમાં અને સર્વરૂપે સર્વને વ્યાપીને રહેલું છે. બ્રહ્મના આવા અનંત અમાપ કે અસીમ અસ્તિત્ત્વને કારણે જ બ્રહ્મને 'સત્' ગુણધર્મવાળુ કહેવામાં આવે છે.**

✓ **ચિત્ :–**

**'ચિત્' નો અર્થ છે ચૈતન્ય, જ્ઞાન ચૈતન્યનો પ્રમુખ ગુણ હોવાથી 'ચિત્' કહેતાં બ્રહ્મની સર્વવ્યાપકતાનું નિરૂપણ કરવામાં આવતું હોય છે.**

✓ **આનંદ :–**

**બ્રહ્મનું મુખ્ય સ્વરૂપલક્ષણ તો ' આનંદ ' જ છે. બ્રહ્મમાં રહેલી અપ્રાકૃત – અલૌકિક વૈષયિક દુઃખોથી અસંસ્પૃષ્ટ અનંત શકિતઓને કે ગુણધર્મોને 'આનંદ' કહેવામાં આવે છે.**

## ❖ બ્રહ્મ જગત્નો સર્જક – પાલક – સંહારક છે :–

**બ્રહ્મનું લક્ષણ તેના કાર્યની દષ્ટિથી પણ વેદોમાં કરવામાં આવ્યું છે. વેદો કહે છે. જેના વડે આ જગત્ ઉત્પન્ન થાય છે, જેના આધારે આ જગતનું અસ્તિત્વ ટકી રહ્યું છે. અને અંતે જેની અંદર જગત્ સમાઈ જવાનું છે, તે જગત્ના ઉત્પત્તિ – સ્થિતિ – લયના અભિન્નનિમિત્તો પાદાન કારણરૂપ તત્ત્વને ' બ્રહ્મ ' કહેવામાં આવે છે.**

**બ્રહ્મ અનંત છે. તેના ગુણધર્મો પણ અનંત છે. વેદો પણ બ્રહ્મના સમ્પૂર્ણ સ્વરૂપનું વર્ણન કરી શકવામાં પોતાને અસમર્થ ગણાવે છે. ત્યારે સામાન્ય જીવ બ્રહ્મનાં સ્વરૂપ કે ગુણોનું વર્ણન કયાંથી કરી શકે ! આમ છતાં બ્રહ્મના**

સ્વરૂપને સમજવા માટે તથા તેની બાબતમાં પ્રચારિત કેટલીક ગેર–સમજોને દૂર કરવા માટે પણ બ્રહ્મનાં વેદોકત કેટલાંક ગુણોને જાણવા ખૂબ જ જરૂરી છે.

## ❖ બ્રહ્મનાં વેદોકત લક્ષણો :–

'બ્રહ્મ' કહો કે ' સર્વવ્યાપિ – તત્ત્વ ' કહો ; અર્થ એક જ છે. ' બ્રહ્મ ' શબ્દનો અર્થ વ્યાપક થાય છે. વ્યાપક એટલે જે સ્થાની સમય કે વસ્તુ – સ્વરૂપની સીમાઓમાં બંધાયેલું ન હોય તે. આને આપણે થોડીક સરળતાથી સમજવાનો પ્રયત્ન કરીએ.

## ❖ સ્થાન / દૈશિકપરિચ્છેદ :–

બ્રહ્મ કોઈ પણ પ્રકારની સ્થળની સીમામાં બંધાયેલું નથી. એવું કોઈ સ્થળ નથી કે જયાં બ્રહ્મનું અસ્તિત્વ ન હોય. બ્રહ્મનું અસ્તિત્વ સર્વ સ્થળે હોય છે. મારું તમારું કે તમે વાંચી રહ્યા છો તે પુસ્તકનું અસ્તિત્વ કોઈ ચોકકસ જગ્યા પૂરતું સીમિત હોય છે. દા.ત. જો હું ઘરની અંદર હોઉં તો ઘરની બહાર હોઈ શકતો નથી અને જો બહાર હોઉં તો અંદર હોઈ શકતો નથી. આમ મારું અસ્તિત્વ મર્યાદિત છે. તે જ પ્રમાણે જગત્‌માં રહેલ દરેક વસ્તુ કે વ્યકિત નાની – મોટી સ્થળની મર્યાદામાં બંધાયેલી હોય છે. સ્થળની મર્યાદાને " દૈશિક પરિચ્છેદ " કહેવામાં આવે છે. બ્રહ્મને સ્થળની આવી મર્યાદા નડતી નથી હોતી. આખરે બ્રહ્મ જ તો સમગ્ર સૃષ્ટિનો આધાર છે ?

## ❖ સમય / કાલિક પરિચ્છેદ :–

બ્રહ્મને સમયની પણ કોઈ મર્યાદા નડતી નથી. જગતના પદાર્થો સમયની મર્યાદામાં બંધાયેલા હોય છે. ભૂતકાળના પદાર્થોનું અસ્તિત્વ આજે નથી. આજની અનેક વસ્તુઓ કાલે નહીં રહી જાય. તે જ પ્રમાણે આવતી કાલની અનેક વસ્તુઓ પરમદિવે નહીં હોય. આવી સમયની મર્યાદા બ્રહ્મને નડતી

નથી. ભૂત ભવિષ્ય અને વર્તમાન આમ ત્રણેય કાળમાં એકી સાથે બ્રહ્મ અસ્તિત્ત્વ ધરાવે છે. કારણ કે કાળ પણ તો બ્રહ્મમાં જ રહેતો

હોય છે. સમયની મર્યાદાને 'કાલપરિચ્છેદ' કહેવામાં આવે છે. બ્રહ્મ કાલકૃત પરિચ્છેદથી રહિત છે.

## ❖ વસ્તુ સ્વરૂપકૃત પરિચ્છેદ :–

બ્રહ્મને સ્વરૂપ કે આકાર – પ્રકારની પણ મર્યાદા હોતી નથી. ઘોડો પશુ છે પણ મનુષ્ય નથી હોય શકતો. મનુષ્ય સ્ત્રી કે પુરુષ હોઈ શકે છે પણ પર્વત કે નદી નથી હોઈ શકતા. આમ જગતના દરેક પદાર્થો કોઈક ને કોઈક સ્વરૂપ કે આકાર – પ્રકારની મર્યાદામાં બંધાયેલા હોય છે. બ્રહ્મને આવી કોઈ પણ મર્યાદા હોતી નથી. બ્રહ્મ એક – અદ્વિતીય હોવા છતાં જગતના સર્વ જડ – ચેતન રૂપોને ખુદ ધારણ કરે છે.

આમ આપણે સમજયા કે બ્રહ્મ દેશ કાળ અને સ્વરૂપની સીમાઆથી પર હોવાને કારણે સર્વત્ર સર્વદા અને સર્વરૂપે રહેલ છે. આ કારણે જ તેને ' સર્વવ્યાપી' કહેવામાં આવે છે. અને આ જ અર્થમાં તેને ' બ્રહ્મ ' પણ કહેવામાં આવે છે. (૩)

## 4.4 શુદ્ધાદ્વૈતમાં માયા, જગત અને તેનો બ્રહ્મ સાથેનો સંબંધ :–

બ્રહ્મ સચ્ચિદાનંદ (સત્ ચિત્ આનન્દ) છે. સૃષ્ટિનું સર્જન કરવાની ઈચ્છા જયારે બ્રહ્મને થાય છે ત્યારે કરોળિયો જેમ પોતાની લાલમાંથી જાળું બનાવીને તેમાં રહેતો હોય છે. તેમ બ્રહ્મ પોતાના સત્ અને ચિત્ ગુણધર્મોથી આ જડ–જીવાત્મક સૃષ્ટિનું સર્જન કરીને તેમાં ક્રીડા કરે છે. આને 'સૃષ્ટિનો આવિર્ભાવ' કહેવામાં આવે છે. અને જયારે બ્રહ્મ સૃષ્ટિને સંકેલી લેવાની ઈચ્છા કરે છે ત્યારે કરોળીયો જેમ અથવા તો કાચબો જેમ પોતાના હાથ પગ માથું વગેરે

અંગોને પોતાના શરીરની અંદર સમાવી લેતો હોય છે. તેમ બ્રહ્મ સંપૂર્ણ જગત્‌નો વિલય પોતાની અંદર જ કરી લે છે. આને જગતનો ' તિરોભાવ ' કહેવામાં આવે છે. જગતના આવિર્ભાવ અને તિરોભાવની પ્રક્રિયા દિવસ–રાતની માફક અનવરત ચાલતી જ રહેતી હોય છે. આનાથી એ સ્પષ્ટ થઈ જાય છે કે જગતની ઉત્પત્તિ (આવિર્ભાવ) પહેલાં પણ જગતનું અસ્તિત્ત્વ, તેની કારણાવસ્થાને રૂપે અર્થાત બ્રહ્મના સત્ ગુણધર્મ તરીકે હોય જ છે. ફરી – ફરી જગતનો પણ સ્પષ્ટ થઈ જાય છે કે જગતનો પ્રલય થવા છતાં જગત્‌નો અભાવ થતો નથી કેવળ તિરોભાવ જ થાય છે.

જગત બ્રહ્મનું કાર્ય છે અને બ્રહ્માત્મક છે આ વાતને સમજયા પછી કેટલીક શંકાઓ ઉદભવે છે. એ શંકાઓ નીચે મુજબ છે.

બ્રહ્મ અનન્ત છે અને એના સર્વ ધર્મો અલૌકિક છે. આથી બ્રહ્મમાં ઉત્પત્તિ નાશ, તે છતાંય બ્રહ્માત્મક જગતમાં ઉપરોકત લૌકિક ગુણોની અનુભૂતિ શા કારણે થાય છે?

વળી, સોનાના આભૂષણો જેમ સુવર્ણાત્મક દેખાઈ આવે છે તેમ બ્રહ્મ જગતરૂપે બન્યું હોવા છતાં જગત બ્રહ્માત્મક શા કારણે દેખાતું નથી ?

ઉપરોકત બન્ને પ્રશ્નોના ઉત્તર સમજવા માટે બ્રહ્મની શકિત વ્યામોહિકા માયાને સમજવી જરૂરી છે.

## ➢ વ્યામોહિકા માયા :–

બ્રહ્મ તો વ્યાપક છે. આથી એવી તો કોઈ જગ્યા જ ન હોઈ શકે કે જયાં બ્રહ્મ ન હોય. આથી, બ્રહ્મ પોતે સંતાવાને ઠેકાણે પોતાની શકિત વ્યામોહિકા માયા દ્વારા જીવોને ભ્રમિત કરે છે. તેમની બુદ્ધિઉપર અજ્ઞાન અને અન્યથા જ્ઞાનનો પાટો બાંધી દે છે. માયા દ્વારા ભ્રમિત થવાને કારણે આપણે જીવોને, જનકપિતા સમાન ભગવાનના સ્વરૂપનું અજ્ઞાન, પોતાના તથા ભગવાનના

કીડાંગણ સમાન આ જગતના સ્વરૂપનું અજ્ઞાન, જગત – જીવ સાથે ભગવાનના સમ્બન્ધનું અજ્ઞાન અને સ્વકર્તત્યનું પણ અજ્ઞાન થઈ જાય છે. આટલું જ નહીં આ બધી બાબતોને આપણે તેના મૂળ સ્વરૂપથી જુદી જ નહીં આ બધી બાબતોને આપણે તેના મૂળ સ્વરૂપથી જુદી જ રીતે સમજતા થઈએ છીએ. આ જ કારણ છે કે જગત્ બ્રહ્માત્મક હોવા છતાં આપણે તેની બ્રહ્માત્મકતાનો અનુભવ કરી શકતા નથી તથા જગતમાં લૌકિક અબ્રહ્મ ધર્મોનો અનુભવ કરતાં થઈ જઈએ છીએ. (૪)

➢ **માયાના કાર્યો :–**

' વ્યામોહ ' એટલે અજ્ઞાન કે ભ્રમણા માયા જીવોને અજ્ઞાનરૂપી આવરણથી ઢાંકીને ભ્રમિત કરે છે, આથી માયાને 'વ્યામોહિકા' કહેવામાં આવે છે. માયા પોતાનું કાર્ય બે રીતે કરે છે. પ્રથમ તો તે જીવોને વસ્તુના સાચા સ્વરૂપનું જ્ઞાન થવા દેતી નથી. વસ્તુના સાચા સ્વરૂપનું આચ્છાદન કરી દે છે. બીજું જે વસ્તુ પોતે જેવી છે તેને તેનાથી જુદી રીતે દેખાડે છે, એટલે વસ્તુના સાચા સ્વરૂપને આચ્છાદિત કર્યા પછી તેનો અન્યથા
આભાસ કે પ્રતીતિ કરાવે છે. આથી માયાને બે પ્રકારનાં પ્રભાવો ઉત્પન્ન કરનારી માનવામાં આવી છે.

(૧) આચ્છાદિકા

(૨) અન્યથા પ્રતીતિ હેતુભૂતા

➢ **આચ્છાદિકા :**

માયાનું પ્રથમ કાર્ય હોય છે. જીવોની બુદ્ધિનું આચ્છાદન કરવાનું આચ્છાદન કરવું એટલે ઢાંકી દેવું. ભગવાન જીવોની બુધ્દ્રિને માયા દ્વારા એવી રીતે ઢાંકી દે છે કે જેથી જીવોને જગત્ બ્રહ્મ વગેરેના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન રહી જતું નથી. જીવ અજ્ઞાન બની જાય છે.

- **અન્યથાપ્રતીતિ હેતુભૂતા :**

માયાનું બીજું કાર્ય છે અન્યથાપ્રતીતિ હેતુભૂતતા. અજ્ઞાની બનેલા જીવોને વસ્તુના મૂળ સ્વરૂપની જુદા સ્વરૂપનું જ્ઞાન કરાવવું અર્થાત્ અન્યથાજ્ઞાન કરાવવું – માયાના આ કાર્યને કારણે જ જીવોને જગત્ વગેરેના ખોટા સ્વરૂપની પ્રતીતિ થવા લાગે છે. જગત્ કે જાગતિક વસ્તુના ઉત્પત્તિ–નાશ થતાં જ નથી હોતા છતાં જીવો જગત્ને ઉત્પત્તિ – નાશવાન સમજતા હોય છે. તત્ત્વદૃષ્ટિથી જોતાં કોઈ પણ વસ્તુમાં સારાપણું કે ખરાબપણું હોતું નથી. છતાં કોઈક વસ્તુને સારી ગણે છે તો કોઈકનો ખરાબ તે જ પ્રમાણે કોઈપણ વસ્તુમાં સ્વાભાવિક રીતે એવો કોઈ ગુણ હોતો નથી કે જેથી તત્ત્વદૃષ્ટિથી જોતાં તેની બાબતમાં " આ મારી છે ", " આ તારી છે" કે 'હ આ સાર્વજનિક છે " વગેરે ધારણા કે દાવાને સાચા ગણી શકાય. આમ છતાં આપણે વાત–વાતમાં મારું તારું કરતાં હોઈએ છીએ. આ તથા આવા અનેક ખોટાં જ્ઞાનો માયાને કારણે જીવોને થતાં હોય છે. (૫)

માયાના બન્ને કાર્યોને સમજયા પછી માયા પોતાનું કાર્ય કયા પ્રકારે કરે છે તે પ્રક્રિયાનો વિચાર હવે પ્રાસંગિક બને છે.

**વ્યામોહનની પ્રક્રિયા :**

(૧) સર્વપ્રથમ માયા જીવની બુદ્ધિને અજ્ઞાનથી ઢાંકી છે.

(૨) ત્યારબાદ જગતના વિષયોના જેવા જ માયિક વિષયોને જીવની બુદ્ધિમાં ઉત્પન્ન કરે છે.

માયિક વિષયોની ઉત્પત્તિને કારણે જીવોની બુદ્ધિ એવી ભ્રમિત બની જાય છે કે માયાને કારણે વસ્તુનો જે પ્રકાર પ્રકટ થાય તે જ પ્રમાણે જીવ સમજતો થઈ જાય છે. હવે આવો જીવ જયારે જગત્ના વિષયોના સંપર્કમાં આવે છે ત્યારે

(૩) બુદ્ધિમાં રહેલા માયિક વિષયોનું પ્રક્ષેપણ (પરાવર્તન) માયાને કારણે જગતના વાસ્તવિક વિષયો ઉપર થઈ જતું હોય છે.

જગતના વિષયો ઉપર થતાં માયિક વિષયોના પ્રક્ષેપણથી જેમ સફેદ વસ્તુ ઉપર લાલ રંગનો પ્રકાશ નાખતાં તે લાલ રંગની દેખાવા લાગે છે, તેમ જગતના વિષયો પોતાના શુદ્ધ સ્વરૂપમાં ગ્રહીત થવાને સ્થાને માયાના ગુણ – ધર્મો સહિત ગ્રહીત થવા લાગે છે. માયા દ્વારા જીવની બુદ્ધિનું આચ્છાદન થવાથી જીવ અજ્ઞાની બને છે. આ પ્રક્રિયાને બાળકના દૃષ્ટાંત વડે સરળતાથી સમજી શકાશે. કેમ કે આ સમયે જીવની સ્થિતિ એક એવા અબોધ બાળક જેવી હોય છે કે જેને સારા – ખરાબ ઊંચ – નીચ કે પ્રિય – અપ્રિયનો વિવેક ન હોય. નાનું બાળક પોતે કંઈ જાણતું નથી. હોતું, આથી તેને જે કંઈ પણ અને જેવું પણ જોવા – સમજાવવામાં આવે છે, તેને બાળક તેવું માની કે સમજી લે છે. માયા પણ આજ પ્રક્રિયાથી જીવોને ભોળવતી હોય છે.

➢ જગત અને સંસારનો બ્રહ્મ સાથેનો સંબંધ :

જગત બ્રહ્માત્મક હોવાથી સત્ય છે એ શાસ્ત્રના સિધ્ધાન્તને અહીં સુધીના નિરૂપણથી આપણે સમજી શકયા છીએ. આમ છતાં શાસ્ત્રમાં અનેક ઠેકાણે " આ બધું અસત્ય છે; મિથ્યા છે; ભ્રમ છે " આવું નિરૂપણ જોવા મળે છે; તો આ વિરોધાભાસનું નિરાકરણ કેવી રીતે થઈ શકે ?

ખરેખર જોતાં તો શાસ્ત્રમાં કોઈપણ જાતનો વિરોધાભાસ છે જ નહીં તેમ છતાં જે વિરોધાભાસ આપણને જણાય છે તેનું કારણ જગત અને સંસારને એક સમજી બેસવાની ગંભીર ભૂલ છે. જગત અને સંસાર એ બન્ને અલગ – અલગ વસ્તુ છે.

જગત એ બ્રહ્મના ચૈતન્ય અને આનંદ ગુણધર્મના તિરોધાન પૂર્વક સત્ ગુણધર્મથી પ્રકટ થયેલી નામ – રૂપ – કર્માત્મક જડ સૃષ્ટિ છે. જગત બ્રહ્માત્મક હોવાથી સત્ય છે. જગત કદી પણ અસત્ય કે મિથ્યા હોઈ શકતું નથી.

જગતમાંના જીવો માયાના પ્રભાવમાં આવીને પોતાની અહંતા અને મમતા વડે બ્રહ્માત્મક જગતથી ભિન્ન પોતાની એક કાલ્પનિક સૃષ્ટિ બનાવે છે, ત્યારે તેવી તે અહંતા – મમતાત્મિકા સૃષ્ટિને ' સંસાર ' કહેવામાં આવે છે. જગત સત્ય છે. અહંતા – મમતા પણ સત્ય છે, પરંતુ જગત અને અહંતા – મમતાની સાથે જીવે જોડીને ઉત્પન્નકરેલ સંસાર અસત્ય છે. માયાના પ્રભાવ હેઠળ જીવે માયિક ધર્મોને જગત ઉપર ઠોકી બેસાડયા છે. એ માયિક ધર્મો જીવને જગતથી ભિન્ન કોઈ એક અવનવી જ સૃષ્ટિ દેખાડે છે. સંસારરૂપ એ માયિક સૃષ્ટિ જીવને વાસ્તવિકતાથી દૂર લઈ જાય છે. તે જીવને ' હું ' માં તથા ' મારા – તારા' માં એવો ફસાવી દે છે કે જેથી જીવ પ્રભુને ભૂલી જાય છે.

ભગવાને જીવને આપેલી અહંતાથી જીવ " હું બ્રહ્મનો અંશ કે દાસ છું " એવી બ્રાહ્મિક અહંતાનો ભાવ રાખીને પ્રભુની સેવા ભકિત પણ કરી શકે છે. ભગવાને જીવને આપેલી મમતાથી જીવ " પ્રભુ મારા ભજનીય આશ્રય છે" એવી બ્રાહ્મિક મમતાનો ભાવ રાખીને પ્રભુને પણ પોતાના માની શકે. અહંતા – મમતાનો આવો સદુપયોગ કરવાના સ્થાને જે જગતને ભગવાને પોતાની ક્રીડા માટે બનાવ્યું છે તે જગત્ માટે જીવો " હું – મારું – તારું " કરવા લાગી જાય છે. તે આવો વિપર્યય માયાને કારણે જ થાય છે. જે જીવોને ભગવાને પોતાની પુષ્ટિક્રીડાને અનુરૂપ થવા માટે પ્રકટ કર્યા તે જીવો પણ પોતાની માયિક અહંતા – મમતાને કારણે પ્રભુની પુષ્ટિલીલાને અનુરૂપ થવાને ઠેકાણે પ્રવાહિ – લીલામાં સંડોવાયેલા હોવાથી પોતે જ જગતમાં ક્રીડા કરતા હોય છે. માયાના પ્રભાવે પ્રકટ થતી અહંતા – મમતાના આવા દુરુપ્રયોગ દ્વારા પોતાનું અહિત કરતા જીવોને

તેમના સાચા કર્તવ્યનું ભાવ કરાવવા માટે અહંતા – મમતા – જન્ય સંસારને ' મિથ્યા ' 'અસત્ય' કે ' ભ્રમરૂપ' કહેવામાં આવતો હોય છે. (૬)

જગત એ પરમાત્માનું ક્રિડાસ્થાન છે. તે દુઃખરૂપ નથી. જગતના અલૌકિક સ્વરૂપને જાણીને પ્રત્યકે જીવાત્માએ આ જગતમાં પોત–પોતાના કર્તવ્યનું નિર્ધારણ કરવું જોઈએ.

## 4.5 શુદ્ધાદ્વૈત તત્ત્વમીમાંસાનું સમગ્રલક્ષી મૂલ્યાંકન :–

શ્રી વલ્લભાચાર્ય " શુદ્ધાદ્વૈત વેદાંત " ના પ્રણેતા ગણાય છે.

શુદ્ધાદ્વૈત

વેદાંતમાં ચાર પ્રમાણો સ્વીકારવામાં આવ્યાં છે. (૧) વેદ (૨) ગીતા (૩) બ્રહ્મસૂત્રો અને (૪) ભાગવત આ ચાર પ્રમાણોને આધારે શ્રી વલ્લભાચાર્યજીએ પોતાના તત્ત્વાર્શનની ઈમારત ચણી છે. શ્રી વલ્લભાર્ચાજીએ શ્રુતિવાકયોનું તેમજ અન્ય પ્રમાણ ગ્રંથોનું સમન્વયાત્મક વિશ્લેષણ કરી પોતાના " શુદ્ધાદ્વૈત વાદ" ને પ્રતિપાદિત કર્યો છે. શ્રી વલ્લભાચાર્યજીએ પોતાના જીવનમાં ભગવાનની આજ્ઞાનું પરિપાલન કરવા માટે ભારત વર્ષની ત્રણ વાર યાત્રા કરી પરમાત્માએ પોતાના ' ચિત્ ' અંશમાંથી અનેક જીવ પ્રકટ કર્યા છે. અગ્નિમાંથી વિસ્ફુલિંગ – તણખા નીકળે છે તેમ બ્રહ્મમાંથી જીવ છૂટા પડયા છે અને તેથી જીવએ બ્રહ્મનો અંશ છે. એ નિત્ય અને અણુ છે. એનામાં પરમાત્માના સત્ અને ચિત્ એ બે ધર્મ પ્રકટ રહેલા છે.

શ્રી વલ્લભાચાર્યના મતે જગત એ પરમાત્માની આત્મસૃષ્ટિ છે. અને પરબ્રહ્મ કૃષ્ણને પરમત વ તરીકે માને છે. તે આનંદમય છે, જેનો આનંદ માપી શકાય નહીં તેવો અગણિત છે. બ્રહ્મનું આધ્યાત્મિક સ્વરૂપ અક્ષર બ્રહ્મ છે. જેનો આનંદ પરિમિત અથવા મર્યાદિત છે. પરબ્રહ્મ કૃષ્ણ છે અને તેથી જ તેને સર્વોત્કૃષ્ટ પદાર્થ તરીકે સ્વીકારવામાં આવે છે.

પૃષ્ટિમાર્ગનાં ત્રણેય આયામો તત્ત્વદર્શન કર્તવ્ય નિર્ધારણ અને ભગવલ્લીલા ચિન્તનના અનેકવિદ્ય પ્રમેયોની બાબતમાં અનેક વિધ શંકા – આક્ષેપોનાં સમાધાન સાનો પૃષ્ટિમાર્ગના બ્રહ્મના ખ્યાલનું નિરૂપણ કરવામાં આવેલું છે. જગત વિષયક ખ્યાલો આપતાં જગત બ્રહ્માત્મક છે અને જગત બ્રહ્મનું કાર્ય છે. વળી બ્રહ્મ પોતે જ જગત કર્તા છે. બ્રહ્મ જ જગતનું કારણ છે. અને બ્રહ્મ જગતનું અભિન્નનિમિતોપાદન કારણ છે. તેમાં ઉપાદાન અને નિમિત કારણના ખ્યાલો સ્પષ્ટ કરવામાં આવેલા છે. કારણ વિશેની માહિતીનું મૂલ્યાંકાન સત્કારણતાવાદ અને સત્કારણતાવાદથી વિપરીત માન્યતાઓ ના ખૂલાસા આપીને વિકૃત પરિણામવાદ તથા અવિકૃતપરિણામ વાદનો ઊંડાણ પૂર્વકનો ખ્યાલ આપી જગત બ્રહ્મનું અવિકૃત પરિણામ છે. એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો છે.

અહીં બ્રહ્મ તત્ત્વના સંબંધમાં અભાવ નહીં પણ તિરોભાવ સાથે, ચતુર્વિધ ભાવોનું નિરાકારણ કરીને જગતની ઉત્પત્તિ સમજાવવા ઉત્પત્તિ નહીં પણ

આવિર્ભાવ શબ્દ પ્રયોગ કરીને અસત્કાર્યવાદ અને સત્કાર્યવાદનો વિશેષ રૂપે નિરૂપણ કરવામાં આવેલું છે.

માયાનો સિદ્ધાંત સમજાવવા વ્યામોહિકા માયાનો અર્થ આપીને માયાના વિવિધ કાર્યો દર્શાવવામાં આવેલાં છે. વ્યામોહનની પ્રક્રિયા દ્વારા માયાનો વિશેષરૂપમાં રજૂઆત થયેલી જોવા મળે છે.

જીવાત્માનો ખ્યાલ આપીનેજીવ સૃષ્ટિ પ્રયોજન, જીવોનો આવિર્ભાવ અને જીવાત્મા બ્રહ્માંશ જ છે તેમ જણાવીને જીવ અણુરૂપ છે. જીવાત્મા અને જડજગત્ બ્રહ્મથી અભિન્ન છે. તેમ જણાવી જીવાત્માની ત્રણ અવસ્થાઓનો વિચાર વિસ્તાર થયેલો જોવા મળે છે. જીવાત્માના સાક્ષાત્કારનો ખ્યાલ સ્પષ્ટ કરતાં જીવનાં ગુણોનું વર્ણન પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ખાસ આ સંશોધનમાં મૂળતત્ત્વ એવા બ્રહ્મનું જ નિરૂપણ વર્ણ્ય વિષય હોવાથી પરતત્ત્વ બ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી કૃષ્ણને પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપે સ્વીકારીને તે બ્રહ્મનું સ્વરૂપ સચ્ચિદાનંદ છે. વળી તે જ બ્રહ્મ સૃષ્ટિનો સર્જક – પાલક – સંહારક છે એમ જણાવીને સર્વવ્યાપિતત્ત્વ બ્રહ્મ સ્થાન, સમ અને વસ્તુ એટલે કે દૈશિક પરિચ્છેદ રહિત, કાલકપરિચ્છે અને સ્વરૂપકૃત પરિચ્છેદ રહિત બ્રહ્મનો નિર્દેશ કરવામાં આવ્યો છે. આ બ્રહ્મ તે સર્વવ્યાપી સર્વાત્મક હોવાથી ત્રિવિધ ભેદવર્જિત મનાયો છે. તેમાં સજાતીયભેદ, વિજાતીયભેદ અને સ્વગતભેદ સંભવતા નથી. વળી આ બ્રહ્મ અનેક દિવ્ય ગુણધર્મોથી પરિપૂર્ણ માનવામાં આવે છે. જેમકે શુદ્ધાદ્વૈતના બ્રહ્મ સાકાર, અત્યય, સર્વસમર્થ, કર્તુ સમધર્મક અકર્તુ સમર્થ, અન્યથાકર્તુ સમર્થ, સ્વતંત્ર સર્વેશ્વર, સર્વજ્ઞ, નિર્ગુણ, સર્વાધાર, સર્વવિલક્ષણ, અભિન્નનિમિતોપાદાન અને કર્મફળપ્રદાતા તરીકેનું નિરૂપણ જોવા મળે છે.

પરબ્રહ્મ શ્રી કૃષ્ણને અક્ષર બ્રહ્મ પણ મનાયો છે. વળી આ અક્ષરબ્રહ્મનો પરબ્રહ્મ સાથેનો સંબંધ સ્થાપિત કરવા ધર્મ – ધર્મિ – સંબંધ અને ધામ – ધામિસંબંધની રજૂઆત કરી નિરાકાર બ્રહ્મનું વર્ણન કરેલું જોવા મળે છે. વળી આ બ્રહ્મ સાકાર શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું નિરૂપણ વિસ્તાર પૂર્વક કરવામાં આવેલું છે.

આમ શ્રી વલ્લભાચાર્યજીના સિદ્ધાંતો અને તેમનું તત્ત્વદર્શન દુનિયામાં અન્ય દર્શનોથી વિલક્ષણ અને વિશિષ્ટ છે અને સાંપ્રત સમયમાં દેશ – કાળની પરિસ્થિતિને અનુલક્ષીને તેમણે પ્રતિપાદિત કરેલ પૃષ્ટિભકિતમાર્ગ દ્વારા જીવાત્મા, પરમસુખ, શાંતિ અને શાશ્વત આનંદ પ્રાપ્ત કરવા માટે સૌભાગ્યશાળી બને છે.

પ્રસ્તુત સંશોધનનું સમગ્રતાલક્ષી મૂલ્યાંકન માટે બ્રહ્મસૂત્રોમાં અંતિમ સત્તાના સ્વરૂપનું નિરૂપણ કરવા માટે બ્રહ્મ સૂત્રોનું તત્ત્વવિજ્ઞાન સમજાવવામાં આવ્યું છે અને વિવિધ ઉપનિષદોમાં બ્રહ્મના નિરૂપણનો ખ્યાલ

આપવામાં આવ્યો છે. બ્રહ્મસૂત્રના વિવિધ ભાષ્યો અને તેનાં અર્થ ઘટનો આપવામાં આવેલ છે. વિવિધ આચાર્યોના વાદોમાં શાંકર વેદાંતનો બ્રહ્મનો ખ્યાલ તુલનાત્મક અધ્યયન દ્વારા આપેલ છે.

બ્રહ્મનું સ્વરૂપ સમજાવવા તેનું તટસ્થ લક્ષણ અને બ્રહ્મ નિરાકાર અને નિર્ગુણ સાથે સાથે બ્રહ્મ ત્રિવિધભેદ પરિચ્છેદ રહિત છે. તેમ જણાવીને રામાનુજાચાર્યના ચિંતનમાં બ્રહ્મનું વર્ણન કરીને બ્રહ્મ ચિત્, અચિત્ વિશિષ્ટ તરીકે રજૂ કરેલ છે. બ્રહ્મના જગત સાથેના સંબંધનું વર્ણન કરતાં અંશ અંશી સંબંધ તથા બ્રહ્મ જગત સાથે શરીર અને શરીરી સંબંધ ધરાવે છે તેમ જણાવી આંગીક સંબંધ રજૂ થયેલો છે. વેદાંતનાં અન્ય સંપ્રદાયોનું સંક્ષિપ્ત નિરૂપણ દ્વારા વલ્લભવેદાંન્તનો સારગ્રાહી પરિચય આપવા માટે શુદ્ધાદ્વૈતનો સિદ્ધંત સમજાવવા માયા, જગત અને બ્રહ્મનું નિરૂપણ વલ્લભવેદાંતમાં રજૂ થયેલા બ્રહ્મના સ્વરૂપ અને લક્ષણો વડે રજૂ કરીને કાર્ય કારણ ભાવ દ્વારા વિવર્ત, બ્રહ્મ પરિણામવાદ અને પ્રકૃતિ પરિણામવાદની સાથે સાથે સતકાર્યવાદ અને અસત કાર્યવાદ દ્વારા અવિદત પરિણામ રજૂ થયેલ છે. જેમાં બ્રહ્મ ત્રિવિધ ભેદ અને પરિચ્છેદ રહિત બતાવીને બ્રહ્મનું સ્વરૂપ સત્, ચિત્ આનંદ સ્વરૂપ છે વળી બ્રહ્મ અભિન્નનિમિતોપાદાન કારણ છે એવું વર્ણન બ્રહ્મ શુદ્ધ અંતિમ સત્તાનું સત્તામિમાંશકીય અને તત્ત્વમીમાંશાકીય અને જ્ઞાનમીમાંસા દ્વારા બ્રહ્મની સર્વજ્ઞતા, સર્વવ્યાપકતા અને સર્વશકિતમાન પણાનો નિર્દેશ કરવાનો વિનમ્ર પ્રયાસ કરવામાં આવેલો છે.

## 4.6 ઉપસંહાર :–

વલ્લભવેદાન્તનો તત્ત્વવિજ્ઞાનિય રીતે સારગ્રાહી પરિચય આપતાં

તેમાં મુખ્યત્વે શુદ્ધાદ્વૈતવાદ એટલે શું ? શુદ્ધાદ્વૈતવાદ અન્ય આચાર્યોના વાદથી કઈ બાબતમાં ભિન્ન તરી આવે છે. તે અને અન્ય આચાર્યો કરતાં વલ્લભાચાર્ય બ્રહ્મના

સ્વરૂપ અને બ્રહ્મના લક્ષણો વિષે પોતાનું ચિંતન કેવી રીતે રજૂ કરે છે. વળી પોતાના વિચારોનું યોગ્ય પ્રમાણો દ્વારા યથાર્થતાની સાબિતી પણ આપે છે. અહીં શુદ્ધાદ્વૈતવાદમાં માયા વિષેનો ખ્યાલ શંકર અને રામાનુજ વગેરે અન્ય આચાર્યોથી વિવિધ રીતે અલગ તરી આવે છે. વળી જગતની ઉત્પત્તિનું કારણ બ્રહ્મ છે. તે બ્રહ્મ અભિન્ન નિમિત્તોપાદાન કારણ માનેલું છે અને માયા, જગત તથા તેમનો બ્રહ્મ સાથેનો તાદાત્મ્ય સંબંધનું નિરૂપણ કરવું તે વલ્લભ વેદાંતની આગવી શૈલીનું નિરૂપણ કરે છે.

શ્રી વલ્લભાચાર્યજી પહેલાંના આચાર્યો વિશેષતઃ શંકરાચાર્યે વેદ– બ્રહ્મસૂત્ર અને ગીતાને પ્રસ્થાનત્રયીના રૂપમાં સ્વીકારી તેના ઉપર ભાષ્યની રચના કરી છે. એ જ ત્રણ પ્રમાણોના આધારે પોતપોતાની વિચારધારાઓની રજૂઆત કરી ' વિશિષ્ટાદ્વૈતવાદ' – દ્વૈતવાદ વગેરેને પ્રતિપાદિત કર્યા છે. શ્રી વલ્લભાચાર્યજીએ શ્રુતિ વાકયોનું તેમજ અન્ય પ્રમાણગ્રંથોનું સમન્વયાત્મક વિશ્લેષણ કરી પોતાના ' શુદ્ધાદ્વૈતવાદ' ને પ્રતિપાદિત કર્યો છે. ભાગવતને ચતુર્થ પ્રમાણરૂપ સ્વીકારી તેના આધારે અન્ય પ્રમાણગ્રંથોનાં વિરોધાભાસી કથનોનાં યથાર્થ સ્પષ્ટીકરણ તેમણે કરેલાં છે. તેમના ત્રણ ગ્રંથો અણુભાષ્ય, તત્ત્વદીપનિબંધ અને સુબોધિનીમાં બ્રહ્મસૂત્રો અને ગીતાનાં રહસ્ય તેમજ ભાગવતના ગૂઢાર્થને સ્પષ્ટ કર્યા છે. તેમણે જૈમિનિ સૂત્ર ભાષ્ય પણ રચ્યું છે અને સમગ્ર વેદનું તાત્પર્ય ભગવાનમાં છે એમ દર્શાવ્યું છે.

આમા શુદ્ધાદ્વૈત વેદાંત નો સારગ્રાહી પરિચય એ સર્વથા યથાર્થ અને સ્તુત્ય તથા ભકિત સભર છે એ સર્વ જીવોના કલ્યાણ અર્થે જ્ઞાનકાંડ ભકિત પરક છે.

# સંદર્ભો


(1) **શુદ્ધાદ્વૈત વેદાંત, સંકલન અને આલેખન શ્રી જયેન્દ્ર સોની પ્રથમ આવૃતિ** 2006
**પૃ.** 125 – 132

(2) **શુદ્ધાદ્વૈત વેદાંત, પ્રકાશક શ્રીમતી ભાગીરથી ચેરિટેબલ ટ્રસ્ટ મુંબઈ પૃ.** 133 – 135

(3) **પ્રમેયરત્ન સંગ્રહ, ગોસ્વામી શ્રીશરદ્ શ્રી અનિરુદ્ધલાલજી પ્રથમ આવૃતિ** 1999
**પૃ.** 63-65

(4) **બ્રહ્મસૂત્રાણુભાષ્ય પ્રથમ ખંડની પ્રસ્તાવના લે. ગોસ્વામી શ્યામમનો હરજી**
**પૃ.** 5 – 6

(5) **પ્રસ્થાનરત્નાકર, ગોસ્વામી શ્રી પુરુષોત્તમજી પ્રથમ આવૃતિ પૃ.** 14 – 16

(6) **પ્રમેયરત્ન સંગ્રહ, ગોસ્વામી શ્રી શરદ્ શ્રી અનિરુદ્ધલાલજી પ્રથમ આવૃતિ** 1999 **પૃ.** 26 - 34

# પ્રકરણ : 5

# અવિકૃત પરિણામવાદ આવિર્ભાવ તિરોભાવ સિદ્ધાંત અને બ્રહ્મવાદ

5.1 **પ્રસ્તાવના**

5.2 **કાર્યકારણનો સિદ્ધાંત, સત્ કાર્યવાદ અને અસત્ કાર્યવાદ**

5.3 **વિવર્તવાદ, બ્રહ્મ પરિણામવાદ અને પ્રકૃતિ પરિણામવાદ**

5.4 **અવિદત પરિણામવાદ**

5.5 **લીલા સિદ્ધાંત અને નીવિદત પરિણામવાદ**

5.6 **આવિર્ભાવ તિરોધાનનો સિદ્ધાંત અને અવિકૃત પરિણામવાદ**

5.7 **બ્રહ્મવાદ અને તેની તત્ત્વમીમાંસાકીય સ્થિતિ**

5.7.1 **બ્રહ્મ ત્રિવિધ ભેદ રહિત**

5.7.2 **બ્રહ્મ ત્રિવિધ પરિચ્છેદ રહિત**

5.7.3 **બ્રહ્મસત્, ચિત્ત આનંદ સ્વરૂપ**

5.7.4 **બ્રહ્મ અભિન્નીમિત્તોપાદાન કારણ**

5.7.5 **બ્રહ્મ શુદ્ધ અંતિમ તત્ત્વ તરીકે**

5.8 **ઉપસંહાર**

# પ્રકરણ : 5

# અવિકૃત પરિણામવાદ આવિર્ભાવ તિરોભાવ સિદ્ધાંત અને બ્રહ્મવાદ

## 5.1 પ્રસ્તાવના :–

બુધ્ધિમાં ઉત્પન્ન થયેલા માયિક વિષયોને ' વિષયતા ' કહેવામાં આવે છે. જગત્‌માં રહેલા પદાર્થો કે જેનું જ્ઞાન ઈન્દ્રિયો વડે આપણને થાય છે, તેઓ ઈન્દ્રિયજ્ઞાનના વિષય હોવાને કારણે ' વિષય ' કહેવામાં આવે છે. માયાને કારણે જીવની બુદ્ધિમાં વિષયતા એટલે જગતના વિષયો જેવા જ માયિક વિષયોનું સર્જન કરીને તે વિષયતાનો પ્રક્ષેપ જગત્‌ના વિષયો ઉપર કરે છે. આ કારણે જોનારને જગતના વિષયોનો શુદ્ધ અનુભવ થવાને ઠેકાણે વિષયતા – મિશ્રિત વિષયનો અનુભવ થવા લાગે છે. આ અનુભવમાં વિષયનો અનુભવ તો યથાર્થ જ હોય છે પરંતુ વિષયતાનો અનુભવ માયાજન્ય હોવાથી અસત્ય હોય છે.

આમ માયા વિષયતારૂપ હોવાને કારણે અવાસ્તવિક – અસત્ય હોય છે. આથી વિષયતાનો અનુભવ એ આપણો ભ્રમ હોય છે. અહીં એક વાત ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ કે માયા જીવની બુધ્ધિમાં જ વિષયતાને ઉત્પન્ન કરતી હોય છે. જગત્‌ના વિષયો સાથે માયા કોઈપણ પ્રકારની છેડ – છાડ કરતી નથી. કારણ કે જગત્ તો બ્રહ્મે બનાવ્યું હોય છે. આથી જ વિષયની માત્ર અનુભૂતિ જ અવાસ્તવિકરૂપે થતી હોય છે. માયાના ધર્મો જીવની માત્ર બુધ્ધિને જ પ્રભાવિત કરતા હોય છે. તે ધર્મો વિષય – જગત્‌માં પ્રવેશતા ન હોવાથી જગત્ અવાસ્તવિક થઈ જતું નથી.

પ્રસ્તુત પ્રકરણમાં આપણે અવિકૃત પરિણામવાદ અને આવિર્ભાવ તિરોભાવ સિદ્ધાંતના ખ્યાલની સાથે બ્રહ્મવાદની તુલના માટે કાર્ય કારણનો સિદ્ધાંત સમજાવવા અને તેના યોગ્ય ખુલાસા આપવા માટે આપણે

સત્કાર્યવાદ અને અસત્ કાર્યવાદના ખ્યાલનું નિરૂપણ કરીશું. ત્યાર પછી વિવર્ત એટલે શું ? તેનો અર્થ સ્પષ્ટ કરી વિવર્તવાદ અને બ્રહ્મ પરિણામવાદ તથા પ્રકૃતિ પરિણામવાદની સંકલ્પનાનો ખ્યાલ મેળવીશું. તે ઉપરાંત અવિકૃત પરિણામવાદ કે અવિકૃત પરિણામવાદનું વિશ્લેષણ તથા

લીલા અંગેનો સિદ્ધાંત અને નીવિદત પરિણામવાદની સાથે આવિર્ભાવ તિરોધાનનો સિદ્ધાંત અને અવિકૃત પરિણામવાદની ચર્ચા કરીશું.

બ્રહ્મવાદ અને તેની તત્ત્વમીમાંસાકીય સ્થિતિનો ખ્યાલ આપીને બ્રહ્મ અને બ્રહ્મનાં ગુણો કે લક્ષણો આપી બ્રહ્મ ત્રિવિધ ભેદ રહિત છે. અને શા માટે બ્રહ્મ ત્રિવિધ ભેદ રહિત છે તેની સ્પષ્ટતા કરીને બ્રહ્મ મૂળે સચ્ચિદાનંદ સ્વરૂપ છે એટલે કે બ્રહ્મ સત્, ચિત્ આનંદ સ્વરૂપ છે. બ્રહ્મ સમગ્ર જગતનું અભિન્ન નિમિતોપાદાન કારણ છે તેની સાથે બ્રહ્મનો જગત સાથેનો સંબંધ તથા બ્રહ્મનો જીવાત્મા સાથેનો સંબંધ સ્પષ્ટ થયા બાદ બ્રહ્મ શુદ્ધ અંતિમ તત્ત્વ તરીકેનું નિરૂપણ આપીને સમિક્ષાત્મક મૂલ્યાંકન અને સારાંશ રૂપ ઉપસંહાર દ્વારા સમાપન કાર્ય કરીશું.

## 5.2 કાર્યકારણનો સિદ્ધાંત સતકાર્યવાદ અને અસત્કાર્યવાદ

❖ કાર્ય–કારણ સંબંધી વિચાર :–

કાર્ય કારણ સંબંધી અંગેનો પ્રશ્ન બહુ જુની છે. આ અંગે દર્શનકારોએ પોતાના વિવિધ દષ્ટિકોણો રજૂ કર્યા છે 'કારણ' એટલે શું ? 'કાર્ય' કોને કહેવાય ? કાર્ય અને કારણ વચ્ચેનો સંબંધ કેવા પ્રકારનો છે ? વગેરે પ્રશ્નોની વિગતે ચર્ચા ભારતીય દર્શનમાં મહત્વની છે. ન્યાય વૈશેષિક દર્શનના સંદર્ભમાં આપણે આ પ્રશ્નો ચર્ચા અહીં કરી શું

❖ 'કારણ' એટલે શું ? :–

તત્ત્વનું  સ્વરૂપ બરાબર સમજવા માટે 'કારણ'ની યોગ્ય વ્યાખ્યા બરાબર સમજવી જરૂરી છે. ન્યાય મત મુજબ કારણ એટલે જે નિયમિત રીતે કાર્યની પહેલા બને, અને જે કાર્યને ઉત્પન્ન કરવા માટે જરૂરી છે તે કાર્ય કારણ સંબંધ પારસ્પરિક છે. કારણ વગર કદાપિ કાર્ય ઉત્પન્ન થઈ શકે નહિ. કારણ એટલે કાર્યની ઉત્પતિને માટે આવશ્યક હોય એવી વસ્તું જે કાર્યની ઉત્પતિ પૂર્વ હોવી જ જોઈએ ન્યાય વૈશેષિક દર્શન કારણ બહુત્વનો સ્વીકાર કરતુ નથી.

❖ **કારણની વિશેષતાઓ :–**

કારણએ નિયત, પૂર્વવર્તી અને અનન્યથાસિદ્ધ હોવું જોઈએ.

(૧) કારણ પૂર્વવર્તી Anteedent હોવું જોઈએ. મતલબ કે તે હંમેશા કાર્યની પહેલા આવવુ જોઈએ. પરંતુ કાર્યની પહેલા આવતા બધા કારણોને સાચા અર્થમાં કારણ કહી શકાય નહિ. આ મુશ્કેલી દૂર કરવા ' માટે પૂર્વર્તીના બે પ્રકાર સમજવા જરૂરી છે.

૧. નિયત પૂર્વવર્તી

૨. અનિયત પૂર્વવર્તી

નિયત પૂર્વવર્તી એ કહેવાય જે અમુક વિશેષ ઘટનાની હંમેશા (નિરંતર) પહેલા આવે છે. ઉદા. વરસાદ આવતા પહેલા ઘટાટોપ વાદળો ચઢી આવે છે.

અનિયત પૂર્વવર્તી તેને કહેવાય જે બનાવની પહેલા કોઈવાર આવે અને કોઈ વાર નહિ. ઉદા. વરસાદ આવતા પહેલા બાળકો ચીચીયારી કરતા હોય છે. આના પરથી એમ ન કહી શકાય કે જયારે જયારે ચીચીયારી કરે ત્યારે વર્ષા આવે છે, અથવા તો કોઈવાર વર્ષા આવે છે. ત્યારે બાકળો ચીચીયારી કરતા જણાતા નથી. એમ પણ જોવા મળે છે. અથવા ચીચયારી કરતા હોય પણ વર્ષા ન આવે એમ પણ  બને આમ ન્યાયના મતે કારણ નિયત અને પૂર્વવર્તી હોવું જરૂરી છે.

(૨) કારણની એક બીજી વિશેષતાએ છે કે તે ઉપાધિ કે Unconditional હોવું જોઈએ. મતલબ કે કારણ એ કોઈ પણ પ્રકારની પૂર્વ શરત વિનાનુ યા સ્વતંત્ર હોવુ જોઈએ આપણે એમ દલીલ કરીએ કે રાત્રિ થવાનું કારણ દિવસ છે, અને દિવસ થવાનું કારણ રાત્રિ છે. તો તે બરાબર નથી; કારણ કે અહીં આપણે રાત્રિ અને દિવસ થવા પાછળની જે એક મહત્વની શરત છે તેની પાછળ ધ્યાન આપતા નથી : અને તે છે. પૃથ્વીનું સૂર્યની આસપાસ ફરવું. આવી ભૂલ ન થાય તે માટે કારણ અનૌપચારિકા હોવું જોઈએ એમ કહ્યુ છે.

(૩) કારણની એક ત્રીજી વિશેષતા પણ છે અને તે છે તે તેની તાત્કાલિકતા જે પૂર્વવર્તી ઘટના કાર્યની બરાબર પહેલા ન કહેવાય.

દા.ત. ભારતના વર્તમાન પતનનું ભૂતકાળમાં મોગલોએ કરેલા અત્યાચારો તે ગણાવી શકાય.

આમ આપણે ઉપર જોઈ ગયા કે કારણ એને કહેવાય કે જે નિયત, પૂર્વવર્તી, અનૌપચારિક (અનન્ય પાસિધ્ધ) તેમજ તાત્કાલિક હોવુ જોઈએ પ્રાશ્ચાત તાર્કિકો મિલ વગેરે પણ કારણની આ પ્રકારની વ્યાખ્યા આપે છે. (૧)

અમુક પ્રકારના કારણ ધ્વારા અમુક પ્રકારનુ જ કાર્ય નીપજે છે. (દા.ત. તેલીબીયામાંથી તેલ નિપજે છે, પણ રેતીમાંથી નીકળતું નથી.) માટે કારણ બહત્વને અહીં સ્થાન નથી. એક જ કાર્ય અનેક કારણોથી ન નીપજી શકે દરેક કાર્યને પોતાનું વિશિષ્ટ અને આગવું કારણ હોય છે. પ્રાશ્ચાત્ય તર્કશાસ્ત્રની જેમ ન્યાયદર્શનમાં પણ કારણને (ભાવાત્મક) તેમજ 'અભાવાત્મક' કારણ સમગ્રઓ (શરતો) નો સરવાળો માનેલ છે. કાર્યકારણની પ્રક્રિયામાં શકિતની ફરીથી વહેંચણી થાય છે.

ઉદા. માટી કારણ છે. અને ઘડો કાર્ય છે. પણ ઘડો બનાવતી વખતે ચાકડામાંથી નીકળતો અવાજ એ ઘડાનું કારણ નથી. ઉપર જોવું તેમ દિવસ રાત બળવાનું કારણ સૂર્ય, પૃથ્વીનું ફરવું વગેરે છે ઘડો બનાવવા ચાકડો હોય છે, જેના કારણમાં લાકડી ભરાવીને કુંભાર ચાકડો ઘૂમાવે છે. અહીં લાકડીનો રંગ એ ચાકડાનું કારણ નથી. અથવા તો કોઈ દૂરની બાબતો જેવી કે ઘડો બનાવનાર કુંભારના મા–બાપ (કારણ કે તે હતા ત્યારે જ કુંભાર અસ્તિત્વના આવ્યો છે.) તે પણ ઘડાનું કારણ નથી. વળી અન્ય બિન જરૂરી ચીજો જોવી કે કુંભારનો ગધેડો, કે તે ચાકડાની આસપાસ રમતા તેના છોકરા, દૂર ઉભેલી કુંભારની સ્ત્રી વગેરે ને કારણ ન ગણી શકાય કારણ કે તેની ગેરહાજરીમાં પણ કુંભાર માટી લાવી ઘડો બનાવી શકયો હોત.

## કારણના પ્રકારો :–

કોઈપણ કાર્યની ઉત્પતિમાં દિક્, કાળ, ઈશ્વરીય ઈચ્છા તથા અદષ્ટ વગેરે સર્વ સામાન્ય કારણો ઉપરાંત સમવાપી અસમવાપી અને નિમિત એમ ત્રણ કારણો નૈયાયિકોએ માન્યા છે. અમુક વિશેષ ઘટના બનવામાં સાધારણ, દિક્ કાળ આદિની ચર્ચા કરવામાં આવતી નથી, કારણ કે તે કાર્ય વિશેષનું કારણ બનવામાં અન્યથા સિધ્ધ છે. ન્યાય વૈશેષિકનો કારણવાદ અવયવ અવયવીના ભેદના સિધ્ધાંત પર આધારિત છે. કારણરૂપ તેનું એ અવયવ છે, જેનાં પર (વસ્ત્ર) નામક કાર્ય અવયવી રૂપે રહે છે, આને સમવાય સંબંધ
કહે છે. આ અવયવી તેના અવયવોથી સર્વથા ભિન્ન વસ્તુ છે. અર્થાત્ કાર્ય એ કારણથી સર્વથા ભિન્ન છે.

ન્યાય દર્શનમાં કારણના ત્રણ ભેદ માનેલા છે.

(૧) સમવાય

(૨) અસમવાયી

(૩) નિમિત્ત.

## (૧) સમવાયી કારણ :–

જે એકાદ મૂળભૂત તત્વમાંથી કાર્ય ઉત્પન્ન થાય છે તે તે કાર્યનું સમવાયી કારણ હોય છે. સમવાયી કારણ સામાન્યતઃ દ્રવ્ય જ હોય છે, દા.ત. પરંતુ સમવાયી કારણ તંતુઓ છે. માટીએ ઘડાનું સમવાયી કારણ છે. સોનાની ભૂળ ઘાતુએ સોનનું મૂળ સમવાયી કારણ છે. આકાર એ ગુણ છે. જે વસ્તુ સાથે સમવાય સંબંધથી જોડાય છે. માટે સમવાય સંબંધથી ઉત્પન્ન થનારા કાર્યનું કારણ તે (સમવાયી કારણે કહેવાય છે. સમવાયી કારણને ઉપાદાન કારણ પણ કહે છે ઉપાદાન કાર્યથી) કાર્ય જુદુ રહી શકે નહિ. સમવાયી કારણને કોઈ વારભૌતિકે આંતરિક કારણ પણ કહે છે.

## (૨) અસમવાયી કારણ :–

અસમવાયી કારણ એ ઉપાદાન કે સમવાયી કારણમાં રહે છે. અને કાર્યને પરિણામી બનાવવામાં મદદ કરે છે. કપડું એ કાર્ય છે. બંતુઓ એ કપડાંનું ઉપાદાન કારણ છે. પરંતુ તંતુ સંયોગએ કપડાનું અસમવાયી કારણ છે. ઉદા. સુથાર લાકડામાંથી અન્ય સાધનો વડ ટેબલ, ખુરશી વગેરે બનાવે છે. પરંતુ તેકોઈ લાકડાના પાટીયાં વગેરેને (જે ટેબલ, ખુરશી વગેરેનું સમવાયી કારણ છે) તેને ગમે તેમ અવ્યવસ્થિત ગોઠવી દેતો નથી તે કંઈક મનમાં વિચારીને વ્યવસ્થિત પણે લાકડાની પટ્ટીઓ વગેરેના વિશિષ્ટ સંયોગ દ્વારા ટેબલ, ખુરશી વગેરે બનાવે છે. આ વિશિષ્ટ પ્રકારનો સંયોગ તે 'અસમવાયી કારણે છે. ' કાર્ય પોતે અને અસમવાયી કારણ એમ બંન્ને ઉપાદાન કારણમાં સમવાય સંબંધથી રહે છે.

અસમવાયી કારણ હંમેશા ગુણ કે કાર્ય હોય છે અસમવાયી કારણને કઈવાર અભૌતિક કારણ પણ કહેવાય છે.

## (૩) નિમિત્ત કારણ :–

સમવાયી અને અસમવાયી એ બંન્ને પ્રકારના કારણોથી ભિન્ન હોય એવી જે પણ વસ્તુ ઉત્પત્ન થનારા કાર્યને માટે જરૂરી હોય તેને 'નિમિત્ત' કારણ કહેવામાં આવે છે. નિમિત્ત કારણ એ એક પ્રકારની શકિત છે. કે જે દ્વારા ઉપાદાન કારણમાંથી કાર્ય નીપજે છે. કપડું કાર્ય છે. પરંતુ તેને વણનાર વણકર એ નિમિત્ત કારણ છે. વણકરના ઓજારો વગેરે સહકારી કારણો છે. નિમિત્ત કારણ એ દ્રવ્ય કે ગુણ કે કર્મ હોઈ શકે છે. નિમિત્ત કારણ કાર્યને ઉત્પન્ન કરીને પછી તેનાથી પૃથક થઈ જાય છે. જયારે સમવાયી કે અસમવાયી કારણોની બાબતમાં આવુ બનતું નથી.

ઉપરના ત્રણે કારણોમાંથી પહેલા બે સમવાયી અને અસમવાયી કારણો કાર્ય ઉપ્પન્ન થયા પછી પણ અસ્તિત્વમાં રહેવા જોઈએ. પરંતુ ત્રીજા પ્રકારના કારણનું (નિમિત્ત કારણનું) પાછળથી અસ્તિત્વ ન રહે તો પણ કાર્યમાં કઈ ફેરફાર થતો નથી. ન્યાયદર્શનમાં આત્માએ જ્ઞાનનું સમવાયી કારણ છે. પૂર્વજ્ઞાનને લીધે બીજુ જ્ઞાન ઉત્પન્ન થાય છે. ત્યારે પૂર્વજ્ઞાનએ બીજા જ્ઞાનનું સમવાયી કારણ બને છે. અને જેવુ જ્ઞાન થાય છે. તે વસ્તુ જ્ઞાનનું ત્રીજા પ્રકાર એટલે નિમિત્ત કારણ છે એમ મનાય છે.

આ ઉપરાંત કારણના કોઈવાર 'સાધારણ' અને 'અસાધારણ' એવા બે ભાગ પાડવામાં આવે છે. સાધારણ કારણો કુલ આઠ માનેલ છે. જેમકે દિક્, કાળ, ઈશ્વરતા, ઈશ્વરેચ્છા, ધર્મ, અધર્મ, અભાવ, વિરોધી બળોની ગેરહાજરી વગેરે અસાધારણ કારણ અથવા 'કરણ'ને નિમિત્ત કારણમાં સમાવવામાં આવે છે. કાર્યને ઉત્પન્ન કરવામાં જે સૌથી વિશેષ ઉપકારક હોય તેને 'કરણ' કહેવાય છે. કરણ એ શકિત છે કે જે દ્વારા તરત જ કાર્ય નિપજે છે. ઉદા. ઘડો બનાવવામાં કુંભારને ચાકડો, લાકડી વગેરે.

ગ્રીક ચિંતક એરિસ્ટોટલ પણ ચાર જાતના કારણો ગણાવે છે. જેને તે નિમિત્ત કારણ, ઉપાદાન (સમવાયી કે દ્રવ્યકારણ) આકૃતિક (રૌપિક) કરાણ ને અંતિમ કારણ (હેતુ) એમ નામ આપે છે. (૨)

## :: નવધાભકિત

વિજ્ઞાનને ઉપાદાન અને નિમિત્ત કારણોની શોધમાં વિશેષ રસ છે. ન્યાય દર્શનમાં કરવામાં આવેલ આ કારણ સંબંધી વિચાર ગ્રીક દર્શનમાં કરવામાં આવેલ તદ્‌વિષયક કારણ વિચાર જોડે સામ્ય ધરાવે છે.

## 'કાર્ય' એટલે શું ?

ન્યાય મતે ક્રિયા થાય એ પહેલા કાર્ય હાજર હોતુ નથી ? કારણ સમાપ્ત થાય છે. અને અસર નવેસરથી ઉત્પન્ન થાય છે. કાર્યની વ્યાખ્યા 'પ્રાગ અભાવ પ્રતિયોગી' એમ આપેલ છે. કાર્ય પરિણામી બને છે. ત્યારે પ્રાગ અભાવનો (પ્રથમ જે વસ્તુ ન હોતી તેનો) નાશ કરે છે. કાર્ય નીપજયું બે પહેલા તેનો અભાવ હતો. કારણમાં તે હતુ નહિ. કાર્યએ નવીન ઉત્પત્ન થયેલું છે.

## ❖ કાર્યકારણવાદ

કાર્યકારણ સંબંધને લગતા વિવિધ મતો ભારતીય દર્શનમાં પ્રચલિત છે. બૌધ્ધ મતે કારણ અસત્ છે. અને કાર્ય સત્ છે. વેદાન્ત મતે કારણ સત્ત છે. અને કાર્ય અસત્ છે. ન્યાય તેમજ સાંખ્ય મત બંનેના મતે કારણ અને કાર્ય બંને સત્ત છે. પરંતુ બંનેલા તફાવતએ છે કે ન્યાય મત મુજબ ક્રિયા થાય તે પહેલ કાર્ય હાજર હોતુ નથી. જયારે સાંખ્ય મતે કાર્ય અને કારણ બંને સહ અસ્તિત્વ ધરાવે છે. કાર્ય કારણ સંબંધ વિષે આ બંન્ને દર્શનો (સાંખ્ય અને ન્યાય)માં મતભેદ હોઈ તેમના જગત ઉત્પતિ અંગેના સિધ્ધાંતો તેમજ તેમની તત્ત્વમીમાંસા ઉપર પણ તેની અસર થઈ છે, જેના પરિણામે બંન્ને દર્શનોની પોત–પોતાની વિશિષ્ટતા જણાઈ આવે છે.

## ❖ સત્કાર્યવાદ અને અસત્કાર્યવાદ

કાર્યએ પ્રથમથી જ કારણમાં રહેલું છે. અને કાર્ય કોઈ નવીન ઉત્પત્તિ નથી. પરંતુ મૂળમાં અવ્યકત રૂપે રહેલ તે વ્યકતરૂપે (કાર્ય) માં પરિણમે છે. કાર્ય તેમજ કારણ બંને સત્ત છે જે છે તેનો નાશ થઈ શકતો નથી. તેને કદી ઉત્પત્ન કરી શકાતુ નથી. (૩)

જો અસત્ત પણ ઉત્પન્ન કરી શકાતુ હોય તો સસલાને શિંગડુ પણ ઉત્પન્ન થઈ શકે આ મતને સત્ત કાર્યવાદ કહેવામાં આવે છે. સાંખ્યદર્શન સત્તકાર્યવાદી છે. આથી ઉલટો મત ન્યાયદર્શનનો છે જેને અસત્ત કાર્યવાદ અથવા આરંભવાદ કહેવામાં આવે છે. ન્યય મતે 'કાર્ય' એ પ્રથમથી જ કારણમાં અવ્યકતરૂપે રહેલું નથી. પરંતુ તે એક નવીન ઉત્પન્ન છે, આરંભ છે. ઉત્પન્ન એટલે જૂની વસ્તુમાંથી નવીન વસ્તુનું ઉત્પન્ન થવુ તે સાંખ્ય મતે ઉત્પન્ન એટલે વસ્તુના એક પાસામાંથી બીજા પાસાનો વિકાસ કે ઉત્કાતિ. બૌધ્ધ મતે વેદાન્ત મતે ઉત્પન્તિ તો માત્ર માનસિક ખ્યાલ જ છે. ક્રિયા કે પરિણામ તો માત્ર વિવર્ત (આભાસ) છે. યા માયા છે.

## ❖ ન્યાયદર્શનનો અસત્કાર્યવાદ :–

અસતકાર્યવાદની સ્થાપના અર્થે કેટલીક દલીલો કરે છે.

(૧) જો કાર્ય તેની ઉત્પત્તિ પૂર્વે કારણમાં રહેલું હોય તો પછી નિમિત્ત કારણની કશી જ જરૂર જ રહેતી નથી. માટીમાં ઘડો પ્રથમ જ રહેલો હોય તો કુંભાર કે તેના ઓજારોની જરૂર રહેતી નથી. પરંતુ આપણો અનુભવ તો તેમ કહે છે કે પ્રત્યેક કારણમાંથી કાર્ય નિર્માણ કરવા માટે નિમિત્ત કારણની જરૂર રહે છે. આથી સાબિત થાય છે. કે કાર્ય તેની ઉત્ત્પત્તિ પણ પહેલા કારણમાં નિહિત (રહેલુ) નથી.

(૨) જો કાર્ય તેની ઉત્પત્તિ પૂર્વે કારણમાં રહેલુ હોય તો કાર્યની ઉત્પત્તિ થયા બાદ 'આ ઉત્પન્ન થવું' 'કાર્ય ઉત્પન્ન થયું' વગેરે વિધાનો તદ્દન અર્થરહિત નીવડતી. પરંતુ આપણે જાણીએ છીએ કે આ પ્રકારના વાકય પ્રયોગ થાય છે તે સાબિત કરે છે કે કાર્ય ઉત્પત્તિ પહેલા કારણમાં રહેલ નથી. (અસત્)

(૩) જો કાર્ય તેની ઉત્પત્તિ પહેલા કારણમાં રહેલુ હોત તો કારણ અને કાર્ય વચ્ચે કોઈ ભેદ પાડવો મુશ્કેલ પડત. પરંતુ આપણો અનુભવ કહે છે કે કારણ અને કાર્ય બંને ભિન્ન છે. માટી અને ઘડો બંને એક નથી. બંનેમાં તફાવત સ્પષ્ટ છે. આમ કાર્યની સત્તા કારણમાં નથી.

(૪) જો કાર્ય વસ્તુતઃ કારણમાં રહેલુ હોય તો 'કારણ અને કાર્ય માટે એક જ શબ્દનો પ્રયોગ કરવામાં આવત. પરંતુ આપણે જાણીએ છીએ તેમ બંને માટે અલગ શબ્દ

પ્રયોગ કરવામાં આવે છે. તે બતાવી આપે છે કે કાર્ય કારણમાં અન્તર્ભૂત નથી,

(૫) જો કાર્ય અને કારણ વસ્તુત અભિન્ન હોય તો બંન્ને દ્વારા એક હેતુ સરવો જોઈએ. પરંતુ આપણે જોઈએ છીએ કે કાર્યનું પ્રયોજન કારણના પ્રયોજનથી ભિન્ન છે. માટીના ભનેલા ઘડામાં પાણી ભરી શકાય છે. પરંતુ સ્વયં માટીનો તે રીતે ઉપયોગ થઈ શકતો નથી. કપડું પહેરી શકાય છે. પરંતુ સૂતરના તાતણા પહેરી શકાતા નથી.

(૬) કાર્ય તથા કારણમાં આકારની પણ ભિન્નતા છે કાર્યનો આકાર કારણના આકારથી ભિન્ન હોય છે. આથી કાર્યનું નિર્માણ થઈ ગયા બાદ એમ માનવું પડે છે કે કાર્યના આકારનો કે જે કારણમાં અસત્ હતુ. તેનો પ્રાદુર્ભાવ થયો. પરંતુ આ રીતે અસત્માંથી સતની ઉત્પત્તિ થાય છે. એમ માનવુ મુશ્કેલ છે એનો વિરોધાભાસ થયો.

ન્યાય દ      ર્શન ઉપરાંત જૈન, બૌધ્ધ તથા પૂર્વમીમાંસા વગેરે દર્શનોએ પણ અસત્ત કાર્ય મીમાંસા સ્વીકારેલ છે.

ન્યાય માને છે કે કાર્ય અને કારણમાં સ્વભાવગત : સ્વગત ભેદ છે. કાર્ય એ કારણથી સર્વથા ભિન્ન હોઈ સર્વ ઉત્પન્ન થતા પહેલા કારણમાં તેનો પણભાવ છે; અને નારા થવા પછી તેનો ધ્વંસાભાવ છે. પરંતુ એ હકીકત સત્ય છે કે કાર્ય સમવાય સંબંધ દ્વારા હંમેશા કારણમાં હેતુ હોય છે. માટીની જે ઘડો ઉત્પન્ન થાય છે. એ માટીમાંથી અન્ય કોઈ વસ્તુમાંથી નહી. કાર્ય કારણ સંબંધને લગતી આ ચર્ચામાં જો કે મુખ્યત્વે ઉપાદાન (ભૌતિક) કારણને અંગે વિવાદ ઊભો થાય છે. કારણકાર્ય સંબંધ દર્શાવવા ન્યાય મત કોઈ વાર અભેદ સહિષ્ણું આવન્ત ભેદ એવો શબ્દ પ્રયોગ કરે છે. ન્યાયના કારણ વાદળી ટીકા સાંખ્ય કરે છે. જે આપણે સ્થાને ચર્ચીશું. ન્યાય દર્શનનો આમત વાસ્તવવાદી મત છે. તેમાં પ્રત્યક્ષને આધારે સમજૂતી આપવા વિશેષ પ્રયાસ થયો છે. ખરુ જોતા કારણ અને કાર્ય, એ પહેલ, અને પછી એમ અલગ અલગ બનનારી બે ઘટનાઓ નથી. તેમ સમયનું કોઈ તત્ત્વ નથી. તેમાં સમયનું કોઈ તત્ત્વ નથી; અને હોય તો તે ભૂમિતિ આછી પાતળી રેખા જેવું છે તેમ કહી શકાય. કારણ અને કાર્ય એક જ પ્રક્રિયાના બે પાસા છે. નૈયાયિકો તેમના અસત્તકાર્યવાદને લીધે કારણના વિકાસ કે પરિણામને માત્ર આભાસ ગણે છે. અને તેમને મત કાર્ય કારણ સંબંધ કૃત્રિમ બની જાય છે.

પં.સુખલાલજી તેમના 'ભારતીય તત્ત્વવિદ્યા' નામના પુસ્તકમાં આરંભવાદ (અસત્ કાર્યવાદ) ના લક્ષણો સંક્ષેપમાં આ પ્રમાણે ગણાવે છે.

(૧) પરસ્પર ભિન્ન એવા અનંત મૂળ કારણોનો સ્વીકાર

(૨) કાર્ય અને કારણનો આત્પન્તિક ભેદ

(૩) કારણ નિત્ય હોય કે અનિત્ય પણ કાર્યોત્પત્તિમાં એવું અપરિણામી રૂપે રહેવું (૪) અપૂર્વ અર્થાત્ ઉત્પત્તિ પહેલા અસત્ એવા કાર્યની ઉત્પત્તિ યા અલ્પકાલીન સત્તા(૪)

# 5.3 વિવર્તવાદ બ્રહ્મ પરિણામવાદ અને પ્રકૃતિ પરિણામવાદ

## કાર્ય – કારણભાવ :–

અદ્વૈત વેદાન્તમાં કાર્ય – કારણભાવની કૂટ સમસ્યા અને તેનો શકય ઉકેલ આ પ્રમાણે છે. કાર્ય–કારણભાવની વિચારણાએ તત્ત્વ ચિંતનનો પાયો છે. એ સિવાય તત્ત્વમીમાંસા ઉદય પામે જ નહિ. માણસ વ્યવસ્થિત પણે વિચાર કરતાં શીખ્યો ત્યારથી આ સમસ્યા તેને મૂંઝવતી રહી છે. દેશ–કાળની મર્યાદામાં બંધાયેલ આ જગતના મૂળ કારણ તથા સ્વરૂપ વિષે તેણે અનેક કલ્પનાઓ રજૂ કરી છે. (૫) અને અન્ય વિચારકો દ્વારા તેનું ખંડન પણ થતું રહ્યું છે. આમ ઉત્તરોત્તર આ વિચારણા વિકાસ પામતી રહી છે. કાર્ય કોને કહેવાય ? કારણ એટલે શું ? કારણ કેવું અને કેટલા પ્રકારનું હોઈ શકે ? વગેરે પ્રશ્નો અને એના શકય ઉત્તરો આપણે વેદકાળથી માંડી આજ પર્યંત અપાતા જોઈએ છીએ.

જગતમાં થતું નિરંતર પરિવર્તનની પાછળ રહેલું કોઈ ધ્રુવ તત્ત્વ કે જે અગમ્ય છે તે ખરું ? એકી સાથે બન્ને અનિત્ય અને નિત્ય તો ખરાં ન હોઈ શકે. બન્નેને સ્વીકારીએનો પણ બન્ને વચ્ચેનો શકય સંબંધ તો વિચારવો જ રહ્યો. ઉદાહરણ તરીકે કોઈ પણ એક ઘટનામાં अ કારણ છે અને તે પરિણામરૂપ ब બને છે. હવે આ अ અને ब બન્ને વચ્ચેનો સંબંધ કેવા પ્રકારનો માનવો ? જો બન્ને વચ્ચે તાદાત્મ્ય હોય તો કશું બન્યુ છે તેમ કહી શકાય ? અને બંન્ને વચ્ચે જો તદ્દન

ભિન્નતા હોય તો આપણે તેને કારણ અને કાર્ય એવું નામ જ કેમ આપી શકીએ ? અથવા તો પ્રથમ કશુંક હતું અને હવે તે બદલાયું છે એમ કેમ કહી શકાય ?

વળી પરિવર્તનને અંશત્ : તાદાત્મ્યરૂપ અને અંશતઃ ભિન્ન માનીએ તો પણ એથી કાંઈ મુશ્કેલીનું નિવારણ થતું નથી. કારણ કે બન્ને વચ્ચે તાદાત્મ્યનો ભાવ સ્વીકારીએ તો પરિવર્તન સમજાવી શકાતું નથી. અને બન્ને વચ્ચે ભિન્નતાનું તત્ત્વ માનીએ તો બન્ને વચ્ચે કશો સંબંધ જ સ્થાપી શકાતો નથી. આમ ભેદા–ભેદનો ખ્યાલ તો વદતોવ્યાઘાત બને છે. કદાચ વ્યાવહારિક જીવનમાં તે સ્વીકારી શકાતો હોય તો પણ તેને તાર્કિક રીતે સિદ્ધ કરવો મુશ્કેલ બને છે. કાર્યકારણ બન્ને હંમેશા સાથે જ હોય છે. આથી બન્ને યથાર્થ છે તેમ પણ માની શકાય નહિ. શંકરાચાર્યના મતે તાદાત્મ્ય સંબંધ એ કે જે કદાપિ બદલાય નહિ અને છતાં જે બદલાય છે તે તાદાત્મ્યમાં જ બદલાતું ભાસે છે. તો શું ફકત નિત્ય હોય તે જ બદલાય ? કાર્યકારણ ભાવમાં આ વિરોધાભાસ મૂળગત છે.

## કારણ અને કાર્યનું અનન્યત્વ :–

કારણ અને કાર્યનું અનન્યત્વ એટલે બ્રહ્મકારણમાં જ જગતકાર્યનું વ્યકત હોવાપણું બે જ રીતે શકય બને, કારણ કે એકી વખતે કારણ અને કાર્યની ભિન્ન એવી પ્રતીતિ તો અનુભવની વિરુદ્ધ છે. કાંતો કારણમાં દશ્ય થતું કાર્ય વસ્તુતા રહિત અને મિથ્યા હોય. અથવા કારણ પોતે દશ્ય એવા કાર્યરૂપે જ વાસ્તવિક રીતે બદલાઈ જતું હોય તો જ કારણકાર્યનું અનન્યત્વ અનુભવાય. પહેલો વાદ ઉપનિષદને માન્ય છે, કારણ કે કાર્યાત્મક વિકારોને શ્રુતિ 'વાળીના આશ્રયવાળું નામરૂપ માત્ર' જ છે એટલે કે વસ્તુના રહિત જ કહે છે.(૬) અને એ જ મત શંકરાચાર્ય સ્વીકારે છે.(૭) બીજો મત દ્વૈતવાદી સાંખ્યનો તેમ જ અદ્વૈતવાદી કહેવાતા રામાનુજાચાર્યનો છે. તેમાં સાંખ્યની પ્રકૃતિ અને રામાનુજનું એક બ્રહ્મકારણ વસ્તુતાએ કરીને કાર્યાત્મક જગતરૂપે પરિણમે છે. આ મત યુકિતહીન

છે. બ્રહ્મનું એમાં ઉપમર્દન થતાં, બ્રહ્મ અજર અને અમર મટી જાય છે અને આવું પરિણામ પામેલું જગત નાશવાન અનુભવીએ જ છીએ, છતાં એને કારણ જોડે જ સત્ય અવિનાશી માનવું પડે છે, અને વળી જગત સત્યરૂપ હોઈ એનું જ્ઞાન અબાધિત થતાં જ્ઞાનથી જ મુકિતનો પણ અસંભવ થાય છે, તેથી જ યોગમતમાં પણ સમ્યક્જ્ઞાન થતાં ચિત્તવૃત્તિઓનો નિરોધ થઈ સંયમ થવાથી પ્રકૃતિના ધર્મોની સૃષ્ટિ શમી જ જાય છે, એવો સ્વીકાર કર્યો છે. તે પ્રમાણે ધર્મોનાં પરિણામો વાસ્તવિક હોયતો શમે નહિ. ધર્મોના આવાં પરિણામો તેથી માયિક જ છે. એવો જ વેદાન્તનો તેમ જ યોગનો નિર્ણય યોગ્ય છે.

કાર્ય–કારણ ભાવનો સ્વીકાર બધાં જ દર્શનોમાં એક યા બીજા સ્વરૂપે કરવામાં આવ્યો છે. આંતર–બાહ્ય વિશ્વનું કારણ શું, તેનું સ્વરૂપ શું ? પુનર્જન્મ શું ? મોક્ષનું સ્વરૂપ શું ? તેના ઉપાયો કયા ? ઈત્યાદિ વ્યાવહારિક અને આધ્યાત્મિક વિષયોને લગતા પ્રશ્નોનો ઉત્તર આપવા દરેક દાર્શનિક પોતાના મતને અનુલક્ષી પ્રયત્ન કરે છે. આથી કાર્ય–કારણ ભાવ સંબંધમાં વિભિન્ન દાર્શનિકોનાં મંતવ્યો જુદાં પડે છે અને કાર્ય–કારણ સંબંધ પરત્વે મતભેદ હોવાને કારણે તેમના જગત–ઉત્પત્તિ વિષયક સિદ્ધાંતો તેમજ તત્ત્વમીમાંસા પર અસર પહોંચી છે.

## સત્કાર્યવાદ :–

ઉત્પન્ન થાય છે. ત્યારે જ કાર્ય વિદ્યમાન થાય છે; ઉત્પતિની પહેલાં તેનું અસ્તિત્વ નથી. મૂળ કારણને જે પરિણામિ નિત્ય માને છે તે કાર્યમાત્રમાં મૂળ કારણના અંશોનો વાસ્તવિક પુરવઠો યા અસ્તિત્વ સ્વીકારે છે. એટલે તેઓ સત્કાર્યવાદી કહેવાય છે. કાર્ય કારણની અંદર પ્રથમથી જ સમાયેલું હોય છે.(૮) એમ સત્કાર્યવાદીઓ એટલે કે સાંખ્ય તથા વેદાન્ત નિરૂપે છે. કોઈ અસત્ અથવા શૂન્યમાંથી નવી ઉત્પન્ન થતી નથી, એટલે વસ્તુ 'ઉત્પન્ન થઈ' એમ

કહેવાય નહિ. તે વસ્તુ તેના ઉપાદાન કારણ Material cause ની અંદર તો હયાત હોય છે. જેમ કે ઘડો અને મુગટ અનુક્રમે માટી અને સોનાની અંદર તો મોજૂદ હોય જ છે. તે કાંઈ નવા 'ઉત્પન્ન' થતાં નથી. પરંતુ માટી અને સોનાની અંદરથી જ અર્થાત્ તેના કારણમાંથી જ જુદાં જુદાં ઘાટ રૂપે 'પ્રગટ' થાય છે. ને કયારેક તે જ કારણમાં વિલીન થઈને અદશ્ય થઈજાય છે. એટલે ખરું જોતાં એમ કહેવું જોઈએ કે ઘટ અને મુગટનો – અર્થાત્ કાર્યનો આવિર્ભાવ અને તિરોભાવ થાય છે. અર્થાત્ કાર્ય તેના મૂળ ધાતુ (કારણ) માં સમાઈ ગયેલ હોઈ કાર્યરૂપે દેખાતું નથી. વર્તમાન સ્થિતિમાં તેની માત્ર અભિવ્યકિત થાય છે. કાર્ય નિત્ય છે અને ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ તેની જુદી જુદી અવસ્થાઓ છે. સત્નો કદી અભાવ નથી એમ ગીતા કહે છે તેમાં પણ આ સત્ કાર્યવાદ રહેલો છે. સાંખ્ય અને પરિણામવાદી વેદાન્ત આ વાદનો સ્વીકાર કરે છે. વસ્તુતઃ તો અસત્માંથી સત્ નથી થતું અસત્માંથી અસત્ થાય એમ કહેવું તદ્દન અર્થહીન અને સતમાંથી સત્ પણ થાય છે એમ કહી શકાતું નથી, એટલે જે સત્ છે તે જ છે.(૯) અન્ય કાંઈ જ નથી.

આમ કાર્ય અને કારણ વચ્ચે કોઈ સંબંધ સ્થાપવો શકય નથી. જયાં દ્વૈત હોય ત્યાં કાર્ય– કારણનો વિચાર બની શકે છે, પણ અદ્વૈતમાં તે બનતો નથી. (૧૦)

## ❖ અદ્વૈત વેદાન્તનો વિવર્તવાદ :–

સાંખ્ય દર્શનનો સત્કાર્યવાદ છે. અહીં હવે આપણે એમ બતાવવા પ્રયત્ન કરશું કે અદ્વૈત વેદાન્તમાં પણ સત્કાર્યવાદ છે પરંતુ તે ભિન્ન અર્થમાં સમજવાનો છે. 'કાર્યોનું કારણ વાસ્તવિક અસ્તિત્વ એ એક અર્થ અને મૂળ કારણમાં કાર્યોનું શકિતરૂપે અસ્તિત્વ એ એનો બીજો અર્થ શંકરાચાર્ય જેવા અદ્વૈતવાદી પણ સત્કાર્યવાદી છે, પણ તે જુદા અર્થમાં સત્કાર્યવાદનું મંડાણ આચાર્ય શંકર નીચેની દલીલો દ્વારા કરે છે

કોઈપણ એક કાર્ય તથા તેના ઉપાદાન કારણ વચ્ચે શો સંબંધ હોય છે તેની સૂક્ષ્મ તપાસ કરવાથી જણાય છે. કે કાર્ય એ કારણથી ભિન્ન વસ્તુ નથી.(૧૧) કારણથી જુદું કાર્ય સો વર્ષે નકકી કરવું શકય નથી. માટીનું વાસણ માટી સિવાય અન્ય કશું નથી. સોનાનું ઘરેણું માત્ર સોનું જ છે. નામ – રૂપ જુદાં છે એટલું જ વળી કાર્ય તેના ઉપાદાન કારણથી અવિચ્છે છે. કાર્ય તેના વગર હસ્તી ધરાવી શકે નહિ. માટીના વાસણને આપણે તે માટીથી પૃથક છે તેમ કહી શકતા નથી. સોનાના ઘરેણાંને આપણે સોનાથી અલગ કરી શકતાં નથી. આથી 'કાર્ય પ્રથમ હસ્તી ધરાવતું ન હતું પણ હવે નવીન ઉત્પન્ન થયું છે ' એમ સમજવું ખોટું છે કાર્ય તો તત્ત્વતઃ હંમેશાં તેનાં ઉપાદાન કારણમાં પ્રથમથી જ રહેલું છે.

વસ્તુતઃ આપણે અભાવ પદાર્થમાંથી કાંઈ ઉત્પન્ન થાય છે, કે અસત્‌માંથી સત્ બને છે એવી કલ્પના પણ કરી શકતા નથી. આપણે તો માત્ર એટલું વિચારી શકીએ કે દ્રવ્યનું એક રૂપમાંથી અન્ય રૂપમાં દા.ત. સોનામાંથી ઘરેણામાં માત્ર રૂપાન્તર થાય છે. અસત્‌માંથી જો સત્‌ની ઉત્પત્તિ શકય હોય તો રેતીને પીલવાથી પણ તેલ જરૂર નીકળત. વળી નિમિત કારણ સોની, કુંભાર વગેરેની ક્રિયાથી પણ કોઈ નવા દ્રવ્યની ઉત્પત્તિ થતી નથી. માત્ર પ્રથમથી જ જે દ્રવ્યમાં નિહિત રૂપે હોય છે તેની અભિવ્યકિત થતી જોવા મળે છે. આથી કાર્યને કારણથી અનન્ય અને પ્રથમથી જ તેમાં રહેલું માનવું જોઈએ. કાર્યએ કારણની અવસ્થા માત્ર છે.

શાંકરવેદાન્ત અનુસાર કાર્ય તે કારણથી અભિન્ન નથી તેમ જ ભિન્ન પણ નથી; તેમ તે કારણથી અભિન્ન અને ભિન્ન એમ બન્ને પણ ન હોઈ શકે, કાર્યને આમ બેમાંથી એકે રીતે વર્ણવી શકાતું નથી, તેથી તે અનિર્વચનીય છે. તે સત્ પણ નથી તેમજ અ–સત્ પણ નથી, અનિર્વચનીય અર્થાત્ મિથ્યા છે. પરંતુ શાંકરમત અનુસાર સતકાર્યવાદ સાંખ્યના સતકાર્યવાદ જેવો નથી. કારણ કે તેનું તો

તે ખંડન કરે છે. વસ્તુતઃ અદ્વૈતનો સત્‌કારણવાદ અથવા તો બ્રહ્મકારણવાદ છે એમ કહેવું તે બધુ ઉચિત છે. (૧૨)

ડૉ.દાસગુપ્તા (૧૩) પણ આ બારામાં સંમતિ આપતાં લખે છે મે "વેદાન્ત અને સાંખ્ય બન્નેના કાર્યકારણ વિશેના સિદ્ધાંતને પણ કેટલીકવાર સત્‌કાર્યવાદ કહેવામાં આવે છે. પણ ખરું કહીએ તો કેટલાક સૂક્ષ્મદર્શી વિવેચકોએ બતાવ્યું છે તેમ કાર્યકારણ વિષેના વેદાન્તના મતને " સત્તકારણવાદ" કહેવો જોઈએ. કેમકે તે મત અનુસાર કેવળ કારણ જ સત્ય છે, ને સર્વ કાર્યો તે કારણના આભાસો અથવા વિવર્તો છે. પણ સાંખ્યમત અનુસાર, કાર્ય તે કારણની અંદર તિરોભૂત રૂપે જ પડેલું જ છે, ને તેથી નિત્ય અને સત્‌ છે." તો કેટલાક વિદ્વાનોના મતે શંકરાચાર્યના કાર્યકારણવાદને "સત્તકાર્યવાદ" તથા "સત્કારણવાદ" એમ બંને કહી શકાય કારણ કે સત્કાર્યવાદ દ્વારા તેમણ સત્‌ તત્ત્વના અસ્તિત્વ વિષયક પાસાં પર ભાર મૂકેલ છે. અને 'સત્કારણવાદ' દ્વારા તેમજ સત્‌ તત્ત્વના મૂલ્યવિષયક પાસાં પર ભાર મૂકેલ છે. પરંતુ મૂલ્ય અને અસ્તિત્વ એક અને અવિભાજય છે. તેવા સિદ્ધાન્તમાંથી જ સત્કાર્યવાદ સ્વભાવતઃ ફલિત થાય છે.

## ❖ 'પરિણામ' અને 'વિવર્તની સમજૂતિ :–

કોઈ વસ્તુ ખરેખર બદલાઈને જુદું રૂપ ઘારણ કરે ત્યારે તે મૂળ વસ્તુનો વિકાર અર્થાત પરિણામ કહેવાય પણ તે ખરેખર ન બદલાય ત્યારે વિવર્ત કહેવાય અથવા તો અગાઉનું રૂપ છોડીને બીજું રૂપ ઘારણ કરવું નામ પરિણામ દા.ત. દૂધનું દહીં થાય તે પરિણામઃ પણ છીપ ચાંદી, રૂપે કે રજજુ સર્વ રૂપે દેખાય તે વિવર્ત– મૂળ વસ્તુ જેવી હોય તેનાથી જુદા પ્રકારની ભાસવી તે વિવર્ત – મૂળ વસ્તુમાં ફેરફાર થયેલો ન હોવા છતાં, તેમાં ફેરફાર થયેલો હોવા જેવું જણાવાની ભ્રાન્તિ તે વિવર્ત ઉપર જણાવેલ રજજુ – સર્પના ઉદાહરણમાં

અંધારાને લીધે કે આંખની નબળાઈને લીધે અમુક સંજોગોમાં ભોંય પર પડેલું દોરડું સાપરૂપે દેખાય, ત્યાં એ સાપ દોરડાનો વિવર્ત કહેવાય.

પોતાના અસલ શુદ્ધ સ્વરૂપનો જરા પણ વિકાર થવા દીધા વિના જ અર્થાત્ તેમાં લગીરે ફેરફાર કર્યા વગર એટલે પોતાના દોરડીપણામાં લવલેશ પણ પરિવર્તન થવા દીધા વિના જ સર્પરૂપી કાર્ય (પરિણામ) ને ઉત્પન્ન કરનારી મૂળ વસ્તુ આ દષ્ટાંતમાં દોરડી. દોરડીએ સર્વરૂપી વિવર્તનું ઉપાદાન કારણ પણ કહેવાય છે. કેમ કે પેલી અન્યથા (હોય તેથી બીજા સ્વરૂપે) ભાસતી વસ્તુ (સર્પ) નું એ જ અધિષ્ઠાન એટલે કે આધાર છે. મતલબ કે જો એ અધિષ્ઠાન રૂપી દોરડી વિદ્યમાન ન હોય તો તેમાં થતો પેલો સર્પનો અભાસ પણ ન હોઈ શકે. આ વિવર્તના નિમિત્ત કારણો અહીં અનુક્રમે અંઘકાર, નેત્રરોગ વગેરે છે. કેમ કે તેના વડે એ ભ્રમણાઓ ઉપજવા પામે છે. અજ્ઞાનનો નાશ થતાં ભ્રમણાનો પણ નાશ થાય છે. આ દષ્ટાંત પરથી ફલિત સિદ્ધાંત એ છે કે અજ્ઞાન (અવિદ્યા) ને લીધે, અવિચળ અને અવિકારી બ્રહ્મ– પરમાત્મા, જીવ તથા જગતરૂપે ચલ અને વિકારી ભાસે, એ સ્થિતિ, તે વિવર્ત. (૧૪)

શાંકરવેદાન્ત પારમાર્થિક દષ્ટિએ જગતની ઉત્પત્તિનો સ્વીકાર કરતું નથી, તે જગતને બ્રહ્મનો 'વિવર્ત' માને છે, અને તેને મિથ્યા અર્થાત્ અનિર્વચનીય કહે છે. આમ પારમાર્થિક દ્રૂષ્ટિએ જોતાં તે સત્કાર્યવાદી નથી પણ સત્કાર્યવાદી નથી પણ સત્કારણવાદી છે. કારણની સત્તા શાંકરમતમાં કાર્યની સત્તા કરતાં ઉચ્ચ કોટિની છે. સોનાના ઘરેણામાં સદ્ વસ્તુ સોનું છે તેમ બ્રહ્મ એ જગતનું સત્ તત્ત્વ તેનું સત્તા સામાન્ય સર્વનો સમાન આધાર છે. જગત એ બ્રહ્મનો આવિર્ભાવ છે, છતાં તેના લીધે બ્રહ્મના એકત્વ કે પૂર્ણત્વને જરાયે ક્ષતિ પહોંચતી નથી. બ્રહ્મ અને જગત વચ્ચેનો આ પ્રકારનો સંબંધ એ જ વિવર્ત આચાર્યશ્રી કહે છે કે "અવિદ્યા થકી કલ્પિત એવાં જે નામ અને રૂપ એ રૂપી વ્યાકૃત અને અ–વ્યાકૃત, તથા જેને એ રૂપ પણ ન કહી શકાય અને જેને એથી જુદા પણ ન કહી શકાય

એવા; રૂપભેદને લીધે પરિણામ સર્વ વ્યવહાર પામે છે, અને પારમાર્થિક રૂપે સર્વ વ્યવહારથી અતીત અપરિણત રહે છે; કારણ કે અવિદ્યા થકી કલ્પિત જે નામ અને રૂપનો ભેદ એ તો માત્ર વાણીથી આરંભાયેલો છે. માટે એથી બ્રહ્મના નિરવયવત્વને બાધ આવતો નથી." (૧૫) ટૂંકમાં જગત એ બ્રહ્મનો વિવર્ત પણ માયાનું પરિણામ છે. વેદાન્તમાં બ્રહ્મને જગતનું ઉભય–ઉપાદાન અને નિમિત્ત – કારણ માન્યું છે,

કેમકે એ રીતે જ એકને જાણવાથી સર્વ જણાઈ જવાની પ્રતિજ્ઞા સિદ્ધ થાય છે. જગત બ્રહ્મ વડે થયું છે એટલું જ નહિ પણ બ્રહ્મમાંથી થયું છે. જેમ માટીમાંથી ઘડો બન્યો છે તે રીતે પણ ઘડો તે માટીમાં વાસ્તવિક પરિણામ (ફેરફાર) થઈને બન્યો છે. એમ સમજવાનું નથી. માટીનો એ એક આભાસ માત્ર છે.(૧૬) અર્થાત મિથ્યા દેખાતો પરિણામ યા વિવર્ત છે. તે જ પ્રમાણે આ જગત પણ બ્રહ્મનો વિવર્ત છે. અર્થાત્ બ્રહ્મમાં તેના કાર્ય (પરિણામ) તરીકે ભાસે છે, વસ્તુતઃ તે છે નહિ.

'બ્રહ્મનું' રૂપાંતર અથવા તેનો પરિવર્ત કે પરિણામ તે જગત એવો પણ એક મત છે. અવિકારી બ્રહ્મનું રૂપાન્તર થતું નથી, તે પોતે જ નિર્વિકાર રહીને જગત રૂપે દેખાય છે. પણ એ દર્શનમાં બ્રહ્મનું સમગ્ર દર્શન થતું નથી. તેના ઉપર વિવિધ વિકારોરૂપી (પડદો) હોવાથી તે અધૂરું દેખાય છે. એવો બીજો મત છે. પહેલો મત પરિણામવાદી અને બીજો વિવર્તવાદી છે. રામાનુજાચાર્ય પ્રથમ મતના ટેકેદાર છે જયારે શંકરાચાર્ય બીજા મતના ટેકેદાર છે. પરિણામવાદ શાંકરવેદાન્તને અનિષ્ટ નથી માત્ર તેને Logical સયુકિતક–કરવાથી એમાંથી વિવર્તવાદ સ્વયં નીકળી આવે છે. મતલબ કે વિતર્તવાદની પૂર્વભૂમિ પરિણામવાદ છે. નિર્વિકાર બ્રહ્મમાં પરિણામ શી રીતે ઘટે ? માટે પરિણામ મિથ્યા છે. અને પરિણામને જ મિથ્યા માનવાથી બ્રહ્મના નિર્વિકારત્વને બાધ આવતો નથી. સર્વજ્ઞાત્મમુનિ કહે છે કે 'પરિણામવાદ સ્થાપિત થયો એટલે એમાંથી ઉપર

જણાવ્યા પ્રમાણે વિવર્તવાદ સ્વયં નીકળી આવે છે. ટૂંકમાં એમ કહી શકાય કે શંકરાચાર્ય પારમાર્થિક દ્રષ્ટિએ વિવર્તવાદી અને વ્યાવહારિક દ્રષ્ટિએ પરિણામવાદી છે. તેથી જ તેમણે યોગાચાર અને સત્કારણવાદ વિજ્ઞાનવાદ અને શૂન્યવાદ સામે સત્કાર્યવાદ અને સત્કારણવાદ બન્નેનું સમર્થન કર્યું છે. (૧૭)

## ❖ અદ્વૈતવેદાન્તના કાર્ય–કારણવાદની આલોચના :–

અદ્વૈતવેદાન્તના કાર્ય–કારણવાદ સામે વેદાન્તદેશિકે અનેક વાંધા રજૂ કરી તેની કરુ આલોચના કરી છે તે ટૂંકમાં જોઈએ. અદ્વૈત વેદાન્તના એવા પ્રશ્નના ઉત્તરમાં કે જયારે પરિણામ (કાર્ય) નીપજે છે ત્યારે તે કાર્ય જોડે સંબંધિત હોય છે કે નહિ–વેદાન્તદેશિક કહે છે કે પરિમાણ કારણ જોડે સંબંધિત નથી. છતાં તે પરથી એમ સમજવાનું નથી કે કારણ જોડે જે કાંઈ સંબંધિત ન હોય તેને પરિણામ કહેવાય.

કારણ કે માત્ર 'સંબંધિત ન હોવાપણું ' જ કાંઈ પરિણામ નિપજાવતું નથી. અમુક પરિણામને નિપજાવવામાં કારણ તત્ત્વ જોડે સંકળાયેલ કેટલીક ખાસ શકિતઓ જવાબદાર હોય છે. આ હકિકતનું વ્યાપ્તિ દ્વારા સમર્થન થઈ શકે છે. મતલબ કે અમુક ખાસ ઘટકોની કારણતત્ત્વમાં હાજરીથી અમુક પરિણામ નીપજે છે અને અમુક ઘટકોની ગેરહાજરીથી તેવું પરિણામ નિપજતું નથી. કારણના કાર્ય જોડે સંબંધિત હોવાપણાને પરિણામ નિપજાવવા માટે અમુક જરૂરી અંગ માનીએ તો તેનો અર્થ જે જરૂરી અંગ નથી તેનો સ્વીકાર કરવા બરાબર થશે અથવા તો તેનો અર્થ–કાર્ય–કારણ સંબંધના સ્પષ્ટીકરણ માટે જરૂરી અંગને નકારવા બરાબર થશે.

પરિણામ એ કારણથી ભિન્ન છે કે અભિન્ન એવા અદ્વૈતીના પ્રશ્નનો ઉત્તર વેદાન્તદેશિક એમ આપે છે કે કારણથી ભિન્ન એવું પરિણામ નીપજે છે. ઉદાહરણ તરીકે જે ઘડો ઉત્પન્ન થાય છે તે કુંભારના ચક્ર તથા

લાકડીથી ભિન્ન પણે ઉત્પન્ન થાય છે. પરિણામ એ કારણથી અભિન્ન છે એમ માનીએ તો કારણ કાર્ય સંબંધમાં જે જરૂરી શરત છે તેનો નકાર કરવા બરાબર થશે. કારણનો કાર્ય જોડેનો સંબંધ એ એમના ભિન્નત્વ પર જ આધારિત છે. આથી તે કારણ અને કાર્ય બંને ભિન્ન છે એમ માનીએ તો તે કારણ–કાર્ય સંબંધમાં બિન જરૂરી શરતના સ્વીકારમાં પરિણમશે અથવા તો એમ ન માનીએ તો તે જરૂરી શરતના અસ્વીકારમાં પરિણમશે.

વળી અદ્વૈતી એવો પ્રશ્ન પણ ઉઠાવે છે. કે જે કારણમાંથી પરિણામ નીપજે છે તે વિકારી કારણમાંથી કે અવિકારી કારણમાંથી ? તેના પ્રત્યુત્તર રૂપે વેદાન્તદેશિક કહે છે કે જો વિકારનો અર્થ અમુક તત્ત્વનું અમુકમાં આગન્તુક ધર્મ સાથે જોડાણ, તો એમ કબૂલી શકાય કે પરિણામ એ વિકારી કારણમાંથી નીપજે છે કારણ કે કારણમાં કોઈપણ પરિવર્તન, સહકારી કે સમીપની શરત પણ વિકાર જ ગણશે. જો વિકારનો અર્થ જે અર્થમાં પરિણામને વિકાર માનવામાં આવે છે એવો કરીએ તો અવિકારી કારણથી પરિણામ નીપજે છે એમ કહેવાશે. એમ પણ ન કહી શકાય કે જો કોઈ અવિકારી કારણમાંથી પરિણામ નીપજે તો કોઈ પણ પ્રકારનું પરિણામ કોઈપણ પ્રકારના અવિકારી કારણમાં નીપજી શકે કારણ કે અવિકારી કારણમાંથી જે પરિણામ નીપજે છે તે હંમેશા કાળને આધીન રહીને તથા અન્ય સહકારી પરિબળો કે ઘટકોનાં સંદર્ભમાં નીપજે છે.

જયારે કોઈ ઉપાદાન કારણનું કશુંક પરિણામ નીપજે છે ત્યારે તેના અમુક અંશો અપરિવર્તનશીલ રહે છે પછી ભલે તે પરિણામનો અન્ય વિષયોના સંબંધમાં ફેરફાર થતો હોય, અને કેટલીક ખાસિયતો માત્ર અમુક પરિણામમાં જ જોવા મળે છે. દા.ત. સોનાની જયારે બંગડી બનાવવામાં આવે છે અને બંગડીમાંથી પાછો હાર બનાવવામાં આવે છે ત્યારે બંગડી તેમ જ હારમાં

સોનું તો તેના લાક્ષણિક ગુણો સમંત એક જ રહે છે પણ બંગડીનું ખાસ સ્વરૂપ હારમાં જોવા મળતું નથી.

કાર્યનું પ્રથમથી જ કારણમાં અસ્તિત્વ હોય છે કે નહિ એવા અદ્વૈતીએ ઉઠાવેલા પ્રશ્નના જવાબમાં વેદાન્તદેશિક કહે છે કે દ્રવ્યના અર્થમાં લઈએ તો કાર્યનું કારણમાં પૂર્વ અસ્તિત્વ હોય છે. પરંતુ આના ઉપરથી એમ ન કહી શકાય કે પરિણામ એ નીપજયું નથી કારણ કે કારણનું અવસ્થાન્તર એ પરિણામ છે. વિશિષ્ટાદ્વૈતીઓ આ અર્થમાં જ માત્ર સત્કાર્યવાદ સ્વીકાર છે. કાર્યાવસ્થાના આ અર્થમાં કાર્ય કારણમાં હસ્તી ધરાવતું નથી. જો કાર્યવસ્થા કારણમાં અસ્તિત્વ ન ધરાવતી હોય તો તે નીપજે નહિ અને તેથી કોઈપણ વસ્તુમાંથી કોઈપણ અન્ય વસ્તુ નિપજાવી શકાય એવો વાંધો ટકી શકે તેમ નથી. કારણ કે દિક્ અને કાળને આધીન એવી શરતોને આધીન રહીને અમુક ખાસ શકિતઓ દ્વારા પરિણામ નીપજતું જોવા મળે છે.

વળી એવી દલીલ કરવામાં આવે છે કે પરિણામ એ ભ્રામક છે કારણ કે તે ન તો સ્થાયી અસ્તિત્વ ઘરાવે છે કે ન તો સ્થાયી અનસ્તિતવ. આ દલીલ બરાબર નથી. ઉત્પન્ન થયા પછીની ક્ષણે તત્ત્વનો નાશ થાય તેનો અર્થ એમ નથી કે તેને જયારે જોયું ત્યારે તેનું અસ્તિત્વ ન હતું . નાશ એટલે અમુક વસ્તુ અમુક સમયે હતી તે અમુક સમયે હવે નથી. 'નાશ' ને બાધથી અલગ પાડીને સમજવાની જરૂર છે, 'બાધ' એટલે વસ્તુને જોવામાં આવે છે ત્યારે પણ તેનું અસ્તિત્વ હોતું નથી. આથી 'અસત્' નો અર્થ 'નાશ' નથી. નહિ તો પૂર્વેના અ–સત્‌ને પણ અ–સત્ હોવાના કારણે 'નાશ' જ માનવું પડે છે. છીપ અને રજતનું ઉદાહરણ પણ 'બાધ'નું છે, નાશનું નથી. આથી કાર્ય ના ખ્યાલને કદાપિ ભ્રામક કહી શકાય નહિ. આનો સાર એ કે આ જગત ભલે પરિણામ હોય તો પણ તે કારણે તેને ભ્રામક કહી શકાય નહી.

કાર્ય – કારણવાદનાં આંતરવિરોધોથી સુપરિચિત હોઈ શંકરાચાર્યે સૃષ્ટિ રચના વિષયક પરંપરાગત મતથી પોતાનો ભિન્ન દૃષ્ટિકોણ રજૂ કરવાનું યોગ્ય માન્યું. ઉપનિષદો જગતને માયા કહેતા નથી તેમજ બ્રહ્મને અવિકારી કહેવામાં પણ તેઓ એકમત છે. અવિકાર્ય કારણ (બ્રહ્મ) ના આધારે વાસ્તવિક કારણવાદ સ્થાપવો શકય નથી. આ તાત્વિક મુશ્કેલીના લીધે જ પરિણામવાદને વિકાસ વિવર્તવાદ પ્રતિ થયો હોય એમ જણાય છે. 'પરિણામવાદ' કે 'વિવર્તવાદ' જેવા કોઈ વાદ પ્રત્યે સ્વયં શંકરાચાર્યનું દૃષ્ટિબિન્દુ સ્પષ્ટ શબ્દોમાં તેમણે વર્ણવ્યું નથી. જો કે 'પરિણામ' તથા 'વિવર્ત' જેવા શબ્દોથી તેઓશ્રી અજાણ નથી. તેઓએ આ પ્રકારના શબ્દો અભિવ્યકિત કે સ્પષ્ટીકરણના અર્થમાં યોજેલા છે. તેમને મન ખરેખરી દાર્શનિક સમસ્યા તો બ્રહ્મ કારણવાદ તથા પ્રધાન કારણવાદને લગતી છે. 'વિવર્ત' શબ્દ તેઓ બ્રહ્મસૂત્ર ભાષ્ય (૧૮) માં યોજે છે પણ તેનો અર્થ ભ્રમ કે Perversion નહિ પરંતુ પ્રગટીકરણ (અભિવ્યકિત) એવો કરે છે. 'પરિણામ' શબ્દ પણ (૧૯) તેમણે પ્રકાર Modification ના અર્થમાં યોજેલ છે. બ્રહ્મકારણવાદ એ જ શંકર માટે મૂળ સ્થાપનાનો વિષય છે. માયાવાદ શબ્દ નો પાછળથી વાચસ્પતિમિશ્રે યોજયો છે.

આધુનિક વિવેચકોનો મત ટાંકીને કહીએ તો શંકરનો આશય પ્રકૃતિ – પરિણામવાદ કરતાં પણ બ્રહ્મપરિણામવાદના ખંડનનો છે અને તેનો મૂળ હેતુ 'વિવર્તવાદ' ના સ્થાપનનો છે. (૨૦) થિબો, ડૉ. દાસગુપ્તા વગેરેના મતે 'વિવર્ત' તથા 'પરિણામ' ને લગતા કૂટપ્રશ્નનું મૂળ એમાં છે કે (૧) શંકરાચાર્ય કાર્યકારણવાદ અંગેના આ બન્ને વાદને એકબીજાથી ભિન્ન રાખી શકયા નથી, અને (૨) તેના મતના સમર્થનમાં તેઓશ્રી જે ઉદાહરણો આપે છે તે તેના ક્ષેત્રની બહારનાં હોય છે. જો કે વિવર્તનો અસ્તિત્વવિષયક નહિ પણ મૂલ્યવિષયક આશય ધ્યાનમાં રાખવાથી આ વિવાદ રહેતો નથી. શંકરાચાર્ય જે ઉદાહરણો આપે છે તે પણ અંશ દ્વારા સમગ્રને સમજવાનો એક પ્રયત્ન માત્ર છે. (૨૧)

શંકરે જેમ કારણવાદની આલોચના કરી છે તેમ પરિવર્તનવાદની પણ સૂક્ષ્મ વિશ્લેષણ દ્વારા આલોચના કરી છે. તેના મતે સમસ્ત પરિવર્તન પારમાર્થિક દષ્ટિએ પ્રતીતિ માત્ર છે. જે વસ્તુનો બાધ થવો શકય હોય તેને નિત્ય તથા શાશ્વત કહી શકાય નહિ. જગતની વસ્તુઓ તથા પ્રસંગોનો બે પ્રકારે બાધ થતો જોવા મળે છે. એક તો અનુભવ દ્વારા અને બીજો તર્ક દ્વારા દા.ત. આજે જે વ્યકિતને આપણે 'સુંદર' કહીએ છીએ

તેને કોઈવાર કોઈ કારણસર અસુંદર અથવા કુરૂપ કહીએ છીએ. આમ આપણો નવીન અનુભવ આપણા પુરાણા અનુભવનું ખંડન કરે છે. બીજું આપણે લાહોરને લંડનની સરખામણીએ પૂર્વનું શહેર કહીએ પણ કાનપુરની સરખામણીએ એને પશ્વિમનું શહેર કહીએ છીએ. આમ સાપેક્ષિક શબ્દ અથવા કથન સ્થાયી તેમ જ નિત્ય હોતો નથી. ધ્યાનથી જોતાં જેટલા સવિશેષ પ્રત્યયો હોય છે. તે બધા સાપેક્ષિક હોય છે.

દા.ત. ભલો એ કે જે બૂહો ન હોય, શ્વેત એટલે કાળું, કે પીળું કે લીલું ન હોય તે સારાંશ એ છે કે સવિશેષ તથા સાપેક્ષ પ્રત્યયો તથા પરિવર્તનશીલ ઘટનાઓ તથા તથ્યોના નિરાકરણ દ્વારા જ આપણે, શંકરના મતે, અન્તતમ તત્ત્વ સુધી પહોંચી શકીએ છીએ. અન્વય તથા વ્યતિરેક પધ્ધતિ દ્વારા આપણે અનતે 'સત્' તત્ત્વ કે જે શાશ્વત અને સર્વવ્યાપક છે તે સુધી પહોંચી શકીએ છીએ. 'સત્'ની શૂન્યતા કદી અનુભવાતી નથી. અમુક વસ્તુ 'નથી' એમ કહેતાં પણ તેમાં અસ્તિત્વનો ભાવ આવી જાય છે. આ પરથી અદ્વૈતવાદી નિત્ય, શાશ્વત, સ્વયં પ્રકાશમાન અસ્તિત્વ સિદ્ધ કરે છે.

શ્રી શંકરાચાર્યના મતે સૃષ્ટિ–વિધાન વેદાન્તની એક રૂઢિ કે મર્યાદા માત્ર છે. તેની પાછળ કોઈ તાત્વિક સિદ્ધાંત નથી. સૃષ્ટિ તથા તેની ઉત્પત્તિ; જગત રચીને ઈશ્વરે તેમાં પ્રવેશ કર્યો; જગત એ ઈશ્વરનું પરિણામ છે. વગેરે ઉકિતઓ શ્રુતિઓના અર્થવાદ તરીકે ગ્રહણ કરવાની છે. તેનું તાત્પર્ય સ્વયં

તેમના શબ્દાર્થમાં નહિ પરંતુ બ્રહ્મની સાથેના જગતના તાદાત્મ્ભાવના સંબંધમાં સમજવાનું છે. સૃષ્ટિ–ક્રમનું નિરૂપણ કરવું હોય તો તે કેવળ કારણવાદના આધારે જ કરવું પડે છે અને કારણવાદનો અર્થ કારણ–દ્રવ્યની કાર્ય–દ્રવ્યના રૂપમાં વાસ્તવિક પરિણતિ Real Modification એમ કરવો પડે. પરંતુ બ્રહ્મ તો અવિકારી છે, તેમાં કશું પરિણામ સંભવિત નથી. વળી બ્રહ્મએ અધ્યાત્મ તત્ત્વ છે. કોઈ દ્રવ્ય નથી કે જેમાં કશાકમાંથી કશાકમાં પરિણમે આથી કારણવાદનો સિદ્ધાંત અનુભવની મર્યાદામાં જ ગ્રહણ કરી શકાય. બ્રહ્મરૂપી અધ્યાત્મ તત્ત્વ તો અખિલ અનુભવનો આધાર છે તથા સર્વ શકયતાઓનું મૂળ હોઈ તેને કાર્ય–કારણવાદ લાગુ પાડી શકાય નહિ. આધ્યાત્મિક ક્ષેત્રમાં જ નહિ કિંતું આનુભવિક જગતમાં પણ કાર્યકારણવાદ અનેક કૂટ સમસ્યાઓ ઊભો કરે છે. કાર્ય કારણવાદ વિરોધોથી યુકત હોઈ કાન્ટ જેવા તત્ત્વજ્ઞે તેમાં વદતોવ્યાઘાત નિહાળયો છે અને તેને એક ન ઉકેલી શકાય તેવી સમસ્યા માની છે.

ડૉ.ગંગાનાથ ઝા તેમના શાંકરવેદાન્ત પરના પુસ્તકમાં લખે છે કે કારણવાદની તર્ક સંગત ચર્ચા કરવા જતાં આપણે એક બાજુથી અનવસ્થા દોષમાં અથવા બીજી બાજુ અ–કૃત–કારણમાં ફસાઈ જઈએ છીએ. પહેલોના પદાર્થોથી મૂળ કારણની શોધમાં માયાવી જાળમાં ફસાઈ જઈએ છીએ અને બીજામાં સ્વયં કારણવાદના સિદ્ધાંતનો જ ત્યાગ કરવાની ફરજ પડે છે.

શંકરાચાર્ય કારણનો ખ્યાલ વૈજ્ઞાનિક દૃષ્ટિએ વર્ણનાત્મક રીતે નહિ પરંતુ સ્પષ્ટીકરણ તેમજ જગતના અર્થઘટન માટે યોજે છે એટલું સમજી લેવાની જરૂર છે.

## ❖ સાંખ્ય દર્શનનો સત્‌કાર્યવાદ :–

કાર્ય–કારણને વિષે સાંખ્યમત એવો છે કે કાર્યએ કારણ કરતાં નવું નથી, તે કારણમાં પ્રથમથી જ અસ્તિત્વ ઘરાવે છે. અને પરિણામ તે તો કારણનો વિકાસ માત્ર છે. ઉત્પાદન એટલે વિકાસ, અને નાશ એટલે આવરણ કે

લોપ, કેમ કે જે અસત્ છે તેને સત્ બનાવી શકાતું નથી. વળી કારણનું વસ્તુ જે સ્વરૂપનું હોય તે જ સ્વરૂપનું પરિણામનું વસ્તુ હોય છે, એનાથી ભિન્ન નહિ, એટલે કાર્ય અને કારણ પરસ્પર નવાં નથી. કાર્ય અ–સત્ નથી કે નવું નીપજેલ નથી. તે તો પ્રથમ જે મૂળરૂપે હતું તે જ માત્ર અભિવ્યકત થયેલ છે. યોગસૂત્રકાર પતંજલિ પણ સત્કાર્યવાદને માને છે અને તેના ભાષ્યકાર પણ ઉકત વાદને ટેકો આપે છે.

સાંખ્યદર્શન જગતના મૂળ કારણરૂપ પ્રકૃતિ તેમજ પુરુક્ષ બન્ને પરમ સત તત્ત્વોનો સ્વીકાર કરતું હોઈ તે દ્વૈતવાદી દર્શન છે અને જગતને તે પરિણામરૂપ માને છે. પ્રકૃતિ એ તેના મતે જગતનું ઉપાદાન તેમજ નિમિત્ત કારણ છે. પ્રકૃતિને તેણે ચેતનધર્મો નહિ પરંતુ જડાત્મિકા માનેલી છે. જગત એ જડ પ્રકૃતિનું જ પરિણામ છે. યુકિત દ્વારા તે પ્રકૃતિની કારણના સિદ્ધ કરે છે. આ પ્રકૃતિ સ્વભાવથી જ કાર્યરૂપે (જગત રૂપે) ચેતનની અપેક્ષા વગર પરિણામે છે. અલબત જગતની રચનામાં પ્રકૃતિને પુરુષની પ્રેરણાની જરૂરનો તે સ્વીકાર કરે છે. આ સાંખ્યનો કાર્યકારણવાદ પ્રકૃતિ– કારણવાદ કે પ્રકૃતિ – પરિણામવાદ કહી શકાય.

પરિણામવાદનાં લક્ષણો પં.સંખલાલજી નીચે પ્રમાણે સંક્ષેપમાં રજૂ કરે છે.

(૧) એક જ મૂળ કારણનો સ્વીકાર.

(૨) કાર્ય–કારણનો વાસ્તવિક અભેદ.

(૩) નિત્ય કારણનું પણ પરિણામી બનીને જ રહેવું તથા પ્રવૃત્તિ થવું

(૪) કાર્ય માત્રનું પોતપોતાના કારણમાં અને બધાં કાર્યોનું મૂળ કારણમાં ત્રૈકાલિક અસ્તિત્વ અર્થાત્ અપૂર્વ વસ્તુની ઉત્પત્તિનો સર્વથા ઈન્કારે.

## ❖ સાંખ્યદર્શનના સત્કાર્યવાદનું કે પ્રકૃતિ પરિણામવાદનું અદ્વૈતવાદની દષ્ટિએ ખંડન :–

આચાર્યશ્રીનું કહેવું એમ છે કે સાંખ્યદર્શન સત્કાર્યવાદનું તત્ત્વ પૂરેપૂરું સમજી શકયું નથી. સાંખ્યમત મુજબ કાર્ય જોકે તેના ઉપાદાન કારણમાં વિદ્યમાન રહે છે, તથાપિ ઉપાદાનમાં વાસ્તવિક વિકાર યા પરિણામ થાય છે, કારણ કે તે નવું રૂપ ધારણ કહે છે. હવે જો આમ હોય તો તેનો અર્થ અદ્વૈતીના મતે એ થયો કે જે આકાર અસત્ હતો તે સત્ થઈ જાય છે. અને આમ સત્કાર્યવાદનો સિદ્ધાંત જ તૂટી પડે છે. સત્કાર્યવાદનો પાયો મજબૂત નથી. આ સામે સાંખ્ય મતવાદી કદાચ એવો પ્રશ્ન ઉઠાવે કે આપણે કાર્યમાં જે એક નવો પ્રકાર (ગુણ) જોઈઅુ છીએ તે પ્રત્યક્ષ હકીકત છે તો પછી તેનો અસ્વીકાર કઈ રીતે થઈ શકે ? આના જવાબમાં અદ્વૈતવાદી કહેશે કે અમે પ્રત્યક્ષનો અસ્વીકાર કરતા નથી. માત્ર તેનું યથાર્થ તત્ત્વ શું છે તે જ જાણવા પ્રયત્ન કરીએ છીએ. આકારનું પરિવર્તન એ વાસ્તકિત પરિવર્તન છે, એવું સાંખ્યનું મંતવ્ય અદ્વૈતીને સ્વીકાર્ય નથી કારણ કે સૂક્ષ્મ વિવેચના કરવાથી એમ જણાય છે. કે આકાર એ તો દ્વવ્ય યા ઉપાદાનાની માત્ર એક અવસ્થા છે. અને તે દ્રવ્યથી અવિચ્છેદ્ય છે. તેનાથી અલગ એવા અસ્તિત્વની કલ્પના પણ કરી શકાય તેમ નથી. આકારની કાંઈ સત્તા છે તે દ્રવ્ય યા વસ્તુના લીધે જ છે. આથી આકાર યા આકૃતિના પરિવર્તનને જોઈ તેને વાસ્તવિક પરિવર્તન સમજવું ઠીક નથી. આથી ઊલટું એમ જોવા મળે છે કે આકરમાં પરિવર્તન થવાથી પણ જે વસ્તુ છે, તે તો તે જ રહે છે. દા.ત. દેવદત્ત સૂતો હોય, જાગતો હોય કે બેઠો હોય તો પણ તે દેવદત્ત જ કહેવાય છે.

વળી આકાર યા અન્ય કોઈ ગુણની દ્રવ્યથી પૃથક એવી સત્તા માનવામાં આવે તો પછી એ ગુણ તથા દ્વવ્ય વચ્ચે સંબંધ કેવી રીતે સ્થપાય છે, એ સમજવું કઠિન છે. બે પૃથક્ સત્તાઓમાં બીજી કોઈ ત્રીજી વસ્તુની મદદ વગર કશો સંબંધ સ્થાપી શકાય નહિ. હવે જો આપણે આ ત્રીજી વસ્તુની કલ્પના કરીએ તો

તેનો પહેલી અને બીજી વસ્તુ જોડે સંબંધ જોડવા માટે ચોથી અને પાંચમી વસ્તુની પણ કલ્પના કરવી પડે છે. વળી એ ચોથી અને પાંચમીની પોત પોતાની અપેક્ષિત વસ્તુઓ જોડે સંબંધ સ્થાપવા માટે પણ તે જ પ્રમાણે અન્ય સંબંધોની કલ્પના કરવી પડે છે. પરિણામે આગળ જતાં અનવસ્થા દોષ થાય છે અને દ્રવ્ય અને ગુણ વચ્ચેની સંબંધ વિષેની કલ્પનાનો અંત જ આવતો નથી. ટૂંકમાં ગુણ તથા દ્રવ્યમાં પાર્થકયની કલ્પના કરવી તર્કસંગત નથી.

વિવર્તવાદની ચર્ચામાં આપણે જોઈ ગયા કે જયારે કોઈ કાર્ય ઉત્પન્ન થાય છે ત્યારે મૂળ દ્રવ્યમાં વિકાર કે પરિણામ થતું નથી કારણકાર્યનો સંબંધ વાસ્તવિક પરિવર્તન સૂચવતો નથી, અને જે કાંઈ પરિવર્તન થાય છે તે માત્ર કારણ દ્વારા જ. આથી વસ્તુનો વિકાર થાય છે તેનો અર્થ એ જ કે જો કે આપણે વિકારોને જોઈએ છીએ તથાપિ બુદ્ધિ એને સત્ય માની શકતી નથી. આથી એનો જે પ્રત્યક્ષ થાય છે તેને પ્રત્યક્ષાભાસ જ માનવો જોઈએ. આપણને આકાશ વાદળી દેખાય છે. સૂર્યમાં ગતિ જણાય છે ; પરંતુ આપણે આ બાબતને સાચી માની શકીએ તેમ નથી., કારણ કે તે દલીલો દ્વારા તેમજ હકીકતની દ્રૃષ્ટએ પણ અસત્ય કરેલ છે. આથી બધા વિકારોને વાસ્તવિક સત્ નહિ માનતાં આભાસ જ માનવા જોઈએ. આપણને જે પરિવર્તન દેખાય છે તે કેવળ માનસિક આશેપ કે પ્રક્ષેપ માત્ર છે. આને જ શંકરાચાર્ય 'અધ્યાસ' કહે છે. અને ખા અધ્યાસનું કારણ અવિદ્યા છે. જે આપણને ભ્રમમાં નાખે છે. આમ અદ્વૈતવાદી ઓ સાંખ્યના સત્કાર્યવાદનું ખંડન કરી વિવર્તવાદની સ્થાપના કરે છે. આથી જ કહ્યું છે કે Makes the samkhya view the Jumping board for his Vivartavada wherein the relation of cause and effect is not ultimately nead.

### ❖ શ્રી રામાનુજાચાર્યનો બ્રહ્મ પરિણામ વાદ :–

શ્રી રામાનુજ સાંખ્યદર્શનનો જેમ ઉત્પત્તિની બાબતમાં 'સત્ કાર્યવાદ' નો સ્વીકાર કહે છે. પદાર્થની ઉત્પત્તિની પૂર્વે પોતાના મૂળ કારણમાં

સૂક્ષ્મરૂપે હયાત હોય છે. રૂપાન્તર પામી કારણનું જ કાર્યરૂપમાં પ્રગટ થવું એ પરિણામવાદ સાંખ્યદર્શન પ્રકૃતિને પરિણમતી માને છેઆથ તેને પ્રકૃતિ પરિણામવાદ કહે છે. જયારે રામાનુજના મતે કારણાવસ્થા સૂક્ષ્મ ચિદ્ – અચિદ્ વિશિષ્ટ બ્રહ્મ કાર્યાવસ્થ સ્થૂલ અચિદ્ વિશિષ્ટ જગતનું મૂળ કારણ વે, આથી તેને બ્રહ્મકારણવાદ કહે છે. તેમના મતે વેદાન્તથી વિવર્તવાદ નહિ, પણ પરિણામવાદ પ્રમાણિત થાય છે. (૨૨) પરિણામવાદનું સ્વરૂપ એ છે કે કારણ જ કાર્ય બની રહે છે. કારણનો ગુણ એ જ કાર્યનો ગુણ છે. આ જગતરૂપ કાર્યમાં આપણને ચિત્–અચિત્ અને ઈશ્વર એમ ત્રણ પદાર્થ દૃષ્ટિગોચર થાય છે, આથી તે ત્રણેયના મૂળ કારણમાં પણ આત્રણે પદાર્થોનું પ્રથમથી હોવું આવશ્યક છે.

શંકા :–

જડ પ્રકૃતિ અને આત્મા જ જેનું શરીર છે, આવા ઈશ્વરમાં પણ શું પરિવર્તન થાય છે ?

સમાધાન :–

વેદ આ પ્રશ્નનો જવાબ નકારમાં આપે છે. વેદોની નિર્વિકાર પરકશ્રુતિઓ બ્રહ્મને અવિકાર્ય બતાવે છે. બ્રહ્મ જયારે આ વિવિધ નામરૂપાત્મક જગતના રૂપમાં પરિણિત થાય ત્યારે તેમાં ઉપલક દષ્ટિએ દેખાતું પરિવર્તન એ તો ભગવાનની સમસ્ત સ્થૂળ શરીરોમાં અનુપ્રવિષ્ટ થવાથી કેવળ ઈચ્છામાત્ર છે. એ પરિવર્તન કદાપિ કોઈપણ દષ્ટિએ ન કહી શકાય. નારાયણના સ્વરૂપમાં જ સૂક્ષ્મરૂપે પ્રલયકાળે રહેતાં ચિત્ અને અચિત્, સર્જનકાળે તે રૂપે પ્રગટે છે, પરિણામે છે અને તેનું નામ જ સૃષ્ટિ.

આમ, શાંકરવેદાન્ત પ્રવિયાદિત બ્રહ્મની અદ્વિતીયતાનો તો રામાનુજ સ્વીકાર કરે છે, પરંતુ એ અદ્વિતીયતાને જીવ – જડની પૃથક્ સત્તા માની 'વિશિષ્ટ' રૂપે રજૂ કરે છે.

## ❖ બ્રહ્મ પરિણામવાદનું ખંડન :–

જેમ દૂધમાંથી દહીં પરિણમે છે અથવા તો પાણીમાંથી બરફ પરિણમે છે, તેમ કેટલાક વેદાન્તીઓનોન એવો મત છે કે આ સૃષ્ટિ પણ બ્રહ્મમાંથી પરિણમે છે. બ્રહ્મ કારણ છે, સૃષ્ટિ તેનું પરિણામ છે. આચાર્યશ્રીને આ મત પણ માન્ય નથી કારણ કે તેનો સ્વીકાર કરવા જતાં અનેક દોષો આવી પડે છે.

સર્વ પ્રથમ દોષ તો એ કે જો આપણે સૃષ્ટિને બ્રહ્મનું પરિણામ માનીએ સ્વયં બ્રહ્મને પણ પરિણામો માનવું પડશે અને બ્રહ્મને પરિણામી માનવાથી તે કૂટસ્થ નિત્ય મટી જશે. એટલું જ નહિ, પરંતુ બ્રહ્મ પરિણામી માનતાં તે અનિત્ય બની જશે. આથી બ્રહ્મ જ સૃષ્ટિરૂપે પરિણમે જ તે વાત શંકરાચાર્યને સ્વીકાર્ય નથી.

બીજું બ્રહ્મને જો સૃષ્ટિરૂપે પરિણામનું માનવામાં આવે તો વળી પાછો એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે બ્રહ્મનું સંપૂર્ણ પરિવર્તન થાય છે કે આંશિક ? આ પ્રશ્નનો જવાબ આપવો સહેલો નથી. દૂધમાંથી દહીંની માફક બ્રહ્મનું એક પ્રકાર કે પરિણામ સૃષ્ટિ રૂપમાં થવું શંકરને માન્ય છે. પરંતુ બ્રહ્મ પૂર્ણપણે પરિણામ પામે છે એમ કહી શકાય નહિ કારણ કે તો બ્રહ્મનો ઉચ્છેદ થઈ જશે. વળી બ્રહ્મમાં અંશાંશી ભાવની કલ્પના પણ થઈ શકતી નથી, કારણ કે તો બ્રહ્મના નિત્યત્વને બાધ આવશે. સૃષ્ટિરૂપમાં પરિણમવા છતાં બ્રહ્મ તો પૂર્ણનું પૂર્ણ જ રહે છે.

' पूर्णमेवावशिष्यते ' अण्तावातस्य महिमा आतो ज्यायांश्व पुरुषः '

ઈત્યાદિ શ્રુતિઓના આધારે બ્રહ્મ પૂર્ણ શેષ રહે છે. આથી નિરવયવ એવા બ્રહ્મમાં અંશાંશી ભાવની કલ્પના શકય જ નથી.

બ્રહ્મનો પરિણામવાદ સૃષ્ટિકાર્ય સમજાવવામાં ટકી શકે તેમ નથી. બ્રહ્મ દેશ, કાળ, તથા કાર્યકારણના સંબંધથી પર છે. અહીં કદાચ એમ શંકા

ઉદ્દભવે કે તો પછી બતાવનારી શ્રુતિ શું નિરર્થક છે ? તો તેનો જવાબ એ કે તે શ્રુતિઓ માત્ર કાર્યપ્રપંચ પરબ્રહ્મને જ આધીન છે તે કાર્યસૃષ્ટિમાં સત્ય પદાર્થ માત્ર બ્રહ્મ જ છે. બીજું કાર્યશ્રુતિનું તાત્પર્થ તથા ફળ કાર્યકારણનો માત્ર સંબંધ બતાવવામાં નથી પણ પરબ્રહ્મ સાથે કાર્યસૃષ્ટિનો અનન્ય સંબંધ બતાવવા પર તેનો મુખ્ય આશય છે. આથી ખાતરી થાય છે કે પરિણામવાદ બ્રહ્મવાદમાં ઘટી શકતો જ નથી, અને તેને માટે આચાર્યે વિવર્તવાદનો આશ્રય લીધો છે.

❖ શ્રીમદ્ વલ્લભાચાર્યનો અ–વિકૃત પરિણામવાદ :–

કાર્ય–કારણ સંબંધ પરત્વે પૃષ્ટિમાર્ગના પ્રવર્તક શ્રીમદ્ વલ્લભાચાર્ય અવિકૃત પરિણામવાદનું નિરૂપણ કરે છે અને ઈશ્વર તથા જગત વચ્ચેનો સંબંધ શ્રુતિ તથા ભાગવત આદિના આધારે નીચે મુજબ સ્થાપે છે .

જેમ માટીમંથી ઘડો વગેરે થાય છે તેમ જયાં સમગ્ર કારણ કાર્યરૂપે અનેક સ્વરૂપે પરિણામ પામે છે એને 'પરિણામવાદ' કહેવામાં આવે છે. 'પરિણામ' ના વિકૃત અને અ–વિકૃત એવા બે પ્રકાર સમજવાના છે. વિકૃત સત્ કારણ કાર્યરૂપે પરિણામ પામે અને ફરી પછી કારણનું રૂપ પામે નહિ. આ પરિણામ તે 'વિકૃત' કહેવાય. દા.ત. દૂધમાંથી દહીં થયા પછી ફરી તેનું દૂધ થતું જોવામાં આવતું નથી. અવિકૃત એવું સત્ કારણ કાર્યરૂપે પરિણામ પામે અને ફરી કારણનું  રૂપ પામે ; આનું નામ 'અવિકૃત' પરિણામ કહેવાય. અનેક પ્રકારનાં ઘરેણારૂપે સોનું પરિણામ પામે છે. વચલી સ્થિતિમાં પણ તે સોનું છે. પ્રથમ પણ તે સોનું હતું અને અંતે પણ તે સોનું જ રહેવાનું ઘરેણા સદંતર નષ્ટ થતાં પણ એ સોનું જ છે. આ પ્રમાણેનો અવિકૃત પરિણામવાદ કાંઈ નવો સ્થાપેલો નથી. તે તો વેદ સંમત છે. શ્રુતિ, સ્મૃતિ પુરાણોકત છે.

स आत्मानम् स्वयम् अकुरुत ।

એણે આત્માને જાતે જ પરિણામ પમાડયો. 'આત્માની કૃતિરૂપ પરિણામ હોવાને લીધે એ પરિણામ બ્રહ્મરૂપ જ છે' એમ શાસ્ત્રોમાં કહ્યું છે. ઉપર ઉદાહરણ આપેલ સોનું તથા ઘરેણાની જેમ બ્રહ્મ એકલું જ બધા જ આકારોમાં પરિણામ પામે છે અને તેથી નિર્વિહાર એવા એ બ્રહ્મનો કોઈપણ રીતે વિકાર થતો નથી. બ્રહ્મ નિર્ગુણ પણ છે તેમ જ અનંત ગુણવાળું પણ છે. જેમ એક સર્પ સરળ વગેરે અનેક આકાર વાળોય છે અને કૂંડાળું બનીને પડયો હોય ત્યારે તદાકારે પણ એ જ સર્પ અ–વિકૃત છે તેમ લૌકિક ગુણો વિનાનો છતાં અનેક અલૌકિક ગુણોવાળો – એ ઈશ્વર પરિણામ પામી રહે છે છતાં અવિકારી છે. આવા પ્રકારનો વિરૂદ્ધ સ્વભાવ વેદમાં ઈશ્વરનો જોવા મળે છે.

જેમ કરોળિયો જાળ સરજે છે અને સંકેલી લે છે તેમ પૃથ્વીમાં વનસ્પતિ ઉત્પન્ન થાય છે. જે પ્રમાણે સત્ પુરુષમાંથી વાળ અને રુવાટી ઉત્પન્ન થાય છે તે પ્રમાણે અક્ષર બ્રહ્મમાંથી અહીં વિશ્વ ઉત્પન્ન થાય છે. વળી જ પ્રમાણે કરોળિયો પંડમાંથી મોઢા વાટે લાળ બહાર ખેંચી એની સાથે કીડા કરી ફરી ગળી જાય છે તે પ્રમાણે ભગવાન વિશ્વને આત્મામાંથી કાઢી, એનું પાલન કરી , ફરી સંકેલી લે છે. આમ જગત– સ્વરૂપ પોતાના આત્માનો જોડે પ્રભુ ક્રીડા કરી રહ્યા છે. એકલાથી રમણ થઈ શકે નહિ. એમણે બીજાની ઈચ્છા કરી અને આ જગત રૂપે તેઓ થયા. આમ શૂદ્ધાદ્વૈત માર્ગમાં માયાનો આશ્રય લીધા વગર અ–વિકૃત પરિણામવાદની સ્થાપના કરવામાં આવી છે.

## 5.4 અવિકૃત પરિણામવાદ :–

અવિકૃત પરિણામવાદને સમજવા માટે આપણે સૌપ્રથમ સત્કારણતાવાદનો ખ્યાલ સ્પષ્ટ કરીશું.

❖ **અસત્કારણતાવાદ અને સત્તકારણતાવાદ :–**

કારણની બાબતમાં બે પ્રકારના વાદો પ્રચલિત છે.

(૧) અસત્કારણવાદ અને

(૨) સત્કારણતાવાદ

અસત્કારણતાવાદિઓનું માનવું છે કે બીજનો નાશએ જ અંકુરની ઉત્પત્તિનું કારણ બને છે. માટીના પિંડનો નાશ જ માટલાની ઉત્પત્તિનું કારણ હોય છે. તલનો નાશ જ તેલની ઉત્પત્તિનું કારણ બને છે. આમ ઉપરોકત બધા જ દષ્ટાંતોમાં પૂર્વે વસ્તુનો નાશ અભાવ કે અસત્તા જ પાછળથી પ્રકટ થતી વસ્તુનું કારણ બનતી દેખાય છે. આ પરથી અસત્કારણતાવાદી ચિન્તકોનું માનવું છે કે અભાવ નાશ કે અસત્તા જ ઉત્પન્ન થનાર વસ્તુનું કારણ હોય છે આ સિદ્ધાંતને ' અસત્કારણતાવાદ ' કહેવામાં આવે છે. શ્રી વલ્લ્ભાચાર્યએ પોતાના મતમાં અસતકારણતા વાદને માન્યતા નથી આપી. શ્રી વલ્લભાચાર્યનું કહેવું છે કે અસત્ વસ્તુમાં કારણતારૂપ ધર્મ રહી જ શકતો નથી. આથી અસત્ વસ્તુ કોઈનું પણ કારણ બની જ નથી શકતી. આ બાબતને થોડી સરળ ભાષામાં સમજીએ.

સર્વ પ્રથમ ' ધર્મ ' નો અર્થ કેટલાક ઉદાહરણોની સહાયતાથી સમજીએ. ફૂલ ધર્મી છે તો ગન્ધ તેનો ધર્મ છે. પાણી ધર્મી છે તો શીતલતા તેનો ધર્મ છે. સૂર્ય એક ધર્મી છે તો પ્રકાશ તેનો ધર્મ છે. જીવ પણ એક ધર્મી છે તો ચૈતન્ય તેનો ધર્મ છે. આમ દરેક પદાર્થમાં કોઈકને કોઈક પ્રકારની લાક્ષણિકતા કે વિશિષ્ટતા હોય છે જેનાથી તે પદાર્થની ઓળખ થતી હોય છે. પદાર્થની આવી લાક્ષણિકતા કે વિશિષ્ટતાને જ પદાર્થનો ' ધર્મ ' કે ' ગુણધર્મ ' કહેવામાં આવે છે. ધર્મ હંમેશા તે જ પદાર્થમાં રહી શકે કે જેનું અસ્તિત્વ હોય. અર્થાત્ જેનું સદંતર અસ્તિત્વ જ ન હોય તેવા અસત્ પદાર્થમાં કોઈ પણ ધર્મ રહી શકતો નથી. કારણતા એ પણ એક પ્રકારનો ધર્મ છે. દા.ત. માટી એ માટલાનું કારણ છે. આથી માટીમાં કારણતારૂપ ધર્મ છે.

શ્રી વલ્લભાચાર્યનું કહેવું છે કે જેનું સદંતર અસ્તિત્જ ન હોય તેવી અસત્ વસ્તુમાં કારણતારૂપ ધર્મ રહી જ નથી શકતો. તેવી સ્થિતિમાં અસત્

વસ્તુ કારણ કેવી રીતે બની શકે ? આથી શ્રી આચાર્યચરણનું કહેવું છે કે અસદ્ વસ્તુ કોઈનું પણ કારણ બની શકતી નથી. આથી જ, બીજનો નાશ વૃક્ષની ઉત્પત્તિનું કારણ નથી. બનતું બલ્કે બીજ ખુદ વૃક્ષરૂપે પરિણમતું હોય છે. તે જ પ્રમાણે, માટીના પિંડનો નાશ માટલાનું કારણ નથી બનતો માટીનો બલ્કે પિંડ જ માટલા રૂપે પરિણમતો હોય છે. આ ઉપરથી સમજી શકાય છે કે જેમ બીજ માટી કે તલ જેવા સત્ પદાર્થો જ વૃક્ષ માટલા કે તેલના કારણ બનતાં હોયછે. તેમ જગત્ કે જગત્માંની પ્રત્યેક વસ્તુ સત્ કારણનું જ પરિણામ છે, અસત્નું નહીં.

➢ **પરિણામવાદ :–**

આપણને જો કોઈ ચિત્ર બનાવવું હોય તો તેના માટે અનેક પૂર્વ તૈયારીઓ કરવી પડતી હોય છે. દા.ત. કાગળ / કેનવાસ પેન્સિલ રંગ પાણી વગેરે એકઠા કરવા, પેન્સિલ વડે પ્રાથમિક ચિત્ર બનાવવું, રંગનું મિશ્રણ તૈયાર કરવું, ચિત્રમાં રંગ પૂરવા વગેરે. આવી બધી પ્રક્રિયાઓ પૂર્ણ થતાં પરિણામ સ્વરૂપે ચિત્ર પ્રકટ થાય છે. આથી એમ કહી શકાય છે કે કાગળ / કેનવાસ પેન્સિલ રંગ વગેરે ચિત્રની પૂર્વાવસ્થા કે પૂર્વેસિદ્ધ કારણો છે જયારે કે ચિત્ર તેમની ઉત્તરાવસ્થા કે પાછળથી પ્રકટ થતું એક પરિણામ છે. પરિણામવાદિઓના સિદ્ધાંત છે કે કારણ અને કાર્ય એ એક રીતે જોતાં વસ્તુની બે અવસ્થાઓ મનુષ્યની હોય છે. અવસ્થાઓ બદલાતી હોય છે. અવસ્થા પ્રમાણે નવો – નવો મનુષ્ય જનમતો નથી હોતો. મનુષ્ય કે જે બાળક હતો તે જ કિશોર બનતો હોય છે. કિશોર મનુષ્ય જ યુવાન બને છે. તે જ પ્રમાણે કારણ જ કયારેક કાર્યરૂપ ધારણ કરતું હોય છે, નૂતન કોઈ વસ્તુ ઉત્પન્ન થતી નથી કે જેવી ન્યાયમતની માન્યતા છે. હવે કારણ જ જો કાર્યરૂપે પ્રકટ થતું હોય છે તો કાર્ય અસત્ય – મિથ્યા હોઈ જ કેવી રીતે શકે ? આથી કાર્ય સત્ય જ હોય છે. જગત પણ સર્વકારણરૂપ અવ્યકત પ્રકૃતિમાંથી વ્યકત થયેલ કાર્ય કે પરિણામ છે. આવી કલ્પના મહર્ષિ કપિલના સાંખ્યમતની માન્યતા છે.

પરિણામના બે પ્રકાર હોય છે.

(૧) વિકૃત પરિણામ

(૨) અવિકૃત પરિણામ

શ્રી વલ્લભાચાર્યના મતે જગત એ બ્રહ્મનું અવિકૃત પરિણામ છે.

(૧) વિકૃત પરિણામ :–

દૂધને જમાવતાં તે દહીં બની જતું હોય છે. દહીંનાં રૂપમાં પરિણામવાથી દૂધના પોતાના ગુણધર્મોમાં વિકાર આવી જતો હોય છે. તેનો સ્વાદ ખાટો થઈ જાય છે. તે ઘટ્ટ બની જાય છે. આટલું જ નહીં બલ્કે દહીં બની ગયા પછી તે પોતાનાં મૂળરૂપ એટલે કે દૂધના સ્વરૂપમાં આવી શકતું નથી. દહીં પાછું દૂધ બની શકતું નથી. આ કારણે દહીંને દૂધનું ' વિકૃત પરિણામ ' કહેવામાં આવે છે. વિકૃત પરિણામને સમજવા માટે હવે આપણે એમ કહી શકીએ કે ઉપાદાન (દૂધ) કોઈ કાર્ય (દહીં) રૂપે પરિણમે ; અને તેમ થવાથી તેના મૂળ તાત્વિક સ્વરૂપમાં જો વિકાર કે બદલાવ આવી જાય. તો તેવા પરિણામને ' વિકૃત પરિણામ' કહેવામાં આવે છે .

(૨) અવિકૃત પરિણામ :–

ઉપરોકત પ્રકારથી વિપરીત ઉપાદાન (સોનું) કાર્ય (ઘરેણાં) રૂપે પરિણમે. અને તેમ છતાં જો તેનાં મૂળ તાત્ત્વિક સ્વરૂપમાં કોઈપણ પ્રકારની વિકૃતિ કે બદલાવ ન આવે, તો તેવા પરિણામને 'અવિકૃત પરિણામ' કહેવામાં આવે છે. કોઈ વસ્તુ જો અવિકૃતરૂપે પરિણમતી હોય તો તેનું રૂપાન્તરણ તેના મૂળરૂપમાં શકય હોય છે. દા.ત. સોનાના ઘરેણાં સોનાનું અવિકૃત પરિણામ હોય છે. કારણ કે ઘરેણાના રૂપમાં પરિણત થઈ જવા છતાં સોનાના મૂળભૂત તત્ત્વ કે

ગુણધર્મોમાં કોઈપણ જાતની વિકૃતિ કે બદલાવ આવતો નથી હોતો. આ જ કારણે સોનાનું ઘરેણાને ઓગાળી નાખવાથી, પૂર્વરૂપમાં રૂપાન્તરણ પણ શકય હોય છે.

### જગત બ્રહ્મનું અવિકૃત પરિણામ છે : –

પૂર્વે વિચારી ગયા તે પ્રમાણે બ્રહ્મ જ જગતનું નિમિત્ત અને ઉપાદાન ઉભયરૂપ કારણ છે. જગતના નિર્માણમાં બ્રહ્મ સિવાય બીજું કોઈ પણ તત્ત્વ ભાગ ભજવતું નથી. બ્રહ્મ પોતે જ જગત્નું નિર્માણ કરે છે અને પોતે જ જગતરૂપે પરિણમે પણ છે. જગતના અનન્ત નામ–રૂપોને ધારણ કરતું હોવા છતાં બ્રહ્મના સ્વરૂપમાં કોઈપણ પ્રકારનો વિકાર નથી આવતો. જેમ સોનું ઘરેણારૂપે પરિણમતું હોવા છતાં તે સોનું જ રહે છે. સોનું મટીને કાંઈ ઘરેણાં બનતાં હોતાં નથી. તેમ જગતરૂપે પરિણમતું હોવા છતા બ્રહ્મ પોતે બ્રહ્મ જ રહે છે. સમુદ્રમાંથી ગમે તેટલું પાણી ઉલેચલામાં આવે, ગરમીથી ગમે તેટલું બાષ્પીભવન થઈ જાય તેમ છતાં, સમુદ્ર એટલો ને એટલો જ પૂર્ણ રહે છે. અપૂર્ણ પરિચ્છિન્ન કે સીમિત જગતરૂપે પરિણમતું હોવા છતાં બ્રહ્મની પૂર્ણતા અનન્તતા કે અપરિચ્છિન્નતામાં કોઈપણ પ્રકારની ખામી આવતી નથી. વળી ઘરેણાને ઓગાળી દેવાથી જેમ તેનું પૂર્વરૂપમાં રૂપાન્તરણ શકય છે, તેમ બ્રહ્મની પણ પ્રલય કરવાની ઈચ્છા થાય, ત્યારે જગત્ને તે પોતાના સ્વરૂપમાં વિલીન કરી લે છે. ત્યારે જગત બ્રહ્મથી અભિન્ન થઈ જાય છે. આ કારણે જ શ્રી વલ્લભાચાર્ય જગત્ને બ્રહ્મનું ' અવિકૃત પરિણામ ' કહે છે. (૨૩)

## 5.5 લીલા સિદ્ધાંત અને અવિકૃત પરિણામવાદ :–

શ્રુતિ કહે છે, તે એકલા રમી શકે નહી માટે બીજાની ઈચ્છા કરી પોતાના એકમાંથી અનેક થવાની ઈચ્છા માત્રથી ભગવાને સૃષ્ટિની રચના કરી છે. આમ, એ જગતની ઉત્પતિ ભગવાને પોતાની લીલા માટે કરી છે, નિજાનંદ

માટે છે. ભગવાન કૌતુકવાળા થઈને પ્રયાસ વિના જો કર્મ કરે, અથવા પ્રયાસ વિના હર્ષથી કરવાના આવતી ચૈષ્ટા એટલે ' લીલા'.

ભગવાનની અનેક લીલાઓના વર્ણન ભાગવતમાં આલેખાયા છે. પ્રત્યેક લીલા પાછળ કંઈકને કંઈક હેતું રહેલો છે. ભગવાનની એક લીલા જુદા કાર્યની પ્રવૃતિ કરનાર છે. સંમતિ પ્રત્યેક લીલાનાં અનેકાનેક પ્રયોજનો સંભવે છે.

જેમ બાળક નિજાનંદ માટે રમે છે તેમ ભગવાનનું જ રમણ નિજાનંદ માટે છે. સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ સર્વ લય જેવાં મહાન કાર્યો પણ ભગવાનને માટે એક ક્રીડા જેવી સમગ્ર ચરાચર વસ્તુઓને એકઠી કરવી, એમની આપે ક્રીડા કરવી અને પછી તેને વિખેરી નાખવી એ જ સૃષ્ટિના સર્જન પાલન અને લયનો હેતું છે.

શ્રી વલ્લભાચાર્યજી કહે છે. જો બધું જ ભગવાનની ઈચ્છાથી અને તેમના દ્વારા જ નિર્મિત છે. તો સુખ – દુઃખ, સદાચાર કે બૂરાઈ એ તેનું પરિણામ પણ ભગવાનની ઈચ્છાના કારણે જ હોઈ શકે. આપણે વિશ્વાસ હોવો જોઈએ કે જો હરિ કરશે તે મન હિતનું તે નિશ્ચય બદલાય નહીં જે કાંઈ થાય છે. તે ભગવાનની ઈચ્છાથી થાય છે. ઓ તે યોગ્ય જ કરશે તેવો વિશ્વાસ હોવો જોઈએ.

સામાન્યત : મનુષ્ય વિચારે છે કે ભગવાન અમુકને સુખ અને કેટલાકને દુઃખ આપે છે. શું ભગવાન સર્વેને સુખ આપવા શકિતમાન નથી ? શું તેમનામા સંપૂર્ણ સામર્થ્ય નથી. (is he not all powerfull) પરંતુ વાસ્તવમાં આવું નથી. ભગવાનની લીલાના ર્દષ્ટિકાણથી વિચારીએ તો આનો જવાબ આપણને મળી રહે છે. ઉદાહરણરૂપે જોઈએ તો જયારે બે છોકરી રમતી હોય ત્યારે ઘડીકમા એકબીજા સાથે લડી પણ પડે. વાદ– વિવાદ થાય છે. પાછા થોડીવારમાં ભેગા મળી રમવા માંડે અહીં લડાઈ ગધેડા એ રમતનો એક ભાગ છે. આપણે ભગવાનની લીલા, અંગ છીએ. આપણા ભાગે આવેલ માત્રને આપતો નિષ્ઠાપૂર્વક ભજવવાનું છે. આપણી યાત્રાને આપણે યોગ્ય ન્યાય આવવાનો છે.

**Let as be sincere in this play of God, then, we can sustain eveny thing – whether good of bad we should keep this spirit lef us rise bove our ego-centric attitude and move to ward Him with gratitude. (24)**

## વ્રજલીલાનુરૂપ ભોગ સાજ સજજા :–

**" રમત – ગમતનાં અનેક સાધનોને લઈને શ્રી કૃષ્ણ બલરામ વ્રજની પાસે ગોપબાલકોની સાથે પોતાના ગાય – વાછરડાને ચરાવતા હતા. " ભગવાનના આ વચનથી પ્રતીત થાય છે. કે ભગવાન ચકરડી, ભમરડો, ચકલી, ગેડી, પોપટ જેવા રમત–ગમતના સાધનોની ક્રીડા કરતાં આજ પ્રમાણે કયારેક " ભગવાનની વૃંદાવનની નદી, પર્વત, ઘાટી, કુબ્જ વગેરે સ્થાનોમાં ખેલતા " તેવું પણ ભાગવતમાં વર્ણવવામાં આવ્યું છે.**

**સેવ્યને જેમ સુખ થાય તેમ કરવું તે જ સેવકનો ધર્મ હોય છે. અતએવ, સેવા કરનારે પ્રભુની સામે ચકરી, ભચરડો, આદિ રમકડાં સાજવા જોઈએ. નદી – પર્વત કુન્જોની પિછવાઈ વગેરે દ્વારા સજાવટ કરીને તેમાં વૃન્દાવનના નદી, પર્વત કુગ્જેની (પાવન) કરવી જોઈએ. ભગવાન ગોપ, ગોપીની વચ્ચે મોટા થવા હતા. તેથી ટોપ, પણ ફેંપ મોરપીછં, ગુજન માલા આદિ શૃંગાર ઘારણ કરતાં હતા. ભગવાનની આરોગવાની વસ્તુઓમાં પણ માખણ – મિશ્રી દહીં છાશ, દુધ, દૂધની વાનગીઓ, ફળ. અથાણા વગેરે ગમતા ખાદ્ય પદાર્થોનો સમાવેશ રહેતો. આથી અન્ય વસ્ત્ર શૃંગાર તેમજ ભોગ સામગ્રીની સાથોસાથ ઉપરોકત વ્રજના વસ્ત્ર શૃંગાર તથા ભોગ સામગ્રી પ્રભુને આગ્રહ પૂર્વક સમર્પવા જોઈએ. આપણા ઘેર જયારે મહેમાન આવે છે ત્યારે તેમની ગમતી સુવિધાઓ આપીને તથા ભાવતી વસ્તુ ખવડાવીને તેમની આગતા સ્વાગતા કરતા હોઈએ છીએ. તેમ પુષ્ટિમાર્ગિના ઘરનાં શ્રી આચાર્ય ચરણની કૃપાથી, બિચજતા, શ્રીનન્દ,**

યશોદાજીના પુત્ર વ્રજાધિપ કૃષ્ણની સેવા પણ પૃષ્ટિ ભકિત માર્ગિએ તેમને ગમતાં વ્રજ સંબંધ વસ્ત્ર, શૃંગાર, રમકડાં, ભોગ, સામગ્રી, સાજ સજની ના સમર્પણ પૂર્વક કરવી જોઈએ. આ વિષયનું વિશેષ જ્ઞાન પોતાના ગુરુ પાસેથી મેળવવું જોઈએ. (૨૫)

શ્રી ગોવર્ધનાથજીના સ્વરૂપમાં દ્વારા શાડી વૈ પુરુષે શ્રુતિ બાર અંગ કહે છે. તેમ શ્રીમદ્ ભાગવતના બારે સ્કેછ શ્રીનાથજીના બારે અંગમાં બિરાજમાન છે. નિરોધ દશમસ્કધ હદયમાં બિરાજે છે. મુકિતલીલા એકાદશ સ્કેધ મસ્તકમાં છે. આશ્રયલીલા પ્રાદશ સ્કધ શ્રીનાજીના ઉંચા વામ હસ્તમાં બિરાજે છે. વામ હસ્ત ઉંચો કરી શ્રીનાજી ભકતોને પોતાના શરણે બોલાવે છે. જેથી શરણભાવના સૌથી ઉંચી કક્ષાએ રાખી છે.

એકાદશમાં સ્કધનું નામ મુકિત શાથી પડયું ? એનું રહસ્ય વિચારીએ વેણુગીત સુબોધીનીમાં  મુકત જીવોને પ્રભુ પોતાના અંગમાં પધરાવે છે. તેમને લીલાનો અનુભવ કરાવવા પ્રગટ કરે છે. લીલા માટે તેમનું પ્રાકટ્રય કરે છે. ભકતોને લીલામૃતનો આસ્વાદ કરાવીને તેમો પુનઃ પૂર્વભાવ મુકતાવસ્થામાં પાછા મુકવામાં આવે છે. એને શાસ્ત્રકાર "પ્રત્યા ન્યાય" કહે છે. મુકત જીવોને લીલા–સ્વાદ કરાવવા સૃષ્ટિમાં પ્રકટ કરી પુનઃ મૂળ સ્થિતિ– મુકતાવસ્થામાં મૂકવા એ સ્વરૂપ લાભ મેળવનારા ભાગ્યવાન જીવો મુળ કહેવાય છે. સ્કધ ( ૨–૧૦–૧ )

लकताना प्रपश्चालावो निरोघ नित्रायं ाना

**સ્વરૂપવાળી મુકિત બ્રહ્મસ્વરૂપેણાસ્થાનાશ્રયઃ**

૧. **અધિકારિણાસાધનાની અધિકારીને સાદાન વિચાર**

૨. **સાધન યુકતાના શ્રવળમ્ – સાધનામાં મુખ્ય સાધન શ્રવણ**

૩. તત્રાદ્ગૌ સર્ગાતીભા– પ્રભુએ અલૌકિક સૃષ્ટિ રચી

૪. સૃષ્ટિના ધર્માદિપુરુષાર્થ આધનમ – વી સૃષ્ટિમાં ધર્મ, અર્થ, કામ, મોક્ષ, ચાર પુરુષાર્થ વર્ણન

૫. સિધ્ધપુરુષાર્થાના તત્ વતમર્પાદા સ્થાપનમ – પુરુષાર્થ સિધ્ધ કર્યા પછી તે ભૂગોલમાં તેતે મર્યાદાથી રાખવા.

૬. તતમધ્યે કોપાચિત અનુગ્રહ તે દૈવી જીવો પૈકી કોઈ પૃષ્પ પ્રાપ્તસ્મ વૈપમ્પદોષરમ વિવૃભ્યર્વ વાસના કૃપાપત્ર

૭. જીવો વિષમતા દૂર કરવાનું માહે વાસ્ત્ર એટલે આચાર તે ઉતિ કહે છે.

૮. વતોવાસના નિવૃર્પ્થન સધ્ધર્ભા – વાસના દૂર કરવા માટે ધર્મ સદાચારને માન્યકાર કહે છે.

૯. નિવૃતદોષણા ભકિત દોષી દૂર થવા બાદ ભકિત તેને ઈશ્વરકથા કહે છે.

૧૦. તતા ભકતોની આસકિત ભકતને આસકિત કરાવી નિરોધ કરાવવો એટલે જગતને ભૂતાવી પ્રભુમાં આસકિત એ નિરોધ છે.

૧૧. નિષ્પપંચી ભકતોને પ્રભુના સ્વરૂણોનો લાભ મુળરૂપે સ્થિતિ કરાવવી એટલે મુકિત

૧૨. તથા વ્યવસ્થિતાના ભગદાશ્રય મુકતજીવોને બ્રહ્મસ્વરૂપે સ્થાન તે આશ્રય ભગવાન

આ અર્ગાદિ દશવિધ લીલામાં અન્વય રૂપે પાંચ લીલા છે. વ્યતિરેક રૂપે પાંચ લીલા છે.




બ્રહ્મજ્ઞાનીને પ્રતીતિ વિશ્વાસ થવાને ભગવાન જે ઘટ પર રૂપે છે. એવું જ્ઞાન થવાને ભગવાન જે જે લીલા કરે છે. તે ઉતિલીલા છે.




આ ઉપર આપણને જન્મ પ્રકરણના લાલ ભદેજીના શબ્દો ઘણો જ પ્રકાશ પાડે છે.

દશમસ્કંધમાં જીવોનો અને તેમના દેહનો લૌકિક ભાવ દૂર કર્યો, જડતા દૂર કરી સદ્ અંશ ને જડતાને ભાગ હતો તે દૂર કરી દેહમાં ચિદ્ – આનંદ પ્રકટાવ્યાં એટલે ફલરૂપ નિરોધ થયો, આવા અલૌકિક દેહવાળા જીવોને નિત્યલીલામાં પ્રવેશ થાય એકિત છે. દશમની નિરોધલીલામાં જો કે માયા ગુણ રહિત હતા. તો પણ લીલોપયોગી અંતરંગ માયાના ગુણોની અસર હોવાથી આપણને લૌકિક જેવો વ્યવહાર લાગે છે. પરંતુ આ અંતરંગલીલાના ગુણો મીકતલીલામાં દૂર થતાં નિત્યલીલા પ્રવેશરૂપી મુકિત થતાં એકાદશસ્કંધની લીલા મુકિતલીલા જીવોને શુદ્ધ, નિર્ગુણ બનાવે છે. ભગવાન લૌકિક – વૈદિક અને

ભગવદીય એમ ત્રેણ ધર્મોનો પરિત્યાગ કરવાને તે ધર્મોનું જીવોને વિસ્મરણ કરાવે છે. ધર્મોના આવરણરૂપે પ્રભુ બને છે, ત્યારે ધર્મો ગુપ્ત થાય છે. જીવ શુદ્ધ થાય છે. આવરણ પ્રભુનું જ છે. તેને નિરોધ કહીએ છીએ.

આવા શુદ્ધ જીવોને ભગવાન સ્વરૂપલાભ કરાવે છે એ મૂળ સ્વરૂપ – બ્રહ્મરૂપે સ્થિતિ છે. મુકિત એટલે સ્વરૂપલાભ, સ્વરૂપલાભ એટલે આ જીવ મારો છે, ભગવલ્લીલોપયોગી સત્ત્વ એટલે સ્વરૂપલાભ, આ સ્વરૂપ લાભથી લીલારસ લેવાની યોગ્યતાવાળું અંતરંગરૂપ છે જગતને ભુલાવી જીવને લૌકિક વૈદિક ભગવદીય ધર્મોથી મુકત કરવો અને લીલાલાયક રૂપ આપવું એ મુકિત છે. એમ આપણે સિદ્ધ કર્યુ છે. (૨૬)

## 5.6 આવિર્ભાવ તિરોભાવનો સિદ્ધાંત અને અવિકૃત પરિણામવાદ

શ્રી વલ્લભાચાર્યજી ન્યાય ઈત્યાદિની અસત્‌કારણવાદનું ખંડન કરી સ્પષ્ટતાપૂર્વક કહે છે કે પ્રત્યેક કાર્યએ કારણમાં પૂર્વ નિહિત છે જેને માટે તેમની નીચે મુજબની દલીલો છે.

(૧) કાર્યનું કારણમાં અસ્તિત્વ અનિવાર્ય છે, કારણ કે તે વગર કારણમાંથી કાર્ય ઉત્પન્ન થઈ શકે નહીં. માટીમાં ઘડાનું અસ્તિત્વ ન હોય તો તે માટીમાંથી ઉત્પન્ન થઈ શકે નહીં.

(૨) કાર્યએ ઉપાદાન કારણનું રૂપાંતર છે, કારણ કે કાર્ય તે કારણમાં પૂર્વ નિહિત છે. માટી જ ન હોય તો ઘડો સંભવિત નથી. આમ ઘડો એ માટીનું રૂપાંતરિત સ્વરૂપ છે.

(૩) કારણમાં કાર્યના વિશિષ્ટ ગુણો અસ્તિત્વ ધરાવે છે. આમ ન હોય તો કોઈપણ વસ્તુમાંથી કોઈપણ અન્ય વસ્તુ બની શકે. આમ હોય તો પાણીમાંથી દહીં થાય. પરંતુ દહીં દૂધમાંથી જ બની શકે. કારણ કે દહીંના ગુણધર્મ દૂધમાં પહેલાં મોજૂદ હોય છે.

(૪) કોઈપણ વસ્તુમાંથી અન્ય કોઈ વસ્તુ બની શકતી નથી. જે કારણમાં અસ્તિત્વ ધરાવે છે તે જ કાર્ય રૂપમાં પરિવર્તન થઈ શકે છે.

(૫) વાસ્તવમાં ઉપાદાન કારણ ( Material Cause ) માં કાર્ય ( Effect ) નું તત્ત્વ સમાહિત હોય છે. જે ત્યારે પ્રગટ હોતું નથી. કારણ જયારે કાર્યમાં પરિણમે છે, ત્યારે કેવળ તેનું નામ અને રૂપ બદલાય છે. હકીકતમાં કારણ અને કાર્ય બન્ને સત્ય હોય છે.

❖ **વિવર્તવાદ :–**

શંકરાચાર્યજી જેઓ ' વિવર્તવાદ ' માં માને છે, તેઓ ઉપરોકત તથ્યનો અસ્વીકાર કરે છે. તેઓ ' કારણ ' એટલે બ્રહ્મને તો સત્ય માને છે, પરંતુ જગતને તેનું કાર્ય માનતા નથી. તેને ' વિવર્ત ' એટલે કે ભ્રમ માત્ર માને છે. જેવી રીતે રાત્રિના અંધકારમાં રસ્સીને સર્પ માની બેસાય, એ પ્રમાણે તેઓ જગતને માયાના કારણે બ્રહ્મનો આભાસ માને છે. તેને અસત્ય કે મિથ્યા માને છે, ' વિવર્ત ' એટલે જે વસ્તુ હકીકતમાં જેવી થઈ જ ન શકતી હોય તેવી રીતે તેનો ભાસ થવો, એટલે તેવી ભ્રાતિ થવી. ઉપર આપેલા રસ્સી અને સર્પના ' ઉદાહરણની માફક અંધકારને કારણે ભ્રમ પેદા થાય છે. આને ' વિવર્તવાદ ' કહે છે, જે શંકરાચાર્યજીએ પ્રસ્તુત કરેલો છે.

❖ **પરિણામવાદ :–**

આપણે જાણીએ છીએ કે બાળપણ, કિશોર, યુવા પ્રૌઢ વગેરે મનુષ્યની અવસ્થાઓ હોય છે. એ અવસ્થાઓ બદલાતી હોય છે. અવસ્થા પ્રમાણે નવો મનુષ્ય જન્મતો હોતો નથી. જે પૂર્વે બાળક હતો તે જ કિશોર બને છે અને આગળ જતાં તે કિશોર જ યુવાન – પ્રૌઢ એમ ઉત્તરોત્તર બને છે. તે જ પ્રમાણે કારણ જ કાર્યનું રૂપ ધારણ કરતું હોય છે. અહીં બાળકરૂપી કારણમાંથી યુવારૂપી કાર્યનું નિર્માણ થાય છે. આ પ્રક્રિયા જોતાં

સમજાશે કે જો કારણ જ કાર્ય રૂપમાં પરિણીત થતું હોય તો જો કારણ સત્ય હોય તો તેમાં રૂપાંતર થતું કાર્ય અસત્ય કેવી રીતે હોઈ શકે ? વાસ્તવમાં નૂતન કોઈ વસ્તુ ઉત્પન્ન થતી નથી. એવી ન્યાયમતની માન્યતા છે. એકમાંથી બીજામાં રૂપાંતર માત્ર થતું હોય છે. આને ' પરિણામવાદ ' કહેવાય છે.

પરિણામના બે પ્રકાર હોય છે.

(૧) વિકૃત પરિણામ

(૨) અવિકૃત પરિણામ

(૧) વિકૃત પરિણામ :–

જયારે દૂધને જમાવવામાં આવે છે ત્યારે તેમાંથી દહીં બની જતું હોય છે. દૂધ કારણ છે અને દહીં તેનું કાર્ય છે. જયારે દૂધમાંથી દહીં બને છે ત્યારે તેના ગુણધર્મ બદલાઈ જાય છે. અર્થાત્ તેમાં વિકાર ઉત્પન્ન થાય છે. તેનો સ્વાદ ખાટો થઈ જાય છે, તે ઘટ્ટ બની જાય છે. ઉપરાંત દહીં પાછું મૂળ રૂપમાં આવી શકતું નથી. દહીંમાંથી પાછું દૂધ બની શકે નહીં. આવા પરિણામને ' વિકૃત પરિણામ ' કહેવામાં આવે છે.

(૨) અવિકૃત પરિણામ :–

ઉપરોકત ઉદાહરણથી વિપરિત એક બીજી સ્થિતિ પણ સંભવી શકે છે. સોનામાંથી જયારે ઘરેણાં બનાવવામાં આવે ત્યારે ઘરેણાંનું સ્વરૂપ જુદું હોવા છતાં તેના મૂળ તત્ત્વ સોનામાં કોઈ ફેરફાર થતો નથી. અર્થાત્ વિકૃતિ આવતી નથી. ઘરેણાંને જયારે ગાળવામાં આવે ત્યારે તે પોતાના મૂળ સ્વરૂપ સોનામાં પરિવર્તિત થઈ જાય છે.  આ પ્રકારના પરિણામને ' અવિર્કત  પરિણામ ' કહેવામાં આવે છે. અહીં કારણ (સોનું)

કાર્ય (ઘરેણાં) રૂપે પરિણમે છતાં મૂળ તાત્વિક સ્વરૂપમાં કોઈ ફેરફાર કે વિકૃતિ થતી નથી અને તે કાર્ય પુનઃ કારણના મૂળ સ્વરૂપમાં આવી શકે છે.

## ❖ જગત બ્રહ્મનું અવિકૃત પરિણામ છે :–

શ્રી વલ્લભાચાર્યજીના મતે બ્રહ્મ જગતનું ઉપાદાન તેમજ નિમિત્ત કારણ છે. જગતના નિર્માણમાં બ્રહ્મ સિવાય બીજું કોઈપણ તત્ત્વ ભાગ ભજવતું નથી. બ્રહ્મ પોતે જ જગતનું નિર્માણ કરે છે, અર્થાત્ બ્રહ્મ જ નિમિત્ત કારણ છે. અને પોતાનામાંથી જ જગતનું નિર્માણ કર્યું છે માટે પોતે જ કારણ પણ છે. એટલે કે બ્રહ્મ જ પોતે જગતરૂપ બન્યા છે, અથવા પરિણમ્યા છે. જેમ ઘરેણામાં પરિવર્તિત થવા છતાં તેમાં સોનાનું તત્ત્વ અકબંધ રહે છે. જેમ ઘરેણાંને ગાળવાથી પાછું તે સોનામાં પરિણામિત થઈ જાય છે, તેમ જગતનો પ્રલય થતાં તે પાછું બ્રહ્મરૂપ બની જાય છે.

આમ, શ્રી વલ્લભાચાર્યજીના મતે બ્રહ્મ જગતનું અભિન્ન નિમિત્તોપાદાન કારણ છે, માટે જગત એ બ્રહ્મનું ' અવિકૃત પરિણામ છે. '

## ❖ અભાવ, આવિર્ભાવ, તિરોભાવ :–

અભાવ : – " ભાવ " એટલે કોઈ વસ્તુનું હોવું, અસ્તિત્વ કે હયાતી. જયારે આપણે કહીએ કે ' અહીં ઘડો છે' આમ કહેવાથી ઘડાનું અસ્તિત્વ છે એવો 'ભાવ' સૂચિત થાય છે. તેની હયાતીનું આપણને ભાન થાય છે, પરંતુ જયારે કોઈ વસ્તુ અહીં નથી, તે ન હોવાને, અસત્તાને કે અનસ્તિત્વને ' અભાવ ' કહેવાય છે. જેમ આપણે કહીએ કે ' ઘડો નષ્ટ થઈ ગયો. અર્થાત્ ઘડાનો અભાવ છે એવો અર્થ નીકળે છે.

ન્યાયમત પ્રમાણે અભાવ ચાર પ્રકારના હોય છે.

(૧) અત્યંતાભાવ

(૨) પ્રાગભાવ.

(૩) પ્રધ્વંસાભાવ

(૪) અન્યોન્યાભાવ

જયારે કોઈ વસ્તુના અસ્તિત્વને તેના સ્થળને અનુલક્ષીને નકારવામાં આવે, જેમ કે ' આ ઓરડામાં ઘડો નથી.' તેને ' અત્યન્તા ભાવ ' કહેવાય. અહીં ઓરડામાં એટલે કે કોઈ સ્થળમાં ઘડાનો અભાવ બતાવવામાં આવ્યો છે.

જયાં સુધી કોઈ વસ્તુ ઉત્પન્ન ન થાય ત્યાં સુધી તેનો અભાવ છે તેમ કહેવાય. આમ, વસ્તુની ઉત્પત્તિ પૂર્વેની સ્થિતિને ' પ્રાગભાવા કહેવાય છે. જેમ કે બીજ વાવ્યું હોય પરંતુ તેમાંથી વૃક્ષ ન ઉગે તે પહેલાંની સ્થિતિને વૃક્ષનો ' પ્રાગભાવ ' કહેવામાં આવે છે.

વસ્તુનો નાશ થયા પછીની સ્થિતિને એટલે કે પ્રધ્વસં થયા પછીની સ્થિતિને 'પ્રધ્વંસાભાવ' કહેવાય છે. આમ, પ્રાગભાવ એટલે ઉત્પત્તિ પહેલાંનો અભાવ અને પ્રધ્વંસાભાવ એટલે નાશ થયા પછીનો અભાવ. આ બન્ને સમયના (કાલ) ના સંદર્ભમાં અભાવ છે.

એ જ પ્રમાણે એક વસ્તુમાં બીજી વસ્તુનું અસ્તિત્વ હોતું નથી જેમ કે ઘડો એ વૃક્ષ નથી. ઘડો એ ઘડો જ છે. અને વૃક્ષ એ વૃક્ષ જ છે. પ્રત્યેક વસ્તુનું એક નિશ્ચિત સ્વરૂપ હોય છે એક વસ્તુનું સ્વરૂપ બીજી વસ્તુનું હોતું નથી. આમ, એક વસ્તુમાં બીજી વસ્તુનું, અસ્તિત્વ ન હોવું કે ' અભાવ ' હોવો તેને ' અન્યોન્યાભાવ ' કહેવામાં આવે છે.

❖ આવિર્ભાવ તિરોભાવ :–

શ્રી વલ્લાભાચાર્યજી ઉપરોકત અભાવના સિદ્ધાંતને સ્વીકારતાં નથી. કારણ કે જે વસ્તુ સત્ય છે તેનો કદી નાશ સંભવી શકે નહીં. તેમના મતે જગત બ્રહ્મમાંથી ઉત્પન્ન થયેલ હોઈ, જગત પણ સત્ય છે. તેનો કદી નાશ સંભવે

નહીં. એટલે જગત અથવા જાગતિક પદાર્થોનો ' અભાવ ' સંભવ નથી. તેનું અસ્તિત્વ સદાકાલ પર્યંત જ હોઈ શકે. પરંતુ ઉત્પત્તિ પહેલાં જગત ન હતું કે પ્રલય પછી જગત સ્વરૂપ રહેતું નથી. એવો અનુભવ થાય છે. આ પરિસ્થિતિને સમજાવવા શ્રી વલ્લાભાચાર્યજીએ "આવિર્ભાવ" અને "તિરોભાવ" નો સિદ્ધાંત આપ્યો છે. 'આવિર્ભાવ' એટલે પ્રગટ થવું અને 'તિરોભાવ' એટલે છુપાઈ જવું કે અંતરધ્યાન થઈ જવું 'આવિર્ભાવ' માં નથી નવેસરથી ઉત્પન્ન થવાની સ્થિતિ કે 'તિરોભાવ' માં નથી નષ્ટ થઈ જવાની સ્થિતિ આમ 'અભાવ' અને 'તિરોભાવ' માં તફાવત છે, જે સમજાવો જરૂરી છે. 'અભાવ' નો અર્થ વસ્તુનું અસ્તિત્વ સદંતર ન રહેવું અને 'તિરોભાવ' માં વસ્તુનું અસ્તિત્વ ખતમ થઈ જતું નથી. પરંતુ 'અપ્રગટ' સ્થિતિમાં આવે છે. અસ્તિત્વ ધરાવતી વસ્તુ જો પોતાના ' કાર્ય ' ને પ્રગટ ન કરતી હોય અથવા તે વસ્તુ વિદ્યમાન હોવા છતાં તેનો અનુભવ ન કરી શકાતો હોય તો તેને તે વસ્તુનો ' તિરોભાવ ' થયો છે એમ કહેવાય. પુનઃ જયારે તે વસ્તુ પ્રગટ થાય અથવા તેને અનુભવાય ત્યારે તેનો 'અવિર્ભાવ' થયો તેમ કહેવાય.

આ પ્રક્રિયાને પાણી અને વરાળમાં ઉદાહરણની સમજી શકાય. પાણીને જયારે ગરમ કરતાં તે વરાળના રૂપમાં ઊડી જાય ત્યારે ન્યાય મત પ્રમાણે તેને પાણીનો 'અભાવ' કહેવાય. પરંતુ શ્રી વલ્લભાચાર્યજીના મતે તે પરિસ્થિતિને પાણીનો 'તિરોભાવ' થયો તેમ કરેવાય. કારણ કે અહીં પાણીનો સદંતર નાશ થતો નથી, કેવળ રૂપાંતર થાય છે. જો તે વરાળને એકઠી કરી તેને ઠંડી કરવામાં આવે તો તે પાણીના રૂપમાં પુનઃ આવી શકે છે. અહીં પાણીની નવીન ઉત્પત્તિ નથી, પરંતુ પાણીનો 'આવિભાવ' થયો તેમ કહેવાય. એ જ પ્રમાણે બ્રહ્મમાંથી જગતની ઉત્પત્તિએ જગતનો આવિર્ભાવ છે અને પ્રલય સમયે જયારે જગતનો લય થાય ત્યારે જગત નષ્ટ થઈ જતું નથી, પરંતુ તેનો 'તિરોભાવ' થાય છે. આમ, જગતનું અસ્તિત્વ બ્રહ્મમાં પૂર્વથી જ છે. બ્રહ્મમાંથી તે જગતનું અસ્તિત્વ બ્રહ્મમાં પૂર્વથી જ છે. બ્રહ્મમાંથી તે ઉત્પન્ન થતું નથી. તે પ્રગટ થાય છે. અથવા

તેનો આવિર્ભાવ થાય છે. તદ્નુસાર જગતના લયની સ્થિતિ તે તેના અપ્રગટ થઈ જવાની અથવા ભિરોભાવની છે.

ન્યાયમત પ્રમાણેના ઉપરોકત ચાર પ્રકારના અભાવ અર્થાત અત્યંતાભાવ, પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ અને અન્યોન્યાભાવનું નિરાકરણ પણ શ્રી વલ્લાભાચાર્યજી આ પ્રમાણે કરે છે.

' ઓરડામાં ઘડો નથી ' એ વાકયમાં ઓરડામાં ઘડાનું અસ્તિત્વ ન હોવું એવા 'અત્યન્તાભાવ' ને બદલે એમ કહેવાય કે ઓરડામાં ઘડો ' તિરોહિત' છે. જગતના સંદર્ભમાં જગત એ બ્રહ્મનું પરિણામ હોઈ તે બ્રહ્મની માફક ' સત્ ' છે. સત્ એટલે જેનો કદી અભાવ ન થતો હોય અથવા નાશ ન થતો હોય. બ્રહ્મ જગતરૂપે બન્યું હોવાથી જગતની પ્રત્યેક વસ્તુ બ્રહ્માત્મક છે, એટલે તેનો નાશ કે અભાવ સંભવ નથી. આમ, જગત જયારે અપ્રગટ હોય ત્યારે તેનો વાસ્તવમાં અભાવ નથી, પરંતુ તે ' તિરોહિત ' છે તેમ માનવું જોઈએ. તે જ મુજબ અસ્તિવત્વમાં આવ્યા પૂર્વે કે પ્રલય પછીની સ્થિતિમાં જગતનો ' પ્રાગભાવ' કે ' પ્રધ્વંસાભાવ ' નથી, પરંતુ ઉપર કહ્યું તેમ ' આવિર્ભાવ ' અને ' તિરોભાવ ' ની પ્રક્રિયા જ છે. ઉપર ઉદાહરણ આપ્યું તેમ પાણીમાંથી વરાળ ઉત્પન્ન થઈ તે તેનો ' પ્રાગભાવ ' ન હતો. વરાળનું પાણીમાં અસ્તિત્વ હતું જ પરંતુ તે તિરોહિત અવસ્થામાં હતું. તે જ પ્રમાણે જગતનું અસ્તિત્વ બ્રહ્મમાં હોય જ છે. માટે જગતનો ' પ્રાગભાવ' હોતો નથી. તદ્નુસાર ' પ્રધ્વંસાભાવ' જેવી પણ કોઈ ચીજ હોતી નથી. જેમ વરાળ ઠંડી થાય ત્યારે તે પુનઃ પાણીના સ્વરૂપે આવી જાય છે.

આમ, પાણીમાંથી વરાળ બનતાં પાણીનો ' અભાવ ' અથવા ' પ્રધ્વંસ ' ની સ્થિતિ નથી બનતી, પરંતુ ' તિરોધાન ' ની પ્રક્રિયા થાય છે. તે પ્રમાણે બ્રહ્મ જયારે લીલાને સંકેલી લેવાની ઈચ્છા કરે ત્યારે જગત પુનઃ બ્રહ્મરૂપ બની જાય છે, જગતનું અસ્તિત્વ ખતમ થઈ જતું નથી. જગતમાં પ્રત્યેક વસ્તુનું એકબીજાથી સ્વતંત્ર અસ્તિત્વ દેખાયછે. તેને ન્યાયમત ' અન્યોન્યાભાવ' માને છે.

પરંતુ ઉપનિષદ્‌માં કહેવાયું છે કે બ્રહ્મ જયારે સૃષ્ટિનું સર્જન કરે છે ત્યારે " હું અનેક રૂપ થઈ જાઉ "

अेकोहं बहुस्याम्

એવા સંકલ્પ દ્વારા તે સર્વરૂપો ધારણ કરે છે. જેમ એક અભિનેતા અલગ અલગ કાર્યો માટે જુદાં જુદાં રૂપ ધારણ કરે છે, તેમ બ્રહ્મ પણ જયારે જે જે રૂપોને પ્રગટ કરવાની ઈચ્છા કરે છે ત્યારે તે તે રૂપો સિવાયનાં બીજાં બધાં રૂપોને છુપાવી દે છે. અર્થાત તિરોહિત કરે છે. આ જ કારણ છે કે જગતની વસ્તુમાત્ર બ્રહ્માત્મક હોવા છતાં પરસ્પર ભિન્ન જણાય છે. તેનાં કાર્યો એકબીજાથી ભિન્ન દેખાય છે.

આમ, ન્યાય મતે કરેલી અભાવની કલ્પના બ્રહ્મ અને જગતના સંબંધની બાબતમાં નિરાધાર સિદ્ધ થાય છે. શ્રી વલ્લભાચાર્યજીએ ન્યાયમતના અભાવના સિદ્ધાંતનો અસ્વીકાર કરી ' આવિર્ભાવ તિરોભાવ ' ના શાસ્ત્રીય સિદ્ધાંતનો સ્વીકાર કર્યો છે. તે જ મુજબ ઉત્પત્તિ અને વિનાશના સિદ્ધાંતનો પણ અસ્વીકાર આવિર્ભાવ તિરોભાવના સિદ્ધાંતને આધારે કરે છે. ન્યાયમત અસત્ય કાર્યવાદને સ્વીકારનું હોઈ તેઓ ઉત્પત્તિ નાશના સિદ્ધાંતમાં માને છે. જયારે શ્રી વલ્લભાચાર્યજીએ સત્કાર્યવાદનો સ્વીકાર કરતા હોઈ " અવિર્ભાવ–તિરોભાવ' ના સિદ્ધાંતનાં આધારે બ્રહ્મ જગતના સંબંધને સમજાવે છે. (૨૭)

## 5.7 બ્રહ્મવાદ અને તેની તત્ત્વમીમાંસાકીય સ્થિતિ :–

અખિલ રસામૃત શ્રી હરિ યા શ્રી કૃષ્ણ એ જ પરમબ્રહ્મ યા પરમ પુરુષ છે. સંસાર તથા પ્રલય બન્ને એમની જ લીલાના વિલાસ અંશો માત્ર છે. સૃષ્ટિ એ બ્રહ્મનું અવિકૃત પરિણામ છે. વલ્લભાચાર્ય પણ બ્રહ્મને અભિન્ન

નિમિત્તોપાદાન કારણ તરીકે સ્વીકારે છે. બ્રહ્મ કેવળ કર્તા નહિ પણ ભોકતા પણ છે. બ્રહ્મના ત્રણ પ્રકારો કે સ્વરૂપો છે.

(૧) અંતર્યામી :– વ્યષ્ટિ રૂપ દેહવાળા જીવનનું નિયમન કરે છે. માટે

(૨) અક્ષર બ્રહ્મ :– અંતર્યામીનો નિયામક છે.

(૩) પરબ્રહ્મ શ્રી કૃષ્ણ :– બ્રહ્મનો નિયામક શ્રી કૃષ્ણ પરબ્રહ્મ છે.

બ્રહ્મનાં આધિ ભૌતિક ( જગત ), આધ્યાત્મિક (અક્ષર બ્રહ્મ) તથા આધિદૈવિક સ્વયં પરબ્રહ્મ, પરમાત્મા (સચ્ચિદાનંદ) એવાં ત્રણ સ્વરૂપ છે. તેમાંનું પહેલું સ્વરૂપ કર્મે કરી, બીજું જ્ઞાને કરી અને ત્રીજું ભકિતએ કરી પ્રાપ્ત થાય છે. જ્ઞાની જનો અક્ષર બ્રહ્મને પરમ ફલ રૂપે સ્વીકારે છે અને ભકત જનો અક્ષર બ્રહ્મને પ્રભુના પુરુષોત્તમના ધામ રૂપે સ્વીકારે છે. (૨૮)

નામરૂપાત્મક સઘળા જગતના આકારે પરિણામ પામતી માયાનું અધિષ્ઠાન તે બ્રહ્મ. પરમ સત્યની વ્યાખ્યા બાહ્ય જગતની દષ્ટિએ આપીએ તો એ પરમ સત્યને 'બ્રહ્મ' કહેવામાં આવે છે. ''જેમાંથી આ ભૂતમાત્ર જન્મે છે, જન્મીને જેને આધારે જીવે છે, ને મરી ગયા પછી જેનામાં વિલીન થઈ જાય છે, તે પદાર્થ બ્રહ્મ છે. તૈત્તરીય ઉપનિષ પ્રમાણે જગતની વસ્તુઓ હંમેશાં પોતાનાં રૂપ બદલતી રહે છે, એટલે તેને કંઈ પારમાર્થિક દષ્ટિએ સત્ ન ગણી શકાય. સદા બદલાતી વસ્તુઓવાળા નામ રૂપાત્મક – વિશ્વની તળે, તેના મૂળમાં, કંઈક ધ્રુવ અને અવિચળ તત્ત્વ છે. પરમસત્ છે તે બ્રહ્મ. બ્રહ્મ અનિર્વચનીય હોઈ તેની વ્યાખ્યા આપી શકાતી નથી. પણ તાર્કિક મનને માટે તો સગુણ, સવિશેષ, સોપાધિક એ પરમ સત્ય છે. અને જગતની વિવિધતા તેની અંદર સમાઈ જાય છે. નિરૂપાધિક બ્રહ્મ જ સોપાધિક બ્રહ્મ રૂપે દેખા દે છે. અપરોક્ષ અનુભવ યા સાક્ષાત્કારમાં જે એક ને અદ્વિતીય દેખાય છે, તે જ બૌદ્ધિક જ્ઞાનની દૃષ્ટિએ, જગતની વિવિધતાને પોતાની અંદર સમાવી લેનારું ને સવિશેષ દેખાય છે. પહેલું પરબ્રહ્મ અને બીજું અપર બ્રહ્મ એમ કહી શકાય (૨૯)

તત્ત્વ એટલે પદાર્થનું અન્તરતમ સ્વરૂપ નામ અને આકાર બદલાય છતાંયે જે જેમનું તેમ રહે તે તત્ત્વ ઉ.દા. ઘડો, કોડિયું, કુંજો વગેરે નામો નિશ્ચિત આકારો સાથે જોડાયેલા છે. એ બધાનું તત્ત્વ અર્થાત્ તાત્ત્વિક રૂપ તો માટી જ છે. દર્શનો આ તાત્ત્વિક રૂપને " ઉપાદાન કારણ " કહે છે. ઉત્પતિની પહંલાં અને ઉત્પત્તિના નાશ પછી પણ જે રહે તે પદાર્થનું તત્ત્વ ગણાય. તત્ત્વર્દષ્ટિ એટલે જે કાંઈ દેખાય છે, કામચલાઉ છે, તેના મૂળ સ્વરૂપને લગતી ર્દષ્ટિ અથવા આકાર – પ્રકારની પર જઈ મેળવાનું વાસ્તવિક વસ્તુનું જ્ઞાન. તત્ત્વજ્ઞાન અથવા સત્યજ્ઞાન તત્ત્વને અધીન હોય છે, જ્ઞાતાને અધીન નહિ. દોરડાને દોરડા રૂપે જુએ એ જ્ઞાન સાચું, અને દોરડાને સાપ રૂપે જુએ તે ભ્રમ છે. પરંતુ એથી કાંઈ વસ્તુનું સ્વરૂપ બદલાઈ જતું નથી. વસ્તુ પોતાના સ્વરૂપ વિષે સ્વતંત્ર છે, દૃષ્ટાને અધીન નથી.

શંકરાચાર્યના મતે પરમસત્ તત્ત્વ એક અને અદ્વિતીય છે, તેઓ એકતત્વવાદી છે. પરંતુ તેઓ બ્રહ્મ સિવાઈ કોઈ પરમ તત્ત્વને સ્વીકારતા નહિ હોઈ તેમને અદ્વૈતવાદી કહેવા વધુ ઉચિત છે. જે પરમ તત્ત્વનો તેઓ સ્વીકાર કરે છે તેને બ્રહ્મ નામ આપે છે. આ બધું બ્રહ્મ જ છે. પૂર્ણ બ્રહ્મ અદ્વિતીય છે.

बृहती बृंहयतीति तत्परम् ब्रह्म !
बृहत्वात् बृंहणत्वाच्य तद् ब्रह्मेत्यलिघीयते !!
चित् अचित् विशिष्टः इश्वरः !

બ્રહ્મનું નિરૂપણ કરવામાં તેઓ શ્રુતિવચનો તથા તર્કનો આશ્રય લે છે. નિત્યને નિર્વિકાર એવા બ્રહ્મને જગતની ભાષામાં વર્ણવવાનો પ્રયત્ન મિથ્યા નીવડે છે. છતાં તેઓ એમ માને છે કે અ–પરોક્ષ અનુભવ યા સાક્ષાત્કાર વડે જગતના આદિકારણરૂપ બ્રહ્મનું દર્શન થઈ શકે છે.

'દિક, કાલ, અને કાર્યકારણના નિયમવાળું જે ભૌતિક જગત છે તેની પાછળ રહેલું નિત્ય, નિર્વિકાર, સ્વયંભૂ અને સ્વતંત્ર સત્ તત્ત્વ તે બ્રહ્મ છે ' એવો જે ઉપનિષદનો સિદ્ધાંત છે તેનું શંકર પ્રતિપાદન કરે છે. તેમના મતે પરબ્રહ્મ એ અવ્યય અને અવિકારી સ્વતંત્ર સત્ તત્ત્વ છે. જગતનું અધિષ્ઠાન, સત્ છે. બ્રહ્મ કેવળ અસ્તિત્વરૂપ – ભાવરૂપ છે.

તૈતરીય ઉપનિષદ્ મુજબ બ્રહ્મ કેવળ સત્ય, જ્ઞાન અને અનંત છે ' સત્ય ' શબ્દ સૂચવે છે કે તત્ત્વનો આપણને અપરોક્ષ અનુભવ થતો હોઈ તેની હસ્તિ નિશ્ચિત અને નિઃસંદેહ છે. 'જ્ઞાન' શબ્દ સૂચવે છે. કે એ તત્ત્વ ચૈતન્યરૂપ છે, ' અનંત ' શબ્દ સૂચવે છે કે એ તત્ત્વ સર્વગ્રાહી અને અપરિમિત છે. સત્ય, જ્ઞાન અને અનંત એ બ્રહ્મનાં સ્વરૂપ લક્ષણો છે, વિશેષણો નથી.

બાહ્ય જગતની દૃષ્ટિએ પરમ સત્યની વ્યાખ્યા ' બ્રહ્મ' તરીકે આપી શકાય. પરબ્રહ્મનું યથાર્થ વર્ણન કરવા માટે વિચારની કોઈપણ કોટિ નકામી નીવડે છે. વિચાર કે વાણીથી તેનું યથાર્થ આલકન થઈ શકતું નથી. એ સત્ તત્ત્વના અપાર અપરિમિત વૈભવનો તાગ કાઢવાની આપણી પરિમિત બુદ્ધિમાં તાકાત નથી. (૩૦) મનુષ્યનું પરિમિત મન મૌનરૂપી સંયમ દ્વારા જ એ પરમ સત્યના અપાર મહિમાના, એનાં અમર્યાદ વૈભવના યશોગાન ગાય છે. બ્રહ્મનું યથાર્થ વર્ણન કરવું જ હોય તો ' નેતિ' શબ્દો દ્વારા જ થઈ શકે. આ શબ્દો વડે જયારે બ્રહ્મને વર્ણવવાનો પ્રયાસ થાય છે ત્યારે એ મનુષ્યજ્ઞાનની મર્યાદા સૂચવે છે, કારણ કે બ્રહ્મ તો અવર્ણનીય અને અનિર્વાચ્ય છે. આ શબ્દો દ્વારા બ્રહ્મ વાણીને કેવું અગોચર છે તે બતાવેલ છે. કેવલ નથી, તેમ અ–કેવલ પણ નથી.

શૂન્ય નથી તેમજ અશૂન્ય પણ નથી, કારણ કે તેનામાં આવું કોઈ દ્વૈત નથી. એક પણ નથી ત્યાં બે કયાંથી હોય ? 'એક' એવો સંખ્યાવચક શબ્દ પણ તેને લાગુ પાડી શકાય નહિ, કારણ કે એમ કરવા જતાં તે મર્યાદિત બની જાય છે. માટે તેને એક અને અદ્વિતીય કહેવામાં આવે છે. સર્વ નિષેધ કર્યા પછી પણ

કંઈક ભાવરૂપ સત્ તત્ત્વ તો રહી જ જાય છે. ને તેની હસ્તીનો નિષેધ થઈ શકતો જ નથી અહીં કોઈ એમ શંકા ઉઠાવે કે માત્ર 'નેતિ – નેતિ' કહ્યા કરવાથી નિર્ગુણ બ્રહ્મ તે શૂન્યરૂપ ન ઠરે ? તો તેનો ઉત્તર એ છે કે – આ બ્રહ્મથી અળગું એવું કંઈ છે જ નહિ. તેથી ' નેતિ, નેતિહ કહ્યું છે, પણ બ્રહ્મ પોતે જ નથી, એવો એનો અર્થ નથી. મતલબ કે શૂન્યવાદ અને નિર્ગુણ બ્રહ્મવાદ બન્ને એક નથી. મધ્વાચાર્યે જે ટીકા કરેલી છે કે શૂન્યવાદીઓનું 'શૂન્ય' છે તે જ માયાવાદીનું 'બ્રહ્મ' છે તે બરાબર નથી. બ્રહ્મ શૂન્ય નથી, બ્રહ્મ નિરવૈયકિતક છે. (૩૧)

## 5.7.1 બ્રહ્મ ત્રિવિધ ભેદ રહિત :

બ્રહ્મ દેશ કાળ અને સ્વરૂપની સીમાઓથી પર હોવાને કારણે સર્વત્ર સર્વદા અને સર્વરૂપે રહેલ છે. આ કારણે જ તેને ' સર્વવ્યાપી ' કહેવામાં આવે છે અને આજ અર્થમાં તેને બ્રહ્મ પણ કહેવામાં આવે છે. તે સર્વવ્યાપી સર્વાત્મક હોવાથી ત્રિવિધ – ભેદ – વિવર્જિત પણ છે.

બ્રહ્મ વસ્તુ કે સ્વરૂપની સીમામાં બંધાયેલું નથી તે સાંભળીને કેટલાક ભેદવાદિઓના મનમાં શંકા થતી હોય છે કે જડ જીવ અને અન્તર્યામીથી બ્રહ્મનો ભેદ સ્પષ્ટ સ્વરૂણે દેખાઈ આવે છે. ત્યારે બ્રહ્મમાં વસ્તુગત પરિચ્છેદ નથી તેવું કેમ કહી શકાય ? આથી બ્રહ્મમાં સજાતીય, વિજાતીય અને સ્વગત ભેદો છે તેવું સાબિત થાય છે.

બ્રહ્મના તાત્વિક સ્વરૂપના જ્ઞાનથી આ શંકાનું નિરાકરણ સમજતાં પહેલાં 'સજાતિયભેદ' 'વિજાતીયભેદ' અને 'સ્વગતભેદ' કોને કહેવાય તે સમજીશું.

### ➢ સજાતીય ભેદ :

કોઈ એક ગુણધર્મ જયારે અનેક વસ્તુઓમાં વ્યાપક રીતે તેમના ઉત્પન્ન થતાંની સાથે જ મળી આવતો હોય તો તેને 'જાતિ' કહેવામાં આવે છે. દા.ત. અર્જુન યુધિષ્ઠિર દુર્યોધન કર્ણ વગેરે જુદી–જુદી વ્યકિતઓ છે, પરંતુ, તે

બધાને આપણે એક શબ્દ 'મનુષ્ય' થી બોલાવીએ છીએ. કારણ કે તે બધામાં એક જાતિ સમાનરૂપે રહેલી હોય છે. એક જ જાતિના હોવાને કારણે બધા મનુષ્યોને ' સજાતીય' કહેવામાં આવે છે. અહીં ધ્યાનમાં કારણે વાત એ છે કે બધા મનુષ્યો જાતિની દૃષ્ટિથી એકજાતીય હોવા છતાં વ્યકિતની દૃષ્ટિથી ભિન્ન – ભિન્ન હોય છે. આથી મનુષ્યોમાં સજાતીય ભેદ છે તેમ કહી શકાય છે. જીવોને બ્રહ્મનાં ગુણધર્મો, ચૈતન્ય નિત્યતા વગેરે, જીવમાં પણ રહેલા હોય છે. અહીં ધ્યાનમાં લેવાની વાત એ છે કે જીવોની ઉત્પત્તિ જો બ્રહ્મ સિવાય કોઈ બીજા તત્ત્વથી થઈ હોત તો બ્રહ્મ અને જીવ વચ્ચે સજાતીય ભેદ સંભવી શકત. બ્રહ્મ પોતે જ જો જીવરૂપ બન્યો હોય તો બ્રહ્મ અને જીવ વચ્ચે સજાતીયભેદ સંભવી શકતો નથી.

➢ **વિજાતીય ભેદ :**

પરસ્પર અસમાન ગુણધર્મો ઘરાવનારને 'વિજાતીય' કહેવામાં આવે છે. દા.ત. જડ અને જીવ. જડ પદાર્થોને પોતાના અસ્તિત્વનું ભાન હોતું નથી. તેઓમાં સુખ–દુઃખ ઈચ્છા પ્રયત્ન વગેરે ગુણ હોતા નથી. જયારે જીવમાં આ બધા ગુણો હોય છે. આથી જડ – જીવ વચ્ચે વિજાતીય ભેદ હોય છે. સ્ત્રી અ પુરૂષ ગાય–ઘોડો મનુષ્ય–પશુ વગેરે વિજાતીયભેદના દષ્ટાન્તો છે. જડ – જગત્‌ને બ્રહ્મથી વિજાતીય માની શકાય છે. હકીકતમાં તો જીવની તુલનામાં જડ પદાર્થોમાં બ્રહ્મના ગુણધર્મોનો તિરોભાવ વધુ પ્રમાણમાં હોય છે. આથી જડને વિજાતીય માનવામાં આવે છે. આ વિજાતીયતા, પરંતુ તાત્ત્વિક નથી. લીલાની સિદ્ધિ માટે અનેક નામ – રૂપો ઘારણ કરવાની ઈચ્છાથી ખુદ બ્રહ્મમાં જ અને પોતે બ્રહ્મે જ પ્રગટ કરેલી આ વિજાતીયતા છે. આથી તત્ત્વદૃષ્ટિએ જડ પદાર્થો જયારે બ્રહ્મથી વિજાતીય નથી, ત્યારે બ્રહ્મ અને જડ વચ્ચે વિજાતીયભેદ પણ કયાંથી શકય હોય ?

- **સ્વગતભેદ :**

**વૃક્ષ અને તેની ડાળીઓનો શરીર અને તેનાં અંગોનો કે મશીન અને તેના સ્પેર પાર્ટસ વચ્ચેના ભેદોને 'સ્વગત ભેદ' કહેવામાં આવે છે. એક અવયવી વસ્તુમાં રહેલા અવયવોનાં ખંડોના ભેદને 'સ્વગત ભેદ' કહેવામાં આવે છે. અન્તર્યામી એ બ્રહ્મનું એક વિશિષ્ટ રૂપ છે. અન્તર્યામીનું કાર્ય પ્રત્યેક જીવમાં રહીને તેનું નિયમન કરવાનું હોય છે. અન્તર્યામીમાં બ્રહ્મના સત્ ચિત્ અને આનંદ આમ ત્રણેય ગુણધર્મો પ્રકટ હોય છે. આથી જડ તેમજ જીવની તુલનામાં અન્તર્યામીને બ્રહ્મનો સ્વગત ભેદ માનવામાં આવે છે. તત્ત્વ દ્રષ્ટિએ જોતાં અન્તર્યામી અને બ્રહ્મ વચ્ચે કોઈપણ પ્રકારનો ભેદ હોતો નથી. કારણ કે અન્તર્યામીરૂપે પણ બ્રહ્મ પોતે જ પ્રકટ થતું હોય છે. આથી બ્રહ્મ અને અન્તર્યામી વચ્ચે સ્વગતભેદ પણ સંભવી શકતો નથી.**

**સજાતીય વિજાતીય અને સ્વગત ભેદોથી રહિત હોવાથી બ્રહ્મની વ્યાપકતા નિદૃષ્ટ સિધ્ધ થાય છે. વ્યાપકતા જ બ્રહ્મનું ઐશ્વર્ય છે. સર્વત્ર સર્વદા અને સર્વરૂપમાં બ્રહ્મ અવસ્થિત હોવાને કારણે જ સમગ્ર સૃષ્ટિનું નિયમન કરનારો ઈશ્વર પણ તે જ છે.**

**આમ બ્રહ્મ ત્રિવિધ ભેદ રહિત સચ્ચિદાનંદ સ્વરૂપ છે.** (૩૨)

## 5.7.2 બ્રહ્મ ત્રિવિધ પરિચ્છેદ રહિત

**બ્રહ્મ સાકાર અને નિરાકાર બન્ને છે. તેમનામાં ' આનંદ ' અને ' રસ ' તત્ત્વ છે. તે અર્થમાં તે નિરાકાર છે. બ્રહ્મ જગતનું ' અભિન્ન નિમિત્ત – ઉપાદાન કારણ છે. જયારે જીવ જડાત્મક જગતરૂપે પ્રગટ થાય છે. ત્યારે તેનો 'આવિર્ભાવ' થયો તેમ કહેવાય. બ્રહ્મની જગતની રચનાનો કોઈ વિશિષ્ટ હેતુ નથી. તે પોતાની લીલા માટે તેણે રચ્યું છે. ભગવાનની અનેક થવાની ઈચ્છા મુખ્યતવે તેમાં રહેલી છે અને સૃષ્ટિની રચનાના મૂળમાં તે જ છે.**

બ્રહ્મ સગુણ કે નિર્ગુણ છે તે સમજવા કેટલીક પાયાની વાત ધ્યાનમાં રાખવી આવશ્યક છે. પ્રમાણ શાસ્ત્રની દષ્ટિથી સગુણ કે નિર્ગુણ બ્રહ્મમાં જ ફરક છે તે જાણવાનું સાધન માત્ર ' શાસ્ત્ર ' જ છે. શંકરાચાર્ય કહે છે કે બ્રહ્મમાં નથી રૂપ કે નથી. તેની આકૃતિ કોઈ અન્ય બાબત સાથે તેની સરખામણી કરી શકાય તેવા કોઈ ચિંનહ પણ નથી. ગંધ ઈત્યાદિ બાબતોની પરખ તો આંખ કાન ઈત્યાદિ ઈન્દ્રિયોથી કરી શકાય, પરંતુ બ્રહ્મને તો શાસ્ત્ર દ્વારા જ પારખી કે જાણી શકાય. બ્રહ્મની અનુભૂતિ શાસ્ત્ર દ્વારા જ પ્રાપ્ત થઈ શકે. કેટલાંક કહે છે કે તર્ક દ્વારા અમે બ્રહ્મને સિદ્વ કરીશું. પરંતુ તર્ક કરવા માટે પણ શાસ્ત્રનો આધાર લેવો પડે. શાસ્ત્ર સિવાય તેને કઈ રીતે સિદ્વ કરી શકાય ?

શ્રી વલ્લભાચાર્ય કહે છે – બ્રહ્મ સગુણ છે અને નિર્ગુણ પણ છે. તેઓ કેવળ સગુણવાદી નથી કે કેવળ નિર્ગુણવાદી પણ નથી. તેમના મત બ્રહ્મ સાકાર અને નિરાકાર બન્ને છે કારણ કે શાસ્ત્ર તે પ્રમાણ કહે છે. જેમ આજનું વિજ્ઞાન માને છે કે પ્રકાશ પદાર્થ છે અને કાર્યશકિત પણ છે એ જ પ્રમાણે બ્રહ્મમાં આપસમાં વિરોધાભાસી ગુણો દશ્યમાન થાય છે તે સ્વીકારવું જ જોઈએ.

બ્રહ્મને શ્રુતિ સવિશેષ – નિર્વિશેષ, સાકાર, નિરાકાર, સધર્મક, નિધર્મક કહે છે. પ્રભુ ચાલે છે, તે નથી ચાલતા, તે સક્રિય છે નિષ્ક્રિય છે. આમ પરસ્પર વિરુદ્વધર્મોનું પ્રતિપાદન કરે છે. બ્રહ્મનું સ્વરૂપ સહસા અગોચર છે. બ્રહ્મમાં વિરુદ્વ ધર્માશ્રય ધર્મ મોટા પ્રમાણમાં છે અને તેમનાં કાર્યોમાં આ ગુણ નાના રૂપમાં છે. અને તેથી પણ નાનાં નાનાં કાર્યોમાં તે રહે છે.

अन्तमूर्ति तद्ग ब्रह्म कूटस्थं चलमाव च ! (૩૩)
विरुद्गसर्वघर्माणामाश्रयं युकयगाअचरम् !

સજાતીય જીવ, વિજાતીય જડ, અંતર્યામી સ્વગત છે. પ્રભુ વ્યાપક છે. વ્યાપક એટલે પરિચ્છેદ રહિત, વિભાગ રહિત હોય તે જ વ્યાપક હોઈ શકે. આપણે પ્રભુને ત્રણ સ્વરૂપે જોઈએ છીએ, જડ – જીવ – અંતર્યામી બ્રહ્મ આ ત્રણ સ્વરૂપે છે તથાપિ તેમાં દ્વૈત નથી., ભેદ નથી. એ ત્રણેમાં અનુસ્યૂત એટલે કે પરોવાઈને રહ્યું છે. તેથી ભેદ નથી, એ સિદ્ધાંત છે.

ભેદના ત્રણ પ્રકાર છે

(૧) જેમ એક ગાય ખંડિત હોય બીજી ગાય પુચ્છ વિનાની હોય તે બંને ગાયો તો છે. પણ પરસ્પર અંગ ન હોવાથી ભેદ લાગે છે. આ ભેદને સજાતીય ભેદ કહેવાય છે.

(૨) બીજો સ્વગત ભેદ, વૃક્ષ અને અને ફૂલના જેવો ભેદ કહે છે. ફૂલની અંદર વૃક્ષ જ રહેલું છે. ફૂલ વૃક્ષનો જ એક ભાગ છે પણ ઝાડને પુષ્પ નથી કહેવાતું. આ સ્વગત ભેદ કહેવાય છે.

(૩) વિજાતીય ભેદ ઘટ અને વસ્ત્રના દષ્ટાન્તથી સમજાવે છે. વસ્ત્ર તે ઘટથી જુદી જાતનું છે. વિજાતીય છે, ઘટથી વસ્ત્ર વિજાતીય છે. ઉપર મુજબ સજાતીય, વિજાતીય અને સ્વગત ત્રણ ભેદોનાં દષ્ટાન્ત સમજયા, હવે તે ઉપરથી સિદ્ધાંત વિચારએ કે આવા ત્રણ ભેદ પ્રભુમાં નથી.

(૧) બ્રહ્મને જીવ સજાતીય છે. મુણ્ડક શ્રુતિમાં જીવનું વ્યચ્ચરણ દર્શાવતાં સ્વરૂપ ( સમાન રૂપ કહ્યા છે.) જીવના ચેતન ધર્મ અને નિત્ય – ધર્મ બ્રહ્મ જેવા જ ધર્મો છે, માટે સજાતીય જીવ છે. છતાં તે બ્રહ્મ રૂપ છે, સજાતીય ભેદ નથી.

(૨) બ્રહ્મને વિજાતીય જડ છે. જડત્વપણું અને અનિત્યપણું બ્રહ્મમાં નથી, માટે જડ યદ્‌પિબ્રહ્મ વિજાતીય છે, તથાપિ તેમાં બ્રહ્મનો સદંશ છે. બ્રહ્મથી ભિન્ન નથી.

(૩) અંતર્યામીમાં સ્વગત ભેદ દેખાય છે. તેમાં સત્ ચિદ્, આનંદ ત્રણે છે. તથાપિ પરિચ્છિન્ન છે. દરેક શરિરમાં ભિન્ન છે અને નિયત કર્તૃત્ય છે, માટે ભિન્ન દેખાય છે. પણ તે બ્રહ્મથી જુદા નથી.

ભાવાર્થ એ છે કે – સચ્ચિદાનંદ ભગવાનમાં આ ત્રણે ભેદ નથી, જડમાં સદ્રૂપે છે, જીવમાં ચિદ્રૂપ છે. અંતર્યામીમાં પ્રકટાનંદરૂપે છે. ત્રણેયમાં તે તે અંશથી ઓતપ્રોત થઈ રહ્યા છે, માટે તેમાં દ્વૈત નથી, ત્રણેથી શુદ્ધ અદ્વૈત જ છે. માટે શ્રુતિમાં

अकमेवाद्वितीयं ब्रह्म '' नेह नानास्ति कि न ''

'' मृत्यो स मृत्युमाप्नौति य इह नाने पश्यति''

દ્વૈત વગરનું છે. સર્વ બ્રહ્મ જ છે. અત્રે નાના પ્રકારે તે કંઈ ભેદ નથી, જે કોઈ જુદો જુદો ભેદ જુઓ છે, તે ભય પામે છે, મૃત્યુની શિક્ષા પામે છે. માટે ત્રણ ત્રણ ભેદમાં બ્રહ્મ ( પ્રભુ ) નથી, એમ સિદ્ધ થયું.

બ્રહ્મ પ્રાપંગ્ચિક પદાર્થની વિલક્ષણ છે. જડમાં જેમ અનેક કુત્સિત નિન્દિત – વ્યવહાર જોઈએ છીએ, પણ તે વ્યવહાર બ્રહ્મમાં જતાં નથી. કારણના ધર્મો કાર્યમાં જાય છે. પરંતુ કાર્યના જડત્વાદિ ધર્મો કારણમાં જતા નથી, માટે શ્રી આચાર્ય ચરણે આજ્ઞા કરી છે કે

प्रापर्ि कपद्वाथोनां सर्णेषां तद्धिक्षणम् !!

અર્થ – બ્રહ્મ પ્રાપંચિક સર્વ પદાર્થોથી વિલક્ષણ છે.

આમ બ્રહ્મ નિગુણ નિરાકાર સગુણ સાકાર હોવા છતાં તેમાં સજાતીય, વિજાતીય અને સ્વગત ભેદ હોવા છતાં તે બ્રહ્મ ત્રિવિધ ભેદ અને પરિચ્છેદ રહિત છે. (૩૪)

### 5.7.3 બ્રહ્મ સત્ ચિત્ આનંદ સ્વરૂપ :–

શબ્દની ત્રણ વૃતિ એટલે અર્થ ઉપજાવનારી શકિત છે. તે અભિધા, લક્ષણા અને વ્યંજના કહેવાય છે. અભિધા વૃત્તિથી શબ્દમાંથી મુખ્ય અર્થ નીકળે છે. જયારે મુખ્ય અર્થ બંધબેસે નહિ કે તે અર્થમાં બોલનારની મતલબ ના હોય ત્યારે લક્ષણાવૃત્તિથી મુખ્ય અર્થની સાથે સાથે સંબંધ ધરાવનારો બીજો અર્થ લેવો પડે છે. એ અર્થ ગ્રહણ કરવાનું પ્રયોજન વ્યંજનાવૃત્તિથી સમજાય છે. જે વૃત્તિથી ઘણો ઊંડો રહેલો અર્થ સમજાય તે વ્યંજનાવૃત્તિ 'ઉપનિષદ્' શબ્દનો અર્થ પણ આચાર્યશ્રી લક્ષણા દ્વારા 'બ્રહ્મવિદ્યા માટેનો ગ્રંથ' એવો કરે છે. તેમના વિવેક ચૂડામણિ નામના ગ્રંથમાં તેઓશ્રી કહે છે કે સૂર્ય અને પતંગિયું, રાજા અને સેવક, સમુદ્ર અને કૂવો, મેરુ અને પરમાણું – એ બધાં જેમ એકબીજાથી જુદાં છે, તેમ પરસ્પર વિરુદ્ધ ધર્મવાળા ઈશ્વર અનેજીવ બંને વાચ્ય અર્થમાં તો જુદા જ છે – પણ એ બન્નેનો જે લક્ષ્ય અર્થ (ઉપાધિ વિનાનું શુદ્ધ બ્રહ્મસ્વરૂપ) છે તે જોતાં તો બન્ને એક જ છે.

બ્રહ્મ–આત્માનું સ્વરૂપ સત્–ચિત્–આનંદ છે તે આ અગાઉ આપણે જોઈ ગયા છીએ. હવે સત્–ચિત્ અને આનંદ એ ત્રણેય પદોમાં લક્ષણા દ્વારા કઈ રીતે અભેદ સિદ્ધિ થાય છે તે જોઈએ.

(૧) સત્ :–

સત્ય, સાચું, વિદ્યમાન, ટકી રહેનાર, નિત્ય અસ્તિત્વ યુકત તેના બે પ્રકાર છે.

(૧) સાપેક્ષ સત્ય, અને

(૨) નિરપેક્ષ સત્ય,

આમાં પહેલો પ્રકાર માયાજન્ય પ્રપંચમાં પ્રવર્તે છે. દા.ત. પ્રાતિભાસિક સત્તાની અપેક્ષાએ વ્યાવહારિક સત્તા સત્ય ખરી, પરંતુ પારમાર્થિક સત્તાની અપેક્ષાએ તેને અસત્ય માનવી પડે છે.

બ્રહ્મ–આત્મતત્ત્વ નિરપેક્ષ સત્ય છે. માયાવિશિષ્ટ બ્રહ્મમાં બન્ને પ્રકારની સત્યતા છે. એ બ્રહ્મ છે તેથી નિરપેક્ષ સત્ય છે, અને માયાવિશિષ્ટતાવાળો તેનો જે ભાગ છે તે સાપેક્ષ સત્ય છે. તેથી સત્ પદનો વાચ્યાર્થ 'સાપેક્ષ અને નિરપેક્ષ સત્ય' થાય છે. ભાગ – ત્યાગલક્ષણા વડે આ અર્થમાંથી વિશેષણ ભાગનો ત્યાગ કરીએ તો માયા અને માયામાં રહેલી સાપેક્ષ સત્યતા બંને દૂર થાય છે અને બાકી નિરપેક્ષ બ્રહ્મની સત્યતા રહે છે. આથી 'સત્' શબ્દનો લક્ષ્યાર્થ જ સમજવાનો છે, નહિતર સ્વ–સ્વરૂપ કે બ્રહ્મનું સ્વરૂપ સમજાશે નહિ.

(૨) ચિત્ :–

જાણવું તે, જ્ઞપ્તિ, જ્ઞાન તેના બે પ્રકારો છે :

(૧) અંતઃકરણ વૃત્તિરૂપ જ્ઞાન, અને

(૨) ચેતનનું સ્વરૂપ ભૂત, કેવળ જ્ઞપ્તિરૂપ જ્ઞાન વૃતિરૂપ જ્ઞાન ઉપજે છે અને જે ઉપજે છે તે નષ્ટ થાય છે. નશ્વરતા પરમતત્વમાં અનિષ્ટ છે. પરંતુ ચૈતન્યનું સ્વરૂપભૂત નિર્વિશેષ કેવળ જ્ઞપ્તિપણારૂપ જ્ઞાન ઊપજતું નહિ હોઈ તે અનશ્વર નિત્ય છે. અન્તઃકરણ વિશિષ્ટ બ્રહ્મ (=જીવ) માં આ બંને જ્ઞાનો છે, અને જ્ઞાનપદના અર્થમાં તે બંનેને સ્થાન છે. આથી 'ચિત્' પદનો પણ લક્ષ્યાર્થ ગ્રહણ કરવાનો છે.

(૩) આનંદ :–

આનંદના ત્રણ પ્રકારો માનવામાં આવેલ છે.

(૧) વિષયાનંદ

(૨) વાસનાનંદ અને

(૩) બ્રહ્માનંદ,

આમાં પહેલાં બે મિશ્ર, અનિત્ય અને અંતે દુઃખદ હોવાથી, આનંદભાવના વિરોધી છે, જયારે ત્રીજો પૂર્ણપણે નિત્ય શુદ્ધ આનંદ છે. આ ત્રણેય 'અંતઃકરણ વિશિષ્ટ બ્રહ્મ' (જીવાત્મા) માં રહે છે. અહીં લક્ષણા વડે અંતઃકરણ અને જીવાત્માએ ભાગ અનુક્રમે આનંદના અર્થમાંથી અને જીવાત્માથી દૂર કરીએ તો બાકી રહે છે બ્રહ્માંનદ એ જ આનંદ પદનો લક્ષ્યાર્થ છે અને તે જ સાચું ચિત્–સ્વરૂપત્વ છે. આમ બ્રહ્મઆત્માનું સચ્ચિદાનંદ સ્વરૂપ પણ ભાગત્યાગ લક્ષણા દ્વારા સમજી શકાય છે.

મૂળ સ્વરૂપે આત્મા સત્–ચિત્–આનંદ સ્વરૂપ છે. આત્મા 'સત્' સ્વરૂપ છે એટલે કે તે શાશ્વત છે, નિત્ય છે. જીવાત્માને જન્મ કેમરણ નથી, માટે તે અજન્મ છે. વાસ્તવમાં જીવાત્મા તેના મૂળ સ્વરૂપમાં અશરીરિ છે. શરીરના મૃત્યુથી જીવાત્માનું મૃત્યુ થતું નથી. જીવાત્મા 'ચિત્' સ્વરૂપ છે. જ્ઞાનશકિત વડે તે શરીર, ઈન્દ્રિય અને મનમાં વ્યાપેલા છે. જીવાત્મા 'આનંદ' સ્વરૂપે છે. શુષુપ્ત અવસ્થામાં જીવાત્માને પોતાના મૂળ આનંદમય સ્વરૂપની ઝાંખી થાય છે એટલે કે જીવાત્માનું સાચું સ્વરૂપ આનંદમય છે. સંક્ષેપમાં આત્મા કે બ્રહ્મ સચ્ચિદાનંદ છે.

બ્રહ્મને સચ્ચિદાનંદ સ્વરૂપ કહેવામાં આવેલ છે. પરંતુ એ બ્રહ્મનું વિશેષણ નથી, પણ સ્વરૂપ લક્ષણ છે. લક્ષણ સ્વરૂપલક્ષણ એટલે જે લક્ષણને પદાર્થમાંથી દૂર કરવામાં આવતાં તે પદાર્થ જ રહેતો નથી તે અને તટસ્થ લક્ષણ એટલે જે લક્ષણો બદલાયા કરે છે તે સચ્ચિદાનંદ (સત્ =Beig, ચિત્ =Counsciousness અને આનંદ =Bliss ) એ બ્રહ્મનું સ્વરૂપ લક્ષણ છે, અને જેમાંથી સૃષ્ટિની ઉત્પત્તિ અને જેમાં તેની સ્થિતિ અને લય થાય છે તે બ્રહ્મનું તટસ્ગ લક્ષણ છે. (તજજ્લાન) બ્રહ્મએ જ્ઞાન સ્વરૂપ છે, જ્ઞાનગુણાશ્રય નથી.

શંકરાચાર્ય માને છે કે બ્રહ્મના નિષેધાત્મક વર્ણન 'નેતિ' 'નેતિ' નો હેતુ પરબ્રહ્મની ભાવાત્મક સત્તા અર્થાત્ હસ્તી હરી લેવાનો નથી, મતલબ કે તેનો ઈન્કાર કરવાનો નથી, પરંતુ જીવને પરબ્રહ્મ કેવું પરાત્પર લાગે છે

તે બનાવવનો છે. તેઓ માને છે કે પરબ્રહ્મ નિર્ગુણ, નિરાકાર, નિર્વિશેષ, નિરૂપાધિક છે. શાસ્ત્રો એ પરબ્રહ્મનું દર્શન કરાવતાં નથી. પણ માત્ર તેની હસ્તીની સાક્ષી પૂરે છે

શંકર ત્રણ પ્રકારની સત્તા ( Reality ) ની કોટિઓ સ્વીકારે છે.

(૧) પારમાર્થિક સત્તા

(૨) વ્યાવાહારિક સત્તા અને

(૩) પ્રાતિભાસિક સત્તા.

બ્રહ્મની સત્તાએ પારમાર્થિક સત્તા છે, જગતની સત્તાએ વ્યાવહારિક સત્તા છે અને દોરડીમાં બાધ ન થઈ શકે. બ્રહ્મ આ અર્થમાં સત્ય છે, કારણ કે અન્ય જ્ઞાનથી તેનો બાધ થતો નથી. શંકરના મતે બ્રહ્મ પ્રત્યક્ષ વિરોધી (દોરડીમાં સાપની ભ્રાન્તિ) તથા સંભવિત વિરોધ (જે દલીલો દ્વારા બાધિત થઈ શકે) થી શૂન્ય છે. બ્રહ્મ આ અર્થમાં ત્રિકાલાબાધિન સત્તા છે. પરિશ્વમના દાર્શનિક સ્પિનોઝાના દ્રવ્યની માફક શંકરનું બ્રહ્મ નિર્ગુણ યા પરબ્રહ્મ પણ ઉપાસ્ય ઈશ્વરથી ભિન્ન છે. ભકત જે પોતાથી અલગ એવા તત્ત્વની ઉપાસના કરે છે. અને જે સર્વોચ્ચ ગુણોથી વિભૂષિત છે એવા ઈશ્વરથી ભિન્ન એવું આ બ્રહ્મનું સ્વરૂપ છે આથી શંકર નિરીશ્વરવાદી આરોપમાં કાંઈક તથ્ય છે. પરંતુ જો 'ઈશ્વર' શબ્દનો વ્યાપક અર્થ કરવામાં આવે તો આ આરોપ ઉચિત ઠરતો નથી. 'ઈશ્વર' એટલે પરમાર્થ સત્ તત્ત્વ એવો અર્થ લઈએતો શંકરનો મત નિરીક્ષ્વરવાદને બદલે આસ્તિકવાદ ઠરે છે. નિરીશ્વરવાદી તો માત્ર જગતને જ સ્વીકારે છે, ઈશ્વરને નહિ. ઈશ્વરવાદી જગત તથા ઈશ્વર બન્નેનો સ્વીકાર કરે છે. શંકર માત્ર ઈશ્વરનો જ સ્વીકારે છે, તેમના મતે ઈશ્વર પરમ સત્ તત્ત્વ છે, બ્રહ્મ જ એકમાત્ર સત્તા છે. આ મતને ઈશ્વરનો નિષેધ ન કહી શકાય, પરંતુ ઈશ્વરના મંતવ્ય અંગેની પરાકાષ્ઠાનું નામ આપી શકાય. ધાર્મિક (આસ્તિક) લોકોનાં મનમાં ઈશ્વર પ્રત્યે

જે શ્રધ્ધાપૂર્ણ ભાવ ભરેલો હોય છે તેને આ મત પૂર્ણતાના શિખરે પહોંચાડી દે છે, કારણ કે તે એક એવી અવસ્થાની કલ્પના કરે છે કે જયાં અહંકાર અને વિષયોથી પર કેવળ બ્રહ્મનું જ સ્થાન હોય, આથી જો સાધારણ ઈશ્વરવાદથી ભિન્ન એવું નામ આ મતને આપવું હોય તો પણ તેને નિરીશ્વરવાદ નહિ પરંતુ 'પરબ્રહ્મવાદ' જેવું નામ આપવું વધુ તર્કસંગત છે.

## 5.7.4 બ્રહ્મ અભિન્ન નિમિત્ત ઉપાદાન કારણ

કારણના નિમિત્ત તથા ઉપાદાન એવા એ પ્રકારો માનવામાં આવે છે. જે પદાર્થને બનાવે છે તે તે પદાર્થનું નિમિત્ત કારણ કહેવાય છે. દા.ત. એક માટીનું પૂતળું કોઈ કુંભાર કે કારીગરે બનાવ્યું હોય તો તે કારીગર તેનું નિમિત્ત કારણ કહેવાય. બીજું જે દ્રવ્યનો તે પદાર્થ બને છે તે તેનું ઉપાદાન કારણ Material cause કહેવાય છે. ઉપરના ઉદાહરણમાં પૂતળું માટીનું છે તો માટી તે તેનું ઉપાદાન કારણ કહેવાય છે. હવે જો જગતનું કારણ ઈશ્વર છે એમ શ્રુતિવચન (૩૫) હોય તો તે ઉપર જણાવેલાં બે કારણોમાંથી કયું કારણ છે. નિમિત્ત કે ઉપાદાન ? આચાર્યશ્રીના મતે બ્રહ્મ જ જગતનું નિમિત્ત તથા ઉપાદાન કારણ છે. (૩૬)

**શંકા :–**

બ્રહ્મનું સ્વરૂપ જોતાં તો તે નિર્વિકાર, પરિપૂર્ણ અને અક્રિય છે. આથી જગતની ઉત્પત્તિરૂપ ક્રિયા તેના વડે કેમ સંભવે ?

**સમાધાન :–**

કેવલાદ્વૈતમાં આ શંકાનું સમાધાન એ રીતે કરવામાં આવે છે કે કેવળ બ્રહ્મમાં ક્રિયા સંભવતી નથી. તો પણ માયા સહિત બ્રહ્મમાં ક્રિયા સંભવે છે, કારણ માયા એ બ્રહ્મની શકિત છે. તે શકિત દ્વારા બ્રહ્મ આ જગતને ઉત્પન્ન કરે છે. આ માયાને જ સાંખ્યમાં 'પ્રકૃતિ' કહી છે.

**શંકા :–**

'માયાની શકિત દ્વારા જ બ્રહ્મ જગત ઉત્પન્ન કરે છે, એમ કહીએ તો બ્રહ્મ અને માયાશકિત એવાં બે તત્ત્વોનો સ્વીકાર કરવો પડશે, અને પરિણામે બ્રહ્મના એક અને અદ્વિતીય સ્વરૂપને હાનિ પહોંચશે.

સમાધાન :–

પદાર્થની શકિતનું પદાર્થથી ભિન્ન એવું સ્વતંત્ર અસ્તિતવ હોઈ શકે નહિ. દા.ત. અગ્નિ અને તેની દાહશકિત, તેવી જ રીતે માયા એ બ્રહ્મની શકિત હોવાથી તેના યોગે અદ્વિતીયત્વને બાધ આવતો નથી. જેમ માણસથી અલગ તેની ઈશ્વરશકિત અસ્તિત્વ ધરાવતી નથી પણ ઈચ્છા વગરના માણસનું અસ્વિત્વ સંભવિત છે. તેમ માયા એ પરમેશ્વરની ઈચ્છા જ છે. આથી પરમેશ્વર સિવાય માયાની હસ્તી સંભવિત નથી, પરંતુ માયા સિવાય પરમેશ્વરનું અસ્તિત્વ કલ્પી શકાય. ઈશ્વરનું મન જે માયા તેના યોગથી તે આ વિચિત્ર જગતની રચના કરે છે એમ કહેવું તર્કસંગત છે. વળી આ બારામાં શ્રુતિ તેમ જ સ્મૃતિનો પણ ટેકો છે. ટૂંકમાં શંકરાચાર્યના મતે માયોપાધિક બ્રહ્મ જ જગતનો કર્તા છે, તેને જ ઈશ્વર કહે છે.

શંકા :–

જગતનું નિમિત્ત કારણ જે ઈશ્વર તે જ તેનું ઉપાદાન કારણ છે અને બંને કારણો અભિન્ન છે. તે કેમ બને ? આપણો વ્યાવહારિક અનુભવ તો એમ કહે છે કે પદાર્થનું નિમિત્ત કારણ ઉપાદાન કારણથી જુદું હોય છે. ઉદા.ત. માટીનું પૂતળું બનાવવામાં કુંભાર અને માટી એ બંને ભિન્ન વસ્તુ છે.

સમાધાન :–

માયા શકિતરૂપે બ્રહ્મથી ભિન્ન નથી. પૂતળાના ઉદાહરણમાં પણ પૂતળું અને તેનો આકાર એટલે કે નામ અને રૂપ ( Name and Form ) એવા બે અંશ છે. પૂતળું એ નામ આકારનું છે. માટીનું નહિ. આકાર સ્વરૂપે જે

પૂતળું એનું ઉપાદાન કુંભારના બુદ્ધિ જ છે કારણ કે બધા આકાર કલ્પનાના જ (કેવળ મનોમય) છે. એવી જ રીતે માયા એ ઈશ્વરની કલ્પના કે ઈચ્છા હોઈ જગતનું ઉપાદાન કારણ માયા જ છે એમ સિદ્ધ થાય છે. આપણી ઈચ્છા અને ઈશ્વરની ઈચ્છામાં તફાવત એ છે કે આપણને દ્રવ્ય કે સામગ્રીની જરૂર પડે છે, જયારે ઈશ્વરને તેવી જરૂર પડતી નથી.

ઉપાદાન કારણના પણ બે પ્રકાર પાડી શકાય :

(૧) વિવર્ત કારણ

(૨) પરિણામી કારણ

કોઈવાર આરંભ, પરિણામ અને વિવર્ત એમ ત્રણ પ્રકાર પણ પાડવામાં આવે છે. આ બાબત વિગતે આપણે કાર્ય– કારણવાદની ચર્ચામાં જોઈશું. દોરડીમાં આપણને જયારે ભ્રમથી સર્પનો ભાસ થાય છે ત્યારે દોરડી એ સર્પનું વિવર્તોપાદાન છે અને અજ્ઞાત (સર્પ) એ પરિણામી ઉપાદાન છે, કારણ કે જે સર્પ ભાસ છે તે અજ્ઞાનનું જ પરિણામ છે. એવી જ રીતે બ્રહ્મએ જગતનું વિવર્તોપાદાન છે અને બ્રહ્મથી અભિન્ન એવી માયાશકિત એ પરિણામોયાદાન છે. આમ નિમિત્ત અને ઉપાદાન અહીં જુદાં નથી. જેમ કરોળિયો બીજા કોઈ સાધનની અપેક્ષા ન રાખતાં પોતાના શરીરથી અભિન્ન એવા તંતુઓને (લાળ) પોતે જ રચીને તેમને બહાર ફેલાવે છે ને પછી તેમને ફરીથી ગળી પણ જાય છે, અર્થાત્ પોતાના શરીરમાં સમાવી દે છે; તેવી જ રીતે અવિનાશી પરબ્રહ્મથી સર્વ કાંઈ ઉત્પન્ન થાય છે અને તેમાં જ સમાઈ જાય છે. ખરી હકીકત સંબંધમાં લાગુ પાડી શકાય તેમ છે જ નહિ. માયોપાધિ વિશિષ્ટ ચૈતન્યએ નિમિત્ત કારણ છે અને માયા (ભાવ કે અભાવરૂપ) એ ઉપાદાન કારણ છે – આ બન્ને કારણને એક જ ઈશ્વરના સંબંધમાં ભેગા કરવાએ તર્કસંગત નથી એવી દલીલ કોઈ કરે તો એના જવાબમાં એમ કહી શકાય કે આ પ્રકારનું જોડાણ એટલે અભિવ્યકિત કે પ્રગટીકરણ એમ અર્થ કરવાનો છે. (૩૭)

ઈશ્વર અન્તર્યામી છે તેમ જ પરાત્પર પણ છે. તે જગતમાં પણ છે અને તેનાથી પર પણ છે. (૩૮) તે દૂર પણ છે અને નજીક પણ છે. તે વસ્તુમાત્રમાં ઓતપ્રોત છે, છતાં તે સર્વથી ભિન્ન છે. ઘટનાઓ અને મનુષ્યોના જગતમાં પ્રવેશ કરનાર જુદી જુદી અનેક કક્ષાએ કામ કરનાર પણ જીવસૃષ્ટિમાં સૌથી વધુ છુટથી વિહરનાર, પરબ્રહ્મ તેનું નામ ઈશ્વર. નિત્ય, નિરંજન, બ્રહ્મ માયાના પ્રતાપે બ્રહ્માંડના ઈશ્વરરૂપે પ્રતીત થાય છે. ઈશ્વરનો આ પ્રકારનો ખ્યાલ આપણામાં તેના પ્રત્યે આહોભાવ તેમ જ જ્ઞાનમૂલક પ્રેમની લાગણી જન્માવે છે. જગતમાં વિહરતા દૈવી તત્ત્વરૂણે ઈશ્વર આખા જગતને પાળે છે, મદદ કરે છે ને ટકાવી રાખે છે. જેથી જગત પ્રત્યેક કક્ષાએ, પ્રત્યેક મનુષ્યોમાં ને પ્રત્યેક સ્થળમાં ઊંએ ચડે, પૂર્ણતવ તરફ આગળ વધે, અને જગતને ઈશ્વરે જેવું બનાવવા ધાર્યુ હોય તેવું વધારે અંશે બનાવવા તરફ તે પ્રયાણ કરે. ઈશ્વર તે ક્રિયાશીલ એવું શુદ્ધ બ્રહ્મ જ છે. આત્મશકિત સત્તા અર્થાત્ તત્ત્વની કોઈ જુદી કક્ષાએથી આ જગતમાં ધસી આવે છે, અને – કાર્યકારણની પરંપરાને બદલે છે કે સાવ ફેરવી નાખે છે, – એવી જે ધાર્મિક ભાવના છે તેની પરિપૂર્તિ ઈશ્વરની કલ્પનામાં થાય છે.

## ➢ બ્રહ્મ તથા ઈશ્વર : ( Absolute and God )

બ્રહ્મ શુદ્ધ, નિષ્પ્રપંચ, નિરુપાધિક, નિર્વિશેષ, નિત્ય તથા જ્ઞાતા–જ્ઞેયના ભેદ રહિત શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે. ઈશ્વર માયોપહિત બ્રહ્મ છે. તે સત્ય તેમજ મિથ્યા છે. તેમાં જે સત્ય છે તે બ્રહ્મ છે, બ્રહ્મથી અભિન્ન છે. બ્રહ્મ આધારભૂત ચૈતન્ય છે. ઈશ્વર પુરુષોત્તમ છે. તે પ્રપંચનો અધ્યક્ષ છે. તે બ્રહ્મ તથા જગતપ્રપંતની વચ્ચેનું તત્ત્વ છે. તે જગતનો જ્ઞાતા છે જગત તેના જ્ઞાનનો વિષય છે. સૃષ્ટિના સર્જનકાળ પહેલાં નામ–રૂપાદિના જે અ–વ્યાકૃત બીજ છે તે તેનાં જ્ઞાનનો વિષય હોય છે. તે નથી સત્ કે નથી અસત્ તે તો અનિર્વચનીય છે. તે ઈશ્વરની આંતરિક શકિતના જેવું છે. પ્રપંચનું મૂળ છે. તેને જ ઈશ્વરની માયા–શકિત યા પ્રકૃતિ કહે છે. આમ ઈશ્વર અવિદ્યા–નિર્મિત નામરૂપની

ઉપાધિઓ પર નિર્ભર છે અને તેથી તે તેનાથી ભિન્ન છે. તે જીવોનો નિયામક તથા પથ–પ્રદર્શક છે. તે નૈતિક પ્રશાસક છે. તથા બધાનો પાલક છે. બ્રહ્મ અ–વૈયકિતક છે, તેની વૈયકિતક બાજુ તે ઈશ્વર છે. બ્રહ્મ કારણબ્રહ્મ છે, ઈશ્વર કાર્ય–બ્રહ્મ છે. ઈશ્વર સક્રિય છે, બ્રહ્મ નિષ્ક્રિય છે.

શંકરાચાર્યે ઈશ્વરને અપર કે નિમ્ન બ્રહ્મ અને સર્વોચ્ચ બ્રહ્મને નિરુપાધિક કે પર બ્રહ્મ કહેલ છે જે અગાઉ આપણે જોઈ ગયા છીએ. આનુભવિક દષ્ટિબિંદુથી જોતાં ઈશ્વર સર્વશકિતમાન, સર્વજ્ઞાતા તથા આ વિશ્વનો સર્જક છે. પરંતુ આ તો ઈશ્વરનું તટસ્થલક્ષણ થયું, ઈશ્વરનું સ્વરૂપ લક્ષણ તો સત્ય, જ્ઞાન અને અનંત એવું બ્રહ્મ છે. ઈશ્વરના પારલૌકિકપણાની તેમ જ અંતસ્તત્વની વચ્ચે શંકરાચાર્ય સંમન્વય સાધે છે. જોકે જગતને સત્ય માનતા રામાનુજ આદિના મતની તેમજ પાશ્વત્ય સેશ્વરવાદીઓનાં કેટલાંક પ્રચલિત સ્વરૂપોની સરખામણીમાં આ પ્રકારનો સમન્વય સમજવો મુશ્કેલ પડે છે. જેમ કોઈ જાદુગરને પોતે પ્રસારેલા જાદુનો ત્રણે કાળમાં સ્પર્શ થતો નથી, કારણ કે તે જાણે છે કે તે અસત્ છે, તેવી રીતે પરમાત્માએ પણ આ સંસારરૂપી માયાનો સ્પર્શ થતો નથી. તાત્ત્વિક દૃષ્ટિએ જોતાં ઈશ્વર અ–વ્યાખ્યેય છે.

બ્રહ્મ નિર્વિકલ્પ સમાધિનો વિષય છે, જયારે ઈશ્વર સવિકલ્પ સમાધિનો વિષય છે. ટૂંકમાં ઈશ્વર ઉપાસનાનો અને બ્રહ્મ અનુભૂતિનો વિષય છે. ઈશ્વર તથા જીવો વચ્ચેનો ભેદ પારમાર્થિક દષ્ટિએ સત્ય નથી. ઈશ્વર કેવળ વ્યાવહારિક જગતમાં સત્ય છે. પારમાર્થિક દૃષ્ટિએ ન તો સૃષ્ટિ છેકે ન તો કોઈ સૃષ્ટી છે. સર્વ ઉપાધિઓથી યુકત બ્રહ્મ ઈશ્વરરૂપે પૂજાય છે. આથી ઈશ્વરનું બ્રહ્મથી પૃથક અસ્તિત્વ નથી.

બ્રહ્મના સમ્યક્ જ્ઞાન વડે કરી ઉપાધિઓનો નાશ કરવાનું વેદાન્ત શીખવે છે. ઈશ્વરની ઉપાસનાથી ક્રમમુકિત પણ બ્રહ્માનું ભવથી સદ્યાંમુકિત મળે છે. ટૂંકમાં પ્રથમ નિરીશ્વરવાદ પરથી સેશ્વરવાદ પર થઈ અંતે

પરબ્રહ્મવાદ પર વિરમવાનું છે. આ સમગ્ર નિરૂપણનો સાર એ છે કે ફિલસૂફીનું નિર્ગુણ બ્રહ્મ અને ભકિતનો સગુણ ઈશ્વરએ બન્નેને વેદાન્ત મતમાં સ્થાન છે. ફિલસૂફીનું બ્રહ્મ તે ભકિતમાર્ગના સર્વ અનુયાયીઓ માટે ઈશ્વરરૂપ બની જાય છે. ઈશ્વરએ પરબ્રહ્મનો સર્વોત્તમ આવિર્ભાવ છે. બૌદ્ધિક તર્ક અને યૌગિક ધ્યાન હંમેશા પરબ્રહ્મ કલ્પના પસંદ કરે છે, જયારે નીતિમૂલય ભકિતને ઈશ્વરની કલ્પના ગમે છે.

ડૉ.રાધાકૃષ્ણની કહે છે કે નિર્ગુણ અપૌરુષેય પરબ્રહ્મને ઉપાસનાની સગવડતાને ખાતર પુરુષેત્મરૂપે કલ્પવામાં આવે છે. ભગવદ્ગીતામાં પણ સગુણ ઈશ્વર તથા નિર્ગુણ બ્રહ્મ એમ બન્નેનું નિરૂપણ કરેલું છે તર્કનો શુદ્ધ પ્રકાશ આપણને નિર્ગુણ, નિર્વિશેષ પરબ્રહ્મ બતાવે છે. પણ આત્મદર્શન યા સાક્ષાત્કારમાં જે પરબ્રહ્મનું દર્શન થાય છે તે તો નિર્ગુણ બન્ને છે. આચાર્યશ્રી પરબ્રહ્મનાં સગુણ અને નિર્ગુણ સ્વરૂપ વચ્ચે સમન્વય સાધવા ખૂબ જ પ્રયત્નશીલ છે. સગુણ બ્રહ્મનો આદર્શ તત્ત્વજ્ઞાનનું અંતિમ સત્ થવા માટે અપર્યાપ્ત હોવા છતાં તેને આપણે નકામો ગણી કાઢવાનો નથી.

પ્રા.હિરિયાણા આ સામે આપણને ચેતવે છે કારણ કે સગુણબ્રહ્મનો આદર્શ આપણી સમક્ષ આચારનો એક ઉત્તમ આદર્શ પૂરો પાડે છે, જેને અનુસરી સાધક પોતાની મર્યાદાઓથી પાર જઈ અંતિમ ધ્યેયપ્રાપ્તિ માટે અતિ આવશ્યક એવી નૈતિક યોગ્યતા કેળવી શકે છે.

રા.આનંદશંકરભાઈ લખે છે કે " નિર્ગુણવાદમાં સગુણનો સ્વીકાર નથી એમ માનવું જ ભૂલભરેલુ છે. એમ હોય તો સગુણને સિદ્ધ કરવા શંકરાચાર્યે અનેક સ્થળે જે પ્રયત્ન કર્યો છે તે ન કરત નિર્ગુણવાદીઓનું કહેવું એટલું જ છે કે સયુણવાદીઓ જેમ ગુણ અને ગુણી એવાં બે તત્ત્વોને છેવટનાં તત્ત્વો માની અટકે છે તેમ ન અટકતાં એ બન્ને તત્ત્વોનો ખુલાસો એક પરમતત્વથી કરવો જોઈએ. ઊભો કર્યો છે એમ નિર્ગુણ બ્રહ્મવાદીઓનું કહેવું નથી. જો ગુણ

એવો પદાર્થ છે એમ હોય તો સગુણ પણ છે; પણ જો ગુણ એ એનો ખુલાસો કરનારા પરમતત્ત્વરૂપ  સમજાઈ જાય અને એ રીતે સ્વતઃ સ્વતંત્ર અસ્તિત્વરહિત અનુભવાય તો પછી સગુણ બ્રહ્મ રહેતો નથી, એટલું જ તાત્પર્ય છે.

સત્ય હકીકતે એ છે કે બ્રહ્મ, આત્મા, પરમાત્મા, ઈશ્વર વગેરે શબ્દો શાંકર વેદાન્તમાં સમાન અર્થમાં જ વપરાયા છે. બ્રહ્મ સિવાય કશું તત્ત્વ (અ–પર) છે જ નહિ. પરબ્રહ્મ જ પરમેશ્વર છે. આચાર્યશ્રીના એ પ્રકારનાં વિધાનો કે 'સર્વોચ્ચ બ્રહ્મ સિવાય કાંઈ અન્ય કશું નિત્ય છે જ નહિ. ઈશ્વરએ શાશ્વત્ અને નિત્ય સત્ છે વગેરે પરથી સ્વભાવિક જ એમ ફલિત થાય છે કે ઈશ્વર અને બ્રહ્મ ભિન્ન નથી, મતલબ કે બન્ને એક જ છે  ઈશ્વર તથા સૃષ્ટિ સર્જનને લગતી બાબત અ–પરાવિદ્યાને લગતી છે એવા ડોયસનના મતને શાંકારવેદાન્તમાં ટેકો મળતો નથી.

ડોયસન ધારે છે. તેમ સૃષ્ટિવિદ્યાના સંબંધમાં શાંકરવેદાન્તમાં આતુભવિક તેમજ તાત્ત્વિક દૃષ્ટિબિન્દુઓમાં બાંધછોડ કરવામાં આવી નથી. આ હકીકત નહિ સમજાવાનું કારણ એ છે કે તે પ્રથમથી જ એમ માનીને આગળ ચાલે છે કે શાંકરવેદાન્તમાં બ્રહ્મનાં પર તથા અ–પર એવા બે તદ્દ્ન ભિન્નરૂપોનું નિરૂપણ થયેલું છે, અપરાવિદ્યાનો સંબંધ અભ્યેધ્ય (સાપેક્ષ શુભ) સાથે છે. જયારે પરાવિદ્યાનો સંબંધ નિઃશ્રેયસ (નિરપેક્ષ શુભ) સાથે છે. શંકરાચાર્ય તો આ બારામાં માત્ર મૂલ્યવિષયક દૃષ્ટિબિન્દુ અપનાવે છે.

શ્રી આર.પી.સીંગ માને છે તેમ પરબ્રહ્મ તથા પરમાત્મા કે પરમેશ્વરએ શંકરને મન સર્વોચ્ચ મૂલ્ય પણ છે તેમ જ સર્વોચ્ચ સત્ પણ છે. સત્તામૂલક તથા સૃષ્ટિમીમાંસામૂલક સિદ્ધાંતોમાં પાયાની જે એકતા રેહલી છે તે આપણે દષ્ટિમાં રાખવાની છે. શાંકરવેદાન્તના ઉપલબ્ધ સાહિત્યમાં નિર્ગુણ અને માયાશબલબ્રહ્મ વચ્ચેનું સ્પષ્ટ વિભાજન જોવા મળતું નથી પણ ઉત્તરકાલીન વેદાન્તઓ વગેરેમાં આ પ્રકારનું વિભાજન જોવા મળે છે. ટૂંકમાં બ્રહ્મ કહો,

આત્મા કહો કે ઈશ્વર કહો, શંકર તો એક અને અદ્વિતીય એવા પરમસત્‌તત્ત્વનું જ ભારપૂર્વક નિરૂપણ અને સમર્થન કરે છે.

## ➢ સગુણ બ્રહ્મ (ઈશ્વર)ની ધારણાની ટીકા તથા તેના શકય જવાબો

શ્રી શંકરાચાર્ય સગુણ બ્રહ્મનો જે ખ્યાલ રજૂ કરે છે. તેની સામે તથા ઈશ્વરના અસ્તિત્વ વિષેની તેમની સૂચિત દલીલોની વિરૂધ્ધમાં પણ ઘણી કટુ આલોચના થઈ છે. તે ટીકા તથા તેના અદ્વૈતવાદની દષ્ટિએ શકય ઉત્તરો ટૂંકમાં જોઈએ.

(૧) જો બ્રહ્મ એક જ એક પૂર્ણ સત્‌ હોય અને બધી વસ્તુઓ તેનાથી અભિન્ન હોય તો કોઈ પણ જાતનો કાંઈ ભેદ રહેશે જ નહિ. દા.ત. ખાનાર વ્યકિત દેવદત્ત અને તે જે વસ્તુ ખાય છે તે ભાત બન્ને એક જ બની જશે. કારણ કે બન્ને બ્રહ્મ સ્વરૂપ જ છે ને ?

આ ટીકાના જવાબરૂપે અદ્વૈતીઓ દરિયામાં ઊઠતાં વમળો, મોજાંઓ ફીણ વગેરેનાં ઉદાહરણો આપે છે, કારણ કે તે ખરેખર જળથી અભિન્ન છે છતાં તે આપણને ભિન્ન હોય તેમ ભાસે છે. ઈશ્વર જગત સાથે અભિન્ન છે તેનો સાર એટલો જ કે પૂર્ણ અને અગાધ એવા પરમ સત્યમાં પણ જીવતાં અને હરતાં ફરતાં એવા અનેક સત્વો ભરેલાં છે. આ પરમસત્વના અધિષ્ઠાને વગર, કશાને પણ નામ રૂપ કે દેશકાળ ન હોઈ શકે.

(૨) જો રચના અને તેના રચયિતા વચ્ચે કોઈ ભેદ જ ન હોય તો ઈશ્વરને જગતનું કારણ કેમ માની શકાય ?

અદ્વૈતનો જવાબ એ છે કે બ્રહ્મને ઈશ્વર કહેતાં આપણે કાલ્પનિક દ્વૈત ઊંભું કરીએ છીએ, હકીકતમાં તો તે અદ્વૈત છે. આ ભેદ વ્યાવહારિક કક્ષાએ જ છે.

(૩) સૃષ્ટિ નિર્માણનો ક્રમ તથા તેની પ્રક્રિયા સૂચવતાં શ્રુતિવચનોમાં પણ કેટલીકવાર પરસ્પર વિરોધ જણાય છે તેનું શું? ઉદાહરણ તરીકે આત્મામાંથી આકાશ નીકળેલ છે. બ્રહ્માએ અગ્નિ સજર્યો; તેણે આ સૃષ્ટિ સર્જન કર્યુ. આમાંથી જ જીવનું સર્જન થયું છે વગેરે વળી જગતના મૂળકારણ સંબંધમાં પણ 'સર્વપ્રથમ સત્ હતું ' , સર્વ પ્રથમ અસત્ હતું, 'આત્મા જ બધાનો આદિ છે ' વગેરે ઉપનિષદ્ વાકયોમાં પણ ભિન્નતા જોવા મળે છે. તેનો અર્થ શો કરવો ? આ બધાં વિધાનોમાંથી કોઈપણ એકને પસંદ કરી બીજાને નકારી શકાય નહિ. પરસ્પર વિરોધી વિધાનો નકારી શ્રુતિ તેમ જ તર્કના આધારે કાંઈક નિર્ણય પર આવવું જરૂરી બને છે.

આ ટીકાના પ્રત્યુત્તરમાં અદ્વૈતી કહેશે કે સૃષ્ટિ રચનાક્રમમાં કદાચ વિરોધ હશે પણ તેના કારણમાં તો એકવાકયતા જણાય છે. બધા ઉપનિષદો સર્વજ્ઞ ઈશ્વરને જ સૃષ્ટિકર્તા માને છે. વળી 'અસત્' શબ્દનો અર્થ શૂન્ય એવો નહિ કરતાં નામ રૂપ ભેદ રહિત એમ કરી શકાય. વળી શાસ્ત્રોનો મુખ્ય આશય સૃષ્ટિસર્જનની પ્રક્રિયાના વર્ણન કરતાં જ્ઞાનલબ્ધિનો છે. મોક્ષ માટે જરૂરી એવું જ્ઞાન શાસ્ત્રો દ્વારા પ્રાપ્ત થાય છે.

(૪) એક વાંધો એવો પણ ઉઠાવી શકાય કે કોઈ ચેતનતત્ત્વ ઉપાદાન કારણ હોઈ શકે નહિ. ચેતનતત્વ નિમિત્તકારણ હોય પણ ઉપાદાન કારણ નહિ. આથી બ્રહ્મને જગતનું ઉપાદાન કારણ માનવું એ અનુભવથી વિરુદ્ધ જાય છે.

અદ્વૈતવાદીઓ આના જવાબ રૂપે ઉપનિષદોનો આશ્રમ લઈ

बहुस्याम् प्रजायेय । आत्मानम् स्वयम् अकुरुत;

यदभूतयोनिम् परिपश्यन्ति धीराः

વગેરે વચનો ટાંકે છે. વળી પ્રતિપક્ષી કહે છે કે અનુભવમાં ખરેખર આ પ્રમાણે બનતું નથી. તો તેનો જવાબ એ છે કે અનુભવ એ કાંઈ અંતિમ કસોટી નથી. શાસ્ત્રને તેમાં પ્રમાણરૂપ ગણવું જોઈએ – ટૂંકમાં બ્રહ્મ જગતનું ઉપાદાન કારણએ અર્થમાં છે કે તે ભ્રમનું અધિષ્ઠાન છે. આ પ્રશ્નની વિગતે ચર્ચા આપણે આગળ ઉપર કરીશું.

(૫) જગત કરતાં ઈશ્વરનું સ્વરૂપ વિલક્ષણ છે માટે ઈશ્વર જગતનું કારણ હોઈ શકે નહિ. ઈશ્વર શુદ્ધ અને ચિદ્‌રૂપ છે જયારે જગત જડ અને અશુદ્ધ છે. આથી બન્નેને કાર્ય– કારણના સંબંધથી જોડી શકાય નહિ. દા.ત. સોનું માટીનાં વાસણનું કારણ કે માટી સોનાના ઘરેણાંનું કારણ બની શકે નહિ. કારણ અને કાર્ય સમરૂપ હોવાં જોઈએ.

આચાર્યશ્રી આના જવાબરૂપે કહેશે કે માણસ (ચેતનત્તવ) માંથી વાળ, નખ વગેરે (અ–ચેતનતત્ત્વ) નીકળે છે. ગાય, ભેંસ વગેરેના છાણમાંથી વીંછી વગેરે જીવ જન્તુ આપોઆપ નથી પેદા થતાં ? આથી કારણ અને કાર્ય ભિન્ન હોઈ શકે.

(૬) જગતનું સ્વરૂપ ઈશ્વરથી જુદા પ્રકારનું હોઈ એમ પ્રશ્ન ઉઠાવી શકાય કે ઈશ્વર જગતથી ભિન્ન છે કે અભિન્ન ? જો ઈશ્વરને જગતથી ભિન્ન કલ્પીએ તો તે બન્ને વચ્ચે કાર્ય–કારણ સંબંધ જ સ્થાપી શકાય નહિ.

આના જવાબમાં એમ કહી શકાય કે કારણ કાર્યથી શ્રેષ્ઠ હોવું જોઈએ અને ઈશ્વર જગતથી શ્રેષ્ઠ છે. ઈશ્વર અને જગત બન્નેમાં સત્તા સામાન્ય છે. અ–ચેતન જગત એ ચેતન ઈશ્વરના પરિણામરૂપ છે. આથી ઈશ્વર જગતનું નિમિત્ત કારણ છે.

(૭) વળી એવો પણ વાંધો ઉઠાવાય છે કે જો જગત ઈશ્વરમાંથી નીકળતું હોય અને તેમાં જ મળી જતું હોય તો જગતના ગુણો જેવા કે સ્થૂળ પણું, સાવયવી પણું, અ–ચેતનપણું, પરિચ્છિન્નતા, અશુદ્ધિ વગેરે દ્વારા ઈશ્વર પણ દૂષિત થાય છે.

આના પ્રત્યુત્તર રૂપે અદ્વૈતી કહેશે કે જેમ માટીનો ઘડો માટીમાં મળી જવાથી તેના વિશેષ ગુણો અલગ નહિ રહેતાં માટી સાથે ભળી જાય છે તેમ જગતના આ ગુણો પણ ઈશ્વરમાં જગત ભળી જતા તેને દૂષિત કર્યા વગર તેમાં ભળી જાય છે. કાર્ય– કારણ વચ્ચે અનત્યત્વનો સંબંધ છે એનો અર્થ એ કે કાર્યએ તેના કારણ જોડે તાદાત્મ્ય સંબંધ ધરાવે છે, અને નહિ કે કારણ તેના કાર્ય જોડે જગતએ ઈશ્વરનું સ્વરૂપ છે. ઈશ્વર જગતનું સ્વરૂપ નથી. મૂળ કારણ (ઈશ્વર) સત્ છે, પરિણામ અ–સત્ (આભાસ) છે. મૂળ કારણ પર અ–વિદ્યાનું આવરણ છે. જેમ સ્વયં જાદુગર પર તેના જાદુની અસર થતી નથી તેમ આ જગતના માયાવીપણાની કશી અસર ઈશ્વર પર થતી નથી.

(૮) એમ પણ દલીલ કરવામાં આવે છે કે જો જગત પ્રલયના સમયે ઈશ્વરમાં અભેદપણે રહેતું હોય તો ફરીથી પ્રલય સમયે તેમાંથી ભોકતા કે ભોગ્ય પદાર્થો નીકળી શકે નહિ કારણ કે તેના ભેદકત્વનું કશું કારણ હોતું નથી.

આના જવાબમાં આચાર્યશ્રી કહેશે કે જેમ સ્વપ્ન રહિત ગાઢ નિદ્રામાં આત્મા અભેદા વસ્થામાં રહે છે અને ફરી જાગ્રતાવસ્થામાં (અજ્ઞાનનો નાશ થયો નહિ હોઈ) પ્રદેશે છે તેમ જીવાત્માઓ (કે જેમનો હજી મોક્ષ થયો નથી) ઈશ્વરમાંથી ફરી નીકળે છે, કારણ કે તેમના કર્મનો ક્ષય સંપૂર્ણપણે થયો હોતો નથી. અજ્ઞાન જનિત ધર્મ–અધર્મની અસર નાબૂદ કરવા તેઓ ફરી જન્મે છે. આ સામે કદાચ એમ વાંધો ઉઠાવાય કે

જો બદ્ધ આત્માઓ આ રીતે ફરી જન્મ ધારણ કરે છે તો કદાચ મુકતાત્માઓ પણ ફરી જન્મ ધારણ કરે . આના જવાબમાં શંકર કહેશે કે મુકતાત્માઓના સંબંધમાં ફરી જન્મ ધારણ કરવાનો પ્રશ્ન રહેતો નથી કારણ કે તેનું અજ્ઞાન સદંતર દૂર થયું હોય છે, અને તેમનાં કર્મ–બીજનો પૂર્ણપણે ક્ષય થયો હોય છે.

(૯) વળી એમ કહેવાય છે કે જો ઈશ્વરને જ જગતનું કારણ માનીએ તો તેના પર યક્ષ પાતીપણાનો અને ઘાતકી હોવાનો દોષ આવે. કેટલાકને તે ખૂબ સુખી તો કેટલાકને ખૂબ દુઃખી બનાવે છે. તો પછી શું ઈશ્વર પણ નશ્વર મનુષ્યમાફક સુખદુઃખથી લેવા તો હશે? પરંતુ શ્રુતિ તો ઈશ્વરને શુદ્ધ સ્વભાવવાળો અને મુકત માને છે. આ તો વિરોધાભાસ થયો.

આના પ્રત્યુત્તરરૂપે શંકરાચાર્ય કહેશે કે જીવજંતુઓના સર્જનમાં જે અસમાનતા જણાય છે તે તો તેમનાં પૂર્વજન્મનાં સારાંનરસા કર્મોના લીધે છે. ઈશ્વર જવાબદાર લેખી શકાય નહીં. ઈશ્વરને વરસાદ સાથે સરખાવી શકાય. જેમ ડાંગર, જવ વગેરેની વૃદ્ધિનું સાધારણ કારણ વરસાદ છે, પરંતુ તેમની વચ્ચેના ભેદનું અસાધારણ કારણ તેનાં બીજમાં રહેલા સુષુપ્ત ગુણો છે, તેમ દેવ, માણસ વગેરેમાં સર્જનનું સાધારણ કારણ ઈશ્વર છે. પરંતુ તેમની વચ્ચેના વિશિષ્ટ ભેદોનું અસાધારણ કે વિશેષ કારણ તે તે જીવોનાં ધર્માધર્મયુકત કર્મો છે.

અહીં એક શંકા પ્રતિપક્ષી ઉઠાવી શકે કે કર્મોનો આધાર તો શરીર છે અને સર્જનની પહેલાં સર્જિત વસ્તુ (મતલબ કે શરીર) અને તે દ્વારા થતાં કર્મો, કેમ સંભવે ? તો તેના સમાધાન અર્થે શંકર એમ કહેશે કે સંસાર અનાદિ છે. બીજ વૃક્ષનું અને વૃક્ષ બીજનું કારણ છે. આ ચક્ર અનાદિકાળથી નિરંતર ચાલ્યા કરે છે. જો જગતનો આદિ Beginning છે

એમ માનીએ તો જગતમાં સુખદુ:ખ વગેરે જે અસમાનતા જણાય છે તે કારણ રહિત બની જાય છે. ઈશ્વર તેનું કારણ ન હોઈ શકે, અવિદ્યા એકલી પણ (કર્મોની મદદ વગર) તેનું કારણ ન હોઈ શકે, કર્મ વગર આત્મા દેહ ધારણ ન કરી શકે અને દેહ વગર કર્મ રહી ન શકે.

આથી જગતને અનાદિ માનવું પડે છે. અવિદ્યા– જનિત ઉપાધિના લીધે જીવાત્માઓ કર્મ કરે છે પણ તેમના કર્મને મંજૂરી ઈશ્વર (કર્માધ્યક્ષ) તરફથી મળે છે. God in this Sense is the directive Cause જીવાત્માઓ વતી સ્વયં ઈશ્વર કાંઈ કર્મ કરતો નથી. જો તેમ કરે તો તો જીવોની સ્વતંત્રતા જ હણાઈ જાય. શંકર જીવોની આનુભવિક સ્વતંત્રતા માન્ય રાખે છે, પરંતુ તે સ્વતંત્રતા તેને ઈશ્વર દ્વારા મળેલી હોય છે. અને અનુભવ જગતમાં શુભ–અશુભની દિશામાં જીવ ઈશ્વરના અધ્યક્ષપણા નીચે આગળ વધે છે એમ માને છે. જીવોનું સત્તામૂલક (તાત્ત્વિક) અસ્તિત્વ નથી અને તેથી તેમને ખરા અર્થમાં સ્વતંત્રતા હોઈ શકે નહિ.

(૧૦) ઈશ્વર જગતનું સર્જન કોઈ સાધનો વગર જ કરે છે, પરંતુ ઘડો વગેરે વસ્તુ બનાવવા માટે કુંભારને લાકડી, ચક્ર, માટી વગેરે જોઈએ છે. આથી ઈશ્વરને જગતનું ઉપાદાન તથા નિમિત્ત કારણ કહી શકાય નહિ.

આના જવાબમાં શંકરાચાર્ય કહેશે કે જેમ દૂધમાંથી તેના સ્વભાવ મુજબ દહીં (વિકાર) થાય છે તેમ ઈશ્વર જગતમાં પરિણમતો હોય એમ દેખાય છે. ઈશ્વર સંપૂર્ણ શકિતમાન હોઈ જગતના સર્જન માટે તેને કાંઈ બ્રાહ્ય ઉપકરણો (સાધનોની) આવશ્યકતા રહેતી નથી.

શંકા :–

પરંતુ જો ઈશ્વર જગતમાં પરિણામનો હોય તો શું તેનું સંપૂર્ણ પરિવર્તન થાય છે કે આંશિક ? જો ઈશ્વરનું જગતમાં સંપૂર્ણ પરિવર્તન થતું હોય તો જગતના સર્જન પછી તેનું અસ્તિત્વ જ ન રહે અને જો તેનું આંશિક પરિવર્તન થતું હોય તો ઈશ્વરના નિરવયવીપણાને વાંધો આવે છે – પરંતુ શ્રુતિ તો ઈશ્વરને જગતના કારણ તરીકે અને છતાં પરિણામ અને ભેદ રહિત માને છે.

ખરી હકીકત એ છે કે માયોપાધિ બ્રહ્મ એ જ ઈશ્વર છે. સર્જન અંગેની જયાં ચર્ચા છે તેમાં ઈશ્વર અને જગતની અભિન્નતા સિદ્ધ થાય છે. એક દલીલ એમ પણ કરવામાં આવે છે કે ઈશ્વર જગતનું સર્જન કરી શકે નહિ. કારણ કે સર્જન પાછળ તેનો કાંઈ હેતું નથી, કે કશું પ્રયોજન નથી. તેનું કશું પ્રેરક નથી મતલબ કે અ–પ્રાપ્તને પ્રાપ્ત કરવાનો આશય નથી. બધાં જ ઐચ્છિક કાર્યો ધ્યેયપ્રાપ્તિ અર્થે થતાં હોય છે, પરંતુ ઈશ્વરનું ધ્યેય શું હોઈ શકે ? તેને કશી અપૂર્ણ ઈચ્છાઓ હોય નહિ કે જે તેને સંતોષવાની હોય કારણ કે તે તો નિત્ય તૃપ્ત જ છે.

શંકરાચાર્યના મતે જગતસર્જનએ ઈશ્વરની લીલા માત્ર છે, સર્જન તેનાં સ્વભાવમાં જ છે.

(૧૨) જો જીવનું બ્રહ્મ સાથે અનન્યવ હોય અને શ્રુતિવચનો પણ 'તત્ત્વમસિ', 'બ્રહ્મે જગતનું સર્જન કર્યુ અને મહીં પેઠા', તેણે નામરૂપ જગતનું સર્જન કયું, વગેરે પ્રતિપાદન કરતાં હોય તો આ જગતનું ઈશ્વર દ્વારા જે સર્જન થયું છે તે ખરેખર જીવ દ્વારા જ થયું છે એમ માનવું પડશે.

આચાર્યશ્રી આના જવાબરૂપે કહે છે કે જીવ જો સ્વતંત્ર પણે (બ્રહ્મ ગતર) આ જગતનું સર્જન કરે તો તેને ફાયદાકારક હોય તેવું જ કરે ને

? તે કાંઈ જન્મ, મૃત્યુ,જરા વગેરે સર્જે નહિ. મુકત પુરુષો પણ જગતસર્જન કરી શકે નહિ માત્ર ઈશ્વર જ તેમ કરી શકે.

આ સમગ્ર ચર્ચાનો સાર એ છે કે પરમાત્મા આ જગતનો સૃષ્ટા છે. પરંતુ એ આ જગતને બહાર રહ્યો સર્જતો નથી પણ તેને પોતાનામાંથી વા પોતાની સ્વરૂપભૂત પ્રકૃતિમાંથી સર્જે છે. પ્રભુ જગતને સર્જતો નથી. જેમ ઘડિયાળી ઘડિયાળ બનાવીને દૂર રહે છે તેમ એ તો આ જગતનો ભોકતા અને સ્વામી છે. વિશ્વરૂપ સુંદર અને ભવ્ય કાવ્યનો કવિ છે. તે આ વિશ્વનાં નૈતિક પ્રશાસક છે છતાં તે હદયહીન, દંડ કરવાવાળો વિનાયક નથી. ચરાચર વિશ્વરનો તે માયાળુ અને સન્માર્ગે દોરનાર પિતા પણ છે.

## 5.7.5 બ્રહ્મ શુદ્ધ અંતિમ તત્ત્વ તરીકે :–

શંકરાચાર્ય પ્રત્યક, અનુમાન, ઉપમાન, શબ્દ અર્થાપતિ અને અનુપલબ્ધિ એ છ પ્રમાણો સ્વીકારે છે. તેમનો સિદ્ધાંત આ પ્રમાણે છે. આત્મા – બ્રહ્મ – એ એક જ પદાર્થ સત્ય છે, અને બાકીના બધા પદાર્થો જીવ અને જડ જગત – માયા અથવા અવિદ્યાને લીધે દેખાય છે. અને તેથી મિથ્યા છે. જેમ રજજુમાં સર્પ દેખાય છે તેમ અનિર્વચનીય માયાને લીધે બ્રહ્મમાં જગત દેખાય છે. જગત બ્રહ્મનું વિવર્ત છે. અને અવિદ્યાને લીધે બ્રહ્મ સંસારી જીવ થાય છે. શુદ્ધચૈતન્ય બ્રહ્મ ઉપર માયા અને અવિદ્યાની કેવી રીતે અસર થાય એ એક કૂટ પ્રશ્ન છે. અને શંકરાચાર્ય જીવ, ઈશ્વર, શુદ્ધચૈતન્ય, જીવ અને ઈશ્વરનો ભેદ, અવિદ્યા અને ચૈતન્યને અવિદ્યાનો સંબંધ એ છ પદાર્થો અનાદિ માનીને એનું સમાધાન કરે છે. વસ્તુતઃ જીવએ બ્રહ્મ જ છે. પણ તે અજ્ઞાનને લીધે બ્રહ્મ અને આત્માના ઐકયની વાત ભૂલી જાય છે. આ બ્રહ્માત્મૈકયનું જ્ઞાન કરાવવુંએ શાસ્ત્રનું પ્રયોજન છે, અને તેથી જ્ઞાનની મહત્તા સિદ્ધ થાય છે. કર્મથી ચિત્ત શુદ્ધિ કરીને ઉપાસના કરવામાં આવે છે, અને પછીથી જ્ઞાન વેડ અજ્ઞાન દૂર કરવામાં આવે છે.

(૧) નિત્યાનિત્યવસ્તુવિવેક

(૨) ઈહામુત્રાર્થફલભોગવિરાગ

(૩) શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રધ્ધા અને સમાધાનએ પ્રમાણેનાં છ સાધનો અને

(૪) મુમુક્ષુત્વ એ ચાર સાધનો જયારે સિરૂ થાય ત્યારે બ્રહ્મજ્ઞાનનો અધિકાર પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે જ્ઞાનનો ઉદય થતાં આ જીવનમાં પણ બ્રહ્માત્મૈકયનો અનુભવ થાય છે. અને આ અનુભવ જ પરમદશા – મોક્ષદશા ગણાય છે. આ પ્રકારે જ્ઞાનથી જ મોક્ષ મળે છે.

ભારતીય દર્શન પરંપરામાં ઈશ્વરનું મહત્વપૂર્ણ સ્થાન છે. તેનું કારણ એ છે કે ભારતીય દર્શનો પર ધર્મની પ્રભાવક અસર છે. ઈશ્વરમાં શ્રધ્દ્ધા કે વિશ્વાસ ને જ સામાન્ય રીતે ધર્મ માનવામાં આવે છે. ધર્મથી પ્રભાવિત રહેવાને કારણે ભારતીય દર્શનોમાં ઈશ્વરએ અંતિમ તત્ત્વ તરીકેની ચર્ચા અગત્યની છે. અંતિમ તત્ત્વ તરીકે ઈશ્વર સંબંધી વિચારણમાં વિભિન્ન મતો પ્રવર્તે છે. ઈશ્વરના અસ્તિત્વને પ્રમાણિત કરવા માટે અનેક યુકિતઓ ભારતીય દર્શનોમાં સમાવિષ્ટ છે. ઈશ્વરના અસ્તિત્વને સાબિત કરવા માટે અનેક યુકિતઓનો સમાવેશ ભારતીય દર્શનોમાં થયેલો છે. આથી હવે આપણે ભારતીય દર્શોનોમાં ઈશ્વર સંબંધી વિચારોની વિચારણા કરીશું.

ભારતીય દર્શનનું પ્રારંભ બિંદુ વેદ છે. એટલા માટે ઈશ્વર સંબંધી વિચારોની વ્યાખ્યા માટે સર્વપ્રથમ વેદ – દર્શન પર દૃષ્ટિપાત કરવો અત્યંત ઉપયોગી પૂરવાર થાય છે.

વેદ – દર્શનમાં અનેક દેવતાઓનો વિચાર રજૂ થયેલો છે. વૈદિક કાળના ઋષિઓએ અગ્નિ, સૂર્ય, ચંન્દ્રમાં, ઉષા, પૃથ્વી, પવન, વરૂણ ઈન્દ્ર, સોમ વગેરે દેવતાઓની આરાધનાના વિષય માન્યા છે. આ દેવતાઓની ઉપાસના માટે પ્રાર્થનાઓની રચના કરેલી છે. વૈદિક દેવતાઓ કોઈ સ્પષ્ટ વ્યકિતત્વ નથી.

અનેકેશ્વરવાદની જેમ વૈદિક દેવતાઓ પોત – પોતાની અલગ સત્તા નથી ધરાવતા. આવી રીતે વેદમાં અનેકેશ્વરવાદનાં ઉદાહરણો મળે છે. અનેકેશ્વરવાદનો અર્થ અનેક ઈશ્વરોમાં વિશ્વાસ છે અનેકેશ્વરવાદનો સ્થાયી ધર્મ નહી રહેતો. અનેકેશ્વરવાદથી માત્ર વૈદિક ધર્મનો પ્રારંભ થાય છે.

દેવતાઓની સંખ્યા અનેક રહેવાના ફળ સ્વરૂપે વૈદિક કાળના લોકોની સામે આ પ્રશ્ન ઉભો થાય છે કે દેવતાઓમાં શ્રેષ્ઠ કોને માનવા તે પણ એક પ્રશ્ન છે. અનેકેશ્વરવાદ ધાર્મિક જાગૃતીની માંગને પૂરી કરવા માટે અસમર્થ છે. ધાર્મિક જાગૃતિ આપણને એક જ દેવતાને શ્રેષ્ઠ અને ઉપાસ્ય માનવા માટે બાધિત કરે છે. વૈદિક કાળમાં ઉપાસનાના સમયે અનેક દેવતાઓમાંથી કોઈ એક જ ને ઉપાસ્ય બનાવવું શ્રેષ્ઠ બાબત ગણાતી જયારે ઈન્દ્રની પૂજા થતી હોય તો એને મહાન તથા શકિતશાળી સમજવામાં આવતું. આથી એકેશ્વરવાદનું સમર્થન કરવામાં આવેલ છે. વિવિધ દેવતાઓનાં નામ અલગ અલગ છે. આથી વેદમાં અનેકેશ્વરવાદ અને એકેશ્વરવાદ બન્નેનાં ઉદાહરણો આપણને અંતિમ તત્ત્વ બાબતે મળી આવે છે.

વેદ પછી ઉપનિષદોની વિચાર ધારામાં ઈશ્વરનું સ્થાન ગૌણ જણાય છે. ઉપનિષદોમાં બ્રહ્મ તત્ત્વને મુખ્ય તત્ત્વના રથમાં સ્વીકારવામાં આવેલ છે. વેદના વિવિધ દેવતા ગણ અહીં અદશ્ય થઈ જાય છે. તથા બ્રહ્મ અને આત્મત વ ઉપનિષદોના દર્શનનું મહત્વપૂર્ણ સ્થાન ગ્રહણ કરે છે. દેવતાઓને અહિં બ્રહ્મનો જ પ્રકાશ રૂપ માનવામાં આવે છે. દેવતા ગણ પોતાની સત્તા માટે બ્રહ્મ પર અવલંબિત રહે છે. અને ઈશ્વરનું સ્વતંત્ર અસ્તિત્વ માનવામાં આવે છે. અનેક દેવતાઓ ઉપનિષદોનાં દર્શનમાં દ્વારપાળના રૂપમાં ચિંતિત કરવામાં આવેલ છે. આથી ઉપનિષદોની વિચાર ધારામાં દેવતાનું સ્થાન તુચ્છ પ્રમાણિત થાય છે.

ઉપનિષદોમાં બ્રહ્મનાં બે સ્વરૂપનું વર્ણન જોવા મળે છે.

(૧) પરબ્રહ્મ

(૨) અપર બ્રહ્મ

પરબ્રહ્મને બ્રહ્મ તથા અપર બ્રહ્મને ઈશ્વર ( God ) કહેવામાં આવ્યું છે. પરબ્રહ્મ અસમ, નિર્ગુણ, નિષ્પ્રપંચ ગણવામાં આવે છે. અપરબ્રહ્મ એનાથી અલગ સીમિત, સગુણ તથા સપ્રપંચ છે. ઈશ્વરને ઉપનિષદમાં સૌથી વધારે મહત્વપૂર્ણ અને કર્મફળના પ્રદાતા માનવામાં આવે છે. તે ઈશ્વર સ્વયંભૂ તથા જગતનું કારણ છે. માયા તેની શકિત છે. ઉપનિષદનો ઈશ્વર વિશ્વવ્યાપી છે. તથા વિશ્વાતીત એમ બન્ને માનવામાં આવ્યા છે. ઉપનિષદના ઈશ્વરનો વિચાર જાણ્યા પછી આપણે ભગવદ્‌ગીતાના ઈશ્વર વિષયક વિચારની જાણકારી આવશ્યક છે. ભગવદ્‌ગીતામાં ઈશ્વરવાદ અને સર્વેશ્વરવાદનું સંયોજન જોવા મળે છે. ગીતામાં ઈશ્વરવાદ અને સર્વેશ્વરવાદ બન્નેનાં વસ્તુતઃ કોઈ વિરોધ નથી જોવા મળતો. ગીતામાં વિશેષરૂપથી વિશ્વરૂપ દર્શન નામના અગિયારમાં અધ્યાયમાં સર્વેશ્વરવાદનું ચિત્ર જોવા મળે છે. ઈશ્વરને અક્ષર, પરમજ્ઞાની, જગતું પરમધ્યેય તથા સજાતન પુરુષ કહેવામાં આવ્યો છે. ઈશ્વર વિશ્વમાં પૂર્ણતઃ વ્યાપ્ત છે. ગીતાની પ્રકૃતિ ઈશ્વરવાદી છે. ઈશ્વરવાદને ગીતા કેન્દ્ર બિંદુ માને છે.

ઈશ્વર પરમ સત્ય છે. એ વિશ્વની નૈતિક વ્યવસ્થાને જાળવી રાખે છે. તથા જીવાત્માના કર્મો અનુસાર સુખ દુઃખ આદિ કર્મફળ પ્રદાતા છે. એ સર્વના પિતા, માતા, મિત્ર તથા સ્વામી છે. તે સુંદર અને ભયાનક છે. ગીતાના અમુક શ્લોકોમાં ઈશ્વરને વિશ્વવ્યાપ્ત તથા વિશ્વથી પર માનવામાં આવ્યો છે. ગીતા અનુસાર ઈશ્વર વ્યકિતત્વપૂર્ણ છે. આમ ઈશ્વરનું વ્યકિતત્વ પૂર્ણ હોવાથી તે અસીમ માનવામાં આવે છે. ગીતામાં ઈશ્વરનું વ્યકિતત્વ અને અસીમતાનો સુભગ સમન્વય થયેલો જોવા મળે છે. ઈશ્વર ઉપાસનાનો વિષય છે. ભકતો પણ ઈશ્વરની વિશેષ કૃપા વરસતી રહે છે. તે ભકતોના અપરાધો ક્ષમા કરે છે. ભગવાન સર્વ વિશ્વના ધર્મો છોડીને પોતાના સત્યતા સ્વીકારવામાં આવી છે.

જયારે વિશ્વવા નૈતિક અને ધાર્મિક પતન થાય છે ત્યારે ઈશ્વર વિશ્વમાં ઉપસ્થિત થાય છે. અને વિશ્વમાં પરિવર્તન લાવે છે. અવતારવાદ ગીતાની અનુપમ દેન છે.

ગીતામાં ઈશ્વરને પુરૂષોત્તમ કહેવામાં આવ્યો છે. એ ઈશ્વર પર–બ્રહ્મ છે. ઈશ્વરને પ્રકૃતિ તથા પુરૂષની પર માનવામાં આવ્યો છે. પરમ બ્રહ્મના બે સ્વરૂપો વ્યકત અને અવ્યકતનું ગીતામાં વર્ણન કરવામાં આવ્યું છે. પરમાત્માના વ્યકત સ્વરૂપનું વર્ણન આ રીતે થયું છે. (૩૯)

પ્રકૃતિ મારૂં જ સ્વરૂપ છે. અને જીવાત્મા મારો જ સનાતન અંશ છે.(૪૦) ગીતામાં પરમાના અવ્યકત સ્વરૂપનું વર્ણ આ પ્રમાણે કરવામાં આવ્યું છે. આ પરમાત્મા અનાદિ, નિર્ગુણ અને અવ્યકત છે. આ માટે શરીરમાં શરીરી સ્વરૂપે રહીને પણ પ્રકૃતિમાં લેપાયમાન થતો નથી. (૪૧) હજું પણ ગીતામાં પરમાત્માના બન્ને સ્વરૂપોનું વર્ણન જોવા મળે છે ગીતામાં વ્યકત સ્વરૂપની અપેક્ષાએ અવ્યકત સ્વરૂપને પણ મહત્વ પૂર્ણ માનવામાં આવ્યું છે. ગીતાનો ઈશ્વર સ્પષ્ટ રૂપથી વ્યકત સ્વરૂપ માયિક છે તથા અવ્યકત રૂપ જે ઈન્દ્રીયગોચર છે. તે જ મારૂં સાચં સ્વરૂપ છે. મહાભારતનો જ એક ભાગ છે તે ગીતા અવ્યકત બ્રહ્મને વ્યકત બ્રહ્મની સાપેક્ષમાં શ્રેષ્ઠ માનવામાં આવે છે. મારૂં સાચું સ્વરૂપ સર્વવ્યાપી, અવ્યકત અને નિત્ય છે. એમને સિદ્ધ પુરુષ કે પરમ પુરુષ તરીકે ઓળખવામાં આવે છે.

આમ ઈશ્વર સર્વજ્ઞ, સર્વ વ્યાપક અને સર્વશકિતમાન પણું ઘરાવે છે. અંતિમ તત્ત્વ તરીકે ઈશ્વરનો ખ્યાલ અવર્ણનીય છે. (૪૨)

## 5.8 ઉપસંહાર :–

અવિકૃત પરિણામવાદ (શુદ્ધાદ્વૈત) ના પુરસ્કર્તા શ્રી વલ્લભાચાર્યજીએ બ્રહ્મસૂત્રો ઉપર ભાષ્યની રચના કરી છે. બ્રહ્મસૂત્રોને ત્રીજા પ્રસ્થાન તરીકે સમાદર આપ્યો છે. આની ઉપરનાં બધા આચાર્યોએ બે પ્રસ્થાન

કહ્યાં છે તે વૈદિક સાહિત્ય – બ્રાહ્મણ – આરણયક – ઉપનિષદોમાંના અંતભાગનાં ઉપનિષદો અને બીજું શ્રીમદ્ ભગવદ્ગીતાને પ્રમાણો લઈ આદર આપ્યો છે તે શ્રીમદ્ ભાગવતને શ્રી વલ્લભાચાર્યજીએ તો ચોથા પ્રસ્થાન તરીકે આદર આપેલો છે.

'' वेदाः Jीकृष्णवाकयानि व्याससुत्राणी चैवहि (४३)
समाघिभाषा व्यासस्य  प्रमाण तच्चतुष्टायम।।
उत्तर पूर्व संदेहवारकं परिकीर्तितम् ।।

वेदो वास्तवमां वेदना अंत भाग तरीके गणातां ઉપનિષદો મુખ્યત્વે તો શ્રીમદ્ ભગવદ્ગીતા માંનાં ભગવાન શ્રી કૃષ્ણનાં વચન, બાદરાયણ વ્યાસ અને શ્રીમદ્ ભાયછતમાંની સમાધિભાષા આ ચાર પ્રમાણ છે અર્થાત આ 'પ્રસ્થાન' છે.

ઉપરોકત પ્રકરણ અવિકૃત પરિણામવાદના ખ્યાલનું અહીં વિશ્લેષણાત્મક અને તુલનાત્મક અધ્યયન કરવાનો વિનમ્ર પ્રયાસ કર્યો છે. જેમાં આવિર્ભાવ અને તિરોભાવ જેવા અગત્યના બ્રહ્મ વિષયક સિદ્ધાંતો દ્વારા બ્રહ્મ તત્ત્વની સમજૂતી આપવામાં આવી છે. આ બ્રહ્મ તત્ત્વના નિરૂપણનો ખ્યાલ શુશ્પષ્ટ અને યર્થાથ ઠરે તે માટે કાર્ય કારણનો સિદ્ધાંત સમજાવવામાં આવ્યો છે. તે ઉપરાંત સત કાર્યવાદ અને અસદ્ કાર્યવાદની સંકલ્પના અને સમજૂતી આપવામાં આવી છે. બ્રહ્મના ખ્યાલની સંકલ્પનાની સ્પષ્ટતા માટે વિવર્તનો ખ્યાલ આપી વિવર્તવાદ અને બ્રહ્મ પરિણામવાદ અને તેનું પ્રકૃતિ પરિણામવાદ એટલે સાંખ્યનો પ્રકૃતિ પુરુષનો ખ્યાલ સમજાવવામાં આવ્યો છે તેના આધારે અવિકૃત પરિણામવાદ અને પુરણ પુરુષોતમ ભગવાન શ્રી કૃષ્ણની વિવિધ લીલાનો સુરેખ ચિતાર આપવામાં આવ્યો છે. તેનું અવિકૃત પરિણામવાદ સાથે તુલનાત્મક વિવરણ

દ્વારા બ્રહ્મવાદ અને બ્રહ્મની તત્ત્વમીમાંસાકીય સ્થિતિ દ્વારા બ્રહ્મ ત્રિવિધ ભેદ અને પરિચ્છેદોથી રહિત છે તથા બ્રહ્મની ત્રિવિધ સત્તા ઉપરાંત બ્રહ્મ મૂળ સ્વરૂપે સત્, ચિત્ અને આનંદ સ્વરૂપ એટલે બ્રહ્મ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. વળી બ્રહ્મ અભિન્નનિમીત્તોપાદાન કારણ છે એવો ખ્યાલ આપીને બ્રહ્મ શુદ્ધ અંતિમ તત્ત્વ તરીકેનું તત્ત્વવિજ્ઞાનીય પરિપ્રેક્ષ્યમાં નિરુપણ કરવામાં આવ્યું છે.

આમ પ્રસ્તુત પ્રકરણમાં આવિર્ભાવ અને તિરોભાવ તથા પરિણામવાદ દ્વારા બ્રહ્મનું નિરૂપણ થયું છે જે સર્વથા યથાર્થ અને સ્તુત્ય છે.

# સંદર્ભો


(1) Cause is invariablate, antecedent, wthich is unconditional and immediate –J.S.Mill

(2) Instrumental cause, Material cause, Formal cause and Final cause.

(3) **સરખાવો ભગવતગીતા** II – 16 **નાસતો વિદ્યતે ભાવઃનાભાવો વિદ્યેતે સત :**

(4) **ભારતીય તત્ત્વવિદ્યા : પૃ** 22

(5) **ભારતીય તત્ત્વજ્ઞાન પં.સુખલાલજી પૃ.** 16

(6) **છાન્દોગ્ય ઉપનિષદ** 6 : 1 : 4

(7) **વિવેક ચૂડામણી પૃ.** 229 **થી** 238

(8) **ગીતા શાં.ભા.** 8 - 22 **અને બ્ર.સૂ.શાં.ભા.** 2 – 1 – 14

(9) **ગૌડપાદ કારિકા** III 21

(10) **બ્ર.સૂ.શાં.ભા.** 2 – 1 – 33 , 2 – 1 – 14

(11) **બ્ર.સૂ.શાં.ભા.** 2 – 1 – 18

(12) **બ્ર.સૂ.શાં.ભા.** 2 – 1 – 20

(13) **બ્ર.સૂ.શાં.ભા.** 2 – 4 – 19

(14) **સ્યાદ્વાદ મંજરી,શ્રી.આ.બા.ધ્રુવ પૃ.** 37

(15) Dr.Das Gupta S.N. : A history of Indian Philosophy Vol. I.P. 258

(16) **ભવગદ્ગીતા અ.** 13 **શ્લોક** 16

(17) **વેદાન્તસૂત્ર શાંકરભાષ્ય** 2 – 1 – 27

(18) **છાન્દોગ્ય ઉપનિષદ શાં.ભા.** 6

(19) **બ્ર.સૂ.શાં.ભા.** 1 – 2 – 1

(20) **બ્ર.સૂ.શાં.ભાષ્ય** 1 – 3 – 39

(21) **બ્ર.સૂ.શાં.ભા.** 2 – 1 – 14 **તથા** 2 – 1 – 28

(22) Prof: M.Hiriyanna – Outlines of Indian Philosophy P.339 – 340
R.P. singh – Vedanta of shanker P.355

(23) **પ્રમેય રત્ન સંગ્રહ, ગોસ્વામી શ્રી શરદ્ શ્રી અનિરુદ્ધલાલજી પ્રથમ આવૃત્તિ** 1999 **પૃ.** 5 – 13

(24) **શુદ્ધાદ્વૈત વેદાંત શ્રી જયેન્દ્ર સોની પ્રથમ આવૃતિ** 2006 **પૃ** 153 – 154

(25) **પ્રમેય રત્ન સંગ્રહ, ગોસ્વામી શ્રી શરદ્ શ્રી અનિરુદ્ધલાલજી પ્રથમ આવૃતિ** 1999 **પૃ.** 161 – 162

(26) **શુદ્ધાદ્વૈત પાઠાવલી ભાગ બીજો પૃ.** 9 – 13

(27) **શુદ્ધાદ્વૈત વેદાંત, સંકલન અને આલેખન શ્રી જયેન્દ્ર સોની પૃ.** 106 **થી** 111

(28) **તત્ત્વજ્ઞાન પારિભાષિક કોશ, પ્રા.સી.વી.રાવળ, યુનિ.ગ્રંથનિર્માણ બોર્ડ પ્રથમ આવૃતિ** 2001 **પૃ.** 254 – 255

(29) **એજન પૃ.** 255

(30) **શ્રી ભાષ્ય** 1 – 1 – 1 **અને ગીતાભાષ્ય** 13.2

(31) **ભારતીય દર્શન, પ્રા.સી.વી.રાવળ, પ્રજ્ઞાપ્રકાશન અમદાવાદ બીજી આવૃતિ** 1995 **પૃ.** 282 – 283

(32) **પ્રમેયરત્નસંગ્રહ, ગોસ્વામી શ્રીશરદ્ શ્રી અનિરુદ્ધલાલજી, પ્રથમ આવૃતિ** 1999 **પૃ.** 65 – 68

(33) **શાસ્ત્રાર્થ નિબંધ કારિકા** 71

(34) **શુદ્ધાદ્વૈત પાઠાવલિ ભાગ બીજો પૃ.** 47 – 49

(35) **માણ્ડૂકય ઉપનિષદ** 3.10

(36) Sustematic study of Vedunta Dr.S.K.Das P.232

(37) **બ્ર.સૂ.શાં.ભા.** 2 – 3 – 50

(38) **બ્ર.સૂ.શાં.ભા.** 3 – 2 – 26 **તથા** 29

(39) **ગીતા** 9.18

(40) **ગીતા** 14.7

(41) **ગીતા** 13.39

(42) **ભારતીય દર્શનની રૂપરેખા, હરેન્દ્ર પ્રસાદ સિન્હા, પ્રથમ આવૃતિ** 1963
**પૃ.** 26 - 28

(43) **તત્ત્વાર્થદીપ** – 1

# પ્રકરણ : 6

## વલ્લભ વેદાંત અને શાંકર વેદાંતમાં બ્રહ્મના ખ્યાલનું તુલનાત્મક નિરૂપણ

6.1 **પ્રસ્તાવના**

6.2 **શાંકર વેદાંત અને વલ્લભવેદાંતમાં બ્રહ્મનું જગત કારણત્વ**

6.3 **શાંકર વેદાંત અને વલ્લભવેદાંતમાં બ્રહ્મ અને માયાનો સિદ્ધાંત**

6.4 **શાંકર વેદાંત અને વલ્લભ વેદાંતમાં બ્રહ્મ અભિન્નીમિતોપાદાન કારણ**

6.5 **શાંકર વેદાંત અને વલ્લભ વેદાંતમાં બ્રહ્મ ત્રિવિધ ભેદ અને ત્રિવિધ પરિચ્છેદ રહિત**

6.6 **શાંકર વેદાંત અને વલ્લભ વેદાંતમાં બ્રહ્મનું સાકારત્વ અને નિરાકારત્વ અને સગુણતા અને નિર્ગુણતા**

6.7 **ઉપસંહાર**

# પ્રકરણ : 6

# વલ્લભ વેદાંત અને શાંકર વેદાંતમાં બ્રહ્મના ખ્યાલનું તુલનાત્મક નિરૂપણ

## 6.1 પ્રસ્તાવના

બ્રહ્મની સત્યતા પ્રત્યે કોઈ વિરોધ નથી. પણ હવે પ્રશ્નએ થાય છે કે બ્રહ્મની પરિભાષા શી છે ? વેદાન્તીના મતે બ્રહ્મ એટલે દ્રવ્યાદિ ગુણ–શકિત–ક્રિયાવિહીન એક અદ્વિતીય નિરીહ ભેદમય (સજાતીય, વિજાતીય તથા સ્વગત) શૂન્ય, ચૈતન્યમાત્ર તત્ત્વ. આ એક જ તત્ત્વ સત્ય છે. બાકીનું બીજુ બધું મિથ્યા છે. આવું તેમનું કથન છે.

હવે તેમને કોઈ પૂછે કે તેવા બ્રહ્મથી વિશ્વની ઉત્પત્તિ કેવી રીતે થઈ ? તો કહે છે કે ' स अेकाकी न रमते ' એને એકલાને ગમ્યું નહિ એટલે, अे कोहे बहुन्याम्– એકમાંથી અનેક થાઉં એવો સંકલ્પ કર્યો, બસ આવાં સંકલ્પથી બ્રહ્મ પોતે જ અનેકરૂપ થઈને જગત થઈ ગયું. બ્રહ્મ તો નિરીહ (ઈચ્છા વિનાનું ) છે, તો તેને ઈચ્છા થઈ એમ કહેવું સિદ્ધાંત વિરુદ્ધ થયું. 'બ્રહ્મ ઈચ્છા વિનાનું છે ' એ એક મુખ તથા તેને ઈચ્છા થઈ, એટલે ઈચ્છાવાળું છે તે બીજું મુખ આમ, બે મુખ થયાંને ? બેમાં સાચું કયું ? ત્રીજી વાતપણ ધ્યાન દેવા જેવી છે. બ્રહ્મને પરિપૂર્ણ (પૂર્ણકામ) માન્યું છે, જે પૂર્ણકામ હોય તેને ન ગમવાપણું હોય ? શું તે જમવા રમવા માટે આવું વિશ્વ રચે તો શકિતહીન કે ક્રિયાહીન હોય ? શકિત અને ક્રિયા વિના વિશ્વની રચના કેમ મનાય ? સંકલ્પ થવો એ પણ માનસિક ક્રિયા તો છે જ. જે ખૂટતું હતું તે પૂરું કરવા ઈચ્છા થવી એ અપૂર્ણકામના જ કહેવાય.

ઉપર કહ્યું તેમ એકમાત્ર બ્રહ્મથી જગત ઉત્પત્તિની વ્યવસ્થા નથી થઈ શકતી એટલે વેદાન્તી ઝટ દઈને એક બીજી વાત લઈ આવે છે. તે કહે છે કે, જગતની રચના તો ઈશ્વરે કરી છે, બ્રહ્મ તો નિર્લેપ છે. તે કશું કરતું જ નથી. હવે કોઈ પુછે, બ્રહ્મ સિવાય તમારા મતમાં અન્ય કોઈ વસ્તુ જ નથી પછી ઈશ્વર પણ કયાંથી આવ્યો ? અને બ્રહ્મ તથા ઈશ્વર એમ બે વસ્તુઓ હોય તો અદ્વૈત કયાં રહ્યું ? બીજી તરફ એમ પૂછાય કે બ્રહ્મ તથા ઈશ્વર એક જ છે કે જુદાં ? જો એક જ છે, તો ઈશ્વરથી સૃષ્ટિ થઈ કહો કે બ્રહ્મથી થઈ કહો બન્ને એક જ વાત થઈ. જો જુદાં કહો તો બ્રહ્મ માટે સજાતીય–વિજાતીય સ્વગતભેદ શૂન્યતા ન રહી. બ્રહ્મ તથા ઈશ્વર એક જ જાતિમાં હોય તો સજાતીય ભેદ, જુદી જાતિનાં હોય તો વિજાતીય ભેદ, એક જ હોવા છતાં અવયવ–અવયવી ભાવ જેવાં હોય તો સ્વગતભેદ સિદ્ધ થયા.

હવે એમ કહે કે બ્રહ્મ પોતે જ માયાની ઉપાધિથી ઈશ્વર થાય છે. એટલે ખરેખર બન્ને તત્ત્વો એક જ છે. છતાં ઉપાધિથી જુદાં દેખાય છે. વેદાંતીની પૂરી માયાજાળનું કેન્દ્ર 'ઉપાધિ' શબ્દમાં છે. કારણ કે તેમાં પણ તેમના જ આચાર્યનો પ્રબળ મતભેદ છે. પ્રથમ એકમાત્ર બ્રહ્મ હતું, બાકી કાંઈ જ ન હતું તેવી વાત તો ન રહી. બ્રહ્મ, ઈશ્વર અને માયા એમ ત્રૈત થઈ ગયું.

સૃષ્ટિ ઉત્પત્તિ માટે ઈચ્છા કરનાર નિરીહ બ્રહ્મ નહિ, પણ ઈચ્છા આદિ ધર્મવાળો ઈશ્વર છે. ઈશ્વરને ઈચ્છાવાળો બનાવવા માટે તેમાં માયાને ભેળવવી પડી. આ રીતે બ્રહ્મથી અતિરિકત માયા નામના તત્ત્વને સ્વીકારવું પડયું. એટલે અદ્વૈત તો ન જ કહ્યું. છતાં ઈશ્વર તો માયાને પોતાના વશમાં કરીને રાખે છે, તે પોતે તો માયાથી પર છે.

હવે પ્રશ્ન થાય છે કે આવા જડ ચૈતન્યમિશ્રિત ઈશ્વરે વિશ્વની રચના કેમ કરી ? જો કહો કે માત્ર પોતાને રમવા માટે એકાંકીપણું ટાળવા માટે તો તેની રમતમાં વિષમતા તથા નિઘૃણતાનો દોષ આવશે. તેણે કેટલાકને ધનવાન તો

કેટલાકને ગરીબ બનાવ્યા, કેટલાકને આરોગ્યવાન રૂપના અંબાર કરી દીધા તો કેટલાકને જન્મથી જ માંદલા અને કુરુપ બનાવી દીધા, વળી કેટલાકને અત્યંત મેધાવી બનાવ્યા તો કેટલાકને અત્યંત મૂર્ખ બનાવ્યા આમ વિશ્વભરમાં ડગલેને પગલે વિષમતા જોવા મળે છે. તે જો વિશ્વની રચના ઈશ્વરની રમત માટે થઈ હોય તો તેવા ઈશ્વરને દયાળુ કેમ કહેવાય ? પરમ પિતા, કલ્યાણકારી વગેરે કેમ કહેવાય ? વળી, લૂંટફાટ, ખૂનામરકી, અત્યાચાર, બળાત્કાર, કતલખાનાં વગેરે તેની રમત માટે થતું હોય તો તેની હરકતની ભયંકર ક્રૂરતા જ કહેવાય. આવું વિશ્વ, આવા હેતુ માટે રચાતું હોય તો રચનાર પ્રત્યે પૂજયભાવ ન રહે. વિશ્વમાં સુખ થોડું તથા દુઃખ ઘણું છે. એટલે દુઃખ ત્રાસ–જુલમ જોવા માટે જ તેણે જગતની રચના કરી ? હવે વેદાન્તી કહે કે ના,ના, ઈશ્વરે જગતની રચના જીવોનાં કર્મોના ફળ ભોગવવા માટે કરી છે. તે તો પોતે અલિપ્ત પૂર્ણ કામ જ છે. (૧)

## 6.2 શાંકરવેદાન્ત અને વલ્લભવેદાન્તમાં બ્રહ્મનું જગત કારણત્વ

### ❖ અદ્વૈત વેદાન્તમાં જગતનું સ્થાન :–

બ્રહ્મ અને જગત :– શંકરાચાર્ય બ્રહ્મ અને જગત વચ્ચે પૂર્ણ ઐકય સ્થાપતા નથી. પરંતુ તેઓ તો માત્ર તે બંને વચ્ચેના ભેદને નકારે છે.(૨) જગતનું મૂળ પ્રકૃતિના વિકાસમાં શોધવામાં આવે છે અને આ 'પ્રકૃતિ' ને જ અદ્વૈત વેદાન્તમાં 'માયા' કહી છે, પરંતુ સાંખ્યદર્શનનો 'પ્રકૃતિ' કરતાં અદ્વૈત વેદાન્ત સંમત 'માયા' એ અર્થમાં ભિન્ન છે કે તે બ્રહ્મથી સ્વતંત્ર નથી. જયારે સાંખ્યની 'પ્રકૃતિ' પુરુષથી સ્વતંત્ર માનવામાં આવેલ છે. માયા બ્રહ્મ પર આધારિત છે. પ્રકૃતિ યા માયા સહિત બ્રહ્મ એ સગુણ બ્રહ્મ કે ઈશ્વર છે અને તે આત્માઓ તથા વિષયોની વિવિધતાને પૂરેપૂરી રીતે જાણે છે. કેટલીક વાર ઈશ્વરને આ સૃષ્ટિના સર્જક તરીકે નિરૂપાય છે અને માયાને તેની સર્જન શકિત તરીકે મનાય છે. આ અર્થમાં ઈશ્વર આ સૃષ્ટિનું ઉપાદાન તથા નિમિત્ત એમ બંને કારણ છે. (૩) આ

દશ્યમાન જગત કે જેને અનાત્મવસ્તુ પણ કહી છે તે પોતાનો અર્થ આત્મ–સત્ કે પરમ સત્માંથી તારવે છે. મતલબ  કે જગત બ્રહ્મ પર પ્રતિષ્ઠિત છે. જગતની હસ્તી સાપેક્ષ છે અને એ સાપેક્ષમાં પણ પગલે પગલે પેલું નિરપેક્ષ તત્ત્વ જે ચમકી રહ્યું છે. આત્મા અથવા તો ચિત્થી અલગ એવી આ વસ્તુ જગતની હસ્તી નથી. માત્ર આત્મા જ સ્વાત્મસત્ છે, તેનું અસ્તિત્વ સ્વ–અર્થ અને સ્વ–આધારિત છે. જયારે વસ્તુ જગતનું અસ્તિત્વ અન્ય માટે અને અન્ય પર આધારિત છે. જયારે વસ્તુ જગતનું અસ્તિત્વ સ્વયં પોતા પર આધારિત નથી. આથી જગતને સન્મૂલ અને સત્પ્રપિષ્ઠ કહ્યું છે. અને આ અર્થમાં જગતની સત્તા બ્રહ્મની સત્તા કરતાં નિમ્ન કક્ષાની છે. જગતની સત્તા ભ્રામક  છે. જગતમાં કોઈપણ વસ્તુ એવી નથી કે જે કાંઈક કારણસર ખરેખર રૂપાન્તર પામતા હોય અને છતાં નિત્ય હોય. આથી જ ડૉ.રાધાકૃષ્ણન્ જગતના પરિણામી નિત્યત્વને નિત્યત્વના આભાસવાળું કહે છે.

માત્ર એક અને અદ્વિતીય એવું બ્રહ્મ જ સત્ છે. જગત નિરપેક્ષપણે સત્ નથી. પરંતુ એનો અર્થ જગત અસત્ કે માત્ર શૂન્ય છે એવો પણ નથી. આ જગતની વ્યાવહારિક સત્તા છે અને તે એક બાજુથી બ્રહ્મની શાશ્વત સત્તા બીજી બાજુથી માત્ર અસત્ કે શૂન્યથી ભિન્ન છે.  ડૉ. રાધાકૃષ્ણન લખે છે કે અદ્વૈતવાદીઓ 'એક' ને ખાતર 'અનેક'ની હસ્તીનો છેદ ઉડાવી દે છે એમ માની લેવું ખોટું છે. અદ્વૈત બ્રહ્મવાદતો એટલું જ કહે છે કે એક અને અદ્વિતીય એવું જે બ્રહ્મ તે જગતને વ્યાપી વળેલું પૂર્ણ ચૈતન્ય છે અને તે જ જગતનો પ્રેરક અને અંતર્યામી આત્મા છે. પરંતુ એનો અર્થ એમ નથી. કે જીવોથી ભરેલું અને વિકારશીલ આ જગત મિથ્યા અથવા અવિદ્યમાન non – existent  છે. અસત્ કે શૂન્યની તો હસ્તી જ ન સંભવે No non entity exists. દા.ત. શશશૃંગ કે વન્ધ્યા પુત્રનો જન્મ ન તો માયાથી સંભવે છે કે ન તો ખરેખર શકય છે. બ્રહ્મના સંદર્ભમાં જોતાં જગતની હસ્તી સાપેક્ષ છે, જગતને અસત્ કહી શકાય નહિ કારણ કે

આપણને તેનો અનુભવ થાય છે. શૂન્યવાદ સામે પણ શંકરાચાર્યની આ જ દલીલ છે.

અંતમાં આપણે કહીશું કે આ સંસાર કે જે પરસ્પર વિરુદ્ધ ધર્મોવાળો છે તેની ઉત્પત્તિ કેવી રીતે અને શા માટે થઈ છે તે આપણે જાણી શકતા નથી. સત્ય અને અસત્યના મિશ્રણના આધારે જ આ જગતનો નૈસર્ગિક લોક વ્યવહાર ચાલી રહ્યો છે.(૪) આપણે તો નાટક શાળાના પ્રેક્ષકો માટેના 'પીટ' કલાસમાં બેઠેલા છીએ અને તેથી પડદા પાછળ શું ચાલી રહ્યું છે તે જાણવું આપણા માટે અશકયવત્ છે. એ ગૂઢ અર્થાત્ અકળ વસ્તુ છે અને તેનો પૂજયભાવે સ્વીકાર કરવો રહ્યો. ઈશ્વર અને માયાવી જગત વચ્ચેનો સંબંધ અનાદિ છે. (૫)

બ્રહ્મ કે જે કાલાતીત અર્થાત્ કાલ મર્યાદાથી પર છે, તે કોઈક રીતે દિક્કાલની મર્યાદાવાળા આપણા જગતમાં પ્રતિબિંબિત થાય છે. જગતએ બ્રહ્મનો આવિર્ભાવ છે એ ખરું, પણ જગત પ્રપંચની અનેકતાને લીધે બ્રહ્મની એકતા પર અસર પડતી નથી. આ વિશ્વ એક જ વસ્તુ બ્રહ્મરૂપ છે. કેમ કે આત્મ–સ્વરૂપએ સિવાય બીજી કોઈ વસ્તુ જ નથી. આ આખું જગત અનેક જુદાં જુદાં રૂપરંગવાળું દેખાય છે, એનું કારણ અજ્ઞાન છે. ખરી રીતે તો એ બધું સમગ્ર ભાવનારૂપ દોષ વિનાનું (નિર્વિકલ્પ) બ્રહ્મ જ છે. આ જગતમાં – બલ્કે એવાં ગમે તેટલાં જગતોમાં પણ બ્રહ્મનું સમગ્ર સ્વરૂપ સમાઈ જતું નથી; અને વિવિધાતાવાળા જગતમાં થતા ફેરફારોની બ્રહ્મના એકત્વ પર કોઈ પણ રીતે અસર પડતી નથી. પણ જગત પ્રપંચ અથવા વ્યાવહારિક જગત તે વિષયી ચૈતન્યનું પરિણામ છે, એમ આપણાથી કહી ન શકાય ; કેમ કે એનો અર્થ નો એ થાય કે બ્રહ્મએ અધિષ્ઠાન સત્ છે તે જગત નર્યો આભાસ છે કે તેની પાછળ કંઈક અધિષ્ઠાન સત્ પડેલું છે એ જાણવાનું આપણી પાસે કશું સાધન નથી. સૌથી સારો ઉકેલ તો એમ કબૂલ કરી લેવાનો છે કે જગતએ બ્રહ્મનો આવિર્ભાવ છે, છતાં તેને લીધે બ્રહ્મના એકત્વ અને પૂર્ણત્વમાં

જરાયે ક્ષતિ આવતી નથી. બ્રહ્મ અને જગત વચ્ચેના આ પ્રકારના સંબંધને ભારતીય વિચારકો 'વિવર્ત' કહે છે.

જગતનો બ્રહ્મ સાથેનો સંબંધ અપૃથક્ તાદાત્મ્યનો છે. વેદાન્ત શાસ્ત્રોમાં બ્રહ્મને જગતનું કારણ માનેલ છે. (૬) વેદાન્તનો મૌલિક સિદ્ધાંત સત્ કાર્યવાદ છે. સત્ કાર્યવાદમાં બે સિદ્ધાંતો સમાયેલા છે. (૭)

(૧) અભિવ્યકિતની પહેલાં કારણમાં રહેલી કાર્યની અવ્યકત સત્તા.

(૨) કાર્યનો કારણથી અપૃથક્ ભાવ.

પહેલા સિદ્ધાંત દ્વારા જગતની વાસ્તવિક સત્તા સિદ્ધ થાય છે અને બીજા દ્વારા બ્રહ્મ જોડે જગતનો અપૃથક્ સંબંધ સ્પષ્ટ થાય છે.

સંખ્યાકારો કારણ અને કાર્યનું અનવ્યત્વ સ્વીકારે છે, એટલે એમનું જડ પ્રધાન કારણ (પ્રકૃતિ) ચિત્તની વિક્રિયાથી પરિણામે છે, તે કાર્ય અને કારણ – પ્રધાન એ બેનું ઐકય જ છે. એટલે પ્રધાનથી વસ્તુતઃ જુદું જ એવું પરિણામ થાય છે એમ તેઓ નથી માનતા એટલા જ પૂરતો એમનો મત વેદાન્ત સંમત છે એટલે કે કારણમાં જ કાર્યનો સદ્ભાવ છે. તેમનો એટલો સ્વીકાર વેદાન્ત સાથે સમાન છે. બ્રહ્મસૂત્રમાં પણ જગતના પ્રત્યેક કાર્યને મૂળ કારણ બ્રહ્મ 'સત' કે 'આત્મા'ની સાથે અનત્યત્વવાળું જ કહ્યું છે . (૮)

સત્કારણવાદ મુજબ માત્ર કારણ જે સત્ય છે અને કાર્ય મિથ્યા છે. આ સિદ્ધાંત પ્રાચીન વેદાન્ત કરતાં ઉત્તરકાલીન વેદાન્તનો સિદ્ધાંત હોય તેમ જણાય છે. સત્કારણવાદ માટે પ્રાચીન વેદાન્તમાં ખાસ કશો આધાર જણાતો નથી. કાર્યકારણના એકત્વના સંબંધમાં બન્ને વચ્ચે તાદાત્મ્ય છે એવો શબ્દ પ્રયોગ પણ યોગ્ય નથી. વેદાન્તના 'કારણવાદ' નો અર્થ એ છે કે કારણ એ કાર્યનું મૂળ તેમ જ આશ્રય છે તથા કારણ વિના કાર્યની હસ્તી સંભવીત નથી તેનું તાત્પર્ય એ કે કારણ તથા કાર્યનું 'અપૃથક્ તાદાન્મ્ય' છે કિંતુ 'એકત્વ' નહિ.

શંકરાચાર્યેએ બાબત પર ખાસ ભાર મૂકયો છે કે કાર્ય તથા કારણ વચ્ચે અપૃથક્ તાદાત્મ્ય છે તથા તે આધારે જ તેઓ કહે છે કે જગત તેમ જ બ્રહ્મ વચ્ચે પણ અપૃથક્ તાદાત્મ્ય સંબંધ છે. જેમ કારણથી પૃથક્ કાર્યની સત્તા શકય નથી તેવી જ રીતે બ્રહ્મથી ભિન્ન એવા જગતની પણ સત્તા માની શકાય નહિ. અહીં એ સ્પષ્ટ છે કે આચાર્યશ્રીએ કાર્ય અથવ જગતના મિથ્યાત્વ તરફ જરા પણ સંકેત કર્યો નથી., કે ન તેઓએ કાર્ય તથા કારણ યા તો જગત તથા બ્રહ્મ વચ્ચે એકત્વનું પ્રતિપાદન કર્યુ છે. અભિવ્યકત થયા પહેલાં કાર્યની સત્તા રૂપે જગતની સત્તા સ્વતઃસિદ્ધ છે અને જગત તથા બ્રહ્મના એકત્વનો 'કાર્ય કારણ વડે રહેલું છે ; કારણ કાર્ય વડે નહિ' એમ સ્પષ્ટ નિષેધ કરેલો છે. (૯) પ્રપંચરૂપ જગત બ્રહ્માત્મક છે, બ્રહ્મ પ્રપંચાત્મક નથી. (૧૦) આથી જગતનો બ્રહ્મ જોડે એકત્વનો નહિ પરંતુ અપૃથક્ તાદાત્મ્યનો સંબંધ છે એમ સ્પષ્ટ થાય છે.

કાર્ય–કારણ સંબંધની યોજના આચાર્યશ્રી શંકરે 'અવ્યતિરેક'પદ દ્વારા કરી છે, જેનો સ્પષ્ટ અર્થ 'અપૃથક્ ભાવ' છે. મતલબ કે એક પદાર્થની સત્તા પર અનિવાર્યપણે આધારિત છે અને જેના અભાવમાં પૂર્વ પદાર્થની સત્તા પણ સંભવ નથી.' આ સિવાય 'અનન્યત્વ' શબ્દનો પ્રયોગ પણ કાર્ય–કારણભાવ તથા જગત તથા બ્રહ્મના સંબંધમાં થાય છે. જેનો અર્થ પણ કાર્ય–કારણ એકત્વ એવો નહિ કરતાં કારણથી પૃથક્ કાર્યની અને બ્રહ્મથી પૃથક્ જગતની સત્તા નથી, મતલબ કે 'અપૃથક તાદાત્મ્ય' એમ કરવાનો છે. શાંકરવેદાન્ત મુજબ પરિણામએ કારણથી અભિન્ન છે અને જગત એ બ્રહ્મ જ છે અને નામરૂપવાળું આ સમગ્ર સર્જન એ તો શબ્દ માત્ર છે, જેમ માટીનો ઘડો નામથી ઘડો છે પણ તે માટી જ. (૧૧) બ્રહ્મથી ભિન્ન એવા જગતનું અસ્તિત્વ જ નથી. આ દૃશ્ય જગત બીજું કશું નહિ પણ બ્રહ્મ જ છે.

શંકરાચાર્ય પછી થયેલા ઉત્તરકાલીન વેદાન્તચાર્યોએ આચાર્યશ્રીના ગ્રંથો પર ભાષ્યો અને લખી અદ્વૈતવેદાન્તને લોકપ્રિય બનાવવાનો તેમનો પ્રયત્ન

ચાલુ રાખ્યો છે. આ આચાર્યોની લાંબી પંરપરા છે, જેમાંથી ટૂંકમાં અહીં બ્રહ્મ, જગત વગેરેના સંદર્ભમાં તેમનાં મંતવ્યોનો ઉલ્લેખ કરીએ.

સંક્ષેપ શારીરકકાર સર્વજ્ઞાત્મમુનિ નિરપેક્ષ શુદ્ધ પરબ્રહ્મને જગતનું ઉપાદાન કારણ માને છે. ભામતીકાર વાચસ્પતિમિશ્રના મતે જગત કારણ તો બ્રહ્મ જ છે પણ માયા તેની (બ્રહ્મ) ની સહાયક શકિત છે. તેમના મતે અવિદ્યાનો સંબંધ પ્રમાતા અર્થાત્ વિષયી જોડે છે અને આ અવિદ્યા આંખ પર આવેલી ઝાંયની માફક વિષયના સ્વરૂપને ઢાંકી દે છે. પંચદશીકાર વિદ્યારણ્યનો મત એવો છે કે જગતના રૂપમાં જે કારણ પરિણત થાય છે તે માયા છે અને જગતનું જે આધારરૂપ કારણ તે વિશુદ્ધ ચૈતન્ય છે અને તે માયારૂપ ઉપાધિ વડે સીમિત છે. ટૂંકમાં, વિવર્તોપાદાનતાને અહીં માયોપહિત ચૈતન્યનું કારણ માનેલ છે. વેદાન્તસિદ્ધાંત મુકતાવલીના રચયિતા પ્રકાશાનન્દ બ્રહ્મનો સંબંધ બીજી કોઈ વસ્તુ સાથે જોડવાના વિરોધી છે. આથી તેઓ માને છે કે એકમાત્ર માયા જ જગતનું ઉપાદાન કારણ છે, બ્રહ્મ નહિ. તેઓ એક જીવવાદના પુરસ્કર્તા છે.

અદ્વૈતસિદ્ધિકાર મધુસૂદન સરસ્વતી આ ભ્રાન્તિમય જગતનું કારણ અજ્ઞાન છે તેમ માને છે અને આ અજ્ઞાનને લીધે જ આપણે બ્રહ્મને આ જગતનું ઉપાદાન કારણ માનીએ છીએ. ચિત્સુખાચાર્ય, યોગવાસિષ્ઠકાર વગેરે પણ પ્રબળ આત્મવાદનો આશ્રય લઈ ભારપૂર્વક એમ નિરૂપે છે કે આપણું ચૈતન્ય જ જગતને ઉત્પન્ન કરે છે અને તેથી વિષયી – વિષય સંબંધી ચૈતન્યનો લોપ થવાથી તેની જોડે જોડે જગત્ પણ અસત્‌ના રૂપમાં પરિવર્તિત થઈ જાય છે. દૃષ્ટિસૃષ્ટિવાદ આ જ પ્રકારનું નિરૂપણ કરે છે. પાશ્ચાત્ય તત્ત્વજ્ઞ બર્કલીના મતને તે મળતો આવે છે.

શાંકરવેદાન્તીઓ બ્રહ્મ વિષે જગતની ભ્રાન્તિ થાય છે. એમ કહે છે અને તેના ઉદાહરણમાં રજ્જુ–દોરડા વિશે જેમ સર્પની ભ્રાન્તિ થાય છે તેમ બ્રહ્મ વિશે જગતની ભ્રાન્તિ થાય છે એમ કહે છે. પરંતુ આ ઉદાહરણ પણ તર્કસંગત નથી કારણ કે અહીં દોરડી અને સાપ બન્ને સાકાર અને સમાનાકારનાં છે; પરંતુ

માયાવાદીઓ જે બ્રહ્મની કલ્પના કરે છે તે તો નિરાાર છે. આથી નિરાકાર બ્રહ્મ વિષે સાકાર જગતનો ભ્રમ થવો શકય નથી. તેથી ઉપરનું દ્રષ્ટાન્ત યોગ્ય જણાતું નથી. વળી એ દષ્ટાંત સ્વીકારીએ તો પણ તેથી માયાવાદ સાબિત થતો નથી કારણ કે રજજુમાં સર્પની ભ્રાન્તિ થયા અગાઉ આપણે વાસ્તવિક જીવનમાં સર્પ જોવો હોય છે. તો તેના ઝેરીપણા વિષે સાંભળયું હોય છે અને તે હકીકતના આપણા મનસપ પર પડેલા સંસ્કારને લીધે આપણને દોરડીમાં સર્પની ભ્રાન્તિ અનુભવવાનો પ્રસંગ આવે છે. આથી આ દ્રષ્ટાંત સ્વીકારીએ એટલે પહેલાં કોઈ વખત સત્ય જગતનું દર્શન તથા શ્રવણ વગેરે સ્વીકારવું પડશે અને જગતને સત્ય સ્વીકારીએ એટલે ભ્રાન્તિનો પ્રશ્ન રહેતો નથી. તેવી જ રીતે છીપમાં ચાંદીની ભ્રાન્તિમાં સંબંધમાં કહી શકાય.

વળી, જગતનું કારણ અવિદ્યા માનતાં જગતનો લય પણ અવિદ્યામાં જ સ્વીકારવો પડશે એટલે માયાવાદમાં સર્વાત્મભાવનો પ્રસંગ જ નહિ આવે. બ્રહ્મ સત્ય છે અને અવિદ્યા સદસત્ છે, એટલે બ્રહ્મજ્ઞાનથી જગતનું જ્ઞાન પણ સંભવશે નહિ. વળી જગત એ કાર્ય છે અને અસત્ નથી કારણ કે કાર્યની પ્રાપ્તિ થાય છે. વસ્તુ હોય તો જ ઉપલબ્ધિ થાય. કાર્યને અસત્ માનતાં મોક્ષ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન સંભવશે નહિ. આની સામે કદાચ એમ દલીલ કરવામાં આવે કે કાર્ય અસત્ છે છતાં પણ વાસના વડે કાર્ય દેખાય છે, પણ તેમ નથી, કારણ કે વાસનાએ જગત વિના સંભવે જ નહિ. વળી વાસનાને અનાદિ માનવા જતાં અંધ પરંપરા પ્રાપ્ત થશે. પદાર્થ વિના વાસના થતી નથી અને વાસના વિના પણ પદાર્થની પ્રાપ્તિ તો થાય છે, માટે અન્વય વ્યતિરેકથી પણ થતું નથી, કારણ કે જગત પણ બ્રહ્મ સ્વરૂપ છે, બ્રહ્મથી અનન્ય છે, અભિન્ન છે એમ સર્વ શાસ્ત્રોએ સ્પષ્ટ કહ્યું છે.

## ❖ વલ્લભાચાર્ય : જગત સત્ય છે, પરંતુ સંસાર મિથ્યા છે :

શંકરાચાર્ય જગતપ્રપંચ અને સંસાર એવો ભેદ પાડતા નથી, એમના મતે બધું દ્વૈત મિથ્યા જ છે. વલ્લભાચાર્ય જગત પ્રપંચને સત્ય માને છે, પણ અહંતામમતાત્મક સંસારને મિથ્યા માને છે. તેઓ કહે છે કે દ્વૈત સત્ય છે, કારણ સત્ય બ્રહ્મમાંથી તેનું કાર્ય જગત પણ સત્ય જ હોવું જોઈએ પણ જગત બ્રહ્મનું કાર્ય હોઈ બ્રહ્મનું જ સ્વરૂપ છે. એટલે દ્વૈત હોવા છતાં દ્વૈતનું જ્ઞાન મિથ્યા છે.

શાંકરમતમાં જગત એ બ્રહ્મનું પરિણામ નથી, પરંતુ બ્રહ્મનો વિવર્ત છે. જગતનું નિમિત્ત તથા ઉપાદાન કારણ પણ બ્રહ્મ જ છે. શુદ્ધાદ્વૈતીના મતે જગત ભગવદ્રૂપ છે. ભગવાનથી અનન્ય છે. જગત સત્ય છે, કારણ કે સત્ય હોય તો જ તેની પ્રાપ્તિ થાય. (૧૨) પદાર્થ અસ્તિત્વમાં હોય તો જ તેની ઉપલબ્ધિ થઈ શકે; તો જ તે જોવામાં આવી શકે. (૧૩) જગતનો અભાવ હોય તો તે જોવામાં જ ન આવે. બ્રહ્મસૂત્રકાર કહે છે તેમ જગત ત્રણે કાળમાં વિદ્યમાન છે, એટલે તે બ્રહ્મરૂપ છે. વળી ઉ પતિની પહેલાં જગત્ અસત્ હતું એમ પણ કંઈ નથી. પહેલાં જગત અવ્યાકૃત – અવ્યકત હતું. तदात्मानं स्वयमकुरुत તેણે કામના કરી, હું બહુ થાઉં વગેરે વાકયો પણ જગતના સત્યત્વનો જ ઉપદેશ કરે છે. બ્રહ્મ સ્વરૂપ અને જગત સ્વરૂપ એ બંને સત્ય હોય, નિત્ય હોય, તો જ એ બંને સ્વરૂપનો કાર્ય–કારણરૂપ સમવાય સંબંધ (તન્તુ–પટ છે જેવો) સંભવે, નહિ તો અસત્માં સત્ થાય. કારણની સાથે કશા સંબંધ વિના જ કાર્ય ઉત્પન્ન થાય છે, એમ જો માનીએ તો મિથ્યાત્વ પ્રાપ્ત થાય છે. સત્ય જગતની ઉત્પત્તિ થાય છે, એમ માનીએ તો જ તેમાં થતી પ્રવૃતિ – જગત વ્યાપાર પણ ઉપયોગી નીવડે, વળી આ દશ્યમાન જગત સ્વપ્ન પણ નથી કારણ કે સ્વપ્ન વગેરેમાં તો તે સમયે અથવા તો તે સ્વપ્નના અંત, વસ્તુનો અન્યથાભાવ – બીજું સ્વરૂપ – મળે છે. જયારે જગતનો અન્યથાભાવ

નથી. આથી જગત સત્ય છે. આ સામે કદાચ એમ શંકા ઉઠાવાય કે જગત ન હોય તો પણ વાસના વડે તેમ દેખાય, પરંતુ આ શંકાય અયોગ્ય છે કારણ કે જગત હોય તો જ વાસના સંભવે, વળી તે વાસનાને અનાદિ માનીએ તો અંધપરંપરા દોષ થાય. જગત વિના વાસના ન સંભવે, અને વાસના વિના પણ જગતનો અનુભવ થાય છે. આથી જગતનું સત્યત્વ સિદ્ધ થાય છે.

બ્રહ્મસૂત્રકારે પણ બ્રહ્મ અને જગતની અનન્યતા જ સિદ્ધ કરી છે. જગત જો અસત્ હોય તો સૂત્રકાર અનન્યતા સિદ્ધ કરે નહિ. સત્ અને અ–સત્‌ની અનન્યતા પણ સંભવે નહિ. આથી જગત બ્રહ્મથી અનન્ય છે તેથી પણ સત્ય છે. શ્રુતિ સ્મૃતિ વચનો પણ 'સાક્ષાત્ બ્રહ્મમાંથી જગત પ્રગટ થાય છે', ' બ્રહ્મમાં લય પામે છે.', એમ જગતનું સત્યત્વ સિદ્ધ કરે છે. (૧૪) જગતની અસત્યતા માનનારને ગીતા પણ અસુર કહી નિન્દે છે. આ જગત વિકારવાળું કે મિથ્યા નથી. एकोहम बहुस्याम એ શ્રુતિ વાકય અનુસાર પોતાની ઈચ્છાથી ઈશ્વરે તેને પ્રગટ કર્યું છે એટલે જગત માયાજન્ય નથી અથવા તો અવિદ્યાને લીધે ઉત્પન્ન થયું નથી. આથી બ્રહ્મસૂત્રકારના અવિકૃત પરિણામવાદ અનુસાર જગત સત્ય છે, એમ વલ્લભાચાર્યના મતવાળાઓ સિદ્ધ કરે છે. આ સામે પ્રતિપક્ષી કદાચ એમ દલીલ કરે કે વાસ્તવિક જીવનમાં ન જોયું હોય તેવું પણ સ્વપ્નમાં જોવા મળે છે, જેમ કે સસલાંને શિંગડાં વગેરે તેવું જ આ જગતનું કેમ ન સમજવું ? તો આના પ્રત્યુત્તરમાં શુદ્ધાદ્વૈતી કહેશે કે વાસ્તવિક જીવનમાં સસલું, શિંગડાં વગેરે તો જોયાં હોય છે. પરંતુ સ્વપ્નાવસ્થામાં એનો જે યોગ તે કાલ્પનિક છે. જગત સાચું છે. ઘર સાચું છે. માણસ પોતે સાચો છે, દેહ પણ સાચો છે. પણ એમાં 'હું – પણાંની જે અહંતા છે તે માત્ર મિથ્યા છે. માણસ અને અહંતા વચ્ચે જે જોડાણ છે તે ખોટું છે. સ્વપ્નમાં ભોજન કરવાથી કાંઈ ભૂખ સંતોષાતી નથી, જાગ્યા પછી ભોજન તો કરવું જ પડે છે, તેમ દેહે કરેલાં સાધનોથી બંધનમાંથી કેવી રીતે મુકત થવાય ? તેથી જ આ જગત અસત્ય નથી, અને બ્રહ્મરૂપ હોવાને કારણે નિત્ય જ છે. શ્રુતિ વાકયો

જોતાં પણ ખાતરી થશે કે તેમાં અનેક ઠેકાણે જગત સાચું હોવાનું કહેવામાં આવ્યું છે, અસત્ય છે, એમ કહ્યું નથી. ભાગવતમાં કહેલું છે કે જગતના સત્યપણાનો જેઓને ખ્યાલ નથી તેવા અજ્ઞાનીઓ 'આત્મા માયાનું સર્જન છે, મનુષ્યો અનાદિ કાળથી કદાચ વિવર્તરૂપે ચાલ્યા આવે છે 'એવું કહે છે. ગીતા કહે છે તેમ અસુર પ્રકૃતિના લોકો જ આ જગતને અસત્ય, પ્રતિષ્ઠારહિત અને ઈશ્વરહીન કહે છે. (૧૫)

## 6.3 શાંકરવેદાંત અને વલ્લભવેદાંતમાં બ્રહ્મ અને માયાનો સિદ્ધાંત :

➢ **શાંકરવેદાંતમાં બ્રહ્મ વિચાર :–**

દેશ કાળ અને કાર્ય – કારણના નિયમવાળું જે આ ભૌતિક જગત છે, તેની પાછળ રહેલું નિત્ય, નિર્વિકાર, સ્વયંભૂ અને સ્વતંત્ર સત્ તત્ત્વ તે બ્રહ્મ છે. એવો જે ઉપનિષદોનો સિદ્ધાંત છે તેનું શંકરાચાર્ય પ્રતિપાદન કરે છે. તૈતરીય ઉપનિષદ મુજબ બ્રહ્મ સત્ય, જ્ઞાન અને અનંત છે. ' સત્ય ' શબ્દ એમ સૂચવે છે કે એ તત્ત્વનો આપણને અ–પરોક્ષ અનુભવ થતો હોઈ તેની હસ્તી નિશ્ચત અને નિઃસંદેહ છે. ' જ્ઞાન ' શબ્દ સૂચવે છે કે એ તત્ત્વ ચૈતન્યરૂપ છે. ' અનંત' શબ્દ સુચવે છે. કે એ તત્ત્વ સર્વગ્રાહી અને અપરિમિત છે. સત્ય, જ્ઞાન અને અનંત એ બ્રહ્મનાં સ્વરૂપ – લક્ષણો છે, વિશેષણો નથી. શંકરાચાર્ય માને છે કે પરમ સત્ તત્ત્વ Ultimate Reality એક અને અદ્વિતીય છે. આમ તેઓ એકતત્વવાદી Monist છે. પરંતુ તેઓ બ્રહ્મ સિવાય કોઈ પરમ તત્ત્વને સ્વીકારતા નહીં હોઈ તે મને અદ્વૈતવાદી ( Non – dualist ) કહેવા વધુ યોગ્ય છે.

બાહ્ય જગતની દ્દષ્ટિએ પરમ સત્યની વ્યાખ્યા ' બ્રહ્મ ' તરીકે આપી શકાય. પરંતુ પરબ્રહ્મનું યથાર્થ અને પૂરેપૂરું વર્ણન કરવા માટે વિચારની કોઈ પણ કોટિ નકામી નીવડે છે, વિચાર કે વાણીથી તેનું યથાર્થ આકલન થઈ શકતું નહિ

હોય તેને અનિર્વચનીય પણ કહે છે. ઉપાધિ શૂન્ય બ્રહ્મ, શાંત, અનંત, એક, અદ્વૈત અને નિત્ય છે. તે સહેલાઈથી જાણી શકાતું નથી. એ સત્ ત વના અપાર અને અપરિમિત વૈભવનો તાગ કાઢવાની આપણી પરિમિત બુદ્ધિમાં તાકાત નથી. બ્રહ્મનું યથાર્થ વર્ણન કરવું જ હોય તો ' ન ઈતિ ' 'ન ઈતિ' (નેતિ નેતિ) દ્વારા જ થઈ શકે. આ શબ્દો વડે જયારે બ્રહ્મને વર્ણવવાનો પ્રયાસ થાય છે ત્યારે એ માનવ – જ્ઞાનની મર્યાદા સૂચવે છે.

જે અવર્ણનીય અને અનિર્વાચ્ય છે તેને કેમ કથી શકાય ? નિત્યને નિર્વિકાર એવા બ્રહ્મને જગતની ભાષામાં વર્ણવવાનો પ્રયત્ન મિથ્યા નીવડે છે. બ્રહ્મનું નિરૂપણ કરવામાં શંકર શ્રુતિવચનો તથા તર્ક બુદ્ધિનો આશ્રય લે છે. તેઓ એમ માને છે કે અપરોક્ષ અનુભવ યા સાક્ષાત્કાર વડે જગતના આદિ કારણરૂપ બ્રહ્મનું દર્શન થઈ શકે છે. શબ્દો દ્વારા બ્રહ્મ વાણીને અગોચર છે. તે નથી કેવળ, નથી. અ–કેવળ, નથી શૂન્ય, નથી. અ–શૂન્ય, કારણ કે તેનામાં આવું કોઈ દ્વૈત છે જે નહીં. તે અદ્વૈત છે, કારણ કે ' એક ' એવો સંખ્યાવાચક શબ્દ તેને લાગુ પાડી શકાય નહીં. ' નેતિ' , 'નેતિ' એટલે બ્રહ્મ પોતે જ નથી. એવો અર્થ થતો નથી; મતલબ કે બ્રહ્મથી અળગું એવું કશું છે જે નહીં તેથી ' નેતિ' છે. છતાં માયાવાદીઓનું જે બ્રહ્મ છે તે શૂન્યવાદી બૌદ્ધોનું શૂન્ય નથી. બ્રહ્મ શૂન્ય નથી, પણ નિરવૈયકિતક ( Impersonal ) છે.

- બ્રહ્મ ભેદોથી પર છે :–

શાસ્ત્રોમાં ત્રણ જાતના ભેદ માનવામાં આવેલા છે.

(૧) સજાતીય ભેદ

(૨) વિજાતીય ભેદ

(૩) સ્વગત ભેદ

બ્રહ્મ ઉપર જણાવેલા ત્રણે પ્રકારના ભેદ રહિત છે. સત્ વસ્તુ (તત્ત્વ) માં કોઈ પણ પ્રકારનો ભેદ સંભવતો નથી, કારણ કે તે સત્ તત્ત્વ પરિપૂર્ણ અને

અનંત છે. તે અખંડ (નિરંશ) અને એકરસ છે. જે વસ્તુ પરિચ્છિન્ન હોય તે ભેદયુકત હોય, તે સાવયવ હોય છે, પરંતુ જે વસ્તુ ત્રિવિધ પરિચ્છેદ રહિત હોય છે તેને કયાંય મર્યાદા ન હોવાથી તેનામાં અવયવની કલ્પના કરવી અશકય છે.

➢ બ્રહ્મનું લક્ષણ :–

શાસ્ત્રોમાં બે પ્રકારનાં લક્ષણ કહેલાં છે.

(૧) સ્વરૂપ લક્ષણ :– એટલે જે લક્ષણને પદાર્થમાંથી દૂર કરવામાં આવતાં તે પદાર્થ જ રહેતો નથી તે.

(૨) તટસ્થ લક્ષણ :– એટલે જે લક્ષણ બદલાયા કરે છે તે એ બ્રહ્માનાં સ્વરૂપ લક્ષણ છે. અને તજ્જલાન એટલે જેમાંથી સૃષ્ટિની ઉત્પત્તિ અને જેમાં તેની સ્થિતિ અને લય થાય છે તે એ બ્રહ્મનું તટસ્થ લક્ષણ છે. બ્રહ્મના નિષેધાત્મક વર્ણન (નેતિ.... નેતિ) નો હેતુ પરબ્રહ્મની ભાવાત્મક સત્તા અર્થાત્ હસ્તી હરી લેવાનો નથી. મતલબ કે તેનો ઈન્કાર કરવાનો નથી. પરંતુ જીવને પરબ્રહ્મ કેવું પરાત્પર લાગે છે તે દર્શાવવાનો છે. આમ બ્રહ્મ નિર્ગુણપ નિર્વિશેષ, નિરાકાર તથા નિરૂણાધિક (Unconditional) છે. શંકર સત્તા ( Reality ) ની ત્રણ પ્રકારની કોટિઓ સ્વીકારે છે.

(૧) પારમાર્થિક સત્તા.

(૨) વ્યાવહારિક સત્તા.

(૩) પ્રાતિભાસિક સત્તા.

આ બ્રહ્મ ત્રિકાલાબાધિત સત્તા છે. તે કાળના બંધનથી પર છે.

➢ બ્રહ્મનાં અસ્તિત્વ સંબંધી પ્રમાણો :–

જો કે બ્રહ્મને કોઈ પ્રમાણો દ્વારા સિદ્ધ કરી શકાય નહીં, કારણ કે બ્રહ્મએ સાબિત કરવા માટેની કોઈ વસ્તુ નથી. શંકરાચાર્ય અનુભવને પ્રાધાન્ય આપે છે. છતાં એક દાર્શનિક તરીકે તે બ્રહ્મના અસ્તિત્વની સાબિતી માટે કેટલાંક પ્રમાણો રજૂ કરે છે. જેનો ટૂંકમાં પરિચય મેળવીએ.

(૧) શ્રુતિ પ્રમાણ :–

ભારતીય દર્શનમાં અતિ મહત્વનું સ્થાન ધરાવતાં ઉપનિષદો, બ્રહ્મસૂત્રો તથા ભગવદ્ગીતા વગેરેનો આધાર લઈ શંકર બ્રહ્મ નિરૂપણ કરે છે. તેમની દલીલો શ્રુતિ પર આધારિત હોય છે. છતાં તર્કને પણ તેમાં મહત્વ આપેલ છે. શાસ્ત્રો આદિ સ્ત્રોતરૂપ છે. પહેલાં વેદ કે પહેલાં બ્રહ્મ એવા પેચીદા પ્રશ્નના જવાબરૂપે તેઓ કહે છે કે કાળક્રમે જોતાં બ્રહ્મ પ્રથમ છે અને વેદાદિ પછી છે, પરંતુ જ્ઞાનક્રમે જોતાં વેદાદિ પ્રથમ છે અને બ્રહ્મ પછી છે.

(૨) શબ્દના અર્થ પરથી પ્રમાણ :–

' બ્રહ્મ ' શબ્દનો અર્થ છે ' વધવું ' , ' વિકસવું ' કે ' ફૂટી નીકળવું' , ' બ્રહ્મ' શબ્દના અર્થ પરથી તેની સત્તાનું પ્રમાણ આપી શકાય છે. ' બ્રહ્મ ' શબ્દ દ્વારા જ તે અનંત છે એવું જ્ઞાન થાય છે.

(૩) મનોવિજ્ઞાનની દષ્ટિએ પ્રમાણ :–

પ્રત્યેક વ્યકિત પોતે પોતાના આત્માના અસ્તિત્વનો અનુભવ કરે છે. સ્વયં પોતાના આત્માની હસ્તીના સંબંધમાં તેને કોઈ શંકા ઉભી થતી નથી. આથી આત્મા એ જ પરમાત્મા ( બ્રહ્મ ) હોઈ બ્રહ્મનું અસ્તિત્વ સર્વવિદિત છે.

(૪) પ્રયોજનવાદી પ્રમાણ :–

આ ર્દશ્યમાન જગત એટલું વ્યવસ્થિત છે કે તેના આદિ સ્ત્રોતને કાંઈ જડ માની શકાય નહીં, માટે જગતની વ્યવસ્થા કોઈ પરમ ચૈતન્યરૂપ બ્રહ્મને લઈને જ છે એમ માનવું પડે છે.

(૫) તાર્કિક દલીલ :–

ઉપનિષદોની માન્યતા અનુસાર જગત આદિ નથી, પરંતુ તે કોઈ પરમ સત્તાનો વિવર્ત Appearance છે. એ પરમ સત્તા બીજી કોઈ નહીં પણ આદિ કારણ બ્રહ્મ જ છે. કદાચ બ્રહ્મના કારણ વિશે શંકા ઉઠાવવામાં આવે તો તેના કારણ અને વળી તે કારણના પણ કારણ વિશે પ્રશ્ન ઉઠાવી શકાય અને આ રીતે છેવટે કાંઈ નકર જવાબ મળે નહીં અને તેથી અનવસ્થા દોષ થાય. માટે જગતના આદિ કારણ રૂપ બ્રહ્મનો સ્વીકાર કરવાથી અનવસ્થા દોષમાંથી બચી જવાય છે.

(૬) અનુભૂતિજન્ય પ્રમાણ :–

શંકરાચાર્યએ સારી રીતે જાણે છે કે બ્રહ્મના અસ્તિત્વ સંબંધમાં રજૂ થતાં બૌદ્ધિક અને તાર્કિક પ્રમાણો અપૂરતાં છે, તે માત્ર સમજાવવા પૂરતાં જ છે. બુદ્ધિની કક્ષાએ બાહ્ય અને દ્વૈતનાં તત્ત્વોને શમાવી દેવા આપણે ગમે તેટલા પ્રયત્નો કરીએ તો પણ તે કાયમ જ રહે છે. માટે નરી બુદ્ધિથી ઉચ્ચતર એવી કોઈ સ્થિતિ હોવી જ જોઈએ. પરમ સત્ય તે બુદ્ધિથી કરવામાં આવતા વિચારથી પર છે. તેનો વિચાર કે તેની સંકલ્પના થવી કઠિન છે તે પરમ સત્યને અપરોક્ષ અનુભૂતિ યા સાક્ષાત્કારની ભૂમિકા (તૂરીયા વસ્થાની) એ પહોંચી શકાય છે. તે કક્ષાએ જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય સર્વ કાંઈ અભિન્ન અને એકરૂપ બની જાય છે. ફિલસૂફીની શોધ અહીં પૂરી થાય છે. ઉપનિષદો પણ કહે છે કે બ્રહ્મ અનુભૂતિનો વિષય છે, તેને બુદ્ધિ કે તર્ક – વિતર્ક દ્વારા પકડવાનો પ્રયત્ન કરવો એ ફોગટ છે.

## ❖ વલ્લભવેદાંતમાં બ્રહ્મ વિચાર :–

બ્રહ્મ સર્વધર્મ વિશિષ્ટ છે. સગુણ સાકાર બ્રહ્મ કે નિર્ગુણ નિરાકાર બ્રહ્મમાં વલ્લભાચાર્યના મતે વિરોધ નથી. વિરોધનો આભાષ માત્ર છે. આ

**બાબતમાં તેઓ શંકર તથા રામાનુજથી ભિન્ન મત દર્શાવે છે. બ્રહ્મનાં બન્ને સ્વરૂપો સત્ય છે. બ્રહ્મમાં પરસ્પર વિરોધીગુણો માયાના આભાસથી એવા જણાય છે એમ નથી, પરંતુ તે સ્વાભાવિક છે.**

सच्चिद्वानंद्व रुपं ब्रह्म व्यापकमव्ययम् (16)
सर्वशकित स्वतन्त्रा च सर्वज्ञ गुणवर्जितम् !!

सजातीय विजातीय स्वगत द्धैत वर्जितम् ! (17)
सत्याद्विगुण साहस्त्रौर्युकतमौत्पतिकै सद्वा !!

अनन्तमूर्ति तद्व बह्म कूटस्थ चल मेव च ! (18)
विरुद्व सर्वधर्माणाम् आश्रयं युकत्यगोचर !!

**બ્રહ્મ એક હોવાં છતાં પણ અનેક છે, સ્વતંત્ર છે, પણ ભકતોને આધીન છે. બ્રહ્મ જગતનો કર્તા છે, તે ખરેખર વાસ્તવિક છે, તે માયાથી કલ્પિત નથી. અખિલ રસામૃત શ્રી હરિ યા શ્રી કૃષ્ટ એ જ પરમબ્રહ્મ યા પરમપુરુષ છે. સંસાર તથા પ્રલય બન્ને એમની જ લીલાના વિલાસ અંશોમાત્ર છે. સૃષ્ટિએ બ્રહ્મનું અવિકૃત પરિણામ છે. અન્ય વૈષ્ણવ આચાર્યોની જેમ વલ્લભાચાર્ય પણ બ્રહ્મને અભિન્ન નિમિત્તોપાદાન કારણ તરીકે સ્વીકારે છે. (૧૯)**

**સૃષ્ટિએ બ્રહ્મની લીલા – માયા તેની શકિત છે. બ્રહ્મ કેવળ કર્તા નહિ પણ ભોકતા છે. તે વિરુદ્વ ધર્મોનો અવિરૂદ્વ એવો આશ્રય છે. બ્રહ્મના ત્રણ પ્રકારો સ્વરૂપો સ્વીકાર્યો છે.**

(૧) અન્તર્યામી :–

વ્યષ્ટિ રૂપ દેહવાળા જીવનનું નિયમન કરે છે માટે જેમ રથ ચલાવવાવાળો સારથી રથનો નિયામક છે.

(૨) અક્ષર બ્રહ્મ :–

અન્તર્યામીનો નિયામક અક્ષરબ્રહ્મ અન્તર્યામીનો નિયામક અક્ષર બ્રહ્મ છે. જેમ સારથીનો નિયામક રથમાં બેઠેલો ( રથી ) હોય છે તેમ.

(૩) પરબ્રહ્મ શ્રી કૃષ્ણ :–

જેમ રથમાં બેઠેલા રથીનો નિયામક તેનો જીવાત્મા હોય છે તેમ બ્રહ્મનો નિયામક શ્રી કૃષ્ણ પરબ્રહ્મ છે.

परं ब्रह्म तु कृष्णो हि सच्चिद्वानन्द्वकं बृहत ! **(20)**

## ❖ બ્રહ્મમાં ત્રણ સ્વરૂપો :–

(૧) અંતર્યામી સ્વરૂપ (આધિભૌતિક )

આમાં સદંશથી જડ, ચિદંશથી જીવ અને આનંદાંશથી અંતર્યામીઓની ઉત્પત્તિ છે. જેમ જીવ અનેક છે તેમ અંતર્યામીઓ પણ અનેક છે. આ અંતર્યામીનું સ્વરૂપ પ્રત્યેક જીવ સાથે મોજુદ રહ્યાનું આપણને શ્રુતિ દ્વારા પણ જાણવા મળે છે. પ્રત્યેક દેહમાં એક એક જીવ અને એક એક અંતર્યામી છે. અંતર્યામી માત્ર જીવની સાથે સાક્ષીવત રહ્યો છે. ફળોનો ભોકતા જીવ છે. અંતર્યામીને કશું નથી. (૨૧)

(૨) અક્ષર બ્રહ્મ સ્વરૂપ ( આધ્યાત્મિક )

ચેતન પદાર્થોમાં જીવ, અંતર્યામી અને અક્ષર એવી ત્રણ સ્થિતિ છે. શ્રી વલ્લભ 'અક્ષર' ને પ્રભુનું ચરણસ્થાનીય ધામ કહે છે. જયારે જ્ઞાન દ્વારા પ્રભુ મોક્ષદાન કરવાની ઈચ્છા કરે છે ત્યારે પોતાની ચરણ સ્થાનીક અક્ષર બ્રહ્મમાં એવા જીવની અભિન્નતા સાધે છે. આ આનંદ મર્યાદિત છે. પરબ્રહ્મની જેમ અગણિતાનંદ નથી.

(૩) બ્રહ્મસ્વરૂપ ( પરબ્રહ્મ ) આધિદૈવિક :–

સ્વયં પરબ્રહ્મ હરિ, કૃષ્ણ એવા વિભિન્ન નામોથી વ્યવહૃત પરમતત્વ આનંદપૂર્ણ છે. તે અસીમિત આનંદવાળું છે તેમાં બ્રહ્મ અને કૃષ્ણની અનન્યતા કહી છે. (૨૨)

## ❖ શંકરાચાર્યનો માયાવાદ :–

➢ ' માયા ' શબ્દના વિવિધ અર્થો :–

' માયા ' શબ્દ ઋગ્વેદ જેટલો પુરાણો છે. ત્યાં ' માયા ' શબ્દનો પ્રયોગ ઈન્દ્રના સંબંધમાં થયો છે. શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં ' માયા ' ને 'પ્રકૃતિ' અને 'માયિન' ને મહેશ્વર સમજવાની વાત કરી છે. જે એમ સૂચવે છે કે આ વિશ્વ એણે સર્જેલું છે. આમ 'માયા' ભૌતિક જગતનું આદિકારણ છે. ગીતામાં પણ 'માયા' શબ્દનો પ્રયોગ અનેકવાર થયો છે. ગીતાની 'માયા' એ ઈશ્વરની શકિત છે. દૈવી છે અને તેને પારખવી કઠિન છે. માયાએ ઈશ્વરની માત્ર સહાયક શકિત છે, જેના દ્વારા તે નામરૂપ વૈવિધ્યવાળા આ જડ જગતનો આવિર્ભાવ કરે છે.

બાદરાયણના બ્રહ્મ સૂત્રોમાં ''માયા'' શબ્દનો ઉલ્લેખ માત્ર એક જ વાર થયેલો જણાય છે. માયા જગતનું ઉપાદાન કારણ નથી. પણ પોતામાંથી

જગતને ઉત્પન્ન કરનાર ઈશ્વરની માત્ર સહાયક શકિત છે. કારણ કે નિમિત્ત અને ઉપાદાન એમ બન્ને કારણ તો શાંકર મતમાં અભિન્ન છે. નિમિત્ત તથા ઉપાદાન કારણ તો બ્રહ્મ જ છે. કેટલાકને મન માયાનો સિદ્ધાંત જગતનું સ્વરૂપ તથા બ્રહ્મ સાથે તેનો સંબંધ વગેરે ગૂઢ પ્રશ્નો ઉકેલવાની આશકિતનો દ્યોતક છે. સ્વામી વિવેકાનંદ કહે છે. ''માયા એ વાદ નથી પણ વાસ્તવિક હકીકત છે; ને તેનો સ્વીકાર કર્યા વિના છૂટકો નથી. કેમકે આપણે તેના રાજયમાં જ રહીએ છીએ. દ્વૈત, દ્વન્દ્વ, નાનાત્વ, વિવિધતા, સાપેક્ષતા એ જ માયા છે.

## ❖ માયાનાં લક્ષણો :–

શંકરાચાર્ય કેવલાદ્વૈતી છે, તેમને બ્રહ્મ સિવાય બીજું કોઈ પારમાર્થિક ત વ સ્વીકાર્ય નથી. હવે જો કેવળ કૂટસ્થ, નિત્ય ત વ બ્રહ્મ જ હોય તો બહુત્વ Multiplicily કયાંથી આવે છે ? અને કેમ અનુભવાય ? કૂટસ્થ નિત્ય એવું બ્રહ્મ તો અપરિણામી છે, તો પછી બંધન મોક્ષ, જીવભેદ વગેરેની વ્યવસ્થા કેમ ઘટાવવી ? આથી માયાવાદનો સ્વીકાર કરી તેમણે બધી મુશ્કેલીઓનો અંત આણ્યો છે.

માયા એટલે જે સત્ નથી તે. તે અવિદ્યાનું નામ છે. માયા ચિદ્રૂપ બ્રહ્મ કરતાં વિરુદ્ધ સ્વભાવવાળી છે. વળી, માયાને જો બ્રહ્મથી સ્વતંત્ર માને તો તેમનો કેવલાદ્વૈતનો સિદ્ધાંત ટકી ન શકે, એટલે તેમણે માયાને સત્ પણ નહીં અને અસત્ પણ નહીં એવી (અનિર્વચનીય– અને પરમેશ્વરના આશ્રયે રહેલી માની છે. માયા બ્રહ્મમાં રહેલી છે. તે બ્રહ્મથી અભિન્ન તેમજ બ્રહ્મપર સંપૂર્ણપણે આધાર રાખવાવાળી છે. બ્રહ્મથી અભિન્ન હોઈ માયાને 'અનન્યા' કહી છે. માયા બ્રહ્મની શકિત હોઈને બ્રહ્મને આધીન છે. માયા સમષ્ટિ રૂપ છે. બ્રહ્મથી ભિન્ન એવું માયાનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ નથી. માયા અનાદિ Beginningless છે. તેને જો આદિ માનીએ તો તેનો કોઈ કર્તા અથવા કારણ માનવું પડે. માયા એ ઈશ્વરમાંથી

જીવમાંથી કે જગતમાંથી ઉત્પન્ન કરવી શકય નથી, કારણ કે એ બધાં તો તેનાં કાર્યો ( પરિણામો ) છે, આમ માયા અનાદિ છે.

માયાને ભાવરૂપા કહી છે. જો કે માયા સંપૂર્ણ સત્ નથી છતાં તે માત્ર અભાવ ( Non - existent ) પણ નથી. માયાનાં બે પાસાં છે. અભાવાત્મક અને ભાવાત્મક તેનું અભાવાત્મક પાસું આપણને પરમત વનું દર્શન થવા દેતું નથી; અને તેનું ભાવાત્મક પાસું શુદ્ધ બ્રહ્મ કે જે અધિષ્ઠાન છે તેના પર નાનાવિધ જગતનો વિક્ષેપ ઊભો કરે છે. વળી કોઈ પણ પદાર્થ જો ભાવરૂપ ન હોય તો આપણને તેનો અનુભવ થતો નથી. તથા એમાંથી નિવૃતિ પણ થતી નથી. પરંતુ માયાને આપણે અનુભવીએ છીએ તેમજ બ્રહ્મજ્ઞાન થતાં માયાની નિવૃત્તિ પણ થાય છે. આથી માયા ભાવરૂપ છે,

વળી માયાને જો ' સત્ ' કહીએ તો તેનો કદાપિ બાધ ન થવો જોઈએ, પણ તેનો બાધ થાય છે; તથા તેને જો ' અસત્ ' કહીએ તો તેની પ્રતીતિ ન થવી જોઈએ, પરંતુ તેની પ્રતીતિ આપણને થાય છે. આથી માયાને સત્ કે અસત્ એમ નહીં કહેતાં અનિર્વચનીય કહી છે. (૨૩)

માયાનું સ્વરૂપ સાપેક્ષ છે, જયારે બ્રહ્મ નિરપેક્ષ છે. માયા એ વ્યાવહારિક છે, તેમજ ભ્રાન્તિમૂલક છે. તે યથાર્થ જ્ઞાન વડે દૂર થઈ શકે છે.

માયા શબલ બ્રહ્મ ( ઈશ્વરની આત્મ અભિવ્યકિત કરવાની ) ની જે શકિત તે માયા છે તે સંસારના બીજરૂપ છે, અને ઈશ્વરની પ્રકૃતિ છે. સાંખ્યદર્શનની ' પ્રકૃતિ ' અને અદ્વૈતવેદાન્તીની ' માયા ' એ બેમાં પણ તફાવત છે.

## ❖ માયાની શકિત અને કાર્ય :–

માયા ઈશ્વરની માત્ર સહાયક શકિત છે, તથા તે પરમેશ્વરના આશ્રયે રહેલી છે. આ માયા પરમ જ્ઞાનની દૃષ્ટિએ કલ્પિત જ છે, પરંતુ

અજ્ઞાનીની દૃષ્ટિએ તે સાચી છે. સાધકની દૃષ્ટિએ તે અનિર્વચનીય છે. માયાને લીધે જગત ભિન્ન ભિન્ન સ્વરૂપે ભાસે છે. તેનાથી અન્ય રૂપે ભાસે છે.

બ્રહ્મમાં જ આશ્રય કરીને રહેલી માયા નામની શકિતથી આ બધું બને છે. આ શકિતના મુખ્યત્વે બે ગુણો છે. અથવા તો આ શકિત બે રીતે કાર્ય કરી રહી છે.

(૧) આવરણ (૨) વિક્ષેપ.

(૧) આવરણ શકિત ( Concealment )

માયાની આવરણ શકિત વડે સત્ય હંમેશાં ઢંકાયેલું રહે છે. જેમ વાદળાંઓનાં આવરણથી સૂર્ય ઢંકાયેલો લાગે છે, તેમ માયાના આવરણથી સત્ય ઢ ંકાઈ જતું હોઈ તે સત્યનું આપણને યથાર્થ દર્શન થતું નથી. માયાનું આ નિષેધાત્મક કાર્ય ( Function ) છે.

(૨) વિક્ષેપશકિત ( Projection )

આ વિક્ષેપશકિત દ્વારા માયા અનાત્મ પદાર્થોમાં આત્માનો અધ્યારોપ કરાવે છે. દા.ત. માયા દોરડીનાં વાસ્તવિક સ્વરૂપને માત્ર ઢાંકી જ નથી દેતી પણ તેની જગ્યાએ અવાસ્તવિક એવા સાપનો ભાસ ઉત્પન્ન કરે છે. માયાનું આ વિધેયાત્મક કાર્ય ( Poditive Function ) છે.

આમ માયા પોતાની નિષેધાત્મક શકિતના બળ વડે બ્રહ્મ (સત તત્ત્વ)ને ઢાંકી દે છે અને તેની જગ્યાએ પોતાની ભાવાત્મક ( વિધેયાત્મક ) શકિત વડે આ નાનારૂપાત્મક જગતને ઊભું કરી દે છે. આથી જ ડો. રાધાકૃષ્ણન્ કહે છે કે ' સત્યપર પળદો પાડવો અને અસત્યનું સ્થાપન કરવું એમ માયાનું દ્વિવિધ કાર્ય છે. ' વેદાન્તસાર ' માં કહ્યા મુજબ – પ્રકૃતિ ( માયા ) ની જગત ઉત્પન્ન કરવાની

શકિત તે વિક્ષેપ શકિત અને યથાર્થ સ્વરૂપનું દર્શન ન થવા દેવાની શકિત તે આવરણ શકિત.

## ❖ માયા અને બ્રહ્મ :–

શંકરના મતે બ્રહ્મ એક જ પરમ સત્ તત્ત્વ છે, અને બ્રહ્મથી બિલકુલ અલગ એવી માયાની કોઈ સ્વતંત્ર સત્તા નથી. વ્યાવહારિક જગતમાં જેમ પુરુષ અને તેની શકિતને છૂટાં પાડી શકાતાં નથી. તેમ માયાને પણ બ્રહ્મથી અલગ કરી શકાય તેમ નથી. જેમ ઘડાને ઉત્પન્ન કરનારી શકિત પૃથ્વીના એક દેશ અર્થાત્ એ અવયમાં જ રહેલી છે તેમ માયાશકિત એકદેશીય છે. તે સંપૂર્ણ બ્રહ્મમાં નથી. ગીતામાં શ્રી કૃષ્ણ કહે છે, – " હું આ સમગ્ર જગતને (પોતાની યોગમાયાના ) એક અંશ માત્રથી ધારણ કરી રહ્યો છુ. " માયા બ્રહ્મને કઈ રીતે વળગેલી છે એવો કોઈ પ્રશ્ન પૂછે તો તેનો જવાબ એ છે કે પ્રશ્નકર્તાનો પ્રશ્ન જ ખોટો છે, પછી તેનો જવાબ શો આપવો ? માયાને માટે વસ્તુતઃ બ્રહ્મને લાગવાપણું છે જ નહીં બ્રહ્મ તો અખંડ, કૂટસ્થ, ચૈતન્ય, નિત્ય અને એકરસ છે; તેના પર માયાની કોઈ અસર થઈ શકે એમ નથી. માયામાં કાંઈ વાસ્તવિકતા જ નથી. માયા એ અવિદ્યા સિવાય બીજું કશું નથી; અને માણસને જેવો સત્યનો (નિર્વિશેષ, નિર્ગુણ બ્રહ્મનો ) સાક્ષાત્કાર થાય કે તરત જ માયા વિલીન થઈ જાય છે.

## ❖ માયાનો આશ્રય તથા વિષય :–

આ પ્રશ્ન પરત્વે પરવર્તી વેદાન્તીઓમાં અનેક મત મતાન્તરો ઊભા થયેલા છે, તે બધાની અહીં ચર્ચા કરવી શકય નથી. એક રીતે જોઈએ તો માયાનો આશ્રય તથા વિષય બ્રહ્મ જ છે. છતાં જેમ જાદુગર પર સ્વયં તેના જાદુની અસર થતી નથી, તમે બ્રહ્મ માયાથી લેપાતો નથી. જગતનું કારણ જે માયા છે તે બ્રહ્મની જ શકિત છે, અને તેથી તે બ્રહ્મના જ આશ્રયે રહેવી જોઈએ. જીવ તેનો આશ્રય

હોઈ શકે નહીં, કારણ કે જીવ એ તો માયાનું કાર્ય છે. જે કાર્ય હોય તે કદી કારણનો આશ્રય બની શકે નહીં, આથી સિધ્ધ થાય છે કે માયા બ્રહ્મના જ આશ્રયે રહેલી છે. વળી માયાનો વિષય પણ બ્રહ્મ જ છે, કારણ કે બ્રહ્મ તેનાથી જ આચ્છાદિત છે. જેમ અંધકાર જે જગ્યા પર પડેલો હોય છે તે જ અને તેટલી જ જગ્યાને તે ઢાંકે છે.

## ❖ શ્રીમદ્ વલ્લભાચાર્યનો માયા અંગેના ખ્યાલ :–

વલ્લભાચાર્યના મતે જગત સત્ય છે, શંકરાચાર્ય માને છે તેમ મિથ્યા તથા અવાસ્તવિક નથી. માયા એ ઈશ્વરની શકિત છે. જેના વડે કરી આ જગતનો આવિર્ભાવ તથા તિરોભાવ થાય છે. શંકરાચાર્ય જગતને માયોપ રહિત ચૈતન્ય માને છે, જયારે વલ્લભાચાર્ય બ્રહ્મને માયોરહિત નહિ, પરંતુ શુદ્ધ માને છે. કારણ કે ' ઉપહિત ' નું તાત્પર્ય ' આરોપિત ' જોડે છે, અને તેમાં અન્યત્વનો ધ્વનિ જણાય છે. માયા તો બ્રહ્મની શકિત છે અને બ્રહ્મથી અભિન્ન છે. બ્રહ્મ સર્વત્ર વ્યાપક વિરાજતું હોવા છતાં પોતાની યોગમાયા રૂપ શકિતથી ઢંકાયેલું છે, તેથી સર્વને માટે તે પ્રકટ નથી. વલ્લભાચાર્યના મતે માયાનાં બે રૂપ છે.

(૧) વિદ્યાનાયા

(૨) અ–વિદ્યાનાયા

(૧) વિદ્યામાયા :

બ્રહ્મ પોતાની વિદ્યામાયા વડે જીવને સંસારના બંધનમાંથી મુકિત આપે છે. માયાનો પ્રભાવ જીવ પર જ પડે છે.

(૨) અ–વિદ્યામાયા :

અવિદ્યા માયા શકિત દ્વારા જીવ  પોતાના જ વડે કલ્પિત સંસાર કર્મ – બંધન આદિના ચક્રમાં ફસાય છે અને પરિણામે અનંત દુઃખો ભોગવે છે.

**વલ્લભાચાર્યે શ્રીમદ્ ભાવગત્‌ની ' સુબોધિની ' માં માયાનાં બે રૂપોનું વર્ણન કર્યુ છે.**

**(A) કરણ માયા :–**

**તે વડે ભગવાન જગતની ઉત્પત્તિ, પાલન તથા સંહાર કરે છે. બ્રહ્મ વિષય છે, માયા વિષયિતા છે.**

**અવિદ્યા પંચપર્વા છે.**

**(૧) સ્વરૂપ અજ્ઞાન**

**(૨) દેહ**

**(૩) ઈન્દ્રિય**

**(૪) પ્રાણ**

**(૫) અન્ત : કરણ**

**વિદ્યામાયા પણ પંચપર્વા છે.**

**(૧) વૈરાગ્ય**

**(૨) સાંખ્ય**

**(૩) યોગ**

**(૪) તપ અને**

**(૫) શ્રી કૃષ્ણ ભકિત**

अनभवविषययत्वयोग्यता आविभावः **(24)**

तद्द विषय योग्यता तिरोभावः

વિદ્યા માયા મોક્ષની પ્રાપ્તિ કરાવે છે. વિદ્યા – અવિદ્યા રૂપ માયાની નિવૃત્તિ જ યથાર્થ મુકિત છે.

શંકરાચાર્ય માયા, અવિદ્યા તથા અજ્ઞાન ત્રણેયને નામની ભિન્નતા હોવા છતાં પણ એક માને છે. તેઓ માયાને અનિર્વચનીયા કહે છે. રામાનુજ માયાને ભગવદ્ શકિત માને છે. જે હંમેશાં બ્રહ્મના આશ્રયે રહે છે. જીવમાં રહેલું અજ્ઞાન અલ્પજ્ઞ જીવોને જ મોહિત કરે છે. તે બ્રહ્મને અસર કરતું નથી. વલ્લભાચાર્યે શંકરના માયાવાદની કડક આલોચના કરી છે. તથા સત્ તેમજ નિત્ય બ્રહ્મ વડે અસત્ તથા અનિત્ય જગતની ઉત્પત્તિ તેમણે માની નથી. સત્ તથા નિત્ય બ્રહ્મ વડે સત્ તથા નિત્ય જગતની ઉત્પત્તિ તેમણે માની છે.

કેવલાદ્વૈત અને શુદ્ધાદ્વૈત વચ્ચેનો મુખ્ય ભેદ વ્યામોહિકા માયાના વ્યવધાનનો છે. શ્રી શંકરાચાર્ય ' માયાશબલ બ્રહ્મમાંથી સમગ્ર વ્યવહાર જગતની ઉત્પત્તિ આદિ માની, પરમાર્થતઃ બધું મિથ્યા છે. કહે છે, ત્યારે શ્રી વલ્લભાચાર્ય ' વ્યામોહિકા નહિ પણ પ્રભુની શકિત – માયા શકિતના સાધનથી પોતાને રમણ કરવાની ઈચ્છા થતાં પોતે સર્વથા અવિકૃત રહીને સત્યપરિણામરૂપે – સત્કાર્યરૂપે નથી. અજ્ઞાન – અવિદ્યાને લઈ જીવને એમાં બ્રહ્મત્વનો અનુભવ નથી થતો તે જ્ઞાનાવસ્થામાં થાય છે – તે તે પદાર્થોનું અસ્તિત્વ છતાં એ બધા બ્રહ્મથી અનન્યતાએ અનુભવાય છે.

અણુ બ્રહ્મજ્ઞાનની પરાકાષ્ઠા પામી ભગવાનમાં અનન્યતા પ્રાપ્ત કરી વિભુરૂપ થઈ જાય છે. આવી સ્પષ્ટતા કરે છે. શ્રી વલ્લભ પોતાના આ સિદ્ધાંતનો ઉપનિષદનાં વાકયો, ગીતાજી, બ્રહ્મસૂત્રો અને શ્રીમદ્ ભાગવત તેમજ બધાં શાસ્ત્રોનો ટેકો હોવાનું જણાવે છે. તેમના મતે માયા કોઈ વ્યામોહિકા એટલે ભ્રાંતિ વાચક પ્રકારની નથી. વળી ઉપનિષદોમાં સર્વત્ર જે બ્રાહ્મની પ્રાપ્તિ કહી છે તે બ્રહ્મથી વ્યતિરિકત કોઈ ઈતર માયિક કે માયાશબલ બ્રહ્મનો ભેદ જાણવામાં આવતો નથી અને તેથી તેઓ કોઈપણ પ્રકારના વ્યવધાન વિનાનો અખંડ અવિકૃત

**પરિણામ બ્રહ્મનો વાદ નિરૂપી બાદરાયણ વ્યાસને પણ એ જ સંમત છે એવું " અણુભાષ્ય " માં પુરવાર કરે છે.** (૨૫)

(૨૬)




## 6.4 શાંકર વેદાંત અને વલ્લભ વેદાંતમાં બ્રહ્મ અભિન્નનિમિત્ત ઉપાદાન કારણ

**જગત કે પ્રપંચ એ પરમાત્મા દ્વારા નિર્મિત એક ક્રીડાંગણ છે. આ કીડાંગણમાં દરેક જીવાત્માએ પરમાત્માના સંકેત મુજબ પોત – પોતાનો દાવ ખેલવાનો હોય છે. આથી દરેક જીવાત્મા માટે એ જરૂરી હોય છે કે તે જગતના તાત્વિક સ્વરૂપને જાણે અને તે સ્વરૂપના અનુરૂપ પોતાની જીવન સાધનાને આકાર આપે.**

➢ **જગત્ બ્રહ્માત્મક છે : –**

શાસ્ત્રમાં બ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ સચ્ચિદાનંદત્મક તત્ત્વ તરીકે કરવામાં આવ્યું છે. સત્ + ચિત્ + આનંદ = સચ્ચિદાનંદ બ્રહ્મ જયારે જગત્‌ને પ્રકટ કરવાની ઈચ્છા કરે છે ત્યારે પોતાના ' સત્ ' નામક ગુણધર્મ વડે પોતે જ જગદ્‌રૂપે પરિણમે છે. આથી જ, સોનાના બનેલા ઘરેણાં જેમ સુવર્ણાત્મક હોય છે, માટીના બનેલા રમકડાં જેમ મૃદાત્મક હોય છે તેમ, બ્રહ્મ પોતે જ જગદ્‌રૂપે પરિણમતું હોવાથી તથા જગત્‌ના સર્વ પદાર્થોમાં ઓતપ્રોત કે એકમેક થઈને રહેતું હોવાથી, શાસ્ત્રોમાં જગતનું વર્ણન બ્રહ્માત્મક તરીકે કરવામાં આવ્યું છે. પૃથ્વી જળ તે જ વાયુ અને આકાશ રૂપી પાંચ મહાભૂતોથી ઘડાયેલ હોવાને કારણે જગત્‌ને જ ' પ્રપંચ ' પણ કહેવામાં આવે છે.

- **જગત્ બ્રહ્મનું કાર્ય છે :**

સામાન્ય બોલચાલમાં પાણી ભરવું, ખેતી કરવી, વગેરેને કાર્ય કહેવામાં આવે છે. અહીં પરંતુ, જગત માટે જયારે ' બ્રહ્મનું – કાર્ય ' શબ્દ વાપરવામાં આવતો હોય ત્યારે કાર્ય શબ્દ કોઈક પારિભાષિક અર્થમાં વપરાતો હોય છે. ' કાર્ય ' એટલે જે પ્રકટ / ઉત્પન્ન થાય તે. આથી, જગતનું પ્રાકટય કે જે જગતની ઉત્પત્તિ બ્રહ્મ દ્વારા થઈ છે તે અર્થમાં જગતએ બ્રહ્મનું કાર્ય છે. આ બાબતે લૌકિક દૃષ્ટાંતની સહાયતાથી સમજતાં – ઘરેણાં સોની બનાવે છે આથી ઘરેણાં જેમ સોનીનું કાર્ય ગણાય છે, માટલું કુંભાર બનાવે છે. આથી માટલાને જેમ ' કુંભારનું કાર્ય ' કહેવામાં આવે છે ; તેમ જગત્‌નું નિર્માણ બ્રહ્મમાંથી પોતે બ્રહ્મ દ્વારા થયેલું હોવાથી જગતને ' બ્રહ્મનું કાર્ય ' કહેવામાં આવે છે.

- **બ્રહ્મ જગત્ – કારણ પણ છે :**

જેમાં કે જેના દ્વારા વસ્તુ ઉત્પન્ન થાય તેને ' કારણ ' કહેવામાં આવે છે. બીજી રીતે કહેવું હોય તો જેના વિના વસ્તુ ઉત્પન્ન ન થઈ શકે તેને ' કારણ '

કહેવામાં આવે છે. દા.ત. માટલું એક કાર્ય છે. માટલાને ઉત્પન્ન કરવા માટે માટી પાણી ચાકડો દંડો વગેરેની પ્રાથમિક જરૂરીયાત રહે છે. આમાંની કોઈપણ વસ્તુ ખૂટે તો માટલું ન બની શકે. આથી માટી વગેરેને માટલાનાં 'કારણ' કહેવામાં આવે છે. જગત્‌નો કર્તા જેમ બ્રહ્મ છે તેમ જગતનું કારણ પણ બ્રહ્મ જ છે.

## ➢ તે અભિન્નનિમિત્તોપાદાન કારણ છે :

માટલું માટીથી બને છે. પાણી ચાકડો દંડો વગેરે માટલાને બનાવવામાં સહાયરૂપ થાય છે. ઘરેણાં સોનાથી બને હથોડી એરણ કાનસ વગેરે ઘરેણાં બનાવવામાં સહાયરૂપ થાય છે. આ દષ્ટાન્તોને ધ્યાનપૂર્વક જોતાં બે બાબતો ધ્યાન ખેંચે છે.

(૧) વસ્તુનું નિર્માણ કોઈ પદાર્થ કે દ્રવ્યથી થાય છે.

(૨) વસ્તુના નિર્માણમાં કેટલાક સહાયક સાધનોની જરૂરિયાત હોય છે.

આને જ જો તર્કશાસ્ત્રીય ભાષામાં કહેવામાં આવે તો એમ કહી શકાય કે કોઈ પણ વસ્તુથી ઉત્પત્તિનાં મુખ્યત્વે બે કારણો હોય છે.

(૧) ઉપાદાન કારણ

(૨) નિમિત્ત કારણ

## ➢ ઉપાદાન કારણ :

જે કારણ પોતાના કાર્યથી જૂદા પડયા વિના કાર્યના રૂપમાં કાર્યના રૂપમાં પરિણમી જતું હોય તેવા કારણને ' ઉપાદાન કારણ' કહેવામાં આવે છે. દા.ત. માટી એક એવું દ્રવ્ય છે કે જેને ઘાટ આપીને ઘડો બનાવવામાં આવે છે. ઘડાના રૂપમાં ઘડાયેલી માટીને ઘડાથી જુદી પાડી શકાતી નથી. આ કારણે જ માટીને ઘડાનું ' ઉપાદાન કારણ ' કહેવામાં આવે છે.

## નિમિત્ત કારણ :

ઉપાદાનકારણ સિવાયના કાર્યની ઉત્પત્તિમાં સહાયક થતાં કારણોને 'નિમિત કારણ' કહેવામાં આવે છે. દા.ત. ચાકડો દંડો પાણી વગેરે, ચાકડો દંડો પાણી વગેરે માટલાનાં નિર્માણમાં સહાયરૂપ થનારા પદાર્થો છે. આથી આ પદાર્થોને માટલાના 'નિમિતકારણ' કે 'કારણ' કહેવામાં આવે છે.

સામાન્ય રીતે કોઈપણ કાર્યના ઉપાદાનકારણ તથા નિમિત્ત કારણ અલગ– અલગ હોય છે. જગતના કિસ્સામાં, પરન્તુ ઉપાદાન અને નિમિત્ત કારણ અલગ – અલગ નથી. બ્રહ્મ જ જગતનું ઉપાદાન કારણ છે અને બ્રહ્મ જ જગતનું નિમિત્તકારણ પણ છે. સરળ ભાષામાં કહેવું હોય તો જે માટીથી જગતનું નિર્માણ થાય છે તે માટી પણ બ્રહ્મ જ છે; અને માટીને ઘાટ આપવામાં સહાયક થનારા પાણી ચાકડો દંડો વગેરે પદાર્થોરૂપ પણ પોતે બ્રહ્મ જ છે. અર્થાત્ જે દ્રવ્યથી જગત્ બને છે તે પણ બ્રહ્મ જ છે. અને જગતના નિર્માણમાં સહાયક થનારા પ્રકૃતિ પુરૂષ કાલ કર્મ સ્વભાવ વગેરે તત્વો પણ પોતે બ્રહ્મ જ બને છે. આથી જ બ્રહ્મને જગત્નું ' અભિન્ન – નિમિત્તોપાદાન કારણ' કહેવામાં આવે છે. એટલે કે જગતનું નિમિત્ત અને ઉપાદાન કારણ એક – અદ્વિતીય બ્રહ્મ જ છે. (૨૭)

## 6.5 શાંકર વેદાંત અને વલ્લભવેદાંતમાં બ્રહ્મ ત્રિવિધ ભેદ અને ત્રિવિધ પરિચ્છેદ રહિત.

સત્તા એટલે અસ્તિત્વ, ધર્મરાજ અધ્વરીન્દ્ર નામના વેદાંતી પદાર્થની સત્તા ત્રણ પ્રકારની માને છે.

(૧) વ્યાવહારિક સત્તા,

(૨) પ્રાતિભાસિક સત્તા,

(૩) પારમાર્થિક સત્તા, હવે આ ત્રણે પ્રકારો ઉદાહરણ સહિત ટૂંકમાં જોઈએ.

(૧) વ્યાવહારિક સત્તા ( Empirical or Phenomenal Existence )

જગતની સત્તા એ વ્યાવહારિક સત્તા છે. જે ઉત્પત્તિ, સ્થિતિ અને લય એવા ધર્મ (ગુણ) વાળું હોય તેને વ્યાવહારિક સત્તાવાળું (જગત) કહે છે. જગતના તમામ વ્યવહારોને અદ્વૈત વેદાંતમાં સાપેક્ષ માનવામાં આવેલ છે.

(૨) પ્રાતિભાસિક સત્તા ( Ephimeral or Apparent Existence )

પ્રતિભાસ એટલે આભાસ પરંતુ આભાસ થવા માટે પણ કાંઈક આધાર તો જોઈએ જ એ આધાર કે અધિષ્ઠાન લઈને જ આભાસ થાય છે. છતાં પણ આભાસથીએ કાર્યની સિદ્ધિ થાય છે. માટે જ આભાસને પણ સત્તા છે એમ માનેલ છે. દા.ત. અંધારામાં પડેલી દોરડીને સર્પ માની માણસ ડરે છે, તેનાથી દૂર ભાગે છે, તેના શરીરે પરસેવો વળી જાય છે, પરંતુ સામે પડેલી વસ્તુ સર્પ નહીં પછી તો તે વસ્તુ સંબંધમાં તેનો વ્યવહાર પણ બદલાઈ જાય છે. પ્રાતિભાસિક પદાર્થો કેવળ જોવા પૂરતા જ હોય છે. ઝાંઝવાના જળથી કાંઈ તરસ છીપતી નથી.

(૩) પારમાર્થિક સત્તા ( Ontologocal Existence )

કેવળ એક કૂટસ્થ બ્રહ્મની સત્તા અથવા તો પરમાત્માની સત્તા એ પારમાર્થિક સત્તા છે. પરમ તત્ત્વ એક અને અદ્વિતીય છે. તેના સિવાય બીજું કાંઈ નથી, તેના જેવું પણ કાંઈ નથી. તો પછી તેનાથી વિશેષ તો કાંઈ જ કેમ હોઈ શકે ? શ્રી ગૌડપાદાચાર્ય તેમની માંડૂકય ઉપનિષદની કારિકામાં કહે છે કે ' જયાં એક જ અને અદ્વિતીય વસ્તુ છે ત્યાં શું ઉત્પન્ન થાય અને શું નાશ પામે ? કોણ બંધનમાં હોય અને કોણ એમાંથી છૂટવા સાધના કરે ? કોને મુમુક્ષુ જાણવો અને કોણ મુકત થાય ?

ટૂંકમાં શંકરાચાર્યના મતે જગતની હસ્તી વ્યાવહારિક છે. પ્રાતિભાસિક નથી અહીં 'સત્' નો અર્થ નિર્વિકાર અને ' અસત્ ' નો અર્થ

સવિકાર છે. જગતની હસ્તીને નિત્ય, નિર્વિકાર અને સદા એકરૂપ ટકનારી તો ચાર્વાકને બાદ કરતાં ભારતીય દર્શનની કોઈપણ શાખાએ માનેલ નથી.

## ➢ બ્રહ્મ ત્રિવિધ ભેદ અને ત્રિવિધ પરિચ્છેદ રહિત :–

ભારતીય દર્શનમાં કાર્ય–કારણ સંબંધ અંગે વિવિધ મતો પ્રવર્તે છે. ઉદાહરણ તરીકે સાંખ્ય દર્શનનો સત્ કાર્યવાદ છે, ન્યાય વૈશેષિક દર્શનોનો અસત્કાર્યવાદ છે. વગેરે સતકાર્યવાદ એટલે કાર્યનું કારણમાં પ્રથમથી જ હોવું તે અસત્ કાર્યવાદ એટલે કાર્યનું કારણમાં પ્રથમથી જ ન હોવું, પણ નવું જ નીપજવું તે શાંકરવેદાન્ત અનુસાર કાર્ય તે કારણથી ભિન્ન નથી, તેમ એ તદ્દન અભિન્ન પણ નથી, વળી તે ભિન્ન તેમજ અભિન્ન એમ બન્ને પણ નથી, મતલબ કે તે અનિર્વચનીય છે. કેટલાક વિદ્વાનો સાંખ્યના સત્કાર્યવાદને પ્રકૃતિ પરિણામવાદ અને અદ્વૈતવેદાન્તના સત્કાર્યવાદને બ્રહ્મકારણવાદ અથવા બ્રહ્મવિવર્તવાદ એમ નામ આપે છે. અહીં આપણે ' પરિણામ ' અને ' વિવર્ત ' શબ્દનો અર્થ બરાબર સમજી લઈએ કોઈ વસ્તુ ખરેખર બદલાઈને જુદું રૂપ ધારણ કરે ત્યારે તે વિકાર અથવા પરિણામ કહેવાય. અથવા તો અગાઉનું રૂપ છોડીને બીજું રૂપ ધારણ કરવું તે વિકાર અથવા પરિણામ છે. ઉદાહરણ તરીકે દૂધનું દહીં બનવું એ પરિણામ યા વિકાર છે. પરંતુ કોઈ વસ્તુ ખરેખર ન બદલાય અને બીજું રૂપ ધારણ કરતી હોય તેવો ભાસ થાય ત્યારે તેને ' વિવર્ત ' કહેવાય દા.ત. છીપ ચાંદી રૂપે દેખાય કે રજજુ સર્પ રૂપે દેખાય તે વિવર્ત કહેવાય.

અદ્વૈતવેદાન્ત મુજબ કાર્ય અને કારણમાં કોઈ તફાવત નથી. તે ' અન્નય ' છે. કારણમાં શકિત સમાવિષ્ટ છે, જે શકિતના લીધે તે કાર્યમાં અભિવ્યકત થાય છે. તલને પીલવાથી તેલ મળે છે, પણ રેતીને ગમે તેટલી પીલવાથી પણ તેલ મળે નહી. સાંખ્યદર્શન દ્વૈતવાદી છે. તેમાં પ્રકૃતિ જગતરૂપે પરિણમે છે એમ માનેલ છે, અને આ ક્રિયામાં પુરૂષની હાજરી અનિવાર્ય માની છે.

શંકરાચાર્યને સાંખ્યનો આ પ્રકૃતિ પરિણામવાદ માન્ય નથી, કારણ કે એક તો તે દ્વૈતવાદી દર્શન છે અને બીજું ત્યા જે ' પરિણામનો ' અર્થ છે તે તેમને સ્વીકાર્ય નથી. આથી તેઓ બ્રહ્મવિવર્તવાદનું નિરૂણપ કરે છે. વિવર્તવાદ અનુસાર કાર્ય એ કારણનું ખરેખરું પરિણામ નથી, પરંતુ કાર્ય એ કારણનો વિવર્ત છે. ખરેખર તો કારણનું કાર્યમાં પરિવર્તન થવું એ એક આભાસમાત્ર છે. ( દા.ત. અંધકારમાં દોરડીમાં સાપનો ભાસ થવો ) અહીં દોરડીનું સાપમાં રૂપાંતર થતું નથી. પ્રતીતિ એ વાસ્તવિકતાથી જુદી જ વસ્તુ છે. It is apparent and not read શાંકરવેદાન્તમાં જગતએ વિવર્ત–ભ્રમરૂપ છે. બ્રહ્મ ખરેખર જગતરૂપે પરિણમતું નથી પણ આભાસ ઉભો કરે છે. જગતને ઉત્પન્ન કરનાર બ્રહ્મ માયાના સંબંધવાળું હોવાથી તે ગૌણ છે, માટે તે મિથ્યા છે. એટલે તેનું કાર્ય એવું આ જગત પણ મિથ્યા છે. ' પારમાર્થિક દષ્ટિએ બ્રહ્મ જે કારણ છે તે જ એકલું સત્ય છે, એટલે કારણનું કાર્યરૂપે ખરેખરું રૂપાન્તર થઈ શકે નહીં આથી અહીં જગત એ બ્રહ્મનો વિવર્ત છે પણ આવિર્ભાવ છે, છતાં તેને લીધે બ્રહ્મનાં એકત્વને પૂર્ણત્વમાં જરાયે ક્ષતિ આવતી નથી. બ્રહ્મ અને જગત વચ્ચેના આ પ્રકારના સંબંધને 'વિવર્ત ' નામ આપેલ છે માયા અને બ્રહ્મનો સંબંધ સમજાવવા માટે શંકર વિવર્તવાદનો આશ્રય લે છે. જાદુગરને સ્વયં પોતાના જાદુના ખેલનો પાશ લાગતો નથી. સોના–રૂપાના દાગીનાને મૂળ ધાતુરૂપે ગાળવામાં આવે છે ત્યારે દાગીનાની કોઈ અશુદ્ધિ ધાતું લાગતી નથી. તેમ આ જગતરૂપી કાર્યની અશુદ્ધિ તેના કારણરૂપ એવા બ્રહ્મને લાગતી નથી. બ્રહ્મ અસંસ્પૃષ્ટ છે.

ડૉ.આ.બા.ધ્રુવ લખે છે કે એક અર્થમાં તો શંકર પણ પરિણામવાદને સ્વીકારે છે. પરિણામવાદ શંકરને અનિષ્ટ નથી. માત્ર તેને સયુક્તિક કરવાથી એમાથી વિવર્તવાદ સ્વયં નીકળી આવે છે. આ રીતે નિર્વિકાર બ્રહ્મમાં પરિણામ શી રીતે ઘટે ? માટે પરિણામ મિથ્યા છે, મિથ્યા છે એટલે નિર્વિકાર ત વને બાધ આવતો નથી.

ડૉ. દાસગુપતા પણ લખે છે કે ' વેદાન્ત અને સાંખ્યના બંન્નેના કાર્ય–કારણ વિશેના સિદ્ધાંતને પણ કેટલીવાર સત્કાર્યવાદ કહેવામાં આવે છે. પણ ખરું જોતાં કેટલાક સૂક્ષ્મદર્શી વિચારકોએ બતાવ્યું છે તેમ કાર્ય–કારણ વિશેના વેદાન્તના મતને 'સત્કારણવાદ' કહેવો કાર્યો તે કારણના આભાસો અથવા વિવર્તો છે. પણ સાંખ્ય મા અનુસાર, કાર્ય તે કારણની અંદર તિરોભૂતરૂપે પડેલું જ છે, ને તેથી તે નિત્ય અને સત્ છે.

➢ <u>વલ્લભવેદાંતમાં અવિકૃત બ્રહ્મ પરિણામવાદ :–</u>

જગતનું કારણ પ્રકૃતિ કે પરમાણું નથી, પણ બ્રહ્મ છે. બ્રહ્મમાંથી કાર્યરૂપે તે જુદું પડવા છતાં બ્રહ્મમાં વિકાર આવતો નથી. આમ શુદ્ધાદ્વૈત અવિકૃત પરિણામવાદને સ્વીકારે છે.

જગત પર અનુગ્રહ (કૃપા) કરી ભગવાન આભૂતલપર આવિર્ભૂત બને છે. જેમ સોનાના પરિણામ રૂપ આભૂષણો વગેરેમાં પણ મૂળરૂપે રહેલ સોનું તો અવિકૃત જ રહે છે, તેવી રીતે જગત પરિણામી હોવા છતાં બ્રહ્મમાં કશો વિકાર થતો નથી. આથી વલ્લાભાચાર્યના મતે સૃષ્ટિ એ બ્રહ્મનું અવિકૃત પરિણામ માનવામાં આવે છે, અને આ સિદ્ધાંતને અવિકૃત બ્રહ્મ પરિણામવાદ એવું નામ આપવામાં આવે છે. જગત વસ્તુતઃ બ્રહ્મમાત્મક જ છે. જેમ ગૂંચળું વળીને પડેલો સર્પએ સર્પથી ભિન્ન નથી. (અહીં કુંડળવત્) તેમ જગત પણ બ્રહ્મથી ભિન્ન નથી. જગત રૂપે પરિણમવાથી બ્રહ્મમાં કોઈ પ્રકારનો વિકાર થતો નથી. (૨૮)

છાન્દોગ્ય ઉપનિષદ્ના વાકય " વાચારંભણો .......... " વગેરેમાં જયાં કાયો એટલે પરિણામોને નામરૂપાત્મક અને 'કારણ'ને સત્ય બતાવેલ છે, ત્યાં 'મૃણ્મય' તથા 'લોહમય' કાર્યોને નામ માત્ર તથા મૃતિકા અને લોહરૂપ કારણને સત્ય દર્શાવેલ છે. અહીં કાર્ય અને કારણ વચ્ચે અનન્યત્વનો સંબંધ છે. પરંતુ અહીં કાર્યના મિથ્યા તત્ત્વનો એર્થ લેવાનો નથી. લોહમય પદાર્થએ લોહના અ–વિકૃત

પરિણામો છે. જો શ્રુતિ (ઉપનિષદ્)ને કાર્ય એટલે મિથ્યાત્વ એવો અર્થ અભિપ્રેત હોય તો રજજૂ– સર્પ અથવા શુકિત– રજનનું ઉદાહરણ આપત.(૨૯)

શુદ્વાદ્વૈતવાદ તથા સાંખ્ય દર્શન બન્ને સત્કાર્યવાદી છે. પરંતુ બન્ને વચ્ચે તફાવત એ છે કે સાંખ્ય મુજબ પુરૂષ અને પ્રકૃતિ એ બે જ મૂળભૂત સ્વતંત્ર તત્ત્વો છે, અને પ્રકૃતિ જ આ જગતનું સમવાયી કારણ છે, જયારે શુદ્વાદ્વૈત મુજબ અંતિમ તત્ત્વ બ્રહ્મ જ છે તથા બ્રહ્મ જ જગતનું કારણ છે. બન્નેના મતે જગત અભિવ્યકત છે. સાંખ્યના મતે તે 'પ્રકૃતિ' માંથી અને શુદ્વાદ્વૈતના મતે તે ' બ્રહ્મ ' માંથી અભિવ્યકત થયું છે. આ અભિવ્યકિત એટલે કે બ્રહ્મમાંથી જગતનું પરિણમવું તે વિકાર રહિત (અ–વિકૃત) છે. જયારે સાંખ્યાના મતે તે વિકારવાળું છે. ઉદાહરણ તરીકે સોનામાંથી કોઈ પણ દાગીના બનાવીએપ તે બધાં જો કે સોનાનાં જ પરિણામો ફેરફારો છે, તો પણ તે એવાં નથી. કે જેનું મૂળ કારણ (સોના ) માં રૂપાંતર ન થઈ શકે. ઘરેણા રૂપે પણ તે મૂળ કારણ સુવર્ણ જ છે. આ પ્રકારનું પરિણામ તે વિકારરહિત છે. માટે તેનું નામ અ–વિકૃત પરિણામ છે. બ્રહ્મમાંથી આ જગત પરિણમવા છતાં પણ બ્રહ્મમાં કોઈપણ જાતનો વિકાર થતો નથી, તેથી બ્રહ્મમાં વધઘટ થતી નથી. આમ સાંખ્યના પ્રકૃતિ પરિણામવાદથી આ બ્રહ્મ (અવિકૃત) પરિણામવાદ જુદો છે. કારણ અને કાર્ય, બ્રહ્મ અને જગતનો સંબંધ સમજાવવાને માટે શ્રી વલ્લભાચાર્યે આ વાદ સ્વીકાર્યો છે. (૩૦)

## 6.6 શાંકરવેદાંત અને વલ્લભવેદાંતમાં બ્રહ્મનું શાંકરત વ તથા સગુણતા અને નિર્ગુણતા.

કેટલાંક શ્રુતિવચનો બ્રહ્મને નિર્ગુણ તરીકે નિરૂપે છે, જયારે અન્ય કેટલાંક તેને સગુણ તરીકે નિરૂપે છે આથી બ્રહ્મનું ખેરખરું સ્વરૂપ નકકી કરવામાં ખરેખર મુશ્કેલી પડે છે. આ મુશ્કેલીમાંથી માર્ગ કાઢવા માટે બે રીતો છે : એક તો

એ કે બંને પ્રકારનાં શ્રુતિવચનોની યથાર્થતા સ્વીકારવી અને એ રીતે તેમનું અર્થઘટન કરવું કે જેથી દેખીતો જે વિરોધ છે તે શમી જાય. આ પધ્ધતિ રામાનુજ જેવા વિશિષ્ટાદ્વૈતીઓ અપનાવે છે. બીજી રીતે એ છે કે બે પ્રકારનાં વિરોધી શ્રુતિવચનોમાંથી એકને શ્રેષ્ઠ માની તેની સત્તાનો સ્વીકાર કરવોઅને બીજાને નકારવાં અદ્વૈતવેદાન્તીઓને પ્રથમ પદ્ધતિ માન્ય નહિ હોઈ તેઓ બીજી પદ્ધતિનો સ્વીકાર કરે છે. તેઓના મતે બન્ને પ્રકારનાં શ્રુતિવચનોને સમાન યથાર્થત આપી શકાય કારણ કે તેઓ એક સિદ્ધ વસ્તુના સંબંધમાં નિરૂપણ કરે છે. આથી સ્વાભાવિક જ બેમાંથી એકને અયથાર્થ ગણી નકારવાની રહે છે. સગુણશ્રુતિ અને નિર્ગુણશ્રુતિઓમાં જે પરસ્પર વિરુદ્ધ મત જણાય છે તેમાં કયા મતનો સ્વીકાર કરવો ? અદ્વૈતીનો જવાબ એ છે કે સગુણની નિરૂપણ કરતી શ્રુતિઓ કરતાં સત્ તત્ત્વનું નિર્ગુણ સ્વરૂપે વર્ણન કરતી શ્રુતિઓ સમયાનુક્રમે જોતાં પછીની છે. વળી, નિષેધ, જેનો નિષેધ કરવાનો હોય  છે તેને પૂર્વગૃહીત તરીકે લે છે. વિધિવાચીના સંદર્ભમાં જોતાં નિષેધવાચી પછી આવે છે, અને અપરવેદ ન્યાય પ્રશ્વાદ્ હોય તે પૂર્વને બાધિત કરે છે મુજબ જોતાં જે પછી આવે છે તેનું વધુ વજન પડે છે. આથી નિર્ગુણ શ્રુતિઓનું સગુણ શ્રુતિ કરતાં પ્રમાણ્ય વધુ છે.

ઉપનિષદોના ઋષિઓના મત ઉપર જગતની નિઃસારતાની, તેની અધ્રુવતાની, તેના ચલિત અને ક્ષણભંગુર રૂપની ઊંડી છાપ પડી હતી, અને તેમણે અનંત, ધ્રુવઘ અવિચળ અને માયાવી ધુમ્મસની પેઠે સરી ન પડે એવા સત્‌ની શોધ ચલાવી હતી. તેઓ એટલું તો નિશ્વચપૂર્વક માનતા કે પરબ્રહ્મ અચિન્ત્ય અને અપ્રમેય હોઈ તેની વ્યાખ્યા આપવી શકય નથી. છતાં તેઓ પરબ્રહ્મનાં બુદ્ધિગ્રાહય વર્ણનો આપે છે. પરબ્રહ્મને તેમણે અવ્યય અને અવિકારી, સ્વયંભૂ અને સ્વતંત્ર સત્ કહેલ છે. ઉપનિષદોમાં કેટલાંક વિધાનોમાં બ્રહ્મને વિશ્વરૂપ અર્થાત્ પોતાના સ્વરૂપમાં સમગ્ર જગતને સમાવી લેતું (સ–પ્રપંચ) બતાવ્યું  છે. છાન્દોગ્ય ઉપનિષદમાં બ્રહ્મની વ્યાખ્યા ' तज्जलान् ' એવા સૂત્રના રૂપમાં આપી છે. એનો

અર્થ છે 'તે જે જગતનો જન્મ આપે છે, તેનો પોતાના સ્વરૂપમાં લય કરી દે છે અને તેને ટકાવી રાખે છે.' વળી ભગવદ્‌ગીતામાં આ જ્ઞેયબ્રહ્મને સર્વ બાજુ હાથપગવાળું, સર્વ બાજુથી નેત્ર, શિર અને મુખવાળું અને સર્વ લોકમાં વ્યાપીને રહેલું દર્શાવેલ છે. (૩૧)

જયારે બૃહદારણ્યક ઉપનિષદમાં ગાર્ગીના પ્રશ્નના જવાબરૂપે યાજ્ઞવલ્કય બ્રહ્મનું વર્ણન કેવળ નિષેધવાચી શબ્દો વડે કરે છે અને એમ કરીને ગર્ભિતપણે એમ સૂચવે છે કે એ પરમ સત્યનું આકલન માણસનાં મનવાણી વગેરે દ્વારા કરી શકાતું નથી. પરિમિત વિકલ્પો મુજબ અપરિમિત અનંત ત વનું નિરૂપણ કરી શકાય નહિ. બ્રહ્મ નિર્ગુણ છે. તેના નિરપેક્ષ સ્વરૂપને સંખ્યાના વિકલ્પો લાગુ પાડી શકાતા નથી. આથી તો તેને ' ऐकम अव अद्धैतम् '' કહ્યું છે. એ તો સ્વપષ્ટ છે કે સપ્રપંચ અને નિષ્પ્રપંચ બ્રહ્મ વચ્ચે ઉપનિષદો ભેદની કડક રેખા દોરતા નથી.

નિર્ગુણ બ્રહ્મ જ્ઞેય બ્રહ્મા અને સગુણ (ઉપાસ્ય બ્રહ્મ) કે 'જગત કારણ તરીકે બ્રહ્મ' આ બંને એકી સાથે કેમ ગ્રહણ કરવું એ એક સમસ્યા છે. તે બંનેનો સમન્વય કેમ થઈ શકે ? આ સમસ્યાના ઉકેલ માટે શંકરાચાર્ય દૃષ્ટિબિંદુના બે ભેદ સ્વીકારે છે (૧) પારમાર્થિક (૨) વ્યાવહારિક. બ્રહ્મ અદ્વૈત અને નિરપેક્ષ તેમ જ સર્વોપરી સત્ છે, તેના સિવાય અન્ય કશું સત્ નથી. પરંતુ સાપેક્ષ વ્યાવહારિક દૃષ્ટિએ જગતના કારણ તરીકે આપણને બ્રહ્મ દેખાય છે. આચાર્યશ્રી કહે છે કે બ્રહ્મનાં બે રૂપો છે : એક, નામ રૂપના ભેદથી પરિણમતું ઉપાધિ સ્વરૂપ (સગુણ) અને બીજું સર્વ ઉપાધિ વર્જિત હોય એવું સ્વરૂપ (નિર્ગુણ) આમ બ્રહ્મ તો એક અને અદ્વિતીય જ છે પરંતુ ઉપાધિ સંબંધ યુકત તરીકે તેની ઉપાસના કરવાનો અને ઉપાધિ સંબંધ મુકત તરીકે તેનું જ્ઞાન મેળવવાનો શાંકરવેદાન્તનો ઉપદેશ છે. (૩૨)

ડૉ.રાધાકૃષ્ણન્ કહે છે તેમ પરબ્રહ્મનાં નિર્ગુણ તેમ જ સગુણ, અ–પૌરુષેય તેમજ પૌરુષેય, નિરાકાર તેમજ સાકાર, એ ઉભયરૂપે એક જ સત્‌નું

વર્ણન કરવાની નિરપેક્ષ અને સાપેક્ષ રીતો છે. આપણે જયારે સ્વતંત્રરૂપે સત્નું સ્વરૂપ નિહાળીએ ત્યારે પરબ્રહ્મને જોઈએ છીએ; અને એ સત્ના આપણી સાથેના સંબંધ પર ભાર મૂકીએ ત્યારે ભગવાન પરમાત્માને જોઈએ છીએ. નિર્ગુણ અને સગુણની વચ્ચે ઉપલક દૃષ્ટિએ જે ભેદ દેખાય છે તેને આપણે ખરેખરો ભેદ માનવાની ભૂલ કરવી જોઈએ નહિ, કારણ કે ભેદો માત્ર તાત્વિક હોઈ વિચારના ક્ષેત્રમાં જ રહેલા છે, પણ વાસ્તવિક નથી. પરબ્રહ્મ જગતનું અધિષ્ઠાન છે; તેને લીધે પરબ્રહ્મને કેટલીકવાર નિર્વિકાર તેમ જ સવિકાર બન્ને શબ્દથી વર્ણવવામાં આવે છે. ગ્રીક ફિલસૂફ પ્લેટોએ કહ્યું છે કે ઈશ્વરનાં આપણે કરેલાં વર્ણનો એ સંભવિત વાર્તાઓ છે ખરું પણ એ વાર્તાઓ કાલ્પનિક છે. એમાંની એકે વાર્તા Paranle સંપૂર્ણ અને અંતિમ નથી. ઈશ્વર વિષેની આપણી કલ્પનાઓ સાચી નથી. એમ કહેવાનો અર્થ એવો નથી. કે જે ઈશ્વરને વિષે આપણે કલ્પનાઓ કરેલી હોય છે તે ઈશ્વર અસ્તિત્વ ધરાવતો નથી. તેણો ભાવાર્થ એ છે કે ઈશ્વરી સ્વરૂપની ગહનતાને વિષે વાણી કરતાં મૌન વધારે અર્થવાહી હોય છે. જીવ એને જાણી શકતો નથી કારણ કે તે જ્ઞાતાઓના પણ જ્ઞાતા છે. તેને માત્ર અપરોક્ષ અનુભવ દ્વારા જાણી શકાય છે.

ર્ડા.મહાદેવન્ લખે છે કે નિરુપાધિક અને નિર્ગુણ એવા પરમસતને જયારે જગત અને જીવના સંદર્ભમાં જોઈએ ત્યારે તેને ઈશ્વર કહેવાય છે. નિર્ગુણ અને સગુણ બન્ને રીતે બ્રહ્મ તો એક જ છે. ઉપનિષદોનું અર્થઘટન કરતાં બ્રહ્મની નિર્ગુણતા દર્શાવનારાં સર્વ વાકયોને સમજાવતાં રામાનુજાચાર્ય કહે છે કે બ્રહ્મમાં દુ:ખ, મૃત્યુ, કે પરિવર્તન જેવા અશુભ (હેય) ગુણો નથી એવો જ અર્થ કરવાનો છે. આમ તેઓ શંકરાચાર્યથી ભિન્ન મત ધરાવી સગુણ ઈશ્વરનું પ્રતિપાદન કરે છે, પરંતુ ખરી હકીકત એ છે કે નિર્ગુણ બ્રહ્મ એ સગુણ બ્રહ્મના અભાવરૂપ યા તેનું વિરોધી નથી. પરંતુ તેનું મૂળ સ્વરૂપ જ છે અને સગુણ બ્રહ્મના પ્રત્યેક ઘટકમાં તે અનુસ્યૂત છે. 'નિર્ગુણ'નો અર્થ સામાન્યઃ ધારવામાં આવે છે તેમ એવો નથી કે તે

શૂન્ય છે. પરંતુ એટલો જ છે કે મન જે કાંઈ વિચારી શકે તેવું કશું જ વસ્તુતઃ બ્રહ્મમાં નથી. પરબ્રહ્મમાં અંતર્ગત સત્‌તત્ત્વનો અપારને અજોડ ભંડાર પડેલો છે તેને લીધે જ બુદ્ધિ વડે તેનું પૃથકકરણ થઈ શકતું નથી. પરબ્રહ્મ ગુણમાત્રથી પર એટલે કે નિર્ગુણ અથવા ત્રિગુણાતીત છે. તેનામાં કોઈપણ જાતનો અવચ્છેદ (મર્યાદા) સંભવતો નથી. તે આકારમાત્રમાં પ્રાણ પૂરનાર હોવા છતાં નિરાકાર છે. (૩૩)

## ➢ બ્રહ્મ – પર અને અપર (જ્ઞેય અને ઉપાસ્ય ) :–

નિર્ગુણ બ્રહ્મ અને સગુણ બ્રહ્મ વચ્ચે ત વતઃ કશો ભેદ નથી. કેટલાક વિવેચકોએ ખોટી રીતે માની લીધું છે તેમ બે પ્રકારના બ્રહ્મ નથી. પરબ્રહ્મ અને અપરબ્રહ્મની વ્યાખ્યા આપતાં શંકરાચાર્ય કહે છે કે 'અવિદ્યાએ કરેલા નામરૂપ આદિ વિશેષનો નિષેદ કરીને 'અસ્થૂળ' વગેરે શબ્દોમાંથી જે બ્રહ્મનો ઉપદેશ કરવામાં આવે છે તે પરબ્રહ્મ છ. તેને જ જયાં ઉપાસના માટે કોઈ નામ, રૂપ આદિ વિશેષ લગાડીને દા.ત. તે 'મનોમય છે, 'પ્રાણરૂપી શરીરવાળો છે, 'તેજસ્વી રૂપવાળો છે' વગેરે શબ્દોથી ઉપદેશ કરવામાં આવે છે ત્યાં તે અપરબ્રહ્મ છે' બ્રહ્મ સર્વવ્યાપી છે છતાં ઉપલબ્ધિ અર્થાત્ પ્રતીતિને સારુ બ્રહ્મને અમુક સ્થાનમાં રહેલું વર્ણવેલું હોય તો તેમાં શ્રુતિવચનોમાં વિરોધ આવતો નથી.

શંકર સિદ્ધાંત પ્રમાણે નિર્ગુણ અને સગુણ એવાં બે બ્રહ્મ નથી. તેમ એકલું નિર્ગુણ છે અને સગુણ નથી એમ પણ નથી, પરંતુ સગુણ જ ગહન વિચારને અંતે અર્થાત્ પરમાર્થતઃ નિર્ગુણ જ છે એમ સમજાય છે. ટૂંકમાં સગુણનું અધિષ્ઠાન નિર્ગુણ છે. આ પ્રમાણે સગુણ–નિર્ગુણનો સંબંધ સમજી લેતાં મનની અનેક ભ્રાન્તિઓ દૂર થાય છે. એક તો એ સમજાય છે કે સગુણ એ માણસને ભય દેખાડી ધર્માચરણમાં જોડી રાખવા માટે ઊભો કરેલો પદાર્થ છે, એમ નથી. એક 'કલ્પિત' છે અને બીજું 'વાસ્તવિક' છે એમ કહેવાય છે ખરું પરંતુ અહીં 'કલ્પિત' નો અર્થ

શાંકરવેદાન્ત અનુસાર મૂળ 'અવિદ્યા' થકી કલ્પિત એવો છે. 'કલ્પના' વસ્તુના દેખાતા સ્વરૂપની છે, અર્થાત્ ગુણોની છે. ગુણોથી પર રહેલા પરમાર્થ સત્ અધિષ્ઠાન (૧૫)ને તે સ્પર્શી શકતી નથી. સગુણ બ્રહ્મ ઔપાધિક છે.

માયાના ગુણોનો સંસર્ગ બ્રહ્મના સગુણ રૂપમાં જ શકય બને છે. સગુણ બ્રહ્મની સાકારતા પણ આચાર્યશ્રીના મતે ઔપાધિક તથા માયિક છે. વાદસ પંડિતોનાં ખંડનમંડન જેમ ઉપાસકોમાં અચૂક ફૂટ પડાવે છે, તમે બ્રહ્મજ્ઞાની ઋષિઓ, યોગીઓ અને ભકતો જે ભાષા બોલેછે તેનાથી સર્વ ઉપાસકોની વચ્ચે વિરોધો શમી જઈ ઐકય સ્થપાય છે. આચાર્ય હરિ સ્તુતિમાં કહે છે કે 'બ્રહ્મ તો એક જ છે પણ મતિભેદને લીધે જ માણસો તેને બ્રહ્મા, વિષ્ણુને મહેશ્વર એમ વિવિધ નામે ઓળખે છે. આનંદ શંકર ધ્રુવ લખે છે કે પરબ્રહ્મને જાણવાનું અને અપરબ્રહ્મને પ્રાપ્ત કરવાનું સ્વ–સ્વરૂપમાં જે નિર્ગુણ છે તે જ આપણાં જ્ઞાન અને ભકિત આદિના વિષયરૂપે સગુણ છે. એક જ વસ્તુના બે રૂપ છે. તેમ પણ નથી કારણ કે એક અખંડ અને નિરવયવ બ્રહ્મમાં બે રૂપ હોવાનો સંભવ નથી. (૩૪) નિર્ગુણવાદનો સ્વીકાર નથી એમ માનવું ભૂલભરેલું છે.

આપણે જયારે ઈશ્વરને અપરબ્ર  તરીકે ઓળખીએ છીએ ત્યારે તેનો અર્થ એવો નથી કે ઈશ્વરનો દરજજો ઘટયો છે, પરંતુ સાપેક્ષ અનુભવની કક્ષાએ બ્રહ્મ ઈશ્વરરૂપ દેખાય છે તેવું તેમાં સૂચન છે. બ્રહ્મ નિરુપાધિ ત વ છે, ઈશ્વર સોપાધિ – સવિશેષ છે. તેના મૂળમાં માયાનું ત વ છે. પોતાની માયાશકિત વડે તે અનેક વસ્તુઓનું નિર્માણ કરે છે. તે જ સર્વશકિતમાન પરમેશ્વર પોતાની લીલાથી અનેક પ્રકારનું બનાવી લે છે. (૩૫) પરબ્રહ્મ એક જ હોઈ કયાંરેક તાત્ત્વિક પર્યેષણા એટલે કે જ્ઞાનનો વિષય ભાસે છે તે કયારેક ઉપાસના એટલે કે ભકિતનો માણસ જયારે પરમસત્ તત્ત્વનો સાક્ષાત્કાર કરે છે ત્યારે નિર્ગુણ બ્રહ્મ અને સગુણ ઈશ્વર એવી કલ્પનાઓ વચ્ચેનો ભેદ શમી જાય છે. અલબત્ત બૌધ્ધિક વિચારના ક્ષેત્રમાં આ ભેદ શમાવવાનું કામ સહેલું ગણી અદ્વૈતમત તેનો સ્વીકાર કહે છે,

કારણ કે તત્ત્વજ્ઞાનનું ખરું ધ્યેય માત્ર ચિંતન કે તર્ક દ્વારા પરમતત્ત્વને પહોંચવાનું નથી, પણ તેનો સાક્ષાત્કાર Realization કરવાનું છે.

## ➢ શ્રી કોકિલેશ્વર શાસ્ત્રીનો મત :–

શ્રી શંકરાચાર્યની તત્ત્વમીમાંસામાં નિર્ગુણ તથા સગુણ એમ બ્રહ્મના બે પ્રકારના ખ્યાલો જોવા મળે છે ; તે સંબંધમાં તેમના 'અદ્વૈત તત્ત્વજ્ઞાન' નામના પુસ્તકમાં પૃ. 36 – 48 માં શ્રી કોકિલેશ્વર શાસ્ત્રી લખે છે કે શંકરે બ્રહ્મ તથા ઈશ્વર વચ્ચે કોઈ ભેદ પાડયો જ નથી. આથી શંકરાચાર્યના મતે ઈશ્વર પૂર્ણ સત્ નથી અથવા તો પૂર્ણ બ્રહ્મની સરખામણીએ ઈશ્વર નિમ્નકક્ષા (અ–પર) એ છે અથવા તો ઈશ્વર એટલે વ્યાવહારિક દૃષ્ટિને જણાતું બ્રહ્મ એમ કહેવું ઉચિત નથી. કોઈ કોઈ તો વળી એમ પણ કહે છે કે " તાત્ત્વિક બ્રહ્મની ધાર્મિક આવૃત્તિ એટલે વેદાન્તનો ઈશ્વર " – આ મંતવ્ય પણ બરાબર નથી. શ્રી શાસ્ત્રીની દલીલ ટૂંકમાં નીચે મુજબ છે.

(૧) સૃષ્ટિના સર્જક ( creator ) તરીકેની ઈશ્વરની સત્તાનો શંકર ઈન્કાર કરે છે, કારણ કે તેના મતે 'સર્જન' તો આપણે જે સામાન્ય અર્થ કરીએ છીએ તે અર્થમાં જગતનું સર્જન થયું જ નથી. જેને આપણે સર્જન કહીએ છીએ તે તો બ્રહ્મના સ્વરૂપમાંથી થતું પ્રગટીકરણ (Revelation) છે. એનો અર્થ એવો નથી કે કાળના અમુક તબકકે જે પૂર્વે હતું જ નહિ તે નવીન અસ્તિત્વમાં આવે છે. પ્રગટીકરણ સંપૂર્ણપણે વ્યાવર્તક અને નિઃશેષ નહિ કિન્તુ આંશિક જ હોય છે. આથી સર્જનની દરેક તાજી ક્રિયાને બ્રહ્મના સ્વરૂપમાંથી ફલિત થતી માનવી જોઈએ. બ્રહ્મનું સ્વરૂપ અપર તેમ જ પૂર્ણ અવિનાશી તથા અખંડ એકરસ હોઈને સર્જનનું કોઈપણ કર્મ પૂર્ણપણે તેના સ્વાભાવની અભિવ્યકિત નથી. (૩૬)

(૨) નિર્ગુણ બ્રહ્મ તથા સગુણબ્રહ્મ એમ બ્રહ્મનાં જુદાં જુદાં તાત્વિક રૂપો નથી. પરંતુ બ્રહ્મ એક જ પરમ સત્ ત વ છે. આ જગતના નામ – રૂપની વિવિધતા અને અનેકતાની પાછળ એક અને અદ્વિતીય એવા પરબ્રહ્મની એકતા અનુસ્યૂત છે. આ એકતાનું વિવિધતામાં રૂપાન્તર થઈ જવું નથી એમ દર્શાવવાની હેતુથી બ્રહ્મના નિર્ગુણ પાસા પર વિશેષ ભાર મૂકવામાં આવેલ છે, જે એમ દર્શાવે છે કે બ્રહ્મએ નિરંતર બદલાતા જતા નામ–રૂપથી અ–સ્પૃષ્ટ છે. આ એકતા જ જગતની અંદર રહીને કાર્ય કરતું તત્ત્વ છે. તે જ એક એવી શકિત છે કે જે વસ્તુને ગતિ આપે છે, તેને પરિવર્તિત કરે છે અને આથી તેના સગુણ પાસાંને દર્શાવેલ છે કે જે જગતની ગતિવિધિનું નિયમન કરે છે તથા તેમાં થતાં નિરંતર પરિવર્તનોને દોરવણી આપે છે. બ્રહ્મનો જગત સાથેનો આવો દ્વિવિધ સંબંધ જેમ કે જગતથી અ–સ્પૃષ્ટ રહેવું અને છતાં તેના નિયમનનું કાર્ય કરવું એ બતાવવા માટે વેદાન્તમાં બ્રહ્મનાં નિર્ગુણ તથા સગુણ એમ બે પાસાંનું નિરૂપણ કરેલ છે.

(૩) બ્રહ્મસૂત્ર શાંકરભાષ્યમાં પણ ( II, 1 – 14, I, 1 – 20) જયાં ઈશ્વરને વ્યાવહારિક અર્થમાં સત્ અને પારમાર્થિક અર્થમાં અ–સત્ કહેલ છે, તે તો માત્ર એ હકીકત પર ભાર મૂકી એમ બતાવવા માટે કે બ્રહ્મ પારલૌકિક ( Transcendental ) સ્વરૂપ પણ છે. અહીં એ શંકા ઊભી થાય કે ઈશ્વર અ–સત્ કે માત્ર વ્યાવહારિક છે અથવા તો નિમ્નકક્ષા (અપર) નો છે એવો ખોટો ખ્યાલ જે કેમ ઉદ્ભવ્યો ? આના જવાબરૂપે એમ કહી શકાય કે તેનું કારણ શંકરાચાર્યના એવાં વિધાનો છે કે ઈશ્વર વ્યવહાર કે વિદ્યાની કક્ષાએ જ ખરો છે અને પારમાર્થિક અનુભવ કે વિદ્યાના કક્ષાએ તેનું અસ્તિત્વ નથી. આ પ્રકારના અનેક વિધાનો શાંકરભાષ્યમાં જોવા મળે છે તે વાત

ખરી છે, પરંતુ સાપેક્ષતયા વ્યકત થતું બ્રહ્મ એ જ પોતે પોતાની માયાશકિત વડે પોતાને જ મર્યાદિત કરતું પરમસત્ નિરપેક્ષ, નિર્ગુણ બ્રહ્મ છે. આ વસ્તુ આપણે એક વખત બરાબર સમજી લઈએ તો મનની ગ્રંથિ દૂર થઈ જાય.(૩૭)

ઉપર્યુકત મતની ટીકા કરતાં શ્રી આર.પી.સીંગ તેમના 'શાંકરવેદાન્ત' પરના પુસ્તકમાં લખે છે કે શંકરના મતે ઈશ્વર ન તો ભ્રામક છે, કે ન તો માત્ર અલૌકિક છે. કે નતો અસત્ છે. શાંકરવેદાન્તમાં ઈશ્વરતત્ત્વનું નિરૂપણ છે અને તે સત્ છે એમ સાબિત કરવા માટે લંબાણપૂર્વક દલીલો કરવી એ તો માત્ર એક કાલ્પનિક બાબત સિધ્ધ કરવા પાછળ નકામી મહેનત વેડફવા જેવું છે. અને શ્રી શાસ્ત્રી આવી કાલ્પનિક બાબત સિધ્ધ કરવા પાછળ નકામી મહેનત વેડફવા જેવું છે અને શ્રી શાસ્ત્રી આવી કાલ્પનિક બાબત સિધ્ધ કરવા મહેનત ઉઠાવે છે. જયાં શાસ્ત્રીજી એમ જણાવે છે કે શંકરે બ્રહ્મ તથા ઈશ્વર વચ્ચે કશો જ ભેદ પાડયો નથી, ત્યારે તેઓ સત્યથી તદ્દ્ન વેગળી હકીકતનું નિરૂપણ કરે છે.

શંકરાચાર્યના આલોચકોને આપણે કહેવું જોઈએ કે 'શું ઈશ્વર સત્ છે ?' તેઓ પ્રશ્ન ઉઠાવવો એ બરાબર નથી પણ 'શંકરાચાર્યના મતે ઈશ્વર વિષેનો ખ્યાલ શો છે ? તેવો પ્રશ્ન જરૂર ઉઠાવી શકાય અને આ પ્રશ્નનો જવાબ એમ આપી શકાય કે નામરૂપથી મર્યાદિત એવું બ્રહ્મ તે જ ઈશ્વર છે અને તે જ આ જગત તથા જીવોનો નિયામક તથા શાસક છે. પરંતુ જીવ અને બ્રહ્મનો સંબધ શાસિત અને શાસકનો નહિ પણ સારભૂતતત્ત્વ અને વસ્તુસત્ પરમ સત્ ત વનો છે. બ્રહ્મ સર્વાત્મા છે અને આ સત્યને દિક્ – કાળના સંબંધ દ્વારા વર્ણવી શકાય નહિ. ઈશ્વરએ સર્જનાત્મક સિદ્ધાંત છે એવા મતને શ્રી શાસ્ત્રી વળગી રહે છે પણ તે અસત્ છે એવા મતનો તેઓ સ્વીકાર કરતા નથી. ઈશ્વર અથવા સગુણ બ્રહ્મએ ઉપાધિવિશિષ્ટ બ્રહ્મ છે

અને તપ તથા ધ્યાન વગેરે માટે તેનો ખ્યાલ જરૂરી છે. ઈશ્વરએ શ્રી આર.પી.સીંગના મતે તાત્વિક સત નથી.

ડૉ.દાસગુપ્તાના મતે શંકર એમ માને છે કે ખરું જોતાં સમગ્ર સર્જન ભ્રામક છે અને આથી એ સર્જનનો સર્જક પણ ભ્રામક છે. તેમના મતે અદ્વૈતવેદાન્તમાં ઈશ્વરના ખ્યાલને બહુ કમ મહત્વનું સ્થાન છે. તે માત્ર અલૌકિક સત્ છે. આપણા કરતાં તે (ઈશ્વર) ઉત્કૃષ્ટ, શુદ્ધ અને વધુ શકિતમાન હોય પણ તે આપણા જેવો જ છે.

## ➢ સગુણ બ્રહ્મ અથવા ઈશ્વરના અસ્તિત્વ વિષયક દલીલો :–

સગુણ બ્રહ્મ અથવા ઈશ્વરના અસ્તિત્વ અંગે શંકરાચાર્યે જે કાંઈ દલીલો રજૂ કરેલી છે તેને પોલ ડોયસન તેમના પુસ્તકમાં નીચે પ્રમાણે ચાર ભાગમાં વહેંચે છે :

(૧) કાર્ય– કારણવિષયક અથવા સૃષ્ટિની રચનાને લગતી દલીલ :–

આ દલીલને 'સર્વપ્રથમ કારણ' ને લગતી દલીલ પણ કહેવામાં આવે છે. આ દલીલમાં એમ માની લેવામાં આવે છે કે આ જગત કાર્ય કે પરિણામ છે અને આથી તેનું કારણ અવશ્ય હોવું જોઈએ, કારણ કે કારણ વિનાતો કોઈ કાર્ય સંભવે જ નહિ. જગતરૂપી આ કાર્યનું મૂળ જે સર્વ પ્રથમ કારણ તે બીજું કશું નહિ પણ ઈશ્વર જ છે. આચાર્યશ્રી કહે છે કે જેમ માટી, સોનું વગેરે અનુક્રમે ઘડો, અલંકાર વગેરેની ઉત્પત્તિનું કારણ છે તેમ સર્વજ્ઞ સર્વેશ્વર જગતની ઉત્પત્તિનું કારણ છે. જેમ જાદુગર પોતે ઉત્પન્ન કરેલું માયાવી દશ્ય ટકાવી રાખવા માટે કારણભૂત છે તેમ ઉત્પન્ન થયેલા જગતની સ્થિતિ અને નિયંત્રણનું કારણ ઈશ્વર છે ? પરંતુ કાર્ય–કારણના નિયમને વળગી રહી આપણે ઈશ્વરના પણ કારણ અંગે પ્રચ્છા કરવી જોઈએ નહિ, કારણ કે તે તો શુદ્ધ સત્ છે અને તે સન્માત્ર હોઈ તેનાથી ઉચ્ચ એવા કોઈ અન્ય કારણ પર આધારિત નથી કારણ કે તેનાથી અન્ય

કશું કારણ જ નથી – ઈશ્વર અનન્ય કારણ છે. ઈશ્વર 'છે' , તેની ઉત્પત્તિ કશાકમાંથી 'થાય છે' એમ કહી શકાય નહિ. શાંકર વેદાન્તમાં તેને સગુણ અથવા કારણબ્રહ્મ અને જગત–પ્રપંચને કાર્યબ્રહ્મ કહ્યું છે.

પરંતુ ઉપર્યુકત કાર્ય–કારણમૂલક દલીલને આચાર્યશ્રી બહુ મહત્વ આપતા હોય તેમ જણાતું નથી. – આ દલીલ સંબંધમાં તેઓશ્રી કહે છે કે બ્રહ્મને જયારે આપણે આ જગતના કારણરૂપ માનીએ છીએ ત્યારે આપણે તર્કના બળે નહિ, પરંતુ શ્રુતિ કે આગમ પ્રમાણને અનુલક્ષી દલીલ કરીએ છીએ.

(૨) જગતની વ્યવસ્થિત રચના વિષયક દલીલ :–

આ દલીલને અંગ્રેજીમાં Physico – theological Proof પણ કહેવામાં આવે છે. જગતમાં જણાતી વ્યવસ્થિતતા ( cosmos ) તથા સાંમજસ્ય ( Harmony ) નો ઉલ્લેખ કરી શંકરાચાર્ય કહે છે કે 'આ જગતનું તંત્ર અતિશય નિયમિત રીતે ચાલેછે એ જ ઈશ્વરની હસ્તીનો પુરાવો છે ' 'અત્યંત કુશળ શિલ્પીઓ પણ રચી ન શકે એવી રચનાવાળું જે આ જગત છે તેનો રચનાર કોઈ ચેતન જ્ઞાતા જ હોવો જોઈએ. આપણને અલ્પશકિતવાળા માણસોને એમ લાગે કે જગતની આવી વિવિધને અદ્‌ભુત રચના કરતાં કેટલી બધી મહેનત પડી હશે ? પણ ઈશ્વરને એવી મહેનત પડતી નથી, એને તો સૃષ્ટિ રચવીએ લીલામાત્ર ( Play ) છે, કેમકે એ સર્વશકિતમાન છે. (૩૮) આ દલીલ રજૂ કરવામાં પણ શંકરનો આશય તો માત્ર એ જ દર્શાવવાનો છે કે પ્રકૃતિ કે જે જડ છે, તે આ જગતનું કારણ હોઈ શકે નહિ, કારણ કે જડમાંથી કશું ચેતનત વ ઉદ્‌ભવે નહિ. આ જગત એ કોઈ પામર જીવની કૃતિ હોઈ શકે નહિ, પરંતુ જીવથી ભિન્ન હોઈ અનંત, સર્વશકિતમાન, અનંતજ્ઞાનવાન ચેતનની તે કૃતિ છે. તે ચેતનને આપણે ઈશ્વર કહીએ છીએ. તે ઈશ્વરનો કોઈ કર્તા નથી. ઈશ્વર તો જ્ઞાન, ઐશ્વર્ય, શકિત, બળ, વીર્ય અને તે જ આદિ ષડ્‌ગુણાલંકૃત છે. તે અજન્મા, અવ્યય છે. ભૂતમાત્રના તેઓ

ઈશ્વર છે. પોતાની જ અર્થાત્ વિષ્ણુની ત્રિગુણાત્મિકા માયાને તેમણે વશ કરી છે. આ માયાશકિતથી તેઓ અનેક રૂપો અને નામોનું જગત ઉત્પન્ન કરી શકે છે. ઈશ્વર પોતે નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુકત સ્વાભાવના હોવા છતાં પોતાની માયા વડે પોતાને કશું પ્રયોજન ન હોવા છતાં માત્ર લોકાનુગ્રહના શુભ આશયથી દેહ ધારણ કરેલા અને જન્મેલા હોય એવા જણાય છે. ફિલસૂફીનું નિર્ગુણ બ્રહ્મ (Metaphysical Absolute ) અને ભકિતનો સગુણ ઈશ્વર (God of Religion) આ બન્ને વિચારને વેદાન્ત મતમાં સ્થાન છે એમ આથી ફલિત થાય છે.

(૩) માનસશાસ્ત્ર પર આધારિત દલીલ :–

આ દલીલ અંગેનો નિર્દેશ પણ આપણને જોવા મળે છે. આ દલીલએ પ્રકારના ખ્યાલ પર આધારિત છે કે માવનમન સીમિત છે પણ તે સીમિતથી પર જઈ અસીમિત વિશેનો ખ્યાલ ધરાવી શકે છે. ક્ષણભંગુર મન પણ અવિનાશી વિશેની ( ભલે અપર્યાપી પણ ) પોતાની ધારણા ઘડતું હોયછે.

(૪) સત્તામૂલક દલીલ : –

આ દલીલને અંગ્રેજીમાં Ontological argumaent નામ આપવામાં આવે છે. આ દલીલનો નિર્દેશ પણ આપણને શાંકરભાષ્યમાં જોવા મળે છે. આપણમાં રહેલો પરમસત્ વિશેના સૂસ્પષ્ટ અને તાર્કિક વિચાર આપણને એવા તત્ત્વની હસ્તી પ્રત્યે દોરી જાય છે. વિચાર ( Thought ) પરથી અસ્તિત્વ Exigtence પર જવા અંગેની આ પ્રકારની દલીલ આધુનિક પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનના પિતા દેકાર્તમાં પણ જોવા મળે છે.

બ્રેડલી પણ કહે છે કે વિચારની સતા આપણને સત્ તત્ત્વની સત્તાની સાબિતી આપે છે. The fact of the idea proves the fact the reality જે વિચારની કક્ષાએ હકીકત છે તે સત્તામૂલક પણ હોવું જોઈએ. આપણામાં રહેલો

**પૂર્ણ અંગેનો સુસ્પષ્ટ વિચર કે જેના વિશે કશી શંકા ઉઠાવી શકાય એમ નથી તે સ્વાભાવિક જ આપણને પૂર્ણની સત્તા પ્રતિ નિર્દેશ કરે છે. આપણે અ–પૂર્ણ છીએ એ વાત ખરી પરંતુ આપણામાં પૂર્ણતા વિષેના ખ્યાલ રોપનાર કશુંક પૂર્ણ સત્ તત્ત્વ** Perfect Being **અવશ્ય હોવું ઘટે, નહિ તો આપણને પૂર્ણનો કદાપિ વિચાર જ ન આવે.**

**જો કે કાન્ટ જેવા તત્ત્વજ્ઞે આ પ્રકારની દલીલ સામે વાંધો ઉઠાવતાં કહ્યું છે કે વિચાર આપણને અનિવાર્યતઃ સત્તા તરફ દોરી જાય છે એમ માનવું ભૂલભરેલું છે. The ontological proof can give only an idea of God and not God as a red object આ બારામાં તેણે આપેલું કાલ્પનિક ડોલરોનું ઉદાહરણ ઈતિહાસ પ્રસિદ્ધ છે.**

**ડોયસન પણ આ દલીલ પ્રત્યે બહુ આદર દર્શાવતા નથી. પરંતુ ઊંડા ઉતરી જોતાં આપણને ખાતરી થાય છે કે શંકરાચાર્ય આ દલીલને ખૂબ જ મહત્વની ગણે છે. પૂર્ણ વિશેનો આપણો વિચાર આપણને અવશ્ય પૂર્ણ (બ્રહ્મ) પ્રતિ દોરી જાય છે.**

**ડૉ.રાધાકૃષ્ણન લખે છે કે શંકરાચાર્યના તત્ત્વજ્ઞાનમાં કોઈ તાર્કિક દલીલ ઈશ્વરના સંબંધમાં રજૂ થઈ હોય તો તે નિઃશંક સત્તામૂલક દલીલ જ છે 'તેઓ આગળ જતાં લખે છે કે શંકરાચાર્યના તત્ત્વજ્ઞાનમાં ઈશ્વરની સત્તાએ સ્વતઃસિદ્ધ સત્ય નથી તેમ જ તે એક તાર્કિક સત્ય નથી પરંતુ વ્યાવહારિક દૃષ્ટિએ ઉપયોગી એવું અને અનુભવ પર આધારિત ગૃહીત તત્ત્વ Postulate છે. બ્રહ્મ પ્રસિદ્ધ છે, પ્રમાણસિદ્ધ નથી. કાન્ટની માફક શંકરાચાર્ય પણ એમ માને છે કે આપણા ક્ષર ભાવો વડે અ–ક્ષરને સિદ્ધ કરી શકાય એમ નથી. આપણા સીમિત વિચારો વડે અસીમિતને જાણવાના આપણા બધા પ્રયત્નો નિષ્ફળ નીવડે છે. ઈશ્વરની બાબતમાં કાન્ટ જેમ શ્રધ્ધા પર આવીને વિરમે છે તેમ શંકરાચાર્ય પણ શ્રુતિનો આધાર લઈ વિરમે છે.**

ઈશ્વરના અસ્તિત્વના સંબંધમાં રજૂ થતી દલીલોનું પરિણામ શંકરના મતે એ નીકળે છે પરમસત્ તત્ત્વના સંબંધમાં આ પ્રશ્નનો કશો અર્થ નથી. માત્ર આનુભવિક જગતમાં જ આ પ્રશ્ન ઊઠે છે. ઈશ્વરના અસ્તિત્ત્વના સંબંધમાં રજૂ થતી દલીલો તેના અસ્તિત્ત્વ માટેની અંતિમ સાબિતીઓ તરીકે ગણવાની નથી. ઈશ્વરના સ્વરૂપની ગૂઢતા વિશે બુદ્ધિ વડે કશો વિશ્વય કરી શકાતો નથી. તે હંમેશા તાર્કિક કલ્પનાઓના પ્રદેશની પાર જ રહે છે. તેનું સ્વરૂપ કાંઈ ચક્ષુગોચર હોતું નથી. તેનું કોઈ બરોબરિયું નથી. આથી ઉપમા દ્વારા પણ તેને સમજાવી શકાય નહિ. આથી જ કાન્ટ તથા_લાઓત્સે જેવા વિચારકોએ ઈશ્વર વિષયક પ્રમાણોને અપર્યાપ્ત ઠરાવેલ છે. લાઓત્સે કહે છે કે ઈશ્વરમાં વિશ્વાસ રાખી જયાં સુધી આપણે આગળ ન વધીએ ત્યાં સુધી કેવળ તર્ક દ્વારા કશું સિદ્ધ થઈ શકે નહિ.

➢ શ્રુતિનો આધાર–અનુભવની સાબિતી અને તર્કની આનુષંગિક મદદ :–

ઈશ્વર સર્વજ્ઞ છે, સર્વશકિતમાન અને પૂર્ણ સ્વતંત્ર છે. તે બધાનું ઉત્પત્તિ સ્થાન છે, તે અન્તર્યામી સ્તર પર આપણે પહોંચીએ તે પહેલાં શ્રુતિનો આધાર લેવો જરૂરી છે. ઈશ્વરના અસ્તિત્વમાં વિશ્વાસ, ધાર્મિક જીવન માપન માટે જરૂરી છે માણસ પોતાને અપૂર્ણ માને છે અને પૂર્ણતા તરફ ગતિ કરવા તે પ્રેરાય છે, પરંતુ અજ્ઞાનના અંધકારમાં ભટકાય છે. શાસ્ત્રવચનો દ્વારા તેને જયારે જ્ઞાનપ્રાપ્તિ થાય છે ત્યારે તેને પ્રકાશ સાંપડે છે, અને પરિણામે તેને ઈશ્વર પ્રાપ્તિનો માર્ગ મળી જાય છે. વેદાન્ત ઈશ્વરને અનુભવ જન્ય ઉપધારણા તરીકે લે છે, તેની ક્રિયાત્મક ઉપયોગિતા સ્વીકારે છે અને ઉપાસનાની દષ્ટિએ (ઉપાસ્યબ્રહ્મ) તેનું બહુ મૂલ્ય હકીકતમાં પ્રજ્ઞાથી પામેલ અને આધ્યાત્મિક બળે ઉચ્ચારેલ સત્ય વધુ જીવનમાં આસ્તિકાયબુદ્ધિ તેમ જ પરમકૃપાળુ પ્રભુ પ્રત્યે પ્રેમ અને નિષ્ઠા જાગૃત કરવા માટે ઉપયોગી છે.

ડૉ. મહાદેવન્ લખે છે કે 'અદ્વૈત વેદાન્તમાં ઈશ્વરનું સ્થાન તત્ત્વવિદ્યા અને મૂલ્યવિદ્યાની દ્રષ્ટિએ સમજી શકાય છે. ઈશ્વરએ સૃષ્ટિનો અંતિમ આધાર છે અને સાધકનું પરમ લક્ષ્ય છે. સૃષ્ટિના સંદર્ભમાં ઈશ્વર મૂળભૂત સત્ છે. આત્માના સંદર્ભમાં ઈશ્વર સર્વોપરી મૂલ્ય છે. અદ્વૈતમાં ઈશ્વરનું સ્થાન અસ્થિર પણ નથી અને રૂઢ વિચારની જેમ સ્થિત પણ નથી. હકીકતમાં અદ્વૈત અનુભવ માટે આ ખ્યાલ ઉપયોગી છે. આપણા ઉપનિષદોએ તો ઋષિઓની પ્રત્યક્ષ આધ્યાત્મિક અનુભૂતિઓનો ભંડાર છે. આથી જ આચાર્યશ્રી કહે છે કે तात्पर्यवती श्रुतिः प्रत्यक्षात् वलवती ઈશ્વરએ કોઈ બૌદ્ધિક વિચાર કે નૈતિક સિદ્ધાંત માત્ર નથી; ઈશ્વર એટલે તો જયાંથી વિચારો અને નીતિ નિયમોના સિદ્ધનો પોતે જ જન્મે છે, તે ઊંડામાં ઊડી અનુભૂતિ છે. એ તર્કથી રચેલી કોરી કલ્પના નથી; એ તો સાક્ષાત્ જોયેલું (અનુભવેલું) સત્ય છે અને તે આપણા દરેકના હાચ પ્રદેશમાં (શ્રી કૃષ્ણ ગીતામાં કહે છે તેમ) જીવન આધાર તરીકે વિલસો રહ્યું છે. 'ઈશ્વર છે' એમ કહેવાનો અર્થ જ એ છે કે આત્યાત્મિક અનુભવ એ મેળવી શકાય એવી વસ્તુ છે અને એ અનુભવની શકયતા એ જ ઈશ્વરના અસ્તિત્ત્વની ભારેમાં ભારી અને આખરી સાબિતી છે.

આધ્યાત્મિક અનુભવમાં ઈશ્વર 'અર્પિત' અર્થાત હકીકત રૂપે ઘટક વસ્તુ છે. આ સિવાયની બીજી બધી સાબિતીઓ ગૌણ છે. ઈશ્વરનાં વર્ણન માત્ર છે, શાબ્દિક વ્યાખ્યાઓ કે ભાષા પ્રયોગો જ છે. તર્ક ત્યાં પાંગળો સિદ્ધ થાય છે. છતાં તર્કની નિરુપયોગિતા નથી કારણ કે શાસ્ત્રવચનો સમજવા માટે, તેના અર્થઘટન માટે સ્વયં આચાર્યશ્રીએ પણ તર્કનો ખૂબ આશ્રય લીધો છે. તે એમનાં અન્ય દર્શનોના ખંડન પરથી જણાય છે. શંકાનું સમાધાન કરી તત્વાર્થ નિરૂપણ કરવા માટે તર્કની અગત્ય સ્વીકારવી જ જોઈએ. શ્રવણ પછી મનન એટલા માટે જ સ્વીકાર્ય છે. અદ્વૈતવેદાન્તીઓ શ્રુતિના આધારે ઈશ્વરને માની લઈ આગળ ચાલે છે અને શ્રુતિ વાકયોની ઉપપત્તિ તેમજ સંગતિ માટે તર્કનું આલંબન લે છે.

પરમાત્માનું નિર્ગુણ અને સગુણ સ્વરૂપને ડૉ.રાધાકૃષ્ણન કહે છે તેમ વિચારમાં છૂટાં પાડી શકાય પણ જીવનમાં છૂટાં પાડી શકાતાં નથી. નિર્ગુણ અને સગુણ બ્રહ્મ વચ્ચે દેખાતા વિરોધાભાસનો પરિહાર અને બન્નેનો સમન્વય આપણને ભકિતના નિરૂપણમાં થતો જોવા મળે છે. આચાર્યશ્રીનાં પ્રેરક ભકિતસ્તોત્રો આનું ઉદાહરણ છે.

## 6.7 ઉપસંહાર :–

સોળમી શતાબ્દીમાં પ્રાદુર્ભૂત થયેલ વલ્લભાચાર્ય " શુદ્ધાદ્વૈત તત્ત્વ દર્શન " નું પ્રતિપાદન કર્યુ છે. તેમણે શુદ્ધ–અદ્વૈતની વિચાર ધારા રજૂ કરી છે. તેમના મતાનુસાર પરબ્રહ્મ એ સર્વ સત્તાધીશ શકિત છે જેમાં ત્રણ ગુણો અસ્તિત્વ ધરાવે છે, એટલે કે તેમાં ત્રણ તત્ત્વો સમાવિષ્ટ છે.

(૧) 'સત્' એટલે કે અસ્તિત્વ હોવું.

(૨) 'ચિત્' અર્થાત્ જ્ઞાન અને

(૩) આનંદ. આ ત્રણે તત્ત્વો તેમનામાં રહેલા હોવાને કારણે તેમને સચ્ચિદાનંદ કહેવાય છે. વલ્લભાચાર્યજી કહે છે કે આત્મા એ બ્રહ્મનું જ તત્ત્વ હોઈ તે તેનો ' અંશ ' છે, જેમાં બ્રહ્મના ગુણો મર્યાદિત માત્રામાં અસ્તિત્વ ધરાવે છે. ઉત્પત્તિના માધ્યમથી પરબ્રહ્મમાંથી આત્મા છૂટો પડે છે.

શ્રી વલ્લભાચાર્યજીના મત પ્રમાણે બ્રહ્મના ત્રણ સ્વરૂપો વિચારી શકાય છે.

(૧) આધિભૌતિક : જીવાત્માના હૃદયમાં ' અંતર્યામી ' રૂપે જે સ્થિત રહે છે તે બ્રહ્મનું આધિભૌતિક સ્વરૂપ છે

(૨) આધ્યાત્મિક : ' અક્ષરબ્રહ્મ' ના સ્વરૂપે જે વ્યાપ્ત છે તે બ્રહ્મનું આધ્યાત્મિક સ્વરૂપ છે. અને

(૩) આધિદૈવિક : પૂર્ણ પુરુષોતમ શ્રી કૃષ્ણનું સાક્ષાત સ્વરૂપ તે બ્રહ્મનું આધિદૈવિક સ્વરૂપ છે.

**અક્ષરબ્રહ્મએ નિર્ગુણ નિરાકાર સ્વરૂપ છે. પૂર્ણ પુરુષોત્તમ શ્રી કૃષ્ણએ સગુણ સાકાર સ્વરૂપ છે. શ્રી વલ્લભાચાર્યના મતે શ્રી કૃષ્ણએ અવતાર નથી, પરંતુ તેઓ અવતારી છે, સ્વયં ભગવાન છે.**

# સંદર્ભો


(1) **વેદાન્ત – સમીક્ષા, સ્વામી સચ્ચિદાનંદજી પ્રથમ આવૃતિ** 1986 **પૃ** 19 – 27

(2) **ભામતિ, વાચસ્પતિ મિશ્ર** 2 – 1 – 14

(3) **શ્વેતાશ્વર ઉપનિષદ** 4 – 10

(4) **બ્રહ્મસૂત્ર શાં.ભા. ઉપોદ્ઘાત**

(5) Dr.S.Radhakrishnan, An idealist View of life P. 343 - 344

(6) **બૃહદારણ્યક ઉપનિષદ શાં.ભા.** 2 – 2 – 1

(7) **બૃહદારણ્યક ઉપનિષદ શાં.ભા.** 1 – 2 – 1

(8) **બ્રહ્મસૂત્ર** 2 – 1 – 14

(9) **તૈતરીય ઉપનિષદ્ શાં.ભા.** 2 – 6 – 1

(10) **બ્ર.સૂ.શાં.ભા.** 3 – 2 – 21

(11) **છાન્દોગ્ય ઉપનિષદ્** 6 – 1 – 4

(12) **બ્ર.સૂ.** 2 – 2 – 28

(13) **બ્ર.સૂ.** 2 – 1 – 15

(14) **ભગવદ્ગીતા અ.**9 **શ્લોક** 17 **તથા** 18 **તથા અ.**11 **શ્લોક** 43.

(15) **ગીતા અ.** 16 **શ્લોક** 8

(16) **તત્ત્વાર્થદીપનિબંધ શાસ્ત્રાર્થ પ્ર.કા. શ્લોક** 65

(17) **સદર – કારિકા શ્લોક** 66

(18) **અણુભાષ્ય** 3 – 2 – 27 **અને સદર – કારિકા** 71

(19) **સદર – કારિકા** 3 – 2 – 27

(20) **સિદ્ધાંત મુકતાવલી** - 3

(21) **મુંડક ઉપનિષદ્** 3 – 1 – 1

(22) **તત્ત્વાર્થદીપ નિબંધ શાસ્ત્રાર્થ શ્લોક** 65 – 73

(23) **બ્રહ્મસૂત્ર શાંકર ભાષ્ય** 1 – 4 – 3

(24) **વિદ્વનમંડન**

(25) **શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી, લે. શ્રી કે.કા.શાસ્ત્રી પૃ.** 242 – 243

(26) **આચાર્યોનું તત્ત્વચિંતન પ્રા.સી.વી.રાવળ પૃ.** 273

(27) **પ્રમેયરત્નસંગ્રહ,ગોસ્વામી શ્રી શરદ્ શ્રી અનિરુદ્ધલાલજી પ્રથમ આવૃતિ** 1999 **પૃ.**1 – 5

(28) **છાન્દોગ્ય ઉપનિષદ્** 6 – 1 – 4

(29) **તત્ત્વાર્થ દીપ** 1, 83

(30) **આચાર્યોનું તત્ત્વચિંતન, પ્રા.સી.વી.રાવળ પૃ.** 266 – 268

(31) **તૈત્તરીય ઉપનિષદ્** 2 – 8 – 15

(32) Systematic study of Vedanta, Dr.S.K. Das P. 116

(33) **બ્રહ્મસૂત્ર** 2 – 1 – 22 **અને શ્રી ભાષ્ય** 1 – 1 – 1

(34) **ભારતીય તત્ત્વવિદ્યા પંડિત સુખલાલજી પૃ.** 69 – 70

(35) **હિન્દ તત્ત્વજ્ઞાનનો ઈતિહાસ રી ન.દે. મહેતા. પૃ.** 255

(36) **શાં.ભા.ભગવદ્ગીતા** 6 – 11

(37) **બ્ર.સૂ.શાં.ભા.** I 1 – 11

(38) **માંડૂકય ઉપનિષદ્ પરની ગૌડપાદીય કારિકા પ્રકરણ** 2 – 32 **તથા પ્રકરણ** 3–48

# પ્રકરણ : 7

# ઉપસંહાર અને નિષ્કર્ષ

7.1 **શુદ્ધાદ્વૈતમાં જગતલક્ષી દૃષ્ટિએ અંતિમતત્ત્વ તરીકે બ્રહ્મ**

7.2 **વેદાંતના સંપ્રદાયોના સંદર્ભમાં શુદ્ધાદ્વૈતમાં બ્રહ્મતત્ત્વનું સ્થાન**

7.3 **શુદ્ધાદ્વૈતમાં બ્રહ્મના સ્વરૂપનું સમીક્ષાત્મક મૂલ્યાંકન**

7.4 **ઉપસંહાર**

# પ્રકરણ :– 7 ઉપસંહાર અને નિષ્કર્ષ

## 7.1 શુદ્ધાદ્વૈતમાં જગતલક્ષી દૃષ્ટિએ અંતિમતત્ત્વ તરીકે બ્રહ્મ :

**જગત એ બ્રહ્મનું પરિણામ (આધિભૌતિક સ્વરૂપ) હોવા છતાં તે બ્રહ્મરૂપ જ છે. બ્રહ્મરૂપ હોઈને જગત પણ નિત્ય જ છે. પરંતુ સૃષ્ટિ સર્જન તથા પ્રલય બન્ને સ્વાભાવિક તથા તે બ્રહ્મના વિલાસ માત્ર છે. બ્રહ્મ જગતનું નિમિત તથા ઉપાદાન એમ બન્ને કારણ છે. તે વિશ્વનો રચયિતા તથા સ્વયં વિશ્વરૂપ છે. બ્રહ્મ જ જગતના એક માત્ર કર્તા છે : અને જગત તેમનું કાર્ય છે.**

कार्यस्य कारजानन्यत्वं न मिथ्यात्वम् ! (1)

अहं सर्वस्य प्रभवो मत सर्व मिथ्यात्वम् !(2)

**વલ્લભાચાર્યના મતે જગત – પ્રપંચ પ્રકૃતિજન્ય નથી, પરમાણું જન્ય પણ નથી, વિવર્તરૂપ પણ નથી, અદષ્ટ (વાસના – સ્વભાવ) દ્વારા પણ ઉત્પન્ન થતો નથી. તેઓ જગતની ઉત્પત્તિ તથા વિનાશ માનતા નથી. પણ જગતનો આવિર્ભાવ તથા વિશેભાવ માને છે. અક્ષર બ્રહ્મ પોતાના સત્, ચિત્ અને આનંદ ત્રણે સ્વરૂપોનો આવિર્ભાવ તથા તિરોભાવ કરતા રહે છે. જગત સત્ય છે, મિથ્યા નથી. બ્રહ્મે ક્રીડાની ઈચ્છાથી જ સૃષ્ટિનું નિર્માણ કર્યું છે.**

तस्माद्वेकाकी न रमते ! (3)

सद्वितीयमैंच्छत्

स अव हि जगत्कर्ता ! (4)

तद्वक्षत बहुर्स्या प्रजायेय !

આ જગત બ્રહ્મની ઈચ્છા શકિતથી અને બ્રહ્મમાંથી જ પ્રગટ થયું છે, માટે ભગવાન રૂપ જ છે. પોતાની અચિન્ત્ય માયા વડે આ સૃષ્ટિની રચના કરી તે કૌતુક જન્માવે છે. જડ સૃષ્ટિ તેના અચિદ્ અંશનું અને જીવ તેના ચિદ્ અંશનું પરિણામ છે. સત્વ, રજસ અને તમોમય હોઈ વિવિધ રૂપવાળા આ સંસારમાં સર્વ કાંઈ બ્રહ્મરૂપ હોવા છતાં તેના (જગતના ) વૈવિધ્યનો આધાર બ્રહ્મના વિવિધ ગુણો જ છે. શંકરાચાર્યના અદ્વૈતવાદમાં માયા યા અવિદ્યા વડે આ જગત તથા જીવનો ખુલાસો કરવામાં આવે છે અને તેટલે અંશે શંકરનું 'બ્રહ્મ' 'કેવળ' કહેવાતાં વસ્તુતઃ માયાથી કલુષિત (મેલું) બનેલું છે. મધ્વાચાર્યનો દ્વૈતવાદનો શ્રુતિથી વિરૂધ્ધ છે. આથી ખરો સિદ્ધાંત શુદ્ધાદ્વૈત જ છે. બ્રહ્મમાં માયા રૂપી મિથ્યાત્વને લેશમાત્ર પણ અવકાશ નથી, જે કાંઈ ભાસે છે તે પરમાત્માજ ભાસે છે, અને વસ્તુત : ભાસે છે.

જગત બ્રહ્મના સદંશનો આવિર્ભાવ છે, તેમાં ચિદંશનું તિરોભાવ છે. જગત બ્રહ્મમાંથી કાર્યરૂપે જુદું વ્યકત થવા છતાં તે મૂળ કારણથી અભિન્ન છે. સૌથી પહેલાં તે અ–વ્યકત હતું પછી ભગવાનની ઈચ્છાથી વ્યકત થયું. જગત સત્ય છે, તે બ્રહ્મની કૃતિ છે. જીવની અહંમ વૃતિથી સંસાર ઉત્પન્ન થાય છે, અને તે અસત્ય છે. અહીં સત્કાર્યવાદનો સ્વીકાર છે. બ્રહ્મ સત્ય છે તેથી એનું પરિણામ કાર્યરૂપ જગત પણ સત્ય જ છે. બ્રહ્મમાંથી જગત થતું નથી. બ્રહ્મમાં કોઈપણ પ્રકારનો વિકાર નથી થતો કે નથી જગતમાં થતો આમ બ્રહ્મ અ–વિકારો છે.

જગતની ઉત્પત્તિના બારામાં વલ્લભાચાર્યનો મત અવિકૃત બ્રહ્મ પરિણામવાદનો છે.

❖ જગત અને સંસાર : –

આ જગત બ્રહ્મરૂપ છે, સત્ય છે, મિથ્યા નથી. પરંતુ જીવનો અહંતા–મમતાત્મક સંસાર તો અવિદ્યાત્મક અને ખોટો છે.

प्रपञ्चो भगवत्कार्यस्तद्रूपो भाययाऽभवत् ! (5)
तच्छकयाऽविधया त्वस्य जीव संसारऊच्यते !!

અહંતા દેહને વિષે હોય છે, જયારે મમતા આપણી સર્વ પ્રકારની મિલકત ને વિષે હોય છે. અહંતનો નાશ કરવાને માટે દેહને ભગવાનની સેવામાં યોજવાની જરૂર છે, અને મમતાનો નાશ કરવા માટે સ્ત્રી, પુત્ર, ધન વગેરે સર્વ પદાર્થોનો વિનિયોગ ભગવાનની સેવામાં કરવાનો હોય છે. આમ કરવાથી અહંતા અને મમતા આધાર વિનાની બને છે, અને સ્વાભાવિક રીતે નાશ પામે છે. વલ્લભાચાર્યના મતે જગત અને સંસાર આ બન્ને શબ્દો સમાનાર્થક નથી. પૂર્વના કોઈ પણ આચાર્ય આ પૃથકકરણ કરેલું જાણવામાં નથી. શ્રી વલ્લભાચાર્યે સૌપ્રથમ જગત – સંસાર ભેદ તારવી બતાવેલ છે. ' હું અને મારૂ ' એ જ સંસાર : સમગ્ર ભૌતિક પદાર્થમય જગત એ કાંઈ સંસાર નથી.

જગત ભગવાનનું કાર્ય (પરિણામ) છે : ભગવાન એના નિમિત્ત તેમજ સમવાથી કારણ રૂપ છે. જયારે અહંતા – મમતાત્મક સંસાર જીવે અવિનાશી કલ્પેલો છે. ' જગત માયિક છે ' એવો જે વાદ ઉભો થયો તેની પાછળ ' સંસાર ' જ કારણરૂપ છે : અને એ સંસાર હું અને મારૂ જ મિથ્યા છે, નહિ કે જગત વલ્લભાચાર્ય કહે છે કે જગત સત્ છે પણ તેની પ્રતીતિ ભ્રામક છે. આ સ્થિતિ સમજાવમાં ડૉ. ઘાટે તેમના વેદાન્ત પરના પુસ્તકમાં સૂચવે છે તેમ (૬) ઉદા.ત. ચાલતી હોડીમાં બેઠેલા માણસને કિનારા પરનાં વૃક્ષો સ્થિર હોવા છતાં ગતિમાન હોય તેમ જણાય છે, પરંતુ અહીં ગતિમાન વૃક્ષોના બોધમાં માત્ર તેમની ગતિ જ ભ્રામક છે; જયારે વૃક્ષોનાં સ્વરૂપ તો સત્ છે. તેવી રીતે જગત જે આપણા માટે વસ્તુ લક્ષી અસ્તિત્વ ધરાવે છે, પરંતુ જે તત્ત્વતઃ ભગવત્ સ્વરૂપનું છે અને તેથી તદ્દન આત્મલક્ષી છે, તે સ્વરૂપમાં સત્ છે, પરંતુ માત્ર વસ્તુ લક્ષિતા કે જેના વડે જીવ જગતથી મુકત થાય છે તે જ અસત્ છે અને અજ્ઞાનથી આગળ પડે છે. આમ

સર્વભેદ કે અનેકતા પ્રપંચની પ્રતીતિની બાબતમાં છે, એના સ્વરૂપની બાબતમાં નથી. પ્રપંચ પોતે અસત્ છે એમ કહેવું અને સાથે સાથે એમ પણ કહેવું કે એ અને બ્રહ્મ એક જ છે, તે તો તર્કવિરૂદ્ધ ગણાય. કારણ કે ઐકયનો સંબંધ સત્ પદાર્થ ( બ્રહ્મ ) અને અસત્ પદાર્થ (જગત ) વચ્ચે સંભવી શકે નહીં.

સંસાર જગતથી ભિન્ન છે. માયાની અવિદ્યા નામે શકિત દ્વારા સંસારનું નિર્માણ થાય છે. અવિદ્યામાયા વડે ગ્રહિત જીવ પોતાની કલ્પના વસ્તુનું નામ સંસાર છે. અવિદ્યા – માયા સંસારનું ઉપાદાન કારણ છે, તથા અવિદ્યા – માયા વડે પ્રચ્છન્ન જીવ સંસારનું નિમિત્ત કારણ છે. સંસારની ઉત્પત્તિ થતી નથી. ગુણ તથા કર્મોથી બંધાયેલો સંસાર અજ્ઞાન મુલક તથા સ્વપ્નવત્ મૂઢ છે. સુખ દુઃખ આદિ ધર્મો સંસારના છે. જગતના નહિ. સંસાર અને જગતના કારણમાં ભેદ છે, આથી બન્ને ભિન્ન છે. પ્રપંચ તથા જગત બ્રહ્મોપાદાનક છે અને માયાકરણક છે – સંસાર જીવ નિર્મિત છે. તત્ત્વજ્ઞાન થવાથી સંસારનો નાશ શકય છે અર્થાત્ ભગવદ્ અનુગ્રહ દ્વારા વિદ્યા યા જ્ઞાન – પ્રાપ્તિ થવાથી જીવ જીવનમુકત બને છે. પરંતુ જગત બ્રહ્માત્મક છે.

આથી તત્ત્વજ્ઞાન થયા પછી પણ જગતનો નાશ થતો નથી. પ્રપંચની ઉત્પત્તિ તથા લય પરબ્રહ્મ દ્વારા જ થાય છે. મુકત પુરુષના સંસારનો નાશ થાય છે, પરંતુ એ અવસ્થામાં પણ પ્રપંચાત્મક દેહ તો રહે જ છે. જો પ્રપંચ ( જગત ) તથા સંસારને અભિન્ન માનવામાં આવે તો સંસારનો નાશ થવાથી પ્રપંચાત્મક દેહનો પણ નાશ થઈ જાત. આત્મરમણની ઈચ્છાથી બ્રહ્મ પ્રપંચનો તિરોભાવ કરેછે. " સંસારનો નાશ જ્ઞાનથી થાય છે. જગતનો નાશ કદી પણ થતો નથી. કરોડો સર્વસુખાવહ લય તો આત્માના રમણની ઈચ્છાથી ભગવાન કરે ત્યારે જ થઈ શકે "

## 7.2 વેદાંતના સંપ્રદાયોના સંદર્ભમાં શુદ્ધાદ્વૈતમાં બ્રહ્મતત્ત્વનું સ્થાન :

વેદાન્તની મુખ્ય પાંચ શાખાઓ છે, જેના આચાર્યોમાં શંકર, રામાનુજ, નિમ્બાર્ક, મધ્વ અને વલ્લભાચાર્ય છે. આ પાંચે દર્શનિકો નીચેની બાબતમાં પરસ્પર સંમતિ ધરાવે છે.

- ✓ આ વિશ્વનું સર્વોચ્ચકારણ તે બ્રહ્મ જ છે.
- ✓ બ્રહ્મ વિભુ તથા નિત્ય છે.
- ✓ પોત પોતાના સિદ્ધાંતોના મુખ્ય આધારો તરીકે ઉપનિષદો અને તદુપરાંત ગીતા તથા બ્રહ્મસૂત્રોને પણ તેઓ સ્વીકારે છે.

- ✓ તેઓ બધા એ બાબતમાં પણ મતૈકય ધરાવે છે. કે બ્રહ્મ જેવી તાત્વિક તથા અતીન્દ્રિય વસ્તુની બાબતમાં શાસ્ત્રો જ પ્રમાણ છે, અને તર્કને પણ જયાં સુધી તે શ્રુતિથી વિરુદ્ધ ન જાય ત્યાં સુધી પ્રમાણ માની શકાય. તર્કની મર્યાદા હોઈ આખરી પ્રમાણ તો શ્રુતિને જ ગણી શકાય.

- ✓ શંકરાચાર્ય સિવાયના ચારેય આચાર્યો નીચેની બાબતમાં એકમા ધરાવે છે. જેમ કે

  મોક્ષ પ્રાપ્તિ માટે સર્વોચ્ચ સાધન ભકિત જ છે જ્ઞાન તથા કર્મ ગૌણ છે.

- ✓ બ્રહ્મ એ જ ઈશ્વર છે અને તે અનન્તધર્માત્મક છે, મતલબ કે તેઓ સગુણ વૈયકિતક ઈશ્વરમાં શ્રદ્ધા ધરાવે છે.

બ્રહ્મ, ચિત્ અને અચિત્ એમ ત્રણે તત્વોના પારસ્પરિક સંબંધની બાબતમાં પાંચેય આચાર્યોમાં મતભિન્નતા છે અને આથી તેમણે સ્થાપેલી પાંચેય શાખાઓ તેમના સ્વરૂપ તથા વિશિષ્ટ લક્ષણોની બાબતમાં જુદી પડે છે. અને નામ પણ જુદાં જુદા ધરાવે છે, જેમ કે કેવલાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, દ્વૈતાદ્વત, દ્વૈત તેમજ શુદ્ધાદ્વૈત વગેરે ....... (૧)

## ❖ શુદ્ધાદ્વૈતમાં બ્રહ્મનું સ્થાન :–

શ્રીમદ્ વલ્લભાચાર્યના મતે બ્રહ્મનો ચિદ્ધર્મને જીવ છે. જેમ અગ્નિમાંથી તણીતાઓ નીકળે છે અથવા તો કરોળિયો પોતાના મોંમાથી લાળ કાઢી જાળ બનાવે છે. તેમાં જીવો પણ બ્રહ્મમાંથી નીકળે છે. તે નિત્ય છે, તેની ઉત્પત્તિ થતી નથી. તે અણુ છે અને વાળના અગ્ર ભાગના સોમા ભાગ જેટલું તેનું પ્રમાણ છે. તેનો વાસ હૃદયમાં છે, છતાં ચંદ્રનની માફક આખા શરીરમાં તેનું ચૈતન્ય વ્યાપે છે. બ્રહ્મ અને શુદ્ધ જીવ વચ્ચે અદ્વૈત છે છતાં તેને જીવને બ્રહ્મનો અંશ માને છે. જીવએ જગતની પેઠે બ્રહ્મનું વાસ્તવિક પરિણામ છે. એવાં પરિણામો લીલાવશ ઉપજવા છતાં બ્રહ્મ પોતે અવિકૃત અને શુદ્ધ જ રહે છે. જીવ કદી પણ બ્રહ્મ થઈ શકતો નથી. કારણ કે જીવ તો ફકત બ્રહ્મનો ચિદ્ધર્મ છે. અને બ્રહ્મ તો સચ્ચિદાનંદ છે. આમ હોવાથી જીવ અને બ્રહ્મ કદાપિ એક થઈ કશે નહિ. વલ્લભાચાર્યે જીવ અને બ્રહ્મ વચ્ચેનો જે ભેદ દર્શાવ્યો છે તેને 'ભેદ – સહિષ્ણુ અભેદ' કહે છે અને તેની અભેદતા શકય છે જો આવી અભેદતા સ્વીકારવામાં ન આવે તો જીવને સ્વતંત્ર અસ્તિત્વ આપવું પડે અને પરિણામ શુદ્ધાદ્વૈતમાં અદ્વૈત જેવું જ કંઈ ન રહે અભેદતા કેવી રીતે સ્વીકારી શકાય એ પ્રશ્નનો જવાબ એ છે કે જીવ જયારે છેવટે બ્રહ્મ દશામાં બ્રહ્મભાવને પ્રાપ્ત કરે છે ત્યારે તેનામાં ચિદ્–ધર્મ ઉપરાંત આનંદ – ધર્મ પ્રગટ થાય છે અને આ સ્થિતિમાં તે બ્રહ્મ સાથે અભેદ સાધે છે.

આ મતની આલોચના કેવલાદ્વૈતીઓના દૃષ્ટિકોણથી થઈ શકે. વલ્લભાચાર્ય એમ સ્વીકારે છે ખરા કે બ્રહ્મ અને શુદ્ધ જીવ વચ્ચે અદ્વૈત છે. છતાં તેઓ જીવને બ્રહ્મનો અંશ માને છે. જીવ એ બ્રહ્મનો પ્રકાર કે અંશ કે પરિણામ હોઈ શકે નહિ. કારણ કે બ્રહ્મ અપરિણામી, નિરવયવ તેમજ અપરિવર્તનશીલ છે. એમ શ્રુતિવચનો સ્થાપે છે. વળી આપણે જીવને ઈશ્વર સૃષ્ટ ( સર્જિત) પણ માની શકિએ નહિ કારણ કે વેદો અગ્નિ અને અન્ય તત્ત્વોના સર્જનની વાત કરે છે. પણ આત્માના સર્જનની કયાંક વાત કરતા જણાતા નથી. આમ જીવએ બ્રહ્મથી ન તો ભિન્ન છે, કે ન તો તેનો અંશ છે, કે ન તો તેનું પરિણામ કે પ્રકાર છે. તે સ્વયં આત્મા જ છે. ઉપાધિઓ વડે કરી આચ્છાદિત હોઈ આપણને તેના મૂળ રૂપનું ભાન નથી. જો તે પરમાત્મા જોડે એક અને અભિન્ન ન હોત તો શાસ્ત્રો જે અમરત્વની વાત કરે છે. તે નિરર્થક ઠરે. વળી પોતાનાથી બિલકુલ ભિન્ન એવા તત્ત્વ જોડે તાદાત્મ્ય જ કેમ સધાય ? આથી ઉપનિષદો ' બ્રહ્મ ને જાણવાવાળો બ્રહ્મ થઈ જાય છે. ' તેમ કહે છે. (૨)

શ્રી શંકરાચાર્યના મતે બ્રહ્મ પરમાર્થતઃ અત્યંત નિરાકાર, નિર્ગુણ, નિધર્મક અને નિર્વિશેષ છે. આનંદમય એ પણ બ્રહ્મ નથી. એ તો સગુણ છે. અને બ્રહ્મનો આનંદમયની પેલે પાર છે. વ્યવહારને માટે તેઓ પરબ્રહ્મથી વ્યતિરિકત માયા શબલ ઈશ્વરની કલ્પના કરી એમાંથી સમગ્ર જગદાદિની ઉત્પતિ સ્વીકારે છે. અને આ સર્વ કાંઈ તે પરમાર્થતઃ મિથ્યા છે એમ કહે છે. બ્રહ્મ સત્યમ જગતમિથ્યા અને તેથી પરા અને અ–પરા એવી બે વિદ્યા એમણે સ્વીકારી છે, જેમાં બ્રહ્મવિદ્યા તે પરાવિદ્યા અને ઈશ્વરવિદ્યા તે અપરા – વિદ્યા છે. એમના મતે સગુણ ઈશ્વર ઉપાસ્ય અને નિર્ગુણ બ્રહ્મ જ્ઞેય છે. ટૂંકમાં હકીકતમાં તો વેદથી લઈ બધાં શાસ્ત્રો, માયા શબલ ઈશ્વર કે સગુણ બ્રહ્મથી લઈ જગદાદિ સુધીના બધા પદાર્થ બધા વ્યવહાર માત્ર માયિક છે. એ બધાથી પર નિર્ગુણ બ્રહ્મ કેવળ એક જ આત્મા છે.

શ્રી રામાનુજના મતે બ્રહ્મ દિવ્યધર્મવાળું છે, અને જગત બ્રહ્મના શરીરનું પરિણામ છે. શ્રી રામાનુજ સંપુર્ણ અખંડ અદ્વૈતનો સ્વીકાર કરતા નથી. એમનું અદ્વૈત તો સત્ અને ચિત્ એવાં વિશેષણોથી વિશિષ્ટ માત્ર છે, જેમ શાંકર મતમાં ઉપાસના અને ભકિત તારતમ્ય નથી. તેમ રામાનુજ મતમાં પણ નથી.

શ્રી માધવાચાર્ય ને તો સ્પષ્ટ દ્વૈત જ સ્વીકાર્ય હોઈ બ્રહ્મને તેઓ સધર્મક જ ગણે છે ; અને એ જગદાદિનું માત્ર નિમિત્ત કારણ છે. જીવ પણ પૃથક તત્ત્વ જ છે ; અણુ જ છે અને સદા પૃથક અને અણુ જ રહે છે, અને સર્વથા વાસ્તવિક છે. શ્રી મધ્વના મતે શ્રી રામાનુજની જેમ મોક્ષ અભાવાત્મક છે.

શ્રી નિમ્બાર્કાચાર્ય દ્વૈયાદ્વૈતના પુરસ્કર્તા છે. અને એમને આત્યંતિક અદ્વૈત સિવાયનું બાકીનું મધ્વમત જેવું છે.

શ્રી વલ્લભાચાર્ય બ્રહ્મને નિર્ગુણ કહે છે ત્યારે બ્રહ્મમાં લૌકિક સત્વાદિ ગુણોનો અભાવ સૂચવે છે, સગુણ કહે છે ત્યારે સર્વભવન સમર્થતા, સર્વ શકિતમતા, સ્વતંત્રતા, સર્વજ્ઞતા વગેરે યુકત બ્રહ્મ છે એમ સૂચવે છે. અણુથી અણુ અને છતાં મહાનથી મહાન આદિ વિરુદ્ધ ધર્મોનું અસ્તિત્વ એક જ બ્રહ્મમાં કેવી રીતે હોઈ શકે ?

'कर्तुमर्तुमन्यथा कर्तु समर्थ '

એનું સમાધાનમાં વિરુદ્ધ – ધર્માશ્રય નામનો ધર્મ છે, એનાથી શ્રી વલ્લભ કહે છે. ટૂંકમાં બધા ધર્મોની સ્થિચિ એક જ બ્રહ્મમાં છે, તેને આથી કશો બાધ આવતો નથી. આમાં બ્રહ્મ નિર્ધર્મક છે, છતાં સધર્મક છે, નિરાકાર છતાં સાકાર છે – લૌકિક આકાર નથી, માટે નિરાકાર – આનંદ આકાર હસ્તપાદાદિ હોઈ સાકાર, નિર્વિશેષ છતાં સવિશેષ, નિર્ગુણ છતાં સગુણ, એક જ છતાં અનંત મૂર્તિ, કૂટસ્થ છતાં ચલ, અકર્તૃ છતાં કર્તૃ, અવિભકત છતાં વિભકત અવિભકત છતાં વિભકત એટલે કે

ઈચ્છા માત્રથી પોતે વિભકત હોય એવો અનુભવ કરાવે છે. બ્રહ્મ અગમ્ય છતાં ભકતને ગમ્ય, અદશ્ય છતાં યોગીઓને અને ભકતોને દશ્ય છે. તે અનેક પ્રકારની સૃષ્ટિ કરે છે છતાં એમાં વિષમતા નથી, જીવોનાં કર્મ પ્રમાણે તે સુખ દુઃખાદિના ભોગ કરાવે છે – સ્વયં ક્રૂરતા વાપરે છે છતાં નિર્દય નથી., અનેક રૂપ છતાં એકરસ એકાત્મક જ છે. નિરપેક્ષ છતાં ભકત પાસે સાપેક્ષ છે. આત્મારામ છતાં રમણ કરે છે. સ્વતંત્ર છતાં ભકત પાસે પરતંત્ર છે.

ટૂંકમાં બધાં કાર્યોમાં બ્રહ્મ રહેલું છે, છતાં બ્રહ્મ બધાંથી અલિપ્ત છે. પોતે આધાર પણ છે, આધેય પણ છે. બ્રહ્મમાં જીવ– જગત વગેરેની ઉત્પત્તિ થતાં યે એ ત્રણે કાળમાં અવિકૃત જ રહે છે. આમ બ્રહ્મ વિરુદ્ધ ધર્માશ્રય છે. બ્રહ્મ જ નિમિત્ત કારણ, સમવાયિ તથા ઉપાદાન કારણ પણ તે જ છે. એક માત્ર બ્રહ્મ જ કર્મ, જ્ઞાન અને ભકિતનો વિષય છે. એ વિભિન્ન માર્ગોથી એ એક જ પ્રાપ્ય છે. બધું જ કાંઈ બ્રહ્મ છે, બ્રહ્મથી વ્યતિરિકત બીજું કોઈ જ સ્વતંત્ર રૂપે નથી. એવી ભાવનાથી ભગવાન પરબ્રહ્મ શ્રી કૃષ્ણાખ્ય તત્ત્વને વિશે બુદ્ધિ કરવી આ પ્રકારનો શ્રી વલ્લભનો ઉપદેશ છે. (૩)

## 7.3 શુદ્ધાદ્વૈતમાં બ્રહ્મના સ્વરૂપનું સમીક્ષાત્મક મૂલ્યાંકન :–

શ્રીમદ્ વલ્લભાચાર્યનો ધર્મપંથ ' પૃષ્ટિમાર્ગ' નામે ઓળખાય છે. શ્રીમદ્ વલ્લભાચાર્યનો સિદ્ધાંત ' શુદ્ધાદ્વૈત ' નામથી પ્રચલિત છે. આ મત પ્રમાણે બ્રહ્મ માયાથી અલિપ્ત હોઈ સર્વથા શુધ્ધ જ છે. માયાથી અસંબંધ એવું જે બ્રહ્મ તે જ અદ્વૈત તત્ત્વ છે. માયાના સંબંધ રહિત એવા બ્રહ્મને જ બુદ્ધિમાન લોકોએ શુદ્ધ બ્રહ્મ કહેલ છે. એક પ્રકારનું બ્રહ્મ જ શુદ્ધ છે. અને બીજા પ્રકારનું બ્રહ્મ જે કાર્ય – કારણ – સંબંધ યુકત છે. વલ્લભાચાર્યના તત્ત્વજ્ઞાન વિષયક સિદ્ધાંત શુદ્ધાદ્વૈતમાં બ્રહ્મના ખ્યાલનું સમીક્ષાત્મક અવલોકન અને મૂલ્યાંકન થયેલું જોવા મળે છે. વલ્લભાચાર્યે સ્વરૂપ પરિણામવાદનો સ્વીકાર કરી, માયા રહિત શુદ્ધ અદ્વૈત બ્રહ્મની સ્થાપના કરી. બ્રહ્મ જ સર્વ સમર્થ છે અને પોતાના સ્વરૂપમાં કોઈપણ પ્રકારનો

વિકાર થયા વિના તે પોતે જગદ્રૂપ થાય છે. ઉપનિષદોમાં અને તેને અનુકુળ રહેનારાં બીજાં સ્વીકારવું જોઈએ. તેમાં પોતાની સ્વતંત્ર તર્કશકિતથી અન્ય કલ્પના કરી બ્રહ્મના સ્વરૂપનો નિર્ણય ન થઈ શકે એમ વૈદિક દર્શનના અનન્ય અનુયાયી વલ્લભાચાર્યનો અભિપ્રાય છે. તેમણે તે તર્કપ્રસ્થાન વિચાર સરણીને શ્રુતિ અને સ્મૃતિનાં વાકયોથી સમર્થન કરવા પ્રયત્ન કર્યો છે. આ સમર્થન કરવાની ક્રિયામાં શ્રુતિ, ગીતા અને બ્રહ્મસૂત્ર જેવાં પ્રસ્થાનોના વ્યાખ્યાનમાં ખેંચતાણ કરવાની ફરજ પડી છે. તેના પરિણામે પ્રસ્થાનોને પૂર્ણ ન્યાય મળી શકતો નથી. એમ આ સંપ્રદાયના વિદ્વાનોનું માનવું છે. વળી વલ્લભાચાર્યના બ્રહ્મસૂત્ર ભાષ્યમાં અનેક સ્થળે શંકરાચાર્યના બ્રહ્મસૂત્ર ભાષ્યની પંકિતઓનો સંક્ષેપ જોવામાં આવે છે.

વળી જ્ઞાનને બ્રહ્મસ્વરૂપ માનવામાં આવ્યું છે અને સૃષ્ટિ રચના કરવામાં ભગવાનનો અનેક પ્રકારે આવિર્ભાવ થાય છે. જ્ઞાનના અનંત ભેદો છે. વળી બ્રહ્મ જ એક પ્રમેય છે. ' પ્રમેય ' એટલે પ્રમાણ દ્વારા જે જાણવાનું હોય છે તે અહીં બ્રહ્મ એ જ પ્રમેય છે. વસ્તુતઃ પ્રમેય એક જ છે અને તે ભગવાન છે. પણ તે ભગવાન સ્વરૂપ, તત્ત્વ તથા કાર્યરૂપો નિરૂપેલું છે. માટે પ્રમેયની ત્રણ કોટિઓ કહી છે.

તત્ત્વદીપ નિબંધંમાં શ્રી વલ્લભાચાર્ય કહે છે કે જેમ પ્રમાણમાં શબ્દ જ પ્રમાણ છે, અને તેમાં વળી વેદાદિભાવવાળો જ શબ્દ તેમ હરિપણ સર્વભાવવાળા પ્રમેય છે. બ્રહ્મ સર્વધર્મ વિશિષ્ટ છે. સગુણ સાકાર અને બ્રહ્મ એ નિર્ગુણ નિરાકાર બ્રહ્મમાં વલ્લભાચાર્યના મતે વિરોધ નથી. વિરોધનો આભાસ માત્ર છે. આ બાબતમાં તેઓ શંકર તથા રામાનુજથી ભિન્નમત દર્શાવે છે. બ્રહ્મનાં બન્ને સ્વરૂપો સત્ય છે. બ્રહ્મમાં પરસ્પર વિરોધીગુણો માયાના આભાસથી એવા જણાય છે. એમ નથી, પરંતુ તે સ્વાભાવિક છે.

પરમાત્માએ પોતાના ચિત્ અંશમાંથી અનેક જીવો પ્રકટ કર્યા છે. આમ જીવ બ્રહ્મનો જ એક અંશ છે તેમ વલ્લભાચાર્ય માને છ. જયારે શંકર જીવ અને બ્રહ્મને એક માને છે. અંશ તથા અંશીની માફક જીવ તથા બ્રહ્મમાં પણ અભેદ છે. જે ભેદ જણાય છે તે તો ઈશ્વરની લીલા અર્થે જ છે, બાકી અભેદ જ વાસ્તવિક છે. જે કાંઈ છે તે બધું વસ્તુતઃ બ્રહ્મરૂપ જ છે. જીવમાં બ્રહ્મના સત્ ચિત્ અને આનંદના ત્રણ ધર્મોમાંથી આનંદનો તિરોભાવ છે. રામાનુજની માફક વલ્લભાચાર્ય પણ ભેદને વાસ્તવિક માનતા નથી. બ્રહ્મ અને જીવ વચ્ચે અભેદ ખરો, પણ ભેદ સહિષ્ણુ અભેદ છે. શંકરાચાર્ય માને છે તેવો ભેદ અસહિષ્ણુ અભેદ નથી. બ્રહ્મભાવ દશામાં જીવ વિભુ હોય છે. જીવ નહિ પણ અનેક છે.

જગત એ બ્રહ્મનું પરિણામ હોવા છતાં તે બ્રહ્મરૂપ છે. બ્રહ્મરૂપ હોઈને જગત પણ નિત્ય જ છે. પરંતુ સૃષ્ટિ સર્જન તથા પ્રલય બન્ને સ્વાભાવિક તથા તે બ્રહ્મના વિલાસમાત્ર છે. બ્રહ્મ જગતનું નિમિત્ત તથા ઉપાદાન એમ બન્ને કારણ છે. તે વિશ્વનો રચયિતા તથા સ્વયં વિશ્વરૂપ છે. બ્રહ્મ જ જગતના એક માત્ર કર્તા છે. અને જગત તેમનું કાર્ય છે. વલ્લભ જગતની ઉત્પત્તિ તથા વિનાશ માનતા નથી પણ જગતનો આવિર્ભાવ તથા તિરોભાવ માને છે. બ્રહ્મે ક્રીડાની ઈચ્છાથી જ સૃષ્ટિનું નિર્માણ કર્યુ છે.

આમ શુદ્ધાદ્વૈતવાદમાં બ્રહ્મનું વિવિધ સ્વરૂપે સમીક્ષાત્મક રીતે વર્ણન કરવામાં આવેલુ છે જે અન્ય આચાર્યો કરતાં શુદ્ધાદ્વૈતને અલગ પાડે છે. જેમાં વિચાર ભેદ જોવા મળે છે. છતાં સિદ્ધાંત એક જ રહે છે. વલ્લભાચાર્યનો બ્રહ્મ વિષયક સિદ્ધાંત સ્તુત્ય અને અમૂલ્ય છે.

## 7.4 ઉપસંહાર :–

શાસ્ત્રોમાં બ્રહ્મના સ્વરૂણનું નિરૂપણ સચ્ચિદાનંદાત્મક તત્ત્વ તરીકે કરવામાં આવ્યું છે. સત્ + ચિત્ + આનંદ = સચ્ચિદાનંદ. બ્રહ્મ જયારે જગતને

પ્રકટ કરવાની ઈચ્છા કરે છે ત્યારે પોતાના ' સત્ ' નામક ગુણધર્મ વડે પોતે જ જગતરૂપે પરિણમે છે. બ્રહ્મ પોતે જ જગદ્‌રૂપે પરિણમનું હોવાથી તથા જગતના સર્વ પદાર્થોમાં ઓતપ્રોત કે એક મેક થઈને રહેતું હોવાથી જગતનું વર્ણન બ્રહ્માત્મક તરીકે કરવામાં આવ્યું છે. જગત એ બ્રહ્મનું કાર્ય છે. બ્રહ્મ પોતે જ જગત્ – કર્તા છે. બ્રહ્મ જગત્ – કારણ પણ છે. તે અભિન્ન નિમિતોપાદાન કારણ છે. વળી જગત એ બ્રહ્મનું અવિકૃત પરિણામ છે.

જગત બ્રહ્માત્મક હોવાથી સત્ય છે એ શાસ્ત્રના સિદ્ધાંતને અહીં સુધીના નિરૂપણથી આપણે સમજી શકયા છીએ. આમ છતાં શાસ્ત્રમાં અનેક ઠેકાણે " આ બધું અસત્ય છે. મિથ્યા છે : ભ્રમ છે " આવું નિરૂપણ જોવા મળે છે. તો આ વિરોધાભાસનું નિરાકરણ કેવી રીતે થઈ શકે ?

જગત એ બ્રહ્મના ચૈતન્ય અને આનંદ ગુણધર્મના તિરોભાવ પૂર્વક સત્ ગુણધર્મથી પ્રકટ થયેલી નામ – રૂપ – કર્માત્મક જડ સૃષ્ટિ છે જગત બ્રહ્માત્મક હોવાથી સત્ય છે. જગત્ કદી પણ અસત્ય કે મિથ્યા હોઈ શકતું નથી. જગતમાંના જીવો માયાના પ્રભાવમાં આવીને પોતાની અહંતા અને મમતા વડે બ્રહ્માત્મક જગત્‌થી ભિન્ન પોતાની એક કાલ્પનિક સૃષ્ટિ બનાવે છે. ત્યારે તેવી તે અહંતા – મમતાત્મિકા સૃષ્ટિને ' સંસાર ' કહેવામાં આવે છે. જગત એ બ્રહ્મની અચેતન સૃષ્ટિ છે. બ્રહ્મની લીલામાં જગતનું સ્થાન એક ક્રીડાંગણ કે રંગમંચ સમાન છે. આ જડ સૃષ્ટિ ઉપર ક્રીડા કરવા માટે જીવોને પ્રકટ કરવા જરૂરી હતા. આ જ કારણ છે કે બ્રહ્મે જડની સાથો – સાથ જીવોને પણ પ્રકટ કર્યા છે.

આમ શુદ્ધાદ્વૈતવાદમાં જગતલક્ષી દૃષ્ટિએ અંતિમતત્વ તરીકે બ્રહ્મનો ખ્યાલ સર્વશ્રેષ્ઠ પુરવાર થાય છે. વેદાંતનાં અન્ય સંપ્રદાયોના સંદર્ભમાં શુદ્ધાદ્વૈતવાદમાં બ્રહ્મનું સ્થાન પોતાની આગવી વિશેષતાઓ ધરાવે છે. વળી શુદ્ધાદ્વૈતવાદમાં બ્રહ્મના સ્વરૂપનું જે સમીક્ષાત્મક મૂલ્યાંકન રજૂ થયેલું છે તે સર્વથા યથાર્થ અને સ્તુત્ય છે.

# સંદર્ભો


(1) **અણુભાષ્ય** 2 – 1 – 14

(2) **ભગવદ્‌ગીતા એ.** 10 **શ્લોક** 8

(3) **બૃહદાઅરણ્યક ઉપનિષદ** 1 – 4 – 3

(4) **છાદોગ્ય ઉપનિષદ** 6 – 2 – 3

(5) **તત્ત્વાર્થ દીપ નિબંધ શાસ્ત્રાર્થ પ્ર.શ્લોક** 23

(6) **વેદાન્ત દર્શન વિષયક પુસ્તક ડાૅ. ઘાટે પૃ.** 32 – 34

(7) The Vedtanta by V.S.Ghute, P. 36 – 37

(8) **શ્રીમદ્ શંકરાચાર્યનું ત વજ્ઞાન, પ્રા. ંસી.વી.રાવળ પ્રથમ આવૃતિ** 1974 **યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ**–6 **પૃ.** 132-133

(9) **શ્રી વલ્લભાચાર્ય, શ્રી કે.કા.શાસ્ત્રી પૃ.** 241 – 242

# સંદર્ભ ગ્રંથોની યાદી



| | |
|---|---|
| **1** | Cause is invariablate, antecedent, wthich is unconditional and immediate –J.S.Mill |
| **2** | Dr. Radhakrishnan, The princi, Upanishadas, |
| **3** | Dr.Das Gupta S.N. : A history of Indian Philosophy |
| **4** | Dr.S.Radhakrishnan, An idealist View of life |
| **5** | Dr.s.Radhakrisnan – Indian Philosophy, |
| **6** | Ibid, |
| **7** | Instrumental cause, Material cause, Formal cause and Final cause. |
| **8** | Outlines of Indian Philosophy by Hiriyanna |
| **9** | Paul Deusen, The Philo, of Upani |
| **10** | Prof: M.Hiriyanna – Outlines of Indian Philosophy<br>R.P. singh – Vedanta of shanker |
| **11** | Rande, A Constra, suruey of Upani Philosophy |
| **12** | Schroeder, Indiens literature and Cultune |
| **13** | She interpretation of the Upanisads on the Monistic line had alnedy been Made by Various writers long before shankar ? |
| **14** | Sustematic study of Vedunta Dr.S.K.Das |
| **15** | Systematic study of Vedanta, Dr.S.K. Das |
| **16** | The Philosophy of the Upanisadas |
| **17** | The Vedtanta by V.S.Ghute, |
| **18** | **કઠોપનિષદ** |
| **19** | **કેનોપનિષદ્ – શાંતિપાઠ** |
| **20** | **ગૌડપાદ કારિકા** |
| **21** | **ગીતાભાષ્ય** |
| **22** | **ગીતાતત્ત્વવિચાર, પ્રા.કિશોરભાઈ દવે. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ** |
| **23** | **છાન્દોગ્ય ઉપનિષદ્** |
| **24** | **તૈ ત્તરીય ઉપવિષદ્** |
| **25** | **તૈતિરીય સંહિતા** |

| | |
|---|---|
| 26 | તૈતિરીયોપનિષદ્, બ્રહ્માનંદવલ્લી |
| 27 | તૈતિરીયોપનિષદ્, ભૃગુવલ્લી |
| 28 | તૈતિરીયોપનિષદ્, શીક્ષાવલ્લી |
| 29 | તત્ત્વજ્ઞાન પારિભાષિક કોશ, પ્રા.સી.વી.રાવળ, યુનિ.ગ્રંથનિર્માણ બોર્ડ પ્રથમ આવૃતિ 2001 |
| 30 | તત્ત્વાર્થદીપ |
| 31 | તત્ત્વાર્થદીપનિબંધ શાસ્ત્રાર્થ પ્ર.કા. |
| 32 | પ્રસ્થાનરત્નાકર, ગોસ્વામી શ્રી પુરુષોત્તમજી પ્રથમ આવૃતિ |
| 33 | પ્રશ્નોપનિષદ્ |
| 34 | પ્રમેયરત્ન સંગ્રહ, ગોસ્વામી શ્રીશરદ્ રી અનિરુદ્ધલાલજી પ્રથમ આવૃતિ 1999 |
| 35 | વિદ્વનમંડન |
| 36 | વિવેચૂડામણિ |
| 37 | વિષ્ણુપુરાણ |
| 38 | ભામતિ, વાચસ્પતિ મિશ્ર |
| 39 | ભારતીય દર્શન, પ્રા.સી.વી.રાવળ, પ્રજ્ઞાપ્રકાશન અમદાવાદ બીજી આવૃતિ 1995 |
| 40 | ભારતીય દર્શનની રૂપરેખા પ્રા.હરેન્દ્ર પ્રસાદ સિંહા, પ્રથમ સંસ્કરણ |
| 41 | ભારતીય તત્ત્વજ્ઞાન પં.સુખલાલજી |
| 42 | ભારતીય તત્ત્વવિદ્યા પંડિત સુખલાલજી |
| 43 | ભગવદ્ગીતા શાંકરભાગ્ય |
| 44 | મુંડકોપનિષદ્ તૃતીયમુંઠક |
| 45 | મૂંડકોપનિષદ |
| 46 | માંડૂકય ઉપનિષદ્ શ્લોક |
| 47 | માંડૂકય ઉપનિષદ્ પરની ગૌડપાદીય કારિકા |
| 48 | વેદાન્ત રસામૃત, સ્વામી માધવતીર્થજી |
| 49 | વેદાન્તસૂત્ર શાંકરભાષ્ય |
| 50 | શુદ્ધાદ્વૈત પાઠાવલી ભાગ બીજો |
| 51 | શુદ્ધાદ્વૈત વેદાંત, મંબુઈ યુનિવર્સિટીના વલ્લભ વેદાંત કોર્સઆધારિત,લે.શ્રી |

| | |
|---|---|
| | જયેન્દ્ર સોની |
| 52 | શાસ્ત્રાર્થ નિબંધ કારિકા |
| 53 | સ્યાદ્વાદ મંજરી,શ્રી.આ.બા.ધ્રુવ |
| 54 | સી.વી.રાવળ, ભારતીય દર્શન (વેદાન્ત દર્શન), સ્વપ્નિલ પ્રકાશન, 1990, |
| 55 | સદર – કારિકા |
| 56 | સિદ્ધાંત મુકતાવલી |
| 57 | સિદ્ધાંત મુકતાવલી અને આચાર્યોનું તત્ત્વચિંતન, પ્રા.સી.વી. રાવળ |
| 58 | હિન્દ તત્ત્વજ્ઞાનનો ઈતિહાસ રી ન.દે. મહેતા |
| 59 | ઐત્તરેય ઉપનિષદ્ |
| 60 | ઐતરે ય ઉપનિષદ્ |
| 61 | અણુભાષ્ય |
| 62 | અણુભાષ્ય અને સદર |
| 63 | આચાર્યોનું તત્ત્વચિંતન પ્રા.સી.વી.રાવળ |
| 64 | આચાર્યોનું તત્ત્વચિંતન, પ્રા.સી.વી.રાવળ, પ્રજ્ઞા પ્રકાશન અમદાવાદ |
| 65 | ઈશાવાસ્ય ઉપનિષદ્ |
| 66 | ઉપનિષદ્ નવનીત, પ્રા.કિશોરભાઈ દવે, પ્રથમ આવૃતિ 1986, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજય |
| 67 | ઉપદેશસાહસ્ત્રી સસ્તું સાહિત્ય અમદાવાદ |
| 68 | ઋગ્વેદ |
| 69 | ઋગ્વેદાદિ ભાષ્ય ભૂમિકા, સ્વામી ધ્યાનંદ સરસ્વતી, દર્શન યોગ મહાવિદ્યાલય, ગુજરાત બીજી આવૃતિ 2002 |
| 70 | શ્રી ભાષ્ય અને ગીતાભાષ્ય |
| 71 | શ્રી ન.દે.મહેતા, હિન્દ તત્ત્વજ્ઞાનનો ઈતિહાસ (ઉત્તરાર્ધ) |
| 72 | શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી, લે. શ્રી કે.કા.શાસ્ત્રી |
| 73 | શ્રીમદ્ ભગવદગીતા |
| 74 | શ્રીમદ્ શંકરાચાર્યનું તત્ત્વજ્ઞાન, પ્રા.`સી.વી.રાવળ પ્રથમ આવૃતિ 1974 યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ – 6 |
| 75 | શ્વેતાશ્વર ઉપનિષદ્ |